# ભવિષ્ય ભાવફળ

ભાગ -૨

[ ત્રીજી આવૃત્તિ ]



:: લેખક ::

**તલકચંદ હીરચંદ શાહ**

**જૈન જ્યોતિષી.**

મુ. રૂપાલ, વાયા તલોદ.

[ જિ. સાબરકાંઠા. ]

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ ॐ ॥

॥ શ્રી રૂપાલ શાન્તીનાથાય નમઃ ॥

ભવિષ્ય જ્ઞાન પ્રાપ્ત કરાવનાર

ભવિષ્ય જાણવાની વિદ્યા

# ભવિષ્ય ભાવફળ

ભાગ ૨ જો.

[ ત્રીજી આવૃત્તિ ]

:: લેખક ::


સ્વ. તલકચંદ શીરચંદ શાહ રૂપાલવાલા

જૈન જ્યોતિષી.


ભવિષ્ય ભાવફળ, કોટન કલ્પતરૂ, વર્ષભાવ વિચાર, અશ્વ પરીક્ષા, દૈનિક તેજીમંદી યોગ, કલીકાલનો પ્રભાવ, વણિક વલ્લભ, તલક દીપ.

:: સંપાદક ::


ડાહ્યાલાલ ટી. શાહ

મુ. રૂપાલ. વાયા–તલોદ.

( જિ. સાબરકાંઠા )


:: પ્રાપ્તિસ્થાન ::


શાન્તીલાલ તલકચંદ શાહ

મુ. રૂપાલ. વાયા–તલોદ.

જિ. સાબરકાંઠા : વેસ્ટર્ન રેલ્વે.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

:: પ્રકાશક ::
શાન્તીલાલ તલકચંદ શાહ
અ. સૌ. શારદાબેન શાન્તીલાલ શાહ
મુ. રૂપાલ. વાયા-તલોદ.
[જિ. સાબરકાંઠા]

આવૃત્તિ ૩જી    શા. શકે. ૧૮૭૯    વિ. સં. ૨૦૧૪
પ્રત : ૧૦૦૦    વી. સં. ૨૪૮૪    ઈ. સ. ૧૯૫૮

[સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.]

કિંમત : સાત રૂપીઆ

નોંધ:—પ્રથમ આવૃત્તિના બન્ને ભાગોનો સમાવેશ એક જ ભાગમાં કરેલ હતો.

મુદ્રકઃ-શ્રી. યશવંતલાલ ચુનીલાલ બુટાલા
મુદ્રણસ્થાનઃ-ધી યશવંત પ્રિન્ટીંગ પ્રેસ
સ્ટેશનરોડ, પ્રાંતિજ. જિ. સાબરકાંઠા.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

# ☬ આભાર ☬

## ભવિષ્ય ભાવફળ ભાગ ૧-૨

### પ્રથમથી નામ નોંધાવી સહકાર આપનાર સદ્ગૃહસ્થ દાતાઓની નામાવલી.

| નકલ | નામ | ગામ |
|---|---|---|
| ૩૧ | સંઘવી કસ્તુરચંદ નાનચંદ | રૂપાલ |
| ૩૧ | શેઠશ્રી વૃજલાલ મગનલાલ | ,, |
| ૩૧ | ,, મથુરાદાસ પરસોત્તમદાસ માણસાવાળા<br>ઓમ્બે બ્રાસ એન્ડ મેટલ વર્ક્સ,<br>પાંજરાપોળ, બીજી ગલી, | મુંબઈ–૨ |
| ૨૧ | ,, હકમચંદ દેવચંદ | અડપોદરા |
| ૨૧ | ,, સાંકળચંદ દેવચંદ | ,, |
| ૨૧ | ,, ધનરાજજી નેનમલજી | મુંબઈ |
| ૨૧ | ,, મુરલીધર મથુરાદાસ શાહ માણસાવાળા | |
| ૧૧ | ,, નેનમલજી જુહારમલજી | મુન્ડારા |
| ૧૧ | ,, મનસુખલાલ જયચંદ | રૂપાલ |
| ૫ | ,, વાલચંદજી જુહારમલજી | મુન્ડારા |
| ૫ | સદ્ગૃહસ્થ તરફથી | ,, |
| ૫ | શેઠશ્રી વાડીલાલ પ્રેમચંદભાઈ | ધનસુરા |
| ૫ | ,, મંગળદાસ ગુલાબચંદ | રૂપાલ |
| ૩ | ઠાકોરશ્રી જગતસિંહજી તખતસિંહજી | ,, |
| ૩ | શેઠશ્રી કેશવલાલ પુંજીરામ | મોહનપુર |
| ૨ | વખારીયા કાન્તીલાલ હીરાચંદ | રૂપાલ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૨ | ,, દલીચંદ હીરાચંદ | ,, |
| ૧ | સુખડીયા મંગળદાસ માધવજી | ,, |
| ૧ | ડૉ. સંપતલાલ કે. શાહ | ,, |
| ૧ | વખારીયા પૂનમચંદ ભાયચંદ | ,, |
| ૧ | શાહ તલકચંદ કાળીદાસ | ,, |
| ૧ | શાહ લલ્લુભાઈ કાળીદાસ | ,, |
| ૧ | શાહ કાન્તીલાલ કાળીદાસ | ,, |
| ૧ | ફડીયા મગનલાલ સાંકલચંદ | ,, |
| ૧ | ડૉ. ચંદુલાલ એ. મહેતા | અડપોદરા |
| ૧ | શાહ હકમચંદ નહાલચંદ | ,, |
| ૧ | શાહ કાળીદાસ કરમચંદ | ઢુંઢેર |
| ૧ | શાહ છગનલાલ સરૂપચંદ | ,, |
| ૧ | શાહ કેશવલાલ ખેમચંદ | ,, |
| ૧ | ગાંધી પોપટલાલ ફતેચંદ | હરસોલ |
| ૧ | શાહ ચંદુલાલ પુંજીરામ | મોહનપુર |
| ૧ | ગાંધી અમૃતલાલ સરૂપચંદ | ,, |
| ૧ | શાહ બાબુલાલ ગોબરદાસ | ,, |
| ૧ | શાહ રમણલાલ જેઠાલાલ | ચેખલા |
| ૧ | શાહ ચુનીલાલ મગનલાલ | સીણોલ |
| ૧ | વખારીઆ હીરાલાલ મણીલાલ | હાથરોલ |
| ૧ | શાહ પુંજાલાલ ભીખાલાલ | આગીયોલ |
| ૧ | શાહ ચંદુલાલ નાગરદાસ | ,, |
| ૧ | મનસુરી અલીમહમદ કરીમભાઈ | ,, |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧ | શાહ કેશવલાલ શામળદાસ | ,, |
| ૧ | શાહ મણીલાલ દીપચંદ | ,, |
| ૧ | પંડીત જયન્તીલાલ | સરડોઇ |
| ૧ | દોશી નેમચંદ ગણુપતરામ | શાહપુર |
| ૧ | અંબાલાલ રણછોડદાસ | કંબાલા |
| ૧ | બાલાશંકર કાન્તીશંકર | ઇશ્વરીઆ |
| ૧ | મગનલાલ સાંકલચંદ | સોથુ |
| ૧ | વરવાભાઈ માવજીભાઇ | પીલવાઈ |
| ૧ | રતીલાલ ઊમેદચંદ | અમદાવાદ |
| ૧ | નીમચંદ ચાંપસી | લાકડીઆ |
| ૧ | તીલોકચંદ ફુલાજી | વેદાણુા |
| ૧ | મણીલાલ મગનલાલ | બોરસદ |
| ૧ | જેસીંગભાઈ જેઠાભાઇ | થરા |
| ૧ | ન્યાલચંદ લક્ષ્મીચંદ | વાંકાનેર |
| ૧ | તંબકલાલ પુંજાભાઈ | વીસનગર |
| ૧ | ગોવીન્દ ફ્લોર મીલ | સીવાના |
| ૧ | જયન્તીલાલ જીવણુભાઇ ભટ્ટ | ગોંડલ |
| ૧ | રમાશંકર ભગવાનજી | પાટણુ |
| ૧ | કેશવલાલ નારાયણુદાસ | બાવળા |
| ૧ | દીનુભાઇ બી. જોષી | મરોલી |
| ૧ | મોહનલાલ છગનલાલ | બાલાસીનોર |
| ૧ | કાન્તીલાલ છોટાલાલ | ગોરવા |

૨૭૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ભવિષ્ય ભાવફળ ભાગ બીજો

# ✻ અનુક્રમણિકા ✻

| ક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| | **દષ્ટિ બળ અધિકાર ૧૨ મો** | |
| ૧ | ગ્રહોની દષ્ટિ જાણવાની રીત | ૨ |
| ૨ | ગ્રહદષ્ટિ ચક્ર | ૩ |
| ૩ | દષ્ટિ બળ વિચાર | ૩ |
| ૪ | પાશ્ચાત્ય (વિદેશી) વિદ્વાનોનો દષ્ટિ વિચાર | ૫ |
| ૫ | શુભાશુભ ગ્રહ અને દષ્ટિ ભેદ | ૭ |
| | **દશ વર્ગ યોગાદિ અધિકાર ૧૩ મો** | |
| ૬ | હોરા લગ્નનું ફળ | ૧૦ |
| ૭ | દ્રેષ્કોણ લગ્નનું ફળ | ૧૨ |
| ૮ | સપ્તમાંશ લગ્નનું ફળ | ૧૫ |
| ૯ | નવમાંશ લગ્નનું ફળ | ૧૭ |
| ૧૦ | દ્વાદશાંશ લગ્નનનું ફળ | ૨૦ |
| ૧૧ | ત્રીશાંશ લગ્નનું ફળ | ૨૩ |
| ૧૨ | રશીમ યોગ શુભાશુભ ફળ | ૨૬ |
| ૧૩ | રશીમ યોગ રાજફળ | ૨૭ |
| ૧૪ | રશીમ યોગ સંતાન ફળ | ૨૯ |
| ૧૫ | દશવર્ગી બળના પારિજાતાદિ ભેદનું ફળ | ૩૦ |
| ૧૬ | દશવર્ગે લક્ષ્મી સંખ્યા યોગ | ૩૧ |
| | **તનુ ભાવાદ યોગ અધિકાર ૧૪ મો** | |
| ૧૭ | જન્મ લગ્નગત ગ્રહ ફળ | ૩૫ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧૮ | લગ્નગત ચંદ્ર ફળ | ૩૫ |
| ૧૯ | દ્વાદશ રાશિગત લગ્નચંદ્ર ફળ | ૩૬ |
| ૨૦ | લગ્નગત બુધ ફળ | ૩૭ |
| ૨૧ | દ્વાદશ રાશિગત લગ્ન બુધ ફળ | ૩૭ |
| ૨૨ | લગ્નગત શુક્ર ફળ | ૩૮ |
| ૨૩ | દ્વાદશ રાશિગત લગ્ન શુક્ર ફળ | ૩૯ |
| ૨૪ | લગ્નગત રવિ ફળ | ૩૯ |
| ૨૫ | દ્વાદશ રાશિગત લગ્ન સૂર્ય ફળ | ૪૦ |
| ૨૬ | લગ્નગત મંગળ ફળ | ૪૧ |
| ૨૭ | દ્વાદશ રાશિગત લગ્ન મંગળ ફળ | ૪૧ |
| ૨૮ | લગ્નગત ગુરૂ ફળ | ૪૨ |
| ૨૯ | દ્વાદશ રાશિગત લગ્ન ગુરૂ ફળ | ૪૩ |
| ૩૦ | લગ્નગત શનિ ફળ | ૪૪ |
| ૩૧ | દ્વાદશ રાશિગત લગ્ન શનિ ફળ | ૪૪ |
| ૩૨ | દ્વાદશ રાશિગત લગ્ન હર્શલ ફળ | ૪૫ |
| ૩૩ | લગ્નગત નેપ્ચ્યુન ફળ | ૪૬ |
| ૩૪ | લગ્નગત રાહુ ફળ | ૪૭ |
| ૩૫ | લગ્નગત રાહુ ફળ | ૪૭ |
| ૩૬ | લગ્નેશ ચંદ્ર ફળ | ૪૭ |
| ૩૭ | લગ્નેશ બુધ ફળ | ૪૮ |
| ૩૮ | લગ્નેશ શુક્ર ફળ | ૪૯ |
| ૩૯ | લગ્નેશ સૂર્ય ફળ | ૪૯ |
| ૪૦ | લગ્નેશ મંગળ ફળ | ૫૦ |
| ૪૧ | લગ્નેશ ગુરૂ ફળ | ૫૧ |
| ૪૨ | લગ્નેશ શનિ ફળ | ૫૨ |
| ૪૩ | સ્થાનગત લગ્નેશ ફળ | ૫૨ |
| ૪૪ | દ્વિતીય સ્થાનગત લગ્નેશ ફળ | ૫૩ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | ,, | ,, | ,, | ૫૪ |
| ૪૬ | ચતુર્થ | ,, | ,, | ૫૪ |
| ૪૭ | પંચમ | ,, | ,, | ૫૫ |
| ૪૮ | ષષ્ઠમ | ,, | ,, | ૫૬ |
| ૪૯ | સપ્તમ | ,, | ,, | ૫૭ |
| ૫૦ | અષ્ટમ | ,, | ,, | ૫૮ |
| ૫૧ | નવમ | ,, | ,, | ૫૯ |
| ૫૨ | દશમ | ,, | ,, | ૫૯ |
| ૫૩ | એકાદશમ | ,, | ,, | ૬૦ |
| ૫૪ | દ્વાદશમ | ,, | ,, | ૬૧ |
| ૫૫ | દેહાધી સુખદુઃખ યોગ | | | ૬૨ |
| ૫૬ | દેહ દુર્બલ યોગ | | | ૬૩ |
| ૫૭ | સભાજડ યોગ | | | ૬૩ |
| ૫૮ | ગુંગણાપણા યોગ | | | ૬૩ |
| ૫૯ | કપટી યોગ | | | ૬૪ |
| ૬૦ | લજ્જાહીન યોગ | | | ૬૪ |
| ૬૧ | વ્યસની યોગ | | | ૬૫ |
| ૬૨ | નેત્રરોગ યોગ | | | ૬૫ |
| ૬૩ | અંધાપા યોગ | | | ૬૭ |
| ૬૪ | નાક, કાનને પગ છેદન યોગ | | | ૬૮ |
| ૬૫ | બેડોળ દંત યોગ | | | ૭૦ |
| ૬૬ | ચિન્હ યોગ | | | ૭૦ |
| ૬૭ | વામનરૂપી યોગ | | | ૭૧ |
| ૬૮ | દાંતજન્મ ફલ યોગ | | | ૭૧ |
| ૬૯ | રોગી યોગ | | | ૭૧ |
| ૭૦ | હાડભંજન યોગ | | | ૭૫ |
| ૭૧ | હાથ છેદન યોગ | | | ૭૫ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૭૨ | અંગ ખોડ યોગ | ૭૬ |
| ૭૩ | અપંગ યોગ | ૭૭ |


## શુભાશુભ યોગ અધિકાર ૧૫ મો.


| | | |
|---|---|---|
| ૭૪ | રાજ યોગ | ૭૮ |
| ૭૫ | રાજભંગાદિ. યોગ | ૮૨ |
| ૭૬ | જાતિ ભેદ રાજ યોગ | ૮૫ |
| ૭૭ | વાહન ( ગાડી–ઘોડા ) યોગ | ૮૫ |
| ૭૮ | મકાન ( ઘર ) યોગ | ૮૭ |
| ૭૯ | ભિક્ષા યોગ | ૮૯ |
| ૮૦ | ચિત્ત ભ્રમિત યોગ | ૮૯ |
| ૮૧ | નપુંસક યોગ | ૯૦ |
| ૮૨ | ચાકરી યોગ | ૯૧ |
| ૮૩ | ચોર યોગ | ૯૨ |
| ૮૪ | કપટી યોગ | ૯૩ |
| ૮૫ | દરિદ્રતા યોગ | ૯૩ |
| ૮૬ | વ્યભિચાર યોગ | ૯૪ |
| ૮૭ | માતા સાથે વ્યભિચાર યોગ | ૯૬ |
| ૮૮ | બહેન સાથે વ્યભિચાર યોગ | ૯૮ |
| ૮૯ | મુષ્ટિ વીર્યપાત યોગ | ૯૮ |
| ૯૦ | પિતાનો વ્યભિચાર યોગ | ૯૮ |
| ૯૧ | માતાનો વ્યભિચાર યોગ | ૯૯ |
| ૯૨ | વ્યભિચારથી જન્મ યોગ | ૧૦૧ |
| ૯૩ | સમાધિ યોગ | ૧૦૨ |
| ૯૪ | બ્રહ્મજ્ઞાની યોગ | ૧૦૨ |
| ૯૫ | જ્યોતિષ યોગ | ૧૦૩ |
| ૯૬ | વિદ્યા યોગ | ૧૦૪ |
| ૯૭ | ચિત્રકળા યોગ | ૧૦૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૯૮ | વ્યાકરણ શાસ્ત્રી યોગ | ૧૦૫ |
| ૯૯ | ન્યાય શાસ્ત્રી યોગ | ૧૦૬ |
| ૧૦૦ | યજ્ઞકારક યોગ | ૧૦૬ |
| ૧૦૧ | ધર્મિષ્ટ યોગ | ૧૦૬ |
| ૧૦૨ | બ્રહ્મઘાતિક યોગ | ૧૦૭ |
| ૧૦૩ | જાતિભ્રષ્ટ યોગ | ૧૦૭ |
| ૧૦૪ | વંશ નાશ યોગ | ૧૦૯ |
| ૧૦૫ | દત્તક પુત્ર લેવા વિષે | ૧૧૧ |
| ૧૦૬ | નિવારસી મીલ્કત મળવા વિષે | ૧૧૨ |
| ૧૦૭ | પરપુરુષથી પુત્ર થવા વિષે | ૧૧૩ |
| ૧૦૮ | બંધીખાને પડવા વિષે | ૧૧૪ |
| ૧૦૯ | ફાંસીયે જવા વિષે | ૧૧૪ |
| ૧૧૦ | રાજ્યમાં દંડ ભરવા વિષે | ૧૧૫ |
| ૧૧૧ | નાતિ-જાતિથી દૂર થવા વિષે | ૧૧૬ |
| ૧૧૨ | નાતિથી આજીવિકા ચાલવા વિષે | ૧૧૬ |
| ૧૧૩ | પ્રવ્રજ્યા ( દિક્ષા ) યોગ | ૧૧૭ |

## યોગાનયોગ ફળ અધિકાર ૧૬ મો

| | | |
|---|---|---|
| ૧૧૪ | ગજકેશરી યોગ | ૧૨૨ |
| ૧૧૫ | અમલા યોગ | ૧૨૩ |
| ૧૧૬ | શુભાશુભ યોગ | ૧૨૩ |
| ૧૧૭ | પર્વત યોગ | ૧૨૪ |
| ૧૧૮ | કાહલ યોગ | ૧૨૫ |
| ૧૧૯ | માલિકા યોગ | ૧૨૫ |
| ૧૨૦ | ચામર યોગ | ૧૨૭ |
| ૧૨૧ | શંખ યોગ | ૧૨૮ |
| ૧૨૨ | ભેરી યોગ | ૧૨૯ |
| ૧૨૩ | મૃદંગ યોગ | ૧૩૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧૨૪ | શ્રીનાથ યોગ | ૧૩૦ |
| ૧૨૫ | શારદા યોગ | ૧૩૧ |
| ૧૨૬ | મત્સ્ય યોગ | ૧૩૨ |
| ૧૨૭ | કૂર્મ યોગ | ૧૩૨ |
| ૧૨૮ | ખડ્ગ યોગ | ૧૩૩ |
| ૧૨૯ | લક્ષ્મી યોગ | ૧૩૪ |
| ૧૩૦ | કુસુમ યોગ | ૧૩૪ |
| ૧૩૧ | પારિજાત યોગ | ૧૩૫ |
| ૧૩૨ | કલાનીધી યોગ | ૧૩૫ |
| ૧૩૩ | વોશ્યાદિ સૂર્ય યોગ | ૧૩૬ |
| ૧૩૪ | વોશિયોગનું ફળ | ૧૩૬ |
| ૧૩૫ | વેશિ યોગનું ફળ | ૧૩૭ |
| ૧૩૬ | ઉભય મરીયોગનું ફળ | ૧૩૭ |
| ૧૩૭ | સુનફાદિમંત્રયોગ | ૧૩૮ |
| ૧૩૮ | સુનફા યોગનું ફળ | ૧૩૮ |
| ૧૩૯ | અનફા યોગનું ફળ | ૧૩૯ |
| ૧૪૦ | દુર્ધરા યોગનું ફળ | ૧૩૯ |
| ૧૪૧ | કેમદ્રુમ યોગનું ફળ | ૧૩૯ |
| ૧૪૨ | કેમદ્રુમ ભંગ યોગ | ૧૪૦ |
| | **કાળ ભ્રમણ અધિકાર ૧૭ મો** | |
| ૧૪૩ | બાળશિષ્ટ યોગ | ૧૪૨ |
| ૧૪૪ | મરણ કાલ યોગ | ૧૪૫ |
| ૧૪૫ | ઘરમાં કટાવાથી મૃત્યુ યોગ | ૧૪૭ |
| ૧૪૬ | આગથી મૃત્યુ યોગ | ૧૪૭ |
| ૧૪૭ | વાઘથી મરણ યોગ | ૧૪૭ |
| ૧૪૮ | સર્પથી મરણ યોગ | ૧૪૭ |
| ૧૪૯ | સિંહ યા વાઘથી મરણ યોગ | ૧૪૮ |
| ૧૫૦ | સર્પથી મરણ યોગ | ૧૪૮ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧૫૧ | તલવારથી મરણ યોગ | ૧૪૯ |
| ૧૫૨ | શસ્ત્રથી મૃત્યુ યોગ | ૧૪૯ |
| ૧૫૩ | શ્વાન (કુત્તા) કરડવાથી મૃત્યુ યોગ | ૧૫૦ |
| ૧૫૪ | જેલ બંધન અને ફાંસા–ફાંસીથી મૃત્યુ યોગ | ૧૫૦ |
| ૧૫૫ | બીજો બંધન યોગ | ૧૫૦ |
| ૧૫૬ | વિદ્યુત્પાત (વિજળી) થી મૃત્યુ યોગ | ૧૫૧ |
| ૧૫૭ | વાહનથી મૃત્યુ યોગ | ૧૫૧ |
| ૧૫૮ | તીરથી મરણ યોગ | ૧૫૨ |
| ૧૫૯ | બળદથી મરણ યોગ | ૧૫૨ |
| ૧૬૦ | પોતાના માણસથી મરણ યોગ | ૧૫૨ |
| ૧૬૧ | મારથી મરણ યોગ | ૧૫૩ |
| ૧૬૨ | પોતાની સ્ત્રીથી મરણ | ૧૫૩ |
| ૧૬૩ | જળઘાત યોગ | ૧૫૪ |
| ૧૬૪ | કમોતે મોત યોગ | ૧૫૪ |
| ૧૬૫ | ચોર લુચ્ચા લફંગાથી મરણ યોગ | ૧૫૪ |
| ૧૬૬ | પત્થર યા શિલાથી મરણ યોગ | ૧૫૫ |
| ૧૬૭ | જળઘાત યોગ | ૧૫૫ |
| ૧૬૮ | માતા મરણ યોગ | ૧૫૫ |
| ૧૬૯ | માતા મરણ યોગ | ૧૫૭ |
| ૧૭૦ | માતા સુખ નાશ યોગ | ૧૫૯ |
| ૧૭૧ | પુત્ર હાથે માતા દહન યોગ | ૧૬૧ |
| ૧૭૨ | માતા મરણ સમય યોગ | ૧૬૧ |
| ૧૭૩ | પિતા મરણ યોગ | ૧૬૧ |
| ૧૭૪ | પિતા મરણ યોગ | ૧૬૧ |
| ૧૭૫ | પૂત્ર લગ્ને પિતાનો મૃત્યુ યોગ | ૧૬૮ |
| ૧૭૬ | જળ (પાણી) ઘાતે પિતા મરણ યોગ | ૧૬૮ |
| ૧૭૭ | અન્ય દેશે પિતા મરણ યોગ | ૧૬૮ |
| ૧૭૮ | માતાના હાથે પિતા મૃત્યુ યોગ | ૧૬૮ |
| ૧૭૯ | પુત્ર હાથે પિતાનો દહન યોગ | ૧૬૯ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧૮૦ | પિતા મરણનો વર્ષ યોગ | ૧૭૦ |
| ૧૮૧ | પિતા મરણ સમય યોગ | ૧૭૧ |
| ૧૮૨ | માતા કે પિતાનો મરણ યોગ | ૧૭૧ |
| ૧૮૩ | માતા પિતા કાકાને માશીના સુખ દુઃખ વિષે | ૧૭૨ |
| ૧૮૪ | ભાઇભાંડુ મૃત્યુ સમય યોગ | ૧૭૩ |
| ૧૮૫ | મોટા તથા નાના ભાઇનો મરણ સમય | ૧૭૩ |
| ૧૮૬ | સ્ત્રી મૃત્યુ સમય યોગ | ૧૭૪ |
| ૧૮૭ | સ્ત્રી સુખ વિયોગ યોગ | ૧૭૪ |
| ૧૮૮ | સ્ત્રી નાશ મરણ યોગ | ૧૭૪ |
| ૧૮૯ | રીષ્ટ યોગ | ૧૭૫ |
| ૧૯૦ | મરણ નિમિત્ત | ૧૮૩ |
| ૧૯૧ | મરણ થવાનું ઠેકાણું | ૧૯૧ |
| ૧૯૨ | ખાલી | |


## પ્રશ્નફળ અધિકાર ૧૮ મો


| | | |
|---|---|---|
| ૧૯૩ | પ્રશ્ન જોવાની રીત | ૧૯૩ |
| ૧૯૪ | આત્મછાયા પ્રશ્ન | ૧૯૪ |
| ૧૯૫ | પ્રશ્ન કરનારની પરીક્ષા | ૧૯૪ |
| ૧૯૬ | લગ્ન પ્રશ્નફળ | ૧૯૪ |
| ૧૯૭ | ધન લાભ મળવા વિષે પ્રશ્ન | ૧૯૯ |
| ૧૯૮ | ખેતીના લાભ વિષે પ્રશ્ન | ૨૦૦ |
| ૧૯૯ | જમીન મહેસુલ સંબંધી પ્રશ્ન | ૨૦૧ |
| ૨૦૦ | સંતાન પ્રાપ્તિ થવા વિષે પ્રશ્ન | ૨૦૨ |
| ૨૦૧ | રોગી વિષે પ્રશ્ન | ૨૦૩ |
| ૨૦૨ | વિવાહ પ્રશ્ન | ૨૦૪ |
| ૨૦૩ | રીસાયેલી સ્ત્રી વિષે પ્રશ્ન | ૨૦૫ |
| ૨૦૪ | કન્યાની પરીક્ષા વિષે પ્રશ્ન | ૨૦૬ |
| ૨૦૫ | પંથા પ્રશ્ન | ૨૦૬ |
| ૨૦૬ | કાર્યાકાર્ય પ્રશ્ન | ૨૦૮ |
| ૨૦૭ | કાર્યસિદ્ધિ પ્રશ્ન | ૨૦૯ |


P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૨૦૮ | પશુ નષ્ટ પ્રશ્ન | ૨૦૯ |
| ૨૦૯ | નષ્ટ વસ્તુ પ્રશ્ન | ૨૧૦ |
| ૨૧૦ | ચોરાયેલા યા ખોવા યે માલ વિષે પ્રશ્ન | ૨૧૧ |
| ૨૧૧ | ચોર જાણવા વિષે પ્રશ્ન | ૨૧૨ |
| ૨૧૨ | ચોર પકડવા વિશે પ્રશ્ન | ૨૧૩ |
| ૨૧૩ | ચોરાયેલો માલ મળવા વિશે પ્રશ્ન | ૨૧૪ |
| ૨૧૪ | પત્રોત્તર પ્રશ્ન | ૨૧૪ |
| ૨૧૫ | શિક્ષા અથવા મુક્તિ પ્રશ્ન | ૨૧૫ |
| ૨૧૬ | ચાલતા કેસમાં હારજીત વિશે પ્રશ્ન | ૨૧૫ |
| ૨૧૭ | રાજ્ય લાભ વિશે પ્રશ્ન | ૨૧૬ |
| ૨૧૮ | નોકરી વિશે પ્રશ્ન | ૨૧૭ |
| ૨૧૯ | નિધિ (ધન) સંચય પ્રશ્ન | ૨૧૮ |
| ૨૨૦ | પ્રશ્નના ફળની અવધિ કહેવાની સમજ | ૨૨૨ |
| ૨૨૧ | મંદવાડની મુદ્દત જાણવા વિશે | ૨૨૨ |
| ૨૨૨ | મરણ સુધીના મંદવાડ વિશે | ૨૨૩ |
| ૨૨૩ | સ્ત્રી પુરૂષમાં પ્રથમ મરણ થવા વિશે | ૨૨૪ |


## અષ્ટાંગ નિમીત્ત અધિકાર ૧૯ મો


| | | |
|---|---|---|
| ૨૨૪ | સામુદ્રિક લક્ષણ ફળ નિમિત્ત | ૨૨૬ |
| ૨૨૫ | રેખા વિચાર | ૨૨૮ |
| ૨૨૬ | આયુષ્યની રેખા | ૨૨૯ |
| ૨૨૭ | ધાતિક રેખા | ૨૩૧ |
| ૨૨૮ | માતાપિતા રેખા | ૨૩૧ |
| ૨૨૯ | લગ્ન રેખા | ૨૩૨ |
| ૨૨૦ | સંતતિ રેખા | ૨૩૨ |
| ૨૩૧ | ભાનુ રેખા | ૨૩૩ |
| ૨૩૨ | ભાગ્ય (ઉર્દ્ધ) રેખા | ૨૩૩ |
| ૨૩૩ | રાજ્ય રિધી લક્ષણ | ૨૩૪ |
| ૨૩૪ | રાજ્ય યોગ ચિન્હ | ૨૩૫ |
| ૨૩૫ | પુરુષ મસ્તક લક્ષણ | ૨૩૮ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૨૩૬ | પુરુષ મુખ લક્ષણ | ૨૪૦ |
| ૨૩૭ | પુરૂષ કર (હાથ) લક્ષણ | ૨૪૨ |
| ૨૩૮ | પુરૂષ હૃદય (છાતી) લક્ષણ | ૨૪૮ |
| ૨૩૯ | પુરૂષ લિંગ લક્ષણ | ૨૪૯ |
| ૨૪૦ | સ્ત્રી મસ્તક લક્ષણ | ૨૫૧ |
| ૨૪૧ | સ્ત્રી મુખ લક્ષણ | ૨૫૨ |
| ૨૪૨ | સ્ત્રી હૃદય (છાતી) લક્ષણ | ૨૫૪ |
| ૨૪૩ | સ્ત્રી પેટનાં લક્ષણ | ૨૫૬ |
| ૨૪૪ | સ્ત્રી કેડનાં લક્ષણ | ૨૫૬ |
| ૨૪૫ | સ્ત્રીના પેઢુનાં લક્ષણ | ૨૫૭ |
| ૨૪૬ | સ્ત્રીની યોનીનાં લક્ષણ | ૨૫૮ |
| ૨૪૭ | સ્ત્રીની સાથળનાં લક્ષણ | ૨૫૯ |
| ૨૪૮ | સ્ત્રીના પગનાં લક્ષણ | ૨૬૧ |
| ૨૪૯ | તલ યા લંછન ફળ નિમિત્ત | ૨૬૪ |
| ૨૫૦ | અંગ ફરકણ ફલ નિમિત્ત | ૨૭૪ |
| ૨૫૧ | શુકન ફળ નિમિત્ત | ૨૭૬ |
| ૨૫૨ | શુભાશુભ શુકન વિચાર | ૨૭૭ |
| ૨૫૩ | શુકન ફળ વિચાર | ૨૮૦ |
| ૨૫૪ | કાગ (વાયસ) શુકન વિચાર | ૨૮૧ |
| ૨૫૫ | ઘુવડ શુકન વિચાર | ૨૮૩ |
| ૨૫૬ | શિયાળ શુકન વિચાર | ૨૮૫ |
| ૨૫૭ | ગરોડી (સાવકી) શુકન વિચાર | ૨૮૮ |
| ૨૫૮ | કેટલીક ઉપયોગી બાબતો | ૨૮૯ |
| ૨૫૯ | સ્વપ્ન ફળ નિમિત્ત | ૨૯૪ |
| ૨૬૦ | શુભ સ્વપ્ન ફળ | ૨૯૬ |
| ૨૬૧ | અશુભ સ્વપ્ન ફળ | ૨૫૯ |
| ૨૬૨ | ધ્રુવાંક પ્રશ્ન ફળ નિમિત્ત | ૩૦૧ |
| ૨૬૩ | અંકશુકનાવળી ફળ નિમિત્ત | ૩૦૪ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પહેલા ભાવનું ફળ અધિકાર ૨૦ મો



| | | |
|---|---|---|
| ૨૬૪ | કુટુંબ કુંડળી સંબંધ | ૩૦૯ |
| ૨૬૫ | ભાંડુ (ભાઇ કે બહેન) | ૩૧૦ |
| ૨૬૬ | પતિ–પત્ની | ૩૧૦ |
| ૨૬૭ | પહેલા ભાવનું ફળ | ૩૧૧ |
| ૨૬૮ | બીજા ભાવનું ફળ | ૩૨૮ |
| ૨૬૯ | ત્રીજા ભાવનુ ફળ | ૩૪૩ |
| ૨૭૦ | ચોથા ભાવનું ફળ | ૩૫૭ |
| ૨૭૧ | પાંચમા ાવનું ફ | ૩૬૮ |
| ૨૭૨ | છઠ્ઠા ભાવનું ફળ | ૩૭૮ |
| ૨૭૩ | સાતમા ભાવનું ફળ | ૩૮૪ |
| ૨૭૪ | આઠમા ભાવનું ફળ | ૪૪૦ |
| ૨૭૫ | નવમા ભાવનું ફળ | ૪૪૭ |
| ૨૭૬ | દસમા ભાવનું ફળ | ૪૫૮ |
| ૨૭૭ | અગીયારમા ભાવનું ફળ | ૪૬૧ |
| ૨૭૮ | બારમા ભાવનું ફળ | ૪૬૯ |



## ભાવફળ અધિકાર ૨૧ મો



| | | |
|---|---|---|
| ૨૭૯ | વર્ષ ભાવ ફળ નીમીત્ત | ૪૭૮ |
| ૨૮૦ | આવતા વર્ષનો વર્તારો | ૪૭૮ |
| ૨૮૧ | વિક્રમના બેસતા વર્ષનું વાર ફળ | ૪૭૯ |
| ૨૮૨ | બેસતી સંક્રાંતીનું ફળ | ૪૮૧ |
| ૨૮૩ | ગ્રહણના માસનું ફળ | ૪૮૬ |
| ૨૮૪ | ગ્રહણના વારનું ફળ | ૪૯૦ |
| ૨૮૫ | ગ્રહણના નક્ષત્રનું ફળ | ૪૯૨ |
| ૨૮૬ | માસના વારનું ફળ | ૪૯૩ |
| ૨૮૭ | સુદ બીજના ચંદ્રનું ફળ | ૪૯૫ |
| ૨૮૮ | તિથીવારના યોગાયોગનું ફ | ૪૯૭ |
| ૨૮૯ | પૂર્ણાહુતી | ૫૦૨ |



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री गणेशाय नमः ॥

ભવિષ્ય જ્ઞાન પ્રાપ્ત કરાવનાર

# ભવિષ્ય ભાવફળ

છંદ પ્રબંધ

## ભવિષ્ય જાણવાની વિદ્યા

## દૃષ્ટિબળ અધિકાર ૧૨ મો

### શ્રી મંગળાચરણ.

ॐकार बिन्दु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनं ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ॥१॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवेनमः ॥२॥
महामाया परमेश्वरी विद्यानी वरदाय ।
साह्य थजे तुं सरस्वती भविष्य भाव भणाय ॥३॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧. ગ્રહોની દૃષ્ટિ જાણવાની રીત

દશમ તૃતીયે નવપંચમે ચતુર્થાષ્ટમે કલત્રંચ ।
પશ્યતિ પાદ વૃદ્ધયા ફલાનિ ચવં પ્રયચ્છતિ ॥

દરેક ગ્રહો પોતાના રહેલા સ્થાનથી દશમે ને ત્રીજે એકપાદ (પાયો) દેખે છે, એટલે તે ભાવનું એક ચતુર્થાંશ ફળ આપે છે, નવમે ને પાંચમે બે પાયા દેખે છે, ને ત્યાં અર્ધું ફળ આપે છે, ચોથ ને આઠમે ત્રણ પાયા દેખે છે, ને ત્યાં પોણો ભાગ ફળ આપે છે, અને સાતમે ચાર પાયા એટલે સંપૂર્ણ દૃષ્ટિથી જુએ છે, ને ત્યાં પૂરેપૂરૂં ફળ આપે છે.

**ઉદાહરણ**—સૂર્યાદિ ગ્રહો ૪ થા ઘરમાં હોય તો ૬ ઠ્ઠા ઘરમાં ને પહેલા ઘરમાં એક પાયો જુએ છે, ૮ મા અને ૧૨ મા ઘરમાં બે પાયા જુએ છે, ૭ મે ને ૧૧ મે ત્રણ પાયા જુએ છે, અને ૧૦ મા ને ૪ થા ઘરમાં પૂરે-પૂરા ચાર પાયા જુએ છે એમ જાણવું.

પૂર્ણં પશ્યતિ રવિજસ્તૃતીય દશમે ત્રિકોણમપિ જિવઃ ।
ચતુરસ્રં ભૂમિસુતઃ સિતાર્કબુધહિમકરાઃ કલત્રેયઃ ॥

દરેક ગ્રહો સાતમે સંપૂર્ણ દૃષ્ટિથી જુએ છે. તેમાં પણ શનિ ત્રીજે ને દશમે, ગુરૂ નવમે ને પાંચમે, અને મંગળ ચોથે ને આઠમે, સંપૂર્ણ (ચાર પાયા) દૃષ્ટિથી જુએ છે, અને શુક્ર, સૂર્ય, બુધ ને ચંદ્ર તો પોતાનાથી જ સાતમે સંપૂર્ણ દૃષ્ટિથી જુએ છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

**ઉદાહરણ**—જો મંગળ બીજા ઘરમાં હોય તો ૫–૯મા ઘરમાં સંપૂર્ણ જુએ છે. ગુરૂ બીજે હોય તો ૬–૧૦ મા ઘરમાં સંપૂર્ણ જુએ છે. શની હોય તો ૪–૧૧ મા ઘરમાં સંપૂર્ણ જુએ છે. ને સાતમા ઘરમાં તો સર્વે ગ્રહ સંપૂર્ણ જુએ છે.

## ૨. ગ્રહ દૃષ્ટિ ચક્ર

| ભાવસ્થાન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સૂ. ચં. બુ. શુ. | ૦ | ૦ | ૧ | ૩ | ૨ | ૦ | ૪ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ |
| શની | ૦ | ૦ | ૪ | ૩ | ૨ | ૦ | ૪ | ૩ | ૨ | ૪ | ૦ | ૦ |
| ગુરૂ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ | ૦ | ૪ | ૩ | ૪ | ૧ | ૦ | ૦ |
| મંગળ | ૦ | ૦ | ૧ | ૪ | ૨ | ૦ | ૪ | ૪ | ૨ | ૧ | ૦ | ૦ |

**સમજુતી**—કોઈપણ કુંડળીમાં પોતાના સ્થાનથી ૧–૨–૧૧ ને ૧૨ ભાવ (સ્થાન)માં કોઈપણ ગ્રહ દૃષ્ટિ કરતો નહિ હોવાથી ૦ શુન મુકેલાં છે, ને બાકીના સ્થાન નીચે જે જે ગ્રહોને લગતા આંકડા મુકયા છે તેટલા તેટલા ભાગે દૃષ્ટિ જાણવી. મંગળ ત્રીજા ભાવ (સ્થાન)માં ૧ ભાગ ચોથામાં ૪ ભાગ જુવે છે એમ દરેક ગ્રહોના ખાનામાં જોવાથી જણાય છે.

## ૩. દૃષ્ટિબળ વિચાર

જુઓ કે આપણા પૌર્વાત્ય વિદ્વાનોએ દૃષ્ટિના ત્રણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેદ કલ્પ્યા છે. તે નીચે પ્રમાણે છે.

(૧) મિત્રદૃષ્ટિ (૨) સમદૃષ્ટિ (૩) શત્રુદૃષ્ટિ.
તાજક નીલકંઠીમાં આબાબત માટે નીચે મુજબ કહેલું છે.

दृष्टिः स्यान्नवपंचमे बलवंती प्रत्यक्षतः स्नेहदा ।
पादोनाबिलकार्यसाधनकरी मेलापकाढयोच्यते ॥
गुप्तस्नेहकरी त्रतीयभवने कार्यस्य संसिद्धिदा ।
त्र्यंशोना कथीता त्रतीयभवने ष्टभागदाष्टे भवे ॥१॥

दृष्टिः पादमिता चतुर्थभवने गुप्तारिभावा स्मृता ।
न्योन्यं सप्तमभे तथैकभवने प्रत्यक्ष वैशबिला ॥
दुष्टं दकृत्रितयं क्षुतार्‌त्रयमिदं कार्यस्य विध्वंसदं ।
संग्रामादि कलिप्रदं दशइयाः स्युदुदिशां शांतरे ॥२॥

ઉપર પ્રમાણે પૂર્વના વિદ્વાનોએ કહેલ છે કે એક ગ્રહથી બીજો ગ્રહ કેટવનેમા સ્થાને અથવા ભુલા પડેલ છે. એટલે કેટલી રાશીના અંતરે છે તે ઉપરથી દૃષ્ટિ સ્થાન બાર બન્યાં છે. તેના દ્વાદશભાવ દૃષ્ટિ ભેદ નીચે પ્રમાણેના વર્ણવેલા છે.

(૧) મિત્રદૃષ્ટિ સ્થાનઃ—૩–૫–૯–૧૧ શુભ ફળ આપનારા છે.

(૨) સમદૃષ્ટિ સ્થાનઃ—૨–૬–૮–૧૨ મધ્યમ ફળ પ્રદા છે.

(૩) શત્રુદૃષ્ટિ સ્થાનઃ—૧–૪–૭–૧૦ ઘણું ખરાબ અશુભ ફળ આપનાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે આપણા આર્યવર્તકારોએ વર્ણવેલ છે. અને તે વિદેશ પશ્ચાતમ લોકોના દૃષ્ટિ યોગોનો મુકાબલો કરે તો મળતાપણું ભોગવે છે. પરંતુ આપણા વિદ્વાનો આ બાબતના અનુભવમાં પછાત રહેતા જણાય છે તે મહાન ખેદની વાત છે. અને પશ્ચાતમી લોકો આગળ વધતા જઈ ચોક્કસ ફળા દેશ કહે છે.

## ૪. પશ્ચાત્તમ (વિદેશી) વિદ્વાનોનો દૃષ્ટિ વિચાર.

| અંશાંતર | ભાવ | દૃષ્ટિનાં નામ | ફળ |
|---|---|---|---|
| (૦) | ૧ | સંયોગ | ગાઢવૈર |
| (૩૦) | ૨ | એકરાશ્યંતર | સમફળ |
| (૬૦) | ૩ | દ્વિરાશ્યંતર (ષડંશ) | ગુપ્તસ્નેહ |
| (૯૦) | ૪ | ત્રીરાશ્યંતર (કેન્દ્ર) | ગુપ્તવૈર |
| (૧૨૦) | ૫ | ચતુશયંતર (ત્રિકોણ) | પ્રત્યક્ષ સ્નેહા |
| (૧૫૦) | ૬ | પંચરાશ્યંતર (ષડાષ્ટક) | સમફળ |
| (૧૮૦) | ૭ | ષ્ડરાશ્યંતર (પ્રતિયોગ) | ગાઢવૈર |
| (૧૫૦) | ૮ | સપ્તરાશ્યંતર | સમફળ |
| (૧૨૦) | ૯ | અષ્ટરાશ્યંતર (ત્રિકોણ) | પ્રતક્ષસ્નેહા |
| (૯૦) | ૧૦ | નવરાશ્યંતર (કેન્દ્ર) | ગુપ્તવૈર |
| (૬૦) | ૧૧ | દસરાશ્યંતર (ષડંશ) | ગુપ્ત સ્નેહા |
| (૩૦) | ૧૨ | એકાદશ રાશ્યંતર | સમફળા |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર પ્રમાણે ગ્રહો એકબીજાથી ૫–૯–૩–૧૧ ભાવે બેઠા હોય તો તે પરસ્પર મિત્ર કહેવાય છે. અને તે બે પ્રકારની મિત્ર દૃષ્ટિથી ઉત્પન્ન કરે છે.

**(૧) ત્રિકોણ દૃષ્ટિ:—**

જે ગ્રહો એકબીજાથી ૫–૯ ભાવે બેઠા હોય તો તે સર્વ સંપત્તિ આપનાર, કાર્ય સાધનાર, અખીલ સુખ દેનાર બળવાન શુભ દૃષ્ટિ છે.

**(૨) દ્વિરાશ્યાંતર = ષડંશદૃષ્ટિ:—**

ગ્રહો એકબીજાથી ૩–૧૧ ભાવે બેઠા હોય છે તો તે મિત્ર દૃષ્ટિ છે.

ઉપર પ્રમાણે ગ્રહો એકબીજાથી ૪–૧૦–૧–૭ ભાવે બેઠા હોય છે તો તે શત્રુ દૃષ્ટિ છે.

**(૩) કેન્દ્ર દૃષ્ટિ:—**

ગ્રહો એકબીજાથી ૪–૧૦ મા ભાવે બેઠા હોય તો તે શત્રુ દૃષ્ટિ છે.

**(૪) સંયોગ પ્રતિયોગ દૃષ્ટિ:—**

ગ્રહો એકબીજાથી ૧–૭ ભાવે રહ્યા હોય તો તે સંપૂર્ણ શત્રુ દૃષ્ટિ છે.

ઉપર મુજબ ત્રિકોણ અને ષડંશ દૃષ્ટિ આ બે મુખ્ય મિત્ર દૃષ્ટિ છે. અને કેન્દ્ર દૃષ્ટિ તથા સંયોગ અને પ્રતિયોગ આ ત્રણ મૂખ્ય શત્રુ દૃષ્ટિ છે. તેમાં શુભ ગ્રહ–ગુરૂ સાથેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હર્શલ, શની, સૂર્ય શુક્ર, બુધ, ચંદ્રની તથા શુક્ર સાથેની બુધ, ચંદ્રની સંયોગ (યુતિ) અથવા પ્રતિયોગ શુભ મિત્ર દૃષ્ટિનો થાય છે. અને બાકી ગ્રહોનો યુતિ યા પ્રતિયોગ શત્રુ દૃષ્ટિનો અશુભ ફળ આપનારો થાય છે. આ પ્રમાણે મુખ્ય પ્રધાન દૃષ્ટિઓ પાંચ છે-

## ૫. શુભાશુભ ગ્રહ અને દૃષ્ટિ ભેદ.

(૧) વિષેશ શુભ દૃષ્ટિઃ—બન્ને શુભ ગ્રહોની શુભ દૃષ્ટિ.

(૨) શુભ દૃષ્ટિઃ—એક શુભ ને બીજા અશુભ ગ્રહની શુભ દૃષ્ટિ.

(૩) સ્વલ્પ શુભ દૃષ્ટિઃ—બન્ને પાપ ગ્રહો વચ્ચેની શુભ દૃષ્ટિ.

(૪) સ્વલ્પ અશુભ દૃષ્ટિઃ—બન્ને શુભ ગ્રહોની અશુભ દૃષ્ટિ.

(૫) અશુભ દૃષ્ટિઃ—એક શુભ અને બીજા અશુભ (પાપ) ગ્રહની અશુભ દૃષ્ટિ.

(૬) અત્યંત અશુભ દૃષ્ટિઃ—બન્ને પાપ ગ્રહોની અશુભ દૃષ્ટિ.

ઉપર પ્રમાણેનું દૃષ્ટિ બળ જન્મ કુંડળીના ગ્રહો પર ગોચર ગ્રહોનું જ્યારે જ્યારે આવતું જાય છે ત્યારે ત્યારે શુભાશુભ ફળ આખા જીવન વહેવારમાં આવે જાય છે. જન્મ કુંડળીમાં રહેલા ગ્રહોનું દૃષ્ટિ બળ જેવા શુભ યા અશુભ પરિણામમાં હોય તે પ્રમાણે આખા જીવનમાં ભોગવવું પડે છે. માત્ર ગોચર ગ્રહોના તેમ સ્પકતા દૃષ્ટિ બળે અવારનવાર ફારફેર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

હમેશ યાદ રાખવું કે દષ્ટિકર્તા બન્ને ગ્રહો પૈકી શીઘ્ર-ગતિવાળો ગ્રહ મંદગતિવાળા ગ્રહની સાથે દષ્ટિ શરૂ કરી, સંપૂર્ણ દષ્ટિમાં આવી દષ્ટિથી છૂટો પડે છે.

ઉદાહરણ:—

ધારો કે બુધના અંશ મેષના ૧૧ છે. શનિના અંશ મેષના ૧૭ છે, તો પણ તે બન્ને એક રાશિમાં ને લગભગ સરખા અંશોમાં હોવાથી કંજંકશન કરે છે. પણ તે શીઘ્ર-ગતિવાળો ગ્રહ, શનિના અંશથી જ્યારે એપ્લાઇગ દીપ્તાંશાથી ઓછો હોય છે ત્યારથી એટલે મેષના ૧૧ અંશથી કંજંકશનનો આરંભ કરે છે. ને તે અંશથી માંડીને ૧૭ સુધી થતા સુધી એપ્લાઇગ કંજંકશન કહેવાય છે. ને તે બુધ વધતો વધતો જ્યારે શનિના અંશ (મેષ ૧૭) બરાબર આવે છે ત્યારે સંપૂર્ણ કંજંકશન કરે છે. ને તે જ્યાં સુધી સેપેરેટીંગ દીપ્તાંશા ઉમેરતાં શનિના જેટલા અંશ થાય તેટલા (મેષના ૨૫) અંશનો બુધ થાય ત્યાં સુધી સેપેરેટીંગ કંજંકશન કહેવાય છે. બીજી દષ્ટિઓને માટે તે પ્રમાણે સમજી લેવું.

દૃષ્ટિ સ્મૃતિ:—

(૧) દરેક તત્વની દરેક રાશિઓ પરસ્પર ત્રિકોણ (ટ્રાયન) માંજ હોય છે.*

*મેષ, સિંહ ને ધન રાશિઓ માંહે માંહે એકબીજા સાથે ત્રિકોણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગ્નિ તત્વ = મેષ, સિંહ, ધન.
પૃથ્વી તત્વ = વૃષ, કન્યા, મકર.
આકાશ તત્વ = મિથુન, તુલા, કુંભ. (વાયુતત્વ)
જળ તત્વ = કર્ક, વૃશ્ચિક, મીન.

(૨) ચર સ્થિર ને દ્વિસ્વભાવ રાશિઓ પરસ્પર કેન્દ્રમાં એટલે સ્કવેર એસ્પેકટમાં જ હોય છે.+

ચર રાશિ = મેષ, કર્ક, તુલા, મકર.
સ્થિર રાશિ = વૃષ, સિંહ, વૃશ્ચિક, કુંભ.
દ્વિસ્વભાવ રાશિ = મિથુન, કન્યા, ધન, મીન.

(૩) એક જ રાશિમાં લગભગ સરખા અંશોની કંજંકશન (સંયોગ) થાય છે.

(૪) સાતમી રાશિમાં રહેલ ગ્રહ પ્રતિયોગ (ઓપોઝીશન) કરે છે.

(૫) ત્રીજે અગીઆરમે ભાવે રહેલ ગ્રહ ષડંશ (સેક્ષટાઈલ) કરે છે.

ઉપર પ્રમાણે દષ્ટિ બળનો શુભાશુભ બળ પર પૂરતો વિચાર કરફળીત કહેનાર વિદ્વાંયશને પામે છે.

(ટ્રાયન) એસ્પેકટ કરે છે. તેવી જ રીતે બીજા તત્વની રાશિઓ માટે સમજવું.

+મેષ, કર્ક, તુલા ને મકર માંહે માંહે એકબીજા સાથે સ્કવેર એસ્પેકટ કરે છે. તેવી જ રીતે સ્થિર ને દ્વિસ્વભાવ રાશિઓ માટે સમજવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# દસવર્ગ યોગાદિ અધિકાર ૧૩ મો.

## ૬. હોરા લગ્નનું ફળ

ઓ જે રાશૌ ભાનુ હો રા પ્રજાતઃ
ક્રૂરઃ કામી વિત્તવાન રાજ પૂજ્યઃ ।
વાગ્મી દાતા ચારુ દેહો દયાલુ
ર્જો ર સ્ત્રી કશ્ચન્દ્ર હો રાયદિ સ્યાત્ ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં એકી રાશિનું લગ્ન હોય અને હોરાકુંડળીમાં સૂર્યની હોરાનું સિંહ રાશિનું લગ્ન હોય તો તે કામી, ધનવાન અને રાજાઓનો માનીતો થાય. ને એકી રાશિનું લગ્ન હોય ને ચંદ્રની કરક રાશિની હોરામાં જન્મેલો હોય તો ભાષણ કરનાર, દાતાર, સુંદર શરીરવાળો, દયાળુ અને વ્યભિચારી સ્ત્રીવાળો થાય છે. ॥ ૧ ॥

માર્તણ્ડ હોરાજનિતઃ સમર્ક્ષે
મન્ત્રી કૃતજ્ઞશ્ચલોડપતિ ભીરૂઃ ।
ચન્દ્રસ્યહોરા પ્રભવઃ પ્રગલ્ભ,
વાક્યોડલસઃ પૂણ્ય વધુરતઃ સ્યાત્ ॥૨॥

**અર્થ**—જો લગ્ન બેકી રાશિનું હોય ને સૂર્યની હોરામાં જન્મેલો હોય તો પ્રધાનપદ ભોગવનાર કરેલા ઉપકારને જાણનાર, ચંચળ અને બહુ બીકણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમજ બેકી રાશિનું લગ્ન હોય ને ચંદ્રની હોરામાં જન્મ હોય તો મોટાઈનાં વચન બોલનાર, આળસુ અને પવિત્ર સ્ત્રીમાં પ્રીતિવાળો થાય છે. ॥ ૨ ॥

**વિશેષ**—હોરા લગ્નનો સ્વામી સૂર્ય હોય તો બાલ્યાવસ્થામાં–દુઃખી, મધ્યમ અવસ્થામાં સમાન, અને વૃદ્ધા અવસ્થામાં સુખી થાય છે. તેનું ધન બાપના મરણ પછી દિવસે દિવસે નાશ થાય છે. નાની ઉંમરમાં બાપનું મરણ થાય છે. ને માતા જીવતી રહે છે. પોતાની જાત મહેનતે સેવા ચાકરીથી અથવા ખેડૂતો સાથે ધીરધાર કરવાથી પૈસાવાળો થાય છે.

હોરાના લગ્નનો સ્વામી ચંદ્ર હોય તો બાલ્યાવસ્થામાં ધનવાન, મધ્યમ અવસ્થામાં મધ્યમ ધનવાળો, અને વૃદ્ધાવસ્થામાં ધન વગરનો થાય છે.

હોરા કુંડળીમાં પહેલા અને બીજા ભાવે સર્વ ગ્રહો રહ્યા હોય તો ધનનું ઘણું સુખ મળે છે ને પહેલા અને બારમા ભાવમાં સર્વ ગ્રહો રહ્યા હોય તો નિર્ધન થાય છે.

હોરા કુંડળીમાં લગ્ને સૂર્ય હોય તો બાળપણમાં સુખી પણ પછી દુઃખી થાય પણ લગ્ને ચંદ્ર હોય તો બાળપણમાં દુઃખી અને મોટપણે સુખી થાય છે.

હોરા લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં કેંદ્રમાં હોય અને તેને શુભ ગ્રહ દેખતા હોય, કે ભેગા બેઠા હોય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોતી, રત્ન વિગેરેના આભૂષણવાળો થાય છે પણ પાપ ગ્રહ દેખતા હોય કે ભેગા બેઠા હોય તો ગાયો, ભેંસો તથા લોઢાના વેપારથી સંપત્તિ મેળવનારો થાય છે.

હોરા લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં પૂર્ણ બળવાન હોય તો સારા ગુણવાળો થાય છે યા સ્વગ્રહી હોય તો તે જે ભાવમાં જન્મકુંડળીમાં બેઠા હોય તે ભાવનું પુરેપુરૂ સુખ આપે છે.

હોરા કુંડળીનો દશમા ભાવનો સ્વામિ બળવાન હોય તો ધનવાન અને સર્વથી પ્રીતિ મેળવનારો થાય છે પણ તે ગ્રહ બળવાન ન હોય તો લક્ષ્મી વિનાનો થાય છે.

## ૭. દ્રેષ્કાણ લગ્નનું ફળ

દ્રેષ્કાણઃ કેદ્રગઃ કુર્યાદુચ્ચસ્થૌ ભૂપતિગૃહે ॥
સ્વસે ત્રસ્થ સ્વભૂતાર્થં મિત્રે સન્માન યાગમમ્ ॥ ૫ ॥

તથા પણ ફસ્સ્થાને સ્વામિ યો ચ્ચગૃહાશ્રયઃ ॥
સન્મિત્રં પાર્થિવ નદ્ધર્દ્ધનિનં ચક્રતા નરમ્ ॥ ૬ ॥

આપાકિલણચ્યુત્પન્તો મિત્રસ્વગૃહદાચજૂઃ ॥
અપત્યં હિસદાચારં કૃષિતઃ પ્રાપ્ન વિત્તક્રમ્ ॥ ૭ ॥

**અર્થ**—દ્રેષ્કાણ કુંડળીના લગ્નનો સ્વામી કેન્દ્રસ્થાન ૧, ૪, ૭ કે ૧૦ મા ભાવમાં હોય તો રાજ્યપદવીને ભોગવવાવાળો થાય છે. જો સ્વગ્રહી હોય તો ધનવાન અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિત્રોથી માન મેળવનાર થાય છે અને ૨ જા ૫ મા ૮ મા કે ૧૧ મા ભાવમાં ઉંચનો હોય તો સારા મિત્રવાળો ને રાજાના જેવો ધનવાન થાય છે જો ૩ જા ૭ મા કે ૯ મા કે ૧૨ મા ભાવમાં દ્રેષ્કાણ કુંડળીના લગ્નનો સ્વામી મિત્રના ઘરમાં કે સર્વગ્રહી હોય તો તે પૃથ્વીસી જેવું સુખ ભોગવનાર, પુત્રવાન, સારા આચારવાળો અને ખેતી અથવા ભૂમિથી એટલે જમીન જાગીરથી ધનની પ્રાપ્તિ કરવાવાળો થાય છે.

**વિશેષ**—દ્રેષ્કાણ કુંડળીના લગ્નનો સ્વામી દ્રેષ્કાણ કુંડળીમાં જે રાશિમાં બેઠો હોય, તે રાશિના આંક પ્રમાણે ભાન્ડુની સંખ્યા જાણવી એટલે મેષ રાશિમાં બેઠો હોય તો એક, ધન રાશિમાં બેઠો હોય તો નવ, એમ દરેક રાશિવાર ભાન્ડુ સંખ્યા જાણવી.

દ્રેષ્કાણ કુંડળીના લગ્નના સ્વામિ સાથે જેટલા પાપ ગ્રહો દ્રેષ્કાણમાં બેઠા હોય, અથવા દેખતા હોય, તેટલા ભાન્ડુઓનો નાશ કરે છે. અને શુભ ગ્રહો જેટલા બેઠા હોય અથવા દેખતા હોય, તેટલાં ભાન્ડુ જીવતાં રહે છે.

દ્રેષ્કાણ લગ્નનો સ્વામી જન્મ લગ્નના સ્વામી સાથે મિત્રતા રાખતો હોય તો ભાઈઓથી મિત્રતા રહે અને શત્રુતા રાખતો હોય તો શત્રુતા રહે અને સમ હોય તો સમભાવ રાખે છે.

દ્રેષ્કાણ કુંડળીનો સ્વામી બળવાન હોય, અથવા તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેગા બેઠેલા ગ્રહ બળવાન હોય, તો તેના ભાઈઓ બળવાન અને પરાક્રમી જાણવા.

દ્રેષ્કાણ લગ્નના સ્વામી સાથે સ્ત્રી ગ્રહ બેઠા હોય તો બ્હેનોનું, ને પુરુષ ગ્રહ બેઠા હોય તો ભાઇઓનું સુખ સારૂં રહે. લગ્નનું દ્રેષ્કાણ સ્ત્રી રાશિનું હોય તો બ્હેનોનું સુખ વધારે ને પુરુષ રાશિનું હોય તો ભાઇઓનું સુખ વધારે જાણવું. દ્રેષ્કાણ લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં છઠ્ઠે આઠમે કે બારમે બેઠો હોય તો તે માણસ આત્મઘાતી થાય છે. જો દ્રેષ્કાણનો સ્વામી શત્રુના ઘરમાં બેઠો હોય, અથવા શત્રુગ્રહ સાથે બેઠો હોય તો તેનું મરણ, દુઃખી જીંદગી કાઢતાં શત્રુથી થાય છે.

દ્રેષ્કાણનો સ્વામી જન્મકુંડળીમાં ચંદ્ર ભેગો બેઠો હોય તો તે શરીર ઉપર ઘણાં રૂવાટાંવાળો કાળા વર્ણનો, પણ સુંદર શરીરવાળો થાય છે. ને ચંદ્રયુક્ત દ્રેષ્કાણનો માલીક પાપગ્રહ સાથે હોય તો કાનનો રોગી, બંધુઓ સાથે વેર રાખનાર ને શત્રુઓથી વિવાદ કરનાર થાય છે. દ્રેષ્કાણ કુંડળીના લગ્નનો સ્વામી મંગળ હોય ને તે જન્મકુંડળીમાં આઠમા ભાવમાં હોય તો તેના નાનાભાઇનું ઝાડ પાડવા જતાં અથવા પોતે ઝાડ ઉપર ચડતાં પડી જવાથી મરણ થાય છે.

દ્રેષ્કાણનો સ્વામી ગુરૂ હોય ને શનિ સાથે જન્મ લગ્નમાં આઠમે ભાવે બેઠો હોય તો તેનું મરણ વિષથી, ને દ્રેષ્કાણનો સ્વામી સૂર્ય હોય ને આઠમે ભાવે હોય તો મિત્રો તરફથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મરણ થાય છે. જો સૂર્ય, મંગળ આઠમે ભેગા બેઠા હોય, તો વીજળી પડવાથી મૃત્યુ થાય છે. ને દ્રેષ્કાણનો સ્વામી છઠ્ઠા ભાવમાં હોય તો તે મનુષ્યના ડાબા હાથમાં કોઈ ચિન્હ છે એમ જાણવું. દ્રેષ્કાણનો સ્વામી પાપગ્રહો સાથે આઠમે જન્મકુંડળીમાં હોય તો માતાનું ને પોતાનું હેડકીથી મરણ કરે છે. જો શુભગ્રહ સાથે હોય તો અભિમાની, મજબુત શરીરવાળો અને સૂર્ય જેવો પ્રતાપી થાય છે.

## ૮. સપ્તમાંશ લગ્નનું ફળ

**શસાંશપે ચંદ્ર યુતે ચ દૃષ્ટે સૌમ્યે ક્ષિતેસ્યાત્સ્વ સહોદરે સ્યાત્ અત્યુગ્રતા કાંતિ યશો ભિ વૃદ્ધિ મૈત્રાધિકો મૈત્રયુતા પ્રગલ્ભ:**

**અર્થ**—સપ્તમાંશ કુંડળીના સ્વામીની સાથે ચંદ્રમા બેઠેલો હોય અથવા દૃષ્ટિ કરતો હોય, યા શુભ ગ્રહ દેખાતો હોય તો ભાઈઓના સુખવાળો, યશવાળો, દરેક કામની વૃદ્ધિવાળો, અધિક મિત્રોવાળો અને પ્રારબ્ધી થાય છે.

**વિશેષ**—સપ્તમાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મ લગ્નમાં જે રાશિમાં હોય, તે રાશિના આંક પ્રમાણે સંતતીની સંખ્યા કહેવી. પરંતુ સપ્તમાંશનો સ્વામી અસ્તનો હોય તો તેની સ્ત્રી સંતાન વગરની એટલે વાંઝણી જાણવી.

સપ્તમાંશનો સ્વામી નીચ રાશિનો હોય, તેની સંતતી દુર્બળ અને ખરાબ સ્વભાવવાળી થાય. શત્રુના ઘરમાં સપ્તમાંશનો સ્વામી હોય, તો સારાં છોકરાં મરણ પામે ને ખરાબ છોકરાં જીવતાં રહે. સપ્તમાંશનો સ્વામી ઉચ્ચનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઈ ગમે તે ભાવે હોય અથવા મિત્રગ્રહની રાશિમાં હોય યા મિત્રગ્રહો જન્મકુંડળીમાં સાતમા ભાવે બેઠા હોય, તો તેનાં છોકરાં રૂપવાન, ધીરજવાન, ગુણવાન અને બોલવામાં ચતુર થાય છે.

સપ્તમાંશ લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં સૂર્ય સાથે હોય તો તેના પુત્રને આંખમાં રોગ થાય છે ને તેથી બારમે ચંદ્ર અને શુક્ર હોય તો પણ સંતાનને આંખનો રોગી કે આંખ વગરનો કરે છે.

સપ્તમાંશનો સ્વામી ગુરૂ, શુક્ર સાથે જન્મકુંડળીમાં લગ્નમાં બેઠો હોય તો તેનાં છોકરાં પુણ્યશાળી અને આવરદાવાળાં થાય છે. સપ્તમાંશનો સ્વામી જન્મકુંડળીમાં લગ્નને વિશે બુધ સાથે બેઠો હોય તો પ્રજામાં બહુ કન્યાઓ (છોકરી) થાય છે ને સપ્તમાંશ લગ્નના આંકની સંખ્યા પ્રમાણે સંતાનનું સુખ હોય છે.

જન્મ લગ્નમાં સપ્તમાંશનો સ્વામી પાપગ્રહ સાથે રહ્યો હોય તેના છોકરાઓનું માથાની પીડાથી મૃત્યુ થાય છે. સપ્તમાંશનો સ્વામી પાપગ્રહ સાથે જન્મકુંડળીના લગ્નમાં બેઠો હોય તો તે પુરુષની સ્ત્રીને ગર્ભ રહે નહિ. ને પુત્રનું સુખ બીલકુલ મળે નહિ. સપ્તમાંશનો સ્વામી જન્મકુંડળીમાં અગીઆરમા અથવા બારમા ભાવમાં બેઠો હોય તો તેના માથામાં, ઢીંચણમાં, યા પગમાં વાયુની પીડા થાય છે ને તેની સાથે પાપગ્રહ હોય તો દુષ્ટ હૃદયવાળો, ને શુભગ્રહ હોય તો સારા હૃદયવાળો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સપ્તમાંશનો સ્વામી જન્મકુંડળીમાં શનિ સાથે સાતમા ભાવમાં હોય તો તેને સંતાનનું સુખ સારૂં મળતું નથી ને શુભ ગ્રહો સાથે હોય તો સંતાનનું સુખ સારૂં મળે છે.

## ૯. નવમાંશ લગ્નનું ફળ

માર્ણ્ડાંશે ખલાત્મા બલસુત ધનવાનપિઁગાક્ષશ્ચકામી
ચન્દ્રાંશે ભોગશાલી પરયુવતિરતઃ પંડિતો ગોધનાઢ્યઃ
ભામાંશે કુરકર્મા ચલમતિ રટનઃ પિત્તરાગી ચલુબ્ધઃ
ત્યાગી રાગી બુધાંશે લલિતતનુરથ ખ્યાત વિદ્યોયશસ્વી. ॥

જીવાંશેયદિ હેમ કેશતનુગઃ શ્રેષ્ટઃ સુધી રૂપવાન્
મન્ત્રી પંડિતવાક્ય પ્રસન્ન વદનો રાજાધિરાજ પ્રયઃ
શુક્રાંશેપર કામિની જનરતસ્ત્યાગી સુખી પંડિતો
મન્દાંશેયદિ પાપ બુદ્ધિરધનઃ સ્થૂલદ્વિજો રોગવાન્ ॥

**અર્થ**—સૂર્યના નવ માંશમાં જન્મેલો—લુચ્ચો, બળવાન, છોકરાવાળો, ધનવાન, પીળી આંખોવાળો ને કામી થાય છે.

ચંદ્રના નવમાંશમાં જન્મેલો ભોગી, પારકી સ્ત્રીયોમાં પ્રીતિવાળો, પંડિત ને ગાયોના ટોળાવાળો થાય છે.

મંગળના નવમાંશમાં જન્મેલો ખરાબ કામ કરનાર, ચંચળ એટલે સારી બુદ્ધિવાળો, દરેક જગોએ ભમનાર, પિત્તનો રોગી ને લોભી થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બુધના નવમાંશમાં જન્મેલો ત્યાગી, કામી, સુંદર શરીરવાળો ને પ્રસિદ્ધ વિદ્યાવાળો થાય છે.

**અર્થ**—ગુરૂના નવમાંશમાં જન્મેલો—સોના જેવા કેશ અને શરીરવાળો પ્રધાન અને પંડિતો જેવી બુદ્ધિવાળો, રૂપવાન, પ્રસન્ન મુખવાળો, ને મોટા રાજાઓને વ્હાલો થાય છે.

શુક્રના નવમાંશમાં જન્મેલો—પારકી સ્ત્રીઓમાં પ્રીતિવાળો, ત્યાગી, સુખી ને પંડિત થાય છે.

શનિના નવમાંશમાં જન્મેલો પાપબુદ્ધિવાળો, નિર્ધન, રોગી ને સ્થૂળ દાંતવાળો થાય છે.

**વિશેષ**—નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મકુંડળીના લગ્નમાં બેઠો હોય તો તે નાની ઉંમરમાં સારી સમાન રૂપવાળી સ્ત્રીને પરણે છે. જન્મકુંડળીમાં નવમાંશ લગ્નનો સ્વામી છઠ્ઠા, આઠમા ભાવમાં હોય તો તેની સ્ત્રી લગ્ન થયા પછી ગુજરી જાય છે અને બીજી સ્ત્રી સાથે ફરીથી લગ્ન થાય છે. નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મલગ્નમાં યા દશમે બેઠો હોય તો, ભાગ્યશાળી સ્ત્રી મળે છે, ને તે બીજા ભાવમાં હોય તો પરણ્યા પછીથી ધનવાળો થાય છે ને બારમા ભાવમાં હોય કે નીચ ગ્રહની રાશિમાં હોય તો ચોરી કરનારી વ્યભિચારી બોલવામાં બહુ ચતુર અને ઘણાં નીચ કામ કરનારી સ્ત્રી મળે છે. નવમાંશનો સ્વામી સાતમા, ત્રીજા, પાંચમા, નવમા કે અગી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચારમા ભાવમાં જન્મકુંડળીમાં હોય, તો તેની સ્ત્રી ગુણવંતી, પતિવ્રતા, સારી આંખોવાળી, અતિશય રૂપવાન ને સતી મળે છે.

નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મલગ્નમાં કેન્દ્રમાં હોય તો તેનું બાર વરસ સુધીમાં લગ્ન થાય છે ને પાંચમા તથા નવમા ભાવમાં હોય તો બાર વરસ પછી લગ્ન થાય છે. નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી પાપગ્રહ હોય ને તે જન્મકુંડળીમાં પાપગ્રહ ભેગો બેઠો હોય તો તેની સ્ત્રી ખોટું બોલનાર, કઠોર કેશવાળી, મોટા કુલાવાળી ને વેશ્યા જેવી થાય છે.

નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી શુભ ગ્રહ હોય ને જન્મકુંડળીમાં શુભ ગ્રહ ભેગો બેઠો હોય યા શુભ ગ્રહો જોતા હોય તો તે પુરૂષની સ્ત્રી તેના સાથે ઘણો સ્નેહ રાખનારી, સારી ચાલની, ધીરજવાન, ચતુર ને મીઠું બોલનારી થાય છે.

નવમાંશ લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં જો આઠમે ભાવે બેઠો હોય, તો તેની સ્ત્રી પોતાના સ્વામીના હાથથી મરણ પામે છે. તે તેની સાથે ચંદ્રમા હોય તો તેની સ્ત્રી પાણીમાં ડૂબી મરણ પામે છે. નવમાંશ કુંડળીમાં સૂર્ય અને રાહુ છઠ્ઠા ભાવમાં હોય તો તેની સ્ત્રી ઝેરથી, ને સૂર્ય શુક્ર સાથે બેઠો હોય તો અગ્નિથી, ને બુધ સાથે સૂર્ય હોય કે બુધની દૃષ્ટિ હોય તો તેની સ્ત્રી દુઃખથી મરણ પામે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમાંશ લગ્નનો સ્વામી જન્મલગ્નમાં સાતમા ભાવમાં ચંદ્ર સાથે હોય અથવા ચંદ્ર દેખતો હોય તો તે પુરૂષની સ્ત્રી વ્યભિચારી, કપટી, પતિ ઉપર થોડો સ્નેહ રાખનારી, અને ખરાબ વચન બોલનારી થાય છે. નવમાંશનો સ્વામી પાપગ્રહો સાથે કેન્દ્રમાં બેઠો હોય, અથવા પાપગ્રહો દેખતા હોય, તો તેની સ્ત્રી બુદ્ધિ વિનાની જીંદગી પર્યંત શરીરે દુઃખી થાય છે ને તેનું મરણ હથીયારથી થાય છે.

નવમાંશનો સ્વામી જન્મકુંડળીમાં મિત્રના ઘરમાં બેઠો હોય ને તે શુભ ગ્રહ હોય ને ઉચ્ચનો યા સ્વગ્રહી હોય તો તેને સ્ત્રી તરફથી બહુ સુખ મળે છે ને તે બુદ્ધિશાળી, ભાગ્યશાળી ને શરીરે સુખી થાય છે જો ચોથા નવમાંશનો સ્વામી હોય તો તેની સ્ત્રીનું મરણ થાય છે.

## ૧૦. દ્વાદશાંશ લગ્નનું ફળ

જાતોમેષ દ્વાદશાંશે ખલાત્મા ચોરઃ પાપચાર ધર્માનુરક્તઃ
સ્ત્રીવિત્તાઢયો રોગવાનુક્ષભાંશે યુગ્માંશેતુ ઘૂતકૃત્યઃસુશીલઃ ॥
દુષ્ટાચારઃ કર્કટાંશે તપસ્વી સિંહેભાગેરાજ કૃત્યઃસશૂરઃ
ઘૂતાચારઃ સ્ત્રીરતઃકન્યકાંશે વ્યાપારીસ્યાત્તૌલિભાશેધનાઢયઃ ॥
કીટાંશકેવધરૂચિર્ઘટચોરનાથ શ્ચાપાંશકે પિતૃમહિ સુરદેવભક્તઃ
સસ્યાધિપો મૃગમુખાંશભવઃ સભૃત્યઃ કુમ્ભેખલ સ્ત્વનિમિષે
ધનિકશ્ચવિદ્વાન્ ॥

**અર્થ**—મેષ દ્વાદશાંશમાં જન્મેલો લુચ્ચો, ચોર, પાપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આચરણ કરવાવાળો, પાપી પણ ધર્મમાં પ્રીતિવાળો થાય છે.

વૃષભ દ્વાદશાંશમાં જન્મેલો સ્ત્રીવાળો, ધનવાન ને રોગી થાય છે.

મિથુન દ્વાદશાંશમાં જન્મેલો જુગારનું કામ કરનાર પણ સારા સ્વભાવવાળો થાય છે.

કર્ક દ્વાદશાંશમાં જન્મેલો ખરાબ આચારવાળો ને તપસ્વી થાય છે.

સિંહ દ્વાદશાંશમાં જન્મેલો રાજાનાં કામ કરનાર ને શૂરવીર થાય છે.

કન્યા દ્વાદશાંશમાં જન્મેલો જુગાર રમનાર ને સ્ત્રીમાં પ્રીતિવાળો થાય છે.

તુલા દ્વાદશાંશમાં જન્મેલો વ્યાપારી ને ધનવાન થાય છે.

વૃશ્ચિક દ્વાદશાંશમાં જન્મેલો વધ કરવામાં પ્રીતિવાળો, લુચ્ચો અને ચોરોનો સ્વામી થાય છે.

ધનના દ્વાદશાંશમાં જન્મેલો પિતૃ, બ્રાહ્મણ અને દેવતાઓનો ભક્ત થાય છે.

મકર દ્વાદશાંશમાં જન્મેલો ધનવાન ને ચાકરવાળો થાય છે.

કુંભ દ્વાદશાંશમાં જન્મેલો કારણ વગર લુચ્ચાઈ કરનાર થાય છે.

મીન દ્વાદશાંશમાં જન્મેલો ધનવાન અને વિદ્વાન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિશેષ**—દ્વાદશાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં લગ્ને બેઠો હોય તો બાપ કરતાં ઓછા ગુણવાળો, થોડા ધનવાળો થાય છે. બીજા ભાવે બેઠો હોય તો, બાપ કરતાં વધારે ધનવાન થાય છે. ત્રીજા ભાવે બેઠો હોય તો બાપ કરતાં વધારે યશ મેળવનાર, ને ધન વિગેરે સર્વ બાબતોમાં બાપ કરતાં વધારે સુખી થાય છે. ચોથે ભાવે બેઠો હોય તો બાપ તરફથી દુઃખી પણ બાપ કરતાં વધારે સુખી થાય છે, પાંચમે ભાવે બેઠો હોય તો પોતાના પરાક્રમથી પિતાને સુખી કરનાર, ભાગ્યશાળી અને સારી બુદ્ધિવાળો થાય છે. છઠ્ઠે ભાવે બેઠો હોય તો બહુ શત્રુઓવાળો થાય છે. સાતમે ભાવે બેઠો હોય તો રાજાની મહેરબાનીથી ઘણું ધન મેળવનાર, ઘણી કીર્તિવાળો ને પરાક્રમી થાય છે. આઠમે ભાવે બેઠો હોય તો પોતાના પિતાનું મરણ, ઝેરથી, શત્રુથી, હથિયારથી, પાણીથી, વિજળી પડવાથી કે આત્મઘાત કરવાથી થાય છે. નવમે ભાવે બેઠો હોય તો સઘળાં તીર્થ કરનાર, બ્રાહ્મણોને પાળનાર, ધર્મ ઉપર આસ્થા રાખનાર અને ધર્મનાં કામ કરનાર થાય છે, દશમે ભાવે બેઠો હોય તો બાપથી, અને બાપના બાપથી પણ વધારે ભાગ્યશાળી થાય છે તેમ બાપ તરફથી સુખી થાય છે ને તેના જન્મ પછી બાપને પણ સારો લાભ થાય છે. અગીયારમે ભાવે બેઠો હોય તો તેના બાપનું છાનું રાખેલું ધન મળે છે અને તેથી તે ધનવાન થાય છે. અને દ્વાદશાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં બારમે ભાવે બેઠો હોય તો નીચ કામ કરનારો અને દરેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખરાબ કામમાં હોંશીયાર થાય છે.

દ્વાદશાંશનો સ્વામી જન્મકુંડળીમાં ઉચ્ચનો અથવા સ્વગ્રહી હોય, યા શુભ ગ્રહ યુક્ત હોય યા શુભ ગ્રહો તેને દેખતા હોય તો તે માણસ દરેક કામમાં આગેવાની કરનાર, નાના પ્રકારના સુખને ભોગવનાર અને શત્રુઓનો નાશ કરનાર થાય છે. દ્વાદશાંશનો સ્વામી જન્મકુંડળીમાં શત્રુના ઘરમાં કે પાપગ્રહના ભેગો હોય યા પાપગ્રહો જોતો હોય, યા પાપગ્રહના ઘરમાં બેઠો હોય ને તે ગ્રહ નીચનો અથવા અસ્તનો હોય તો તે માણસ બહુ શત્રુઓવાળો, શત્રુઓથી પીડા પામનારો, યા રોગથી, અગ્નિથી, રાજાથી અને ચોર વિગેરેથી દુઃખી થનારો પાપ બુદ્ધિવાળો, મનમાં પરિતાપ રાખનારો અને છોકરાં પ્રત્યે થોડો સ્નેહ રાખનારો થાય છે.

## ૧૧. ત્રીશાંશ લગ્નનું ફળ

ત્રીશાંશેશ્વરણી સુતસ્યચપલઃ કાઠિન્યવાક્કૂરધીઃ
મન્દસ્યાટનતત્પરો મલિનધીર્જીવાંશકેવિત્તવાન્
સૌમ્યાંશેગુરૂદેવભક્તિનિરતઃ સાધુપ્રિયો બન્ધુમાન્
કામીકાન્તવપુઃ સુખીચ ભૃગુજત્રિશાંશકેજાયતે ॥

**અર્થ**—મંગળના ત્રિશાંશમાં જન્મેલો ચંચળ, કઠોર વચનવાળો ને ક્રૂર બુદ્ધિવાળો થાય છે.

શનિના ત્રિશાંશમાં જન્મેલો દરેક જગોએ ભ્રમનાર ને મલિન બુદ્ધિવાળો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂના ત્રિશાંશમાં જન્મેલો ધનવાન થાય છે. બુધના ત્રિશાંશમાં જન્મેલો ગુરૂ અને દેવની ભક્તિમાં પ્રીતિવાળો, સત્પુરુષોને વ્હાલો ને ભાઇઓવાળો થાય છે.

શુક્રના ત્રિશાંશમાં જન્મેલો કામી, સુંદર શરીરવાળો અને સુખી થાય છે.

**વિશેષ**—ત્રિશાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મ-કુંડળીમાં છઠ્ઠા ભાવે બેઠો હોય તો તે માણસનું રાજાથી બંધન થાય છે, સાતમા ભાવે બેઠો હોય તો તેને ઘણી સ્ત્રીયો થાય છે. આઠમા ભાવે બેઠો હોય તો રાજાથી મૃત્યુ થાય છે. બારમા ભાવે બેઠો હોય તો તકરાર તોફાનથી રાજ તરફથી દુઃખ થાય છે પણ તેની સાથે બારમે કોઇ શુભ ગ્રહ હોય તો રાજ તરફથી સુખી થાય છે. અને જો શત્રુ ગ્રહ બેઠો હોય તો તેને રાજ્ય તરફથી સુખી નહિ થતાં દુઃખી થાય છે ને તકરારમાં હાર પામે છે.

ત્રિશાંશ કુંડળીના લગ્નનો સ્વામી પાપગ્રહ હોય અને તે જન્મકુંડળીમાં નીચનો હોય તો તેના કુટુંબ સાથે વિરોધ થાય છે ને શુભ ગ્રહ હોય તો શરીરે સુખી થાય છે.

ત્રિશાંશ કુંડળીમાં જે રાશિમાં સૂર્ય બેઠો હોય તે રાશિનો સ્વામિ જે ગ્રહ હોય તે ગ્રહના જેવા ગુણવાળો થાય છે.

ત્રિશાંશ કુંડળીના લગ્નનો સ્વામી સૂર્ય, ચંદ્ર કે ગુરૂ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તો એ ત્રણ ગ્રહો સત્ત્વગુણી હોવાથી દયાવાળો, ધીરજવાળો, સત્ય અને પરોપકારી, બ્રાહ્મણ અને દેવ ઉપર પ્રીતિ રાખનારો થાય છે. તેમ તીર્થયાત્રા કરનાર પોતાના ધર્મનો પાલક યશ અને કીર્તિ મેળવવા ઉપર લક્ષ રાખનાર, વ્રત અને નિયમ ઉપર પ્રીતિ રાખનાર, ભોળા સ્વભાવનો, નીતિ અને શાસ્ત્ર ઉપર આસ્થાવાળો, સારી બુદ્ધિવાળો, સારા આચરણવાળો અને સારા લક્ષણવાળો સત્ત્વગુણી થાય છે.

બુધ કે શુક્ર હોય તો એ બે ગ્રહો રજો ગુણી હોવાથી બુદ્ધિ, કાવ્ય, હુન્નરને યજ્ઞ કરનાર, સ્ત્રીઓ ઉપર વધારે પ્રીતિ રાખનાર, અને ઘણા શૂરાતનવાળો, અભિમાની, લોકોમાં પોતાની શોભા બતાવવાને કામ કરનાર, પોતાની મરજી પ્રમાણે વર્તનાર, પોતાના આજુબાજુના સગા વહાલાઓને સાચવનાર, કવિતા અને રસિક પુસ્તકો વાંચવા ઉપર પ્રીતિ રાખનાર, અધિકારી, ઓદ્ધાદાર અને ગૃહસ્થ માણસો સાથે પ્રીતિ રાખનાર, સંસારના વૈભવો ભોગવવા ઉપર પ્રીતિ કરનાર, ઊંડા દિલનો, સાધારણ બુદ્ધિવાળો, કીર્તિદાન ઉપર ભાવવાળો, રજોગુણી થાય છે.

મંગળ કે શનિ હોય તો એ બે ગ્રહો તમોગુણી હોવાથી ચાડી કરનાર, મુર્ખ, આળસુ, ક્રોધી, ઘણી ઊંઘ લેનારો ચોર, છળ ભેદ કરનાર, કપટવાળો, હમેશાં કલેશ કરનાર, ક્રૂર સ્વભાવવાળો, કૃતઘ્ની, કડવું ને કઠણ વચન બોલનાર, ઘણો રખડનાર, જુઠું બોલનાર, માણસોમાં લડાઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરનાર, નિંદા કરનાર, દેવ બ્રાહ્મણને સ્વધર્મ ઉપર અશ્રદ્ધાવાળો, નઠારાં કામ કરનાર, સ્વાર્થી, કૃપણ, પોતે બીજાને પીડા કરનાર, અનીતિવાળો, વ્યસની, દુરાચરણી, હિંસા કરનાર, થોડી બુદ્ધિવાળો, તમોગુણી થાય છે.

## ૧૨. રશીમ યોગ શુભાશુભ ફળ

બૃહત્પારાશર હોરા સારાંશ પા. ૫૧૯

૧ થી ૫ રશીમનો યોગ હોય તો દુઃખી દરીદ્રી થાય. જો કે ઉત્તમ કુળમાં પેદા થયો હોય તો પણ ચાકરી કરી પેટ ભરવું પડે.

૬ થી ૧૦ રશીમ હોય તો માત્ર ઊદર પોષણ જેટલું પેદા કરે કોઈ વખત ધનહીન કોઇ વખત દાસ કોઈ વખત ભારવાહક મજુરી કરનાર સ્ત્રી પુત્ર ઘરથી હીન થનાર વંશકુલની મરીયાદા છોડી દેનાર થાય છે.

૧૧ રશીમ હોય તો અલ્પ પુત્ર સુખવાળો, સ્ત્રીઓથી અપમાન ભોગવનારો, કુટંબનું પોષણ ઘણા કષ્ટથી કરનારો થાય છે.

૧૨ રશીમનો યોગ હોય તો નીર્ધન મુર્ખ ધૂર્તને સત્યહીન થાય છે.

૧૩ રશીમ હોય તો ચોર, નીર્ધન કુલને કલંકીત કરનાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૪ રશીમવાળો ધર્મિ ક્રોધ રહીત દ્રવ્યોપાર્જન કરવામાં તત્પર કુટુંબ પાલન કરનાર થાય છે.

૧૫ રશીમવાળો ધનવાન ધર્મી પોતાના કુળમાં પ્રધાન-પદ ભોગવનારો થાય છે એમ પારાશાર મુની કહે છે.

૧૬થી૨૦ રશીમનો યોગ હોય તો કુળનું પાલન કરનાર ઘણા નોકર ચાકર યુક્ત કીર્તિવાન થાય છે.

૨૧ રશીમ હોય તો પચાસ માણસનું પાલન કરનાર દાનશીલ દયાવંત થાય છે.

૨૨ રશીમ હોય તો લોભી ધનવાન શત્રુહીન અલ્પ-ગુણી થાય છે.

૨૩ રશીમ હોય તો વિદ્યાહીન પણ દરેક ઠેકાણે પ્રધા-નતાને પામનાર ધનવાન સુખી હોય છે.

૨૪થી૩૦ રશીમવાળો લક્ષ્મિવાન સર્વ બળયુક્ત રાજ્યપ્રિય પ્રતાપી સર્વ જનને હા, જી હા, કરાવનારો તથા ઘણા લોકો તેનો સંગ કરનારા થાય છે.

૩૧ રશીમવાળો પ્રધાન પદ ભોગવનારો થાય છે.

૩૨ રશીમવાળો સેનાધિપતી થાય છે.

## ૧૩. રશીમ યોગ રાજફળ

૩૨થી૪૫ રશીમવાળો ૫૦૦ થી ૧૦૦૦ હજાર માણસનું પોષણ કરનારો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૩૬ રશીમવાળો ૨૫ ગામનો અધીપતી થાય છે.
૩૭ રશીમવાળો ૨૬ ગામનો અધીપતી થાય છે.
૩૮ રશીમવાળો ૨૭ ગામનો અધીપતી થાય છે.
૩૯ રશીમવાળો ૩૦ ગામનો અધીપતી થાય છે.
૪૦ રશીમવાળો ૩૬ ગામનો અધીપતી થાય છે.
૪૧ રશીમવાળો એક દેશનો રાજા થાય છે.
૪૨ રશીમવાળો બે દેશનો રાજા થાય છે.
૪૩ રશીમવાળો ત્રણ દેશનો રાજા થાય છે.
૪૪ રશીમવાળો ચાર દેશનો રાજા થાય છે.
૪૫ રશીમવાળો પાંચ દેશનો રાજા થાય છે.
૪૬ રશીમવાળો છ દેશનો રાજા થાય છે.
૪૭ રશીમવાળો સાત દેશનો રાજા થાય છે.

૪૮થીપ૦ રશીમવાળો સર્વ ભૌમ રાજા થાય છે. ઊર્ચાંશ રશીમનું ફળ પણ તે પ્રમાણે જાણવું. ૫૦ થી ઉપર રશીમના યોગવાળો ઇંદ્ર સમાન રાજા થાય છે. તેવું બ્રહ્માજીએ કહેલ પારાસર ઋશી કહે છે.

આ રાજયોગ રશીમ ફળ કલીયુગના વિશે શુદ્રાદિક ક્ષત્રી જાતિ તેમ મ્લેચ્છ જાત્યાદિક રાજ કરતા લોકો માટે તેમજ રાજકુળમાં જન્મનાર માટે જાણવો અને બ્રાહ્મણ તેમ વણીકાદિક જાતીમાં હોય તો પોતપોતાના ધર્મ પ્રમાણે કર્મકાંન્ડ, યજ્ઞાનાદિક કર્મ નિષ્ટ માટે જાણવો કે જેના પૂજ્ય પ્રતાપથી આવતા ભવાંનતરે, સ્વર્ગ યા ભૂમિ ભૂતળે રાજ્ય ભોક્તા બને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૪. રશીમ ચોગ સંતાન ફળ

બૃ. પા. હો. સારાંશ પા. ૫૨૫

૩૩ રશીમવાળાને દસ પુત્રાદિક (પુત્ર-પુત્રી) હોય.
૩૪ રશીમવાળાને બાર સંતાન હોય.
૩૫ રશીમવાળાને ૧૫ સંતાન હોય.
૩૬ રશીમવાળાને ૧૬ સંતાન હોય.
૩૭ રશીમવાળાને ૧૬ સંતાન હોય.
૩૮ રશીમવાળાને ૧૭ સંતાન હોય.
૩૯ રશીમવાળાને ૧૮ સંતાન હોય.
૪૦ રશીમવાળાને ૧૮ સંતાન હોય.
૪૧ રશીમવાળાને ૨૦ સંતાન હોય.
૪૨ રશીમવાળાને ૨૧ સંતાન હોય.
૪૩ રશીમવાળાને ૨૪ સંતાન હોય.
૪૪ રશીમવાળાને ૨૫ સંતાન હોય.
૪૫ રશીમવાળાને ૩૦ સંતાન હોય.
૪૬ રશીમ હોય તો ૩૨ સંતાન હોય.
૪૭ રશીમ હોય તો ૫૦ સંતાન હોય.
૪૮ રશીમ હોય તો ૬૦ સંતાન હોય.
૪૯ રશીમ હોય તો ૧૦૦ સંતાન હોય.

આથી આગળ પારાસરજીએ વધુ કહેલ નથી. પણ જણાવે છે કે ૪૯ રશીમથી અધિક રસીમ હોય તો ૧૦૦ થી અધીક સંતાન વઢી જાણવી. પરંતુ હમારો મત એવો છે કે આ હળાહળ કળીયુગના વિશે આ ચોગ બનવો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસંભવીત છે. જો કે કળીયુગ પહેલાં સો સંતાન ઉપરાંતના ગણા દાખલા જૈન તેમ વેદના ધાર્મીક ગ્રંથોમાં મોજુદ છે. પણ કળીયુગ માટે તો છેવટમાં છેવટ ૧૮/૨૦ સંતતિ સુધી યોગ ગણાય છે.

## ૧૫. દશ વર્ગી બળના પારીજાતાદિ ભેદનું ફળ (સ્વાર્થ ચિંતામણી)

૧ એક વર્ગ પામેલો ગુરૂ નિર્બળ ગણાય છે.

૨ વર્ગબળ પારીજાતાશ ગ્રહ ધનવાન બનાવે છે.

૩ વર્ગ બળ પામેલો ઉત્તમાંશ બળ પામેલો ગ્રહ સંપૂર્ણ સંપત્તિવાળો બનાવે છે.

૪ વર્ગ બળ પામેલો ગોપુરાંશવાળો ગ્રહ હંમેશાં ધનવાનને સંપૂર્ણ વિદ્યા જાણનાર બનાવે છે.

૫ વર્ગ બળ પામેલો સિંહાસનાંશવાળો ગ્રહ સર્વ લોકોથી વખણાયેલો (સ્તુતિ કરવા લાયક) રાજા સમ સન્માનવાળો બનાવે છે.

૬ વર્ગ બળ પામેલો પારાવતાંશવાળો ગ્રહ સર્વ શાસ્ત્ર જાણનાર માંડલિક રાજા સમ સુખ આપનાર બનાવે છે.

૭-૮ વર્ગ બળ પામેલો દેવલોક તથા બ્રહ્મલોકાંશ કે અમરલોકાંશવાળો ગ્રહ મહા દાન કરનાર પૃથ્વીના રાજા સમ ધન; સુશ, સંપતવાળો ને યશવાળો બનાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૯ વર્ગ બળ પામેલો ઐરાવતાંશ અથવા શુક્રવાહનવાળો ગ્રહ સર્વ ઐશ્વર્યવાળો ચક્રવર્તી સમ ગણુ, ધન, ધાન્યનો તથા ઘણી રિદ્ધસિદ્ધિનો માલિક બનાવે છે.

૧૦ વર્ગ બળ પામેલો વૈશેષિકાંશવાળો ગ્રહ યશસ્વી, બુદ્ધિમાન અને સંપૂર્ણ સુખવાળો ચક્રવર્તી રાજા સમ બનાવે છે.

**સૂચના:**—રાજકુળમાં જન્મેલા રાજા યોગ્ય બને છે બાકીનાઓ માટે તે પ્રમાણે સુખ સંપત ને ધનના ભોક્તા બને છે.

ઉપર પ્રમાણે દસ વર્ગી બળ પામેલા ગ્રહો ફળ આપે છે પણ તે ગ્રહો જન્મ કુંડળીમાં ૬–૮–૧૨ મે કે નીચ કે શત્રુની રાશીના અસ્તના ને બળ રહીત કે મરણ અવસ્થાના હોય તો તે પારિજાતાદિ ભેદનું ફળ નાશ કરે છે.

## ૧૬ દસ વર્ગે લક્ષ્મી સંખ્યા યોગ

सहस्रनिष्कभर्ता स्याल्लग्नेशस्य नवांशके ।
गोपुरांशगते कर्मनाथेन सति वीक्षिते ॥ ३ ॥

**ભાવાર્થ**:—લગ્નાધિપતિ જે નવમાંશમાં હોય એ નવમાંશનો સ્વામી ગોપુરાંશમાં હોય અને દસમેશ દેખતો હોય તો તે જાતક એક હજાર રૂપીયાનો માલીક રહે છે. ॥૩॥

कर्मेशसंयुक्त नवाशनांथसंयुकसत्यांशपतौ बलाढये ।
शुक्रेण देवेंद्रपुरोहितेन दृष्ट सहस्रदूयनिष्कभर्ता ॥ ४ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**:—જન્મ કુંડળીમાં દસમા ભાવનો સ્વામી નવમાંશ લગ્નપતિ સપ્તમાંશ લગ્નપતિ એ ત્રણ એક હોઈ બળવાન હોય અને ગુરૂ શુક્રની દૃષ્ટિમાં હોય તો જાતક બે હજાર રૂપીયાનો માલીક રહે છે. ॥૪॥

सौम्यषष्टांशसंयुक्त धनलाभ समन्विते ।
तदीशेऽपि तथायुक्ते सहस्रत्रयनिष्कयुक् ॥ ५ ॥

**ભાવાર્થ**:—જન્મ કાલમાં બુધના ષષ્ટાંશ બીજા તથા અગીઆરમા ભાવના સ્વામીથી યુકત હોય અને એ ભાવના સ્વામી એ સ્થાનમાં હોય તો તે જાતક ત્રણ હજાર રૂપીયાનો માલીક રહે છે. ॥૫॥

धनस्थेश दृकाणेश संयुक्तमुनि भागयः ।
सर्वोत्तमबलोपेत स्वष्टसाहस्रनिष्कयुक् ॥ ६ ॥

**ભાવાર્થ**:—જન્મફળમાં બીજા ભાવનો સ્વામી, દ્રેષ્કાંણનો સ્વામી સપ્તમાંશનો સ્વામી એ ત્રણ એક જ હોઈ બળવાન હોય તો તે જાતક આઠ હજાર રૂપીયાનો માલીક બને છે. ॥૬॥

लग्नेशस्थदृकांणेश संयुक्तमुनिभागपः ।
वैशेषिकांशकगतस्त्वयुतंधनमान्पुयात् ॥ ७ ॥

**ભાવાર્થ**:—લગ્નેશ, દ્રેષ્કાંણેશ અને સપ્તમાંશપતિ એ ત્રણે એક હોઇ વૈશેષિકાંશમાં બેઠેલા હોય તો તે જાતક દસ હજાર રૂપીયાનો માલીક બને છે. ॥૭॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कर्मेशस्थद्रकाणेशनाथसंयुक्तसत्पपः ।
एरावतांश संयुक्तो धनलक्षं समश्नुते ॥ ८ ॥

ભાવાર્થ:—કર્મેશ દ્રેષ્કાંણપતિ અને સપ્તમાંશ સ્વામી એ ત્રણે એરાવતાંશમાં બેઠા હોય તો તે જાતક લક્ષાધિપતિ બને છે. ॥૮॥

लक्षद्वयं धनं याति चतुष्केन्द्रे शुभान्विते ।
सिंहासनांशसयुक्ते सति परावतांशके ॥ ९ ॥

ભાવાર્થ:—જેના જન્મકાલમાં ચારે કેન્દ્રીમાં શુભ ગ્રહ સિંહાસનાંશમાં અથવા પારાવતાંશમાં હોય તો તે જાતક દ્વિ (બે) લાખની મિલ્કતનો ભોક્તા બને છે. ॥૯॥

लक्षत्रयाधिकारी स्याल्लाभलग्नाधिपे ।
वैशेषिकांशसंयुक्ते सुशीलो बुद्धिमान् भवेत् ॥ १० ॥

ભાવાર્થ:—જેના જન્મકાળમાં લાભ, લગ્ન, ધન એ ત્રણ ભાવના સ્વામી વૈશેષિકાંશમાં હોય તો તે જાતક ત્રણ લાખની મીલકતનો ભોક્તા સુશીલ અને બુદ્ધિમાન હોય છે. ॥૧૦॥

तदूर्ध्वं वित्तपः स्यात्तु धनलाभ पतीयदा ।
वृद्धिकेंन्द्रगतौ तौ चेद्बलिनौ भाग्यपस्तथा ॥ ११ ॥
केंन्द्रत्रिकोणगे वोर्येत्वथवाभवनाथयुक्त ।
वैशेषिकांशगश्चेत्तु धनलक्षं समश्नुते ॥ १२ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**:—જેના જન્મકાલમાં બીજા અને અગીયારમા ભાવના સ્વામી વૃદ્ધિ કેન્દ્રમાં હોય અને નવમા ભાવનો સ્વામી બળવાન હોય તો તે જાતક ત્રણ લક્ષ રૂપીયાથી અધિક ધનવાન બને છે. ॥૧૧॥

ભાગ્યસ્થાનપતિ કેન્દ્ર અથવા ત્રિકોણમાં અગીઆરમા ભાવનો સ્વામી સહીત વૈશેષિકાંશમાં હોય તો તે જાતક ત્રણ લક્ષ રૂપીયાથી અધિક ધનપતિ બને છે. ॥૧૨॥

लग्नांशनाथभाग्येशा     परमोच्चांशसंयुताः ।
वैशेषिकांशशे लाभेशे तदा कोटीश्वरो भवेत् ॥ १३ ॥

**ભાવાર્થ**:—જન્મકાલમાં લગ્નપતિ નવાંશનાથ અને ભાગ્યેશ પરમ ઉચ્ચમાં હોય અગીયારમા ભાવનો સ્વામી વૈશેષિકાંશમાં હોય તો તે જાતક કોટિયાધિપતિ બને છે. ॥૧૩॥

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

# તનુભાવાદિ યોગ અધિકાર ૧૪ મો.

## ૧૭. જન્મ લગ્નગત ગ્રહ ફળ

લગ્નમાં રહેલા ગ્રહો રાઈઝીંગ અથવા પૂર્વક્ષિતિજોદિત ગ્રહો કહેવાય છે. આ ગ્રહોની પણ શરીર, સ્વભાવ ને ભવિષ્ય ઉપર લગ્નની માફક સત્તા હોય છે, તેથી તેમનાં ફળ સ્પષ્ટ રીતે અત્રે વર્ણવ્યાં છે.

જેમ જેમ લગ્નના અંશની નજદીક ગ્રહો હોય છે તેમ તેમ તેમનાં ફળની પ્રબળત્તર સત્તા સમજવી; લગ્નથી લગભગ (૧૦) અંશ પાછળ બારમામાં રહેલ ગ્રહને રાઈઝીંગ ગ્રહ ગણવો, કવચિત્ (૧૫) અંશની પણ છૂટ આપેલ છેઃ—

## ૧૮. લગ્નગત ચંદ્ર ફળ

જન્મકુંડળીમાં લગ્નમાં રહેલો ચંદ્રમા તેની અસર નીચે જન્મેલા મનુષ્યોને અસ્થિર, ઘણા ચાલાક, નૂતનતા, વિચિત્રતા તથા ફેરફારના શોખીન, બીજાના વિચાર તથા આજુબાજુની સ્થિતિના ગ્રાહકને બહુ લાગણીવાળા બનાવે છે; તેઓએ મિત્રો અને ઓળખાણ કરવામાં સાવધ રહેવું, નહતિર તેઓની પૂર્ણ સત્તાનું દબાણ ભોગવવું પડે છે. તેઓ મુસાફરીને ચ્હાય છે ને અસ્વસ્થ હોય છે, ઘરનું વાતાવરણ તેમને બહુ અસર કરે છે. તેઓ કાળજીવાળા ને દરકાર કરનાર હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ મનુષ્યો કીર્તિલોકને પ્રસંશાના લોભી ને શોખીન, શુદ્ધ મનવાળા હોય છે; તેઓ સંસારી સ્વાર્થ-વાળા, લોકોપયોગી અથવા વ્યવહારૂ જીંદગીદ્વારા અનેક લાભ મેળવી ચઢતી પામે છે; ને ઘણા બનાવોવાળી અસ્થિર જીંદગી ભોગવે છે. આ ગ્રહ શારીરિક અવયવોના બંધારણ ઉપર આશ્રિત રાશિના પ્રમાણમાં અસર કરે છે.

## ૧૯. દ્વાદશ રાશિગત લગ્ન ચંદ્ર ફળ

મેષ—સ્પર્શવંત, આંકાક્ષિત, લાગણીવંત, પ્રવેશ કરનાર ને માનસિક.

વૃષ—આતુર, દયાળુ, શાંત, સમજુજીવન શક્તિવંત.

મિથુન—ગુપ્ત, પેચી, અકલિત બુદ્ધિશાળી, કપટનો શોખીન, હેતુવંત.

કર્ક—સંશય છેદી, લાગણીવંત, માયાળુ, શક્તિવંત, આકર્ષક.

સિંહ—ઝનુની, ખંતીલો, માનવંત, સમજુ ને નિયમિત.

કન્યા—કારણ સમજનાર, સૂચક પૃથક્કરણ કરનાર, યોગી, શાંત.

તુલા—નિપુણ, વિનયી, સમજુ, આનંદી ને દયાળુ.

વૃશ્ચિક—લશ્કરી, સ્વાર્થી, ઝેરીલો, અભિમાની, દ્વેષી.

ધન—જુસ્સાદાર, વિષયી, આકાંક્ષા રાખનાર, દયાળુ ને ઉદાર.

મકર—નિંદિત, કીર્તિનો લોભી, સાવધ ને સ્વાર્થી.

કુંભ—સહનશીલ, નિરપરાધી, કલ્પક, ચાલાક ને શોધક:

મીન—દયાળુ, સ્વપ્નસ્થિતિવાળો, અસ્થિર, શાંત ને આગતા સ્વાગતા કરનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨૦. લગ્નગત બુધ ફળ

જન્મકુંડળીમાં જેને લગ્ને બુધ રહેલો હોય છે તે મનુષ્યો ઘણી જ સારી માનસિક શક્તિવાળા, ચપળ, તીવ્ર ને દરેક વિચારોમાં ને કાર્યોમાં ચાલાક હોય છે; ઘણી બાબતોમાં તેઓ અસાધારણ, બીજાનું અનુકરણ કરનારી સારી સત્તાવાળા તથા દરેકને અનુકૂળ હોય છે; તેઓ ખંધા, મુસદ્દી, ને બચાવકરવા ધારેલ કોઇપણ પોઈન્ટ ઉપર વાદવિવાદ કરવામાં ઘણા જ કુશળ ને ભાષાજ્ઞાની હોય છે. તેઓનું મન તેઓને ઉદ્યમી રાખવાને માટે હરકોઇ યુક્તિ શોધવામાં કદાપિ પાછું પડતું નથી. પારાની માફક તેઓ પોતાની આગળ પાછળના વાતાવરણના પ્રમાણમાં ઉચ્ચ કે નીચ સ્થિતિ ભોગવે છે. તેઓ ધંધાની કુશળતાવાળા હોય છે. પહેલી જીંદગીને મુખ્યત્વે યુવાવસ્થામાં લગ્નના બુધની અસર વધારે હોય છે. બુધ માનસિક શક્તિનો ગ્રહ હોવાથી તેઓને વિદ્વાન્, વાચાળ ને લખાણ તથા વાંચવાના શોખીન બનાવે છે.

## ૨૧. દ્વાદશ રાશિગત લગ્ન બુધ ફળ

મેષ—ચાલાક, શુભાશયી, ગરમ, અતિશયોક્તિ કરનાર ને છટાબંધ બોલનાર.
વૃષ—ચીકણો, અતડો, મહેનતુ, સંગીતજ્ઞાની ને સમજુ.
મિથુન—સમજુ, ચાલાક, ગણિતજ્ઞ, શાસ્ત્રી ને માયાળુ.
કર્ક—અનુકૂલ, અસ્થિર, બેચેન, સમજુ ને અસ્થિર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંહ—ભભકાદાર, નિર્ણયી, લોભી ને યોજક.
કન્યા—બુદ્ધિવંત, વિદ્વાન, શક્તિવંત ને ચંચલ વક્તા.
તુલા—વિદ્વાન, સંગીતજ્ઞાની ને હુન્નરી, સુધરેલ, સુંદર તુલના, શકિતવંત.
વૃશ્ચિક:—બુદ્ધિવંત, ગુપ્તશાસ્ત્રનો શોખિન ગુઢાર્થી.
ધન—વાચાળ, વિષયી, પ્રેરણાવાળો, લોભી ને ચઢતીની આકાંક્ષાવાળો.
મકર—ચિઢીયો વ્હેમી, અસંતોષી, પ્રવેશ કરનાર ને શાસ્ત્રી.
કુંભ—વાચાળ, બક્ષીશવંત, તત્વજ્ઞાની, ઉપયોગી કામનો શોખિન.
મીન—ઉપલક અનુકરણ કરનાર, થોડા વિચાર, પણ ઘણી યોજનાવાળો.

## ૨૨. લગ્નગત શુક્ર ફળ

જન્મ કુંડલીમાં લગ્નમાં રહેલ શુક્ર ઘણો જ સારો ગણાય છે; ને તે અસર નીચે જન્મેલા મનુષ્યો આનંદી, માયાળુ, ને વૈભવી હોય છે; તેઓને જીંદગીમાં સંપત્તિ પ્રાપ્ત થાય છે, ને દરેક સંબંધમાં આવનાર મનુષ્યો તેમને ચ્હાય છે ને માન આપે છે; તેઓ સંગીતજ્ઞ, ગાયક, સુંદર હુન્નર, સૌંદર્યતા ને સુધારાના શોખીન હોય છે. તેઓ સુધરેલ ધંધા કરવા માગે છે, ને બીજાના સુખનાં સાધન પુરાં પાડે તેવા ઉદ્યમો સ્વિકારે છે. તેઓ ઘણા જ સારા સ્વભાવવાળા, આકર્ષક, ને ચ્હાવા લાયક છે; આ ગ્રહ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષયસુખનો અધિષ્ઠાતા હોવાથી પ્યારનાં આનંદી કામો ઉપર બહુ જ અસર કરે છે.

## ૨૩. દ્વાદશ રાશિગત લગ્ન શુક્ર ફળ

મેષ—માયાવાદી, લાગણીવંત, ઉદાર, કારીગર ને બોધક.
વૃષ—સુંદર, કૃપાવંત, સુશીલ, આનંદી ને હુન્નરનો શોખિન.
મિથુન—વિચારશીલ, ગંભીર, શોધક, દયાળુ ને બુદ્ધિવંત.
કર્ક—કંજુસ, અસ્થિર, પ્રીતિવંત, એકદમ વશ થનાર.
સિંહ—ઐતિહાસિક, લોકપ્રિયતા માટે આતુર, સંગીતજ્ઞ, પ્યારમાં ભાગ્યશાળી.
કન્યા—જીતેન્દ્રિય, પ્રેમમાં હદપાર અથવા કપટજાળ.
તુલા—બીજાને ઉત્તેજન આપનાર ને મદદ કરનાર, પ્યારમાં સમતોલ.
વૃશ્ચિક—આડે માર્ગે દોરવનાર, અદેખો, ને હમેશ હદપાર જનાર
ધન—દીલોજાન, લાગણીવંત, મોહક, બે જગોનો પ્યાર.
મકર—અનિશ્ચયી, પ્રેમમાં અસ્થિર સબંધ થયા બાદ તલ્લીન.
કુંભ—પરોપકારી, જીતેન્દ્રિય, પવિત્ર, માયાવાદી ને ઐતિહાસિક.
મીન—જ્યાં પ્રેમ હોય ત્યાં વિચારવંત ને કુદરતી.

## ૨૪. લગ્નગત રવિ ફળ

લગ્નમાં રહેલો સૂર્ય પોતાની અસર નીચે જન્મેલ મનુષ્યોને ભાગ્યશાળી, આબરૂદાર ને માનવંત જીંદગીવાળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનાવે છે; તેઓ પોતાના ઉપર આવી પડતી દરેક આફતોમાં ટકી શકે છે. આ મનુષ્યો પોતાની આગળ પાછળના લોકો પાસેથી માન ને ભલી લાગણીઓ મેળવે છે. તેઓ જોખમ ભરેલી જગો મેળવી બીજાના ઉપર હુકમ કરવાને શક્તિવાળા હોય છે. સંસારી કાર્યો માટે આ ગ્રહ લગ્નમાં સારો ગણાતો નથી, પણ તે નીતિને માટે સારો છે, આ મનુષ્યો હલકાં ને નિર્જીવ કાર્યોને ધિક્કારે છે અને તેથી પ્રસંગોપાત બીજાઓ તરફથી માન ને પ્રશંશા મેળવે છે. આ ગ્રહ શારીરિક બલ આપનાર હોવાથી તેઓમાં ઘણી જ જીવન શક્તિ, માંદગી ભોગવ્યા બાદ તત્કાળ સાજા થવાની શક્તિ, સારી તંદુરસ્તી, તેજસ્વી આકૃતિ, ને સત્તાનો તાપ હોય છે.

## ૨૫. દ્વાદશ રાશિગત લગ્ન સૂર્ય ફળ

મેષ—તેજસ્વી, લડાઇખોર, લોભી, વફાદાર, બચાવ કરવાને યોગ્ય.

વૃષ—અનહદ વિશ્વાસુ, સ્વેચ્છાચારી, મુસદ્દી, સ્થિર, ગંભીર.

મિથુન—ઉમદા, સુધરેલ, સંતોષી, અભ્યાસી, વિચારવંત.

કર્ક—કાળજીવંત, ગ્રાહક, સાવધ, આતુર, આગ્રહી.

સિંહ—સર્વગુણસંપન્ન, લોભી, ન્યાયી, માનવંત, મહત્તાવાળો.

કન્યા—બુદ્ધિવંત, ઉદ્યમી, ટીકાકાર, સંચય કરનાર, અનુકુલ.

તુલા—કલ્યાણરો, વિનયી, સમજુ, વિશ્રાંતિ ચ્હાનાર.

વૃશ્ચિક—કડક, માનવંત, મુસદ્દી, એકનિશ્ચયી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધન—સત્યવાદી, ઉદાર, અભિમાની, વિશ્વાસુ, યોગજ્ઞાની.
મકર—તેજસ્વી, નીતિવંત, સ્વાશ્રયી, અનુભવી, ખંતીલો.
કુંભ—તાબેદાર, આનંદી, દીલોજાન, વિશ્વાસુ, માયાવાદી.
મીન—નિષેધક, પદ્ધતિવાળો, આગતા સ્વાગતા કરનાર, શાંત ને પ્રમાણિક.

### ૨૬. લગ્નગત મંગળ ફળ

જન્મલગ્નમાં રહેલ મંગળ પોતાની અસર નીચે જન્મેલા મનુષ્યોને ઘણી જ હિંમત ને સ્વબલનો વિશ્વાસ આપે છે; આ મનુષ્યો કદાપિ પણ પછાત પડતા નથી; ને તેઓ ધૈર્યવાન્, શક્તિવંત, જુસ્સાવાલા, પરિણામ ભોગવનાર તથા નિર્ભયપણે જાત ઉપર દરેક વસ્તુને ખેંચી લેનાર ને કહેનાર હોય છે; પણ તેઓએ લાગણીઓનો, સાહસિક કામકાજનો ને ઉતાવળીયા અનુમાનનો ત્યાગ કરવો જોઈએ; તેઓ આત્મસત્તાવડે જીંદગીમાં ચઢતી પામનાર તથા પ્રસંગોપાત આગળ પડતો ભાગ લેનાર હોય છે. તેઓએ પોતાનો જુસ્સો ને શક્તિ કોઈ સારા પ્રસંગને માટે સાચવી રાખવાં જરૂરનાં છે. આ લોકોએ કાર્ય કરતા પહેલાં હંમેશાં વિચાર કરવો. મંગળ તૃષ્ણાનો ને લોભનો ગ્રહ હોવાથી આ મનુષ્યોમાં વાસના અને આકાંક્ષાઓ ઘણી હોય છે. તથા પશુવૃત્તિના ગુણો પ્રબળ હોવાથી ધાર્મિક ગુણોની ખામી હોય છે.

### ૨૭. દ્વાદશ રાશિગત લગ્ન મંગળ ફળ

મેષ—હિમ્મતવાન્, વાદકુશળ, ખરો રીસાળ.

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

વૃષ—અસલી, જક્કી, નિર્ભય, ખેંચી ન શકાય તેવો દોરવાયેલ.

મિથુન—કઠણ, યુક્તિબાજ, ચાલાક, તીક્ષ્ણ ને માનસિક બળવાળો.

કર્ક—દુરાગ્રહી, અસ્થિર, ઉદ્ધત, છોકરવાદ ને કમનશીબવંત.

સિંહ—સુધારક હુકમ કરનાર, વાદકુશળ, ઉદાર.

કન્યા—માયાળુ, શાસ્ત્રી, મૂળ તત્ત્વજ્ઞાની, ચિઢીયો, મુસદ્દી.

તુલા—આકર્ષક, સમતોલ, વિનયી. પ્યારમાં કમનશીબવંત.

વૃશ્ચિક—ખોટી ખટપટ કરનાર, વિષયી, શોધક, ચાલાકપણુ, તામસી.

ધન—અજીત, તોફાની, વાચાળ, ઉદાર, મહત્વાકાંક્ષી.

મકર—યોજક, બહાદુર, યુક્તિબાજ, સાહસિક, બુદ્ધિવંત.

કુંભ—નિર્બળ, મનોગત યુકિતવાળો, ચાલાક ને ગૂઢ.

મીન—વક્રોક્તિ બોલનાર, ઉદાર, દયાળુ, યોગી, સંચય કરવાની ઇચ્છાવાળો.

## ૨૮. લગ્નગત ગુરૂ ફળ

જન્મલગ્નમાં રહેલ ગુરૂ પોતાની અસર નીચે જન્મેલા મનુષ્યોને વિજયી જીંદગી, સારી સંપત્તિ ને શ્રેષ્ઠ ભાગ્ય આપે છે; પણ આ સઘળું તેમના ઉચ્ચ ને ઉદાર સ્વભાવનું પરિણામ છે; તેઓ દયાળુ, પરોપકારી, મોટા મનના ને આશાવંત હોય છે; તેઓનો પ્રેરિત સ્વભાવ બીજાઓ કે જેઓ તેમનું સતત ભલું ઇચ્છે છે તેમના વિશ્વાસને જીતી લે છે; તેઓ વ્યવહારમાં વિજયી, ને જો નિરાશ ન થાય

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

તો ભાગ્યે જ કોઇ વ્યવહારૂ કાર્યમાં પાછા પડે છે; જેમ જેમ વધારે આશાવંત બને છે તેમ તેમ તેઓ વધારે વિજયી ને સુખી નિવડે છે. વ્યવહારમાં ને ધંધામાં અગ્રેસર થવાની તેઓમાં સત્તા હોય છે. તેઓ ધાર્મિક અને નીતિના તત્વથી ભરેલા હોય છે. જો ગુરૂ પીડિત થયેલ હોય છે તો આ મનુષ્યો વ્યવહારૂ ને ધાર્મિક કામોમાં ઠગ ને ઢોંગી બને છે. ગુરૂ અંદરની સત્તા ઉપર અમલ ચલાવનાર હોવાથી ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે.

## ૨૯. દ્વાદશ રાશિગત લગ્ન ગુરૂ ફળ

મેષ—ન્યાયી, લોભી, સાહસિક, નિશ્ચયી, વિજયી.
વૃષ—પ્રમાણિક, ન્યાયી, દીલોજાન, દયાળુ, આકર્ષક.
મિથુન—પૂજ્ય, સુશીલ, સુધરેલ, વિદ્વાન્ ને ગણિતશાસ્ત્રી.
કર્ક—અંતર્જ્ઞાની, લોભી, ભાગ્યશાળી ને દયાળુ.
સિંહ—સુશીલ, મહત્તાવાળો, અભિમાની, સત્તાવાન, ડાહ્યો.
કન્યા—જડ, અખિત્યારવંત, લોભી, ચઢતી ઇચ્છનાર, ઉદ્યમી.
તુલા—અંતર્જ્ઞાની, પરોપકારી, ગંભીર, ન્યાયને ચ્હાનાર.
વૃશ્ચિક—મિથ્યાભિમાની, એકનિશ્ચયી, માની, અનહદ સહનશીલ ને સાવધ.
ધન—સત્યવાદી, માયાળુ, સુશીલ, સુધરેલ, વિનયી ને દયાળુ.
મકર—ખારીલો, સ્વચ્છંદી, કઠણ અને વારંવાર અપમાન પામેલ.
કુંભ—કાર્યસાધક, આનંદી, શાંત, દયાળુ ને ઘણોજ માયાળુ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મીન—પૌષ્ટિક, અભ્યાસી, યોગ્ય, આગતાસ્વાગતા કરનાર, આનંદી.

## ૩૦. લગ્નગત શનિ ફળ.

જન્મ લગ્નમાં રહેલ શનિ પોતાની અસર નીચે જન્મેલા મનુષ્યોના સંસારી સુખને માટે અનુકુળ નથી. અને જન્મ સમયની તેઓની આજુબાજુની સ્થિતિ–પ્રવૃત્તિ અને સંપત્તિને તદ્દન પ્રતિકુલ હોય છે. તેઓને ઘણી આફતો વેઠવી પડે છે, ને તેઓનો વિજય બીજાની મદદ કરતાં પોતાનાજ બળ ઉપર આધાર રાખે છે. તેઓ ઉદ્યમી, મહેનતુ, સાવધ, ખંતીલા, ગંભીર, કંજુસ, ડાહ્યા ને અતડા હોય છે. તેઓનું મધ્યબિન્દુ જીતેન્દ્રિયતા અને ન્યાય હોવો જોઈએ, ને જેમ જેમ તેઓ નીતિવાન થતા જશે તેમ તેમ ધ્યાન ને સમાધિ સત્વને મેળવશે; તેઓમાં કુદરતી ઊંડી ધાર્મિક વૃત્તિ હોય છે; ને નિરાભિમાની તેમજ ગંભીર, શાંત ભક્તિવાળા હોય છે. તેઓ મહાન જોખમી કાર્યો કરવાની શક્તિવાળા ને વિજયવંત પરિણામ લાવનાર હોય છે. આગ્રહ દરેક કાર્યમાં વારંવાર પ્રતિબંધ કે વિઘ્નો નાંખનાર છે.

## ૩૧. દ્વાદશ રાશિગત લગ્ન શનિ ફળ.

મેષ—ભ્રાંતિજનક, આગ્રહી, ટંટાખોર, ચાલાક ને રજનું ગજ કરનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃષ—અદેખો, મૂર્ખ, સાંકેતિક, અભિમાની, આગ્રહી.
મિથુન—પ્રગામી, ગણિતજ્ઞ, વિદ્વાન, સમજુ, ગુપ્ત શાસ્ત્ર જાણનાર.
કર્ક—પશ્ચાત્તાપી, દ્વેષી, છોકરવાદ, અસંતોષી, દુઃખી.
સિંહ—સહનશીલ, સાવધ, સત્તાવાન, જીતેન્દ્રિય ને ડાહ્યો.
કન્યા—તકરારી, ઉદાસી, ધારણા શકિતવાળો, અભ્યાસી ને અતડો.
તુલા—ગાફલ, અભિપ્રાય લેવા લાયક, વિદ્વાન, પડતીવા સંભવવાળો.
વૃશ્ચિક—લોભી, વિચારવંત, દ્વેષી, અભિમાની, ચિઢીયો.
ધન—શિક્ષણિય; કાળજીવંત, ઉતાવળીયો, ન્યાયી, વિશ્વાસપાત્ર.
મકર—બેદરકાર, વ્હેમી, અસંતોષી, ગંભીર, અનહદ સાવધ.
કુંભ—બારીકીથી જોનાર, પ્રવેશ કરનાર, વિચારવંત ગંભીર.
મીન—બેફિકરી, અચોક્કસ, અનિશ્ચયી, લાગણીવાળો, કમનશીબવંત.

### ૩૨. દ્વાદશ રાશિગત લગ્ન હર્શલ ફળ

મેષ—આકસ્મિક, લોભી, અસ્થિર, શોધક, સર્વગુણ સંપન્ન.
વૃષ—ગંભીર, એક નિર્ણયી, ગુપ્ત શાસ્ત્રજ્ઞાની ને પ્રેમાળ.
મિથુન—અજાયબીવાળો, દરેક ગુપ્ત વાતનો શોખિન ને પ્રતાપી.
કર્ક—વિચિત્ર, બેચેન, અસાધારણ, અધીરો, ને તરંગી.
સિંહ—ઉદાર, છુટાપણાનો શોખિન, સ્વતંત્ર ને ચઢતી ઇચ્છનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કન્યા—કંજુસ, શાંત, નિરૂપયોગી, વિચિત્ર, યોગજ્ઞાની.
તુલા—ઐતિહાસિક, અસ્વસ્થ, વિદ્વાન, સમજુ ને સુધરેલ.
વૃશ્ચિક—હુન્નરી, ગુઢ, વ્હેમી, શોધક ને ચાલાક.
ધન—ઉદ્ધત, તોફાની, અનુની, અનહદ ઉદાર ને સ્વતંત્ર
મકર—ધીરજથી કરનાર, ઐતિહાસિક, સંચય કરનાર, અસ્વસ્થ ને અવ્યવસ્થિત.
કુંભ—વિચિત્ર, લાગણીવંત, શાસ્ત્રી કે તત્વજ્ઞાની, હોંશિઆર.
મીન—નૂતનતાવાળો, તરંગી, પશ્ચાત્તાપી, ધાર્મિક ને શાંત.

## ૩૩. લગ્નગત નેપ્ચ્યુન ફળ.

જન્મલગ્નમાં રહેલો નેપચ્યુન ગ્રહ પોતાની અસર નીચે જન્મેલ મનુષ્યોને અસાધારણ જીંદગીવાળા બનાવે છે; તેઓ યોગજ્ઞાની,ઐતિહાસિક અથવા અધ્યાત્મિક જ્ઞાનવાળા હોય છે. તેઓની જીંદગીમાં વિચિત્ર અનુભવો ને મહત્વના બનાવો બને છે; ઘણા જ થોડા મનુષ્યો નેપચ્યુનના વાતાવરણને અનુકુળ હોય છે; ને તેઓ પવિત્ર જીંદગી ભોગવનાર મહાત્માઓ છે. તેઓએ બીજાની અસર ન થાય તે ખાસ જોવું; ને મિત્રો તથા ઓળખાણ જોઈ વિચારી કરવાં. તેઓને વિચિત્ર ને અર્થસૂચક સ્વપ્નો આવે છે કે જેને સંભાળી રાખવાં.

આ મનુષ્યો પ્રેરણાથી કામ કરનાર ને ભાવી ફળને જાણનાર હોય છે. આ ગ્રહ હેતુભૂત કારણોને અરસપરસ કરનાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩૪. લગ્નગત રાહુ ફલ.

જો લગ્ને રાહુ પડેલ હોય તો તેમાં જન્મેલા મનુષ્યો દુષ્ટ બુદ્ધિ ને દુષ્ટ સ્વભાવવાળા, ઉદ્ધત પોતાના મનુષ્યોને ઠગનાર, માથાની પીડાવાળા વિષયી રોગી ને વાદમાં વિજ્યી હોય છે.

તેઓ બહુ બોલા, રાતી આંખવાળા, દુષ્ટકર્મ કરનાર સાહસિક, અનાડી, દુરાગ્રહી, વિઘ્નસંતોષી તથા બહુ સ્ત્રીઓ ભોગવનાર હોય છે.

## ૩૫. લગ્નગત રાહુ ફલ.

લગ્ને રહેલ કેતુ મનુષ્યોને કાર્યદક્ષ, ભોગથી રોગવાળા, સ્ત્રી વિગેરેની ચિંતાવાળા, મહા શોકગ્રસ્ત ને શરીરે વાયુપીડાવંત હોય છે. તેઓ બાંધવો સાથે કલેશ કરનાર ને દુર્જનથી પીડિત હોય છે.

## ૩૬. લગ્નેશ ચંદ્ર ફળ

ચંદ્ર કર્ક રાશિનો સ્વામિ છે. તેની અસર આકૃતિ, પોષણ ને નિભાવ કરવામાં છે. સંસાર ને ગૃહપ્રેમની પ્રકૃતિ મજબૂત છે, ને તેઓનું ચિત્ત કુટુંબ અને માબાપ પ્રત્યે વળેલું હોય છે. કલ્પના શક્તિ વધારે પોષાયેલ હોવાથી જીંદગી મુખ્ય ભાગ ભજવે છે. તેઓ ઘણી જ લાગણીવાળા ને નિર્બળ મનના હોવાથી નિરંતર તેમના સ્વભાવ ને વિચારો બદલાયા કરે છે. ને તેઓમાં શક્તિ ને ખંતની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખામી હોય છે. તેઓમાં અનુભવ અને કામ કરવાની બુદ્ધિ હોય છે. કેળવણીના પ્રમાણમાં તેઓ જુદા જુદા વિચારોને ગ્રહણ કરી શકે છે. આ મનુષ્યો સંસારી જીંદગી, ધંધો શાસ્ત્ર ને હુન્નરને લાયક છે. તેઓ સાવધ, સમજુ, કંજુ-સાઈના વલણવાલા ને દરેકમાં દીર્ઘ દૃષ્ટિવાળા છે; જો તેઓ લાગણીઓ અને વૃત્તિઓથી દોરવાઈ જતા નથી તો તેઓ અનુભવી ને શક્તિવંત હોય છે.

## ૩૭. લગ્નેશ બુધ ફળ

કન્યા ને મિથુન રાશિનો સ્વામિ બુધ છે. તેની અસર મગજ ને જ્ઞાનતંતુઓ ઉપર હોય છે; ને ઇંદ્રિયો કરતાં મન સાથેનો વધુ સંબંધ, આગ્રહ, સારી માનસિક શક્તિ, સ્મરણ શક્તિ, બુદ્ધિ, અનુકુળતાપણું, બુદ્ધિ ને યુક્તિઓનું ફળદ્રુપપણું આપે છે. તેઓ વકતા, વિવાદ કરનાર, વિચારવંત ને વાતચિતમાં કુશળ હોય છે; પણ તેની સાથે તેઓ ખંદા, ગુપ્તતાથી ભરેલ, અતડા ને કામથી ફારગત રહેવાની ટેવવાળા હોય છે. સમગ્ર પ્રકૃતિ ભાગ્યે જ દુનિયામાં પ્રદર્શિત હોય છે, ને એક બાજુ તો એવી હોય છે કે પોતાના પ્રિય મિત્રો પણ જાણી શકતા નથી. તેઓનું મન ચાલાક હોવા છતાં સ્થિરતામાં ને ખંતમાં ખામીવાળું હોય છે. તેઓ ઘણા વિષયોને એકી વખતે સંભાળી શકે તેવા હોય છે; તેઓ બીજા લોકોના વિષયોને એકી વખતે સંભાળી શકે તેવા હોય છે; તેઓ બીજા લોકોના વિચાર ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વભાવને મળતા થાય છે, ને રૂપાંતરથી સત્યને શોધી કાઢે છે. તેઓ વાંચન, લખાણ ને ભાષણના શોખીન હોય છે.

## ૩૮. લગ્નેશ શુક્ર ફળ

વૃષ ને તુલા રાશિનો સ્વામી શુક્ર છે, આ ગ્રહ પ્રેમ ને સૌંદર્યતાનો અધિષ્ઠાતા હોવાથી સ્નેહ વૃત્તિઓને મજબૂત કરી વ્યવહાર પ્રકૃતિને ચાલાક ને મજબૂત બનાવે છે. તેઓ અંતરની લાગણીવાળા, સોબતને લાયક સગાં ને મિત્રોની કમ્પનીના શોખિન, માયાળુ ને શાન્ત સ્વભાવવાળા, સુધરેલ ને અનુકુળ હોય છે. તેઓ મોજમજાહ, આનંદ, વૈભવ, શાન્તિ ને સુખના ઘણા શોખિન હોય છે; પણ તેઓએ તે બાબતમાં સ્હેજ પ્રતિબંધ કે અંકુશ રાખવો જોઇએ. તેઓ સુંદરતા, આજુબાજુ વાતાવરણ, વસ્ત્રો, ઘરેણાં ને શૃંગારના શોખિન હોય છે; ને સ્વચ્છતા અને અનુક્રમતાની કિમ્મત સમજે છે. તેઓ જો દરકાર કરે છે તો ગાયન સંગીત, હુન્નર ને કવિતાનું જ્ઞાન મેળવી શકે છે. સારૂં ભાગ્ય ને નાણાં સંબંધી જ્ઞાન હોવાથી તેઓ ધંધાને અનુકુળ હોય છે, તેઓનો સ્વભાવ આનંદી આશાવંત; સુશીલ હોય છે. તેને લોકપ્રિયતા તથા બહુ મિત્રતા મેળવે છે. સૌંદર્યતા, પ્રેમ તથા લગ્નનો ગ્રહ શુક્ર છે.

## ૩૯. લગ્નેશ સૂર્ય ફળ.

સિંહ રાશિનો સ્વામિ સૂર્ય છે. તેની અસર શારીરિક ને માનસિક પ્રકૃતિને જીવન બળ અને તેજ આપવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. તેઓ માનવંત, સ્વાશ્રયી ને મજબૂત મનોબળવાળા હોય છે, ને કાર્યનું સારૂં પરિણામ લાવવાની ઇચ્છા ને લોભવાળા હોય છે. તેઓને તાબેદાર સ્થિતિ ભોગવવાને અણગમો હોય છે, ને દરેક કાર્યમાં તેઓ અગ્રેસર થવા ઇચ્છે છે; તેઓ કાર્યો અને મનુષ્યોની વ્યવસ્થા ને યોજના કરવાને શક્તિવંત હોય છે ને જોખમદારી ભરેલાં કાર્યોથી પાછા હઠતા નથી. તેઓ માયાળુ, ઉદાર અને સારાને વખાણનાર ને નઠારાને ધિક્કારનાર હોય છે. તેઓમાં વ્યવહારૂ ને પ્રેમાળ સ્વભાવ હોય છે, ને સ્હેલાઈથી તેના મિત્રો ને સોબતીઓનું આકર્ષણ કરી શકે છે. તેઓ સુખશાંતિ, વૈભવ ને મોજમજાહને ચ્હાનાર હોય છે. તેઓએ હૃદયની અને તૃષ્ણાની નિર્બળતા સાથે દોરવાઇ ન જવું જોઈએ.

## ૪૦. લગ્નેશ મંગળ ફળ

મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામિ મંગળ છે, અગ્નિ, જુસ્સો ને પ્રસારણને માટે આ ગ્રહ છે; તેઓ જલદ, ચાલાક, સ્થિર, લાગણીવાળા, વેગવાન સ્વતંત્રતા ને છુટાપણાને ચ્હાનાર હોય છે; તેઓ પ્રતિબંધ, બંધન ને ઢીલને સહન કરી શકતા નથી. તેઓ ઉદાર, સાદા તથા શારીરિક ને નૈતિક ખુલ્લાપણાને, બહાદુરીને ને હિંમતને વખાણનાર હોય છે. તેઓમાં આત્મબળ, સ્વાશ્રય ને વાણી તથા કાર્યમાં ચાલાકી હોય છે. તેઓએ બહુ સાહસિક ને જક્કી થવામાં સાવધગીરી રાખવી, કારણ કે તેઓમાં પહેલ કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કજીઓ શોધવાનું ને મનની ધારણા પૂર્ણ કરવાનું વલણ હોય છે; કે જેથી તેઓને ઘણી ઉપાધિઓ વેઠવી પડે છે. તેઓ ઘણા અભિમાની, સ્હેજમાં અપમાન માનનાર ને ઉશ્કેરાયેલ સ્થિતિમાં શાંતિ તથા જાતકાળુ મેળવવામાં અસમર્થ હોય છે; તેઓ ચાલાકી અને જોસ્સાથી સ્વલ્પ સમયમાં બહુ કામ કરનાર હોય છે, ને વિનયને સેવવાથી અનુભવી થાય છે.

## ૪૧. લગ્નેશ ગુરૂ ફળ

ધન અને મીન રાશિનો સ્વામિ ગુરૂ છે. તે ગ્રહ આ મનુષ્યોને આશાવંત, ઉદાર ને આનંદી સ્વભાવ બક્ષે છે, કે જેથી તેઓ લોકપ્રીયતા ને ઘણા મિત્રો મેળવી શકે છે. તેઓ લોકોની ચાહના ને પ્રશંસા મેળવે છે; તેઓ પરોપકારી, ઉદાર, માયાળુ, લાયકને મદદ કરનાર તથા યોગ્ય કારણોને સહાય આપનાર હોય છે. તેઓ કાયદા, સત્તા, હુકમ ને રીતરીવાજોના નિયમોને માન આપનાર હોય છે, ને અસભ્યતા, અનાડીપણું, કુસંપ, નઠારી ચાલ ને નઠારા વિચારોને ધિક્કારે છે. તેઓ બાહ્યાકૃતિમાં ને સંકલ્પોમાં પણ સૌન્દર્યને માન આપનાર હોય છે; તેઓ જુસ્સાવાળા, ઝનુની ને વિશ્વાસપાત્ર હોય છે. તેઓ કાયદા ને ધર્મને માન આપનાર હોઈ ધાર્મિક, ક્રિયાવંત, સભ્ય ને શિષ્ટાચારથી સ્હેજ બંધાયેલ હોય છે. તેઓ ધર્મ ને તત્વજ્ઞાન મેળવી શકે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૪૨. લગ્નેશ શનિ ફળ

મકર અને કુંભ રાશિનો સ્વામિ શનિ છે. તે ગંભીર વિચારવંત ને સ્વસ્થ સ્વભાવ આપે છે. આ ગ્રહ વૃદ્ધાવસ્થામાં અસર કરનાર હોવાથી તેનું ફળ યુવાવસ્થા જતા સુધી જણાતું નથી. તેઓ જાત કાબુ રાખનાર, અતડા ને પ્રતિબંધવાળા, કંજુસ, સમજુ ને સાવધ હોય છે; તેઓ મજબૂત મનોબળવાળા, ધીરજવાન, ખંતીલા, લોભી, શાંતતાવાળા, હુમલાને અટકાવી શકનાર હોય છે. તેઓ કવચિત્ ઉદારતા અને આનંદની ખામીવાળા હોઇ ઉદાસીન હોય છે. તેઓ વ્યવહારમાં કઠણ ને હાસ્યવિનોદ તથા મશ્કરીની કિંમત જાણનાર હોય છે; ને પ્રસંગે કરી બતાવે છે. તેઓ અનુભવી હોઇ ચાલાકીથી ને કંજુસાઈથી માણસો ને કાર્યોની વ્યવસ્થા કરી શકે છે. તેઓ દીર્ઘ દષ્ટિવાળી યુક્તિઓ અને યોજનાઓને ઘડનાર ને તેને અમલમાં મુકવાને દીર્ઘ સમય ગાળનાર હોય છે. આગ્રહ જાતિ કાબુ, ડહાપણ, ધૈર્યતા, જીતેન્દ્રિયતા, કંજુસાઇ, મન શક્તિ ને સત્યાસત્યની નિર્ણયતાના પાઠને શિખવે છે; ને દરેક કાર્યમાં ઢીલ ને પ્રતિબંધ નાંખે છે.

## ૪૩. સ્થાનગત લગ્નેશ ફળ

### લગ્નગત લગ્નેશ ફળ *

* लग्नाधिपतिर्लग्ने । नीरोगं दीर्घजीवितं कुरुते ॥
अतिबलमदनपतिंवा । भूलाभसमन्वित् लाभम् ॥ १ ॥

જો લગ્નેશ લગ્નમાં હોય છે તો તે મનુષ્ય નિરોગી, દીર્ઘ જીવી, બલવાન ને જમીનના લાભવાળો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ લગ્નમાં હોય તો ભાગ્યશાળી વર્તન અને બનાવોવાળી જીંદગી હોય છે. લગ્નેશની પ્રબળ સતા અહીં ગણેલ છે; ને તેમાં વિઘ્નોને અડચણો હોવાનો સંભવ હોતો નથી, બીજાઓ કરતાં આ મનુષ્યો મજબૂત વલણના ને અસાધારણ ગુણવાળા હોય છે. જાતથી અને સંબંધી મનુષ્યોના કૃત્યોથી ઉત્પન્ન થએલ જીંદગીમાં રૂલરની અસર સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. જો તમે લગ્નેશના સ્વભાવને બરોબર સમજો તો પછી તે થકી ઉત્પન્ન થતી અસરને અનુકુળ થવામાં તૈયાર થએલા હો છો; તેની ઉપલક અસર યુવાવસ્થામાં ને સંપૂર્ણ અસર વૃદ્ધાવસ્થામાં થતી હોવાથી આખો સ્વભાવ એકદમ સમજી શકાય તેમ હોતું નથી.

## ૪૪. દ્વિતીય સ્થાનગત લગ્નેશ ફળ:+

બીજા સ્થાનમાં પડેલ લગ્નેશ ધનની બાબતો અને ધન તથા માલકીને લગતા દરેક પ્રશ્નોને વિશિષ્ટપણે આગળ લાવે છે. તેઓને પૈસાની બાબતમાં ચિંતાઓ હોય છે; ને સ્વેચ્છાથી અથવા સ્થિતિને લીધે આવી પડેલ ફરજથી તેઓ ધનની બાબતમાં બહુજ સ્વાર્થી હોય છે. ઘણું કરીને આ યોગ સ્હેજ ભાગ્યશાળી છે; ને આ મનુષ્યો લગ્નેશ અને લગ્નેશની રાશિના પ્રમાણવાળા મનુષ્યો અને ધંધાદ્વારા ધન

+ लग्नपतिर्धनभुवने, धनवंतं विपुलजीवितं कुरुते
अतिबलमदनप्रतापिं । भूलाभं वा सुधर्मतांते तनु ॥ १ ॥
લગ્નેશ ધનમાં પડેલ હોય છે, તો તે મનુષ્ય ધનાઢય, દીર્ઘજીવી, બળવાન ને ઘર જમીનનો લાભ મેળવનાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેળવનાર હોય છે; લગ્નેશના ઉપરની શુભાશુભ દ્રષ્ટિના પ્રમાણમાં ધનમાં ચઢતી ને પડતી થાય છે. આ યોગ મનોબળ તૃષ્ણા ને લાગણીઓને મજબૂત બનાવે છે.

## ૪૫. ત્રતીયસ્થાન ગત લગ્નેશ ફળઃ ×

લગ્નેશ ત્રીજા સ્થાનમાં પડેલ હોય તો તેઓની બુદ્ધિ ને વિચારો ઘણાજ ચાલાક હોય છે; અને તેઓના ધંધા, રસુજે ને ધુનો બીજી કોઇપણ રીતે ન હોતાં મનને લગતી હોય છે; તેઓને પુસ્તકો, લખાણો, કાગળો, દસ્તાવેજો ઘણા ઉપયોગી નિવડે છે; તેઓમાં કવચિત્ બહુ વાંચન, બહુ લખાણ ને બહુ અભ્યાસ હોય છે. આ મનુષ્યો ઘણી ને મુખત્વે નાની મુસાફરીઓ કરે છે. તેઓ વારંવાર વધુ પત્ર વ્યવહાર કરનાર અને વારંવાર વિચારોના ફેરફારો કરનાર હોય છે. તેઓ કુટુંબી બંધનથી બંધાયેલ હોય છે, અને ભાઇઓ કે બ્હેનો અરસ્પરસ મળતા ગ્રહના પ્રમાણમાં પ્રતિકુલ અથવા અનુકુલ હોય છે.

## ૪૬. ચતુર્થ સ્થાનગત લગ્નેશ ફળઃ+

લગ્નેશ ચોથા સ્થાનમાં પડેલ હોય તો તે મનુષ્યો

× सहजगतो लग्नपतिः । सद्बधुप्रवरमित्रपरिकलितं ॥
धर्मरतं दातारं । शूरं सबलं करोति नरं ॥ १ ॥
લગ્નેશ ત્રીજે પડેલ હોય તો મનુષ્ય સારા ભાંડુ ને મિત્રવાળો, તથા ધર્મિષ્ટ, દાતાર, શૂરવીર ને બળવાન થાય છે.

+ लग्नेशे तुर्यगते । नृपप्रियंप्रचुर जीवितं कुरुते ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસારી ને ઘર સંબંધી બંધનથી પ્રથમાવસ્થામાં બંધાયેલ હોય છે. તેઓ માતાપિતા સાથે ગાઢ સંબંધવાળા હોય છે, તેમાં સુખત્વે માતા તેની જીંદગી ઉપર ઘણી જ અસર કરે છે, જો તેમ નથી થતું તો પછી આગળ પાછળની સ્થિતિ તેઓને ગભરાવી મૂકે છે, ને તે મધ્યાવસ્થા પસાર થતા સુધી છુટા પડવા દેતી નથી. આ યોગ જમીન અને જમીનને લગતા ધંધા માટે સારો છે. વૃદ્ધાવસ્થા થતા સુધી આ યોગની અસર પ્રબળ હોતી નથી. તેઓ છેવટની જીંદગીમાં યોગજ્ઞાનને મેળવે છે, અને અસાધારણ અનુભવોને ભોગવે છે.

## ૪૭. પંચમ સ્થાનગત લગ્નેશ ફળ +

લગ્નેશ પાંચમે પડેલ હોય છે તો તે મનુષ્યો આનંદી, સુશીલ ને માયાળુ હોય છે. બીજા કોઈપણ કારણવિના મોજ મજાહની ખાતર તેઓના ધંધા ને રમતગમતો હોય છે, કે જેમાંથી તેઓ બહુજ જીંદગીનાં વૈભવસુખોનો ખરો

---

स्निग्धपितरं पित्रो भंक्तमबहुभोजनं कुरुते ॥ १ ॥
લગ્નેશ ચોથે હોય તો તે મનુષ્ય રાજ્યપ્રિય, દીર્ઘજીવી, માતૃ પિતૃ સ્નેહ ને ભક્તિવાળો તથા મિતાહારી હોય છે.

+ पंचमगे लग्नपतौ । सुतसत्यांगमीश्वरं विदितं ॥
बहुजीवितं सुगीतं । सुकर्मनिरतं सुतं कुरुते ॥ १ ॥
લગ્નેશ પાંચમે હોય છે તો તે મનુષ્ય પ્રખ્યાત જીવનવાળા, દીર્ઘજીવી, સંતાન ને સત્યતાવાળા ને સદ્કર્મકર્તા પુત્રોવાળો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનંદ મેળવે છે. કવચિત્ આ મનુષ્યો સંગીત, હુન્નરને રંગભૂમિને લગતા ધંધા કરે છે, કે જેથી બીજાઓને આનંદ મળે છે. તેઓએ આનંદમાં ને ઇંદ્રિયસ્વાદમાં બહુ હદપાર જવામાં સાવધગીરી રાખવી. તેઓ છોકરામાં સ્વાર્થવાળા ને છોકરાંના શોખિન હોય છે. આ મનુષ્ય સંસારીદશામાં સટ્ટાથી, રમતગમતથી, લોટરી કે શરતોથી લાભ મેળવે છે; ને નઠારી દશામાં તે જ કારણોથી ખુએ પણ છે.

## ૪૮. ષષ્ઠે સ્થાનગત લગ્નેશ ફળ +

લગનેશ જો છઠે પડેલ હોય છે તો તે મનુષ્યો મોટી અથવા નાની નોકરી કરવાથી સુખી થાય છે. તેઓના હાથ નીચે બીજા કામ કરનાર મનુષ્ય હોય છે, કે જેમને મેનેજ કરવામાં તેઓ શક્તિવંત હોય છે. આ યોગ હુકમી પુરૂષો કરતાં નોકરી કરનાર માટે ઘણો સારો છે, જો તેઓ પોતાના કામમાં બીજાને મેનેજર કે ભાગીદાર બનાવે છે, અને એકલા કામ કરવા કરતાં બીજાના હાથ નીચે રહીને કામ કરે છે, તો બહુ વિજયી નિવડે છે; ને આ હકીકત ધંધા અને વ્યાપાર બન્નેમાં લાગુ પડે છે. આ યોગ ઘણું

× रिपुभुवने लग्नेशे । नीरोगं भूमिलाभं च ॥
सबलं कृपणं धनिनमरिघ्नं सुकर्मपक्षान्वितं कुरुते ॥ १ ॥
લગ્નેશ છઠ્ઠે પડેલ હોય તો તે મનુષ્ય નિરોગી, જમીનના લાભવાળો, બળવાન, કૃપણ, ધનવાન, શત્રુને જીતનાર, સદ્કર્મ કરનાર ને પક્ષવાળો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

કરીને સરકારી નોકરને અથવા મોટી પેઢીઓમાં કામ કરનારને અથવા પરતંત્ર મનુષ્યોને હોય છે. તેઓને એવી તો માંદગી પ્રાપ્ત થાય છે કે જેથી તેઓ પોતાના ધંધામાં ઢીલ ને કમનશીબને વેઠે છે.

## ૪૯.. સપ્તમ સ્થાનગત લગ્નેશ ફળ+

લગ્નેશ સાતમે પડેલ હોય તો તે મનુષ્યો ન્યૂનાધિક પ્રમાણમાં પબ્લીકમાં આવે છે. તેઓને ઘણા મિત્રો ને ઓળખાણો થાય છે; અને જો તેઓ પબ્લીકમાં આવી શકાય તેવા ધંધાઓ કરે છે તો જરૂર ભાગ્યશાળી થાય છે. આ યોગને લીધે તેઓ પ્રતિજાતિ (સ્ત્રીઓ હોય તો પુરૂષો ને પુરૂષો હોય તો સ્ત્રીઓ) નું આકર્ષણ કરી તેઓની પ્રીતી મેળવે છે. તેઓ લગ્ન કરાવાના વલણવાળા ને ભાગ્યેજ કુંવારા રહેનાર હોય છે. તેઓ ધંધામાં કે બીજા હરકોઇ કાર્યોમાં એકલા કામ કરવા કરતાં ભાગીદારીથી કે કમ્પનીમાં કામ કરવાથી સુખી થાય છે; તેઓ સ્હેલાઇથી હરકોઇ મનુષ્યને આકર્ષી તેની સાથે અનુકુલતાથી વર્તનાર હોય છે; પણ તેઓને નબળી દશામાં શત્રુઓ થાય છેઃ ને વિરોધ, હરીફાઇ, અદેખાઈ ને કલેશ સહન કરવો પડે છે.

+ प्रथमपतौसप्तमगे । तेजस्वीशीतवान्भ वेत्पुरुषः ॥
तद्भार्या पिसुशीला । तेजः कलिता सुरुपा च ॥ १ ॥

લગ્નેશ સાતમે પડેલ હોય છે તો તે મનુષ્ય તેજસ્વી ને શાંત હોય છે અને તેની સ્ત્રી સુશીલ, તેજસ્વી ને સુરૂપ હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૫૦. અષ્ટમ સ્થાનગત લગ્નેશ ફળ+

લગ્નેશ જો આઠમે પડેલ હોય છે તો તે મનુષ્યોની બાલ્યાવસ્થામાં અને મુખ્યત્વે નઠારી દશામાં તબીયત ઘણી બગડે છે; જો આ સમય ફતેહમંદ ઉતરી જાય છે તો તે જુસ્સાને, શરીરના બળને, ચાલાકીને, અને ઝનુનને વધારે છે. તેઓ ભાગીદારીથી કે બીજી રીતે બીજાઓની સાથે જોડાવાથી; ને જો પરણેલ હોય છે તો લગ્નથી લાભ મેળવે છે; તેઓને વારસાથી ધન મળવાનો ખાસ સંભવ છે. તેઓને વીલ અથવા મરનારની મીલક્ત સાથે બહુજ સંબંધ હોય છે, ને કોઈ સગા કે મિત્રનું મરણ તેઓના ઉપર બહુજ અસર કરે છે, ને ઘણી રીતે તેઓ મરણને લગતાં કાર્યોના સંબંધમાં આવે છે. તેઓ અધ્યાત્મજ્ઞાની ને ગુપ્ત શાસ્ત્રના શોખિન હોય છે; અને ધર્મ કે મરી ગયેલના સંબંધમાં તેઓને અસાધારણ અનુભવો મળે છે. સર્જન કે રસાયણશાસ્ત્રી કે મુડદાં ઊંચકનારને માટે આ યોગ સારો છે.

---

+ लग्नपतावष्टमगे । कृपनो धनसंचकरस्तुदीर्घायुः ।।
क्रूरेखेचरेकाणः । सौम्यैः पुरुषो मवेत्सौ म्यः ।। १ ।।

લગ્નેશ આઠમે પડેલ હોય છે, તો મનુષ્ય કૃપણ, ધનાઢય ને દીર્ઘાયુષી થાય છે. પાપગ્રહ હોય છે તો કાણો ને શુભ ગ્રહો હોય છે તો સુશીલ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૫૧. નવમ સ્થાનગત લગ્નેશ ફળ+

લગ્નેશ નવમે પડેલ હોય છે તો તે મનુષ્યો જીંદગીના કોઇપણ સમયે ધર્મના વલણવાળા થાય છે, ને ધર્મ કે મંદિરના સંબંધવાળા મનુષ્યોના સહવાસમાં આવે છે. તેઓ તત્વજ્ઞાની અથવા કોઇ ગંભીર વિષયના શોખિન હોય છે. તેઓ જાતના અગર બીજાના સબંધના કારણે ગ્રંથકર્તાપણાના કાર્યોમાં ગુંથાયેલ હોય છે. તેઓ ઘણી મુસાફરીઓ કરે છે, ને દરીયા કે વ્હાણને લાગતાં કામકાજોના સંબંધવાળા હોય છે. તેઓ શોધની ખાતર દરિયાઈ સફરો પણ કરે છે. આ યોગ મનને કેળવે છે તથા વિદ્યા ને ડહાપણને આપે છે.

## ૫૨. દશમ સ્થાનગત લગ્નેશફળ+

લગ્નેશ દશમે પડેલ હોય છે તો તે મનુષ્યો લોભી,

+ मूर्तिपतिर्यदिनवमे । तदा भवति प्रचुरबांधवः सुकृती ॥
समभित्रस्तु सुशीलः ॥ सुकृतीरव्यातः सुतेजस्वी ॥ १ ॥

લગ્નેશ નવમે પડલ હોય છે તો તે મનુષ્યને ઘણા બાંધવો હોય છે. તે સુકર્મ કરનાર, સમાન મિત્રોવાળા, સુશીલ, વિખ્યાત ને તેજસ્વી હોય છે.

× प्रथमेशो दशमस्थो । नृपलाभो पंडितः सुशीलश्च ॥
गुरुमात्रपूजनमति । नृपप्रसिद्धो भवति ॥ १ ॥

લગ્નેશ દશમે પડેલ હોય છે તો તે મનુષ્ય રાજાથી લાભ મેળવનાર, પંડિત, સુશીલ, મોટાને પૂજનાર ને રાજા જેવો પ્રસિદ્ધ હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચઢતીની આકાંક્ષાવાલા, સાહસિક, ને સત્તા ભોગવવાને તથા પ્રસંશા મેળવવાને આતુર હોય છે, ને તેમ કરવાથી તેઓ વિજયી નિવડે છે. તેઓ પ્રયત્નના પ્રમાણમાં જીંદગીમાં ચઢતી કરી માન, આબરૂ, પ્રતિષ્ઠા ને કીર્તિ મેળવે છે. તેઓ પોતાનાથી ઘરડા અને મનુષ્યોની ધંધામાં, વ્યાપારમાં કે વ્યવહારમાં જે મોટી સ્થિતિવાળા હોય છે, તેવા મનુષ્યોની કૃપા મેળવે છે; અને તેઓના સબંધદ્વારા ધન ને આનંદ મેળવે છે; વિજય અને પ્રાપ્તવ્ય માટે ઘણા પ્રસંગો તેઓને પ્રાપ્ત થાય છે, અને જો તેઓ દીર્ઘજીવી હોય છે તો જીંદગીમાં ઘણું કરી શકે છે. કવચિત્ આ યોગ પિતાની સાથે ગાઢ સબંધ અને આકૃતિ, સ્વભાવ કે ધંધાનું મળતાપણું બતાવે છે.

## ૫૩. એકાદશમ સ્થાનગત લગ્નેશફળ+

લગ્નેશ જો અગીઆરમે પડેલ હોય છે તો તે મનુષ્યોને ઘણા મિત્રોનું ઓળખાણ હોય છે, તથા પોતાના મંડળમાં પ્રિયતા મેળવે છે; તેઓ રૂલરની રાશિને યોગ્ય પુરૂષોની મિત્રતા મેળવે છે. મિત્રો ઘણા જ અનુકુળ ને જ્યારે જોઇએ ત્યારે મદદ કરવાને તૈયાર હોય છે; ને તે તેઓદ્વારા આનંદ અને લાભ મેળવે છે. પણ તેઓએ મિત્રો કરવામાં

+ एकादशस्थतनुपः । सुजोवितंसमन्वितं विदितं ॥
तेजःकलितं कुरुते । पुरुषंलग्नं स्यादिति कदापि ॥ १ ॥
લગ્નેશ લાભમાં પડેલ હોય છે તો તે મનુષ્યનું જીવિત સુખી હોય છે. તે તેજસ્વી ને સ્રીવાળો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાવધગીરી રાખવી જરૂરનું છે, કારણ કે નબળી દશામાં મિત્રોદ્વારા હાનિ થાય છે. મિત્રો એક અથવા બીજી રીતે તેઓના ઉપર અસર કરે છે. તેઓ સ્હેજ લોભી ને વિજય તથા માનની આકાંક્ષાવાળા ને તૃષ્ણાઓની તૃપ્તિ પામનાર હોય છે.

## ૫૪. દ્વાદશમ સ્થાનગત લગ્નેશફળ ×

લગ્નેશ બારમે પડેલ હોય છે તો તે યોગ સંપૂર્ણ રીતે સારો નથી, કારણ કે નબળી દશામાં ઠગાઈ, શત્રુતા, પ્રપંચ ને અદેખાઈથી તેઓને ભોગવવું પડે છે; જે કમનશીબો ને દુઃખો આ યોગથી થાય છે તે આકસ્મિત દુઃખ અને અકલ્પિત હોવાથી ન જાણી શકાય તેવાં અને ભયંકર હોય છે. ઘણી ખરી વખત તે સમજ શક્તિની ખામીથી થયેલ અને જાતનાં ઉત્પન્ન કરેલ હોય છે; ને તેટલાજ કારણથી આધાર, જાતિ વિનાશક ( Self-undoing ) કહેવાય છે; જીંદગીમાં તેઓની આશાઓ નિષ્ફળ નિવડે છે; ને તેઓને મરજીથી અથવા મરજી વિરૂદ્ધ બંધન કે એકાંતવાસ ભોગવવો પડે છે. તેઓને જુઠા અપવાદ, જુઠા મિત્રો ને કેદનો જુઠો ભય હોય છે. આવી દશામાં તેઓને જોઇતી

× द्वादशभे भूर्तिपत्तौ । कटुकवत्कर्मपरोऽशुभो नीचः ॥
मानी सहगोत्रीमीः । विदेशगो मुक्तधनः ॥ १ ॥

લગ્નેશ બારમે પડેલ હોય છે તો તે મનુષ્ય કટુકની માફક કામ કરનાર, અશુભ, નીચ, માની, સહગોત્ર. વિદેશ ભોગવનાર ને ધનને ઉડાવનાર હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મદદ અને આશ્રય મળે છે; અને તેઓ દયાળુ ને દાનેશ્વરી હોવાથી બીજાઓને મદદ કરવામાં ખુશી હોય છે. તેઓ ધાર્મિક ને શુભ શાસ્ત્રના વલણવાળા હોય છે, ને શુભ મંડળીઓમાં અને શુભતા ભરેલાં કાર્યોમાં જોડાય છે-તેઓની જીંદગીમાં અકલ્પિત બનાવો બને છે.

## ૫૫. (૧) દે હાવી સુખદુઃખ યોગ

લગ્નેશ સવ્યકે ઊંચમાં, દેહે સુખ કરનાર ॥
શુભ ગ્રહ દષ્ટિ સંગથી, બળ બુદ્ધિ વરનાર. ॥૧॥
લગ્નેશ કેન્દ્ર ત્રિકોણમાં, નિઃશકલંકી હોય ॥
શુભ ગ્રહ દષ્ટિ સંગથી, સુખ સંપત નિરોગ. ॥૨॥
અષ્ટમેશ અષ્ટમ સ્થાનમાં, એ શરીરકા સુખકાર ॥
લગ્ને શી લગ્ને વસે, એ પણ દુઃખ હરનાર. ॥૩॥
ખટ અષ્ટ દ્વાદશે, જો લગ્નેશી જાય ॥
પાપ ગ્રહો કે સંગસે, દેહ દુઃખ તો પાય. ॥૪॥
બે ત્રણ પાપી લગ્નમાં, લગ્નેશ બળહીન થાય ॥
દેહ દુઃખ દાવાનળ સમુ, મન સુખ ચેન નાહિ પાય. ॥૫॥
બીજે અને બારમે, હોય પાપીનો વાસ ॥
દુર્બલ દેહી તે નરો, જીવ ચિંતા ચિત્તને ખાય. ॥૬॥
બીજે બારે લગ્નમાં, પાપી જો પટકાય ॥
દેહે દુઃખીયો ધન હીનો, જીવન એળે જાય. ॥૭॥
ખટ અષ્ટ દ્વાદશ પતિ, કોઇ લગ્ને કરે નિવાસ ॥

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

પાપ ગ્રહ દષ્ટિ સંગથી, શરીર સુખ વિનાશ. ॥૮॥
નીચ અસ્ત શત્રુ રાશિમાં, લગ્નેશી જો જાય ॥
અથવા લગ્ને નિર્બળ બને, દેહે દુઃખીયો થાય. ॥૯॥

## ૫૬. (૨) દેહ દુર્બલ યોગ

( ચોપાઇ )

મેશ રાશિ શનિ ચંદ્ર વસે, એ નર દેહે દુર્બળ થશે
બારે રવિ કેન્દ્રે ભોમ જાય, એ નર પાતળ દેહી થાય ॥
લગ્નેશ્વર જે રાશિ જશે, તે સ્વામિ જે રાશિ થશે
છ આઠ કે બારે ઘર કરે, એ નર દુર્બળ દેહને ધરે ॥

## ૫૭. સભા જડ યોગ

( ચોપાઈ )

પાપ ગ્રહની સંગે દેખ, ધનપતિને નવમે લેખ
નીચ રાશિ કે અસ્તજ થાય, કેતુ કે સૂર્ય ધનમાં જાય ॥
ધન પર દષ્ટિ પાપી, કરે એ નર તો બુદ્ધિને હરે
સભા જડ એ જાતક થાય, મૂર્ખ નરમાં તેહ ગણાય ॥

## ૫૮. ગુંગણાપણા યોગ

ધનેશ આઠમાં જઇને વસે, ગુરુ તણી તો સંગત થશે
ગુગણું બોલે તેનો સહી, એહી બાત તો મિથ્યા નહિ ॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ૫૯. કપટી યોગ

બુધ મંગળ કોઇ સ્થાને જાય, એ નર પૂરો કપટી થાય
બળવાન બુધ નવમે કરે વાસ, સાથે પાપ તણો સંગાત ॥
એ જાતકને કપટી જાણ, કપટ કાવત્રે આગળ માંન
ત્રીજે મંગળ શુભ કે દુષ્ટ, એ કપટી નર હે બહુ કષ્ટ ॥
ચોથાનો જો ખટમાં જાય, અથવા નવમે શીખટ પાય
કપટ બાજ કાવિત્રી થાય, વિશ્વાસીની ગરદન ખાય ॥
મેશે બુધ કપટી જ કરેત, એમાં સંશય નહિ ધરંત
ચોથે પાપી કરશે વાસ, અથવા દૃષ્ટિ ચોથે ખાસ ॥
એ યોગે નર કપટી જાણ, વિશ્વાસે રહેતાં હોય હાણ
પાપ ગ્રહો કે બીચમે દેખ, ચોથા સ્થાને ગ્રહ કપટી લેખ ॥
દસમો ચોથે જઇને વસે, એ નર ચોક્કસ કપટી થશે
અષ્ટ મેશ ચોથે જો જાય, એ નર નિશ્ચે કપટી થાય ॥
રાહુ શનિ મંગળ એક રાશ, હૃદય કપટી નહિ કરો વિશ્વાસ
રાહુ શનિ યા મંગળ દેખ, ચોથે થાતાં કપટી લેખ ॥

## ૬૦. લજ્જાહીન યોગ

(ચોપાઇ)

ચંદ્ર બુધ ભૌમ દૃષ્ટિ પાય, લજ્જાહીન તે જાતક થાય
ખટ અષ્ટ કે બારે દેખ, ક્ષીણ ચંદ્ર મંગળ સંગ લેખ ॥
બેશરમો ઓર લજ્જાહીન, એ નરની નવ કરીયે પ્રીત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ યોગે કોઇ જન્મે નાર, એ લજ્જાહીની કરે પુકાર ॥
બુધ શુક્ર લગ્ને જો જાય, સન્મુખ દષ્ટિયે મંગળ થાય
બીનશરમી એ જાતક જાણ, તલક વચન મિથ્યા નહિ માન ॥
ગુરૂલગ્ને ભોમ દષ્ટિ પાય, તે નર લજ્જાહીનો થાય
એણીપેરે લજ્જાહીની યોગ, જ્યોતિષશાસ્ત્રે કહ્યા સંજોગ ॥

## ૬૧. વ્યસની યોગ

### દુહા

લગ્ને મકર ગુરૂ વસે, અક્રીણીયો તે થાય
દ્વાદશ સ્વામી નીચમે, એ નર વ્યસની થાય ॥
લગ્ને શનિ નીચ શશીમે, યાશ ચુરાશી મે દેખ
એ નર તો વ્યસની બને, એમાં નહિ સંદેહ ॥
બારે પાપી જઇ વસે, એ નર વ્યસની જાણ
લગ્નેશી નિર્બળ બને, એ નર વ્યસની માન ॥
લગ્નેશ મંગળ સંગમાં, એ નર વ્યસની વિચાર
લગ્ને પાપી દષ્ટિથી, એ નર વ્યસની ધાર ॥

## ૬૨ નેત્ર રોગ યોગ

લગ્નાધિપતિ મંગળો, બુધ ઘર કરે જઇ વાસ ।
અથવા બુધનિ દષ્ટિયે, નેત્ર રોગનિ આસ ॥૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુક્ર હોય લગ્નેશ સંગ, બે બારો સંગે હોય ।
સહુ ખટ અષ્ટ બારે વસે, અંધયોગ તો જોય ॥૨॥
ચંદ્ર સંગે જાય શુક્ર તો, ખટ અષ્ટ કે બાર ।
દિવસે નર દેખતા, રાત્રે હોય અંધકાર ॥૩॥
શુક્ર ચંદ્ર કે સંગમાં, ધનેશ ભેગો થાય ।
સહુ સંપ કરી લગ્ને રહે, રાત્રે નહી દેખાય ॥૪॥
પાપિ ધન ભાવે વસે, શનિ દૃષ્ટિ જો હોય ।
ચક્ષુ રોગી જાણીયે, ભવિષ્ય ભાવ ફળ જોય ॥૫॥

**અર્થ**—લગ્નનો સ્વામી મંગળ હોય, ને તે બુધના ઘરમાં કન્યા, (૬) રાશીમાં કે મિથુન (૩) રાશીમાં કોઇ પણ સ્થાનમાં હોય, અથવા બુધની દ્રષ્ટિમાં હોય તો-આંખનો રોગ થાય છે. ॥૧॥

શુક્ર લગ્નના સ્વામી સાથે હોય ને તેના સાથે બીજા અને બારમાના સ્વામી હોય, ને એ સઘળા-છ, આઠ, અને બારમા સ્થાનમાં રહ્યા હોય તો-અંધપણાનો યોગ થાય છે. ॥૨॥

ચંદ્રના સાથે શુક્ર, છ, આઠ અને બારમા સ્થાનમાં જાય તો તે માણસ દીવસે દેખે છે. અને રાત્રે આંધળો થાય છે. ॥ ૩ ॥

શુક્ર અને ચંદ્રના સાથે-ધનભુવનનો સ્વામી હોય ને એ સઘળા લગ્નમાં હોય તો એ માણસ રાતના દેખે નહિ. ॥ ૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ધન ભાવમાં પાપ ગ્રહો, શનીની દ્રષ્ટિમાં હોય, તો આંખના રોગવાળો થાય છે. ॥ ૫ ॥

મંગળ ચંદ્ર લગ્ને વશે, ગુરૂ શુક્ર દષ્ટિ થાય ।
એ નર તો કાંણા બને, કોઇથી નવ ઠગાય ॥૭॥

**અર્થ**—ચંદ્રને મંગળ, લગ્નમાં ગુરૂ, શુક્રની દૃષ્ટિમાં હોય તો એ માણસ આંખે કાંણો થાય છે. અને કોઇથી ઠગાતો નથી. ॥ ૬ ॥

બારે અથવા ખટમાં, સૂર્ય ચંદ્ર જો જાય ।
ભવિષ્યભાવ એમજ ભણે, નરનારી કાંણાં થાય ॥૮॥

**અર્થ**—બારમા ભાવમાં યા છઠ્ઠા ભાવમાં સૂર્ય ને ચંદ્ર ભેગા હોય તો સ્ત્રી પુરુષ બંને એક એક આંખે કાંણાં હોય છે. ॥ ૭ ॥

## ૬૩. અંધાપા યોગ

સૂર્ય લગ્ને રાહુ દષ્ટિથી, શનિ મંગળ ત્રિકોણે હોય ।
અંધાપા એ યોગ તો, શુભ દષ્ટિ સંગ બીન જોય ॥૧॥
ચંદ્ર હોય પાપી સંગમાં, શુક્ર પણ સંગે થાય ।
બીજે યા બારે ઘર કરે, તેજ આંખનું જાય ॥૨॥
શુક્ર સૂર્ય લગ્નેશ સંગ, જો ખટ યા આઠે થાય ।
અથવા બારે જઇ વસે, અંધા એ નર થાય ॥૩॥

**અર્થ**—સૂર્ય લગ્નમાં હોય અને રાહુની દૃષ્ટિ હોય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શનિ, મંગળ, નવમા પાંચમા ભાવે હોય અને શુભ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો-અંધાપા યોગ થાય છે. ॥ ૧ ॥

ચંદ્ર અને શુક્ર પાપગ્રહના સાથે બીજા કે બારમા સ્થાનમાં રહ્યા હોય તો આંખનું તેજ નાશ થાય છે. ॥ ૨ ॥

શુક્ર સૂર્ય, લગ્નના સ્વામી સાથે છઠ્ઠા, આઠમા કે બારમા સ્થાનમાં રહ્યા હોય તો એ માણસ આંધળો થાય છે. ॥ ૩ ॥

## ૬૪. નાક, કાન ને પગ છેદન યોગ

શુક્ર છઠ્ઠા સ્થાનમાં, લગ્ને મંગળ હોય ।
નાક જાય તે નરતણું, મિથ્યા તે નવ જોય ॥૧॥
શનિ દેખે ચંદ્રને, ચંદ્ર દેખે શનિરાય ।
શુક્ર લગ્ને જઇ વસે, શુભ બીન કાંન છેદાય ॥૨॥
નવ પંચ ત્રણ અગિઆરમાં, પાપ ગ્રહ જો જાય ।
શુભ ગ્રહ દૃષ્ટિ સંગ બિન, નિશ્ચય બહેરો થાય ॥૩॥
દશે શુક્ર બુધ ખટમાં, રાત્રિ જન્મ જો હોય ।
મધ્યમ બહેરો જાણીયે, હોરા રત્ને જોય ॥૪॥
બીજે અથવા બારમે, શુક્ર યા મંગળ થાય ॥
કાને રોગી એ તો થશે, ચંદ્ર સંગે ચક્ષુ જાય ॥૫॥
લગ્ને મંગળ જઇ રહે, પાપી દૃષ્ટિ જોય ।
શુભ ગ્રહ સંગમ બિના, પગ છેદન તો હોય ॥૬॥

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ચંદ્ર મંગળ લગ્ને વસે, યા મંગળ સાતે જાય ।
શંભુ હોરા એમ કહે, અંગ છેદન તો થાય ॥૭॥

**અર્થ**—શુક્ર છઠ્ઠા સ્થાનમાં, ને લગ્નમાં મંગળ હોય, તો એ માણસને નાકનું નુકશાન થાય છે. ॥ ૧ ॥

શનિ, ચંદ્રને જોતો હોય કે ચંદ્ર શનિને જોતો હોય, ને શુક્ર લગ્નમાં હોય, અને શુભ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો-કાનને નુકશાન થાય છે. ॥ ૨ ॥

નવમા, પાંચમા, ત્રીજા ને અગીયારમા ભાવમાં પાપ-ગ્રહ શુભ ગ્રહોની દૃષ્ટિ યા સંગ રહિત હોય તો બહેરો થાય છે. ॥ ૩ ॥

દશમા સ્થાનમાં શુક્ર, છઠ્ઠા સ્થાનમાં બુધ, અને રાતના જન્મ હોય તો હોરા રત્નમાં કહ્યું છે કે તે માણસ કાને થોડો બહેરો થાય છે. ॥ ૪ ॥

બીજા અથવા બારમા સ્થાનમાં-શુક્ર અથવા મંગળ હોય, તો એ માણસ કાનના રોગવાળો થાય છે. અને ચંદ્ર સાથે હોય તો આંધળો થાય છે. ॥ ૫ ॥

લગ્નમાં મંગળ હોય, શુભ ગ્રહો સાથે ન હોય, અને પાપગ્રહોની દૃષ્ટિ હોય તો-પગને નુકશાન થાય છે. ॥ ૬ ॥

ચંદ્રને મંગળ લગ્નમાં હોય, અથવા મંગળ સાતમા ભાવમાં હોય તો શંભુ હોરામાં કહ્યું છે કે અંગ છેદન થાય છે. ॥ ૭ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૬૫. બેડોળ દંત યોગ

મેષ વરખ વૃશ્ચિક લગ્ને જો, દષ્ટિ પાપીની હોય ।
લગ્ને શુભ ગ્રહ દષ્ટિ બિન, બેડોળ દંત તો જોય ॥૧॥
સાતે પાપી ઘર કરે, યા પાપી દ્રષ્ટિ હોય ।
માંનસાગરી એમ કહે, દંત રોગી તો જોય ॥૨॥

**અર્થ**—જન્મ કુંડળીમાં લગ્ને એટલે પહેલા ભાવે મેષ, વરખ યા વૃશ્ચિક રાશિ હોય ને તેને પાપગ્રહ દેખતા હોય તો તે માણસના દાંત બેડોળ થાય છે. તેમ દાંતે રોગ થઈ પડવા માંડે છે. ॥ ૧ ॥

સાતમા ભાવે પાપી ગ્રહ હોય, અથવા પાપી ગ્રહની દષ્ટિ હોય તો માંનસાગરી કહે છે કે તે માણસ દાંતનો રોગી થાય છે. ॥ ૨ ॥

## ૬૬. ચિન્હ યોગ

મંગળ અથવા ચંદ્ર તો, લગ્ને વાસ કરંત ।
બાર વર્ષ એ બાળને, માથે ચિન્હ કરંત ॥૧॥
રાહુ ત્રણ નવ ખટમાં, મંગળ બુધ લગ્ને વસંત ।
લિંગ અને ગુદા ઉપરે, તલ યા મચ્છ કરંત ॥૨॥
રાહુ શનિ હોય દસમાં, આઠે સૂર્ય જાણ ।
નવમે શુક્ર જઇ વસે, ડુંટીમાં ચિન્હ માન ॥૩॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ ખટ અગીયારમાં, બુધ જો વાસ કરંત ।
ત્રણે શુક્ર બારે ગુરૂ, છાતિ ચિન્હ ધરંત ॥૪॥

**અર્થ**—સ્પષ્ટ સમજાય છે તેથી લખ્યા નથી.

## ૬૭. વામનરૂપી યોગ

બુધ ત્રણ કે ચારમાં, લગ્ને શનિ જો હોય ।
વામનરૂપી નર થશે, દેહ ઠીંગણી જોય ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં ૩ જા કે ચોથા ભાવમાં બુધ હોય ને લગ્ને એટલે પહેલા ભાવે શનિ હોય તો તે માણસ ઠીંગણો વામનરૂપી થાય છે. ॥ ૧ ॥

## ૬૮. દંત જન્મ ફ્લ યોગ

સદન્તજાતઃ કુલનાશકારી દ્વિતિયમાસાદિચતુષ્ટયાન્તે ।
દન્તોદ્ભવોમૃત્યુકરઃપિતુઃસ્યાત્ષષ્ઠેશિશોસ્તત્પરતઃશુભસ્યાત્ ॥

**અર્થ**—દાંત સાથે જન્મેલો બાળક કુળનો નાશ કરે છે. બીજા, ત્રીજા ને ચોથા માસમાં દાંત આવે તો બાપનો નાશ કરે ને છઠ્ઠા માસમાં દાંત આવે તો બાળકનો નાશ થાય છે. અને ત્યારપછી આવે તો શુભ ફળ આપે છે. ॥૧॥

## ૬૯. રોગી યોગ

બીજે મંગળ જઇ વસે, સૂર્યની દૃષ્ટિ પાય ।
શુભ ગ્રહ દૃષ્ટિ સંગ બીન, રૂધીર વિકારી થાય ॥૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજા સંગે ત્રીજે વસે, રાહુ સોબત થાય ।
ગળામાંહી દરદ જ ઘણું, દુઃખ જોયું નવ જાય ॥૨॥

**અર્થ**—બીજા સ્થાનમાં મંગળ હોય, સૂર્ય તેને જોતો હોય ને શુભ ગ્રહોની દૃષ્ટિ કે સંગે ન હોય તો–લોહી બગાડવાળો થાય છે. ॥ ૧ ॥

બીજા ઘરના સ્વામી સાથે ત્રીજાનો સ્વામી–રાહુ સાથે હોય તો ગળાનું દરદ થાય છે. ॥ ૨ ॥

પાપ ગ્રહો કે બીચમે, ચંદ્ર વાસ કરંત ।
સાતે સૂર્ય શનિ યોગથી, શ્વાસનો રોગ કહંત ॥૩॥
લગ્ને યા તો અષ્ટમે, બળી પાપી કરે વાસ ।
શુભગ્રહ સંગમ દ્રષ્ટિ બીન, અંડ રોગનિ આશ. ॥૪॥

**અર્થ**—પાપ ગ્રહોના વચમાં ચંદ્રમા હોય, અને સાતમે સૂર્ય અથવા શનિ હોય તો શ્વાસનો રોગ થાય છે. ॥ ૩ ॥

લગ્ન અથવા આઠમા સ્થાનમાં બળવાન પાપ ગ્રહ હોય, અને અશુભ ગ્રહની દૃષ્ટિ કે સંગ ન હોય તો અંડ રોગ થાય છે. ॥ ૪ ॥

લગ્નેશ વસે જો અષ્ટમે, અષ્ટમેશ જાય લગ્નેશ ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગ બીન, રોગી એ નર કહેશ ॥૫॥
લગ્નેશ જઇ વસે ખટમાં, ચંદ્ર લગ્ને જાય ।
લગ્ને પાપી દૃષ્ટિથી, રોગ યોગ તો થાય ॥૬॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો સ્વામી આઠમા ભાવમાં હોય, અને આઠમા ભાવનો સ્વામી લગ્નમાં શુભ ગ્રહોની દૃષ્ટિ યા સંગ વગરનો પાપ ગ્રહોની દૃષ્ટિ યા સંગમાં હોય તો–રોગવાળો થાય છે. ॥ ૫ ॥

લગ્નનો સ્વામી છઠ્ઠા ભાવમાં હોય, ચંદ્ર લગ્નમાં હોય, અને લગ્ન ઉપર પાપ ગ્રહોની દૃષ્ટિ હોય તો–રોગી થાય છે. ॥ ૬ ॥

બે પાપી વચ્ચે ચંદ્રમા, મકરે સૂર્ય જાય ।
શ્વાસ ગુલ્મ ક્ષય તન ગાંઠ તો, મન પીડા અતિ થાય ॥૭॥
ચંદ્ર સંગ પાપી વસે, યા પાપી દૃષ્ટિ હોય ।
ખરજ ખરજવા ગજકર્ણ તો, ગુરૂ બારેથી પણ જોય ॥૮॥

બે પાપગ્રહોના વચમાં ચંદ્રમા હોય, ને મકર રાશિમાં સૂર્ય હોય, તો શ્વાસ, ગુલ્મ, ક્ષય અને ગાંઠના રોગવાળો થવાથી ઘણો દુઃખી થાય છે. ॥ ૭ ॥

ચંદ્ર સાથે પાપગ્રહ હોય, અથવા પાપ ગ્રહોની દૃષ્ટિ હોય, અને બારમે ગુરૂ હોય તો ખરજ, ખરજવું અને ગજકર્ણ કહેતાં ધાધરનો દરદી થાય છે. ॥ ૮ ॥

શત્રુ સ્થાને મંગળ શનિ, શુભ દ્રષ્ટિ સંગ બીન હોય ।
હર્સ રોગી એ જાણીયે, મરતાં સુધી જોય ॥૯॥

**અર્થ**–જન્મકુંડળીમાં મંગળ અને શનિ શત્રુ ગ્રહની રાશિમાં હોય ને શુભ ગ્રહોની દૃષ્ટિ યા સંગ ન હોય

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

તો તેને હર્સ(મચ્છા)નું દરદ થાય છે તે મરતાં સુધી મટતું નથી. ॥ ૯ ॥

સૂર્ય ચંદ્ર શનિ લગ્નમાં, જો ભેગા વાસ કરંત ।
મસ્તક પીડા વાયુ તો, હોરા રત્ને કહંત ॥૧૦॥

**અર્થ**—સૂર્ય, ચંદ્ર, અને શનિ લગ્નમાં જો સાથે હોય તો હોરા રત્નમાં કહ્યું છે કે માથાનો દુખાવો અને વાયુનો રોગી થાય છે. ॥ ૧૦ ॥

રાહુ શનિ સંગે મળી, ધન ભાવમાં જાય ।
સંગ્રહણી રોગ જ કરે, મરતાં સુધી નહિ જાય ॥૧૧॥

**અર્થ**—રાહુ, શનિ સાથે બીજા ભાવમાં હોય તો -સંગ્રહણીનો રોગ લાગુ પડે છે. અને તે મરતાં સુધી મટતો નથી. ॥૧૧॥

રાહુ શનિ ને ચંદ્રમા, જો કરે બીજે વાસ ।
સનેપાત શરદી થશે, દેહ સુખ નવ આશ ॥૧૨॥

**અર્થ**- રાહુ શનિ ને ચંદ્રમા જો બીજા સ્થાનમાં હોય તો શરદી અને સન્નેપાતનું દરદ થાય છે. ॥ ૧૨ ॥

શુક્ર અથવા મંગળો, વસે સાત કે બાર ।
પાપ ગ્રહ દ્રષ્ટિ થકી, વાયુ રોગી ધાર ॥૧૩॥

**અર્થ**-શુક્ર, અથવા મંગળ સાતમા કે બારમા ઘરમાં પાપગ્રહની દૃષ્ટિમાં હોય તો વાયુનો રોગી થાય છે. ॥ ૧૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કન્યા રાશિ ચંદ્રમા, પાપની મધ્યે હોય ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગ બીન, લોહી બીગાડો હોય ॥૧૪॥

**અર્થ**–કન્યા રાશિનો ચંદ્રમા પાપગ્રહોની વચમાં હોય, અને શુભ ગ્રહોનો સંગ યા દૃષ્ટિ ન હોય તો– લોહીનો બિગાડો થાય છે. ॥ ૧૪ ॥

સૂર્ય રાહુ મંગળ શનિ, જો લગ્નમાં જાય ।
રાધરવિકારી નર થશે, શુભ દ્રષ્ટિ સંગ સુખ થાય ॥૧૫॥

**અર્થ**–સૂર્ય, રાહુ, મંગળ અને શનિ લગ્નમાં હોય તો, રુધિર વિકારી (લોહીનો બિગાડો) થાય છે. અને શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો સુખ થાય છે. ॥ ૧૫ ॥

ધનેશ ગુરુ કે સંગમાં, જો કબુ આઠે જાય ।
એ નર તો મુંગા બને, વાચા કબુ નવ પાય ॥૧૬॥

**અર્થ**—જન્મકુંડળીના ધન (૨) ભાવનો સ્વામી ગુરુની સાથે આઠમા ભાવે બેઠેલો હોય તો તે માણસ મુંગો અર્થાત વાચા વગરનો થાય છે. ॥ ૧૫ ॥

## ૭૦. હાડ ભંજન યોગ

ખટ અષ્ટ કે બારમાં, ધનપતિ લગ્નેશ સંગ ।
હાડ ભંગ એ યોગસે, તૂટે હાડકું અંગ ॥

## ૭૧. હાથ છેદન યોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શશી સાત કે આઠમાં, મંગળ ગુરૂ સંગ જાય ।
હાથ જાય એ નર તણા, બચાવ એ નહિ થાય ॥૧॥
સૂર્ય આઠ કે બારમાં, નવમે શનિ જો જાય ।
ત્રીજે ગુરુના યોગથી, હાથ તેના તો કપાય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીમાં સાતમા કે આઠમા ભાવે ચંદ્ર હોય ને મંગળ ગુરૂના ભેગો કોઇપણ ભાવે હોય, તો તે માણસના હાથ કપાઈ જાય છે. ॥ ૧ ॥

સૂર્ય આઠમા ભાવે અથવા બારમા ભાવે હોય, નવમા ભાવે શનિ હોય, ને ત્રીજા ભાવે ગુરુ હોય તો તેના હાથ કપાય છે. ॥ ૨ ॥

## ૭૨. અંગ ખોડ યોગ

આઠે શનિ ધર કરે, લગ્ને ચંદ્ર વસંત ।
ખોડીલો એ નર થશે, પેટે આગ્ર મંદ ॥૧॥
સૂર્ય થકી બીજે શનિ, ચંદ્ર દશમે જાય ।
સાત ભાવમાં મંગળે, અંગ ખોડ તો થાય ॥૨॥

**અર્થ**–જન્મકુંડળીમાં આઠમા ભાવમાં શનિ ને લગ્નમાં ચંદ્ર હોય, તો તેના શરીરમાં ખોડ આવે છે. તેમ પેટમાં અગ્નિની મંદતાઇ થતી હોવાથી ખોરાક પચી શકતો નથી. ॥ ૧ ॥

સૂર્ય જે ભાવમાં બેઠેલો હોય તે ભાવથી બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવમાં શનિ હોય, દશમે ચંદ્ર ને સાતમે મંગળ હોય તો શરીરના કોઈપણ ભાગમાં ખોડ આવે છે. ॥ ૨ ॥

## ૭૩. અપંગ યોગ

મીન લગ્ને ચંદ્ર વસે, પાપી મેષ સિંહ ધન જાય ।
જ્યોતિષી નર એમ કહે, લુલો નર એ થાય ॥૧॥
વરખ રાશિ ભાનુ શશિ, શનિ મંગળ દ્રષ્ટિ જોય ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગ બીન, પગે લંગડો હોય ॥૨॥
શુક્ર ભેગો શનિ વસે, યા ગુરુ શુક્ર સંગ થાય ।
શુભ ગ્રહ દષ્ટિ સંગ બીન, એ અપંગ યોગ ગણાય ॥૩॥

**અર્થ**—જન્મકુંડળીમાં લગ્ને મીન રાશિમાં ચંદ્ર હોય ને કોઈપણ ભાવે મેષ સિંહ ને ધન રાશિમાં પાપી ગ્રહો બેઠેલા હોય તો જ્યોતિષના જાણકાર પુરુષો કહે છે કે એ યોગવાળો મનુષ્ય પગે લૂલો થાય છે. ॥ ૧ ॥

શનિ અને મંગળની દૃષ્ટિમાં વરખ રાશિમાં સૂર્ય ને ચંદ્ર હોય ને શુભ ગ્રહની દૃષ્ટિ કે સંગ ન હોય તો તે માણસ પણ પગે લૂલો થાય છે. ॥ ૨ ॥

શુક્રના ભેગો શનિ હોય, અથવા ગુરુ ને શુક્ર ભેગા બેઠેલા હોય, ને બીજા શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો તે અપંગ યોગ થતો હોવાથી પગની ખોડવાળો થાય છે. ॥ ૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શુભાશુભ યોગ અધિકાર–૧૫ મો

## ૭૪. રાજયોગ.

ચંદ્ર ત્રિજે યા દસમે, ગુરુ ઊંચમાં હોય ।
પૃથ્વીપતિ રાજા થશે, ભલે નીચ કુળ હોય ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીના ત્રીજા ભાવમાં અથવા દસમા ભાવમાં ચંદ્ર હોય ને ગુરુ ઉંચને થયેલો હોય તો ભલે નીચ એટલે હલકા કુળમાં પણ જન્મેલો ક્ષત્રી ઘણી ભૂમિનો સ્વામિ પૃથ્વીપતિ રાજા થાય છે.

એક ચાર સપ્ત દસમાં, ઊંચ ગુરુ જો થાય ।
દસમે શુક્ર જઇ વસે, પૃથ્વીપતિ એ થાય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્નમાં એટલે પહેલા ભાવે યા ચોથા ભાવે યા સાતમા ભાવે ગુરુ સંપૂર્ણ ઊંચનો થઈ બેઠેલો હોય ને દશમા ભાવે શુક્ર હોય તો એવા પુરુષ ઘણા દેશોનો રાજા થાય છે.

લગ્ને બુધ સાતે ગુરુ, શુક્ર દસમે થાય ।
ચંદ્ર ચારે પૂર્ણ કળા, રાજ્ય સિંહાસન પાય ॥૩॥

**અર્થ**—લગ્ને બુધ સાતમે, ગુરુ દશમે શુક્ર અને પૂર્ણ કળાનો ચંદ્રમા કર્ક રાશિમાં સ્વગૃહી થઈ ચોથા ભાવમાં હોય તો તે પુરુષ રાજ્ય સિંહાસનને ભોગવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ સ્વામી કેન્દ્રિમાં, ઊત્તમ બળી જો થાય ।
ગોવાળો ગામ જ ધણી, રજવાડો રાજા થાય ॥૪॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્નનો સ્વામી કેન્દ્રિ (૧, ૪, ૭, ૧૦) સ્થાન પૈકીના કોઈ સ્થાનમાં સંપૂર્ણ બળવાન એટલે પરમ ઊંચનો યા સ્વગ્રહી થઇને રહ્યો હોય તો તે પુરુષ ભલે ગામનો ગોવાળ અથવા ઢોરાંનો ચારનાર હોય તોપણ ગામધણી થાય છે ને જો રાજકુળમાં જન્મેલો હોય તો ઘણા ગામોનો રાજા થાય છે.

શુક્ર બુધ બીજે વસે, જન્મકાલમાં જાણ ।
ભૂમિભોક્તા ગાંમ જ ધણી, શત્રુ સિંહારણ માન ॥૫॥

**અર્થ**—જન્મકુંડળીમાં બીજા ભાવે શુક્ર ને બુધ હોય તો તે પુરુષ ભૂમિ કહેતાં જમીનનો માલીક ગામધણી શત્રુઓનો સંહાર કરવાવાળો થાય છે.

ધન રાશિમાં ગુરુ શનિ, મેષે સૂર્ય લગ્નેશ ।
તુલા રાશિમાં ચંદ્રથી, રાજ્યસિંહાસન લેશ ॥૬॥

**અર્થ**—જન્મકુંડળીના કોઈપણ ભાવમાં ધન રાશિમાં ગુરુ અને શનિ હોય, લગ્ને મેષ રાશિમાં સૂર્ય હોય ને તુલા રાશિમાં ચંદ્ર હોય તો રાજયોગ થાય છે.

લગ્ને શુક્ર બુધ મંગળો, ગુરુ ચંદ્ર સાતે જાય ।
ચંદ્ર ગુરૂ શનિ દેખતા, રાજ્યસિંહાસનપાય ॥૭॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્નમાં શુક્ર, બુધ ને મંગળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય, સાતમા ભાવે ગુરુ ને ચંદ્ર શનિની દૃષ્ટિમાં હોય તો તે પુરુષ રાજા થાય છે.

ધન અથવા મિન રાશિમાં, લગ્ને શુક્ર જાય ।
ગુરુદૃષ્ટિ બુધ ઊંચથી, ગામ ધણી એ થાય ॥૮॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્નમાં ધન અથવા મીન રાશિમાં શુક્ર હોય ને તેને ગુરુ દેખતો હોય ને બુધ કોઈપણ ભાવમાં કન્યા રાશિયે ઊંચનો હોય તો તે પુરુષ ગામધણી જમીનજાયગાનો માલિક થાય છે.

પંચમે ચંદ્ર ગુરુ વસે, શનિ દષ્ટિ પંચમે હોય ।
શુક્ર મીનમાં ઘર કરે, એ રાજયોગ તો જોય ॥૯॥

**અર્થ**—જન્મકુંડળીના પાંચમા ભાવે ચંદ્ર ને ગુરૂ હોય ને તેના ઉપર શનિની દૃષ્ટિ હોય અને શુક્ર કોઈપણ ભાવમાં મીન રાશિમાં હોય તો તે પુરુષ રાજ્ય પદને પામે છે.

શુકલપક્ષમાં જન્મજ થાય, લગ્નેકર્કમાંચંદ્રજ્જાય ।
સાતે બુધ ખટ સૂર્ય જાંણુ, ચોથે શુક્રદસ ગુરૂ માંન ॥
ત્રિજેભોમશનિનોવાસ, રાજ્યસિંહાસનમસ્તકતાજ ॥૧૦॥

**અર્થ**—શુકલ (સુદિ) પક્ષમાં જન્મ હોય લગ્ને કર્ક રાશિમાં ચંદ્ર હોય, સાતમા ભાવે બુધ, છઠ્ઠે સૂર્ય, ચોથે શુક્ર, દસમા ભાવે ગુરૂ ને ત્રીજે મંગળ ને શનિ હોય તો આ પુરૂષને રાજ્યનું સિંહાસન મળે છે અથાત રાજ્યનો અધિપતિ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્ને શનિ મકરમાં થાય, મિને ચંદ્ર બુધ કન્યા પાય ।
મિથુનમંગળગુરુધનવાસ, રાજ્યસિંહાસનમસ્તકતાજ ॥૧૧॥

**અર્થ**—લગ્નમાં શનિ મકર (૧૦) રાશિમાં હોય ને કોઇપણ ભાવે મિન (૧૨) રાશિમાં ચંદ્ર, કન્યા (૬) રાશિમાં, બુધ, મિથુન (૩) રાશિમાં મંગળ, ને ધન (૯) રાશિમાં ગુરુ, હોય તો રાજ્યના સિંહાસનનો અધિપતિ, મસ્તકે તાજ કહેતાં મુગટને ધારણ કરવાવાળો રાજા થાય છે.

મેસે મંગળ ગુરુ કર્કેજાણુ, કુંભ રાશિયે શુક્રમાન ।
તલકતરંગાચ્છશોભણે, રાજયોગ એને તો ગણે ॥૧૨॥

**અર્થ**—જન્મકુંડળિના કોઈપણ ભાવમાં મેષ (૧) રાશિમાં મંગળ, કર્ક (૪) રાશિમાં ગુરુ, ને કુંભ (૧૧) રાશિમાં શુક્ર, હોય તો રાજયોગ થાય છે.

લગ્નેગુરુ કર્કે શશી જાણુ, દશે, મેષનો સૂર્ય માંન ।
વરખે ચંદ્ર બુધ શુક્રજાય, રાજયોગ એ નરને થાય ॥૧૩॥

**અર્થ**—લગ્નમાં ગુરૂ કર્ક (૪) રાશિમાં હોય દશમે ભાવે મેષ (૧) રાશિમાં સૂર્ય ને કોઈપણ ભાવે વરખ (૨) રાશિમાં ચંદ્ર બુધ ને શુક્ર હોય તો રાજાધિરાજા થાય છે.

લગ્ને બુધ કન્યામાં વસે, ચંદ્રગુરુમિનમાં જો થશે ।
મકરેશની વાસ કરંત, મિથુન શુક્રેરાજ્યકરંત ॥૧૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—જન્મ લગ્ને કન્યા રાશિમાં બુધ હોય કોઈ પણ ભાવમાં મીન રાશિમાં ચંદ્ર ને ગુરુ હોય, મકર રાશિમાં શનિ હોય અને મિથુન રાશિમાં શુક્ર હોય તો રાજાઓનો પણ રાજા થાય છે.

સિંહમાંસૂર્ય ગુરુનોવાસ, શનિકુંભમાં કરે નિવાસ ।
વરખે ચંદ્ર વાસજ કરે વૃશ્ચિકે મંગળ જઈ અડે ॥
મિથુને બુધ વાસ કરંત, મેશ લગ્નથી રાજ્ય કરંત ॥૧૫॥

**અર્થ**—જન્મકુંડળીના કોઈપણ ભાવમાં, સિંહ રાશિમાં સૂર્ય અને ગુરુ હોય, શનિ કુંભ રાશિમાં હોય, ચંદ્ર વરખ રાશિમાં હોય, મંગળ વૃશ્ચિક રાશિમાં હોય અને બુધ મિથુન રાશિમાં હોય ને મેષ રાશિ લગ્નમાં હોય તો રાજયોગ થાય છે.

## ૭૫ રાજભંગાદિયોગ

પાંચ ગ્રહ હોય અસ્તના, યા શત્રુ રાશિયે હોય, ।
રાજયોગ ભંગ જ કરે, ભલે હજારો હોય. ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં પાંચ ગ્રહ અસ્તના અથવા શત્રુ-ક્ષેત્રી એટલે શત્રુ ગ્રહના ઘરમાં હોય, તો હજારો રાજયોગ થયા હોય તો પણ તેનો ભંગ થાય છે. અર્થાત્ રાજ પ્રાપ્તિ યા લક્ષ્મીની પ્રાપ્તિ થતી નથી.

ક્ષીણ કળાનો ચંદ્રમા, પૂર્ણ નીચનો હોય ।
રાજયોગ ભંગ જ કરે, જેમ વનમાં સિંહા જોય ॥ ૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—જન્મકુંડળીમાં ક્ષીણકળાનો ચંદ્રમા સંપૂર્ણ નીચ રાશિનો હોય તો જેમ વનમાં સિંહા કહેતાં સિંહ માત્ર એકલો હજારો પશુઓનો નાશ કરે છે, તેમ આ એકલો બળહીન ચંદ્રમા હજારો રાજયોગનો નાશ કરે છે.

સૂર્ય તુલા રાશિયે, દસ અંશે પૂરો નીચ ।
રાજયોગ સહુ રદ કરે, શુક્ર હોય પણ નીચ ॥ ૩ ॥

**અર્થ**—જેની જન્મકુડળીમાં તુલા રાશિનો સૂર્ય પૂરો દસ અંશે નીચનો હોય તો તમામ રાજયોગનો નાશ કરે છે. તેવી જ રીતે શુક્ર નીચનો હોય તો પણ રાજ્ય ભંગ યોગ કરે છે.

લગ્ને ગુરુ ભલે મકરે, પણ કર્કે ચંદ્ર ન હોય; ।
રાજયોગ ત્યાં શું કરે, જેમ બંદર વરૂયે ન હોય. ॥ ૪ ॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્નમાં ગુરુ મકર રાશિમાં હોય પણ કર્ક રાશિમાં ચંદ્ર ન હોય તો ત્યાં કોઇપણ પ્રકારનો રાજયયોગ જેમ વરૂ કહેતાં વાઘ આગળ અંદર કહેતાં વાંદરો ટકી શકતો નથી તેમ રાજયોગ ટકી શકતો નથી.

ત્રણ ગ્રહ જેને નીચના, ભલે રાજકુળમાં હોય; ।
રાજકુંવર ભીખ માગશે, નીરધનિયો તે હોય. ॥ ૫ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં જેને ત્રણ ગ્રહ નીચના હોય તે ભલે રાજકુમાર હોય તો પણ ધનહીન નીરધનિયો થઇ ભીખારીની માફક ભટક્યાં કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકર લગ્ને ગુરુવસી, પૂર્ણ નીચનો થાય; ।
જાતકાભરણે એમ કહ્યું, રાજ્યભંગ તો થાય. ॥ ૬ ॥
ચંદ્ર માયા લગ્નને, કોઇની દૃષ્ટિ ન હોય; ।
પારાસર મુનિ એમ કહે રાજ્યભંગ તો જોય. ॥ ૭ ॥
નવ દસ કે અગીયારના, નિચ કે અસ્ત ના થાય; ।
ભાવ કુતૂહલ એમ કહે, રાજ ભંગાદી થાય. ॥ ૮ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં સંપૂર્ણ નીચનો મકર રાશિમાં ગુરુ લગ્ને હોય તો જાતકાભરણમાં કહ્યું છે કે, રાજ્યભંગ થાય છે.

જન્મકુંડળીના લગ્ન ઉપર અથવા ચંદ્ર ઉપર કોઈ પણ ગ્રહની દૃષ્ટિ ન હોય તો પારાસર મુનિ કહે છે કે રાજભંગ થાય છે.

જન્મકુંડળીના નવમા દસમા કે અગિયારમા ભાવના સ્વામિયો નીચ રાશિના કે અસ્તના હોય તો ભાવ કુતૂહલમાં કહ્યું છે કે રાજભંગ થાય છે.

રાજયોગ કરનાર ગ્રહ, શત્રુ ઘર ભમતો હોય; ।
છઠ્ઠે અથવા અષ્ટથી, રાજ ભંગ તો હોય. ॥ ૯ ॥
રાજયોગ ને ભંગયોગ, બુધ્ધિથી તો પાય; ।
તલક તર્ક તાલીમ લીયો, વચન સીધ તો થાય. ॥૧૦॥

**અર્થ**—જન્મકુંડળીમાં રાજયોગ કરનાર ગ્રહ શત્રુના ઘરમાં અથવા છઠ્ઠા ભાવે કે આઠમા ભાવે હોય તો રાજ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગનો ભંગ કરે છે.

રાજયોગ અને રાજભંગયોગ બુદ્ધિથી તલકચંદ કહે છે કે તર્ક બાંધી સમયનો, દેશનો અને જાતિનો વિચાર કરી કહેવાથી યોગાનુયોગના આધારે વિદ્વાનોનું કહેલું વચન પાછું પડતું નથી, પરંતુ સાહસ અને સ્વાર્થથી કહેલાં વચનો કુદરત પાછાં પાડે એમાં કંઈ ફળાદેશનો દોષ નથી.

## ૭૬. જાતિભેદ રાજયોગ ફળ

ક્ષત્રિ કુળમાં જન્મ જ થાય, રાજયોગથી રાજ જ પાય; ।
વણિક કુળમાં જન્મ જ હોય, રાજયોગથી લક્ષ્મી હોય. ।।૧।।
જાત તણા ઊંચમે જાણ, રાજયોગનું એ ફરમાન ।
ભલે નિચ કુળ ક્ષત્રિને થાય, રાજયોગથી રાજ જ પાય. ।।૨।।
હું અજ્ઞાની બાળક બુધ્ધ, વિદ્યામાં છું ઘણો અબુજ; ।
ચંદ તલક એમ ચિંતા કરે, ગુરુવિના ગુચવણ બહુ પડે ।।૩।।
હાપારાજ્ય રઢિયાળો દેશ, ચંદ તલક કામદારૂ કરેશ; ।
રાજા વખતસિંહ ઘણો વિવેક, પ્રજાદુઃખમાં નહી કશુ લેશ.।।૪।।
વિક્રમ ઓગણ્યાસી જાણ, કારતકસુદ એકમ નીરમાણ; ।
વાર શનિ વિશાખે હોય, કાવ્ય રચે સીરચંદ સુત જોય. ।।પ।।

## ૭૭. વાહન (ગાડી-ઘોડા) યોગ

ચોથો ગુરુ કે સંગમે લગ્ને જઇ વસંત ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાડી ઘોડા ભોગવે, કદ્યુ પગે ન ચલંત. ॥ ૧ ॥

ગુરુ સંગ ચોથો વસે, ચંદ્ર શુક્ર સાથે જાય ।
કેન્દ્રિ ત્રિકોણથી, ગાડી ઘોડા પાય. ॥ ૨ ॥

**અર્થ**—જન્મકુંડળીના ચોથા ભાવનો સ્વામી ગુરુના સાથે લગ્નમાં હોય, તો એ માણસ ગાડીઘોડાને ભોગવવાવાળો થાય છે. અને કોઈ દિવસ પગે ચાલતો નથી.

ગુરુ સાથે ચોથા ભાવનો સ્વામી હોય, ચંદ્ર, શુક્ર સાથે હોય અને તે ૧, ૪, ૭, ૧૦, અથવા ૯, ૫, મા ભાવમાં રહ્યા હોય તો ગાડી ઘોડાનો યોગ થાય છે.

ચોથો સ્વામિ શુક્ર સંગ, લગ્ને જઇ વસંત; ।
પાપિ દષ્ટિ સંગ બિન, પાલખિ સુખ કહંત. ॥ ૩ ॥
ચોથો અગિઆરે વસે, અગિઆરો ચારે જાય; ।
ચૌદ વર્ષમાં બાળયે, નરવાહનિ થાય. ॥ ૪ ॥
પૂર્ણ કળાનો ચંદ્રમા, શુક્ર સંગમાં જાય; ।
કેન્દ્રિ ત્રિકોણથી, નરવાહનિ નર થાય. ॥ ૫ ॥
લગ્નેશ સંગ ચોથો વશે, શુક્ર ચંદ્ર સંગે જાણ; ।
એક રાશિ ચારે થતા, નર વાહન સુખ માન. ॥ ૬ ॥
ગુરુ સંગ ચોથો વસે, પાપદૃષ્ટિ સંગનવ હોય; ।
ગાડી ઘોડા રથ પાલખી, ભવિષ્ય ભાવફળ જોય. ॥ ૭ ॥

**અર્થ**—ચોથા ભાવનો સ્વામી શુક્રના સાથે લગ્નમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય, અને પાપ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો પાલખીના સુખવાળો થાય છે.

ચોથા ભાવનો સ્વામી અગીયારમા ભાવમાં જાય અને અગીયારમા ભાવનો સ્વામી ચોથા ભાવમાં જાય, તો એ માણસને ચૌદ વરસમાં નરવાહન સુખ મલે છે. એટલે મેનાં યા પાલખી મળે છે. યા તેટલું સુખ મળે છે.

પૂર્ણ કળાનો ચંદ્રમા શુક્રના સાથે હોય અને તે ૧, ૪, ૭, ૧૦, અથવા ૫ મા કે ૯ મા ભાવમાં હોય તો એ માણસ નરવાહનના સુખવાળો થાય છે.

લગ્નના સ્વામી સાથે ચોથા ભાવનો સ્વામિ ને તેની સાથે શુક્ર અને ચંદ્ર હોય, એ ચાર ગ્રહો એક રાશિમાં હોય તો નરવાહન એટલે મેનાં પાલખીના સુખવાળો થાય છે.

ગુરુના સાથે ચોથા ભાવનો સ્વામિ હોય, ને પાપ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો ગાડી ઘોડા, રથ, અને પાલખીના સુખવાળો થાય છે.

## ૭૮. મકાન (ઘર) યોગ

લગ્નેશ ચોથે ઘર કરે, તે નરને ઘર સુખ; ।
સ્વગ્રહી લગ્નેશ સંગ, ચોથાથી નહિ દુઃખ. ॥ ૧ ॥
ચાર દસના સ્વામિયો, એક બિજા ઘર જાય; ।
બળવાંન ભૌમના યોગથી, ઘર અનેરાં થાય. ॥ ૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—જન્મકુંડળીના લગ્નનો સ્વામી, ચોથા ભાવે હોય તો તે માણસને રહેવાના માટે ઘરનું સુખ ઘણું સારૂં હોય છે. જો લગ્નનો સ્વામિ સ્વગ્રહી હોય ને તેના ભેગો ચોથા ભાવનો સ્વામી હોય તો ઘણા સુશોભિત રળિયામણા ઘરમાં વાસ કરનાર તે પુરુષ થાય છે.

ચોથા ભાવનો સ્વામિ દસમા ભાવે ને દસમા ભાવનો સ્વામિ ચોથા ભાવે એક બીજાના ઘરમાં હોય ને કોઈ પણ ભાવે મંગળ બળવાન એટલે સવગ્રહી યા ઊંચનો યા મિત્રના ઘરમાં બેઠેલો હોય તો તે પુરુષ એકથી વધારે ઘરોનો માલિક થાય છે.

બિજા ચોથા બારના, જે સ્વામિ કેન્દ્રિ જાય; ।
તેટલાં તે નર ઘર કરે, બાકી વૃથા થાય. ॥ ૩ ॥

**અર્થ**—બીજા, ચોથા, ને બારમા ભાવના સ્વામિયો મધેથી જેટલા કેન્દ્રિ (૧,૪,૭,૧૦) ભાવમાં જાય તેટલાં ઘરોનો માલિક તે નર થાય છે.

બે ચાર દસ બારના, સ્વામિ જે કહેવાય; ।
ત્રિકસ સ્થાને જઇ પડે, સંગ પાપિનો થાય. ॥ ૪ ॥
જેટલા પાપિ સંગમાં, ત્રિકસ સ્થાને જાય; ।
ઘર જલે ઇતની વખત, અગ્નિથિ ભય પાય. ॥ ૫ ॥

**અર્થ**—જન્મકુંડળીના ૨, જા ૪ થા ૧૦ મા ને ૧૨ મા ભાવના સ્વામિ જે ગ્રહો હોય તેમાંથી જેટલા ગ્રહ ત્રિકસ્થાને એટલે ૬, ૮, ને ૧૨ મા ભાવે જેટલા પાપી ગ્રહોના

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ભેગા બેઠેલા હોય તેટલા વખતે ઘર અગ્નિથી જલીત થઈ નાશ થાય છે.

## ૭૯. ભિક્ષાયોગ

મેષે શનિ ચંદ્ર દષ્ટિયે, ભિક્ષા માગી ખાય; ।
નિર્ધન મંગળ દષ્ટિથી, અન્ન વિના અથડાય. ॥ ૧ ॥
શનિ દષ્ટિ કે સંગમાં, લગ્ન યા ચંદ્ર હોય; ।
એ નરતો લોભી બને, શુભ દષ્ટિ સંગ બિન જોય. ॥ ૨ ॥

**અર્થ**—મેષનો શનિ હોય, ને તેના ઉપર ચંદ્રની દૃષ્ટિ હોય તો ભીક્ષા માગનારો થાય છે. ને મંગળની દૃષ્ટિ હોય તો અન્ન વિના અથડાય છે.

શનિ લગ્નને યા ચંદ્રમાને દેખતો હોય અથવા લગ્નમાં યા ચંદ્રમા ભેગો શનિ હોય અને શુભગ્રહની દૃષ્ટિ યા સંબંધ ન હોય તો તે માણસ ઘણો લોભી થાય છે.

## ૮૦. ચિત્તભ્રમિત યોગ

પાંચ સાત નવ ભૂવનમાં, મંગળ કરે નિવાસ; ।
ગાંડો નર થઈ તે ભમે; જો લગ્ને શનિનો વાસ. ॥ ૧ ॥
બે પાંચ કે સાતમાં, મંગળ કરે જઇ વાસ; ।
લગ્ને શનિ જઈ ને રહે, ચિત્તભ્રમકિ આશ. ॥ ૨ ॥
લગ્ને ગુરૂ સાતે શનિ, વાયુરોગી જાણ; ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતે મંગળ લગ્ને ગુરૂ, ચિત્તભ્રમિ તો માન. ॥ ૩ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં પાંચમા, સાતમા અને નવમા ભાવમાં મંગળ હોય ને લગ્નમાં શનિ હોય તો એ માણસ ગાંડો થાય છે.

બીજા, પાંચમા અને સાતમા ભાવમાં મંગળ હોય ને લગ્નમાં શનિ હોય તો ચિત્તભ્રમી નામનો યોગ થાય છે.

લગ્નમાં ગુરુ અને સાતમા ભાવમાં શનિ હોય તો વાયુના રોગવાળો થાય છે.

સાતમા ભાવમાં મંગળ અને લગ્નમાં ગુરુ હોય તો ચિત્તભ્રમિત એટલે ગાંડો માણસ થાય છે.

## ૮૧. નપુંસક યોગ

સૂર્ય એકી રાશિમાં, ચંદ્ર બેકીમાં હોય; ।
એકમેકની દૃષ્ટિથી નપુંસકતા જોઈ. ॥ ૧ ॥
ચંદ્ર એકિ રાશિમાં, સૂર્ય બેકીમાં હોય; ।
એક મેકની દૃષ્ટિથી એ નર નપુંસક થાય. ॥ ૨ ॥
ચંદ્રમા બેકિ રાશિયે, બુધ એકિમાં જાણ; ।
દૃષ્ટિ હે જો મંગળો, નિશ્ચે નપુંસક માન. ॥ ૩ ॥
મંગળ એકિ રાશિયે સુર બેકિ એ હોય, ।
એકમેકનિ દૃષ્ટિયે, એ નર નપુંસક જોય. ॥ ૪ ॥

**અર્થ**—સૂર્ય, એકી રાશિમાં ને ચંદ્ર બેકી રાશિમાં

હોય, અને એક બીજાની દ્રષ્ટિ હોય તો નપુંસકયોગ થાય છે.

ચંદ્ર એકી રાશિમાં ને સૂર્ય બેકી રાશિમાં હોય અને એક બીજાની દૃષ્ટિ હોય તો એ માણસ નપુંસક થાય છે.

ચંદ્રમા બેકી રાશિમાં ને બુધ એકી રાશિમાં હોય અને મંગળની દૃષ્ટિ હોય તો જરૂર એ માણસ નપુંસક થાય છે.

મંગળ એકી રાશિમાં અને સૂર્ય બેકી રાશિમાં હોય, ને એકબીજાની દૃષ્ટિ હોય તો જરૂર એ માણસ નપુંસક થાય છે.

## ૮૨. ચાકરી યોગ

મકર રાશિ ગુરુ વસે, ખટ અષ્ટ કે બાર ।
ચોથે જઇ ચંદ્ર ફરે, ચાકરી યોગ વિચાર ॥ ૧ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં, મકર રાશિનો ગુરૂ, છઠ્ઠા યા આઠમા ભાવે હોય ને ચોથા ભાવે ચંદ્રમા હોય તો ચાકરી કરનાર જાણવો. ॥ ૧ ॥

દશે સૂર્ય મંગળ શનિ, જન્મ કાળમાં જાણ ।
શુભગ્રહ સંગમ દૃષ્ટિબિન, ચાકરી યોગ તે માન ॥ ૨ ॥

દસમા ભાવમાં સૂર્ય, મંગળ અને શનિ જન્મકુંડળીમાં હોય અને શુભ ગ્રહોની દૃષ્ટિ તથા ભેગા ન હોય તો ચાકરી (નોકરી) કરનારો થાય છે. ॥ ૨ ॥

મંગળ છઠે જઇ વસે, ગુરુ ચારે નીરધાર ।
દસમે સૂર્ય ઘર કરે, એ ચાકરી યોગ વિચાર ॥ ૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

છઠ્ઠા ભાવમાં મંગળ ચોથા ભાવમાં ગુરૂ અને દસમા ભાવમાં સૂર્ય જેની જન્મકુંડળીમાં હોય તે માણસ નોકરી કરનારો થાય છે. ॥ ૩ ॥

## ૮૩. ચોર યોગ

ચોથાનો સ્વામિ જઇ, છઠે વાસ કરંત ।
એ નર ચોરી તો કરે, દિલમે નહિ ડરંત ॥ ૧ ॥
અષ્ટ મેશ બિજે વશે, તો પણ ચોરીયોગ ।
મંગળ બુધ છઠે વસે, એ પણ ચોરીયોગ ॥ ૨ ॥
એક ત્રણ અગીઆરમાં, પાપગ્રહ જો હોય ।
નિચ ગ્રહનિ દષ્ટિયે, ચોર યોગ તો જોય ॥ ૩ ॥
ત્રિજે ભાવે શનિ વશે, પાપિ દષ્ટિ થાય ।
શુભ દષ્ટિકે સંગબિન, ચોરીયોગ ગણાય ॥ ૪ ॥
શનિ મંગળને બુધ તો, ચોથે યા સાતે જાય ।
પુર્ણ દષ્ટિયે ચંદ્રમાં, મોહોટો ચોર ગણાય. ॥ ૫ ॥

**અર્થ**—ચોથા ભાવનો સ્વામી છઠ્ઠા ભાવમાં હોય તો એ માણસ ચોરી કરનારો થાય છે. આઠમા ભાવનો સ્વામી બીજા ભાવમાં હોય તો તે માણસ ચોરી કરનારો થાય છે. મંગળ અને બુધ છઠ્ઠા ભાવમાં હોય તો–તે માણસ ચોરી કરનારો થાય છે. પહેલા, ત્રીજા અને અગીયારમા ભાવમાં પાપ ગ્રહો હોય, અને પાપી ગ્રહોની દષ્ટિ હોય તો તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણુસ ચોરી કરનારો થાય છે. ત્રીજા ભાવમાં શની હોય અને પાપ ગ્રહોની દૃષ્ટિ હોય, અને શુભ ગ્રહો સાથે ન હોય ને શુભ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો તે માણુસ ચોરી કરનારો થાય છે, શની મંગળ, અને બુધ ચોથા અથવા સાતમા ભાવમાં હોય ને તેઓને ચંદ્રમા સંપૂર્ણ જોતો હોય તો એ માણુસ મોટો ચોર થાય છે.

## ૮૪. કપટિ યોગ

બુધ યુક્ત હોય મંગળો, યા બુધ પાપિ કે સંગ ।
નવમે જઇને ઘર કરે, કપટી યોગ કરંત ॥ ૧ ॥
ચાર નવના સ્વામિયો છઠે કરે જો વાસ ।
ત્રિજા ભાવે મંગળો, એ કપટી તો બદમાસ ॥ ૨ ॥

**અર્થ**—બુધના સાથે મંગળ હોય, યા બુધ પાપી ગ્રહોના સાથે નવમા ભાવમાં હોય તો તે માણુસ કપટી થાય છે ॥ ૧ ॥

ચોથા અને નવમા ભાવના સ્વામીયો–છઠ્ઠા સ્થાનમાં હોય અને ત્રીજા ભાવમાં મંગળ હોય તો એ માણુસ ઘણો બદમાશ અને કપટી થાય છે. ॥ ૨ ॥

## ૮૫. દરિદ્રતા યોગ

ચાર કેન્દ્રિ પાપિ વશે, યા ધનમાં પાપિ હોય ।
હોરા રત્ન એમ કહે, દારીદ્રિ નર જોય ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂર્ય શનિ ભેગો વસે, શુક્ર પણ ભેગો જાય ।
ચંદ તલક એમ જ કહે, ધન બિન ધક્કા ખાય ॥ ૨ ॥
ધનમાં સૂર્ય શનિ થકિ, દારિદ્ર નર જાણ; ।
મંગળ શનિ ના યોગથી, અતિ દરીદ્રિ માન. ॥ ૩ ॥

**અર્થ**—કેન્દ્ર સ્થાનમાં એટલે ૧, ૪, ૭, અને ૧૦, મા ભાવમાં પાપગ્રહો હોય અથવા બીજા ભાવમાં પાપગ્રહો હોય તો એ માણસ દરિદ્રી થાય છે. ॥ ૧ ॥

સૂર્ય, શની અને શુક્ર, એ ત્રણે ગ્રહો કોઈપણ ભાવમાં ભેગા હોય તો કર્તા કહે છે કે તે માણસ ધન વગર જ્યાં ત્યાં ધક્કા ખાયાં કરે છે. ॥ ૨ ॥

બીજા ભાવમાં સૂર્ય, અને શની હોય તો દરિદ્રી થાય છે. મંગળ અને શની હોય તો ઘણો દરિદ્રી થાય છે

## ૮૬. વ્યભિચાર યોગ

ચંદ્રથી શુક્ર દશમે, શનિ ચોથે કરે વાસ ।
ધરનારી ગમતિ નહી, પરથિ કરવી વાત. ॥ ૧ ॥
શુક્ર બુધ શનિ સાતમે, યાદ સમે જો જાય ।
શુક્ર હોય જો સ્વગૃહિ, પરત્રિયાને ચાય ॥ ૨ ॥
સપ્ત ભાવે રવિ મંગળો, વંધાથી વહેવાર ।
ચંદ્ર થકિ દાસી કહી, બુધથી વેષા યાર ॥ ૩ ॥
ગુરુ થકિ તો બ્રાંહ્મણી, ગર્ભવંતિ શુક્ર સુ પ્યાર ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શનિ યે તો નિચ નારીશુ, કરતો વ્યભિચાર ॥ ૪ ॥
શનિ ચંદ્ર હોય સાતમે, યા સાતમે દ્રષ્ટિ દેત ।
કામાંતુર એ નર થશે, પરપ્રિત કરેશ ॥ ૫ ॥
સ્તમેશ વશે એકાદશે, ને સાતે બુધ વસંત ।
કામાતુર એ નર થશે, હોય ભલે મહાસંત ॥ ૬ ॥
સાતે ધર કરે ચંદ્રમા, બુધ શુક્ર શનિ કે સંગ ।
યા દષ્ટિ કરે એ સાતમે, કામાતુર એ નંદ ॥ ૭ ॥
શુક્ર બુધ હોય સાતમે, યા દસ કે બારે હોય ।
ધરનારી ગમતી નહી, પરનારી ચીત્ત જોય ॥ ૮ ॥
શુક્ર બુધ સંગે થઇ, દશ બાર સાતમાં જાય ।
રંભા સમ રમણી મુકી, પરતુ ચુંબન ચાય. ॥ ૯ ॥
શુક્ર મંગળ સંગમાં, દસ યા ચારે જાય ।
ગુલાબ વર્ણિ ધર તજી, પરસ્ત્રી ને રસ પાય. ॥૧૦॥

**અર્થ**—ચંદ્રથી શુક્ર દશમે હોય, અને શનિ ચોથા ભાવમાં હોય, તો એ માણસને પોતાની સ્ત્રી ગમતી નથી. ને બીજી સ્ત્રીનો પ્રેમી થાય છ. ॥ ૧ ॥

શુક્ર, બુધ ને શની, સાતમે અથવા દસમે હોય યા શુક્ર સ્વગ્રહી હોય તો–પારકી સ્ત્રીનો ચાહનારો થાય છે. ૨

સાતમા ભાવે–રવી, ને મંગળ હોય તો–વાંઝણી સ્ત્રીથી ચંદ્ર હોય તો દાસીથી બુધ હોય તો વેશ્યાથી ગુરૂ હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે બ્રાહ્મણીથી શુક્ર હોય તો ગર્ભવંતી સ્રીથી પ્રીતિ કરે છે. અને શનિ હોય તો નીચ સ્રીથી વ્યભીચાર કરનારો થાય છો ॥ ૩–૪ ॥

શની ચંદ્ર સાતમા ભાવે હોય અથવા સાતમા ભાવ ઉપર દ્રષ્ટિ હોય તો એ માણુસ કામી થાય છે. અને પારકી સ્રીથી પ્રીતિવાળો થાય છે. ॥ ૫ ॥

સાતમાનો સ્વામી અગીયારમા ભાવમાં હોય, ને સાતમા ભાવમાં બુધ હોય તો એ માણુસ ભલે–સંત મહાત્મા હોય તો પણુ કામી થાય છે. ॥ ૬ ॥

સાતમા ભાવમાં ચંદ્રમા હોય, બુધ શુક્ર, શનિ સાથે હોય અથવા સાતમા ભાવ ઉપર દૃષ્ટિ હોય તો એ માણુસ કામતુર થાય છે. ॥ ૭ ॥

શુક્ર, બુધ સાતમા ભાવમાં હોય, અથવા દશમા કે બારમા ભાવમાં હોય તો તેને પોતાની સ્રી ગમતી નથી. ને બીજી સ્રીને ચાહનારો થાય છે. ॥ ૮ ॥

શુક્ર, બુધ સાથે, દશમા, બારમા અથવા સાતમા ભાવમાં હોય તો રંભા સમાન પોતાની રમણી (સ્રી) મૂકીને બીજાની સ્રી સાથે ચુંબન કરવાની ઇચ્છા કરે છે. ॥ ૯ ॥

શુક્ર, મંગળ સાથે દશમા અથવા ચોથા ભાવમાં હોય તો ગુલાબ વર્ણિ પોતાની સ્રીને મુકી પારકી નીચ સ્રીયો સાથે અથડાય છે. ॥ ૧૦ ॥

## ૮૭. માતા સાથે વ્યભિચાર યોગ

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ચંદ્ર અથવા સૂર્ય તો, કેન્દ્રિમાં જાય ।
પાપિ દષ્ટિ સંગથી, માતા શુ જારી આ'ય ॥ ૧ ॥

પાપિ ચોથે જઈ વસે, પાપિ દષ્ટિ થાય ।
માતા શુ રજનિ રમે, શંકા કળુ નવ પાય ॥ ૨ ॥

પાપિ સંગે ચંદ્ર તો, યા દ્રષ્ટિ પાપિનિ લેત ।
સૂર્ય વસે કેન્દ્રિમાં, વિર્યપુત્ર માતને દેત ॥ ૩ ॥

ચંદ્ર શુક્ર કેન્દ્રે વસે, પાપિ દ્રષ્ટિ થાય ।
પાાપ ચોથે ધર કરે, ગુરુ પત્નિને આ'ય ॥ ૪ ॥

**અર્થ**—ચંદ્ર, અથવા સૂર્ય કેન્દ્ર સ્થાનમાં હોય અને પાપગ્રહોની દૃષ્ટિ હોય તો માતા સાથે વ્યભિચાર કરનારો થાય છે. ॥ ૧ ॥

પાપગ્રહ ચોથા ભાવમાં હોય, અને તેના ઉપર પાપગ્રહોની દૃષ્ટિ હોય, તો માતાની સાથે ભોગ ભોગવે એમાં કંઇપણુ શંકા કરવા જેવું નથી. ॥ ૨ ॥

પાપગ્રહના સાથે ચંદ્રમા પાપગ્રહની દૃષ્ટિમાં હોય અને સૂર્ય કેન્દ્ર સ્થાનમાં હોય તો તે પુત્ર માતાને વીર્ય આપનારો થાય છે. ॥ ૩ ॥

ચંદ્રને શુક્ર કેન્દ્ર સ્થાનમાં પાપગ્રહોની દ્રષ્ટિમાં હોય ને પાપગ્રહો ચોથા ભાવમાં હોય તો એ માણુસ ગુરૂ પત્નીને ભોગવનારો થાય છે. ॥ ૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૮૮. બહેન સાથે વ્યભિચાર યોગ

ચોથે શનિ જંઇને વસે, શુભ દ્રષ્ટિ સંગ ન હોય ।
પાપ દ્રષ્ટિ યા સંગથી, બેન સુરંગ રસ હોય ॥ ૧ ॥

**અર્થ**—ચોથા ભાવમાં શનિ હોય, ને શુભ ગ્રહોની દષ્ટિ ન હોય અને પાપગ્રહોની દષ્ટિ યા સંગ હોય તો એ માણસ પોતાની બેન સાથે વિષય ભોગ ભોગવનારો થાય છે. ॥ ૧ ॥

## ૮૯. મુષ્ટિ વીર્યપાત યોગ

ચંદ્ર થકી સાતે શનિ, જો કરે જઈને વાસ, ।
મુષ્ટિના સંયોગથી, કર વીર્યનો નાશ. ॥ ૧ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં ચંદ્રથી સાતમે શનિ રહેલો હોય તે પુરૂષ ગમે તેટલી સ્ત્રીયોને ભોગવે છતાં પણ પોતાની યા પારકાની (મુષ્ટિ) ના સંયોગથી પોતાના વીર્યનો નાશ કરી દેહની પાયમાલી કરી છેવટ મરણને શરણ થાય છે, કારણ કે છ માસ સ્ત્રીનો સંજોગ ને એક દિવસ મુષ્ટિનો સંજોગ શરીરની સરખી રીતે પાયમાલી કરતા છે માટે કોઇ પુરૂષોએ આ બુરી ક્રિયા કર્મ કરવું નહીં.

## ૯૦. પિતાનો વ્યભિચાર યોગ

છ ચારના સ્વામિ જે, દશમે જઇ પટકાય ।
માતા શુ રીઝે નહી, પિતા પરઘર જાય ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

ચાર છના સ્વામિયો, જો નવમા ભાવે થાય ।
માતા ભલે હોય પદ્મણિ, પણ પિતા પરને આ'ય ॥ ૨ ॥
ચોથા સ્થાને સ્વગ્રહી, ને નવમો સંગે થાય ।
ઘેર ચંપકવર્ણિ ચંચળા, પરચુંબન પિતા આ'ય ॥ ૩ ॥
દસ ચાર છ લગ્નના, સ્વામિ એકમાં જાય ।
પરથી પિતા જન્મિયો, દોષ કોને દેવાય! ॥ ૪ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં છઠ્ઠા, અને ચોથા ભાવના સ્વામીઓ દશમા ભાવમાં હોય તો તેનો પિતા વ્યભિચારી જાણવો. ॥ ૧ ॥

ચોથા અને છઠ્ઠા ભાવના સ્વામિઓ નવમા ભાવે હોય તો તે પુરુષની માતા પદ્મની જેવી હોય તોપણ તેનો પિતા પારકી સ્ત્રી સાથે પ્રીતિ કરનારો થાય છે. ॥ ૨ ॥

ચોથા ભાવનો સ્વામિ સ્વગ્રહી હોય, ને નવમા ભાવનો સ્વામિ ચોથા ભાવમાં હોય તો તે પૂરુષની માતા ચંપાની કળી સમાન સુંદર અને સ્વભાવે ઘણી ચંચળ હોય તો પણ તેનો પિતા પારકી સ્ત્રીને ચ્હાનારો થાય છે. ॥ ૩ ॥

દશમા, ચોથા, છઠ્ઠા અને લગ્નના સ્વામિ કોઈપણ ભાવમાં ભેગા હોય તો તેનો પિતા પર પુરુષથી જન્મેલો હોવાથી કોઇને દોષ દેવા જેવું રહેતું નથી. ॥ ૪ ॥

## ૯૧. માતાનો વ્યભિચાર યોગ.

રાહુ સંગે ચોથો વસે, શનિ સંગે પાપિ થાય ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યા પાપિ સૂર્ય સંગથી, માતા પરને ચા'ય ॥ ૧ ॥
છઠ્ઠા સંગે મંગળો, ચોથે ચંદ્ર જાણ ।
યા સૂર્ય રાહુ હોય ચારમાં, માતા પરઘર માન ॥ ૨ ॥
ચારે ચંદ્ર શનિ સંગથી, શુદ્ર થકી વ્યવહાર ।
બુધ સંગના યોગથી, વૈશ્યથી કરતી પ્યાર ॥ ૩ ॥
ગુરૂ યા શુક્ર સંગથી, બ્રાહ્મણ યારી જાણ ।
સૂર્ય સંગના યોગથી, ક્ષત્રિ શું દિલ જાન ॥ ૪ ॥
રાહુ કેતુ સંગથી, નિચ શું તે લપટાય ।
ખટમાં મંગળ ચં થી, બ્રાહ્મણથી લપટાય. ॥ ૫ ॥

**અર્થ**—જેની જન્મકુંડીમાં રાહુ સાથે ચોથા ભાવનો સ્વામિ હોય, ને શનિના સાથે પાપગ્રહ હોય, અથવા સૂર્યના સાથે પાપગ્રહ હોય, તો તે પુરુષની માતા વ્યભિચારી થાય છે. ॥ ૧ ॥

છઠ્ઠા ભાવના સ્વામિ સાથે મંગળ હોય, ચોથા ભાવમાં ચંદ્રમા હોય, અથવા સૂર્ય, રાહુ ચોથા ભાવમાં હોય તો તે પુરુષની માતા વ્યભિચારી થાય છે. ॥ ૨ ॥

ચોથા ભાવમાં ચંદ્ર સાથે શનિ હોય તો તે પુરુષની માતા શુદ્રથી, બુધ હોય તો વશ્યથી, ગુરૂ અથવા શુક્ર હોય તો બ્રાહ્મણથી, સૂર્ય હોય તો ક્ષત્રિયથી, રાહુ યા કેતુ હોય તો નિચ માણસની પ્રીતિ કરી વ્યભિચાર કરનારી થાય છે. ને છઠ્ઠા ભાવમાં મંગળ ને ચંદ્ર હોય તો બ્રાહ્મણથી પ્રીતિ કરે છે. ॥ ૩-૪-૫ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૯૨. વ્યભિચારથી જન્મ યોગ

સૂર્ય ચંદ્ર એક સ્થાનમાં, જો જઈ કરતા વાસ ।
ગુરૂ દષ્ટિ બિન સંબંધથી, પરની એ પેદાશ ॥ ૧ ॥
સૂર્ય ચંદ્ર શનિ મંગળો, એકજ સ્થાને જાય ।
પરથી પુત્ર જન્મિયો, વાત કોને કહેવાય ॥ ૨ ॥
એક નવ ખટ ચારના, સ્વામિ સંગે હોય ।
પર પલંગ માતા ચડિ, ગર્ભ લીધો જોય ॥ ૩ ॥
બીજ રવિ ને સ્વાતિતો, બીજાની પેદાશ ।
સાતમ બુધને રેવતિ, એ પણ બીજો બાપ ॥ ૪ ॥
ધનિષ્ટા રવિ ને બારશે, પરબુન્દિ એ તો જાણ ।
ઉત્તમ કૂળ ભલે હોય પણ, ભાવિ એ બલવાન ॥ ૫ ॥

**અર્થ**—સૂર્ય અને ચંદ્ર એક સ્થાનમાં હોય અને ગુરુ સાથે ન હોય તેમજ ગુરુની દૃષ્ટિ ન હોય તો એ માણસ બીજાથી પેદા થયેલો જાણવો. ॥ ૧ ॥

સૂર્ય, ચંદ્ર, શનિ ને મંગળ એકજ ભાવમાં ભેગા હોય તો તે બીજાથી પેદા થયેલો જાણવો. ॥ ૨ ॥

પહેલા, નવમા, છઠ્ઠા અને ચોથા ભાવના સ્વામિયો એક જ ભાવમાં હોય તો પર પુરૂષના પલંગ પર જઈ વ્યભિચારથી માતાએ લીધેલા ગર્ભથી પેદા થયેલો જાણવો. ॥ ૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજ, રવિવાર ને સ્વાતિ નક્ષત્રમાં જન્મ હોય તો બીજાની પેદાશ જાણવી. સાતમ, બુધવાર, ને રેવતી નક્ષત્રમાં જન્મ હોય તોપણ બીજાથી પેદા થયેલો છે એમ. જાણવું.

બારસ, રવિવાર, ને ધનિષ્ટા નક્ષત્રમાં જન્મ હોય તો બીજાના વીર્યથી ઉત્પન્ન થયેલો છે એમ જાણવું. ભલે ઉત્તમ કુલ હોય પણ ભાવિ બલવાન છે. માટે શોચ ન કરતાં સંસારનું ગાડું આગળ ગબડાયા કરવું. ॥ ૫ ॥

## ૯૩. સમાધિ યોગ

દશમેશ નવમે વસે, નવમેશ બળિ જો થાય ।
ગુરૂ શુક્ર સંગમ દૃષ્ટિથી, જપદાન સમાધિ ચાહ્ય ॥ ૧ ॥

**અર્થ**—દશમાનો સ્વામિ નવમા ભાવમાં હોય, ને નવમા ભાવનો સ્વામી બળવાન થઇ ગુરૂ, શુક્રની દૃષ્ટિમાં રહેલો હોય તો તે માણસ જાપ જપાદીક ને સમાધી જ્ઞાનવાળો થાય છે. ॥ ૧ ॥

## ૯૪. બ્રહ્મજ્ઞાની યોગ

રાહુ કેતુ શનિ સંગમાં, યા ગુરુ સંગે થાય ।
બુધ યા શુક્ર દૃષ્ટિયે, બ્રહ્મયોગ તો પાય ॥ ૧ ॥

**અર્થ**—શનિની સાથે રાહુ, યા કેતુ, કે ગુરૂ હોય ને તેના ઉપર બુધ યા શુક્રની દૃષ્ટિ હોય તો તે માણસ બ્રહ્મ વિદ્યા-એટલે બ્રાહ્મણની વિદ્યા જાણવાવાળો થાય છે. ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## ૯૫. જ્યોતિષ્ય યોગ

કેન્દ્રિયે બુધ વસે, ધનેશ બળિ જો થાય ।
શુભગ્રહ સાથે શુક્રરો, બીજા યા ત્રિજા જાય ॥ ૧॥
ધનમાં શુક્ર ઊંચનો, યે યોગાયોગે જાણ ।
એ જ્યોતિષિ જાણીયે, જેનું પંડિતમાં પુછાણ ॥ ૨ ॥
ધન ભાવે ચંદ્ર મંગળો, બુધની દષ્ટિ પાય ।
યા કેન્દ્રિ બુધવસે, ગણિત જ્ઞાની તો થાય ॥ ૩ ॥
ધનેશ સ્વામિ બુધ ઊચમાં, લગ્ને ગુરૂ જો જાય ।
અષ્ટમે સ્થાને શનિ વસે, ગણિત જ્ઞાન એ પાય ॥ ૪ ॥

**અર્થ**—જન્મકુંડળીના કેન્દ્રસ્થાનમાં એટલે ૧, ૪, ૭, કે ૧૦ મા ભાવમાં બુધ હોય, ને બીજા ભાવનો સ્વામી બળવાન હોય, કે શુભ ગ્રહ સાથે શુક્ર, બીજા અથવા ત્રીજા ભાવમાં હોય અથવા ધન ભાવમાં શુક્ર ઊંચનો હોય તો તે માણસ જ્યોતિષને જાણનાર અને પંડિતોમાં માન મેળવનાર થાય છે. ॥ ૧-૨ ॥

બીજા ભાવમાં ચંદ્રને મંગળ બુધની દષ્ટિમાં હોય, અથવા કેન્દ્ર ( ૧ ૪, ૭, ૧૦ ) સ્થાનમાં બુધ હોય તો તે માણસ ગણિતના જ્ઞાનને જાણનારો ગણિત શાસ્ત્રી થાય છે. ॥૩॥

ધન ભાવનો સ્વામી બુધ હોય ને તે બુધ ઊંચનો હોય ને લગ્નમાં ગુરૂ હોય, ને આઠમા ભાવમાં શનિ હોય તો તે માણસ ગણિત શાસ્ત્રના જ્ઞાનને જાણનારો થાય છે. ॥૪॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ૯૬. વિદ્યા યોગ

પંચમ સ્વામિ એકલો, યા બુધ ગુરૂ કે સંગ ।
ખટ અષ્ટ બારે વશે, વિદ્યા કરતો મંદ ॥ ૧ ॥
લગ્ને ચંદ્ર યા મંગળો, બુધ દષ્ટિ જો લેત ।
બુદ્ધિહીણ એ નર થશે, વિદ્યા કછુ નવ લેશ ॥ ૨ ॥
ચંદ્ર અને લગ્ને શનિ, મંગળ જોતા હોય ।
વિદ્યા ચડે નહી વાણિયે, બુધ્ધિહીણ નર જોય ॥ ૩ ॥
પંચમ સ્થાને સ્વગ્રહી, યા તો કેન્દ્રિ થાય ।
અથવા નવમે જઈ વસે, એ નર વિદ્યા પાય ॥ ૪ ॥
પંચ સ્વામી લગ્નમાં, અથવા ચોથે જાય ।
તલક તર્કથી એમ કહે, એ નર વિદ્યા પાય ॥ ૫ ॥
બુધ લગ્ન કે ચારમાં, લગ્નેશ સંગમાં જાય ।
વિદ્યા એ નર મેળવે, વકીલ બેરિસ્ટર થાય. ॥ ૬ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં પાંચમા ભાવનો સ્વામિ બુધ કે ગુરૂના સાથે છઠ્ઠા આઠમા કે બારમા ભાવમાં હોય તો વિદ્યા ઓછી કરે છે. ॥ ૧ ॥

લગ્નમાં ચંદ્ર અને મંગળ બુધની દૃષ્ટિમાં હોય તો બુદ્ધિહીણ વિદ્યા વગરનો થાય છે. ॥ ૨ ॥

ચંદ્ર, અને શનિ, લગ્નમાં હોય, ને મંગળ જોતા હોય, તો તેને વિદ્યા ચડતી નહી હોવાથી બુદ્ધિહીન તે રહે છે. ॥ ૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચમા ભાવનો સ્વામિ સ્વગ્રહી હોય અથવા કેન્દ્ર સ્થાનમાં કે નવમા સ્થાનમાં હોય તો વિદ્યાવાળો થાય છે. ॥૪॥

પાંચમા ભાવનો સ્વામી લગ્નમાં અથવા ચોથા ભાવમાં હોય તો કર્તા તર્ક બાંધી કહે છે કે વિદ્યાવાળો થાય છે. ॥૫॥

બુધ લગ્નમાં કે ચોથા ભાવમાં લગ્નના સ્વામી સાથે હોય તો તે માણસ વિદ્યા મેળવે છે ને વકીલ કે બેરીસ્ટર જેવો વિદ્વાન થાય છે. ॥ ૬ ॥

## ૯૭. ચિત્રકળા યોગ

બુધ શુક્રની દૃષ્ટિ તો, જો મંગળને થાય ।
ચિત્રકળાની હુન્નરે, લાભ અનેરો પાય ॥ ૧ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં મંગળ ઉપર બુધ અને શુક્રની સંપૂર્ણ દૃષ્ટિ હોય તો તે માણસ ચિત્રકાળના હુન્નર ઉદ્યોગમાં હોંશિયાર હોય છે ને તેમાંથી લક્ષ્મિ મેળવી શકે છે. ॥ ૧ ॥

## ૯૮. વ્યાકરણ શાસ્ત્રી યોગ

ધનમાં ગુરૂ પૂર્ણ બળી, સૂર્ય શુક્ર દૃષ્ટિ હોય ।
વ્યાકરણ વાણી વિશાળ નર, પંડિત પુરો જોય ॥ ૧ ॥

**અર્થ**—બીજા ભાવમાં ગુરૂ પૂર્ણ બળવાન હોય, ને સૂર્ય, શુક્રની દૃષ્ટિ હોય તો એ માણસ વ્યાકરણ જાણનાર મોટો પંડિત થાય છે. ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૯૯. ન્યાય શાસ્ત્રી યોગ

ધન ભાવનો સ્વામિ જે, ગુરુ યા શુક્ર જો હોય ।
સૂર્ય મંગળ દૃષ્ટિ થકી, ન્યાયવંત નર જોય ॥ ૧ ॥

**અર્થ**—ધન ભાવનો સ્વામી ગુરૂ અથવા શુક્ર હોય ને તેના ઉપર સૂર્ય ને મંગળની દૃષ્ટિ હોય તો તે માણુસ ન્યાય કરવાવાળો ન્યાયવંત થાય છે. ॥ ૧ ॥

## ૧૦૦. યજ્ઞકારક યોગ

દશમે ભાવે બુધ વસે, દસમેશ નવમે જાય ।
પાપ રહીત શુભ દૃષ્ટિથી, યજ્ઞ યોગ તો થાય ॥ ૧ ॥
દશમેશ સ્વામિ બુધ ઊચનો, નવમે વાસ કરંત ।
પાપિ દૃષ્ટિ સંગ બિન; યજ્ઞ યોગ કહંત ॥ ૨ ॥

**અર્થ**—દશમા ભાવમાં બુધ હોય, દશમાનો સ્વામી નવમા ભાવમાં હોય, પાપ ગ્રહો સાથે ન હોય, ને શુભ ગ્રહોની દૃષ્ટિ હોય, તો તે માણુસ યજ્ઞ કરનારો થાય છે. ॥૧॥

દશમા ભાવનો સ્વામિ બુધ હોય ને તે ઊંચનો થઈ નવમા ભાવે હોય ને પાપગ્રહોની દૃષ્ટિ તેમ ભેગો ન હોય તો યજ્ઞ કરવાવાળો થાય છે. ॥ ૨ ॥

## ૧૦૧. ધર્મિષ્ટ યોગ

ચાર નવ કે દસના, સ્વામિ કેન્દ્રિ જાય ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્ણ સમ દાની બને, ગુરૂ દષ્ટિ દ્વાદશ થાય ॥ ૧ ॥
નવમેશ સ્વગ્રહી ઊંચનો, શુભજો દષ્ટિ દેત ।
વિક્રમ સમદાની બને, ધર્મ તણો રસ લેત ॥ ૨ ॥

**અર્થ**—ચોથા, નવમા, દશમાના સ્વામી કેન્દ્રસ્થાન (૧, ૪, ૭, ૧૦,) માં હોય અને ગુરૂની દષ્ટિ બારમાના સ્વામી પર હોય તો, કર્ણ સમાન, દાન દેવાવાળો થયા છે.

નવમા ભાવનો સ્વામી સ્વગ્રહી કે ઊંચનો હોય, અને શુભગ્રહની દષ્ટિ હોય તો એ માણસ વિક્રમ સમાન દાન આપનારો અને ધર્મને જાણનારો થાય છે. ॥ ૨ ॥

## ૧૦૨. બ્રહ્મઘાતિક યોગ

સૂર્ય સંગે મંગળ વસે, યા શનિ સંગે ગુરૂ જાણ ।
અઠાવીસમા વર્ષમાં, બ્રહ્મ ઘાત તો થાય ॥ ૧ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં સૂર્ય સાથે મંગળ હોય અથવા શનિ સાથે ગુરૂ હોય તો અઠ્ઠાવીસ વરસમાં બ્રહ્મઘાત કરનારો થાય છે. ॥ ૧ ॥

## ૧૦૩. જાતિભ્રષ્ટ યોગ

નીચ રાશિએ પાપગ્રહ, લગ્ને જઇ પટકાય ।
શનિ રાહુ બારે જતાં, દારૂડિ નર થાય ॥ ૧ ॥
પાંચે રાહુ મંગળો, ધનમાં શનિ જો જાય ।
શશી ભાનુ અષ્ટે વસે, વિસ વર્ષે મદિરા ચા'ય ॥ ૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજે શનિ આઠે શશિ, કરતા જઇને વાસ ।
બ્રહ્મ કુળમાં ઊપનિ, કરે નીચનાં કાજ ॥ ૩ ॥
લગ્ને યા આઠે શનિ, ચારે મંગળ જાણ ।
જાતિ ભ્રષ્ટ એ જાણીયે, પાપી નર એ માન ॥ ૪ ॥
લગ્નેશ જ્યાં બારે વસે, શનિ સંગમાં હોય ।
લગ્ને રાહુ આવતાં, જાતિ ભ્રષ્ટ તો જોય ॥ ૫ ॥
મંગળ ક્રુરનિ દ્રષ્ટિયે, બીજા ભાવે જાણ ।
નહી ખાવાનુ ખાય એ, નીચ વૃત્તિ નર માન. ॥ ૬ ॥

**અર્થ**—જેની કુંડળીમાં નીચ રાશિનો પાપગ્રહ લગ્નમાં હોય, ને શનિ, રાહુ બારમા ભાવમાં હોય તો તે માણસ દારૂડીયો થાય છે. ॥ ૧ ॥

પાંચમા ભાવમાં રાહુ ને મંગળ હોય, ધન ભાવમાં શનિ હોય, ને ચંદ્ર, સૂર્ય આઠમા ભાવમાં હોય તો વીસ વરસમાં દારૂ પીનારો થાય છે. ॥ ૨ ॥

બીજા ભાવમાં શનિ ને આઠમા ભાવમાં ચંદ્રમા હોય તો બ્રાહ્મણ કુળમાં જન્મ થાય તોપણ નીચ કામ કરનારો થાય છે. ॥ ૩ ॥

લગ્ન અથવા આઠમા ભાવમાં શનિ હોય, અથવા ચોથા ભાવમાં મંગળ હોય, તો એ માણસ જાતિભ્રષ્ટ થતાં પોતાની જાતથી હીન થાય છે. ॥ ૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો સ્વામી બારમા ભાવમાં શનિ સાથે હોય, ને લગ્નમાં રાહુ હોય તો તે માણસ જાતિભ્રષ્ટ થાય છે. ॥ ૫ ॥

મંગળ પાપગ્રહોની દૃષ્ટિમાં બીજા ભાવમાં હોય તો તે માણસ નહિ ખાવાની વસ્તુ ખાય છે અને નીચ વૃત્તિ-વાળો થાય છે. ॥ ૬ ॥

## ૧૦૪. વંશનાશ યોગ

એક પંચ અષ્ટ બારમાં, યા એક આઠને બાર ।
પાપિ ગ્રહો જઈ વસે, વંશ નાશ તો થાય ॥ ૧ ॥
એક આડને બારમાં, પાપિ વાસ જો હોય ।
પંચમ ભાવે ચંદ્રમા, વંશ નાસ્તિ જોય ॥ ૨ ॥
પંચ અષ્ટ ને બારમા, પાપ જો પટકાય ।
વંશ નાશ તેનો થશે, આશા નિષ્ફળ થાય ॥ ૩ ॥
લગ્ને પાપિ લગ્નેશ પંચમે, ચોથે ચંદ્ર જાય ।
પંચમેશ નિર્બળ થયે, વંશ નાસ્તિ થાય ॥ ૪ ॥
શુક્ર સંગ બુધ સાતમે, ચંદ્રથી અષ્ટમે પાપિ હોય ।
ચોથે પાપી પંચમ ગુરૂ, વંશ નાસ્તિ જોય ॥ ૫ ॥
લગ્ને ગુરૂ શશી સંગમાં, સાતે મંગળ કે શનિ હોય ।
બાકી પાપી ચોથે વસે, વંશ નાસ્તિ જોય ॥ ૬ ॥
લગ્ને જીવા જઇ વસે, ધનમાં શનિ જો જાય ।
સાતે પાપી ઘર કરે, વંશ નાસ્તિ થાય ॥ ૭ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

એક સાત ને બારમાં, પાપી ગ્રહ જો હોય ।
શુભ સંગ દૃષ્ટિ વિના, વંશ નાસ્તિ જોય ॥ ૮ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં પહેલા, પાંચમા, આઠમા ને બારમા, અથવા પહેલા, આઠમા અને બારમા ભાવનાં પાપગ્રહો હોય તો વંશનો નાશ થાય છે. ॥ ૧ ॥

પહેલા, આઠમા અને બારમા ભાવમાં પાપગ્રહો હોય ને પાંચમા ભાવમાં ચંદ્રમા હોય, તો વંશનો નાશ થાય છે. ॥ ૨ ॥

પાંચમા, આઠમા, ને બારમા ભાવમાં પાપ ગ્રહો હોય, તો વંશનો નાશ થાય છે. ॥ ૩ ॥

લગ્નમાં પાપ ગ્રહો હોય, લગ્નનો સ્વામી પાંચમે હોય, ચોથા ભાવમાં ચંદ્રમા હોય, અને પાંચમા ભાવે શનિ નિર્બળ હોય તો વંશનો નાશ થાય છે. ॥ ૪ ॥

શુક્ર સાથે બુધ સાતમા ભાવમાં હોય, ચંદ્રથી આઠમા ભાવમાં પાપ ગ્રહો હોય, પાંચમા ભાવમાં ગુરૂ હોય તો વંશનો નાશ થાય છે. ॥ ૫ ॥

લગ્નમાં ગુરૂ, ચંદ્ર સાથે હોય સાતમા ભાવમાં મંગળ અથવા શનિ હોય, અને બીજા પાપ ગ્રહો ચોથા ભાવમાં હોય તો વંશનો નાશ થાય છે. ॥ ૬ ॥

લગ્નમાં ગુરૂ હોય, અને બીજા ભાવમાં શનિ હોય અને સાતમા ભાવમાં પાપ ગ્રહો હોય તો વંશનો નાશ થાય છે. ॥ ૭ ॥

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

પહેલા સાતમા ને બારમા ભાવમાં પાપ ગ્રહો શુભ ગ્રહોની દૃષ્ટિ રહીત હોય તો વંશનો નાશ થાય છે. ॥૮॥

## ૧૦૫. દત્તક પુત્ર લેવા વિષે

લગ્નેશ જઇ પાંચે વસે, યા પંચમ લગ્ને જાય ।
પરપુત્ર ખોળે લઇ, મનથી બહુ હરખાય ॥ ૧ ॥
એક અને પંચમ ધણી, ખટ અષ્ટ બારમાં જાય ।
શુભ ગ્રહ દ્રષ્ટિ યોગથી, દત્તક પુત્ર પાય ॥ ૨ ॥
પાપ રાશિમાં ચંદ્રમા, પંચમ નવમે જાય ।
લગ્નેશ નવ યા પંચથી દત્તક પુત્ર થાય ॥ ૩ ॥
પંચમ શનિ ચંદ્ર દષ્ટિયે, દત્તક પ્રજા પાય ।
બુધ દષ્ટિના યોગથી, વેચાણ પુત્ર રખાય ॥ ૪ ॥

**અર્થ**—જેની જન્મ કુંડળીમાં લગ્નનો સ્વામી પાંચમા ભાવમાં હોય, અથવા પાંચમા ભાવનો સ્વામી લગ્નમાં હોય, તો બીજાના છોકરાને ખોળે લઈને બહુ આનંદ કરે છે. ॥ ૧ ॥

પહેલા અને પાંચમા ભાવનો સ્વામી છઠ્ઠા, આઠમાને બારમા ભાવમાં શુભ ગ્રહોની દૃષ્ટિમાં હોય તો દત્તક પુત્ર લેવો પડે છે. ॥ ૨ ॥

પાપ ગ્રહની રાશિમાં ચંદ્રમા હોય, ને પાંચમાનો સ્વામી નવમા ભાવમાં હોય, અને લગ્નનો સ્વામી નવમા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અથવા પાંચમા ભાવમાં હોય તો દત્તક પુત્ર લેવો પડે છે. ॥ ૩ ॥

પાંચમા ભાવે શનિ અને ચંદ્રની દ્રષ્ટિ હોય તો દત્તક પુત્ર અને બુધની દૃષ્ટિ હોય તો વેચાણ પુત્ર રાખવાનો યોગ થાય છે. ॥ ૪ ॥

## ૧૦૬. નિવારસી મિલકત મળવા વિષે

ઊંચ ગુરૂ અષ્ટમ ભાવમાં, પૂર્ણ બળી જો હોય ।
લગ્ન થકી યા વિલથી, લક્ષ્મિ મળશે જોય ॥ ૧ ॥
વરખ તુલા કે મિનમાં, અષ્ટમે શુક્ર થાય ।
લગ્ન થકિ લાભ જ કરે, યા વિલથી લક્ષ્મિ પાય ॥ ૨ ॥
ચોથે શનિ હોય ઊંચનો, યા સ્વગ્રહિ હોય ।
સ્થાવર મિલકત ભોગવે, ઓચિંતિતો જોય ॥ ૩ ॥
ચોથે સ્થાને ઊંચનો, જો શુક્ર વાસ કરંત ।
મંગળ દૃષ્ટિ બીન યોગથી, વારસે લક્ષ્મિ મિલંત ॥ ૪ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં ઊંચનો ગુરૂ આઠમા ભાવમાં પૂર્ણ બળવાન હોય તો લગ્નથી અથવા વીલથી લક્ષ્મી મળે છે. ॥ ૧ ॥

આઠમા ભાવમાં વરખ, તુલા કે મીન રાશિમાં શુક્ર હોય તો સાસરીયા તરફથી યા કોઇ નિરવંશિયા તરફથી લાભ મળે છે. ॥ ૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ચોથા ભાવમાં શનિ ઊંચનો હોય અથવા સ્વગ્રહી હોય તો ઓચીંતી કોઇના તરફથી સ્થાવર મિલકતનો વારસો મળે છે. ॥ ૩ ॥

ચોથા ભાવમાં શુક્ર ઊંચનો હોય ને મંગળની દૃષ્ટિ ન હોય તો કોઇના વારસપણામાં લક્ષ્મી મળે છે. ॥૪॥

## ૧૦૭. પરપુરૂષથી પુત્ર થવા વિશે

બુધની રાશિ પંચમે, નવમાંશે તે હોય ।
પરવીર્ય પતિ લીયે, પુત્ર મુખતો જોય. ॥ ૧ ॥
શનિ રાશિ પંચમે, નવમાંશે તે થાય ।
બુધ દૃષ્ટિ ભુ ભાનુ બિન, પરવીર્યે પુત્ર પાય ॥ ૨ ॥

**અર્થ**—જન્મકુંડળીમાં બુધની રાશિ, ૩ યા ૬ પાંચમા ભાવે હોય, ને નવમાઊંસ કુંડળીમાં પણ તે પાંચમે હોય, તો તેની સ્રીને પરપુરુષના સંબંધ સિવાય પુત્રની પ્રાપ્તિ પોતાના પુરુષથી થતી નથી. ॥૧॥

જન્મકુંડળીમાં પાંચમા ભાવે શનિની રાશિ ૧૦ યા ૧૧ મી હોય ને નવમાઊંસ કુંડળીમાં પણ તે પાંચમે ભાવે હોય, ને તેના ઉપર બુધની દૃષ્ટિ હોય, ને મંગળની કે સૂર્યની દૃષ્ટિ ન હોય તો તે પુરુષની સ્રીને પર પુરુષને સેવ્યા સિવાય પુત્રની પ્રાપ્તિ પોતાના પુરુષથી થતી નથી. ॥ ૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૦૮. બંધીખાન પડવા વિશે

તનું ખટના સ્વામી જે, શનિ સંગે કેન્દ્રિ જાય ।
અથવા ત્રિકોણે પડે, બંધિ ખાના નરં પાય ॥ ૧ ॥
રાહુ કેતુ સંગમે, લગ્નેશ અને ખટ થાય ।
કેન્દ્રિ ત્રિકોણે જો ચડે, બેડી શું બંધાય ॥ ૨ ॥
બે પાંચ નવ કે બારમાં, પાપી જો પટકાય ।
ચંદ તલક નિશ્ચય કરે જાય જેલ કે દ્વાર ॥ ૩ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં લગ્નનો સ્વામિ છઠ્ઠા ભાવના સ્વામિ સાથે હોય, શનિ કેન્દ્ર સ્થાનમાં એટલે ૧, ૪, ૭ કે ૧૦ મા ભાવમાં અથવા ત્રિકોણમાં એટલે ૫ મા કે ૯ મા ભાવમાં હોય તો એ માણસ બંધીખાનામાં પડે છે. ॥ ૧ ॥

રાહુ અથવા કેતુ સાથે લગ્નનો સ્વામિ અને છઠ્ઠાનો સ્વામિ ૧, ૪, ૭, ૧૦, ૯ કે પાંચમા ભાવે હોય તો, બેડી સાથે જેલમાં જવું પડે છે. ॥ ૨ ॥

જન્મકુંડળીમાં બીજા, પાંચમા, નવમા અને બારમા ભાવમાં પાપગ્રહો હોય તો કર્તા નિશ્ચે કરીને કહે છે કે તે માણસને જેલમાં એટલે કેદખાનામાં જવું પડે છે. ॥ ૩ ॥

## ૧૦૯. ફાંસીયે જવા વિશે

એક પાંચ કે નવમાં, જો ચંદ્ર કરે જઇ વાસ ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્ર સંગે પાપિ મળે, એ નર ને ફાંસી પાસ ॥ ૧ ॥
આઠે ઘર કરે ચંદ્રમા, શુભની મધ્યે ન હોય ।
પડવાથી યા અગ્નિથી, ફાંસાથી મર્ણ જોય ॥ ૨ ॥
મકર કુંભે ચંદ્ર તો, સંગ પાપીનો થાય ।
ફાંસાથી યા અગ્નિથી, મૃત્યુ નિશ્ચે પાય ॥ ૩ ॥

**અર્થ**—પહેલા, પાંચમા કે નવમા ભાવમાં ચંદ્ર હોય ને ચંદ્ર સાથે પાપગ્રહ હોય તો એ માણસ ફાંસીની શિક્ષાએ જાય છે. યા ગળે પાસ (ફાસો) ખાવાથી મરણ પામે છે. ॥ ૧ ॥

આઠમા ભાવમાં ચંદ્રમા શુભ ગ્રહોની મધ્યમાં ન હોય તો પડવાથી અથવા અગ્નીથી અથવા ફાંસીથી યા ફાંસાથી મરણ થાય છે. ॥ ૨ ॥

મકર, કે કુંભ રાશિમાં ચંદ્રમા પાપગ્રહોના ભેગો હોય તો ફાંસીથી અથવા અગ્નીથી મૃત્યુ થાય છે. ॥ ૩ ॥

## ૧૧૦. રાજ્યમાં દંડ ભરવા વિશે.

એકાદસે મંગળ વસે, બીજે રાહુ જાણ ।
રાજ્ય થકી દંડ ભોગવે, આખર દુખિયો માન ॥ ૧ ॥
જન્મ લગ્ને શનિ વસે, યા શનિ દૃષ્ટિ જે હોય ।
ચોર ઠગારા ભય કરે, યા રાજ્ય થકી ભય જોય ॥ ૨ ॥

**અર્થ**—અગીયારમા ભાવમાં મંગળ હોય, બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવમાં રાહુ હોય તો રાજ્ય તરફથી દંડ ભોગવી છેવટે દુઃખી થાય છે. ॥ ૧ ॥

લગ્નમાં શનિ હોય અથવા શનિની દૃષ્ટિ હોય તો ચોરલોકોથી કે ઠગારાઓથી ભય થાય છે અથવા રાજ્યનો ભય આવી પડે છે. ॥ ૨ ॥

## ૧૧૧. નાતિ જાતિથી દૂર થવા વિશે.

લગ્નેશ ખટમાં જઇ વસે, ખટ દૃષ્ટિ યા સંગ થાય ।
નાત થકી પીડા થશે, દંડ ભરે સુખ પાય ॥ ૧ ॥
ખટ સ્વામિ ગુરૂ શુક્રરો, લગ્ને વાસ કરંત ।
રાહુ શનિ મંગળ દૃષ્ટિયે, નાતથી દૂર રહંત ॥ ૨ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં લગ્નનો સ્વામી છઠ્ઠો ભાવમાં હોય, અને છઠ્ઠા ભાવના સ્વામીની તેના ઉપર દૃષ્ટિ હોય અથવા ભેગો હોય તો નાત તરફથી દંડ ભોગવવો પડે છે. ॥૧॥

છઠ્ઠાનો સ્વામી ગુરૂ અથવા શુક્ર લગ્ને હોય અને રાહુ કે શનિની દ્રષ્ટિ હોય તો એ માણુસ નાતથી ત્યજાય છે. અર્થાત નાતથી દૂર (નાત બહાર) થાય છે. ॥ ૨ ॥

## ૧૧૨. નાતિથી આજીવિકા ચાલવા વિશે.

લગ્નેશ શુભ ગ્રહ સંગમાં, હરકોઈ ભાવે થાય ।
ખટમાં જઈ ચંદ્ર વસે, યા શુભ બીજે કોઇ જાય ॥૧॥

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

કેન્દ્રિ ત્રિકોણમાં, જો બુધં જઇ વસંત ।
ચંદ તલક એમ જ કહે, એનુ પોષણ નાત કરંત ॥૨॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં લગ્નને સ્વામી શુભ ગ્રહ સાથે કોઈ પણ ભાવમાં હોય અને છઠ્ઠા ભાવમાં ચંદ્ર અથવા કોઈ પણ શુભગ્રહ હોય, અને કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) સ્થાનમાં કે ત્રિકોણ. (૫,૯,)માં બુધ હોય તો તે પુરૂષનું પોષણ અર્થાત આજીવીકા નાત તરફથી ચાલે છે. ॥૧-૨॥

## ૧૧૩. પ્રવ્રજ્યા (દિક્ષા) યોગ.

જે માણસની જન્મકુંડળીમાં નીચે પ્રમાણેનો પ્રવ્રજ્યા યોગ થયો હોય તો તે માણસ પ્રવ્રજ્યા એટલે દિક્ષા લઈ વેરાગી સાધુ કે સંન્યાસી થાય એમ સમજવું.

ગ્રહૈ શ્રતુર્ભિદિ પંચભિર્વા ષડ્ભિસ્તથૈ કાલય સંસ્થિતૈશ્ચ ।
નશ્યંતિ સર્વે ખલુ રાજયોગાઃ પ્રવ્રાજકો યોગઇતિ પ્રદિષ્ટઃ ॥૧॥

**અર્થ**—જે મનુષ્યની જન્મકુંડળીમાં એકજ રાશિમાં ચાર, પાંચ, છ, કે સાત ગ્રહો બળવાન થઈને બેઠા હોય તો તેને બળવાન થયેલો પણ રાજયોગ નષ્ટ થઈ ત્યાગ યોગ થતો હોવાથી તે માણસ ત્યાગી થાય છે. ॥ ૧ ॥

વિશેષ—આ પ્રવ્રજ્યા યોગમાં એક ગ્રહ બળવાન હોય અને બીજા નિર્બળ હોય તો તે માણસ એક જાતની દિક્ષા લેશે, એને બે ગ્રહ બળવાન હોય તો બે જાતની, એ રીતે જેટલા ગ્રહ બળવાન હોય તેટલી જાતની દિક્ષા તે માણસ લેશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાં વધુ જાતની દિક્ષા એક પછી એક દિક્ષા મુકી બીજી દિક્ષા લે એમ સમજવું.

## શાર્દુલ વિક્રીડીત છંદ

અકસ્થૈશ્ચતુરાદિ ભિર્બલયુ તૈર્જાતઃ પૃથગ્વીયયગઃ
સાક્યા જીવીકભિક્ષુવૃદ્ધ ચરકા નિર્ગ્રન્થ વન્યાશના ।
માહેયજ્ઞ ગુરૂક્ષ પાકરશીત પ્રાભા કરીનૈઃ ગ્કમાત પ્રવ્રજ્યા
બલિભિઃ સમાઃ પરજિતૈસ્તત્સ્વાભિમિઃ પ્રચ્યુતિ ॥ ૨ ॥

અર્થ—જેની જન્મકુંડળીમાં સૂર્ય બળવાન હોય તો વનમાં રહેનારા અને ફળફુલ ખાનારા તપસ્વિની દીક્ષા લેવરાવે છે. ચંદ્ર બળવાન હોય તો શ્રાવક, કાપાલિક અને ખપર માંગનારની યા કાંનફટા કે શૈવની દીક્ષા લેવરાવે છે મંગળ ભગવાં વસ્ત્ર પેરનાર શાક્યની દીક્ષા લેવરાવે છે. ગુરૂ સન્યાસી કે યતિની દીક્ષા લેવરાવે છે. બુધ અચાનક દીક્ષા લેવરાવે છે. શુક્ર શરીર ઉપર ચક્ર વિગેરે નિશાનીઓ ધારણ કરનારની દીક્ષા લેવરાવે છે. અને શનિ, દિગમ્બરી (કપડાં વગરની દીક્ષા લેવરાવે છે) એમ સમજવું.

ઉપર પ્રમાણે પ્રવજ્યા યોગ કરનારા ગ્રહો પોતપોતાની મહાદશા, અંતરદશામાં દીક્ષા લેવરાવે છે. ॥ ૨ ॥

## વૈતાલીક છંદ

રવિ લુપ્ત કરૈર દીક્ષીતા
બલી ભિસ્ત સ્તન્દન ભક્તયો નરાઃ ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિ યા ચિત માત્ર દીક્ષીતા
નિહ તૈરન્ય નિરીક્ષિ તૈ રપિ ॥ ૨ ॥

**અર્થ**—પ્રવ્રજ્ય યોગ કરનારો ગ્રહ બળવાન હોય પણ પરાજ્ય પામેલો હોય તો દીક્ષા લેવરાવે પણ પાછળથી તે દીક્ષા મુકી દેવરાવે. પણ તે ગ્રહ ઉપર કોઈ ગ્રહની દૃષ્ટિ હોય તો આ માણસ મનમાં દીક્ષા લેવાનો વિચાર કરે પણ દીક્ષા લે નહિ. ॥ ૩ ॥

## માલિની છંદ

જન્મેશોન્યૈર્યદ્યદૃષ્ટોર્કપુત્રંપશ્યત્યાર્કિજ્જર્જન્મપંલાબલોનમ્ ।
દીક્ષાંપ્રાન્યોત્યકિંદ્રેષ્કાણ સંસ્થે ભૌમાકર્યશે સૌરદૃષ્ટેચંદ્રો ॥૪॥

સુર ગુરૂ શશિ હોરા સ્વાર્કિ દૃષ્ટા સુધર્મો
ગુરૂ રથ નૃપચીનાં યોગ જસ્તીર્થ કૃત્સ્યાત્ ।
નવન ભવન સંસ્થે મન્દગે ન્યૈર દૃષ્ટે
ભવતિ નરપ યોગે દીક્ષીતઃ પર્થિપેન્દ્ર ॥ ૫ ॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં કોઈપણ જાતનો રાજયોગ થયો હોય, તેની જન્મકુંડળીમાં નવમા ભાવે શનિ રહેલો હોય, અને તેને બાકીના ગ્રહો દેખતા હોય તો તે માણસ રાજા છતાં પણ ત્યાગી થાય છે. રાજયોગ થયો હોય તેવા માણસની જન્મકુંડળીમાં ગુરૂ નવમા ભાવે બેઠો હોય અને શનિ, લગ્ને, ગુરૂ તથા ચંદ્રમાને દેખતો હોય તો આ રાજા તિર્થ યાત્રા કરનાર તથા શાસ્ત્રોનો બનાવનાર થાય

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

છે. જન્મકુંડળીમાં બળ વગરના જન્મ પતિને, બળવાન શનિ દેખતો હોય તો આ માણસ ત્યાગી થાય છે. જન્મકુંડળીમાં ચંદ્રમાની રાશિના સ્વામિને જન્મપતિ કહે છે. જન્મપતિને કોઈ ગ્રહો દેખતા ન હોય પણ શનિને જન્મપતિ દેખતો હોય તો આ માણસ ત્યાગી થાય છે. દષ્કાણ કુંડળીમાં ચંદ્રમા મકર કે કુંભ રાશિનો હોય, અને નવમાંશ કુંડળીમાં મેષ, વૃશ્ચિક, કુંભ કે મકર રાશિનો હોય તેમ તેને શનિ શિવાય બીજા ગ્રહ દેખાતા ન હોય અને જન્મકુંડળીમાં ચંદ્રમા ગમે તે રાશિનો હોય તો આ માણસને શનિ પોતાની દીક્ષા લેવરાવે છે. ॥ ૪-૫ ॥

રિફ્ઃ ધીશે પાપ ષષ્ઠયંશયાતે પાપૈર્દષ્ટે નારકં લોકમેતિ ।
રાહૌ રિઃફે માન્દિ રન્ધ્રેશ યુક્તે શત્રુસ્થાનસ્વામિદષ્ટે તથાસ્યાત્ ॥

**અર્થ**—બારમા ભાવનો સ્વામી પાપગ્રહ અષ્ટ અંશમાં રહ્યો હોય ને તેને પાપગ્રહો જોતા હોય તો મરણ પામેલો નર્કમાં જાય છે, ને રાહુ બારમે માંદિ ને આઠમા ભાવના સ્વામી ભેગો હોય ને છઠ્ઠા ભાવનો સ્વામિ તેને જોતો હોય તો પણ નર્કલોકમાં જાય છે. ॥ ૩ ॥

ઉચ્ચસ્થે શુભખેચરે વ્યયગતે પાપગ્રહૈઃ શોભનૈઃ ।
સન્દષ્ટે શુભવર્ગકે ચ વિપુલં સ્વર્ગાદિ ભોગંવદેત્ ॥

કર્મ સ્થાનપતૌ પુરન્દરગુરૌ રિઃફોપયાતેઽથવા ।
સૌમ્ય વ્યોમ નિવાસ દ્રષ્ટિ સહિતે તસ્યામરત્વંભવેત્ ॥ ૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

પુસ્તક સંગ્રહ.

**અર્થ**—જો એક ઉચ્ચનો શુભગ્રહ બારમા ભાવે હોય યા શુભ ગ્રહની રાશિનો થઈ બારમે હોય ને તેને શુભ તથા પાપ ગ્રહો જોતા હોય તો તેને સ્વર્ગમાં અત્યંત સુખ મળે છે ને જો દશમા ભાવનો સ્વામી ગુરૂ હોય ને તે બારમા ભાવે શુભ ગ્રહની દૃષ્ટિમાં હોય તો તે સ્વર્ગમાં અમરપદને પામે છે. ॥ ૪ ॥

બૃહસ્પતૌ ચાપ નવાંશ કસ્થે બલાન્વિતે કર્કટ લગ્નયાતે ।
ત્રિભુશ્ચતુભિઃસહ કેંન્દ્રેષુ નભશ્ચરૈ બ્રહ્મપદં પ્રયાતિ ॥૫॥

**અર્થ**—જ્યારે ગુરૂ બળવાન થઇ ધન રાશિના નવમાંશમાં હોય ને જન્મમાં કર્ક રાશિનો ગુરૂ લગ્ને હોય ને ત્રણ અથવા ચાર ગ્રહો કેંદ્રમાં હોય તો બ્રહ્મપદને પામે છે. ॥૫॥

ધનુર્વિલગ્ને યદિ તુંબરાંશકે લગ્નેગુરૌ દાનવ પૂજિતેઽસ્તે ।
કન્યાગતે શીત કરે બલાન્વિતે પરંપદં લોકમુપૈતિ શાશ્વતમ્

**અર્થ**—જો ધનરાશિનું લગ્ન હોય ને નવમાંસ લગ્નમાં મેષનો ગુરૂ હોય, શુક્ર સાતમે હોય, ને બળવાન ચંદ્રમા કન્યા રાશિનો હોય તો તે માણસ પરંપદને પામે છે. ॥૬॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# યોગા ન યોગફળ અધિકાર—૧૬ મો.

## ૧૧૪. ગજકેસરી યોગ

ઊપજાતિ. વૃ.

केन्द्र स्थिते देवगुरौमृगांका द्योगस्तदाहुर्गजकेसरीती ।
दृष्टेसुतेर्वेद सुतःशशांके नीचास्तहीवैर्गजकेसरीस्यात् ॥१॥

(૧) ચંદ્રથી કેન્દ્રમાં ગુરૂ હોય તો ગજકેસરી યોગ થાય છે. (૨) ચંદ્રને શુક્ર, ગુરૂને બુધ જોતા હોય ને તે જોનારા ગ્રહો નીચ અસ્તરહિત હોય તો ગજ કેસરી યોગ થાય છે.

गजकेसरीसंजात स्तेजस्वी धनवानभवेत् ।
मेधावीगुणसंपन्नो राजप्रियकरोभवेत् ॥२॥

**અર્થ**—આ યોગમાં જન્મેલો તેજસ્વી ધનને અનાજ-વાળો બુદ્ધિવાળો–ગુણવાન ને રાજનું ભલું ચાહનાર થાય છે.

## ૧૧૫. અમલા યોગ

यस्य जन्मसमये शशिलग्नात् सद्गृहेयदिच जन्मनिसंस्थः ।
तस्य कीर्तिरमलासुवितिष्टेदायु षोन्तमविनाशनसंपत् ॥३॥

**અર્થ**—ચંદ્રથી દશમા ઘરમાં શુભગ્રહ હોય તો અમલા યોગ થાય ને તેની પવિત્ર કીર્તિ પૃથ્વીપર ફેલાય છે અને જીવે ત્યાં સુધી સંપત્તિનો નાશ થતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लग्नाद्वा चन्द्रलग्नाद्वा दशमेशुभसंयुते ।
योगोयममलानाम कीर्तिराचन्द्रतारकी ॥४॥

**અર્થ**—લગ્નથી અથવા ચંદ્રથી દશમા ઘરમાં કોઈ શુભગ્રહ હોય તો અમલા યોગ થાય. આ યોગમાં જન્મેલો માણસ ચંદ્રને તારાઓ જ્યાં સુધી છે ત્યાં સુધી કીર્તિ ભોગવે છે.

राज्यपूज्यो महाभोगी दाताबन्धुजनप्रियः ।
परोपकारी गुणवान मलायोग संभवः ॥५॥

**અર્થ**—અમલા યોગમાં રાજાથી બહુમાન પામનાર, બહુ ભોગ ભોગવનાર, દાન આપનાર, સગાં સંબંધીને વ્હાલો, પરોપકારી ને ગુણવાન થાય છે.

## ૧૧૬. શુભાશુભ યોગ

ઊપજાતિ. વૃ.

शुभांशुभाढयेयदिजन्मलग्ने शुभाशुभाख्यौभवतस्तदानीम् ।
व्ययस्वगैः पापशुभैर्विलग्नात् पापाख्यसौम्यग्रहकर्तरीच ॥६॥

**અર્થ**—લગ્નમાં શુભગ્રહ હોય તો શુભયોગ થાય છે, શુભયોગમાં ભાષણ કરનાર સારાસ્વભાવવાળો રૂપવાન ગુણવાન થાય છે.

शुभ योगभवोवाग्मी रुपशीलगुणान्वितः ।
पापयोगोद्भवकामी पापकर्मपरार्थयुक् ॥७॥

લગ્નથી બારમે અને બીજે શુભગ્રહ હોય તો શુભ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્તરિ યોગ થાય છે તે યોગમાં જન્મેલો તેજસ્વી ધનવાન ને બળવાન થાય છે. લગ્નથી બારમે અને બીજે પાપગ્રહો હોય તો અશુભકર્તરી યોગ થાય છે તેમાં જન્મેલો, પાપી ભીખ માગી ખાનાર ને મલીન થાય છે.

## ૧૧૭. પર્વત યોગ

ઉપજાતિ. વૃ.

सौम्येषुकेन्द्रगृहगेषुसयत्नरंध्रे,
शुद्धेऽथवाशुभयुतेयदिपर्वतःस्यात् ।
लग्नांत्यपौयदिपरस्परकेन्द्रयातौ,
मित्रेक्षितैर्भवतिपर्वतनामयोगः ॥८॥

શુભગ્રહો કેન્દ્રમાં હોય ને આઠમા કે છઠ્ઠા સ્થાનમાં શુભગ્રહ હોય કે ન હોય તો પર્વત યોગ થાય છે.

भाग्यान्वितः पर्वतयोगजातो विद्याविनोदाभिरतःप्रदाता ।,
कामी परस्त्रीजनकेलिलोल स्तेजोयसस्वोपुरनायकःस्यात् ॥९॥

**અર્થ**—લગ્નનો સ્વામી ને બારમાનો સ્વામી પરસ્પર કેન્દ્રમાં હોય ને મિત્રગ્રહો દેખતા હોય તો તે યોગ થાય છે. આ પર્વત યોગમાં ભાગ્યશાળી, વિદ્યા-વિનોદમાં પ્રીતિવાળો, દાન આપનાર, કામી, પારકી સ્ત્રીઓની મશ્કરી કરવામાં ચતુર, તેજસ્વી યશવાળો, શહેરમાં આગેવાન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૧૮. કાહલ યોગ

ઊપજાતિ. વૃ.

अन्योन्यकेंद्रगृहगौ गुरुबंधुनाथौ लग्नाधिपेबलयुतेयदिकाहलःस्यात् ।
कर्मेश्वरेणसहितेतुविलोकितेवा स्वाच्चेस्वकेसुखपतौयदिताक्रशः
स्यात् ॥१०॥

**અર્થ**—નવમા ને ચોથાનો સ્વામી એક બીજાથી કેન્દ્રમાં હોય અને લગ્નનો સ્વામી બળવાન હોય તો કાહલ યોગ છે. (૨) ચોથાનો સ્વામી ઉચ્ચ રાશિનો અથવા પોતાની રાશીનો હોય ને દશમાનો સ્વામી સાથે હોય કે જોતો હોય તો કાહલ યોગ થાય છે.

ओजस्वी साहसीमूर्ख श्वतुरंगवलैर्युतः ।
यत्कींचिद्ग्रामनाथस्तु जातःस्यात्काहलेनरः ॥११॥

**અર્થ**—કાહલ યોગમાં જન્મેલો બળવાન, સાહસી. મૂર્ખ, ઘોડેસ્વાર ને પગે ચાલનાર વિગેરે સેનાવાળો કોઈ ગામનો સ્વામી થાય.

## ૧૧૯. માલિકા યોગ

ઊપજાતિ. વૃ.

लग्नादिसप्तगृहगायदिसप्तखेटा जातोमहिपतिरनेकग श्चनाथ ।
वित्तादिगेनिधिपतिः पितृभक्तियुक्तो धीरोग्ररुपधनवान्नरः
चक्रवर्ति ॥१२॥

**અર્થ**—લગ્નથી સાત ઘરમાં અનુક્રમે સાતે ગ્રહો હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો તે માલિકા યોગ થાય છે ને તેમાં જન્મેલો બહુ હાથી ઘોડાવાળો રાજા થાય છે.

जातो यदा विक्रममालिकायां भूपः सशूरो धनिकश्चरोगी।
सुखाविकाचेद्बहुदेशभाग्य भोगीमहादान परोमहीषः ॥ १३ ॥

**અર્થ**—બીજા ભાવથી અનુક્રમે સાત ઘરમાં સાતે ગ્રહો હોય તો બીજો માલિકા યોગ થાય છે. તેમાં જન્મેલો પૈસાના ભંડારનો સ્વામી, માબાપની સેવા કરનાર, ધીરજવાન, ક્રોધી, રૂપવાન, ગુણવાન ને પુરૂષોમાં ચક્રવર્તિ જેવો થાય છે. એજ પ્રમાણે ત્રીજા ભાવથી માલિકા યોગ થયો હોય તો રાજા જેવો શુરવીર ધનવાન ને રોગી થાય છે. એજ પ્રમાણે ચોથા ભાવથી માલિકા યોગ થયો હોય તો બહુ દેશ ભોગવનાર ભાગ્યવાન મોટો દાન આપનાર રાજા થાય છે.

पुत्राद्यायदिमालिकानरपतिर्यजवाथवा कीर्तिमान् जातः।
षष्टगृहाद्धनंचसुखभृत्प्राप्तो दरिद्रोभवेत्॥
कामादि गृहमालिका यदि बहु स्त्री वल्लभो।
भूपति र्दिर्घायुर्धनवर्जीतो नरवरः स्त्रीनिर्जीतश्चाष्टमात्॥१४॥

**અર્થ**—પાંચમા ભાવથી અનુક્રમે સાત ઘરમાં સાતે ગ્રહો રહ્યા હોય તો પાંચમો માલિકા યોગ થાય છે તેમાં જન્મેલો રાજા યજ્ઞ કરનાર અથવા કીર્તિવાળો થાય છે એજ પ્રમાણે છઠ્ઠા ભાવથી થયો હોય તો કોઈ વખત ધનનું સુખ ભોગવનાર પણ દરિદ્રિ થાય છે. એજ પ્રમાણે સાતમા ભાવથી થયો હોય તો બહુ સ્ત્રીઓને વ્હાલો રાજા થાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે એજ પ્રમાણે આઠમા ભાવથી માલિકા યોગ થયો હોય તો લાંબા આયુષ્યવાળો પણ નિર્ધન શ્રેષ્ઠ પુરૂષ ને સ્ત્રીઓથી જીતાયેલો થાય છે.

धर्मादिग्रह मालिकागुणनिधि र्यजवा तपस्वीविभुः ।
कर्माद्योयदि धर्म कर्म निरतः स पूजीतः सज्जनैः ॥
लाभाद्राजवरांगनामणिपतिः सर्वक्रिया दक्षको ।
जातोरिःफगृहाद्वहु व्ययकरः सर्वत्रपूज्योभवेत् ॥ १५ ॥

**અર્થ**—નવમા ભાવથી અનુક્રમે સાત ઘરમાં સાતે ગ્રહો રહ્યા હોય તો નવમો માલિકા યોગ થાય છે. તેમાં જન્મેલો ગુણનો ભંડાર, યજ્ઞ કરનાર, તપસ્વી ને સમર્થ થાય છે, એજ પ્રમાણે દશમા ભાવથી થયો હોય તો ધર્મ અને કર્મમાં પ્રીતિવાળો ને સજ્જનોથી-પૂજાનાર થાય છે. એજ પ્રમાણે અગિયારમા ભાવથી થયો હોય તો સારી સ્ત્રીવાળો રાજકૂળમાં જન્મેલો, મણિ માણેક ને ભોગવનાર સર્વક્રિયામાં ચતુર થાય છે. અને એજ પ્રમાણે બારમા ભાવથી માલિકા યોગ થયો હોય તો બહુ ખર્ચ કરનાર, ને દરેક જગ્યોએ માન પામનાર થાય છે.

## ૧૨૦. ચામર યોગ

ઊપજાતિ. વૃ.

लग्नेश्वरेकेंद्रगते स्वतुंगे जीविक्षिते चामरानाम योगः ।
सौम्यद्वये लग्नगृहेकलत्रे नवास्यदेवायदिचामरःस्यात् ॥ १६॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—લગ્નનો સ્વામી પોતાના ઉચ્ચમા કેન્દ્રમાં હોય ને ગુરૂની દૃષ્ટિ હોય તો ચામર યોગ થાય છે (૨) બે શુભગ્રહો લગ્ને સાતમે નવમે કે દશમે હોય તો ચામર યોગ થાય છે.

योगे जातश्चामरे राजपुजयो विद्वान्वाग्मीपंडितोवामहीपः ।
सर्वज्ञःस्याद्वेदशास्त्राधिकारी जीवेद्धर्मे सप्ततिर्वत्सराणाम् ॥१७॥

**અર્થ**— ચામર યોગમાં જન્મેલો રાજાથી માન પામનાર, વિદ્વાન ભાષણ કરનાર, પંડિત, અથવા રાજા, સર્વ જાણનાર, વેદશાસ્ત્રનો અધિકારી અને ૭૦ વર્ષ જીવનાર થાય છે.

## ૧૨૧. શંખ યોગ

ઊપજાતિ. વૃ.

अन्योन्यकेन्द्रगृहगौसुतशत्रुनाथौलग्नाधिपेवलयुतेयदिशंखयोग ।
लग्नादिपंचगगनाधिपतौचरस्थे भाग्याधिपे बलयुतेतुतथावदंति ॥१८॥

**અર્થ**—પાંચમા અને છઠ્ઠાનો સ્વામી એક બીજાથી કેન્દ્રમાં હોય ને લગ્નનો સ્વામી બળવાન હોય તો શંખ યોગ થાય છે (૨) લગ્નનો સ્વામી અને દશમાનો સ્વામી ચર રાશીમાં હોય અને નવમાનો સ્વામી બળવાન હોય તો પણ શંખ યોગ થાય છે.

शंखेजातोभोगशीलोदयालुः स्त्रीपुत्रार्थक्षेत्रवान्पुन्यकर्मा ।
शास्त्रज्ञानाचारसाधुक्रियावान् जीवेद्वर्षवत्सराणामशीतिम् ॥१९॥

**અર્થ**—શંખ યોગમાં જન્મેલો ભોગ ભોગવનાર,

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

દયાળુ, સ્ત્રી ધન ને જમીનનું સુખ ભોગવનાર, પવિત્ર કામ કરનાર, શાસ્ત્રના જ્ઞાનવાળો આચારવાળો, સારી ક્રિયા કરનાર અને ૮૦ વર્ષ જીવનાર થાય છે.

## ૧૨૨. ભેરી યોગ

ઉપજાતિ. વૃ.

स्वांत्योदयास्तभवनेषुवियच्चरेषु,
कर्माधिपेबलयुतेयदिभेरीयोगः ।
केन्द्रेगतेसुर गुरौसितलग्ननाथो,
भाग्येश्वरेबलयुतेतुतथैववाच्यम् ॥२०॥

અર્થ—બીજે બારમે પહેલે સાતમે બધા ગ્રહો રહ્યા હોય અને દશમાનો સ્વામી બળવાન હોય તો ભેરી યોગ થાય છે (૨) ગુરૂથી શુક્ર અને લગ્નનો સ્વામી કેન્દ્ર સ્થાનમાં હોય ને નવમાનો સ્વામી બળવાન હોય તો પણ ભેરી યોગ થાય છે.

दीर्घायुषोविगतरोगभयानरेंद्रा,
बह्यर्थभूमिसुतदारयुताःप्रसिद्धाः ।
आचारभूरीसुखशौर्यमहानुभावा,
भेरीपुजात मनुजानिपुणाःकुलीनाः ॥२१॥

અર્થ—ભેરી યોગમાં જન્મેલો લાંબા આયુષ્યવાળો, રોગ અને ભય વિનાનો રાજા સમાન બહુ પૈસાવાળો જમીનવાળો, છોકરાને સ્ત્રીઓવાળો, પ્રખ્યાત આચારવાળો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહુ સુખ ને પરાક્રમવાળો, લાંબા વિચાર કરનારો, હોંશિયારને કુલીન થાય છે.

## ૧૨૩. મૃદંગ યોગ

ઉપજાતિ વૃ.

उच्चग्रहांशकपतौ यदिकेंद्रकोणे,
तुंगस्वकीयभवनोपगतेबलाढये ।
लग्नाधिपेबलयुते तु मृदंगयोगः,
कल्याणरुपनृपतुल्ययशःप्रद स्यात् ॥२६॥

**અર્થ**—નવમાંશમાં જે ગ્રહ ઉચ્ચનો હોય તે જે રાશીમાં હોય તે રાશીનો સ્વામી જન્મકુંડળીમાં-ત્રિકોણ કે કેન્દ્રમાં ઉચ્ચનો સ્વગૃહી અને બળવાન થયો હોય અને લગ્નનો સ્વામી બળવાન હોય તો મૃદંગ યોગ થાય છે. મૃદંગ યોગમાં જન્મેલો સમર્થ પવિત્ર રાજા જેવી આબરૂવાળો થાય છે.

## ૧૨૪. શ્રીનાથ યોગ

ઉપજાતિ. વૃ.

कामेश्वरे कर्मगते स्वतुंगे कर्माधिपे भाग्य च संयुतेच ।
श्रीनाथयोगःशुभदस्तदानीं जातोनरःशक्रसमो नृपालः ॥२३॥

**અર્થ**—સાતમાનો સ્વામી દશમે હોય અને દશમાનો સ્વામી પોતાના ઉચ્ચમાં નવમાના સ્વામી સાથે હોય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભફળ આપનાર શ્રીનાથ યોગ થાય છે. શ્રીનાથ યોગમાં જન્મેલો ઇન્દ્ર જેવો રાજા થાય છે.



## ૧૨૫. શારદા યોગ

શાર્દૂલ. વિ. વૃ.

योगःशारदसंज्ञक सुतगते कर्माधिपे चंद्रजे ।
केन्द्रस्थेदिन नायके निजगृहप्राप्तेनिवीर्यान्विते ॥
चंद्रात्कोणगते पुरंदरगुरौ सौम्यत्रिकोणेकुजे ।
लाभेवार्यदिदेवमंत्रिणि बुधा स्तच्छारदासंज्ञकः ॥२४॥

**અર્થ**—દશમા ભાવનો સ્વામી પાંચમે હોય, બુધ કેન્દ્રમાં હોય, ને બહુ બળવાન થઈ સૂર્ય પોતાના ઘરમાં હોય તેમજ ચન્દ્રથી ગુરૂ નવમે કે પાંચમે હોય મંગળ બુધથી ત્રિકોણમાં હોય, ગુરૂ બુધથી અગિયારમે હોય, તો શારદા યોગ થાય છે.

ઉપજાતિ. વૃ.

स्त्रीपुत्रबंधुसुखरुपगुणानुरक्ता,
भूपप्रियागुरुमहीसुरदेवभक्ताः ।
विद्याविनोदरतिशीलतपोबलाढया,
जाताःस्वधर्म निरताभुविशारदाख्ये ॥२५॥

**અર્થ**—શારદા યોગમાં જન્મેલો, સ્ત્રી પુત્ર ભાઈ ને સગા સંબંધીવાળો અને સુખી ગુણવાન, રૂપવાન, રાજાઓને વહાલો, ગુરૂ બ્રાહ્મણ અને દેવતાઓની ભક્તિ કરનારો,

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વિદ્યાવાળો, આનંદી, સારા સ્વભાવવાળો-તપસ્વી બળવાન અને પોતાના ધર્મમાં પ્રીતિ રાખનારો થાય છે.

## ૧૨૬. મત્સ્ય યોગ.

लग्नधर्मगते पापे पंचमेसदसद्युते ।
चतुरस्त्रंगतेपापे योगोयंमत्स्यसंज्ञकः ॥२६॥

**અર્થ**—પાપગ્રહ લગ્નથી નવમે હોય ને પાંચમે શુભ અને અશુભ ગ્રહ હોય, લગ્નથી ચોથે કે આઠમે પાપ ગ્રહ હોય, તો મછયોગ થાય છે.

कालज्ञःकरुणासिंधु गुणधीर्बलरुपवान् ।
यशोविद्यातपस्विंच मत्स्ययोगसमुद्भवः ॥२७॥

**અર્થ**—મત્સ્ય યોગમાં જન્મેલો જ્યોતિષનો જાણનાર દયાનો સમુદ્ર, ગુણવાન બળવાન રૂપવાન-એશવાળો, વિદ્વાન તપસ્વી થાય છે.

## ૧૨૭. કૂર્મ યોગ

ઊપજાતિ. વૃ.

कलत्र पुत्रारि गृहेषुसौम्या स्वतुंगमित्रांशकराशीयाता ।
तृतीयलाभोदयगास्त्वसौम्या मित्रोच्चसंस्थोयदिकूमयोगः ॥२८॥

**અર્થ**—શુભગ્રહો સાતમે, પાંચમે ને છઠ્ઠે પોતાની રાશિમાં, ઉચ્ચમાં મિત્ર રાશિમાં કે નવમાંસમાં ઉચ્ચ પોતાની કે મિત્રની રાશિમાં હોય અને પાપગ્રહો ત્રીજે અગીયારમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને લગ્ને મિત્રની કે ઉચ્ચરાશિમાં હોયતો કૂર્મ યોગ થાય છે.

विख्यातकीर्तिभूविराजयोगी धर्माधिकःसत्त्वगुणप्रधानः ।
धीरःसुखीवागुपकारकर्ता कूर्मोद्भवोमानवनायकोवा ॥२९॥

**અર્થ**—કુર્મ યોગમાં જન્મેલો પ્રસિદ્ધ કીર્તિવાલો રાજાઓ સાથે ભોગ ભોગવનાર બહુ ધર્મવાન સત્ત્વગુણી ધીરજવાળો સુખી–વાણીથી ઉપકાર કરનાર અને માણસોમાં આગેવાનપણુ ભોગવનાર થાય છે.

## ૧૨૮. ખડ્ગ યોગ

भाग्येशे धनभावस्थे धनेशे भाग्यराशिगे ।
लग्नेशेकेन्द्रकोणस्थे खड्गयोगईतिरितः ॥३०॥

**અર્થ**—નવમાનો સ્વમી બીજે ને બીજાનો સ્વામી નવમે હોય ને લગ્નનો સ્વામી કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો ખડ્ગ યોગ થાય છે.

ઉપજાતિ. વૃ.

वेदार्थशास्त्रनिखिलागमतत्त्वयुक्ति बुद्धिप्रतापबलवीर्यसुखानुरक्ताः ।
निर्मत्सराश्चनिजवीर्यमहानुभावाः खड्गैभवंतिपुरुषाःकुशलाःकृतज्ञा॥३१॥

**અર્થ**— ખડ્ગ યોગમાં જન્મેલો વેદાંત સર્વ શાસ્ત્રને જાણનાર બુદ્ધિવાળો, પ્રતાપી, બળવાન પરાક્રમી સુખી, ગર્વ-વિનાનો, પોતાના પરાક્રમથી માન પામનાર કુશળ અને કરેલા ઉપકારને જાણનારો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૨૯. લક્ષ્મી યોગ.

केन्द्र मूलत्रिकोणस्थे भाग्येशे परमोच्चगे ।
लग्नाधीपे बलाढयेच लक्ष्मीयोगईतिरितः ॥३२॥

**અર્થ**—નવમાનો સ્વામી પરમઉચ્ચમાં મૂળત્રિકોણમાં કે કેન્દ્રમાં હોય અને લગ્નનોસ્વામી બળવાન હોય તો લક્ષ્મી યોગ થાય છે.

गुणाभिरामो बहुदेशनाथो विद्यामहाकीर्तिरनंगरुपः ।
दिगंतविश्रांतनृपालवंद्यो राजाधिराजो बहुदारपुत्रः ॥३३॥

**અર્થ**—લક્ષ્મીયોગથી ગુણવાન બહુ દેશોનો સ્વામી વિદ્વાન, જમીનવાળો, કીર્તિવાળો, કામદેવ જેવો, દરેક દિશાઓના રાજાથી નમસ્કાર કરતો, બહુ સ્રીપુત્રવાળો ને રાજાધિરાજા થાય છે.

## ૧૩૦ કુસુમ યોગ.

स्थिरलग्ने भृगौकेन्द्रे त्रिकोणेंदौशुभेतरे ।
मानस्थानगतेसौरे योगोयंकुसुमोभवेत् ॥३४॥

**અર્થ**—લગ્નસ્થિર રાશિનું હોય ને શુક્ર કેન્દ્રમાં ને ચંદ્ર ત્રિકોણમાં હોય અને શુભ ગ્રહો બીજા સ્થાનોમાં અને શનિ દસમે હોય તો કુસુમ યોગ થાય છે.

दातामहिमंडलनाथवंद्यो भोगीमहावंशजराजमुख्यः ।
लोकेमहाकिर्तियुतःप्रतापी नाथोतराणांकुसुमोद्भवःस्यात् ॥३५॥

**અર્થ**—કુસુમયોગથી-દાન આપનાર રાજાઓથી નમ-

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

સ્કાર કરાતો ભોગી, મોટા રાજકુળમાં જ જન્મેલો, લોકોમાં બહું જશવાળો ને પ્રતાપી રાજા થાય છે.

## ૧૩૧. પારિજાત યોગ

ઊપજાતિ. વૃ.

विलग्ननाथस्थितराशीनाथ स्थानेशराशीशतदंशनाथः ।
केन्द्रत्रिकोणोपगतोयदिस्यात् स्वतुंगगो वा यदिपारिजातः ॥३६॥

**અર્થ**—જે રાશિમાં લગ્નનો સ્વામી હોય તે રાશિનો સ્વામી જે રાશિમાં હોય તે રાશિનો સ્વામી જેના નવ મૌંશમાં હોય તે ગ્રહ કેન્દ્ર કે ત્રિકોણમાં પોતાના ઉચ્ચમાં હોય તો પારિજાત યોગ થાય છે

मध्यांत सौख्यःक्षितिपालवंद्यो युद्धप्रियोवारणवाजीयुक्त ।
स्वकर्मधर्माभिरतोदयालु र्योगोनृपःस्याद्यदिपारिजातः ॥३७॥

**અર્થ**—પારિજાત યોગથી મધ્ય અને અંત્યઅવસ્થામાં સુખી, રાજાઓથી નમસ્કાર કરાતો, યુદ્ધમાં પ્રીતિ રાખનાર, હાથી ઘોડાવાળો, પોતાના ધર્મ કામમાં-પ્રીતિવાળો અને દયાળુ રાજા થાય છે.

## ૧૩૨. કલાનીધી યોગ

द्वितिये पंचमेजीवे बुध शुक्र युतेक्षिते ।
क्षेत्रेतयोर्वासप्राप्ते योगःस्यात्सकलानिधिः ॥३८॥

**અર્થ**—ગુરૂ બીજે કે પાંચમે, બુધ શુક્ર સાથે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમની દૃષ્ટિવાળો—અથવા ગુરૂ, બુધ કે શુક્રના ઘરમાં હોય તો કળાનિધિ યોગ થાય છે.

कामीकलानिधिभवःसुगुणाभिरामः,
संस्थुयमानचरणोनरपालमुख्यैः ।
सेनातुरंगमदवारण शंखभेरी,
वाद्यान्वितोविगतरोग भवारिसंघः ॥३९॥

**અર્થ**—કળાનીધીથી કામી, સારા ગુણોમાં પ્રીતિવાળો ઘણા મોટા રાજાઓથી સ્તુતિ કરાતો, લશ્કર ઘોડા અને બળવાન હાથીવાળો, શંખ–ભેરી વિગેરે લશ્કરી ગાયનનાં વાજાંવાળો, રોગ અને ભય વિનાનો ને શત્રુ રહિત થાય છે.

## ૧૩૩. વોશ્યાદિ સૂર્ય યોગ

खेचरादिनमणेर्विधुवर्ज्यं द्वादशेच धनभेह्यु भयेवा ।
वोशिवेस्युभयचर्यभिधानाः प्राक्तनैःसमुदिता ईतियोगाः ॥४०॥

**અર્થ**—સૂર્યથી ચંદ્ર સિવાય ભૌમાદિક ગ્રહો બારમે હોય તો, વોશીને બીજે હોય તો, વેશી યોગ થાય અને સૂર્યથી ચંદ્ર સિવાયના ગ્રહો બારમે ને બીજે એમ બે ઠેકાણે હોય તો ઉભયચર્ય નામનો યોગ થાય છે.

## ૧૩૪. વોશિયોગનું ફળ

स्यान्मंद दृष्टिर्बहुकर्मकर्ता पश्यत्यधस्यौन्नतपूर्वकायः ।
असत्यवादीयदिवोशियोगो प्रसूतिकाले मनुजस्ययस्य ॥४१॥

**અર્થ**—વોશીયોગમાં જન્મેલો થોડી દ્રષ્ટીવાળો

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ઘણા કામ કરનારો, નીચ દ્રષ્ટિથી જોવાવાળો, ઉંચા દેહ-વાળો ને જુઠું બોલનારો થાય છે.

## ૧૩૫. વેશિયોગનું ફળ

चेत्संभवे यस्यचवेशियोगो भवेदयालुःपृथुपूर्वकायः ।
स्याद्वाग्विलास्यालसतासमेत स्तिर्यकप्रचारःखलुतस्यदुष्टेः ॥४२॥

**અર્થ**—વેશી યોગમાં જન્મેલો દયાવાળો પુત્રવાળો ઊંચાદેહવાળો-ચોખ્ખી અને મીઠી વાણી બોલનારો આળસુ, અને આડી દ્રષ્ટિથી જોનાર હોય છે.

## ૧૩૬. ઉભયચરી યોગનું ફળ.

ઉપજાતિ. વૃ.

सर्वसहः स्थीर तरोऽतितरांसमृद्धः
सत्त्वाधिकः समशरीरविराजमानः ।
नाच्युरचकः सरलदृक्प्रचलामलश्री
युक्तः किलोभयचरी प्रभवोनरःस्यात् ॥ ४३ ॥

**અર્થ**—ઉભયચરી યોગમાં જન્મેલો સર્વને સહન કરનાર, ઘણી સમૃદ્ધિવાળો, બળવાન, સરખા શરીરથી શોભાયમાન, વધારે ઊંચો નહિ, સીધી દ્રષ્ટિવાળો, અને ઘણી લક્ષ્મીવાળો થાય છે.

सूर्यस्य वीर्यात्खचरानुसारा द्वारयंशयोगात्प्रविचार्यसर्वम् ।
न्यूनं समंवा प्रबलं नराणां फलं सुधीभिः परिकल्पनीयम् ॥४४॥

**અર્થ**—સૂર્યના બળથી ને રહેલા ગ્રહોના અનુસારથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાશિઅંશના-યોગથી એ સર્વનો વિચાર કરી, ઓછું સરખું કે વધારે. ફળ પંડિતોએ કહેવું.

## ૧૩૭. સુનફાદિ ચંદ્રયોગ

द्विजपतेर्धनगैः सुनफाः भवेद्व्ययगतै रनफारविर्जीतैः ।
दुरुधरा खचर रैभय स्थितै मुनिवरै रुदितामहदादशत् ॥४५॥
मिशाकरा ज्जन्मनि खेचरेंद्रा धनव्ययस्थानगताः नचेत्सयुः ।
वदंतिकेमद्रूमनामयोगं लक्ष्मीवियोगं कुरुतेसनृतम् ॥ ४६ ॥

**અર્થ**—ચંદ્રમાથી સૂર્ય સિવાય બીજા ભાવમાં ભૌમાદિ કોઈ ગ્રહ બેઠો હોય તો સુનફા યોગ થાય છે અને ચંદ્રમાથી સૂર્ય સિવાય કોઇ ગ્રહ બારમે બેઠો હોય તો અનફા યોગ થાય છે બીજે અને બારમે કોઈ ભૌમાદિ (મંગળ થી શનિ સુધીમાંનો) કોઈ ગ્રહ બેઠો હોય તો દરૂધરા નામનો યોગ થાય છે.

**અર્થ**—ચંદ્રમાથી બીજે અથવા બામે ભૌમાદિ કોઈ ગ્રહ બેઠેલો ન હોય તો કેમદ્રુમ નામનો યોગ થાય એ યોગમાં જન્મેલો-મનુષ્ય લક્ષ્મીથી રહિત થાય છે.

## ૧૩૮. સુનફા યોગનું ફળ

निजभुजार्जित मानसमुन्नतो विशदकीर्तियुतो मतिमान्सुखी ।
ननुनरः सुनफा प्रभवो भवेन्नर पतेः सचिवः सुकृति कृतीं ॥४७॥

**અર્થ**—સુનફા યોગમાં જન્મેલો પોતાના પરાક્રમથી પેદા કરેલું ધન ભોગવનારો રાજા યા રાજાના બરાબર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aadhak Trust

વૈભવવાળો બુધ્ધિશાળી ધનવાળો ને કીર્તિવાળો થાય છે.

## ૧૩૯. અનફા યોગનું ફળ

उदार मूर्ति र्गुणकीर्तिशाली कदर्पकेलीः शुभवाग्विलासः ।
सद्वृत्तियुक्तसततंविनीतः प्रभुर्नरः स्यादनफाभिधाने ॥ ४८ ॥

**અર્થ**—અનફા યોગમાં જન્મેલો સમર્થ–રોગવિનાનો ગુણવાન કીર્તિવાળો, ખાનપાન અને પોષાક વિગેરેના સુખવાળો, ઉત્તમ પહેરવેશવાળો ને હંમેશાં મનમાં સંતોષ માનનારો થાય છે.

## ૧૪૦. દુર્ધરા યોગનું ફળ

द्रविण वाहनवाहवसुंधरासुख युतंसततं कुरुतेनृपम् ।
दुरुधरा तितरां जीतवैरिणं सुनयनानयनाञ्चललालसम् ॥ ४९ ॥

**અર્થ**—દુર્ધરા યોગમાં જન્મેલો ગમે તે પ્રકારથી વૈભવ અને સુખ મેળવનારો, ધન અને વાહનવાળો, ઉદાર મનવાળો, દાનેશ્વરી, સારા ગુણવાળો, ને નોકરચાકરવાળો થાય છે.

## ૧૪૧. કેમદ્રુમ યોગનું ફળ

विरुद्ध वृत्ति र्मलिनः कुवेषः पेष्योमनुष्यो हि विदेशवासी ।
कांता सुहृत्सुनुधनैर्विहिनो केमद्रुमे भूमिपतेः सुतोऽपि ॥ ५० ॥

**અર્થ**—કેમદ્રુમ યોગમાં જન્મેલો, મલિન પ્રકૃતિવાળો મલિન વસ્રવાળો, વિદેશનોવાસી સ્રી મિત્ર પુત્ર તથા ધનથી

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

દુઃખી અઘટીત કામ કરનારો દરિદ્રિ, ચાકરી, કરી ગુજરાન ચલાવનારો, કપટી અને દુર્જન થાય છે. કેમદ્રુમ યોગમાં કદી રાજવંશી જન્મે તો પણ ઉપર બતાવેલું ફળ યા તેમના ફળનો ભાગ ભોગવે છે.

## ૧૪૨. કેમદ્રુમ ભંગયોગ

चतुर्थ केन्द्रेषु भवंतिखेटा दुष्टोपि केमद्रूमयोग एषः ।
विहाय केमद्रूमतांनितांतं कल्पद्रुमः स्यात्किलसत्फलाप्त्यै ॥५१॥

**અર્થ**—જેના જન્મકાલમાં ચાર કેન્દ્ર (૧ । ७ । १०) સ્થાનમાં ગ્રહ બેઠેલા હોય તો કલ્પદ્રુમ નામનો યોગ કહેવાય છે. તે દુષ્ટ કેમદ્રુમયોગનો ભંગ કરી સારૂ ફળ આપે છે.

प्रालय रश्मिः पसूति काले निरीक्ष्यमाणः सकलैन भोगैः
नरं चिरंजीवित सर्वभौम करोति कमद्रूम माशु हत्वा ॥५२॥

**અર્થ**—જેના જન્મકાળમાં ચંદ્રમાને બધા ગ્રહો દેખતા હોય તો તે માણસ ઘણા વર્ષ જીવનારો રાજા સમાન થાય છે અને દુષ્ટ કેમદ્રુમયોગનો નાશ કરે છે.

માલિની. વૃ.

क्षिति सुतयुतजीवे मृति काले तुलायां ।
विलसति नलिनीनां नायकः कन्यकायाम् ॥ ५२ ॥
विधुरतियदिशेषे नैक्षीतो मेषवर्ति ।
जनयति नृपतींद्रं हंतिकेमद्रूमं च ॥ ५३ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—જેના જન્મકાળમાં તુલારાશિમાં મંગળ અને ગુરૂ હોય તથા સૂર્ય કન્યા રાશિમાં હોય અને મેષ રાશિમાં ચંદ્રમા હોય અને તે સિવાયના બાકી રહેલા કોઈ ગ્રહની દ્રષ્ટિ ન હોય તો તે માણસ રાજા સમાન થાય છે. ને કેમદ્રુમ યોગનો નાશ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

# કાળભ્રમણ—અધિકાર ૧૭ મો

## ૧૪૩. બાળરિષ્ટ યોગ

(દુહા)

લગ્નેશી છઠ્ઠે વસે જે રાસીનો અંક ।
મૃત્યુ કરે તે વર્ષમાં ફરે ન તલકા ટંક ॥ ૧
દ્રેષ્કાંણ લગ્નનો સ્વામી જે છઠ્ઠે જઈ વસંત ।
રાશી અંક માસ જ ગણો એ સાચે મૃત્યુ કરંત ॥ ૨
નવમાંશ લગ્નનો સ્વામી જે છઠ્ઠે જઈ વસંત ।
રાશી અંક દિવસ ગણો એ દિવસે મૃત્યુ કરંત ॥ ૩
પાપ ગ્રહની દૃષ્ટિએ લગ્નેશે જો જાય ।
સોળ દિને સમશાનમાં બાળો લાંબો થાય ॥ ૪
શનિ સંગ પાપી વસે શુભ સંગ દૃષ્ટિ ન હોય ।
એક માસે મૃત્યુ કરે વિરલા જીવે કોય ॥ ૫
પાપ ગ્રહ સંગ દૃષ્ટિએ ખટ અષ્ટે ચંદ્ર જાય ।
મરે અથવા માંદો પડે જીવન ભર દુઃખ પાય ॥ ૬
ખટ અષ્ટે પાપી વસે બીજે બારે પણ થાય ।
શુભ ગ્રહ દિષ્ટ સંગ બીન અષ્ટ માસે મૃત્યુ પાય ॥ ૭
ચાર સાત કે આઠમાં ચંદ્ર કરે જઈ વાસ ।
બે બાજુ પાપ' વસે કરે બાળનો નાશ ॥ ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતે આઠે પાપી વસે પાપ દૃષ્ટિ એ હોય।
માતા બાળ સાથે મરે વિરલા જીવે કોય ॥ ૯

ઘણા પાપી આઠે વસે શુભ દૃષ્ટિ સંગ ન હોય।
એક માસે મરણ જ કરે અપના ચાલે ન કોય ॥ ૧૦

શનિ સૂર્ય કે મંગળો ખટ અષ્ટે જો જાય।
મરણ કરે એક માસમાં શૌચ કરે શું થાય ॥ ૧૧

સૂર્ય શનિ કે મંગળો મેષ વૃશ્ચિકે જાય।
અષ્ટં ભાવે જઈ વસે એક માસે મરણજ થાય ॥ ૧૨

અષ્ટમે શુક્ર રાશીમાં પાપીની જઈ પટકાય।
પાપગ્રહ સંગ દૃષ્ટિએ એક વર્ષે મૃત્યુ થાય ॥ ૧૩

ઘણા પાપીની દૃષ્ટિએ દસમે સૂર્ય જાય।
જન્મેલો જગમાં નહી તુરત મૃત્યુ થાય ॥ ૧૪

મંગળ કે શનિ સ્થાનમાં દશસે ભાનુ ભમંત।
પાપ દૃષ્ટિના યોગથી જીવન નાશ કરંત ॥ ૧૫

પાપ ગ્રહની દૃષ્ટિએ રાહુ કેન્દ્રે જાય।
દશમે અથવા સોળમે બાળો નાશ જ થાય ॥ ૧૬

સાતે શત્રુ સ્થાનમાં રાહુ કરે જઈ વાસ।
સાતે અથવા સોળમાં હો અબળા વિનાશ ॥ ૧૭

ખટ આઠે શુભ જ વસે નવ પંચે પાપી જાય।
પાપ દૃષ્ટિના યોગથી વર્ષ આઠે મરણજ થાય ॥ ૧૮

સૂર્ય શનિ કોઈ ભાવમાં ગુરૂ શુક્રની દૃષ્ટિ પાય।
નવ વર્ષે નિશ્ચે મરે એ તલક તણો અભિપ્રાય ॥ ૧૯

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સૂર્ય શનિ કોઈ ભાવમાં પંચમ ભાવે જાય ।
શુભ ગ્રહ દૃષ્ટિ સંગ ખીન નવ વર્ષે રિષ્ટ જ થાય ॥ ૨૦

સાતમા ભાવે ચંદ્રમા અષ્ટ મેશ લગ્ને જાય ।
શનિ દૃષ્ટિના યોગથી નવ વર્ષે નાશજ થાય ॥ ૨૧

આઠે ઘર કરે ચંદ્રમા કેન્દ્રે પાપી જાય ।
રાહુ ચોથે જઈ રહે એક વર્ષે નાશજ થાય ॥ ૨૨

સૂર્ય ચંદ્ર સાથે શનિ કોઈ પણ ભાવે જાણ ।
જન્મ સમયે મૃત્યુ કરે એ પળ પાછી નવમાંન ॥ ૨૩

બુધ ચંદ્ર હોય સૂર્ય સંગ કરે કેન્દ્રે વાસ ।
મંગળ શનિની દૃષ્ટિએ બે વર્ષે બાળ ખલાસ ॥ ૨૪

ક્ષિણ કળાનો ચંદ્રમા લગ્નેશથી આઠે જાય ।
પાપ ગ્રહોની દૃષ્ટિએ બે વર્ષે બાળ વિદાય ॥ ૨૫

બુધ દસ કે આઠમાં કર્ક રાશીમાં જાય ।
ચંદ્ર તણી તો દૃષ્ટિએ વર્ષ ચારે ચિંતા થાય ॥ ૨૬

સૂર્ય સાથે ચંદ્રમા કેન્દ્રે કરે જઈ વાસ ।
મંગળ શનિ સંગ દૃષ્ટિથી વર્ષ ચારે બાળ ખલાસ ॥ ૨૭

લગ્નનો સ્વામી આઠમાં આઠો લગ્ને જાય ।
પંચ વર્ષે પર લોકમાં બાળો વિદ્યા પાય ॥ ૨૮

પાપી ગ્રહ કે સંગમાં શુક્ર લગ્ને જાય ।
સાત વર્ષે મરણજ કરે ચિંતા કરે શું થાય ॥ ૨૯

સાત અગિયાર કે બારમાં નિર્બલ ચંદ્ર જાય ।
ગુરૂ સંગ દૃષ્ટિ ખીના વર્ષ સાતે મરણજ થાય ॥ ૩૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૪૪. મરણ કાલ યોગ.

૧. જન્મરાશિના ચંદ્રથી અથવા જન્મ લગ્નથી બીજે શની ચોથે રાહુ આઠમે સૂર્ય અને બારમા સ્થાનમાં મંગળનો યોગ જે સમયે થાય તે સમયે મરણ કાલ જાણવો.

૨. લગ્ન અથવા જન્મમાં ચંદ્રની રાશિમાં સર્વ પાપ ગ્રહો ભેગા થાય ત્યારે મૃત્યુકારક યોગ થાય છે.

૩. લગ્ન અથવા ચંદ્રની રાશિની સામેની (સાતમી) રાશિમાં સર્વ પાપગ્રહો ભેગા થાય છે ત્યારે મૃત્યુકારક યોગ જાણવો.

૪. લગ્ન અથવા ચંદ્રની રાશિમાં એક પાપગ્રહ આવે અને બાકીના સર્વ ગ્રહો સામેની સાતમી રાશિમાં આવે, ત્યારે મૃત્યુકારક યોગ થાય છે.

૫. લગ્ન અથવા જન્મરાશિનાં ચંદ્રની રાશિથી આઠમે અથવા બારમે સર્વ પાપગ્રહો આવે ત્યારે મૃત્યુકારક યોગ થાય છે.

૬. લગ્ન કે ચંદ્રની રાશિમાં એકાદ પાપગ્રહ આવે, બાકીના સર્વ પાપગ્રહો લગ્ન યા ચંદ્રથી આઠમે કે બારમે આવે ત્યારે મૃત્યુયોગ થાય છે.

૭. લગ્ન કે ચંદ્રથી અગીયારમા કે ત્રીજા ભાવમાં કોઈ પાપગ્રહ આવે અને બાકીના પાપગ્રહ બારમા ભાવમાં કે આઠમા ભાવમાં આવે ત્યારે મૃત્યુ યોગ થાય છે.

૮. ચંદ્રની રાશિમાં એક યા અનેક પાપગ્રહ આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાકીના પાપગ્રહ લગ્નમાં કે લગ્નથી આઠમે કે બારમે આવે ત્યારે મૃત્યુયોગ થાય છે.

૯. ચંદ્રથી બારમે યા આઠમે એક યા અનેક પાપ-ગ્રહ આવે, બાકીના લગ્નથી બારમે કે આઠમે આવે ત્યારે મૃત્યુ યોગ થાય છે.

૧૦. લગ્નમાં એક અથવા અનેક પાપગ્રહ આવે બાકીના પાપગ્રહ લગ્નથી બારમા યા આઠમા સ્થાનમાં આવે ત્યારે મૃત્યુયોગ કરે છે.

૧૧. જન્મલગ્ન યા તેનાથી બીજે, બારમે, અથવા લગ્નથી છઠ્ઠે, સાતમે અને આઠમે સર્વ પાપગ્રહ આવે ત્યારે મૃત્યુયોગ કરે છે.

૧૨. ચંદ્રની રાશિમાં યા તેનાથી બીજી બારમી રાશિમાં અથવા ચંદ્રથી છઠ્ઠી, સાતમી, આઠમી રાશિમાં સર્વ પાપગ્રહો આવે ત્યારે મૃત્યુ યોગ થાય છે.

૧૩. લગ્ન યા ચંદ્રથી દસમા સ્થાનથી લગ્ન પર્યંત અથવા ચંદ્ર પર્યંત સર્વ પાપગ્રહ આવે ત્યારે મૃત્યુયોગ થાય છે.

**નોંધ:**—પૂર્વોક્ત બતાવેલ યોગો મધ્યે જેટલા અધિક (વધારે) યોગ તેમ મૃત્યુકાલ યોગ અધિક બલવાંન જાણવો, એટલે **मर्णथी हरे ते मूर्खे गणाय.** મરણ કાલ સંભવ સમયે કે તે પહેલાં પૂર્વોક્ત મરણ કાલ યોગ અનુસાર જીવનના અન્ય કોઇ સમયમાં જો કોઇ વખતે તેવો યોગ આવી લાગે તો તે સમયે ઘણી ભારે પીડા, સંકટ યા અકસ્માત (આપઘાત) મૃત્યુ થવાનો ભય રહે છે. अस्तु । **परमात्मा सर्वेने संकटमांथी बचावो.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૪૫. ઘરમાં ડટાવાથી મૃત્યુ યોગ.

ચોથા ભુવને ખાકી તત્ત્વ રાશિ ( ૨, ૬, ૧૦ )માં સૂર્ય અથવા ચંદ્ર હોય, અને દસમા ભુવને શનિ હોય તો તે માણસ ઘર પડવાથી તેમાં અથવા બીજી કોઈ રીતે ડટાવાથી મરણ પામે છે.

## ૧૪૬. આગથી મૃત્યુ યોગ.

સિંહ રાશિમાં સૂર્ય સાથે પહેલા ભુવનનો માલીક બેસે અને મંગળને પહેલા ભુવન સાથે સબંધ ન હોય તો તથા તેજ વખતે આઠમા ભુવનમાં કોઈ શુભ ગ્રહ નહી હોય તો તે મનુષ્ય બળીને મરે અથવા તેનું આગથી મ્હોત થાય.

## ૧૪૭. વાઘથી મરણ યોગ

ગુરૂ સ્થાનમાં બુધ પડે, શની ઘર મંગળ જાય ।
પચ્ચીસ વર્ષ જાણજો વાઘથી મરણ થાય ॥ ૧ ॥

અર્થ—જન્મકુંડળીમાં ગુરૂની રાશિ (૯, ૧૨)માં બુધ હોય શનિની (૧૦, ૧૧) રાશિમાં મંગળ હોય તો પચીસ વર્ષની ઉંમરે વાઘના મુખથી તેનું મરણ થાય છે.

## ૧૪૮. સર્પથી મરણ યોગ.

સાતે શનિ રાહુ રવિ, શુભ ગ્રહ દષ્ટિ ન જોય ।
ખાટ ચડીને ભલે રહ્યો, સર્પ ડંશ તો હોય ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખટ ભાવે શશી મંગળો, સૂર્ય સંગમાં જાય ।
ભવિષ્ય ભાવ એમજ ભણે, સર્પ તણો ભય થાય ॥ ૨ ॥

અર્થ—જન્મકુંડળીમાં સાતમા ભાવે શનિ, રાહુ, ને સૂર્ય, શુભગ્રહોની દૃષ્ટિ વગરના હોય તો તેનું મરણ સર્પના કરડવાથી થાય છે.

છઠ્ઠા ભાવમાં ચંદ્ર મંગળને સૂર્ય હોય તો તેને પણ સર્પ કરડવાનો ભય આવી પડે છે.

## ૧૪૯. સિંહ યા વાઘથી મરણ યોગ

સૂર્ય ચંદ્ર ખટમાં કરે વાસ, અથવા આઠે કરે નિવાસ ।
સિર થકી તો મૃત્યુ યોગ, કણુ નહી કોવે ભાવિ ફોક ॥
ચોથે મંગળ કરતો વાસ, દશમે શનિનો હોય નિવાસ ।
શિર મૂખે એ જાતક જાય, ભાવિ મિથ્યા તે નવ થાય ॥
ધન પામીને બુધનો વાસ, મકર કુંભે શનિ નિવાસ ।
વાઘ વરૂથી જીવન જાય, રક્ષા તેની કણુ નવ થાય ॥

## ૧૫૦. સર્પથી મરણ યોગ

દશમે રાહુ જઈને વસે, તેની સંગે શુક્ર થશે ।
સર્પ દંશથી મરણ જાણ, પૂર્વે સંચિત કર્મે માન ॥
જોશે મંગળ આઠે શનિ વાસ, દસમે સૂર્ય કરે નિવાસ ।
સર્પ દંશ એ જાતક પાય, જીવનદોરી તુટી જાય ॥
સપ્તમ ભાવે સૂર્ય વાસ, શનિ રાહુનો હોય સંગાત ।
મણીધર તેને મેલે નહી, તલક જોતિષી બોલે અહીં ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારકાંશ લગ્ને સૂર્ય વાસ, પાપ દૃષ્ટિથી કરે નિવાસ ।
જાતક જીવન એળે જાય, સર્પ દંશથી મરણ થાય ॥

## ૧૫૧. તલવારથી મરણ યોગ

શુક્ર સ્થાને ચંદ્ર તો, શનિ કરકમાં જાય ।
વર્ષ અઠાવીશે કહ્યું, મરણ તલવારે થાય ॥૧॥

## ૧૫૨. શસ્ત્રથી મૃત્યુ યોગ[૨]

લગ્ને શનિ મંગળ કરે વાસ, અષ્ટ ભાવે ચંદ્ર નિવાસ ।
શસ્ત્ર થકી તો મૃત્યુ જાણ, જ્યોતિષનું છે એ ફરમાન ॥
કેતુ કેશ સંગે દેખ, ચોથા છઠ્ઠા ઘરમાં પેખ ।
કર્મ તણા આ દેખો યોગ, શસ્ત્ર થકી મૃત્યુ સંયોગ ॥
મેશ યા વૃશ્ચિક ચંદ્ર જાય, પાપગ્રહો કે બીજમે થાય ।
શસ્ત્ર થકી તો મૃત્યુ જાણ, અથવા અગ્નિથી ભય માન ॥
શનિ મંગળ આઠે ઘર કરે, તેની સંગે રાહુ ભળે ।
શસ્ત્ર થકી તો મરણજ માન, તેની રક્ષા કશુ નહી જાણ ॥
તુલા વૃષભ ચંદ્ર વસે, તેની સંગે શનિશ્વર હશે ।
શસ્ત્ર ઘાત તેને તો થાય, જીવન આશા એળે જાય ॥

---

૧ કારકાંશ એટલે નવમાંશ કુંડળીમાં ચંદ્ર જે રાશિમાં બેઠો હોય તે રાશીનું લગ્ન ગણી ત્યાંથી અનુક્રમે બારે ભાવ ગણવામાં આવે, તેને કારકાંશ કુંડળી કહેવાય છે. અર્થાત નવમાંશમાં ચંદ્રથી કારકાંશ ગણાય છે.

૨ શસ્ત્ર એટલે તોપ, તમંચો, બંદુક, તલવાર, ધારીયુ, કટારી છરી ચપ્પુ તથા ઓપરેશનનાં ઓજાર યા કોઇપણ જાતનું હથીયાર વિગેરેનો શસ્ત્રના નામમાં સમાવેશ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૫૩. શ્વાન (કુત્તા) કરડવાથી મૃત્યુ યોગ

દશમે મંગળ જઈ કરે વાસ, સાતે સૂર્ય કરે નિવાસ।
શ્વાન કાળ સમ કરડી જાય, જેથી જીવન એળે જાય॥

## ૧૫૪. જેલ બંધન અને ફાંસા–ફાંસીથી મૃત્યુ યોગ

બુધ શનિ આઠે ઘર કરે, બંધીખાને તે જાતક મરે।
અથવા શૂળી ફાંસી થાય, ઉસકા કોઇ નહીં ઉપાય॥

શનિ મંગળ આઠે ઘર કરે, ઉગ્યા બંધને જાતક મરે।
તલક જોતિષી બોલે એમ, લખ્યા લેખ તો ફરશે કેમ॥

રાહુ યા કેતુ સંગે દેખ, ધનેશ લગ્ને શી તેમાં લેખ।
ખટ અષ્ટ બારે ઘર કરે, ફાંસાથી તે જાતક મરે॥

## ૧૫૫. બીજો બંધન યોગ

બાર બે નવ પાંચે દેખ, પાપગ્રહોને તેમાં લેખ।
બંધન યોગ તે જાત જાણુ, ભાવિ મિથ્યા તે નહી માણુ॥

મેશ વૃષભ ધન લગ્ને લેખ, આ ચાર સ્થાનમાં પાપી દેખ।
રશી બંધથી બંધન થાય, એ ભાવિ મિથ્યા નવ થાય॥

વૃશ્ચિક રાશિ લગ્ને દેખ, આચાર સ્થાનમાં પાપી લેખ।
ભૂમિ નીચે÷ તે બંધન થાય, એ ભાવિ લેખ તો નહી ભુસાય॥

÷ કોઈ ગુફા કે કોઇ જમીન નીચેનું સ્થાન ભોયરૂ, ખાડો યા ખાડ વિગેરે ને ભૂમિ નીચેનું સ્થાન ગણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિથુન તુલા કન્યા કાર, આ ચાર સ્થાનમાં પાપી ધાર।
જંજીરથી જાતક બંધાય, પાઊંને બેડી ખડખડ થાય॥
મકર મીન કર્ક લગ્ને દેખ, આચાર સ્થાનમાં પાપી લેખ।
એ જાતક તુરંગે જાય, સાદી શીક્ષા તેને થાય॥
લગ્ને ષષ્ટેશ શનિ સંગ થાય કેન્દ્રે ત્રિકાણે એ ત્રણ જાય।
એ જાતક જીવન બંધન યોગ, કેન્દ્ર તણા તો એ સંજોગ॥

## ૧૫૬. વિદ્યુત્પાત (વિજળી)થી મૃત્યુ યોગ

મકર યા કુંભે સૂર્ય જાણ, લગ્ને શનિનો સંગજ માન।
વિજળી ઝડપે જીવન જાય, તેની રક્ષા કશુ નહી થાય॥

## ૧૫૭. વાહનથી મૃત્યુ યોગ[1]

આઠે શનિ પાપ દષ્ટિમાં, યા પાપી સંગે થાય।
ગાડા અથવા ગાડીથી, જાતક જીવન વિદાય॥
શનિ કેરા સંગમાં, ચોથો છઠ્ઠે જાય।
મરે માનવી વાહને, તે' મિથ્યા નવ થાય॥
મંગળ ચોથા ભાવમાં, દશમે સૂર્ય નિવાસ।
વાહનથી હણશે જીવડો, જીવન હોય વિનાશ॥

---

૧ વાહન એટલે સ્વારીનું સાધન હાથી, ઊંટ, ગાડી, ઘોડા, રેલ્વે, મોટર, વાયુમાન (એરોપ્લેન) સાયકલ વિગેરે વાહન તરીકે ગણવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક આઠને ચારના, સ્વામી સંગે થાય ।
વિણશે જાતક વાહને જીવ્રત મૃત્યુ પાય ॥

## ૧૫૮. તીરથી મરણ યોગ

મંગળ શનિ રાહુ રવિ, નવમે વાસ કરંત ।
શુભ ગ્રહ દ્રષ્ટિ બીના, તીરથી મૃત્યુ કહંત ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં નવમે ભાવે મંગળ શનિ રાહુ ને સૂર્ય શુભ ગ્રહની દૃષ્ટિ વગરના હોય તો તેનું તીર વાગવાથી મરણ થાય છે.

## ૧૫૯. બળદથી મરણ યોગ

સૂર્ય મંગળ લગ્ને દ્રષ્ટિથી બેલથી મરણજ થાય ।
ગુરૂ શુક્ર દ્રષ્ટિ સંગથી, માંય કંઇક બચાવ ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીના લગ્ન ઉપર સૂર્ય ને મંગળની સંપૂર્ણ દૃષ્ટિ હોય તો તેનુ બળદના મારથી મરણ થાય છે પણ તેમાં ગુરૂ શુક્ર જો કંઈ લગ્ને દૃષ્ટિ દેતા હોય યા તો લગ્નમાં હોય તો બચાવ થાય છે. ॥૧॥

## ૧૬૦. પોતાના માણસથી મરણ યોગ

કન્યારાશી ભાનુ શશી, દ્રષ્ટિ પાપીની જોય ।
મૃત્યુ થાય માણસ થકી, પોતાનો તે હોય ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં કન્યા રાશિ (૬) ના સૂર્ય ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્ર પાપગ્રહોની દ્રષ્ટિમાં હોય તો પોતાના માણસના હાથે મરણ થાય છે. ॥૧॥

## ૧૬૧. મારથી મરણ યોગ

લગ્ને શનિ ચોથે રવિ, દશમે મંગળ હોય ।
ક્ષીણ ચંદ્ર આઠે પડે, મારથી મૃત્યુ જોય ॥૧॥
બુધ નિર્બળી ધનમાં, મલ યુદ્ધે માર્યો જાય ।
ગુરૂ સંગે બીજે નિર્બળી, વાયુ રોગી થાય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીમાં લગ્ને શનિ ચોથા ભાવે સૂર્ય દશમા ભાવે મંગળ, ને આઠમા ભાવે ક્ષીણ કળાનો ચંદ્ર હોય તો મારથી તેનું મરણ થાય છે ને તેમાં ધન (૨) ભાવમાં બુધ બળહીન તો હોય મલ યુદ્ધથી ને ગુરૂના ભેગો બીજા ભાવનો સ્વામી બળહીન થઈ પડયો હોય તો વાયુના રોગથી મરણ થાય છે. ॥૧-૨॥

## ૧૬૨. પોતાની સ્ત્રીથી મરણ

સાતે પાપી સંગ ચંદ્રમા, મીન લગ્ને સૂર્ય થાય ।
મેશ રાશિ શુક્ર પડે, પ્રિયા હાથે પ્રાણ જ જાય ॥૧॥

**અર્થ**—જન્મકુંડળીમાં સાતમા ભાવે ચંદ્રમા પાપ ગ્રહોના સાથે હોય ને લગ્નમાં મીન (૧૨) રાશીમાં સૂર્ય હોય ને શુક્ર મેશ (૧) રાશીમાં કોઈ પણ ભાવે હોય તો તેની સ્ત્રીના હાથે તેનું મરણ થાય છે. ॥૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૬૩. જળઘાત યોગ

ત્રણ છ નવ બારતો, લગ્ને રાશી હોય ।
ભાનુ શશી ભેગા ભળે, જળ ઘાત તો જોય ॥૧॥
સૂર્ય ખટ કે અષ્ટમે, સૂર્યથી બારે ચંદ્ર જાય ।
પાંચ વર્ષ જળઘાત તો, યા નવે જળ ભય થાય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીમાં લગ્ને ૩ જી ૬ ઠી યા ૧૨ની રાશી હોય ને તેમાં સૂર્ય ને ચંદ્ર ભેગા હોય તો જળ-ઘાત જાણુવી. ॥૧॥

લગ્નથી છઠ્ઠાભાવમાં કે આઠમા ભાવમાં સૂર્ય હોય અને સૂર્યથી બારમા ભાવે ચંદ્ર હોય તો પાંચમા વર્ષે યા નવમા વર્ષે જળથી ઘાત થાય છે. ॥૨॥

## ૧૬૪. કમોતે મોત યોગ

આઠે બારે ચંદ્રમા, શનિ રાહુ સંગે જાય ।
લગ્નેશ તણી તો દષ્ટિયે, મોત કમોતે થાય ॥૧॥
લગ્ને રવિ મંગળ પાંચમે, શનિ આઠે નિર્ધાર ।
નવમે ચંદ્ર જઇ પડે, પડવાથી ચગદાય ॥૨॥

## ૧૬૫. ચોર લુચ્ચા લફંગાથી મરણ યોગ

ચોથો રાહુ સંગમાં, છઠ્ઠે કરશે વાસ ।
ચોર હાથે ચોળાઇ જતાં, જીવન હોય વિનાશ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક આઠના સ્વામીને, હોય રાહુ યા કેતુ સંગ ।
ખટમે જાકે ધર કરે, શીર કાટે ચોર નિઃશંક ॥

## ૧૬૬. પથ્થર યા શિલાથી મરણ યોગ

સૂર્ય મંગળ સંગે થઇ, દશ યા ચોથે જાય ।
શીલા પડશે સીરપરે, કાળ કોળીઓ થાય ॥

## ૧૬૭. જળ ઘાત યોગ

સાતે ચંદ્ર ચોથે શનિ, દશમે મંગળ થાય ।
પાડે કાળ કૂવા મહી, જળથી જીવંત જાય ॥
સૂર્ય ચંદ્ર સંગે મળી, મીનમાં કરે નિવાસ ।
જળમાં ડુબે જીવડો, થાશે જીવન વિનાશ ॥

## ૧૬૮. માતા મરણ યોગ

રાહુ બુધ શનિ શુક્રરો, સૂર્યસંગે ધનમાં જાય ।
માતાનુ મરણ જ કરે, પૂત્ર પણ સંગે થાય ॥૧॥

ખટ બારે પાપી વસે, સુભસંગ દ્રષ્ટિ ન હોય ।
માતાનુ મરણજ કરે, અપના ચાલે ન કોય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીના બીજા ભાવમાં, રાહુ, બુધ, શનિ, શુક્ર, ને સૂર્ય હોય તો પુત્ર અને માતા એ બંન્નેનું મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છઠ્ઠા અને બારમા ભાવે પાપી ગ્રહો હોય ને શુભ ગ્રહો દેખતા ન હોય તેમ ભેગા ન હોય તો માતાનું મર્ણ થાય છે. તેમાં કોઈનો કંઈ પણ ઉપાય ચાલી શકતો નથી. ॥ ૨ ॥

ત્રીજે અથવા સાતમે, સૂર્ય કરે જઈ વાસ ।
લગ્ને તો મંગળ વશે, એક વર્ષે માત ખલાસ. ॥૩॥
ત્રણ પાપીની દ્રષ્ટિયે, ચંદ્ર કષ્ટ સપડાય ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગબીન, માતા મૃત્યુ પાય ॥૪॥

જન્મકુંડળીમાં ત્રીજા અથવા સાતમા ભાવે સૂર્ય હોય ને લગ્નમાં એટલે પહેલા ભાવે મંગળ હોય તો એક વર્ષે માતા મરણ પામે છે. ॥ ૩ ॥

ચંદ્રમા ઉપર ત્રણ પાપી ગ્રહોની સંપૂર્ણ દ્દષ્ટિ પડતી હોય ને શુભ ગ્રહો દેખતા ન હોય તેમ ભેગા ન હોય તો માતાનું મરણ થાય છે. ॥ ૪ ॥

બિજે શનિ લગ્ને ગુરૂ, સાતે રાહુ હોય ।
માતાનો નાશજ કરે, બાળક રોતા જોય. ॥૫॥
લગ્નેશ ચોથો નિર્બળી, અને ચંદ્ર નિર્બળ હોય ।
પુત્ર ગર્ભે માતા મરે, રાખણ હાર ન કોય. ॥૬॥

જન્મકુંડળીમાં બીજા ભાવે શનિ, લગ્ને ગુરૂ ને સાતમે રાહુ હોય તો માતાનો નાશ થાય છે ને બાળક રોતો રહે છે. ॥ ૫ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો સ્વામી ચોથા ભાવનો સ્વામી ને ચંદ્રમા એ ત્રણ ગ્રહો બળહીન હોય તો તે પુત્રના રહેલા ગર્ભનો જ જન્મ થતાં માતાનું મરણ થાય તેનો બચાવ કરનાર કોઇ પણ હોતું નથી. ા ૬ ા

ક્ષીણ ચંદ્રમા અષ્ટમે, યા ખટ બારે પાપી સંગ ।
ચોથે પાપી જઇ વસે, પરલોકે માત વસંત. ॥૭॥

કળાનો ચંદ્રમા આઠમા ભાવમાં અથવા પાપી ગ્રહના ભેગો છઠ્ઠા યા બારમા ભાવમાં હોય તો માતા આલોકને તજી પરલોકમાં વાસ કરે છે અર્થાત્ મરણ પામે છે. ॥ ૭ ॥

## ૧૬૯. માતા મરણ યોગ

(જન્મયોગાર્ણવ જ્યોતિષમાંથી) -

જન્મકુંડળીમાં ત્રીજા ભાવે ચંદ્ર, મંગળ, શનિ ભેગા હોય તો તેની માતાનું મૃત્યુ થાય છે. પણ તે ગ્રહોથી સાતમા ભાવે ગુરૂ હોય તો તે ગ્રહો પર સંપૂર્ણ દૃષ્ટિથી જોતો હોવાથી તેની માતાને મરણના મુખમાંથી બચાવી લે છે અને ક્રૂર ગ્રહોની દૃષ્ટિ હોય તો નિશ્ચે મરણ થાય છે.

જન્મકુંડળીમાં બીજા ભાવે રાહુ, બુધ, શનિ, શુક્ર ભેગા હોય તો તેની માતાનું તથા તેના પિતાનું મૃત્યુ થાય છે.

જન્મકુંડળીમાં સાતમા ભાવે સૂર્ય હોય તો તેને પોતાની માતાનું દૂધ ન મળતાં ગાય, બકરીનું યા પર-માતાનું દૂધ તેના પોષણ માટે મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મકુંડળીમાં જે રાશિમાં ચંદ્ર હોય તે રાશિથી ચોથી રાશિમાં શનિ, મંગળ, રાહુ યા કેતુમાંના કોઈ ગ્રહ હોય તો તેની માતાનું મૃત્યુ થાય છે.

જન્મકુંડળીના છઠ્ઠા (૬) તથા બાર (૧૨)મા ભાવમાં મંગળ, શનિ, રાહુ એ ત્રણ ગ્રહો એ બંને ભાવમાં હોય તો તેની માતાને સર્પાદિક જાનવરથી ભય થાય છે પણ મૃત્યુ ન થતાં બચી જાય છે.

જન્મકુંડળીમાં પહેલા ભાવે ગુરૂ હોય, બીજા ભાવે શનિ હોય, અને ત્રીજા ભાવે રાહુ હોય તો જન્મકાળ પછી થોડા દિવસમાં તેની માતાનું મૃત્યુ થાય છે.

જન્મકુંડળીમાં પાંચમાં ભાવે તથા નવમા ભાવે ચંદ્ર, શનિ, મંગળ અને રાહુ એ ચાર ગ્રહો આ બંને ભાવમાં હોય અને વદી પક્ષમાં અગીયારસથી તે અમાસ સુધીમાં જન્મ હોય તો તેના જન્મ થયા બાદ તેની માતાનું મૃત્યુ ૬ માસ પૂર્ણ થતામાં થાય છે.

જન્મકુંડળીના કોઈપણ ભાવમાં એટલે જન્મકાળે શનિ, મંગળ ભેગા હોય, અને તે ગ્રહોને બીજા કોઈ ગ્રહની દૃષ્ટિ યા સંગ ન હોય તો તેની માતાનું મૃત્યુ નિશ્ચે કરીને થોડા માસમાં થાય છે.

જન્મકુંડળીમાં કેન્દ્રસ્થાન ૧, ૪, ૭, ૧૦ મધ્યેના કોઈપણ ભાવમાં શનિ, મંગળ અને ચંદ્ર એ ત્રણે ગ્રહો ભેગા હોય તો તેને બે માતાઓ પયપાન કરાવનાર હોય તો પણ તેની માતાનું પયપાન (દૂધ) તે બાળક પામતો

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

નથી, અર્થાત્ તેની માતાનું મરણ થવાથી તે પર દૂધથી પોષાય છે.

ચોથા ભાવનો સ્વામિ નવમા, અગિઆરમા કે ત્રીજા ભાવમાં સૂર્ય શુક્ર સાથે હોય તો તેની માતા આંખે અંધ થાય છે.

## ૧૭૦. માતા સુખ નાશ યોગ

(૧) કારકાંશ લગ્ન+ વૃશ્ચિક (૮) રાશિનું હોય તો તે બાળકની માતાના સ્થાનોમાંનું દૂધ સૂકાઈ જાય છે.

(૨) ત્રીજા ભાવનો સ્વામિ ૬, ૮, ૧૨ મા સ્થાનમાં ચંદ્રથી યુક્ત હોય તો પર સ્ત્રીનું સ્તનપાન કરવા તે બાળકને પરવશ થવું પડે છે.

(૩) દસમે મંગળ અને આઠમે બળવાન ગુરૂ હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૪) છઠ્ઠે કે આઠમે ચંદ્ર હોય અને પાપગ્રહોથી યુક્ત મંગળ સાતમે હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૫) શુક્ર અથવા ચંદ્ર પાપગ્રહોની વચમાં કે યુક્ત કે દૃષ્ટ હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૬) સુખેશ તેનાથી સુખ ભાવમાં અર્થાત્ ચોથાનો સ્વામિ સાતમે ગયો હોય અથવા સુખેશ (ચોથાનો સ્વામિ) પાપગ્રહોની વચ્ચે કે યુક્ત યા પાપગ્રહોથી દૃષ્ટ હોય તો

+ નવમાંશ કુંડળીમાં ચંદ્ર જે નવમાંશ રાશિમાં હોય તે કારકાંશ લગ્ન જાણવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માતાનું સુખ નાશ થાય છે.

(૭) ચંદ્રથી સાતમા ભાવમાં પાપગ્રહોથી યુક્ત શુક્ર હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૮) શનિ પાપગ્રહની રાશિ (૧, ૮, ૫) માં પાપગ્રહોથી યુક્ત હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૯) ચંદ્ર અને મંગળ એ બંને નવમે યા દસમે હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૧૦) પાપગ્રહોથી યુક્ત ચંદ્રમા સાતમે હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૧૧) લગ્ન (૧) માં ગુરૂ ધન (૨) માં શનિ સાતમે (૭) રાહુ હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૧૨) ત્રીજા કે સાતમા ભાવમાં સૂર્ય અને લગ્નમાં મંગળ હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૧૩) પાપગ્રહોની વચ્ચે ચંદ્ર હોય અથવા ચંદ્રથી ચોથે અને સાતમે પાપગ્રહ હોય તો માતાનું સુખ નાશ થાય છે.

(૧૪) સુખસ્થાન (૪) માં શનિ પાપગ્રહોની દૃષ્ટિમાં હોય તો શીઘ્ર માતાનો નાશ થાય છે.

(૧૫) રાત્રિ સમયમાં જન્મ હોય અને ચંદ્રથી ૯, ૫ સ્થાનમાં શનિ હોય તો માતાનો કોઈપણ વધ કારણસર (ઘાત) થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## ૧૭૧. પુત્ર હાથે માતા અદહન યોગ

(૧૬) જેના જન્મકાળે ચાર રાશિ (૧, ૪, ૭, ૧૦)માં ચંદ્રમા કેન્દ્રમાં હોય તો માતા મરણનો અગ્નિ સંસ્કાર તેના હાથે થતો નથી.

## ૧૭૨. માતા મરણ સમય યોગ

જન્મકાલની જન્મકુંડળીના ચોથા સ્થાનને (૧) ચોથા સ્થાનના સ્વામિને (૨) ચંદ્રને (૩) અને ચંદ્રથી ચોથા સ્થાનના સ્વામિને (૪) જે સમયે નીચ શત્રુ રાશિ ૧, ૮, ૫, ૪ ગત પાપગ્રહોથી યુકત યા દૃષ્ટ થાય અને શુભ ગ્રહ બુધ, ગુરૂ, શુક્રથી દૃષ્ટ કે સંબંધ વગરનો શનિ પૂર્ણ દૃષ્ટિથી ઉપરોકત ૪ ચાર સ્થાનમાંના કોઈ સ્થાનને જ્યારે ગોચરે દેખે છે ત્યારે માતાનું મૃત્યુ કરે છે.

## ૧૭૩. પિતા મરણ યોગ

લગ્ને શનિ સાતે મંગળો, છઠ્ઠે ચંદ્ર હોય ।
બાપ તણુ મૃત્યુ કરે, ભવિષ્ય ભાવમાં જોય. ॥૧॥
સૂર્ય પાપિ કે સંગમાં, યા પાપી મધ્યે હોય ।
સૂર્યથી સાતે પાપીથી, પિતા ઘાત તો જોય ॥૨॥

**અર્થ**—જન્મકુંડળીમાં લગ્નમાં શનિ હોય, સાતમા ભાવે મંગળ હોય, અને છઠ્ઠા ભાવમાં ચંદ્ર હોય તો પિતાનું મરણ થાય છે. ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂર્ય પાપી ગ્રહના ભેગો હોય અથવા બે પાપી ગ્રહોના મધ્યમાં હોય. અગર સૂર્યથી સાતમા ભાવે પાપી ગ્રહો હોય તો પિતાનું મરણ થાય છે. ॥ ૨ ॥

સાતે સૂર્ય દશે મંગળો, બારે રાહુ હોય ।
પિતા કષ્ટથી જીવશે, પણ દેહે પિડા જોય ॥૩॥

શત્રુ રાશિ મંગળો, દશમે વાસ કરંત ।
શુભ ગ્રહ દૃષ્ટિ સંગ બિન, પિતા સ્વર્ગે પોઢંત ॥૪॥

**અર્થ**—જન્મકુંડળીમાં સાતમા ભાવે સૂર્ય, દશમે મંગળ ને બારમા ભાવે રાહુ હોય તો પિતા મહા કષ્ટ ભોગવી બચે છે, પણ શરીરે ઘણી પીડા ભોગવે છે. ॥૩॥

દસમા ભાવે શત્રુ ગ્રહની રાશિમાં મંગળ હોય ને તેને શુભ ગ્રહ દેખતા ન હોય તેમ ભેગો કોઈ શુભ ગ્રહ ન હોય તો પિતા સ્વર્ગમાં સીધાવે છે, અર્થાત્ મરણ થાય છે. ॥ ૪ ॥

ભાગ્યનો સ્વામી બારમે, બારમો નવમે જાય ।
વર્ષ ચુંમાળીસ બાપનું, આયુષ્ય એહ ગણાય ॥૫॥

છઠે ચંદ્ર લગ્ને શનિ, સાતે મંગળ હોય ।
શુભ ગ્રહ દૃષ્ટિ સંગ બિન, પિતા મૃત્યુ જોય ॥૬॥

**અર્થ**—જન્મકુંડળીમાં નવમા ભાવનો સ્વામી બારમે ને બારમા ભાવનો સ્વામિ નવમા ભાવે હોય તો પિતા ચુંમાળીસ વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામે છે. ॥ ૫ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છઠ્ઠા ભાવે ચંદ્રમા લગ્નમાં શનિ, ને સાતમા ભાવે મંગળ શુભ ગ્રહની દૃષ્ટિ કે સંગ વિનાના હોય તો તે બાળકના પિતાનું મરણ થાય છે. ॥ ૬ ॥

ચોથે દસમે બારમે, પાપ ગ્રહ જો જોય ।
માતા પિતા નાસ્તિ, બાળો પરઘર ખાય ॥૭॥

**અર્થ**—ચોથે દસમે અને બારમે ભાવે પાપગ્રહો બેઠેલા હોય તો તે બાળકની માતા યા પિતા અથવા બંનેનું મરણ થવાથી તે બાળક પારકા ઘેર પોષાઈ મોહોટો થાય છે. ॥ ૭ ॥

શનિ મંગળ યા રાહુ જો, નવ અગીયારે જાય ।
પિતા તણું મરણ કરે, માતા તો રંડાય ॥૮॥

**અર્થ**—શનિ મંગળ કે રાહુ નવમા ભાવે યા અગીયારમા ભાવે હોય તો તે બાળકનો પિતા મર્ણ પામે છે, ને માતા રંડાય છે. ॥ ૮ ॥

ધન ભાવમાં સૂર્યતો, મંગળ બુધ શનિ જાય ।
પુત્ર લગ્ને પિતા મર્ણ, જો ૩ તનુ યે થાય ॥૯॥

**અર્થ**—ધનભાવ એટલે બીજા ભાવમાં સૂર્ય, મંગળ, બુધ, અને શનિ હોય, તનુ ભાવ એટલે પહેલા ભાવે લગ્ને ગુરૂ હોય તો પુત્રના લગ્નમાં પિતાનું મરણ થાય છે. ॥૯॥

જેનો જન્મ દીવસે થાય, સૂર્ય પિતા શુક્ર માત ગણાય ।
શનિ કાકો ચંદ્ર માશી જાણ, એહ યોગથી ફળ તું માન ॥૧૦॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતા સુખી સૂર્ય એકીથી, બેકીયે દુઃખ થાય ।
શુક્ર એકી માતા દુખી, બેકીયે સુખ પાય ॥૧૧॥
શનિ એકી કાકા સુખી, બેકી દુખ નિરધાર ।
માસી દુખી ચંદ્ર એકીથી, બેકી સુખ વિચાર ॥૧૨॥

**અર્થ**—૧, ૩, ૫, ૭, ૯,ને ૧૧ એ રાશિયોમાં રહેલા ગ્રહો એકીરાશિના ગણાય છે.

૨, ૪, ૬, ૮, ૧૦ ને ૧૨ એ રાશિયોમાં રહેલા ગ્રહો બેકી રાશિમાં ગણાય છે. સિવાય, અર્થ સ્પષ્ટ સમજી શકાય તેવા હોવાથી લખ્યા નથી.

## ૧૭૪. પિતા મરણ યોગ

(જન્મ યોગાર્ણવ જ્યોતિષમાંથી).

જન્મકુંડળીના ચોથા તથા દશમા ભાવમાં મંગળ શનિ તથા રાહુ એ ત્રણે ગ્રહો એ બન્ને ભાવમાં હોય તો તેના પિતાને સર્પાદિક જાનવરથી ભય થાય છે, પણ મરણ ન થતાં બચી જાય છે.

જન્મકુંડળીમાં પહેલા ભાવે શનિ સાતમા ભાવે મંગળ અને છઠ્ઠા ભાવે ચંદ્ર હોય તથા અમાસના દિવસે જન્મ હોય તો તેનો જન્મ થયા બાદ થોડા દિવસમાં તેના પિતાનું મરણ થાય છે.

જન્મકુંડળીના પહેલા ભાવે ગુરૂ હોય બીજા ભાવે સૂર્ય, મંગળ, શનિ, બુધ એ ચાર ગ્રહો હોય તો તે

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

બાળકના લગ્ન પ્રસંગે યા લગ્ન થયા બાદ થોડા દિવસમાં તેના પિતાનું મરણ થાય છે.

જન્મકુંડળીમાં કોઈપણ ભાવમાં મંગળ તથા કેતુની વચમાં સૂર્ય હોય અર્થાત જે રાશીમાં મંગળ હોય તેની બીજી રાશીમાં સૂર્ય અને ત્રીજી રાશીમાં કેતુ એમ અનુક્રમે કોઈપણ ત્રણે રાશીઓમાં એ ત્રણ ગ્રહો પડેલા હોય તો તેના જન્મ થયા બાદ થોડા દિવસમાં તેના પિતાનું મરણ થાય છે.

જન્મકુંડળીમાં સાતમા ભાવે સૂર્ય, દસમા ભાવે મંગળ, અને બારમા ભાવે રાહુ હોય તો તે બાળક અન્ન ખાતો થાય તેટલી મુદતમાં તેના પિતાનું મરણ થાય છે.

જન્મકુંડળીમાં દસમા ભાવે , કર્ક (૪) રાશિમાં મંગળ હોય તો તે બાળક જ્યાંસુધી ધાવણનું દૂધ પીતો હોય ત્યાં સુધી તેના પિતાનું આયુષ્ય વધારામાં વધારે ભૂમંડળની ભૂમી પર ટકી શકે છે.

જન્મકુંડળીમાં છઠ્ઠા ભાવે ચંદ્ર પહેલા ભાવે શનિ અને સાતમા ભાવે મંગળ હોય તો તે બાળકના જન્મ પછી થોડા માસ ગત થતાં તેનો પિતા આ ભારતની ભૂમિમાંથી ગત થાય છે. અર્થાત્ મરણ પામે છે.

જન્મકુંડળીના પહેલા, યા ચોથા ભાવમાં રાહુ તથા ગુરૂ ભેગા હોય તો તે બાળકની ૨૩ વરસની ઉંમરમાં તેના પિતાનો નાશ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દસમા ભાવનો સ્વામી ત્રીજા પાંચમા કે નવમા ભાવમાં, સૂર્ય તથા શુક્ર સાથે હોય તો તેનો પિતા આંખે અંધ થાય છે.

સાતમા ભાવે સૂર્ય, દસમે મંગળ અને બારમે રાહુ હોય તો તે બાળકની ૯ વરસની ઉંમરે તેના પિતાનું મરણ થાય છે.

( એક સન્સીસી પાસેના સુધા સિંધુ નામના તેલંગીભાષાના ગ્રંથમાંથી લીધેલો ઊતારો. )

આઠમા ભાવે સૂર્ય મકર (૧૦) રાશીમાં શુભ ગ્રહોની દૃષ્ટિ યા સંગ વગરનો હોય તો તેની ૧ વરસની ઉંમર થતાં તેના પિતાનું મરણ થાય છે.

બારમા ભાવનો સ્વામી નવમા ભાવમાં હોય અને નવમા ભાવનો સ્વામી નવમાંશ કુંડળીમાં કોઈપણ ભાવમાં નીચ રાશીમાં હોય તો તેના પિતાનું મરણ ત્રણ વર્ષની અંદર થાય છે.

લગ્ન એટલે પહેલા ભાવનો સ્વામી આઠમા ભાવે હોય અને આઠમા ભાવનો સ્વામી પણ આઠમે હોય તો તેના પિતાનું મરણ ૨ બે વરસે યા ૧૨ વર્ષની અંદર થાય છે. ગમે તેટલા બીજા બળવાન યોગો હોય પણ બાર વરસ ઉપર તેનું આયુષ્ય ભાગ્યે ટકી શકે છે.

નવમા ભાવનો સ્વામી જે રાશિમાં હોય એનાથી આઠમા ભાવે રાહુ હોય તો તેના પિતાનું મરણ ૧૬ મા વરસે થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમા ભાવે શનિ યા સૂર્ય હોય તો તેના પિતાનું મરણ ૧૮ મા વર્ષે થાય છે

રાહુના ભેગો ચંદ્રમા કોઈપણ ભાવમાં હોય અને નવમા ભાવમાં શનિ હોય તો તેના ૭ સાતમા યા ૧૯ ઓગણીસમા વરસે તેના પિતાનું મરણ થાય છે.

ત્રીજા ભાવમાં સૂર્ય, આઠમા ભાવે યા નવમા ભાવે રાહુ હોય તો તેના ૨૫ પચ્ચીસમા વરસે તેના પિતાનું મરણ થાય છે.

બીજા ભાવે શનિ અને આઠમા ભાવે સૂર્ય હોય તો તેના ૨૭, ૩૦, યા ૩૧ મા વરસે તેના પિતાનું મરણ થાય છે.

નવમા ભાવનો સ્વામી સૂર્ય સાથે હોય યા નીચ રાશિમાં હોય યા નવમા ભાવમાં રાહુ હોય તો તેના ૩૩ મા વરસે તેના પિતાનું મરણ થાય છે.

નવમા ભાવનો સ્વામી બારમા ભાવે અને બારમા ભાવનો સ્વામી નવમા ભાવે હોય તો તે પરિવર્તન યોગ હોવાથી તેના ૪૪ મા વરસે તેના પિતાનું મરણ થાય છે.

નવમા ભાવે સિંહ (૫) રાશિ હોય અને તેનો સ્વામી સૂર્ય શનિ યા મંગળ સાથે કોઈપણ ભાવે હોય તો તેના ૫૦ મા વર્ષે તેના પિતાનું મરણ થાય છે.

લગ્નનો સ્વામી આઠમા ભાવે હોય અને ચંદ્ર સૂર્યના નવમાંશમાં હોય તો તેના ૩૫ મા વરસે તેના પિતાનું મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વાર્થ ચિંતામણી, પા. ૧૭૬ માં કહે છે કે,

સૂર્યથી ચંદ્રમા નવમા ભાવમાં , એટલે સૂર્ય જે રાશીનો હોય તેનાથી નવમી રાશિમાં ચંદ્ર હોય તો યા ચંદ્રમાથી સૂર્ય પાંચમી રાશિમાં હોય તો તેના પિતાને જળ-ઘાત યોગ હોવાથી તેના પિતાનું મરણ જળથી થાય છે.

## ૧૭૫. પૂત્ર લગ્ને પિતાનો મૃત્યુયોગ.

જેના જન્મ લગ્નમાં ગુરૂ, ધનમાં બુધ, મંગળ અને શનિ એ ત્રણ ગ્રહ હોય તો તેના લગ્ન સમયમાં (એકાદ માસ આગળ યા પાછળ) તેના પિતાનું મરણ થાય છે

## ૧૭૬. જળ (પાણી) ઘાતે પિતા મરણ યોગ

જેના જન્મકાળે ચંદ્રમા તથા સૂર્ય એ બંને નવમા ભાવમાં હોય તો તેના પિતાનું મરણ જળમાં ડુબવાથી થાય છે.

ચંદ્ર તથા સૂર્ય મીનરાશિમાં પાપગ્રહોથી દૃષ્ટ હોય તો તેના પિતાનું મરણ જળમાં ડૂબવાથી થાય છે.

## ૧૭૭. અન્ય દેશે પિતા મરણ યોગ

જેના જન્મકાળે ચાર રાશી ( ૧ । ૪ । ૭ । ૧૦ ) માંની કોઈ રાશિમાં શુક્ર તથા સૂર્ય મંગળથી યુંત તથા દૃષ્ટ હોય તો તેના પિતાનુ મરણ અન્યદેશે થાય છે.

## ૧૭૮. માતાના હાથે પિતા મૃત્યુ યોગ

જેના જન્મકાળે લગ્નનો ચોથા ભાવનો અને નવમા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવનો સ્વામી યુકતપણે ૧ ૪ ૫ ૭ ૯ ૧૦ એ સ્થાનોમાં હોય તો તેની માતાના હાથે તેના પિતાનું મરણ થાય છે એમ જાતક તત્ત્વકાર ચોથા ભાવે કહે છે. પરંતુ આ બાબત મારો એવો મત છે કે આ બધા પાપગ્રહો યા પાપગ્રહોની દૃષ્ટિમાં શુભના સબંધ તેમ દૃષ્ટિ રહીત હોય તો આ યોગ થવા સંભવ રહે છે.

## ૧૭૯. પુત્ર હાથે પિતાનો અદહન યોગ

જેના જન્મકાળે ચાર રાશિ ( ૧ ૪ ૭ ૧૧ ) માં સૂર્ય કેન્દ્રમાં હોય તો પિતા મરણનો અગ્નિસંસ્કાર તે પૂત્રના હાથે થતો નથી.

## ૧૮૦. પિતામરણનો વર્ષી યોગ

હવે ધિવર ( મચ્છીમાર ) પૂત્રી મત્સ્યગંધાના પ્રેમમાં પટકાતાં ઘણા કાળ પૂર્વે થઈ ગયેલા મહાન રૂષીરાજ પારાશરથી વર્ણવેલા પિતા મરણ યોગનો અહીં સ્ફોટ કરીયે છીએ.

૧–આઠમે સૂર્ય અને અષ્ટમેશ નવમે હોય તો જન્મના પ્રથમ વર્ષમાં પિતાનું મરણ થાય છે.

૨–વ્યેયેશ નવમે અને નવમેશ નીચ રાશી અંશમાં હોય તો ત્રીજા કે સોળમા વર્ષમાં પિતાનું મરણ થાય છે.

૩–લગ્નેશ આઠમે અને અષ્ટમેશ સૂર્યથી યુકત હોય તો બીજા કે બારમા વર્ષમાં પિતાનું મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪–જન્મ લગ્નથી ચોથા ભાવમાં રાહુ અને પાંચમે સૂર્ય હોય તો સોલમા કે આઠમા વર્ષમાં પિતાનું મરણ થાય છે.

૫–જન્મકુંડળીમાં રાહુ સૂર્ય એક ભાવમાં હોય અને ચંદ્રમાથી નવમા ભાવમાં શનિ હોય તો સાતમા કે ઓગણીસમા વર્ષે પિતાનું મરણ થાય છે.

૬–ભાગ્યેશ વ્યય ભાવમાં અને વ્યયેશ ભાગ્ય ભાવમાં હોય તો ચુમાલીશમા વર્ષે પિતાનું મરણ થાય છે.

૭–સૂર્યના નવમાંશમાં ચંદ્રમા હોય અને લગ્નેશ અષ્ટ ભાવમાં હોય તો પાંત્રીસમા કે એકતાલીસમા વર્ષે પિતાનું મરણ થાય છે.

૮–દસમા સ્થાનનો સ્વામી સૂર્ય, ચંદ્ર અને મંગળ યુક્ત હોય તો પચાસમા વર્ષે પિતાનું મરણ થાય છે.

૯–ત્રીજા ભાવમાં સૂર્ય અને ત્રીજા અથવા સાતમા ભાવમાં રાહુ હોય તો છઠ્ઠા કે સાતમા વર્ષે પિતાનું મરણ થાય છે.

૧૦–ધન ભાવમાં શનિ અને આઠમા ભાવમાં સૂર્ય હોય તો ૨૧, ૨૬ કે ૩૦ મા વર્ષે પિતાનું મરણ થાય છે.

૧૧–ભાગ્યેશ નીચ રાશિમાં હોય અને એ નીચ રાશિનો સ્વામિ ભાગ્ય ભાવમાં હોય તો ૨૬ કે ૩૬ મા વર્ષે પિતાનું મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૮૧. પિતા મરણ સમય યોગ

જન્મકાલની જન્મકુંડળીમાં દશમાસ્થાને (૧) દસમા સ્થાનના સ્વામીને (૨) સૂર્યને (૩) અને સૂર્યથી દશમા સ્થાનના સ્વામીને જે સમયે નીચ શત્રુ રાશિ ૧, ૮, ૫, ૪ ગત યા પાપ ગ્રહોથી યુક્ત યા દષ્ટ શુભ ગ્રહ બુધ, ગુરૂ, શુક્રના સંબંધ કે દષ્ટી વિનાનો શનિ ઉપરોકત ચાર સ્થાનમાંના કોઈ સ્થાનમાં સંપૂર્ણ દષ્ટિથી ગોચરે જ્યારે દેખે છે ત્યારે પિતાનું મરણ કરે છે.:—

## ૧૮૨. માતા કે પિતાનો મરણ યોગ.

૧–જે સમયે રાશિ ભ્રમણ દ્વારા જન્મના ચંદ્રની (જન્મરાશિથી) કે જન્મ કાલના જન્મલગ્નથી શનીદેવની સાડાસાત વર્ષની પનોતી સાડાસાતી (૧૨, ૧, ૨) સ્થાનમાં કિંવા ચોથા (૪) કે આઠમા (૮) સ્થાનમાં જતા શનિની અઢી વર્ષની પનોતી જેને આવી હોય અને એ શનીની નીચ રાશિ કે શત્રુ રાશિ (૧, ૮, ૪, ૫)માં ભ્રમણ કરતો હોય તે સમયમાં જ્યારે પાપગ્રહોથી યુકત યા દષ્ટ થાય છે ત્યારે જરૂર માતા તથા પિતાનું અથવા બન્નેમાંથી એકનું ચોક્કસ મરણ કરે છે.

હવે દશા અંતર દશા આધારે માતા પિતાનો મરણ સમય યોગ નીચેના નિયમો અનુસાર જાતકતત્ત્વકારે ગણેલો છે.

૨–લાભેશ, ચતુર્થેશ, પંચમેશ (૧૧, ૪, ૫ ભાવના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વામી)ની દશા અંતરદશામાં પિતાનું અને પંચમેશ, દસમેશ લાભે શનિ દશા અંતર દશામાં માતાનું મરણ થાય છે.

૩–નવમેશ, દશમાંશ અર્થાત ૯, ૧૦ ભાવના સ્વામીની (૧) નવમા દશમા ભાવમાં રહેલા ગ્રહની (૨) નવમેશ દશમેશ જે રાશિમાં ગયા હોય તે રાશિના સ્વામીની (૩) લગ્નથી ચોથા સ્થાનનો સ્વામી જે રાશિમાં ગયો હોય એ રાશિના સ્વામીની જ ચતુર્થેશ અને ધનેશ એ બંનેમાંથી જે શુભગ્રહ હોય અથવા શનિથી વેધિત યા દૃષ્ટ કે યુકત હોય તે ગ્રહની એમ પાંચ ગ્રહોની દશા અંતરદશાના સમયમાં પિતાનું મરણ થાય છે.

૪–સૂર્ય જે રાશિમાં અને જે રાશિના નવમાંશમાં હોય તે બંનેમાંથી જે રાશિમાં બળવાન હોય એ રાશિથી ત્રિકોણ એટલે પાંચમી યા નવમી રાશિમાં ઉપરોકત બતાવેલ પિતા મરણકારક દશા સમયમાં જ્યારે સૂર્ય આવે ત્યારે પિતાનું મરણ થાય છે. તેવીજ રીતે ચંદ્રમા જે રાશિમાં અને જે રાશિના નવમાંશમાં હોય તે બંનેમાંથી જે રાશિ બળવાન હોય એ રાશિથી ત્રિકોણમાં (૫,૯) મા ભાવે સૂર્ય જ્યારે આવે છે, ત્યારે માતા મરણકાલ દશાના સમયમાં માતાનું મરણ થાય છે.

## ૧૮૩. માતા પિતા કાકાને માશીના સુખદુઃખ વિષે.

જેનો જન્મ રાત્રી થાય, શનિ પિતા ચંદ્ર માત ગણાય ।
સૂર્ય કાકો શુક્ર માશી જાણ, એહ યોગથી ફળ તુ માન ॥૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકી શનિ પિતા સુખી બેકીયે દુઃખ જાણ ।
બેકી ચંદ્ર માતા સુખી, એકીયે દુઃખ માન ॥ ૨ ॥
એકી સૂર્ય કાકા સુખી, બેકીયે દુઃખ પાય ।
બેકી શુક્ર માશી સુખી, એકીયે દુઃખ થાય ॥ ૩ ॥

## ૧૮૪. ભાઈ–ભાન્ડુ મૃત્યુ સમય યોગ

જન્મકાલની જન્મકુંડળીમાં ત્રીજા સ્થાનને (૧) ત્રીજા સ્થાનના સ્વામિને (૨) મંગળને (૩) અને મંગળથી ત્રીજા ભાવના સ્વામિને (૪) જે સમયે નીચ શત્રુરાશિ ૧, ૮, ૫, ૪ ગત પાપગ્રહોથી યુક્ત યા દૃષ્ટ શુભ ગ્રહ બુધ, ગુરૂ, શુક્રથી સંબંધ કે દૃષ્ટિ વિનાનો શનિ ગોચરે ઉપરોક્ત ચાર સ્થાન પૈકીના કોઈ સ્થાનને સંપૂર્ણ દૃષ્ટિથી જ્યારે દેખે છે ત્યારે ભાઈ–ભાન્ડુમાંથી એકાદનું મરણ કરે છે.

## ૧૮૫. મોટા તથા નાના ભાઈનો મરણ સમય

સ્પષ્ટ રાશ્યાદિ મંગળમાંથી સ્પષ્ટ રાશ્યાદિ રાહુને બાદ કરવો, જે રાશિ અંશ વધે તે રાશિમાં અથવા તે રાશિથી નવમી કે પાંચમી રાશિમાં ગોચરે ભ્રમણદ્વાર ગુરૂ જ્યારે તેટલા અંશે થાય ત્યારે નાના ભાઈનો નાશ કરે છે તેવી જ રીતે–

સ્પષ્ટ રાશ્યાદિ રાહુમાંથી સ્પષ્ટ રાશ્યાદિ મંગળને બાદ કરતાં જે રાશિ અંશ વધે તે રાશિમાં અથવા તે રાશિથી નવમી કે પાંચમી રાશિમાં ગોચરે ભ્રમણદ્વારા ગુરૂ જ્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેટલા અંશે થાય ત્યારે મોટા ભાઈનો નાશ કરે છે.

## ૧૮૬. સ્ત્રી મૃત્યુ સમય યોગ

૧–જન્મકાલની જન્મકુંડળીમાં સાતમા ભાવને (૧) સાતમા ભાવના સ્વામિને (૨) શુક્રને (૩) અને શુક્રથી સાતમા ભાવને (૪) જે સમયે નીચ શત્રુરાશિ ૧, ૮, ૫, ૪ ગત પાપગ્રહોથી યુક્ત યા દષ્ટ શુભ ગ્રહ બુધ, ગુરૂ, શુક્રથી સંબંધ કે દૃષ્ટિ વિનાનો શનિ ઉપરોક્ત ૪ ચાર સ્થાનમાંના કોઈ સ્થાનને સંપૂર્ણ દૃષ્ટિથી ગોચરે જ્યારે દેખે છે ત્યારે સ્ત્રીનું મરણ કરે છે.

## ૧૮૭. સ્ત્રી સુખ વિયોગ યોગ

૧–દ્વિત્ય (૨) સ્થાન પરથી પણ સ્ત્રી સંબંધી વિચાર થાય છે જેથી તે સ્થાનમાં પણ ઉપરોક્ત યોગ કલમ ૩ ત્રણ પ્રમાણેનો જે સમયે થાય ત્યારે સ્ત્રી સુખ માટે સારો યોગ ગણાતો નથી.

૨–બીજા ભાવમાં તથા સાતમા ભાવમાં ગોચરે આવતા પાપગ્રહોથી તે બંને સ્થાન જ્યારે ભરાઈ જાય છે ત્યારે સ્ત્રી સુખ નિશ્ચયપૂર્વક મળતું નથી અર્થાત સ્ત્રી સુખનો ભંગ થાય છે.

## ૧૮૮. સ્ત્રી નાશ (મરણ) યોગ

૧–જન્મલગ્ને સૂર્ય, સાતમા ભાવમાં શનિ હોય અર્થાત્ સૂર્ય શનિનો પ્રતિયોગ ૧૮૦ અંશના અંતરનો

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

હોય તો સ્રીનો નાશ થાય છે.

૨–આઠમે શનિ, છઠ્ઠે મંગળ અને સાતમે રાહુ હોય તો સ્રીનો નાશ થાય છે.

૩–લગ્નમાં નીચ રાશિમાં કોઈ ગ્રહ હોય અથવા લગ્નેશ નીચ રાશિમાં હોય તો સ્રીનો નાશ થાય છે.

## ૧૮૯. રીષ્ટ યોગ

સૂર્યોચ્ચ નવમે તાત શ્ચંદ્રે માતા ચતુર્થગઃ ।
ભૌમસ્ય તૃતીયે ભ્રાતા બુધે ચતુર્થે માતુલઃ ॥૧॥
ગુરો પંચમતઃ પુત્રો ભૃગુઃ સપ્તમતઃ સ્રીયઃ ।
શને રષ્ટ મતો મૃત્યુ ર્યદા ક્રૂરો ભવેન્નરઃ ॥૨॥

**અર્થ**—સૂર્યથી નવમા ભાવમાં પિતાનું ચંદ્રમાથી ચોથે માતાનું, મંગળથી ત્રીજે ભાઈઓનું, બુધથી ચોથા ભાવે મામાઓનું, ગુરૂથી પાંચમે પૂત્રોનું, શુક્રથી સાતમે સ્રીનું, અને શનિથી આઠમે પોતાનું મરણનું સ્થાન ગણાય છે. તો એ સ્થાનોમાં જ્યાં જ્યાં પાપગ્રહો પડેલા હોય તેનું અરીષ્ટ ફળ જાણવું. ॥૧–૨॥

ચતુર્થે નવમે સૂર્યે અષ્ટમે ચ બૃહસ્પતૌ ।
દ્વાદશે ચ શશાંકે ચ સદ્યા મૃત્યુ કરો ભવેત્ ॥૩॥

ચોથા કે નવમા ભાવે સૂર્ય, આઠમા ભાવે ગુરૂ, ને બારમા ભાવે ચંદ્રમા હોય તો તે બાળક બાળપણુમાં મરણ પામે છે. ॥૩॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચતુર્થે ચ યદા રાહુઃ ષષ્ઠે ચંદ્રોષ્ટમેપિ વા ।
સદ્યએવ ભવેન્મૃત્યુઃ શંકરો યદિ રક્ષતિ ॥૪॥

જન્મકુંડળીમાં ચોથા ભાવે રાહુ, ૬ ઠ્ઠા કે ૮ મા ભાવે ચંદ્રમા હોય તો બાળક તત્કાલ મરણ પામે છે. ભલે તેને શંકર રક્ષા કરે તો પણ બચે નહિ. ॥૪॥

ક્ષીણચંદ્ર વ્યયસ્થાને પાપલગ્ને સ્મરેષ્ટમે ।
શુભેશ્ચ રહિતે કેન્દ્રે શીઘ્રં નશ્યતિ બાલકઃ ॥૫॥

જન્મકાળમાં ક્ષીણ ચંદ્રમા ૧૨ મા સ્થાનમાં અથવા પાપરાશીના લગ્નમાં યા સાતમા કે આઠમા ભાવમાં હોય ને કેન્દ્રમાં શુભગ્રહ નહીં હોય તો એ બાળક તત્કાલ મરણ પામે છે. ॥૫॥

દશમસ્થો દિવાનાથઃ પાપૈર્બહુનિરીક્ષતઃ ।
મેષવૃશ્ચિકકર્કસ્થો સદ્યો મૃત્યુપ્રદો ભવેત્ ॥૬॥

જન્મકાળમાં મેષ, વૃશ્ચિક કે કર્ક રાશિમાં સૂર્ય દશમા સ્થાનમાં હોય યા પાપગ્રહની દૃષ્ટિમાં હોય તો તે બાળક તત્કાલ મરણ પામે છે. ॥૬॥

સપ્તમે ભવને ભૌમશ્ચાષ્ટમે ભાર્ગવો યદિ ।
નવમે ભવને સૂર્યઃ સ્વલ્પાયુષ્યઃ પ્રજાયતે ॥૭॥

લગ્નથી સાત સ્થાનમાં મંગળ, આઠમા સ્થાનમાં શુક્ર, ને નવમા સ્થાનમાં સૂર્ય હોય તો એ બાળકનું અલ્પ આયુષ્ય જાણવું. ॥૭॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષીણચંદ્રો યદા લગ્ને પાપાશ્ચાષ્ટમકેન્દ્રગા ।
સ્મરે લગ્નપતિઃ પાપૈર્યુક્તો નશ્યેત્તદા શિશુઃ ॥૮॥

ક્ષીણ ચંદ્રમા લગ્નમાં હોય, પાપગ્રહ કેન્દ્રમાં કે આઠમા ભાવે હોય, લગ્નપતિ ૭ મે પાપગ્રહની સાથે હોય તો એ બાળક તત્કાલ મરણ પામે છે. ॥૮॥

લગ્ને ચ ક્રૂર ભવને ક્રૂરઃ પાતાલગો યદા ।
દશમે ભવને ક્રૂરઃ કષ્ટં જીવતિ બાલકઃ ॥૯॥

ક્રૂર (પાપી) ગ્રહની રાશીનું લગ્ન હોય ને ચાર ભાવોમાં પાપ ગ્રહ હોય, ને ૧૦ મા સ્થાનમાં પણ પાપ ગ્રહ હોય તો એ બાળકનું જીવન ઘણા કષ્ટથી જાણવું.

અષ્ટમસ્થો યદા રાહુઃ કેન્દ્રે ચન્દ્રશ્ચ નીચગઃ ।
તસ્ય સદ્યો ભવેન્મૃત્યુર્બાલકસ્ય ન સંશયઃ ॥૧૦॥

આઠમા સ્થાનમાં રાહુ ને કેન્દ્રમાં નીચનો ચંદ્રમા હોય તો તે બાળકનું તુર્ત મરણ થાય છે, તેમાં સંદેહ નહીં. ॥૧૦॥

દ્વાદશસ્થો યદા ચંદ્રઃ પાપાશ્ચાષ્ટમગેહગાઃ ।
માસેનૈકેન મૃત્યુઃ સ્યાત્તસ્ય બાલસ્ય નિશ્ચિતમ્ ॥૧૧॥

બારમા સ્થાનમાં ચંદ્રમા, ને આઠમા સ્થાનમા પાપ-ગ્રહ હોય તો તે બાળકનું ૧ માસમાં મરણ થાય છે. ॥૧૧॥

ષષ્ટાષ્ટમે યદા ચંદ્રો બુધયુક્તશ્ચ તિષ્ઠતિ ।
વિષદોષેણ બાલસ્ય તદા મૃત્યુશ્ચ જાયતે ॥૧૨॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મ સમયે ચંદ્રમા બુધ યુક્ત છઠ્ઠા કે આઠમા ભાવે હોય તો તે બાળક વિષ દોષથી મરણ પામે છે. ।।૧૨।।

અષ્ટમે ચ નિશાનાથે કેંદ્રે ક્રૂર ભવેત્ ।
ચતુર્થે ચ યદા રાહુર્વર્ષમેકં સ જીવતિ ।।૧૩।।

જન્મ લગ્નથી આઠમા સ્થાનમાં ચંદ્રમા હોય ને કેંદ્રમાં પાપગ્રહ હોય, ચોથા સ્થાનમાં રાહુ હોય તો તે બાળકનું ૧ વર્ષે મરણ થાય છે. ।।૧૩।।

લગ્નેષ્ટમે યદા રાહુશ્ચંદ્રસ્તં યદિ પશ્યતિ ।
દશાહૈર્જાયતે તસ્ય બાલસ્ય મરણં ધ્રુવમ્ ।।૧૪।।

લગ્નમાં યા આઠમા ભાવે રાહુ હોય ને ચંદ્રમા દેખતો હોય તો તે બાળકનું ૧૦ દિવસમાં મરણ થાય છે. ।।૧૪।।

વક્રી શનિર્ભૌમગૃહે કેંદ્રે ષષ્ઠાષ્ટમેપિ વા ।
કુજેન બલિના દૃષ્ટો જીવેદ્વર્ષદ્વયં શિશુઃ ।।૧૫।।

જન્મ સમયે વક્રગતિનો શનિ મંગળના ઘરમાં મેષ યા વૃશ્ચિક રાશીમાં કેન્દ્ર સ્થાનમાં યા છઠ્ઠા કે આઠમા સ્થાનમાં બેઠો હોય ને તેના ઉપર બળવાન મંગળની દૃષ્ટિ હોય તો તે બાળકનું મરણ ૨ વર્ષે થાય છે. ।।૧૫।।

શનિરાહુકુજૈર્યુક્તઃ સપ્તમે નવમે શશી ।
સપ્તમે દિવસે હંતિ માસે વા સપ્તમે શિશુમ્ ।।૧૬।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શનિ, રાહુ ને મંગળ યુક્ત ચંદ્રમા ૭ મે યા ૯ મે હોય તો ૭ દિવસમાં યા ૭ માસમાં બાળકનો નાશ થાય છે. ॥૧૬॥

દશમે ભવને રાહુઃ પિતૃમાતૃ પ્રપીડનમ્ ।
દશમે વત્સરે મૃત્યુર્બાલકસ્ય ન સંશયઃ ॥૧૭॥

દશમા સ્થાનમાં રાહુ હોય તો માતાપિતાને દુઃખી કરે છે ને બારમા વર્ષે તે બાળકનું મરણ થાય છે. ॥૧૭॥

લગ્ન સ્થાને યદાભાનુઃ પંચમસ્થાને નિશાકરઃ ।
અષ્ટં સ્થાને યદા પાપા સ્તદાજાતો ન જીવતિ ॥૧૮॥

જેના જન્મ લગ્નમાં સૂર્ય ને પાંચમે ચંદ્રમા ને આઠમે પાપગ્રહ હોય તો તે બાળક બાળપણમાં મરણ પામે છે. ॥૧૮॥

ચંદ્રઃ સપ્તમે ભવને શનિ ભૌમ રાહુ સંયુતો ।
યદા સપ્તમે દિનેમૃત્યુઃ સપ્તમાસે ન સંદેહઃ ॥૧૯॥

જેની જન્મકુંડળીમાં સાતમા સ્થાનમાં ચંદ્રમા શનિ ને મંગળ, રાહુ યુક્ત હોય તો તે બાળક ૭ દિવસ યા સાત મહિના સુધી જીવતો રહે છે. ॥૧૯॥

સૂર્યમંદગૃહે શુક્રો ગુરુણા ચ વિલોકિતઃ ।
નવભિર્માસ્યત્યે નવવર્ષૌર્જીતં ન સંશયઃ ॥૨૦॥

જન્મકુંડળીમાં સૂર્યના સ્થાન એટલે સિંહ (૫) રાશિ ઉપર યા મંગળના સ્થાન એટલે મેષ (૧) રાશિ તથા

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

વૃશ્ચિક (૮) રાશિ ઉપર ગુરૂની કે શુક્રની દ્રષ્ટિ હોય તો તે બાળક નવમા વર્ષે મરણ પામે છે. ॥ ૨૦ ॥

સૂર્યેણ સહિતશ્ચંદ્રો બુધગૃહગતઃ સદા ।
નવીક્ષિતશ્ચસૌમ્યેન નવ વર્ષેણ મૃત્યુદઃ ॥૨૧॥

સૂર્ય ને ચંદ્ર બુધના સ્થાન ( ૩, ૬ ) માં સાથે હોય, ને બુધ દેખતો ન હોય તો તે બાળકનું મરણ નવમે વર્ષે થાય છે. ॥ ૨૧ ॥

પાતાલસ્થો યદા રાહુશ્ચંદ્રઃ ષષ્ઠાષ્ટમેપિ ચ ।
પાપદષ્ટોપિ સૈષૈશ્ચ સદ્યઃ પ્રાણહરઃ શિશોઃ ॥૨૨॥

જેના જન્મ લગ્નથી સાતમા ભાવે રાહુ, છઠ્ઠા યા આઠમા ભાવે ચંદ્રમા પાપગ્રહોની દ્રષ્ટિમાં હોય તો તે બાળકનું મરણ જન્મ થતાની સાથે થાય છે. ॥ ૨૨ ॥

જન્મલગ્ને યદા રાહુઃ ષષ્ઠો ભવતિ ચંદ્રમાઃ ।
જાતો મૃત્યુમવાપ્નોતિ કુદષ્ટ્યા ત્વપમૃત્યુના ॥૨૩॥

જન્મ લગ્નમાં રાહુ હોય ને છઠ્ઠા ભાવે ચંદ્રમા હોય ને લગ્ન ઉપર પાપગ્રહોની દ્રષ્ટિ હોય તો તે બાળકનું અલ્પ મરણ થાય છે. ॥ ૨૩ ॥

જન્મલગ્ને યદા ભૌમશ્ચાષ્ટમે ચ બૃહસ્પતિઃ ।
વર્ષે ચ દ્વાદશે મૃત્યુર્યદિ રક્ષતિ શંકરઃ ॥૨૪॥

જેના જન્મ લગ્નમાં મંગળ ને આઠમા ભાવે ગુરૂ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તે બાળકનું રક્ષણ શંકર જેવા કરે તો પણ ૧૨ મા વર્ષે મરણ જાણવું. ॥ ૨૪ ॥

શનિક્ષેત્રે યદા સૂર્યો ભાનુક્ષેત્રે યદા શનિઃ ।
વર્ષે ચ દ્વાદશે મૃત્યુર્દેવૌ વૈ રક્ષિતા યદિ ॥૨૫॥

શનિના ઘરમાં એટલે જેની જન્મ કુંડળીમાં મકર (૧૦) યા કુંભ (૧૧) રાશિમાં સૂર્ય હોય ને સૂર્યના ઘરમાં એટલે સિંહ (૫) રાશિમાં શનિ હોય તો તે બાળકનું દેવ રક્ષણ કરતા હોય છતાં પણ ૧૨ મા વર્ષે મરણ થાય છે. ॥ ૨૫ ॥

ષષ્ઠાષ્ટમે તથા મૂર્તૌ શત્રુક્ષેત્રે યદા બુધઃ ।
ચતુર્થવર્ષે મૃત્યુશ્ચ યદિ રક્ષતિ શંકરઃ ॥૨૬॥

જેની જન્મ કુંડળીમાં છઠ્ઠે આઠમે યા લગ્નમાં શત્રુ ક્ષેત્રે બુધ હોય તો ભલે શંકર રક્ષણ કરે તો પણ તે બાળક ૪ થા વર્ષે મરણ પામે છે. ॥ ૨૬ ॥

ભૌમક્ષેત્રે યદા જીવઃ ષષ્ઠષ્ટસુ ચ ચંદ્રમાઃ ।
વર્ષેષ્ટમેપિ મૃત્યુર્વૈ ઈશ્વરો રક્ષિતા યદિ ॥૨૭॥

જેની જન્મ કુંડળીમાં મંગળના ઘરમાં ગુરૂ હોય ને છઠે યા આઠમે ચંદ્રમા હોય તો તે બાળકનું ઇશ્વર રક્ષણ કરે તો પણ આઠમે વર્ષે મરણ થાય છે. ॥ ૨૭ ॥

દશમે ચ યદા રાહુર્જન્મલગ્નેપિ વા ભવેત્ ।
વર્ષે તુ ષોડશે જ્ઞેયો બુધૈર્મૃત્યુર્નરસ્ય ચ ॥૨૮॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દશમસ્થાનમાં અથવા લગ્નમાં રાહુ હોય તો સોળમા વર્ષે બાળનું નિશ્ચે મરણ થાય છે. ॥ ૨૮ ॥

શત્રુક્ષેત્ર ષ્ટમે ષષ્ઠે દ્વિતીયે દ્વાદશે શનિઃ ।
અષ્ટદિનાન્યષ્ટમાસાનષ્ટવર્ષાણિ જીવતિ ॥૨૯॥

જેની જન્મકુંડળીમાં શત્રુના ઘરમાં શનિ આઠમે કે બીજે અથવા બારમે હોય તો તે બાળક આઠ દિવસ યા આઠ માસ યા આઠ વર્ષ જીવતો રહે છે. ॥ ૨૯ ॥

ભૌમક્ષેત્રે યદા જીવો જીવક્ષેત્રે ચ ભૂસુતઃ ।
દ્વાદશે વત્સરે મૃત્યુર્બાલકસ્ય ન સંશયઃ ॥૩૦॥

ગુરૂ મંગળના ઘરમાં મેશ વૃશ્ચિકમાં ને મંગળ ગુરૂના ઘરમાં ધન મીનમાં હોય તો તે બાળક બાર વર્ષે મરણ પામે છે. ॥ ૩૦ ॥

રાહૈ ચ કેન્દ્રગે મૃત્યુઃ પાપાનાં દ્રષ્ટિ સંયુતે ।
સંવત્સરે તુ દશમે ષોડશે તુ વિશેષતઃ ॥૩૧॥

જેની જન્મકુંડળીમાં રાહુ પાપગ્રહોની દ્રષ્ટિમાં કે યુકત કેન્દ્ર (૧-૪-૭-૧૦) સ્થાનમાં હોય તો તે બાળક દસ વર્ષે યા સોલમા વર્ષે મરણ પામે છે. ॥ ૩૧ ॥

સપ્તમે નવમે રાહુઃ શત્રુક્ષેત્રે યદા ભવેત્ ।
ષોડશેવત્સરે મૃત્યુબાલકસ્ય ન સંશયઃ ॥૩૨॥

જેની જન્મકુંડળીમાં શત્રુના ઘરમાં રાહુ સાતમા ભાવમાં યા નવમા ભાવમાં હોય તો તે બાળકનું સોલમા વર્ષે મરણ થાય છે. ॥ ૩૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૯૧. મરણનિમિત્ત

તુલાયાં રૂધિરે યાતે વૃષભસ્થે દિવાકરે ।
ચન્દ્રે મન્દગૃહં પ્રાપ્તે વિણ્મધ્યે મરણં ભવેત્ ॥૧॥

**અર્થ**—જેના જન્મ કાળમાં મંગળ તુલા રાશિનો, સૂર્ય વૃષભરાશિનો ને ચંદ્ર મકર કે કુંભ રાશિનો હોય તો તેનું મરણ ખરાબ જગ્યામાં થાય છે. ॥ ૧ ॥

બલિના શનિના દૃષ્ટે ક્ષીણેન્દૌ નિધનાશ્રિતે ।
ગુદાક્ષિરુક્પીડયા વા મૃત્યુઃ શસ્ત્રકૃતો ભવેત્ ॥૨॥

ક્ષીણકળાનો ચંદ્રમા આઠમા ભાવે રહ્યો હોય, ને બળવાન શનિ તેને જોતા હોય તો, તે માણસ ગુદા ને આંખના રોગથી અથવા શસ્ત્રથી મરણ પામે છે. ॥ ૨ ॥

લગ્નાચ્છિદ્રત્રિકોણસ્થૈ રર્કાર્કિ નિશાકરૈઃ ।
મૃત્યુઃ સ્વાચ્છૈલવાતેન વજ્રકુડ્યાદિભિશ્ચવા ॥૩॥

લગ્નથી આઠમે, નવમે ને પાંચમે, સૂર્ય, મંગળ, શનિ ને ચંદ્રમા હોય તો તે માણસનું મરણ પહાડ ઉપરથી અથવા વાયુથી, અથવા વજ્ર કે ઘર વિગેરેના પડવાથી થાય છે. ॥ ૩ ॥

ભૌમારૂણૌ યદિ પરસ્પર રાશિયુક્તૌ ।
કેન્દ્રસ્થિતૌ નિધનનાયક ખેચરેન્દ્રાત્ ॥
જાતોઽવસાન સમયે ક્ષિતિપાલકોપાત્ ।
શૂલાદિકાયુધવરૈ નિંધનં સમેતિ ॥ ૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેની જન્મકુંડળીમાં સૂર્ય, ને મંગળ પરસ્પર એક બીજાની રાશિમાં હોય ને તે આઠમા ભાવના સ્વામીથી કેંદ્રમાં રહ્યા હોય, તો તે માણસ રાજાના કોપથી, ફાંસી વડે કરીને, અથવા ગરદન મારવાથી મરણ પામે છે. ॥૪॥

ચન્દ્રે તનૌ દિનકરે વિબલેઽષ્ટમસ્થે ।
લગ્નાબ્ધ્યયે સુરગુરૌ સુખગે ચ પાપે ॥
જાતસ્ય તસ્ય શયનાત્ર્યુતહેતુ મૃત્યુઃ ।
શસ્ત્રેણ વા નિશિ નિષાદ કુતેન વા સ્યાત્ ॥૫॥

જેની જન્મકુંડળીમાં ચંદ્રમા લગ્નમાં હોય ને નિર્બળ થયેલો સૂર્ય આઠમે હોય, ને બારમે ગુરૂ હોય, ને પાપગ્રહ ચોથે ભાવે હોય, તો તે માણસનું મરણ ખાટલા ઉપરથી પડવાના કારણે અથવા રાત્રીયે ચોરના હાથથી શસ્ત્ર વડે મરણ થાય છે. ॥ ૫ ॥

જન્મસ્થાને યદા રાહુઃ ષષ્ઠ સ્થાને ચ ચંદ્રમાઃ ।
અપસ્મારસ્તદારોગો બાલકસ્ય હિ જાયતે ॥૬॥

જેના જન્મ સ્થાનમાં એટલે લગ્નમાં રાહુ ને છઠ્ઠા સ્થાનમાં ચંદ્રમા હોય તો એ બાળકને અપસ્માર (વાઈ) નો રોગ નિઃસન્દેહ થાય છે ને તેનાથી મરણ પામે છે. ॥૬॥

લગ્નેશ્વરે વાહન નાથ યુકતે, વાગીશ્વરેણાપિયુતે ત્વજીર્ણાત્ ।
દારેશ્વરે વાહન વિત્તરાશિ નાથાન્વિતે વા મરણં ત્વજીર્ણાત્ ॥૭॥

લગ્નનો સ્વામી, બીજા અને ચોથા ભાવના સ્વામી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેગો રહ્યો હોય તો અજીર્ણ થવાથી મરણ પામે છે તેમ જ સાતમા ભાવનો સ્વામી બીજાને ચોથા ભાવના સ્વામી સાથે રહ્યો હોય, તો પણ અજીર્ણથી મરણ પામે છે.

રન્ધ્રસ્થાનગતે સૂર્યે ભૌમે વા બલવર્જિતે ।
વિત્તે પાપગ્રહૈ ર્યુક્તે પિત્ત રોગાન્મૃતિં વદેત્ ॥૮॥

સૂર્ય અથવા મંગળ નિર્બળ થઇ આઠમે ભાવે બેઠા હોય, ને બીજા ભાવમાં પાપ ગ્રહો હોય, તો પિત્તના રોગથી મરણ પામે છે. ॥૮॥

જલરાશિગતે ચન્દ્રે ચાષ્ટમસ્થેઽથવા ગુરૌ ।
પાપાગ્રહેણ સંદષ્ટે ક્ષયરોગાન્મૃતિં વદેત્ ॥૯॥

જેની જન્મકુંડળીમાં જલચરરાશીમાં ચંદ્ર અથવા ગુરૂ, આઠમે ભાવે બેઠા હોય, ને પાપ ગ્રહ તેને જોતા હોય તો ક્ષયના રોગથી મરણ થાય છે. ॥૯॥

અષ્ટમસ્થાનગે શુક્રે પાપગ્રહ નિરીક્ષિતે ।
વાત રોગાત્ ક્ષયાદ્વાઽપિ પ્રમેહાદ્વામૃતિં વદેત્ ॥૧૦॥

જેની જન્મકુંડળીમાં શુક્ર આઠમા ભાવે બેઠો હોય, ને તેને પાપ ગ્રહ જોતો હોય, તો સંધિવા, ક્ષયરોગ, અથવા પરમીયાના રોગથી મરણ પામે છે. ॥૧૦॥

સૂર્યસ્થાનગતે સૌમ્યે પાપગ્રહ નિરીક્ષિતે ।
ત્રિદોષાન્મરણં વિદ્યાત્ જ્વરરોગેણ વા વદેત્ ॥૧૧॥

જેની જન્મકુંડળીમાં બુધ સિંહ રાશીમાં હોય, ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને પાપ ગ્રહ જોતો હોય, તો ત્રિદોષથી અથવા તાવથી મરણ પામે છે. ॥૧૧॥

મૃત્યુસ્થાનગતે રાહૌ પાપગ્રહ નિરીક્ષિતે ।
પિટકાદ્યુષ્ણ રોગાદ્વા સર્પ દોષાન્મૃતિ ર્ભવેત્ ॥૧૨॥

જેની જન્મકુંડળીમાં રાહુ આઠમા ભાવે હોય, ને પાપ ગ્રહ તેને જોતો હોય, તો વંશપરંપરાથી ઊતરતા પિત્તના રોગથી, અથવા સાપના કરડવાથી મરણ થાય છે. ॥૧૨॥

પરાભવગતે રાહૌ પાપગ્રહ નિરીક્ષિતે ।
મસૂરિકાદિરોગાદ્વા પિત્તભ્રંશીન્મૃતિંર્વદેત્, ॥૧૩॥

જેની જન્મકુંડળીમાં રાહુ આઠમા ભાવે હોય, ને પાપગ્રહ તેને જોતો હોય તો શીતળા કે એવા બીજા રોગોથી અથવા પિત્તના રોગથી મરણ થાય છે. ॥૧૩॥

ધર્મે શનૌ ચાડથ ગુરૌ તૃતીયે કરચ્છિદા સ્યાન્નિધને વ્યયેવા ।
કર્મસ્થિતાશ્ચેદ્દિ રાહુમન્દસૌમ્યાઃ કરચ્છેદયુતોડત્રજાતઃ ॥૧૪॥

જેની જન્મકુંડળીમાં શનિ નવમે ભાવે ને ગુરુ ત્રીજે ભાવે હોય, અથવા તે બે ગ્રહો આઠમે કે બારમે હોય તો તે માણસના હાથ કપાઈ જાય છે. ને જો રાહુ શનિ ને બુધ દશમે ભાવે હોય, તો તે માણસના હાથ ઉપર કાપો પડે છે. ॥૧૪॥

મન્દોદયે સૌમ્યદશા વિહીને સર્પાર્કયુક્તે યદિ કૃષ્ણચન્દ્રે ।
નાભિપ્રદેશોત્તર ભેદમાહુઃ શસ્ત્રેણ જાતસ્ય પરાશરાદ્યાઃ ॥૧૫॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેના જન્મકાળે લગ્ને શનિ હોય, ને તેને શુભ ગ્રહ જોતા ન હોય, ને કૃષ્ણપક્ષનો ચંદ્રમા રાહુ ને સૂર્ય ભેગો હોય તો તે માણસને ડુંટીના ઉપરના ભાગઉપર શસ્ત્રથી જખમ થાય છે એવું પરાશરાદિ મુનિઓ કહે છે. ॥૧૫॥

મેષુરણસ્થે યદિ ચિત્રભાનૌ ભૌમે ચતુર્થે ન ચ સૌમ્યયુક્તે ।
સૌમ્યેવિલગ્નોપગતે તુ મૃત્યું ગોશૃંગતઃ શૂલનિપાતતો વા ॥૧૬॥

જેના જન્મકાળે સૂર્ય દશમે ને મંગળ ચોથે ભાવે હોય, ને તેમાં કોઇ પણ શુભગ્રહ ન હોય ને બુધ લગ્ને હોય તો તે માણસનું મરણ બળદનાં અથવા ગાયનાં શીંગડાં વાગવાથી, અથવા પડી જવાથી કે ભાલો વાગવાથી થાય છે. ॥૧૬॥

દશમસુખસમેતૈઃ પાપદૃષ્ટૈશ્ચ સૌમ્યૈ- ।
રુદયનિધનયાતૈઃ શુલપાતાન્મૃતિઃ સ્યાત્ ॥
શશિનિ તનગૃહસ્થે બન્ધુગે ભાનુપુત્રે ।
કલહજનિતદોષૈ રંબરસ્થે ચ ભૌમે ॥૧૭॥

જેના જન્મકાળે દશમે, ચોથે, લગ્ને, કે આઠમે ભાવે શુભ ગ્રહો બેઠા હોય, ને તેને પાપગ્રહો જોતા હોય, તો ભાલાવડે કરીને તેનું મરણ થાય છે. જો લગ્નમાં ચંદ્ર હોય ને શનિ ચોથે ભાવે હોય ને મંગળ દશમે ભાવે હોય, તો કજીઆ કંકાસથી તેનું મરણ થાય છે. ॥૧૭॥

લગ્નગતે દિનકરે તરણીગતેન્દૌ ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપેક્ષિતે કલહતોયભયાન્મૃતિઃ સ્યાત્ ॥
લગ્ને દિનેશ શશિનૌ દ્વિશરીરકેઽન્યે ।
પાપેક્ષિતા યદિ બહુદકશુંઙ્ગિદંષ્ટ્રાત્ ॥૧૮॥

જેના જન્મકાળે સૂર્ય લગ્નમાં હોય ને ચંદ્ર કન્યા રાશિનો હોય, ને તેને પાપગ્રહ જોતા હોય, તો કજિયા-કંકાસથી અથવા પાણીના ભયથી મરણ થાય છે. ને જો સૂર્ય ચંદ્ર લગ્નમાં ને બીજા ગ્રહો દ્વિસ્વભાવ રાશિમાં હોય ને પાપગ્રહો તેને જોતા હોય, તો શીંગડાંવાળા અથવા દાંતવાળા જાનવરથી અગર પાણીથી મરણ થાય છે. ॥૧૮॥

મીનોદયે શશિરવી યદિ પાપયુક્તૌ ।
પાપેઽષ્ટમે ચ મરણં રમણીકૃતં સ્યાત્ ॥
ભૌમે સુખે દિનકરે યદિ વા મદસ્થે ।
મન્દેઽષ્ટમે શશિનિ ચાન્નવિશેષજન્યમ્ ॥૧૯॥

જેના જન્મકાળે મીન રાશિનું લગ્ન હોય ને તેમાં સૂર્ય, ચંદ્ર, પાપગ્રહ યુક્ત હોય, ને આઠમે પણ પાપગ્રહ હોય, તો વેશ્યા સ્ત્રીના હાથથી મરણ થાય છે. ને મંગળ ચોથે, અથવા સૂર્ય સાતમે હોય અને શનિ ચંદ્ર આઠમે હોય તો ભારે ખોરાક ખાવાથી મરણ થાય છે. ॥ ૧૯ ॥

મન્દે ધને સુખગતે શશિ નિ ક્ષમાજે ।
માનસ્થિતે વ્રણકૃતેન મૃતિં સમેતિ ॥
બન્ધુસ્થિતેઽવનિસુતે ધનગે શશાઙ્કે ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાનૌ નભસ્થલગતે તુ ગજાશ્વયાનાત્ ॥૨૦॥

જેના જન્મકાળે શનિ બીજે, ચંદ્ર ચોથે ને મંગળ દશમે હોય, તો ઘા વાગવાથી મરણ થાય છે. ને મંગળ ચોથે, બીજે ચંદ્ર, ને દશમે સૂર્ય હોય તો હાથી કે ઘોડા ઉપરથી પડી જવાથી મરણ થાય છે. ॥ ૨૦ ॥

રન્ધ્રે શનૌ વિયતિ હીનબલે શશાઙ્કે ।
ભાનૌ સુખે નિભૃત કાષ્ઠહતેન મૃત્યુઃ ॥

પાપાન્તરે જનનલગ્નપતૌ સકેતૌ ।
લગ્નાષ્ટમે ખલયુતે સતિ માતૃકોપાત્ ॥૨૧॥

જેના જન્મકાળે શનિ આઠમે, ને નિર્બળ ચંદ્ર દસમે ને સૂર્ય ચોથે હોય તો લાકડું વાગવાથી મરણ થાય છે. ને લગ્નનો સ્વામી કેતુ સાથે બે પાપગ્રહની વચ્ચે હોય ને આઠમે ભાવે પાપગ્રહ હોય, તો માતાના કોપથી મરણ થાય છે. ॥ ૨૧ ॥

સુખાસ્પદસ્થૈરશુભૈર્ગ્રહેન્દ્રૈ–
સ્ત્રિકોણગૈર્વાઽથ વિલગ્નરાશૌ ।

રન્ધ્રેશ્વરે ભૂતનયેન સાર્દ્ધમુદ્બ
ન્ધનાત્તસ્ય મૃતિં વદન્તિ ॥૨૨॥

જેના જન્મકાળે પાપગ્રહો ચોથે, દશમે અથવા નવમે પાંચમે હોય ને આઠમા ભાવનો સ્વામી મંગળ સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નમાં હોય, તો તે માણસ પોતાના હાથે ફાંસો ખાવાથી મરણ પામે છે. ॥ ૨૨ ॥

લગ્ને રવૌ સુતે મન્દે રન્ધ્રસ્થે તુહિનાંશુકે ।
ધર્મગતે ધરા શનૌ વૃક્ષાશનિ ભયાન્મૃતિઃ ॥૨૩॥

જેના જન્મકાળે સૂર્ય લગ્ને શનિ પાંચમે, ચંદ્રમા આઠમે, ને મંગળ નવમે ભાવે હોય તો ઝાડ ઉપરથી અથવા પથ્થર ઉપરથી પડી જવાથી મરણ થાય છે. ॥ ૨૩ ॥

ભૌમાર્કજક્ષેત્રગતે શશાઙ્કે,
પાપેક્ષિતે પાપખગાન્તરસ્થે ।
કન્યા ગૃહે વા હિબુકોપયાતે,
મૃતિં વંદેદગ્નિજશસ્ત્રપાતૈઃ ॥૨૪॥

જેના જન્મકાળે મંગળ કે શનિની રાશિનો ચંદ્રમા પાપગ્રહોની દ્રષ્ટિમાં પાપગ્રહોની વચ્ચે હોય અથવા ચોથા ભાવે કન્યા રાશિમાં ચંદ્રમા પાપગ્રહોની વચ્ચે પાપ ગ્રહોની દૃષ્ટિમાં હોય તો તે માણસનું મરણ એકદમ ખંદુક કે હથિયાર વાગવાથી થાય છે. ॥ ૨૪ ॥

અષ્ટમે ભાવે સૂર્યતો, મર્ણ અગ્નિથી હોય ।
ચંદ્ર કરે જળથી મર્ણ, મંગળ શસ્ત્રથી જોય ॥૨૫॥

બુધ થકી તાવજ કહ્યો, ગુરૂ આમ વાતવિકાર ।
શુક્રે તરસથી મર્ણ છે, શનિયે ભુખથી ધાર ॥૨૬॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મકુંડળીમાં આઠમા ભાવે સૂર્ય હોય તો અગ્નિથી, ચંદ્ર હોય તો જળથી, મંગળ હોય તો શસ્ત્ર (હથિયાર)થી, બુધ હોય તો તાવથી, ગુરૂ હોય તો આમ વિકારથી યા વાતપિત્ત ને કફથી, શુક્ર હોય તો પાણી વિના તરસથી અને શનિ હોય તો ભૂખથી મરણ થાય છે.

અષ્ટ ભાવ હોય ગ્રહબીન, દ્રષ્ટિ કોઇ ગ્રહ દેત ।
એહ નિમિત્ત મૃત્યુ તણું, જ્યોતિષ્ય શાખ પુરેશ ॥૨૭॥
બુધ દષ્ટિ ત્રીદોશ છે, સૂર્ય મંગળ પિત્તવિકાર ।
ચંદ્ર ગુરૂ શુક્ર શનિ, કફ વાયુ તન વિચાર ॥૨૮॥

જન્મકુંડળીમાં આઠમા ભાવે કોઇ ગ્રહ બેઠેલો ન હોય, અને જો બુધની દૃષ્ટિ હોય તો ત્રિદોષથી, સૂર્ય યા મંગળની દૃષ્ટિ હોય તો પિત્તના વિકારથી, અને ચંદ્ર ગુરૂ શુક્ર ને શનિ મધ્યેના કોઈ ગ્રહની દૃષ્ટિ હોય તો કફ અને વાયુના રોગથી મરણ થાય છે. ॥૨૭-૨૮॥

## ૧૯૦. મર્ણ થવાનું ઠેકાણુ.

નવાઊંસ લગ્ન નો સ્વામી જે, જન્મે મેષમાં જાય ।
ઘેટા બકરા સ્થાનમાં, એ નર મૃત્યુ પાય ॥૧॥
બેલ સ્થાન વરખે કહ્યું, મિથુન કુંભ ઘર માંય ।
કુવો કરક કન્યા કહ્યો, સિંહે તો વન માંય ॥ ૨ ॥
તુલાયે બજારમાં, વૃશ્ચિક ખાડો જાણ ।
ધને મૃત્યુ ઘોડાલમાં, જળ મકર મિને માન ॥ ૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં મેષ રાશીમાં બેઠેલો હોય તો ઘેટાં બકરાં બાંધવાના ઠેકાણે, વરખ રાશીમાં હોય તો બળદ બાંધવાના ઠેકાણે, મીથુન યા કુંભ રાશીમાં હોય તો પોતાના રહેવાના ઠેકાણે, કર્ક યા કન્યા રાશીમાં હોય તો કૂવાના નજીકના ઠેકાણે, સિંહ રાશીમાં હોય તો વગડામાં, તુલા રાશીમાં હોય તો બજારમાં, વૃશ્ચિક રાશીમાં હોય તો ખાડામાં, ધન રાશીમાં હોય તો ઘોડવાલમાં ને મકર યા મીન રાશીમાં નવમાંશ લગ્નનો સ્વામી જન્મકુંડળીમાં હોય તો કૂવો તળાવ નદી વિગેરે પાણીના ઠેકાણે મરણ થાય છે. ॥ ૧-૨-૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રશ્નફળ—અધિકાર ૧૮ મો

## ૧૯૩. પ્રશ્ન જોવાની રીત

એકનો એક પ્રશ્ન બીજી વખત જોવાતો નથી. પ્રથમ જોતાં જે શુભાશુભફળ આવે તેનાથી જ સંતોષ માનવો પણ જો પ્રશ્નકર્તા એકજ ટાઈમના એક જ લગ્નમાં અનેક પ્રશ્ન કરે તો જ્યોતિષીએ પ્રથમ લગ્નથી પહેલા પ્રશ્નનો ચંદ્ર જે રાશિમાં હોય તે રાશિનું લગ્ન ગણી, બીજા પ્રશ્નનો સૂર્ય જે રાશિમાં હોય તે રાશિનું લગ્ન ગણી, ત્રીજા પ્રશ્નનો ગુરૂ જે રાશિમાં હોય તે રાશિનું લગ્ન ગણી, ચોથા પ્રશ્નનો પણ ગુરૂ નીચેનો કે હસ્તનો હોય તો જે રાશિમાં વક્રીગ્રહ હોય તે રાશિનું લગ્ન કલ્પી નિર્ણય કરવો. જે રાશિમાં બુધ, શુક્ર, અને મંગળમાંનો કોઈ ગ્રહ બળવાન થઈને બેઠો હોય તે રાશિનું લગ્ન કલ્પી પાંચમા પ્રશ્નનો અને શનિ જે રાશિમાં બેઠો હોય તે રાશિનું લગ્ન કલ્પી છઠ્ઠા પ્રશ્નનો નિર્ણય કરવો, પણ શનિ નિર્બળ હોય તો બુધ, શુક્ર, અને મંગળના વધુ બળવાન ગ્રહની રાશિ છોડી દઈ તેનાથી ઓછો બળવાળો ગ્રહ જે રાશિમાં હોય તે રાશિનું લગ્ન કલ્પી છઠ્ઠા પ્રશ્નનો નિર્ણય કરવો. ઉપર પ્રમાણે એક જ ધણીના વધારે પ્રશ્નો ન હોય પણ જુદાજુદા ધણીએ એક જ ટાઈમે જુદા જુદા પ્રશ્ન કર્યા હોય તો પણ ઉંમર પ્રમાણે પહેલા પ્રશ્નકારનો લગ્નથી, બીજાનો ચંદ્રથી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજાનો સૂર્યથી, એમ અનુક્રમવાર પ્રશ્નનો નિર્ણય વિદ્વાનોયે દેશ કાળ અને દ્રવ્યનો વિચાર કરી બુદ્ધિથી કરવો.

## ૧૯૪. આત્મછાયા પ્રશ્ન

આત્મછાયાત્રિગુણિતાત્રયોદશસમન્વિતા ॥
વસુભિશ્ચહરેદ્દભાગં શેષં ચૈવશુભાશુભમ્ ॥૧॥
લાભશ્ચૈકે ત્રિકે સિદ્ધિર્વૃદ્ધિઃ પંચમસપ્તકે ॥
દ્વયોર્હાનિશ્ચતુઃ શોકઃ ષષ્ઠાષ્ટે મરણં ધ્રુવમ્ ॥૨॥

**અર્થ**—પ્રશ્ન વખતે તડકામાં ઊભા રહી આપણી છાયાને પગલેથી યા કોઈ પણ માપથી માપી એને ત્રણ ગણા કરી તેમાં ૧૩ નો આંક મેળવી આઠથી ભાગતાં જે શેષ આવે તેનું ફળ નીચે પ્રમાણે જાણવું.

| શેષ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| ફળ | લાભ | હાનિ | સિદ્ધિ | શોક | વૃદ્ધિ | મરણ | વૃદ્ધિ | મરણ |

એકી પગલે લાભ ને બેકીયે હાનિ જાણવી.

## ૧૯૫. પ્રશ્ન કરનારની પરીક્ષા

પ્રશ્ન કરનારાના ચિત્તની સરળતા યા કુટિલતા કેવી છે, તે વિચાર કરીને જ્યોતિષીએ ફળ કહેવું. પૃચ્છકની વૃત્તિની પરીક્ષા પ્રશ્ન કુંડળીના લગ્ન પરથી નીચે પ્રમાણે કરવી.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

લગ્નમાં ચંદ્ર, કેન્દ્રમાં શનિ અને બુધ અસ્તગત હોય તથા ચંદ્રમા અને લગ્નમાં મંગળ બુધની દૃષ્ટિ હોય તો પ્રશ્ન કરનારાને કુટિલ જાણવો.

લગ્નમાં શુભ ગ્રહ હોય તો સરલ અને પાપગ્રહ હોય તો કુટિલ તથા લગ્ન અને સાતમે શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો સરળ ચિત્તવાળો જાણવો. બુધ, ગુરૂ સપ્તમેશને શત્રુ દૃષ્ટિથી જુવે તો કુટિલ અને તેના ઉપર મિત્ર દૃષ્ટિથી જુવે તો સરલ ચિત્તવાળો પૂછનાર છે એમ જાણવું.

જો કોઈ જાતે આવીને યા કાગળ લખીને યા તાર કરીને પ્રશ્ન પૂછે તે વખતની કુંડળીમાં જો ચંદ્રમા જે રાશિમાં હોય તે રાશિમાંથી તરતનોજ બીજી રાશિમાં બદલાતો હોય તો તે વખતનો પ્રશ્ન પુછાયેલો રદબાતલ છે કારણકે એવા વખતે જે માણસ પ્રશ્ન કરે છે તે માણસ પોતે તે સવાલની બાબત ઉપરથી પોતાનું મન જેમ ચંદ્ર એક રાશિમાંથી બીજી રાશિમાં ફરે છે તેમ તેનુ મન ફેરવી નાખે છે. જેથી તરતના બદલાતા ચંદ્ર વખતનો પુછાયેલો પ્રશ્ન રદબાતલ ગણેલો છે.

## ૧૯૬. લગ્ન* પ્રશ્ન ફળ

કોઇ મનુષ્ય પ્રશ્ન પૂછે તે વખતના ઘડી પળની પ્રશ્ન કુંડલી કરવી અને પછી લગ્ન, લગ્નપતિ, રાહુ, તથા ચંદ્રના

* જન્મકુંડળી બનાવવાની રીત પ્રમાણે પ્રશ્ન વખતના ટાઈમની કુંડળી બનાવવી, તેને પ્રશ્ન કુંડળી કહેવાય છે, ને તેના પહેલા ભાવને લગ્ન કહેવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાન ઉપરથી શુભાશુભનો નિર્ણય કરવો. તે તત્કાલિક લગ્નનું શુભાશુભ ફળ નીચે મુજબ છે.

૧–૮ **મેષ** કે વૃશ્ચિક લગ્ન પ્રશ્ન કુંડળીમાં હોય અને તેનો સ્વામી **ભોમ** ૩, ૬, ૯, ૧૦, ૧૧, સ્થાને હોય તો શ્રેષ્ટ છે અને ૧, ૨, ૫, સ્થાને હોય તો વિલંબે સિદ્ધ થાય. **ચંદ્ર** ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧, સ્થાને હોય તો તુરત કાર્ય સિદ્ધિ થાય છે.

૨–૭ **વૃષભ** કે **તુલા** લગ્ન હોય અને તેનો સ્વામી શુક્ર ૧, ૨, ૩, ૪, ૫, સ્થાને હોય તો શ્રેષ્ટ છે. ૭, ૯, સ્થાને મધ્યમ છે, ૧૦, ૧૧. સ્થાને ઉત્તમ છે અને ૮, ૧૨, સ્થાને નિંદ્ય છે. **ચંદ્ર** ૧, ૭, સ્થાને સામાન્ય, ૨, ૩, ૪, ૫, સ્થાને ઇષ્ટસિદ્ધિને અપનારો છે અને ૬, ૮, ૧૨, સ્થાને હોય તો પ્રશ્ન ન જ જોવો એવો અતિનિંદ્ય છે.

૩–૬ **મિથુન** કે **કન્યા** લગ્ન હોય તો તેનો સ્વામી બુધ છે, તે બુધ ને **ગુરૂ** ૧, ૨, ૩, ૪, ૫, સ્થાને સિદ્ધિને આપનાર છે, ૧૦, ૧૧, સ્થાને સામાન્ય છે, ૬, ૮, ૧૨, સ્થાને કાર્યની હાનિ કરનાર છે. ચંદ્ર ૬, ૮, ૧૨, સિવાયના સ્થાને હોય તો શુભ છે.

૪ **કર્ક** લગ્ન હોય તો તેનો સ્વામી ચંદ્ર ૧, ૪, ૭, ૧૦, સ્થાને ગુપ્ત ચિંતાનો નાશ કરી, વાંછિત સિદ્ધિ આપનાર છે, ૨, ૩, ૫, સ્થાને સામાન્ય છે, ૯, ૧૦,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૧, સ્થાને મહાન લાભકારક છે અને ૮, ૧૨, સ્થાને ચિંતા ઉપજાવનાર છે.

૫ **સિંહ** લગ્ન હોય અને **રવિ** ૨, ૩, ૬, ૯, ૧૦, ૧૧, સ્થાને હોય તો દરેક ચિંતાને હરનાર છે. ૧, ૪, ૭, સ્થાને દોષ પ્રગટાવનાર છે, ૮, ૧૨, સ્થાને હોય તો અશુભ છે.

૧૦–૧૧ **મકર કે કુંભ** લગ્ન હોય અને તેનો સ્વામી **શનિ**–૧, ૨, ૩, ૪, ૫, સ્થાને હોય તો શ્રેષ્ટ છે, ૬, ૭, સ્થાને સામાન્ય છે ૯, ૧૦, ૧૧, સ્થાને મનોભીષ્ટ પૂરનાર છે, અને ૮, ૧૨, સ્થાને હોય તો કાર્યનો નાશ કરનાર છે.

૯–૧૨ **ધન કે મીન** લગ્ન હોય તો તેનો સ્વામી ગુરૂ છે, તે અને **ચંદ્ર** ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧, સ્થાને હોય તો ઉત્તમ મહાસિધ્ધિ કરનાર છે અને ૬, ૮, ૧૨, સ્થાને હોય તો કાર્યનો નાશ કરનાર છે.

૧–૧૨ **મેષ** થી **મીન** સુધીના બારે લગ્નમાં રાહુ બળ જોવું. તેમાં રાહુ–૩, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, સ્થાને હોય તો શ્રેષ્ટ છે. અને તે સિવાયના સ્થાને હોય તો કનીષ્ટ છે.

પ્રશ્ન સમયે સંપૂર્ણ શુભગ્રહ પુરૂષ (એકી) રાશિમાં હોય તો તે પ્રશ્ન કરનારને સર્વ સુખ આપવાવાળા છે પણ તે બારમા આઠમા સ્થાનમાં હોય તો માન અને મન વાંછિત ફળનો નાશ કરનાર ભયદાતા થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ અથવા ચંદ્ર કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) સ્થાનમાં બળવાન થઇ રહ્યા હોય કે શુભગ્રહની દ્દષ્ટિ હોય તો કાર્યની સિદ્ધિ થાય છે.

લગ્નેશ અથવા ચંદ્ર આપો ક્લિમ (૩, ૬, ૯, ૧૨) સ્થાનમાં હોય કે પાપગ્રહોની દૃષ્ટિ હોય તો કાર્ય સિદ્ધિ થતી નથી.

લગ્નેશ લગ્નને અને દશમેશ દશમા સ્થાનને જોતો હોય તો કાર્યની સિદ્ધિ જાણવી.

લગ્ને ગુરૂ હોય અને તેને ચંદ્ર જોતો હોય અથવા પૂર્ણ કળાનો ચંદ્ર લગ્ને હોય અને તેને ગુરૂ જોતો હોય તો કાર્યની સિદ્ધિ થાય છે.

લગ્નમાં રહેલી રાશી ૩ અંશમાં હોય, અથવા છેલ્લા ૩ અંશમાં બાકી રહેલી હોય તો તે કુંડળી જોવી નહી. કારણ કે તે સંધી લગ્ન કહેવાય છે, જેથી તે સંધીલગ્નમાં મુકાયેલો પ્રશ્ન સિધ્ધ થતો નથી.

કાર્યસિધ્ધ થવાનો પ્રશ્ન નક્કી થાય તો તે કાર્ય જે દિવસે ચંદ્ર દશમા સ્થાને આવે તે દિવસે કાર્યની સિદ્ધિ થશે એમ જાણવું.

ચર લગ્ને તરત જ કહ્યું કાર્ય સિદ્ધ તો થાય ॥
સ્થિર લગ્ને સ્થિર જ લહ્યું સ્થિરતામાં એ ગણાય ॥૧॥
દ્વિ સ્વભાવ જો લગ્નમાં, નહીં એનું નિરમાણ ॥
તલક જોતિષી એમ કહે, એ ભાવિ ઉપર જાણ ॥૨॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રશ્ન વખતે પ્રશ્ન કુંડળીના પહેલા ભાવે, એટલે લગ્ને ચર ( ૧–૪–૭–૧૦ ) રાશિ પૈકીની રાશિ હોય તો કાર્યની સિદ્ધિ થાય છે જો સ્થિર ( ૨–૫–૮–૧૧ ) રાશિ પૈકીની રાશિ હોય તો વિલંબે કાર્ય થાય છે, ને જો દ્વિસ્વભાવ ( ૩–૬–૯–૧૨ ) રાશિ પૈકીની રાશિ હોય તો ધારેલા કાર્યનો નિર્ણય થઈ શકતો નથી માટે કર્તા કહે છે કે એ ભાવિના હાથની વાત છે, કારણ કે કાર્યની સિદ્ધિ થાય પણ ખરી અને નહિ થાય પણ ખરી.

## ૧૯૭. ધન લાભ મળવા વિશે પ્રશ્ન

પ્રશ્ન સમયે પ્રશ્ન કુંડળીમાં પાપગ્રહ ધનભાવમાં હોય તો તેથી વિલંબે ધન લાભ મળે છે. પણ કાંઈક અશુભ થાય છે.

લગ્નમાં બુધ હોય અને તેને ચંદ્ર યા પાપગ્રહ જોતા હોય તો ધનપ્રાપ્તિ જલદી થાય છે. પરંતુ પ્રશ્ન કરનારને કાંઈક અનર્થ થાય છે. ચંદ્રમા લગ્નેશ અને ધનેશ ધનમાં યા કેન્દ્રમાં યા ત્રિકોણમાં હોય અને અરસપરસ દૃષ્ટ અથવા સાથમાં હોય તો તત્કાળ લાભ થાય છે.

ચોથામાં અથવા સાતમા ભાવમાં ચંદ્ર અને દશમે સૂર્ય તથા લગ્નમાં શુભ ગ્રહ હોય યા ગુરૂ હોય તો પ્રશ્ન કરનારને તત્કાળ લાભ થાય છે.

ચંદ્રમા લગ્નેશ ધનેશ એ ત્રણે એક ભાવમાં હોય યા એકબીજાને જોતા હોય અને પહેલા, બીજા, પાંચમા ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમા ભાવમાં ચંદ્રમા લગ્નેશ ને ધનેશ હોય તો તે જ સમયે તે મનુષ્યને દ્રવ્ય લાભ કહેવો ઉચિત છે.

ચંદ્ર, બુધ, ગુરૂ ને શુક્ર એ સંપૂર્ણ બળવાન હોય અને ધન, લાભ, ધર્મ સુત તથા કેન્દ્રના સ્થાનોમાં પોતાની ઉચ્ચ રાશિને પ્રાપ્ત થયેલ હોય, અને પાપગ્રહ રહિત હોય તો પ્રશ્ન કરનારને જલદી ઘણો લાભ કહેવો યોગ્ય છે. શુક્ર પોતાની ઉચ્ચ રાશિ પર સ્થિત થયેલો લગ્નમાં હોય યા ચોથા ભાવે હોય અથવા પાંચમે સ્થિત હોય અને શુભગ્રહ જોતા હોય યા પોતાની નીચ રાશિ પર રહેલો લાભ ભાવમાં હોય તોપણ પૂછનારને ગામ પુર આદિનો લાભ કહેવો.

લગ્નેશ પોતાની ઉચ્ચ રાશિ પર હોય યા, લગ્નમાં હોય અને કર્મેશ લગ્નેશને જોતો હોય યા શુભ ગ્રહોએ જોયેલો હોય તો પૃચ્છકને રાજાથી બહુ લાભ કહેવો અને પાપગ્રહોએ જોયેલ હોય તો સ્વલ્પ લાભ કહેવો.

ધનેશ પોતાની ઉચ્ચ રાશિ પર હોય યા સ્વગ્રહી હોય કે મિત્રના ઘરમાં હોય તોપણ ઘણો લાભ થાય અને નીચ રાશિ પર હોય યા શત્રુ રાશિ પર હોય તો સ્વલ્પ લાભ થાય કે ન થાય એમ કહેવું.

## ૧૯૮. ખેતીના લાભ વિશે પ્રશ્ન

પ્રશ્નમાં લગ્ન એ ખેતી કરનાર, ચોથું ભુવન એ ભૂમિ, સાતમું ભુવન એ ખેતી અને દશમું ભુવન એ અન્ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃક્ષાદિ એ સર્વ ભાવોનો વિચાર કરીને શુભાશુભ ફળ કહેવું. લગ્નમાં પાપગ્રહ હોય તો ખેતી કરનારને ચોરી થાય. પાપગ્રહ વક્રી હોય યા અતિચારી હોય તો ચોરથી પણ લાભ થાય.

લગ્નમાં શુભ ગ્રહ હોય તો ખેડથી ખેડ કરનારને ફળ મળશે અને ચોથે પાપ ગ્રહ હોય તો જમીન છોડી ખેડૂત નાશી જશે.

સાતમે શુભ ગ્રહ હોય તો સારી ખેતી થાય. પાપ ગ્રહ હોય તો નાશ થાય. દશમે દશમેશ હોય અને શુભ ગ્રહની દૃષ્ટ યા યુત હોય તો વૃક્ષ અને અન્નાદિ સારાં થાય છે. જેથી પ્રશ્નકારને લાભ થાય છે.

## ૧૯૯. જમીન મહેસુલ સંબંધી પ્રશ્ન

લગ્ન એ પ્રશ્ન કહેનાર, સપ્તમ સ્થાન એ જમીનનું ભાડું, દશમસ્થાન એ પેદા થવું, ચતુર્થસ્થાન એ લાભ-હાનીનું પરિણામ. એ સર્વે સ્થાનોપરથી વિચાર કરીને શુભ અશુભ પ્રશ્નનો ઉત્તર કહેવો. લગ્ન યા લગ્નેશ શુભ ગ્રહની દૃષ્ટિમાં હોય યા સાથે હોય તો શુભ થાય છે, પાપથી દૃષ્ટ વા સાથે હોય તો ભાડા વગેરેનું અશુભ ફળ થાય. સાતમે પાપ ગ્રહ હોય તો ભાડા વગેરેમાં કોઈ પ્રકારનો અનર્થ થાય છે. દશમ ભાવે પાપ ગ્રહ હોય યા તેની દૃષ્ટિ હોય તો પ્રશ્ન કરનારને ભાડું વધારે નહી મળે અને ચોથા સ્થાનમાં પાપગ્રહ હોય તો ભાડાનું પરિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ણામ સારૂં નહિ આવે.

## ૨૦૦. સંતાન પ્રાપ્તિ થવા વિષે પ્રશ્ન

કોઈ મનુષ્ય પ્રશ્ન કરે કે ગર્ભવતી સ્ત્રીને કન્યા થશે કે પુત્ર થશે. ત્યારે પ્રશ્ન વેળાની તિથિ, વાર, નક્ષત્ર અને યોગ તેને એકઠા કરી ત્રણે ગુણવા અને ૭ થી ભાગ આપવો. બાકી સમ (૧) રહે તો કન્યા અને વિષમ (૨) રહે તો પુત્ર અને શૂન્ય રહે તો ગર્ભની હાનિ થાય છે.

બીજી રીતે—તિથિ, વાર, નક્ષત્ર અને ગર્ભવતીના નામના અક્ષર તેની સંખ્યા કરી ૭ થી ભાગ આપવો બાકી સમ રહે તો કન્યા અને વિષમ રહે તો પુત્ર સમજવો.

ત્રીજી રીતે—પ્રશ્ન સમયનું લગ્ન બૃહસ્પતિ ચંદ્રમા અને સૂર્ય વિષમ એટલે સ્ત્રી રાશિમાં હોય તો પુત્ર થશે.

સમ એટલે પુરુષ રાશિઓમાં હોય તો કન્યા થશે. પ્રશ્ન લગ્નથી શનિ વિષમ એટલે બેકા રાશિમાં હોય તો પુત્ર અને સમ એટલે એકી રાશિમાં હોય તો કન્યા થશે. લગ્નથી સૂર્ય, મંગળ, ગુરૂ ૯–૫–૭ ભાવમાં હોય તો ગર્ભિણીને પુત્ર થશે અને એ ભાવોમાં બીજા ગ્રહ હોય તો કન્યા થશે એમ કહેવું.

પાંચમાનો સ્વામિ જો પહેલા ભુવને હોય તો પહેલે વરસે, જો બીજા ભુવને હોય તો બીજે વરસે, જો દશમા ભુવને હોય તો ત્રીજે વરસે, જો સાતમા ભુવને હોય તો ચોથે વરસે, ચોથા ભુવને હોય તો પાંચમા વરસે અને જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચમાનો સ્વામિ ઝડપી ચાલનો હોય અને ચર રાશિમાં હોય તો ઊતાવળે છોકરાં થશે એમ જાણવું, પણ જો વક્રી હોય અથવા સ્થિર રાશિમાં હોય તો ઘણો વખત લાગશે એમ જાણવું,

## ૨૦૧. રોગી વિષે પ્રશ્ન

રોગી માણસ રોગથી ઉઠશે કે નહીં. એ પ્રશ્નમાં લગ્ન એ વૈદ્ય, સપ્તમભાવ એ વ્યાધિ, દસમોભાવ એ રોગી, ચોથોભાવ એ ઔષધ, એમ વિદ્વાન આચાર્યોએ કહેલું છે તો તે ભાવો ઉપર વિચાર કરી શુભાશુભ ફળાદેશ કહેવું.

પ્રશ્ન સમયે લગ્નમાં પાપગ્રહ હોય તો જે વૈદ્યની દવા ચાલતી હોય તે વૈદ્યથી રોગ સારો નહીં થાય અને તેના ઔષધથી રોગ વધશે. અને દશમે પાપગ્રહ હોય તો પોતાના દુર્ગુણોથી રોગનો વધારો થશે. જો સાતમે પાપગ્રહ હોય તો રોગથી રોગનો વધારો થશે અને ચોથે પાપગ્રહ હોય તો ઔષધથી ઊલટો રોગ થશે. અને એ સર્વે ભાવમાં શુભ ગ્રહ હોય તો રોગ જાય, ને આરોગ્ય થાય છે.

લગ્નમાં અષ્ટમેશ અને લગ્નેશ હોય અને ચંદ્રમા આઠમે હોય તો તેથી મૃત્યુ થાય છે.

લગ્નેશ સૂર્યથી બારમા અંશ પર હોય તોપણ મૃત્યુ થાય. અથવા લગ્નેશ અષ્ટમેશ લગ્નમાં હોય યા બંનેની પરસ્પર દૃષ્ટિ હોય તોપણ મૃત્યુ થાય. પ્રશ્ન સમયે ચર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્ન હોય તો રોગીને ક્ષણમાં સારૂં અને ક્ષણમાં વ્યાકુળતા થાય. દ્વિસ્વભાવ લગ્ન હોય તો એક રોગ છે અને બીજો રોગ થાય. સ્થિર લગ્ન હોય તો એક જ રોગ રહે તેમ જાણવું.

પ્રશ્નના પહેલા સાત અથવા ચાર દિવસમાં સૂર્ય અને ચંદ્ર શુભ ગ્રહથી દૃષ્ટ હોય યા સાથે હોય તો રોગીને શુભ જાણવું. ને તેથી ઊલટું હોય તો અશુભ જાણવું.

## ૨૦૨. વિવાહ પ્રશ્ન

વિવાહ પ્રશ્નમાં પ્રશ્ન સમયે જો ૧૦–૧૧–૩–૭–૫ એ સ્થાનમાં ચંદ્રમા ગુરૂથી દૃષ્ટ હોય તો જલદી વિવાહ થશે, એમ કહેવું. જો લગ્ન ૨–૭–૪ રાશિનું હોય અને તે શુભ ગ્રહોથી યુક્ત હોય તોપણ વિવાહ જલદી થાય છે.

લગ્નેશ તથા સપ્તમેશનો પરસ્પર સંબંધ હોય એટલે લગ્નેશની રાશિમાં સપ્તમેશ અને સપ્તમેશની રાશિમાં લગ્નેશ હોય અથવા બન્નેની સામસામી દૃષ્ટિ હોય અથવા બન્ને એક જ સ્થાનમાં હોય તોપણ વિવાહ જલદી થાય છે.

પ્રશ્ન લગ્નથી ચંદ્રમા છઠ્ઠા સ્થાનમાં યા આઠમા સ્થાનમાં હોય, લગ્નમાં પાપગ્રહ હોય અથવા સાતમા સ્થાને મંગલ હોય તો વિવાહ થયેલી સ્ત્રી આઠમા વર્ષે વિધવા થાય છે.

પ્રશ્ન લગ્નથી પાપગ્રહ પાંચમે હોય અને તેને શત્રુગ્રહ દેખતા હોય અથવા નીચ રાશિ નીચાંશકમાં હોય તો તે વિવાહ થયેલી કન્યા વ્યભિચારિણી થાય અને તેને

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પુત્ર થાય તો જીવે નહીં.

કૃષ્ણપક્ષને ચંદ્રમા પ્રશ્ન લગ્નથી ૨–૪ આદિ સમ એટલે એકી ભાવની રાશિમાં હોય તથા ૬–૮ ભાવમાં હોય, પાપગ્રહ તેને દેખતા હોય તો તેનો વિવાહ નહિ થાય.

પ્રશ્ન લગ્નથી ચંદ્રમા સાતમે હોય તો વિના માગે સ્ત્રી લાભ થાય. સાતમે પાપગ્રહ અથવા અષ્ટમેશ હોય તો સ્ત્રી લાભ નહિ થાય સપ્તમ લગ્નેશ યુક્ત યા લગ્નેશ સપ્તેશ યુક્ત યા એક બીજાથી દૃષ્ટ હોય તો સ્ત્રી લાભ થાય.

એકથી બીજી સ્ત્રી વિષેના—પ્રશ્ન સમયે પ્રશ્ન કુંડળીમાં પહેલાનો સ્વામિ ધન, કે મીન રાશિમાં હોય તો અથવા ઘણા ગ્રહોની સાથે હોય, અથવા પાંચમે કે સાતમે ઉપલી રાશિયો હોય તો એકથી વધારે સ્ત્રી કરવાનો યોગ જાણવો, પણ જો પહેલા ઘરનો માલિક ધન કે મીન સિવાયની રાશિમાં હોય તો અથવા એક જ ગ્રહને જોતો હોય અથવા ચંદ્ર (પુરુષને માટે) અથવા સૂર્ય (સ્ત્રીને માટે) એક જ ગ્રહને દૃષ્ટિ કરતો હોય તો જાણવું કે તમારા લગ્ન એક જ વખત થશે, બીજી વખત પરણવાનો યોગ નથી એમ જાણવું.

## ૨૦૩. રીસાયેલી સ્ત્રી વિશે પ્રશ્ન

પ્રશ્ન લગ્નથી ચોથા ભાવની અંદર સૂર્ય હોય અને ચોથા ભાવ ઉપર શુક્ર હોય તો રીસાયેલી સ્ત્રી નહિ આવે અને શુક્ર વક્રી હોય તો પાછી આવશે એમ કહેવું. સૂર્યથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુક્રનો ઉદય થયો હોય અને વક્રી હોય તો સ્ત્રી પોતાની મેળે ચાલી આવશે. અને તેનાથી વિપરીત હોય તો નહિ આવે. ક્ષીણ ચંદ્ર હોય તો ઘણા દિવસ લાગશે અને પૂર્ણ ચંદ્ર હોય તો જલદી આવશે.

## ૨૦૪. કન્યાની પરીક્ષા વિશે પ્રશ્ન

કુમારી નિર્દોષ છે કે નહી, એ પ્રશ્નમાં લગ્ન સ્થિર હોય અને સ્થિર રાશિમાં લગ્નેશ હોય તથા ચંદ્રમા સ્થિર હોય અને સ્થિર રાશિમાં લગ્નેશ તથા ચંદ્રમા હોય તો એ કન્યા નિર્દોષ છે.

લગ્ન અને લગ્નેશ તથા ચંદ્રમા ચર રાશિમાં હોય તો કન્યા દોષિત છે, લગ્નેશ તથા ચંદ્રમા દ્વિસ્વભાવમાં હોય અને ચર લગ્ન હોય તો સ્વલ્પ (થોડો) દોષ કહેવો.

ચંદ્ર અને મંગળ એક રાશિમાં હોય પરંતુ ચર રાશિ ન હોય તો એ કન્યા બીજાની સાથે ચોરીથી જારી રમી છે. અને શનિ ચંદ્ર લગ્નમાં હોય તો જાહેર રીતે બીજાની સાથે વિષય વિલાસ ભોગવે છે.

મંગળ શનિ કેન્દ્રમાં હોય અને વૃશ્ચિક રાશિમાં શુક્ર હોય અને તેને ચંદ્રમા દેખતો હોય અથવા વૃશ્ચિકના દ્રેષ્કાણમાં શુક્ર હોય તો એ સ્ત્રી જરૂર દોષિત છે.

## ૨૦૫. પંથા પ્રશ્ન

પ્રશ્ન સમયની તિથિ, નક્ષત્ર, વાર અને ચાલતો પ્રહર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ સર્વે એકઠા કરી ૭ થી ભાગ આપતાં બાકી શેષ ૧, રહે તો જ્યાં છે ત્યાંજ છે ૨, રહે તો માર્ગમાં છે ૩, રહે તો અર્ધ માર્ગમાં છે ૪, રહે તો ગામની સમીપ આવેલો છે ૫, રહે તો આવતાં આવતાં પાછો ગયો છે ૬, રહે તો રોગથી પીડાય છે અને ૦ રહે તો મોટા કષ્ટમાં મૃત્યુ તુલ્ય મહા દુઃખમાં છે.

**બીજી રીતે**—કૃતિકા નક્ષત્રથી લેઇને પ્રશ્ન વખતના ચાલતા દિવસના નક્ષત્ર સુધી ગણી સાતથી ભાગ આપતાં જે શેષ રહે તેનું ફળ પણ ઉપર પ્રમાણે કહેવું.

**ત્રીજી રીતે**—પ્રશ્ન પૂછનારના મુખના પ્રશ્ન કરતાં જેટલા અક્ષર કહે તેમાં ૧૧ મેળવી ૭ થી ભાગ આપી બાકી શેષ રહે તેનો ઉપર પ્રમાણે ઉત્તર કહેવો.

**ચોથી રીતે**—પ્રશ્ન સમયે ત્રીજા સ્થાનમાં ગુરૂ શુક્ર હોય તો પ્રવાસી જલદી ઘેર આવે.

શુક્ર, ગુરૂ, ચંદ્ર સહિત પાંચમે અથવા સાતમે હોય તોપણ મનુષ્ય બહુ જ જલદીથી ઘેર આવે.

સૂર્ય, બુધ, શનિ, શુક્ર એ ચારેમાંથી કોઈપણ ગ્રહ ચર લગ્નમાં હોય તો પરદેશથી જલદી ઘેર આવશે અને પરદેશ જવાનો હશે તો જલદી ઘેરથી જશે.

**પાંચમી રીતે**—

બુધે ચંદ્રે તથા માર્ગે સમીપે ગુરૂ શુક્રયોઃ
રવૌ ભૌમે તથા દૂરે શનૌ ચ પરિપીડ્યતે ॥ ૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—બુધવાર કે સોમવારના રોજ પ્રશ્ન હોય તો પ્રવાસી માર્ગમાં છે, ગુરૂવાર કે શુક્રવારના રોજ પ્રશ્ન હોય તો નજીક આવે છે, રવિવાર કે મંગળવારના રોજ પ્રશ્ન હોય તો ઘણો દુર છે ને શનીવારના રોજ પ્રશ્ન હોય તો દુઃખમાં છે તેમ જોવું.

**છઠ્ઠી રીત—**

નિર્જીવઃ સપ્તઋક્ષાણિ સજીવોદ્વાદશેભવત્ ।
વ્યાધિતોનવઋક્ષાણિ સૂર્યધિષ્ણ્યાત્તચાદ્દભવમ્ ॥૨॥

**અર્થ**—પ્રશ્ન વખતે સૂર્ય નક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધી જોવું. તેમાં પ્રથમ ૭ નક્ષત્ર સુધીમાં ચંદ્રમા હોય તો નીર્જીવન બીજા ૧૨ નક્ષત્ર સુધીમાં હોય તો સજીવન અને ત્રીજા ૯ નક્ષત્રમાં ચદ્રમા હોય તો વ્યાધી જાણવી.

## ૨૦૬. કાર્યાકાર્ય પ્રશ્ન

તિથિપ્રહરસંયુક્તા તારકા વારમિશ્રિતા ।
અગ્નિભિસ્તુ હરેદ્ભાગં શેષં સત્યં રજસ્તમઃ ॥૧॥
સિદ્ધિસ્તાત્કાલિકે સત્વે રજસા તુ વિલંબીતા ।
તમસા નિષ્ફલં કાર્યં જ્ઞાતવ્યં પ્રશ્નકોવિદૈઃ ॥૨॥

**અર્થ**—તિથિ, પ્રહર, નક્ષત્ર અને વારની સંખ્યાને જોડીને ત્રણનો ભાગ આપવો, જો ૧ શેષ રહે તો સત્વ, ૨ શેષ રહે તો રજ અને ૩ શેષ રહે તો તમ જાણવું. તેનું ફળ સત્વથી તત્કાળ કાર્યની સિદ્ધિ કહેવી, રજથી

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

વિલંબ કહેવો તથા તમથી નિષ્ફળ કહેવું. આ પ્રકારે પંડિતોએ પ્રશ્ન ફળ કહેલું છે.

## ૨૦૭. કાર્યસિદ્ધિ પ્રશ્ન

દિશાપ્રહરસંયુક્તા તારકાવારમિશ્રિતા ।
અષ્ટમિસ્તુ હરેદ્દભાગં શેષં પ્રશ્નસ્ય લક્ષણમ્ ॥૧॥
પંચૈકે ત્વરિતા સિદ્ધિઃ ષટ્ તુર્યે ચ દિનત્રયમ્ ।
ત્રિસપ્તકે વિલંબશ્ચ દ્વૌ આષ્ટૌ ન ચ સિદ્ધિદૌ ॥૨॥

**અર્થ**—પ્રશ્ન કર્તાનું મુખ જે દિશામાં હોય તે દિશા, ચાલુ પ્રહર, નક્ષત્ર અને વારની સંખ્યાનો સરવાળો કરી આઠનો ભાગ આપવાથી પાંચ અને એક શેષ રહે તો તત્કાળ કાર્યસિદ્ધિ થાય, છ અને ચાર શેષ રહે તો ત્રણ દિવસમાં કાર્યસિદ્ધિ થાય, ત્રણ અને સાત શેષ રહે તો વિલંબથી કાર્યસિદ્ધિ થાય તથા બે અને આઠ શેષ રહે તો કાર્યસિદ્ધિ ન થાય.

## ૨૦૮. પશુ નષ્ટ પ્રશ્ન

ઘુમણિ ભાન્ન વમેષુ વને પશું
તદનુષડ્સુ ચ કર્ણપથે સ્થિતમ્ ।
અચલભેષુ ગતં ગૃહમાગતં
દ્વયગતં ગતમેવ મૃતં ત્રિષુ ॥૧॥

**અર્થ**—સૂર્ય નક્ષત્રથી નવ નક્ષત્ર સુધીમાં પશુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખોવાઈ જાય તો વનમાં છે એમ કહેવું, બીજા છ નક્ષત્રમાં ખોવાઈ જાય તો માર્ગમાં છે એમ કહેવું, ત્રીજા સાત નક્ષત્રમાં ખોવાઈ જાય તો ઘરમાં આવેલું છે એમ કહેવું, ચોથા બે નક્ષત્રમાં ખોવાઈ જાય તો આવશે નહિ એમ કહેવું તથા પાંચમા ત્રણ નક્ષત્રમાં ખોવાઈ જાય તો મરણ પામ્યું છે એમ કહેવું.

## ૨૦૯. નષ્ટ વસ્તુ પ્રશ્ન

અંધકં તદનુ મન્દલોચનં મધ્યલોચનમતઃ સુલોચનમ ।
રોહિણીપ્રભૃતિભં ચતુર્વિધં નૂનમત્ર ગણયેત્પુનઃ પુનઃ ॥૧॥

**અર્થ**—રોહિણી નક્ષત્રને લઈને ચાર નક્ષત્ર ક્રમથી અંધલોચન, મંદલોચન, મધ્યલોચન અને સુલોચન સંજ્ઞાવાળા જાણવા તે નીચેના ચક્રમાંથી સ્પષ્ટ સમજી લેવા.

અંધેસદ્યઃ પ્રાપ્યતે વસ્તુનષ્ટં કષ્ટાત્પ્રાપ્યં મંદ નેત્રેચતદ્વત્ ।
દૂરાચ્છ્રાવ્યં મધ્યનેત્રેન લભ્યં ન શ્રોતવ્યં નૈવલભ્યં સુનત્રે ॥૨॥

**અર્થ**—અંધલોચનના નક્ષત્રમાં ખોવાયેલી વસ્તુ શીઘ્ર મળે, મંદલોચનના નક્ષત્રમાં ખોવાયેલી વસ્તુ કષ્ટથી મળે, મધ્ય લોચનના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ જાણ પણ પડે તથા સુલોચના નક્ષત્રમાં ખોવાયલી વસ્તુ જાણ પડે નહી તેમજ પ્રાપ્ત થાય નહી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| अंधलोचन | रो | पु. | उ. | वि. | पू. | ध. | रे. |
| मंदलोचन | मृ. | ऽश्ले | ह. | ऽनु. | उ. | श. | अ. |
| मध्यलोचन | आ. | म. | चि. | ज्ये. | अ. | पू. | भ. |
| सुलाचन | पु. | पू. | स्वा. | मू. | श्र. | उ. | कृ. |

મઘાદિ આર્યમાંતં ચ સમીપે વસ્તુ દૃશ્યતે ॥
હસ્તાદિ વસુપર્યંતમન્યહસ્તે ચ દૃશ્યતે ॥ ૩ ॥
શતતારાદ્યમાંતં તુ સ્વગૃહે વસ્તુ દૃશ્યતે ॥
અગ્ન્યાદિસાર્પપર્યંતમદૃષ્ટં દૂરગં તથા ॥ ૪ ॥

**અર્થ**—મઘા નક્ષત્રથી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સુધીમાં ખોવાયેલી વસ્તુ સમીપમાંજ દેખાશે, હસ્ત નક્ષત્રથી ધનિષ્ઠા નક્ષત્ર સુધીમાં ખોવાયેલી વસ્તુ બીજાના હાથમાં દેખાશે, શતભિષા નક્ષત્રથી ભરણી નક્ષત્ર સુધીમાં ખોવાયેલી વસ્તુ પોતાનાજ ઘરમાં દેખાશે તથા કૃતિકા નક્ષત્રથી આશ્લેષા નક્ષત્ર સુધીમાં ખોવાયેલી વસ્તુ દેખાશે નહીં તેમજ જડશે પણ નહીં.

## ૨૧૦. ચોરાયેલા યા ખોવાયેલા માલ વિષે પ્રશ્ન

પ્રશ્નકુંડળીમાં જો ચંદ્ર પહેલાનો સ્વામી થઈ ચોથા ભુવને બેઠો હોય કે બીજાનો સ્વામી ચોથા ભુવને હોય, તો જાણવું કે માલ છુપાવેલો છે. જો ચંદ્ર બીજા ભુવને હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને સાતમાના સ્વામી સાથે હોય તો જાણવું કે માલ કોઈ જગ્યાએ ગુમાવેલો છે. જો સાતમાનો સ્વામી પહેલા ભુવને હોય તો જાણવું કે માલ ચોરાયેલો નથી પણ ઘરમાંજ મુકી દેવાયેલો છે. જો ચંદ્ર પહેલા કે બીજાના સ્વામી સાથે હોય અથવા મંગળ કે શનિ પહેલા અથવા બીજા ભુવનમાં હોય તો જાણવું કે માલ ચોરાયેલો છે, એમ સમજવું.

## ૨૧૧. ચોર જાણવા વિશે પ્રશ્ન

પ્રશ્નકુંડળીમાં સાતમા ભાવનો માલીક ૧, ૪, ૫, ૬, ૭, કે ૧૦ મા ભુવને હોય તો ચોરનાર માણસ ઘરનો જાણવો, જો પહેલાને સાતમાનો માલીક એકજ ભુવનમાં બંને સાથે હોય તો પણ ઘરનો માણસ ચોરનાર જાણવો જો સાતમાનો માલીક પહેલા ભુવને હોય તો સવાલ કરનાર ધણી પોતે ચોર છે. બીજા ભુવને હોય તો પ્રશ્ન કરનારની સ્ત્રી અથવા માશુક યા તો ઘરની નોકરાણી. ત્રીજા ભુવને હોય તો ભાઈ કે બેન પાડ પાડોશી કે પીત્રાઈ. ચોથામાં હોય તો કોઈ બુઢ્ઢો માણસ અથવા બાપ. પાંચમામાં હોય તો જુવાન શખ્સ અથવા બચ્ચુ કે કાસદીયો, છઠ્ઠા ભાવમાં હોય તો ભાડુત ચાકર. નોકર સાતમે હોય તો પોતાની સ્ત્રી અથવા માસુક અથવા ભાગીયો અથવા કોઈ ઘરમાં આવેલો માણસ અથવા જેની સાથે લેવડદેવડ હોય તે. આઠમે હોય તો નોકર કે કોઈ કોઈ વખત જે ઘરમાં આવતો હોય તે. નવમે હોય તો પારકો માણસ, ધર્મગુરૂ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે બ્રાહ્મણ અથવા તો સ્ત્રી તરફનું કોઈ સગુ વહાલુ જો દસમે હોય તો કોઈ મોટો માણસ શેઠ વિગેરે અગીઆરમે હોય તો મિત્ર અથવા કોઈ માણસ કે જેણે કોઈ વખતે તમારૂં કામકાજ કર્યું હોય તેવો શખ્સ. અને જો લગ્નનો માલીક બારમા ભુવને હોય તો જાણવું કે કોઈ લુચ્ચો લફંગો કેદખાને જઈ આવેલો ચોરનાર (ચોર) માણસ છે. જો સાતમાનો માલિક ૮, ૯, કે ૧૨ મા ભુવને હોય તો ઘણુ કરીને કોઈ પારકો માણસ ચોરનાર (ચોર) હોવો જોઈયે.

## ૨૧૨. ચોર પકડવા વિશે પ્રશ્ન

જો સાતમાનો સ્વામી કે આઠમાનો સ્વામી પહેલા ભુવને હોય, અથવા પહેલાના સ્વામી સાથે હોય, ચંદ્ર ઊદયનો હોય, અને પહેલાના સ્વામી સાથે હોય કે જોતો હોય, અથવા ચંદ્ર સાતમા ભુવને હોય અને સૂર્ય, મંગળ કે બુધ સાથે દ્રષ્ટિ કરતો હોય અથવા તો કોઇ ગ્રહોથી છુટો થઈને સૂર્યને જઇ મળતો હોય તો અથવા ચંદ્ર અને સાતમાનો સ્વામી બેઊ કોઈ પાપગ્રહની દૃષ્ટિમાં આવ્યા હોય તો ચોર પકડાશે, એમ જાણવું. પણ જો સાતમાનો સ્વામી ઝડપી (ઊતાવળી) ચાલનો હોય અથવા ગુરૂ, શુક્ર કે ચંદ્ર સાથે શુભની દૃષ્ટિમાં અને ચર રાશિમાં હોય તો ચોર પકડાશે નહી. વળી જોવું કે સાતમાનો સ્વામી ક્યા ભુવનમાં છે, જો બારમામાં હોય તો ચોર ચાકરોની મદદથી, અને અગીયારમામાં હોય તો પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિત્રોની મદદથી, ત્રીજામાં હોય તો કોઈ પારકાની મદદથી, દશમામાં હોય તો પોતાની મહેનતથી, ચોથામાં હોય તો જાહેર રીતે નજર સામેથી, નવમે હોય તો પોતાના ભાઈ-બંધની મદદથી ચોર નાસી જાય છે, એ પ્રમાણે જાણવું.

## ૨૧૩. ચોરાયેલો માલ મળવા વિષે પ્રશ્ન

પ્રશ્ન સમયે ૧–૩–૫–૭ એ સ્થાને રાહુ શનિ શુક્ર મંગળ એ ચારે ગ્રહોમાંથી કોઈપણ ગ્રહ હોય ત્યારે ખોવાઈ ગયેલ યા ચોરાઈ ગયેલી વસ્તુ યા દ્રવ્ય મળે.

પ્રશ્ન સમયે ૧–૩–૧૦–૫–૪–૯–૧૧ એ ભાવમાં શુભ ગ્રહ હોય તથા ૧–૪–૭–૧૦–૫–૯–૮–૧૧ એ ભાવમાં પાપ–ગ્રહ ન હોય તો પણ ઉપરં પ્રમાણે ગયેલું દ્રવ્ય મળે.

૧–૪–૭–૧૦–૫–૯–૮–૨ એ સ્થાનમાં પાપગ્રહ હોય અથવા એ ભાવે પાપગ્રહની દૃષ્ટિ હોય અથવા એ ભાવે સૌમ્ય (શુભ) ગ્રહ સાથે હોય તો પણ ખોયેલી વસ્તુ યા દ્રવ્ય નહીં મળે, અને ઊલટું પોતાના ઘરનું ખર્ચ વિશેષ કરવું પડશે.

ચંદ્ર જે રાશિમાં હોય તે રાશિના અધિપતિની ચંદ્રમા ઉપર દૃષ્ટિ હોય તો ચોરાયેલું યા ખોવાયેલું દ્રવ્ય મળે છે.

## ૨૧૪. પત્રોત્તર પ્રશ્ન

પ્રશ્ન સમયે બુધ ચંદ્ર એકજ સ્થાનમાં હોય અને

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

તેના ઉપર સૌમ્ય ગ્રહની દૃષ્ટિ હોય તો કાર્ય સિદ્ધ થઇને ઉત્તર જલદી આવે અને એથી ઉલટું હોય તો ફળ પણ ઉલટું આવે.

પ્રશ્ન લગ્ન શુભ ગ્રહ યુકત ચર રાશિના લગ્નમાં હોય તો પત્ર લેઈ માણુસ જલદીથી આવશે.

જો સ્થિર રાશિના લગ્નમાં હોય તો કાંઇક વિલંબથી પત્ર લેઇને માણુસ આવશે.

જો દ્વિસ્વભાવ રાશિના લગ્નમાં હોય તો પત્ર લઇને માણુસ આવવાના વિચારમાં હતો, પણ હાલ તે રોકાશે તેનાથી નહીં અવાય.

## ૨૧૫. શિક્ષા અથવા મુક્તિ પ્રશ્ન

લગ્નેશ લગ્ને અથવા ૩–૬–૯–૧૨ મા ભાવમાં હોય અથવા તે તે ભાવના સ્વામી તે તે ભાવમાં હોય તો બંધનથી મુકત થાય અને તે પ્રમાણેનો યોગ પાપગ્રહની સાથે હોય તો જલ્દી બંધનથી મુક્ત થાય અને શુભ ગ્રહનો યોગ તે પ્રમાણે હોય તો બંધનમાંથી મુકત નહી થતાં વધારે બંધનમાં આવે છે.

## ૨૧૬. ચાલતા કેસમાં હારજીત વિશે પ્રશ્ન

જે દિવસે કજીયાની તારીખ હોય, તે તિથિ નક્ષત્ર અને વાર તે સર્વે જુદા જુદા લખી તે ત્રણેમાં પ્રશ્ન કરનારના નામના અક્ષર મેળવી તિથિને બમણી કરવી. નક્ષત્રને ચારગણા કરવા અને વારને ત્રણગણા કરવા. પછી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તિથિના આંકને છ થી ભાગ દેવો, નક્ષત્રના આંકને આઠથી ભાગ દેવો અને વારના આંકને સાતથી ભાગ દેવો. તેમાં ત્રણેના અંકમાં શેષ વધે તો મુકરદમો અથવા જે કામનો વિચાર કરેલ હોય તે કામ ઘણું જ ઉત્તમ છે અને તે કાર્ય પ્રશ્નકારના લાભમાં જલદી થાય. જો બેના નીચે અંકમાં શેષ વધે તો કજીયાની તારીખ નોંધાય. એકના નીચે અંકમાં શેષ વધે તો નુકશાન થાય અને ત્રણે જગ્યાએ અંકમાં શેષ નહિ વધતાં શૂન્ય આવે તો કજીયો હારી જાય અને જે કાર્યનો વિચાર કર્યો હોય તે કામ ન થાય.

## ૨૧૭. રાજ્ય લાભ વિશે પ્રશ્ન

લગ્નેશ દશમે અને દશમેશ લગ્નમાં પાપગ્રહ યુક્ત ન હોય તો ચિંતવેલું રાજ્ય સુખ મળશે. લગ્નેશ અને દશમેશ શુભગ્રહની સાથે હોય તોપણ રાજ્ય મળશે. કદાચ તે પાપથી પીડિત મંદ ગતિનો ગ્રહ હોય તોપણ રાજ્ય મળશે અને ચોથે હોય તેમ ક્રૂર ગ્રહની દૃષ્ટિ હોય તો અપવાદ આવશે. શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો કીર્તિવંત થાય, મંદગતિ ગ્રહ બળવાન હોય અને પાપગ્રહનો યોગ ન હોય, ચંદ્રમા નિર્બળ હોય અને શનિ બળવાન હોય તો ભ્રમણ કરવાથી રાજ્ય પ્રાપ્તિ થાય. લગ્નેશ સ્વગ્રહિ હોય, મંગળ પોતાના ઉચ્ચમાં હોય તેથી પણ રાજ્ય પ્રાપ્તિ થાય.

લગ્નેશ તથા દશમેશ પરસ્પર હોય, ચંદ્રમા પોતાના ઘરમાં અથવા ઉચ્ચમાં હોય તો ઉત્તમ રાજ્ય પ્રાપ્તિ થાય. જો તે સ્થાનમાં તે ગ્રહ અસ્તંગત હોય તો કષ્ટથી રાજ્યપ્રાપ્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય અને શત્રુગ્રહની દૃષ્ટિ હોય તો રાજ્યમાં કોઈ પ્રકારની કડવાશ કે કનડગત થાય.

લગ્નેશ અને દશમેશને સાથ હોય અને તેમાં એક મંદ ગતિ થઈને કેન્દ્રમાં હોય તો રાજ્યની ગાદી સ્થિર રહે અને જો વક્રી ગ્રહ હોય તો પ્રથમ રાજ્ય જાય અને પછી પાછું મળશે.

## ૨૧૮. નોકરી વિશે પ્રશ્ન

નોકરી મળવા વિશે પ્રશ્ન સમયે પહેલા ભાવને સ્વામિ દશમા ભુવને હોય અને શુભગ્રહોની દૃષ્ટિ હોય, ચંદ્ર કે સૂર્ય દશમાના સ્વામિ હોય, ચંદ્ર જો દશમાના સ્વામિથી છૂટો પડી પહેલાના સ્વામિને જઈ મળતો હોય, પહેલાનો સ્વામિ દશમાના સ્વામિને જોતો હોય, પહેલાનો સ્વામિ કેન્દ્રસ્થાને બળવાન હોય, અને સૂર્ય, ચંદ્ર કે ગુરૂ સાથે શુભ દૃષ્ટિ કરતા હોય, પહેલાનો સ્વામિ દશમા ભુવનમાં કોઈ શુભ ગ્રહને દૃષ્ટિ કરતો હોય તો જાણવું કે નોકરી મળશે. શનિ કેન્દ્રસ્થાને હોય અને ચંદ્રને તથા પહેલાના સ્વામિને પાપગ્રહની દૃષ્ટિ હોય તો નોકરી નહિ મળે એમ જાણવું.

નોકરી કાયમ રહેવા વિશે પ્રશ્ન સમયે જો પહેલા અને દશમાનો સ્વામિ શુભ દૃષ્ટિમાં હોય–વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ, મિથુન, કન્યા, ધન કે મીન એ રાશિઓ કેન્દ્રસ્થાને હોય અથવા ગુરૂ, શુક્ર કે રવિ પહેલાના સ્વામિ સાથે શુભ દૃષ્ટિ કરતા હોય, અને પાપગ્રહની દૃષ્ટિમાં નહિ હોય, અથવા પહેલા અને દશમાના સ્વામિઓ એકબીજાના ઘરમાં હોય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નોકરી લાંબો વખત કાયમ રહે, એમ જાણવું. જો દશમાનો સ્વામિ અથવા ચંદ્ર કોઈ કેન્દ્રસ્થાનમાં હોય અને તે ગ્રહ ધીમી ચાલનો કે વક્રી હોય તો નોકરી જશે એમ જાણવું. અથવા તો તેવો ગ્રહ જ્યારે એક રશિ છોડી બીજી રાશિમાં અથવા એક ભુવનેથી બીજા ભુવને જાય, અથવા તો દશમાનો સ્વામિ જ્યારે પોતાની રાશિ બદલે તે વખતે નોકરી છોડવી પડશે એમ જાણવું.

નોકરી છોડવા વિશેના પ્રશ્ન સમયે જો દશમાનો સ્વામિ અને પહેલાનો સ્વામિ એકબીજાના ઘરમાં હોય, બળવાન હોય, શુભ દૃષ્ટિમાં હોય, કેન્દ્ર સ્થાનમાં હોય, પાપગ્રહોથી જુદા હોય, તો નોકરી છોડવી નહિ.

## ૨૧૯. નિધિ (ધન) સંશય પ્રશ્ન

નિધિ કહેતાં ધન અમુક જગ્યામાં છે કે નહિ તેવો કોઈ પ્રશ્ન કરે તો તેનો નિર્ણય કરવા માટે નૃપતિજય આચાર્યે ૨૭ શ્લોક બનાવેલા છે તેમાંથી સમજી શકાય તેવા માત્ર ૬ શ્લોક તેના અર્થ સાથે અત્રે દાખલ કરીયે છીએ તો તેનાથી નિધિ સંશય પ્રશ્નનો વિદ્વાનોએ બુદ્ધિનો પણ ઉપયોગ કરી નિર્ણય કરવો.

ચંદ્રવત્સાધયેત્સૂર્યમૃક્ષસ્થં ચેષ્ટકાલિકમ્ ॥
પશ્ચાદ્વિલોકયેત્તૌ ચ સ્વર્ક્ષે વા ચાન્યમે સ્થિતૌ ॥૧॥
ચંદ્રઋક્ષે યદાર્કેંદૂ નિધિસ્તત્ર ન સંશય ॥
ભાનુઋક્ષે સ્થિતૌ તૌ ચેત્તદા શલ્યં ચ નાન્યથા ॥૨॥
સ્વસ્વભદ્વિતયં જ્ઞેયં નાસ્તિકિંચિદ્વિપર્યયે ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થિતં ન લભતે દ્રવ્યં ચંદ્રે ક્રુરગ્રહાન્વિતે ॥૩॥
પુષ્ટે ચંદ્રે ભવેન્મુદ્રાક્ષીણે ચંદ્રેલ્પકો નિધિઃ ॥
ગ્રહદષ્ટિવશાત્સોપિ વિજ્ઞેયો નવધા બુધૈઃ ॥૪॥
હેમ તારં ચ તામ્રારં રત્નં કાંસ્યાયસં ત્રપુ ॥
નાગં ચંદ્રે વિજાનીયાદ્ ભાસ્કરાદિ ગ્રહેક્ષિતે ॥૫॥

**અર્થ**—પ્રશ્ન વખતે તે વખતના પંચાંગમાં ચંદ્ર સૂર્ય કયા કયા નક્ષત્રમાં છે તે જોવું. જો નીચે બતાવેલ અહીં બળ ચક્રમાં સૂર્ય ચંદ્રનાં જે નક્ષત્રો દાખલ કરેલાં છે તેમાંના ચંદ્ર નક્ષત્રમાં ચંદ્ર સૂર્ય ભેગા હોય તો સંશય પડતી ભૂમિમાં નિધિ (ધન) છે એમ કહેવું. જો સૂર્યના નક્ષત્રમાં સૂર્ય ચંદ્ર ભેગા હોય તો નિધિ નથી પણ શલ્ય (નકામી વસ્તુ) છે એમ કહેવું. ચંદ્ર અને સૂર્ય પોતપોતાના નક્ષત્રમાં હોય તો શલ્ય અને નિધિ બન્ને છે એમ કહેવું. જો ક્ષીણ કળાનો ચંદ્રમા હોય તો થોડું ધન, પૂર્ણ કળાનો ચંદ્રમા હોય તો ઘણું ધન જાણવું. હવે ગ્રહોની દૃષ્ટિ ઉપરથી કઈ જાતની ધાતુ છે તેનો નિર્ણય કરવો. સૂર્યની દૃષ્ટિ હોય તો સોનું, ચંદ્રની હોય તો મોતી, મંગળની હોય તો ત્રાંબુ, બુધની હોય તો પિત્તળ, ગુરૂની હોય તો રત્ન, શુક્રની હોય તો કાંસુ, શનિની હોય તો લોઢું ને રાહુની દૃષ્ટિ હોય તો સીસું જાણવું. બધા ગ્રહોની દૃષ્ટિ હોય તો ઘણી નિધિ જાણવી. પણ પ્રશ્ન વખતે શુભગ્રહના ઘરમાં ચંદ્રમા હોય તો નિધિનો લાભ થાય છે, ને ક્રૂર (પાપી) ગ્રહોના ઘરમાં ચંદ્રમા હાય તો લાભ થતો નથી એમ જાણવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**બીજી રીતે**—પ્રશ્ન વખતની પ્રશ્ન કુંડળીમાં ચોથા ભુવનનો માલિક ચોથા ભુવનમાં હોય તો જાણવું કે સંશય પડતી જમીનમાં ધન હોવું જોઇએ. જો ચોથા ભુવને પોતાના ઘરમાં (સ્વગ્રહી) સૂર્ય હોય તો સોનું અથવા ઝવેરાત, ચંદ્ર હોય તો રૂપું યા રૂપાના સિક્કા યા દાગીના, મંગળ હોય તો લોખંડ, ગુરૂ હોય તો રૂપું યા ટીન, શુક્ર હોય તો પિત્તળ, બુધ હોય તો રૂપું યા ઝવેરાત યા પૈસાના સિક્કા, શનિ ચોથા ભાવે પોતાના ઘરમાં હોય તો સીસું યા કોલસા નીકળે છે. જો ચોથા ભાવનો સ્વામિ ચોથા ભાવ સિવાય કોઈપણ ભાવમાં સ્વગ્રહી યા ઊંચનો થઈને બેઠો હોય તોપણ ઉપર પ્રમાણે જાણવું. તે સિવાય બીજી રીતે ગ્રહોનો યોગ હોય તો જાણવું કે તે ભૂમિમાં ધન દોલત કે કંઈ પણ ખજાનો નથી. ખાસ કરીને ચોથાનો સ્વામિ નીચનો થઈને બેઠો હોય તો અથવા પાપગ્રહોની દૃષ્ટિમાં ઘેરાયેલો હોય તો તે ભૂમિમાં કંઈ નથી એમ જાણવું. એવો પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી નામના ગ્રંથમાં મી૦ હોમીયારનો મત છે.

**અહીં બળ ચક્ર**

અશ્વીશ પૂર્વાષાઢાદિત્રિકં પંચ ચતુષ્ટયમ્ ।
રેવતી પૂર્વાભાદ્રેદોર્ભાનિવિષ્ણયાનિ ભાસ્વતા ॥

**અર્થ**—અશ્વનીથી ૩ આર્દ્રાથી ૫ પૂર્વાષાઢાથી ૪ ને રેવતી તથા પૂર્વાભાદ્રપદ એટલાં નક્ષત્રો ચંદ્રનાં માનેલાં છે, અને બાકીનાં સૂર્યનાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ચંદ્રનાં નક્ષત્ર | અશ્વની | ભરણી | કૃતીકા | આદ્રા | પુનર્વસુ | પુષ્ય | અશ્લેપા |
| | મઘા | પુ૦ પાઢા | ઉ૦ પાઢા | અભીજીત | શ્રવણ | રેવતી | પુ૦ ભાદ્રપદ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સૂર્યનાં નક્ષત્ર | રોહણી | મૃગશીર | પુ. ફાગુની | ઊ. ફાગુની | હસ્ત | ચિત્રા | સ્વાતી |
| | વિશાખા | અનુરાધાં | જેષ્ટા | મૂળ | ધનીષ્ટા | શતતારા | ઊ. ભાદ્રપદ |

## ૨૨૦. પ્રશ્નના ફળની અવધિ કહેવાની સમજ

કાર્ય સીદ્ધિના પ્રશ્ન સમયે કાર્ય સીદ્ધિ થવાનો નિર્ણય થયો હોય તો તે વખતે જે સૂર્ય નક્ષત્ર હોય ત્યાંથી પ્રશ્ન સમયના ચંદ્ર નક્ષત્ર સુધી ગણતાં જેટલા અંક આવે, તેટલા અંક સુધી અશ્વની નક્ષત્રથી ગણતાં જે નક્ષત્ર આવે તે નક્ષત્રના નીચે જે ધ્રુવાંકના આંકડા મુકેલા છે તેટલા દિવસમાં તે કાર્યની સિદ્ધિ થાય એમ જાણવું.

| અ. | ભ. | કૃ. | રો. | મૃ. | આ. | પુ. | પુ. | આ. | મ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | ૧૮૦ | ૨૦ | ૧૨ | ૩૨ | ૧૬ | ૯૦ | ૧૮૦ | ૧૫૦ | ૨૪૦ |

| પુ. ફા. | ઉ. ફા. | હ. | ચિત્રા. | સ્વા. | વિ. | અ. | જ્યે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૧૨૦ | ૧૫૦ | ૧૨૦ | ૧૨૦ | ૨૦ | ૩૨ | ૧૧ |

| મૂ. | પૂ. ષા. | ઉ, ષા. | શ્ર. | ધ. | શ. | પૂ. ભા. | ઉ.ભા. | રેવતી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૯૦ | ૧૫૦ | ૬૦ | ૩૦ | ૯૦૦ | ૧૫ | ૧૫ | ૨૭૦ |

## ૨૨૧. મંદવાડની મુદત જાણવા વિષે

સ્વાતી અશ્લેશા આદ્રા, તીન પૂર્વા અષાઢ.  
નંદારિક્તા તિથીમાં, ભોમ શનિ રવિ વાર. ૧  
પડે પથારી પ્રાણી જે, રક્ષા કણુ નવી હોય.  
શંકર સમર્થ હોય તો, વીરલો જીવે કોય. ૨  
રેવતી ને અનુરાધિકા, બચે કઠીને પ્રાણ.  
ઊત્તરા અષાઢા રેવતી, માસ એક દુઃખ માન. ૩  
મઘા વીસદી વશકરે, હસ્ત પંદરે જાણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોગ ભોગ થઇને પડે, થાય કબુ નહી હાંણ. ૪
મૂલ અશ્વની કૃત્તિકા, ધનીષ્ટાને વિસાખ.
દિવસ નવ દુઃખ ભોગવે, રામ કરે રક્ષાય. ૫
ચિત્રા શ્રવણ સ્તતારક, ભરણી ભુખી ન હોય.
રોગ ભોગ અગીઆરદા, ચીન્તા મ કરો કોય. ૬
પૂર્વાફાગુની પુષ્યતો, ઊત્તરાભાદ્ર અભીજીત.
પુનરવસુ પણ જાણજો, સ્તદી રોગ ખચીત. ૭
ગર્ગમુનિયે ભાસીતં, છંદ તલક રચીત,
અભણ ને અજ્ઞાનતા, બુદ્ધિ નહીં કીંચીત, ૮

જે દિવસના જે ટાઇમે દર્દની શરૂઆત થાય, તે વખતના પંચાંગમાં જે દીનીયું નક્ષત્ર ચાલતું હોય. તે નક્ષત્રના યોગે ઉપર પ્રમાણે દરદીના દર્દ માટે સમજવું.

## ૨૨૧. મરણ સુધીના મંદવાડ વિશે

(૧) મેશ રાશિવાળા મનુષ્યને પૂર્વા ફાગુની પૂર્વા અષાઢા ને પૂર્વા ભાદ્રપદ નક્ષત્રમાંના કોઇ પણ નક્ષત્રમાં બીમારી (મંદગી) થાય તો મરણ સુધીની જાણવી.

(૨) વરખ રાશિવાળાને હસ્તનમાં.

(૩) મીથુન રાશિવાળાને સ્વાતીમાં.

(૪) કર્ક રાશિવાળાને અનુરાધામાં.

(૫) સીંહ રાશિવાળાને પૂર્વ અષાઢામાં.

(૬) કન્યા રાશિવાળાને શ્રવણમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૭) તુલા રાશિવાળાને, સ્તતારામાં.

(૮) વૃશ્ચિક રાશિવાળાને રેવતીમાં.

(૯) ધન રાશિવાળાને ભરણીમાં

(૧૦) મકર રાશિવાળાને રોહણીમાં.

(૧૧) કુંભ રાશિવાળાને આર્દ્રામાં.

(૧૨) મીન રાશિવાળાને અશ્લેષા નક્ષત્રમાં થયેલી બીમારી મરણ સુધી જાણવી.

## ૨૨૨. સ્ત્રી પુરૂષમાં પ્રથમ મરણ થવા વિશે.

સ્ત્રી પુરૂષ અર્થાત પતી પત્ની (ધણીધણીઆણી)માં કોનુ આયુષ્ય વધારે છે, અને કોનું ઓછુ છે તે જાણવા સંબંધીના પ્રશ્નમાં નીચે પ્રમાણેની ગણતરી કરીને કહેવું.

સ્ત્રી પુરૂષના નામના અક્ષરોમાં જે અક્ષર ઉપર કાંનો માતર અનુસ્વાર, દીર્ઘાઇ, રસ્વાઇ વિગેરે જે કંઈ હોય તેવા દરેક અક્ષરના પાંચ પાંચ આંક ગણવા. અને જે અક્ષર ઉપર કંઇ ન હોય તેવા અક્ષરના ત્રણ ત્રણ આંક ગણવા.

સ્ત્રી પુરૂષનાં નામ બને તેટલાં ટૂંકાં કરી તેના અક્ષરની ઉપર બતાવ્યા પ્રમાણે ગણતરી કરવી. ટૂંકું નામ કરવામાં સ્ત્રીઓના નામ પાછળ જે બેન, બાઈ, વહુ વિગેરે વિશેષણ લાગે છે તેમ પુરૂષોના નામ પાછળ, ચંદ લાલ જી, શા. શેઠ વિગેરે લાગે તે વિશેષણમાં લાગેલા શબ્દો કાઢી નાખી ટુંકા નામથી ગણતરી કરવી.

પુરૂષનાં નામ બે હોય તો બંન્ને નામના અક્ષરોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણતરી કરી તેના અર્ધ કરી નાખી, સ્ત્રીના નામના અક્ષરોની ગણત્રીના અંક સાથે જોડી દેવા.

સ્ત્રી પુરૂષના નામના અક્ષરોની ઉપર પ્રમાણે ગણતરી કરીને બંન્નેના ભેગા થયેલા સરવાળાના આંકને ત્રણે ભાગતાં ભાગાકારમાં ભાગાંક એકી આવે તો પુરૂષ પહેલો મરે અને ભાકાંક બેકી આવે તો સ્ત્રી પહેલી મરે. શેષમાં કંઇ વધે તેનો વિચાર કંઈ કરવો નહી.

સમજુતી માટે લેખક પોતાનો દાખલો ટાંકી બતાવે છે. પુરુષનું નામ, તલકચંદ નામ તલક

૩.૩.૩.

સ્ત્રીનું નામ. ચંચળ. ટુંકું નામ થતુ નથી.

૫.૩,૩.

૯ નો આંક પુરુષનો થયો.
૧૧ નો આંક સ્ત્રીનો થયો.

―

૩)૨૦(૬ ભાગાંક બેકી આવ્યો.
૧૮

―

૨

આ ગણતરીએ પ્રથમ સ્ત્રીનું મરણ નિર્ણય થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અષ્ટાંગ નિમીત્ત અધિકાર ૧૯ મો

## ૨૨૩. (સામુદ્રિક લક્ષણ ફળ નિમીત્ત)

પુષ્ટ યદેવ દેહસ્યા લ્લક્ષણં વાપ્ય લક્ષણમ્ ।
ઇતર બાધ્યતે તેન બલવત્ફલદં પુનઃ ॥૧॥

**અર્થ**—મનુષ્યના શરીર ઉપર જે સારૂં અથવા માઠું લક્ષણ પ્રબળ હોય તે બીજા સર્વ લક્ષણોને કોરે મુકે છે, અને પોતે જોરાવર હોવાથી તેના ગુણ પ્રમાણે તે ફળદાયી થાય છે.

અથાતઃ સંપ્રવક્ષ્યામિ મનુષલક્ષણ વિચારણં ।
દક્ષિણે પુરુષ જ્ઞેયં વામે વામા કરં શુભમ્ ॥૨॥

**અર્થ**—અમે હવે મનુષ્યલક્ષણનો વિચાર કહીયે છીએ તેમાં પુરુષનાં લક્ષણ જમણા અને સ્ત્રીનાં લક્ષણ ડાબા અંગમાં તેમ હાથમાં જોવાથી શુભાશુભ ફળ માલુમ પડે છે.

વામ ભુવા પુનર્વામે સ્ત્રયંશકસ્ય ચ નરસ્ય ચ ।
ધાતોડપિદક્ષિણે કૈશ્ચ નર સ્યાંગે શુભોમતઃ ॥૩॥

**અર્થ**—પુરુષની જમણી બાજુએ જે સારાં લક્ષણ કહ્યાં તે સ્ત્રીઓની તથા સ્ત્રી લગ્ન ઉપર ઉત્પન્ન થયેલા પુરુષોની ડાબી બાજુએ સારાં જાણવાં. કેટલાક શાસ્ત્રકારો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુરુષની જમણી બાજુએ થયેલો ખડ્ગાદિકનો ઘાત પણ સારો કહે છે.

વિશેષ–મણિબંધથી એટલે કાંડાથો આગળ જે હાથનો ભાગ આવેલો હોય છે તેને કરતલ–હથેળી કે પોચો કહેવાય છે તેને એક અંગુઠો અને બીજી ચાર આંગળીયો હોય છે.

તે ચારે આંગળીઓનાં નામ અંગુઠાની બાજુથી અનુક્રમે તર્જની (૧) મધ્યમા (૨) અનામિકા (૩) અને કનિષ્ઠા (૪) એવાં જાણવાં એ નામ અર્થના અનુસારથી રાખ્યા છે, જેમ તર્જના કરે તે તર્જની, મધ્યભાગમાં આવેલી તે મધ્યમા, જેને વિશેષ નામ આપેલું નથી તે અનામિકા, અને જે સર્વ કરતાં નાની તે કનિષ્ઠા. એ પ્રમાણે ચારે આંગળીયોનાં નામ શાસ્ત્રકારોએ આપેલાં છે.

કરતલમાં અંગુઠાથી ત્રીજા નંબરની આંગળી (અનામિકા) ની નીચે **સૂર્યનું** સ્થાન છે. કરતલમાં પૂર્વની બાજુએ એટલે છેલ્લી અંગુઠાથી ચોથા નંબરની આંગળી (કનિષ્ઠિકા) ની ઠેઠ નીચે મણિબંધ નજીક **ચંદ્રનું** સ્થાન છે. મંગળના બે સ્થાન બતાવેલાં છે. એક બુધના સ્થાનની નીચે અને બીજું શુક્રના સ્થાન ઉપર ગુરૂના સ્થાનના નીચેના ભાગમાં **મંગળનું** સ્થાન છે. કનિષ્ઠિકાની નીચેના ભાગમાં **બુધનું** સ્થાન છે. અંગુઠા જોડેની પહેલી આંગળી (તર્જની) ની નીચે **ગુરૂનું** સ્થાન છે; અંગુઠાની નીચે મણિબંધની ઉપર **શુક્રનું** સ્થાન છે, બીજી આંગળી (મધ્યમા) ની નીચે **શનિનું**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાન છે. આ પ્રમાણે દરેક ગ્રહોના સ્થાન જોવાની રીત એવી છે કે જે જે ગ્રહોનાં સ્થાન ઊંચાં અને મજબૂત જણાતાં હોય તે ગ્રહો જન્મકાળે બળવાન ગણાતા હોવાથી સારૂં ફળ આપે છે. અને જે જે ગ્રહોનાં સ્થાન બેસી ગએલા અથવા નરમ કે ખડબચડા ભાગવાળાં જણાતાં હોય તે ગ્રહો જન્મકાળે નિર્બલ ગણાતા હોવાથી તે ખરાબ ફળ આપે છે.

કોઈપણ ગ્રહના સ્થાન ઉપર ક્રોસનું ચિન્હ સારૂં ગણેલું છે. જવ (ટાપુ) ખરાબ ફળ આપે છે. ચોખંડું (સ્કેવેર)નું ચિન્હ દુઃખી કરે, નિર્ધન બનાવે, અને અનેક સંકટો આપે છે. બિંદુનું ચિન્હ હોય તો બેઈજ્જત કરે, નુકશાનીઓ કરાવે, કુટુંબથી દુઃખી કરે છે. જાળી જેવું (ગ્રીલ્સ)નું ચિન્હ હોય તો દુષ્કર્મ કરાવનાર, વ્યભિચાર કરાવનાર, દુષ્ટ સ્વભાવ, નીચ કામ કરનાર, સ્વચ્છંદી, દુરાચારી, ઉડાઉ, અને વ્યસની બનાવે છે. આ પ્રમાણે જુદા-જુદા ગ્રહો ઉપર જુદાંજુદાં ચિન્હ હોય છે તેનું શુભાશુભ ફળ વિદ્વાનોએ બુદ્ધિ અનુસાર અનુભવ કરીને કહેવું.

## ૨૨૪. રેખા વિચાર

દરેક સ્ત્રી-પુરૂષના હાથની હથેલીમાં મુખ્ય ચાર રેખાઓ પ્રધાનપદ ભોગવતી ગણાય છે. તેમાં પ્રથમ કનિષ્ટા (ટચલી) આંગળીના મુળ નીચે લગભગ એક જવ જેટલા નીચેના ભાગમાં પોચામાંથી એક રેખા નીકળે છે તેને આયુષ રેખા કહેવાય છે. બીજી રેખા અંગુઠો અને તર્જની (અંગુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઠાના જોડની) આંગળી એ બન્નેના મધ્યભાગમાંથી તર્જની આંગળી તરફથી નિકળી હાથેલી વચ્ચે થઈ નીચે પોચા તરફ જાય છે. તે પિતાની રેખા કહેવાય છે. ત્રીજી રેખા ઉપર બતાવેલ પિતાની રેખાની બાજુમાંથી અંગુઠા તરફ હથેળીમાં થઈ મણી બંધ આગળ આવે છે. તે માતાની રેખા ગણાય છે. અને ચોથી રેખા જે માતાની રેખા મણીબંધ આગળ આવે છે, તેની નજીક ડાબી બાજુથી એક રેખા નીકળી હથેળી વચ્ચે થઈ આંગળીઓ તરફ જાય છે. તેને ભાગ્ય (ઊર્ધ્વ) રેખા કહેવાય છે. એ પ્રમાણે સ્ત્રી અને પુરૂષના હાથમાં ચાર રેખાઓ મુખ્ય પ્રાબલ્યવાળી ગણેલી છે. તે જેમ જેમ સ્પષ્ટ અખંડ લાલ અને અણીશુદ્ધ હોય તેમ તેમ તે ઘણી સારી ગણાય છે. જેના હાથમાં અસ્પષ્ટ ઘણી રેખાઓ હોય તે સારી ગણેલી નથી.

## ૨૨૫. આયુષ્યની રેખા

જેની ટચલી આંગળીના થડમાંથી રેખા નીકળી અંગુઠાની જોડની જો તર્જની આંગળીના ઉપલા ભાગને મળે તો તે માણસનો આવરદા ૧૨૦ વરસનો અને તે આંગળીના નીચેના ભાગને મળે તો ૧૦૦ વરસનો, વચલી આંગળી મધ્યમા નાઊલા ભાગને મળે તો ૭૫ વરસનો અને તે આંગળીથી એક આંગળના છેટે જો હથેલી તરફ તે રેખા હોય તો ૩૮ વરસનો. જો ટચલી કનિષ્ટા આંગળીની જોડની અનામીકાના ઊપલા ભાગને મળે તો ૩૦ વરસનો અને ટચલી આંગળીના મૂળસુધીમાં જ માત્ર તે રેખા હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો ૨૦ વરસની અંદરનો આવરદા જાણવો.

જેના હાથમાં આયુષ્યની અલ્પરેખા હોય તો જાણવું કે તેનો આવરદા ટુંકો છે અને તે લંબાઈના પ્રમાણ પ્રમાણે મનુષ્યનો આવરદા બુદ્ધિવાન વિદ્વાનોએ તર્ક શક્તિથી વિચાર કરીને કહેવો.

જેના કપાળમાં ૩ રેખાઓ સ્પષ્ટ જણાતી હોય તો તે માણસનો આવરદા ૧૦૦ વરસનો જાણવો. ચાર રેખાઓ જણાતી હોય તો રાજકાજમાં હોંશિયાર જાણવો. પાંચ રેખાઓ જણાતી હોય તો તે માણસનો આવરદા ૯૫ વરસનો જાણવો. જેના કપાળમાં એકે રેખા ન હોય તો તેનો આવરદા ૮૦ વર્ષનો જાણવો. કદાપી કપાળ ઉપર ઘણી રેખાઓ શેળભેળ થઈ ગઈ હોય તો તે માણસ પરસ્ત્રી લંપટ તથા તથા પરધન ચોરી કરનારો કે મનમાં તેવા ખોટા વિચાર રાખનારો જાણવો. એકાદી રેખા કપાળના ઉપર છેક વાળના થડમાં હોય તો તે માણસનો આવરદા ૮૦ વરસનો જાણવો અને તે માણસ સંસારમાં પોતાનો જન્મારો સુખમાં ગુજારનારો માનવો.

જેના કપાળમાં પાંચ પાંચ છ છ રેખાઓ સેળભેળ થઈ ગઈ હોય, અથવા અગીયાર રેખાઓ હોય તેથી પણ ઘણી રેખાઓ હોય અને ગણતાં ફાવે તેમ ન હોય તો તે માણસનો આવરદા ૪૦ વર્ષનો જાણવો કદાપી કપાળ ઉંચું નીચું હોય અને ફકત એક રેખા આંખ ઉપર ભમરના થડમાં હોય તો તે માણસનો આવરદા ૩૦ વર્ષનો જાણવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેના કપાળની ડાબી બાજુએ જીણી જીણી વિશેષ રેખાઓ હોય તો તેનો આવરદા ૨૦ વરસનો જાણવો. કદાપી ભમર ઉપરની રેખાનો આકાર ચંદ્રમા જેવો હોય તો તે માણસનો આવરદા ૧૨૦ વર્ષનો જાણવો. પણ તે રેખાનો આકાર ચંદ્રમા જેવો ન હોય તેમ તે રેખા મોટી પણ ન હોય તો તે માણસનો અલ્પ આવરદા જાણવો.

જેના કપાળમાં ભમર ઉપર એક રેખા અર્ધચંદ્રાકાર જેવી હોય અથવા કપાળ ઉંચું હોય અથવા એક રેખા રોમ રહીત હોય અને તે રેખા ઉપર કપાળમાં ઝીણા ઝીણા વાળ ઉગેલા ન હોય ને ચોકખી દેખાતી હોય તો તે માણસ રાજ્ય રીધી સમાન ઘણું સુખ ભોગવનારો થાય છે.

## ૨૨૬. ઘાતિક રેખા

જે આયુષ્ય રેખા ટચલી આંગળના થડમાંથી નીકળી અંગુઠાની જોડની આંગળી તરફ જાય છે. તે રેખા જો વચમાંથી ટુટી ગઈ હોય તો જળ ઘાત થાય છે. કદી વચમાંથી ઉંચે ચઢી ઉપર જતાં પાછો નીચે ઝોલો ખાધો હોય તો ઝાડ પહાડ પર્વત કે પાષાણવાળી જગો પરથી પડીને તેનો ઘાત થાય છે.

## ૨૨૭. માતપિતા રેખા

અંગુઠો તથા તેના જોડની આંગળીના વચમાંથી બે રેખાઓ નીકળી હથેળી તરફ આવે છે તેમાંની એક હથેળીની વચમાં થઇને નિચે જાય છે. તે પિતાની રેખા કહેવાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે અને બીજી અંગુઠા તરફ થઇને મણીબંધ (કાંડા) તરફ જાય છે તે માતાની રેખા કહેવાય છે તે બંને રેખાઓ આખી અણી શુદ્ધ હોય તો જાણવું કે તે માણસના મા બાપમાં સંપ રહેલો છે અને ત્રુટક પડી હોય તો જાણવું કે માબાપમાં સંપ નથી. માતા પિતાની બંને રેખામાં જેની રેખા વધારે લાંબી ને સ્પષ્ટ ચોકખી હોય તેનો આવરદા વધારે જાણવો અને જેની રેખા ટુંકી ને અસ્પષ્ટ મલીનતાવાળી હોય તેનો આવરદા ઓછો જાણવો. માતા-પિતાની બંને રેખા વચ્ચે ત્રિશુળ જેવું ચિન્હ હોય તો જાણવું કે માતાપિતા સ્વર્ગવાસી થઇ દેવલોકમાં જશે.

## ૨૨૮. લગ્ન રેખા

જે હાથની ટચલી (કનીષ્ટા) આંગળીના મૂળ નીચે અને આયુષ્ય રેખાની વચમાં બીજના ચંદ્ર આકાર જેવી ઝીણી આડી જવ જેટલી લાંબી રેખા હોય છે, તે રેખાઓ જેટલી પુરુષને હોય તેટલી સ્ત્રીયો સાથે ને સ્ત્રીને જેટલી હોય તેટલા પુરુષો સાથે તેનો લગ્ન સંબંધ થાય છે.

જો તે રેખા મૂઠી વાળતાં ટચલી આંગળીના નીચે દબાતી હોય તો લાંબી મુદતે લગ્ન થાય છે એમ અમારો અનુભવ છે.

## ૨૨૯. સંતતિ રેખા

જે મણીબંધના મૂળમાં પિતાની રેખા કહેલી છે ત્યાંથી તે આયુષ્ય રેખા સુધી હથેળીની બાજુમાં જેટલી આડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેખાઓ હોય તેટલાં પુત્ર–પુત્રી જાણવાં. તેમાં જેટલી અખંડ અને સ્પષ્ટ હોય તેટલાં પુત્ર પુત્રી જીવતાં રહે છે. અર્થાત તે બાળક બાળપણમાં મરતાં નથી. અમારા અનુભવ પ્રમાણે જેટલી મોટી ને વધારે સ્પષ્ટ હોય તેટલા પુત્ર અને જેટલી નાની ને અસ્પષ્ટ દેખાતી હોય તેટલી પુત્રીઓ થાય છે.

## ૨૩૦. ભાન્ડુ રેખા

જે મણિબંધના મૂળમાં પિતાની રેખા કહેલી છે ત્યાંથી તે અંગુઠા સુધીના વચલા ભાગમાં જેટલી આડી રેખાઓ પડી હોય તેટલાં ભાઇબ્હેન જાણવાં. તેમાં જેટલી મોટી અને વધારે સ્પષ્ટ હોય તેટલા ભાઈ અને જેટલી નાની ને અસ્પષ્ટ હોય તેટલી બ્હેનો હોય છે.

## ૨૩૧. ભાગ્ય (ઊર્ધ્વ) રેખા

મણિબંધથી ઊંચી ગયેલી રેખા તે ઉર્ધ્વ (ભાગ્ય) રેખા કહેવાય છે. તે પાંચ પ્રકારની છે. એક મણિબંધથી અંગુઠા સુધી જાય છે તે પાંચ પ્રકારની છે. એક મણિબંધથી અંગુઠા સુધી જાય છે તેથી રાજ્યના તથા સુખના લાભને આપનાર થાય છે.

બીજી મણિબંધથી તર્જની આંગળી સુધી જાય છે તેથી રાજા અથવા રાજા સરખો નિધિવંત પુરુષ થાય છે.

ત્રીજી મણિબંધથી મધ્યમા સુધી જાય છે તેથી મોટો આચાર્ય યા પ્રખ્યાત રાજા અથવા સેનાપતિ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોથી મણિબંધથી અનામિકા તરફ જાય છે તેથી મોટો ધનવાન સાર્થવાહ થાય છે.

પાંચમી મણિબંધથી કનિષ્ટા તરફ જાય છે તેથી લોકમાં શ્રેષ્ઠ અને સારો પ્રતિષ્ઠાવંત તે પુરૂષ થાય છે.

## ૨૩૨. રાજ્યરિધી લક્ષણ

જેનાં નાક, આંખ, કાન, દાંત, હોઠ, હાથ અને પગ એ સાત અવયવ સીધા હોય તે માણસ સ્વભાવના સીધા સમજવા અને ઉપર કહેલા સાત અવયવો વાંકા હોય તો સ્વભાવના વાંકા જાણવા.

જેના આંખના ખૂણા, જીભ, તાળવું, નખ, હોઠ, હાથનાં તથા પગનાં તળીયાં એ સાત અવયવ રાતા હોય તો તેથી કાર્યસિદ્ધિ કરનાર થાય છે.

જેનાં છાતી, મુખ તથા કપાળ એ ત્રણે પહોળાં હોય તો વખાણવા લાયક જાણવાં તથા નાભી, સ્વભાવ અને સ્વર એ ત્રણે ગંભીર હોય તો સારાં જાણવાં.

કંઠ, પીઠ, લીંગ અને બે જાંગ એટલા પાંચ અવયવો જેના ટુંકા હોય તે પુરૂષ હંમેશાં સદ્‌ગુણી પૂજવા લાયક ગણાય છે.

જેનાં આંગળીઓનાં ટેરવાં, કેશ, નખ, દાંત અને ચામડી એ પાંચ વાનાં સૂક્ષ્મ (પાતળાં) હોય તે માણસ સુખે જીવે છે.

જેના બે સ્તનોની તથા બે નેત્રોની વચ્ચેનો ભાગ

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

બે બાહુ, નાસિકા અને હડપચી એટલા અવયવો લાંબા હોય તે પુરૂષ ઉત્તમ સ્વભાવના જાણવા.

જેની નાસિકા, ગ્રીવા, (ડોક) નખ, કાન, છાતી અને મુખ એ છ અવયવ જેના ઊંચા હોય તે પુરૂષ હંમેશાં ઉન્નતિ પામે છે.

જે મનુષ્ય પોતાના હાથની આંગળીઓના માપથી ૧૦૮ આંગળ ઊંચો હોય તે ઉત્તમ અને તેજસ્વી ગણાય છે. જે ૯૬ આંગળ હોય તે મધ્યમ ગણાય છે. અને જે ૮૪ આંગળ ઊંચો હોય તે સામાન્ય ગણાય છે આથી પણ જેની ઊંચાઈ ઓછી હોય તે મનુષ્ય કષ્ટ પૂર્વક પોતાનું જીવન વ્યતીત કરે છે ને દુઃખી ગણાય છે.

ઊંચાઈ માપવાની રીત એવી છે કે એક પાતળી દોરી લેઈ જમણા પગના અંગુઠા તળે તે દોરીનો એક છેડો દબાવી રાખી મસ્તક સુધી માપવી. પછી એ દોરીને પોતાની મુઠીથી માપતાં જેટલ મુઠીયો થાય, તેને ચાર ગણા કરતાં જેટલા આંગળ થાય તેટલા આંગળનું પ્રમાણ જાણવું.

## ૨૩૩. રાજ્ય યોગ ચિન્હ

શતં સહસ્ર લક્ષંચ કોટિંદ્યાદથા ક્રમમ્ ।
મિનાદયઃ કરે સ્પષ્ટા ચ્છિન્નભિન્નાદયોઽલ્પદા ॥૧॥

**અર્થ**—જે સ્રી કે પુરુષના હાથમાં કે પગમાં મત્સ્ય (માછલું) પ્રમુખ ચિન્હો સ્પષ્ટ દેખાતા હોય તો તે અનુક્રમે સો હજાર લાખ અને કરોડ દ્રવ્ય ને પામે છે. પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો છિન્ન ભિન્ન કે અસ્પષ્ટ હોય તો અલ્પ (થોડું) ધન પામે છે. એવો જીવનદત્તસૂરી આચાર્ય મહારાજનો મત છે.

વિશેષ–જે સ્ત્રી કે પુરુષના હાથમાં કે પગમાં માછલું, મગર, શંખ કે કમળનું ચિન્હ પોતાની સન્મુખ હોય તો તે રાજ રીધિ સમાન ઘણા સુખને આપવાવાળું જાણવું અને જો સન્મુખ ન હોય તો અંતકાળે પણ સારા શુભ ફળને આપવાવાળું જાણવું.

જેના હાથની વચમાં ડાંડી સહિત ત્રાજવા જેવું ગામની માફક ચાર ખુણાવાળું તથા વજ્ર જેવું ચિન્હ હોય તેને વેપારમાં ધનની પ્રાપ્તી થયા વગર રહે જ નહિ. અને જિંદગી પર્યન્ત સુખ ભોગવી આનંદમાં દિવસ નિર્ગમન કરે છે.

જે હાથમાં કામઠાના જેવું, તરવારના જેવું, અથવા આઠ ખુણાના આકારનું ચિન્હ હોય તો તે ધનવાન થઈ ઘણાક માણસોનું પાલનપોષણ કરે તેમજ તે મોટો યોદ્ધો થાય. ને કદાપી આઠ ખુણાનું જ ચિન્હ હોય તો તે ઘણું કરીને રાજા થાય અને પોતાની પ્રજાનું સારી રીતે લાલન પાલન કરે છે.

જેના હાથમાં શંખ, ચક્ર, ને ધ્વજા, વિગેરે ચિન્હો હોય તો તે મનુષ્ય વેપાર રોજગારના કામમાં ઘણો હોંશિયાર થઈ ઘણા દ્રવ્યની પ્રાપ્તિ કરે અને પોતાની જિંદગાની ઘણા માનની સાથે પૂરી કરે છે.

જેના હાથમાં ચોખ્ખું ત્રિશૂળના જેવું ચિન્હ હોય

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

તો તે રાજા થવાની નિશાની છે. અને કદાપી તે ચિન્હ સંદેહ પડતું હોય તો તે માણસ રાજાનો કારભારી થઇ ઘણાંક સારાં સારાં કામો કરે, એટલુંજ નહિ પણ તેની જોડે માતાપિતા ગુરૂ વિગેરેની સારી ખરદાશ કરે, અને ધર્મ તથા પુણ્યદાનમાં પણ તેની નિષ્ઠા પરિપૂર્ણ હોય, વળી ધનવાન થઈ યજ્ઞ અને ધર્મદાન તથા દેવસ્થાન અને બ્રાહ્મણોની પુજા કરે.

જેના હાથમાં શક્તિ તોમર (ભાલોડુ) રથ કે ચક્ર જેવું ચિન્હ હોય તો તે રાજવહીભવનું સુખ ભોગવે. કદાપી તેમાંનું એકાદુ પણ ચિન્હ જેના હાથમાં હોય તે રાજાનો કારભારી થઈ જીવે ત્યાં સુધી ઘણા સુખમાં પોતાના દિવસો નિર્ગમન કરે.

જેના હાથમાં દાંડા સહિત છત્ર તથા બે ચામર હોય તે ચક્રવર્તિ રાજા થાય છે.

જેના હાથમા કે પગમાં સિંહાસન સૂર્ય નંદાવર્ત ચંદ્રમા અને તોરણ હોય તો તે માણસ સાર્વભૌમ રાજા થાય એમાં સંશય નથી.

જેના હાથમાં પાલખી રથ ઘોડો હાથી તથા બળદ એ પાંચ ચિન્હ રેખાકાર હોય તે મનુષ્ય શત્રુના સૈન્યને બળાત્કારથી પકડવામાં મોટો રણવીર છત્રપતિ રાજા થાય છે.

જેના હાથમાં હોડી મંગિનિ (નાનું વહાણ) પોત (મોટું વહાણ) એ ત્રણ ચિન્હ સંપૂર્ણ સ્પષ્ટ હોય તો સુવર્ણ, રૂપુ અને રત્ન એ ત્રણનો માલિક તથા વહાણનો વેપારી થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેના હાથમાં હળ મુશળ (સાંબેલું) ખાંડણીઓ અને ત્રિકોણરેખા ઇત્યાદિક ચિન્હ હોય તો તે ખેડૂત થાય છે.

જેના હાથમાં દામણું (ગાયને ગળે બાંધવાના દોરડાનું) ચિન્હ સપષ્ટ હોય તે મનુષ્ય ઘણી ગાયોનો સ્વામી થાય અને જેના હાથમાં કમંડળ કળશ કે સાથીયાનું ચિન્હ હોય તે માણસ ધનવાન થાય છે.

એક મપ્યાયુધંપાણૌ ષટ્ત્રિંશન્મલ્યતો યદિ ।
તદા પરૈર્જેયઃ સ્યા દ્વીરો ભૂમીપતિર્જયી ॥૨॥

**અર્થ**—છત્રીશ આયુધોમાંનુ એક પણ આયુધ જો મનુષ્યના હાથમાં રેખા રૂપ હોય તો તે શત્રુથી જીતાય નહિં એવો જયવંતો રાજા થાય છે.

## ૨૩૪. પુરૂષ મસ્તક લક્ષણ

જે પુરૂષનું મસ્તક (માથુ) પર્વતના શીખરની પેઠે ઊપર ટોચવાળું હોય તે માણસ એક અવતારી જાણવો ને જેના મસ્તકમાં ટાલ પડેલી હોય તેને ધનવાન તથા પુત્રવાન જાણવો. પણ જેના મસ્તકમાં બીલકુલ વાળ નહી ઉગતા હોય તેને દરીદ્રી તેમ દુઃખી જાણવો. જેના વાળ શ્યામરંગના ભમરા જેવા હોય તે ભોગી, ભુરા વાળવાળો લંપટ, બરડ વાળવાળો સુખવગરનો અને જેના વાળ ટુંકા ને છુટા છુટા હોય તે મોટો લોભીષ્ટ જાણવો. કર્તા કહે છે કે.

કાંણીયા નર કોકસાધુ કોકદાતા મંજરા,

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

ખોખરદંતા કોક મૂર્ખ, કોક નિર્ધન ટાલીયા.

હવે જેના લલાટ (કપાળ) પર વાળ ઉગેલા હોય તે કુલનો નાશ કરનાર થાય છે. જેનું લલાટ હમેશાં શીતળ રહેતું હોય કે દુખ્યા કરતું હોય તે રોગી તથા દુઃખી થાય છે. જેનું કપાળ વીશાળ હોય તે મોટી પદવીને મેળવે છે. જેનું કપાળ નાનું હોય તો તે આયુષ્યથી તથા બળથી હીન થાય છે.

જેનું કપાળ ઉંચું હોય અને તેના કપાળના ઉંચા ભાગમાં યા આંખપર ભમરના થડમાં શંખના આકાર જેવાં ઝીણાં ચીન્હ હોય અથવા કપાળ ઉપર અર્ધચંદ્રકાર જેવી રેખા હોય તો જાણવું કે તેનો જન્મ નિર્ધનના કુટુંબમાં હશે, પણ ઘણો ધનવાન ને સુખી થશે.

જેના કપાળમાં છીપના આકાર જેવી રેખા હોય તે માણસ આચાર્ય, સાધુ, અતીત, વૈરાગી વગેરેનો વેષ ધારી લોકોમાં બગભગત થશે, અને પાપકર્મ કરવામાં તેની પ્રીતિ રહેશે, જેના કપાળ ઉપર કમળના પુષ્પ જેવો આકાર હોય તો તે સર્વ મનુષ્યથી શ્રેષ્ટ થઇ લોકોમાં પ્રખ્યાતી પામશે.

જેના કપાળની વચમાં ખાડ હોય ને આસપાસ ઉચાણુ હોય તો તે માણસ ઘણો ખરાબ દગાબાજ કુડકપટ કરનાર ને પ્રપંચી હોવાથી વધ કરવાને લાયક છે, એમ શંકર પોતાના સામુદ્રીકમાં પારવતીજીને કહે છે. ને હમારો પણ એ અનુભવ છે કે તેવા માણસોનો ભરોંસો રાખવો ને કાળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાગનો ભરોંસો રાખવો તે જાનને જોખમમાં નાખવા જેવું છે. જેનું કપાળ નીચુ હોય તે માણસ જીવતાં સુધી દુષ્ટ કર્મ ક્રૂર સ્વભાવ દુષ્ટ બુદ્ધિવાળો થઈ લોકમાં અપયશ મેળવે છે. અને જે માણસનું કપાળ નાનું હોય તે કંજુસ થાય છે. અને કપાળ ઉંચુ હોય તો રાજા થવાની નિશાની છે.

## ૨૩૫. પુરૂષ મુખ લક્ષણ

જે પુરૂષના મુખમાં બત્રીસ દાંત હોય તે માણસ રાજા થાય છે. એકત્રીસ હોય તો પ્રધાન થાય છે. ત્રીસ હોય તો સુખી થાય છે. અને તેથી જેમ જેમ ઓછા દાંત હોય છે તેમ તેમ અનીષ્ટ ફળ મળતું જાય છે.

જેના દાંત છુટા છુટા હોય તે વિદ્વાન થાય છે. જેના દાંત સફેત રંગના હોય તે લોકોમાં ઘણું માન મેળવે છે. લાલ રંગના હોય તો કપટી થાય છે.

જેના દાંતની નીચલી હાર ઊંપરના દાંતની હારથી દૂર જતી હોય તે ધન રહીત થાય છે. જેના દાંત બહાર નીકળેલા દેખાતા હોય તે ધનવાન થાય છે.

જેની જીભ લાલ રંગની અણીદાર હોય તે વિદ્વાન થાય છે. જેની જીભ શ્યામ રંગની હોય તે દાસપણું કરે છે. સફેત જીભ લંપટપણું કરાવે છે. જેની જીભ બોલતાં અચકાતી હોય તે સર્વ લોકોથી માન પામે છે. તથા તેને ઘેર પુત્રોનો જન્મ થાય છે. જેની જીભ મુખની બહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીકળતી ન હોય તે પાપી ને નરકગામી થાય છે. જેની જીભ તારવાને અડી ન શકે તે દુઃખી થાય છે. ને જેની જીભ સ્વાદને જાણી ન શકે તેનુ તત્કાળ મૃત્યુ થાય છે.

જેનું તાળવું શ્યામ રંગનું હોય તે માણસ કૂળનો નાશ કરે છે. લાલ રંગનું હોય તો રાજા સમાન સાહ્યબી ભોગવે છે. હંમેશાં સુકાયેલું રહેતું હોય તો તે દુઃખી થાય છે. ને હંમેશાં ભીનું રહેતું હોય તો તે સુખી થાય છે. જેના મુખમાં ગયેલા ઊષ્ણ પદાર્થો તાળવાને લાગ્યાથી પણ તેનો સ્પર્શ ન જણાતો હોય તો તે માણસનું તત્કાલ મૃત્યુ થાય છે.

જેના હોઠ લાલ રંગના હોય તે ભાગ્યશાળી હોય, તથા સ્ત્રીયોને બહુજ વલ્લભ થઈ પડે છે. તેથી સ્ત્રીયો તેના ઉપર ઘણો પ્રેમ રાખે છે. જેના હોઠ કાળા ને સુકાયેલા હોય તે માણસ કુલમાં તેમ સગા સંબંધીમાં વિરોધી થાય છે. જેના હોઠ બહુ જાડા હોય તે અલ્પ (થોડો) કાલ સુધી જીવી શકે છે. અને જેના હોઠ બહુ ખુલ્લા રહેતા હોય તે દરીદ્રી થાય છે.

જેનુ નાક વાંકું હોય તે ભાગ્યહીન, પીળા રંગ પર હોય તો કાર્યોમાં ધીરો, પોપટની ચાંચ જેવા આકારનું હોય તો મોટો ભાગ્યશાળી કે વિદ્વાન જાણવો. અને જેના નાકનું ટેરવું જ્યારે વાંકુ થયેલું જણાય ત્યારે તેનું તત્કાલ મરણ જાણવું.

જે પુરૂષની આંખોના ખુણા લાલ હોય તે કુટુંબમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહુ પ્રીતિવાળો થાય છે. જેની આંખો લાંબી હોય તે મંત્રી સમાન સુખ ભોગવે છે. જેની આંખો ગોળ હોય તે શૂરવીર થાય છે. જેની આંખો કુટીલ ચારે બાજુ ફરતી રહેતી હોય તે દુરાચારી હોય છે.' પીળી આંખો વાળો રોગી, માંજરી આંખો વાળો કપટી, બલાડી જેવી આંખોવાળો લંપટ, ત્રાંસી આંખોવાળો દરીદ્રિ, ને એક આંખે કાંણીયો કપટી હોય છે.

જે પુરૂષના કાનની કિનારી પર વાળ ઉગેલા હોય તે સુખી સમજુ ને શાન્ત પ્રકૃતિ ને વિચારવાળો થાય છે.

## ૨૩૫. પુરૂષ કર (હાથ) લક્ષણ

જે માણસના હાથ છેક ઘુંટણ સુધી લાંબા અને સીધા હોય તે ગુણવાન, ધનવાન, પરદુઃખભંજન, રાજા વિક્રમ સમો રાજ્યરીધીને ભોગવનારો થાય છે. કથાકારો કહે છે, કે રાજા વિક્રમના હાથ ઘુંટણ સુધી લાંબા હતા. જેના હાથ ટુંકા તે ધન રહીત થોડા સુખને ભોગવનાર થાય છે.

જેના હાથની હથેળી જો લાલ હોય તો તે ધનવાન થાય, નીલવર્ણ હોય તો મદ્યપાન કરે, પીતવર્ણ (પીળી) હોય તો પરસ્ત્રી જોડે વિયયભોગ કરે અને કાબરચિત્ર-વર્ણવાળી હોય તો દરિદ્રી થાય છે.

જે માણસની હથેળી ઊંચી હોય તે દાતા થાય, ઊંડી હોય તો પિતાના દ્રવ્યથી રહિત થાય, ઊંડી છતાં સારી રેખાથી યુકત હોય તો ધનવાન થાય અને જો વિષમ (ઊચી નીચી) હોય તો નિર્ધન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે મનુષ્યના હાથમાં બીલકુલ રેખા ન હોય અથવા ઘણી હોય તો તે અલ્પાયુષી, દરિદ્રિ અને દુઃખી થાય એમાં સંશય નથી. આ અમારો પૂરેપૂરો અનુભવ છે.

જેના હાથની પાછળનો ભાગ વિસ્તારવાળો પુષ્ટ ઉંચો, અંદરની નસોના દેખાવ વગરનો, સર્પની ફણા સરખો હોય તો તેને શ્રેષ્ટ (સારો) જાણવો.

જો પાછળનો ભાગ કાંતિરહિત કઠણ લુખો રોમવાળો માંસ વિનાનો અંદરની નસોના દેખાવવાળો અને મણિબંધ (કાંડા) જેટલો નીચો હોય તો તેને અશ્રેષ્ટ (ખરાબ) જાણવો.

જેનો મણિબંધ (કાંડુ) દ્દઢ (મજબુત) (હાડકાં દેખાય નહિ એવું) બરાબર જોડેલા સાંધાથી શોભીતું હોય તો તે ધનવાનપણાનું મહાસુખ પામે છે. અને ઢીલું પાતળુ હલાવતાં કટ કટ શબ્દ કરનારૂં તથા બળ હીન હોય તો નિર્ધનપણાનું મહા દુઃખ પામે છે.

જો મણિબંધ એટલે કાંડા ઉપર જવની ત્રણ પાંકત હોય તો મનુષ્ય રાજા સમાન સુખ ભોગવનારો થાય છે. બે પાંકત હોય તો રાજાનો મંત્રી કે મોટો ધનવાન અથવા પંડિત થાય છે. એક પંકિત હોય તો લોકમાં શ્રેષ્ઠપૂજીત તથા સાધારણ ધનવાન થાય, પણ જવની પંકિત ન હોય તો દરીદ્રી દુઃખી કે નિર્ધન થાય છે.

જેના હાથની ટચલી આંગળીના થડમાં એક કાપા જેવી એક રેખા હોય તો જ્ઞાની, બે હોય તો ધર્માત્મા ત્રણ હોય તો યજ્ઞકર્તા, ચાર હોય તો રાજ્યસમાન સુખ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોગવનાર, પાંચ હોય તો ઘણો વિદ્વાન, છ હોય તો સભામાં માન પામનાર અને સાત હોય તો દરિદ્રી થાય છે.

જેના હાથની વચલી આંગળીના મૂળમાં વેઢાના કાપા નીચે જવના જેવું ચિન્હ હોય તો તે ધનવાન, સ્ત્રી પુત્ર તથા ઘરના સુખ વાળો થાય અને ઘણું સુખ ભોગવે.

હાથની ચારે આંગળિઓના આંતરા જો છિદ્રવિનાના હોય એટલે ચારે આંગળીઓ ભેગી સીધી ઊભી રાખતાં જો વચ્ચે છિદ્ર ન દેખાય તો તે પુરૂષ દ્રવ્યનો સંચય કરે એમ જાણવું અને જો તેમ કરતાં વચ્ચે છિદ્ર દેખાય તો તે પુરૂષ દાતાર થાય એમ સમજવું.

તર્જની અને મધ્યમા વચ્ચે છિદ્ર હોય તો આયુષ્યના પહેલા તૃતિયાંશ (ત્રીજા) ભાગમાં, મધ્યમા અને અનામી-કાની વચ્ચે છિદ્ર હોય તો આયુષ્યના બીજા તૃતીયાંશ ભાગમાં, તથા અનામિકા અને કનિષ્ઠાની વચ્ચે છિદ્ર હોય તો આયુષ્યના ત્રીજા તૃતીયાંશ ભાગમાં, શ્રીમંત લોકો પણ ભોજનને અવસરે દુઃખ પામે એવો કેટલાક આચાર્યોનો મત છે.

અંતરવાળી આંગળીઓ સુકી જાડી અને વાંકી હોય તો દરિદ્રપણું, બહાર નમેલી હોય તો શસ્ત્રનો ઘાત અને ચપટી હોય તો દાસપણું કરાવે છે.

જેના અંગુઠા ઉપર સફેત (ધોળુ) બિંદુ હોય તો અગમ્યગામી વ્યભિચાર કરે, કાળું હોય તો ફોજદારી ગુન્હાની આગાહી કરાવે, કનિષ્ટિકા આંગળી ઉપર સફેદ

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

બિંદુ ફાયદો આપે, કાળું નુકશાન કરે; અનામિકા ઉપર સફેદ બિંદુ વ્યાપારથી ધન લાભ આપે, કાળું નુકસાની આપે, મધ્યમામાં સફેદ બિંદુ જલની સારી રીતે મુસાફરી કરાવે, કાળું હોય તો ભારે સંકટ આપનાર થાય, પીળું હોય તો નજીકના સગાનું મરણ દર્શાવે, તર્જની ઉપર સફેદ હોય તો લાભ આપનાર, કાળું હોય તો અપયશ અને નીચ કામ કરવાની આગાહી પૂરી પાડે. નખ ઉપર કાળું બિંદુ, ચિંતા, મુકરદમો, દાવો, વિવાદ, ભય, અપયશ, દેશત્યાગ, શોક, ફીકર, ઇત્યાદી વિઘ્નકારી કાર્યકરનાર નીવડે છે. નખના અગ્ર ભાગમાં બિંદુ હોય તો ભૂતકાળ, મધ્યમાં વર્તમાનકાળ અને નીચે હોય તો ભવિષ્યકાળની આગાહી પુરી પાડે છે.

હાથના તથા પગના નખ ઉપર જો સફેદ બિન્દુઓ ઉત્પન્ન થઈ કેટલાક દિવસ રહી પછી નાશ પામતા હોય તો તે શ્રેષ્ઠ છે એમ ભોજ રાજાએ કહેલું છે.

જેની તર્જની મધ્યમા અનામિકા અને કનિષ્ઠા એ ચારે આંગળીઓમાં અનુક્રમે એક આંગળીનો પણ જન્મ-થીજ જેનો નખ વાંકો હોય તો તે માણસ અનુક્રમે પચાશ વર્ષ, તેત્રીશ વર્ષ ચાર માસ, પચીશ વર્ષ અને સાડાબાર વર્ષ સુધી જીવે.

કૃષ્ણપક્ષે ન્હણાં જન્મ વામઙ્ગુષ્ટગતૈર્યવૈઃ । ·
બહુ નામથ વૈકસ્ય યવસ્ય સ્યાત્સયં દલમ્ ॥૧॥

**અર્થ**—અંગુઠાના મધ્યભાગમાં જવ હોય તો તેથી

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

વિદ્યા ખ્યાતિ અને લક્ષ્મી મળે છે. તે જવ જો જમણા અંગુષ્ટના મધ્ય ભાગમાં હોય તો તે માણસનો શુકલપક્ષમાં જન્મ થયો એમ જાણવું. એકથી વધારે જવ હોય તો પણ તે સર્વનું ફળ સરખું જાણવું.

જેના હાથના અંગુઠા ઉપર આકાશના જેવું ચિન્હ હોય તે રાજેશ્રી ચિન્હ કહેવાય છે. એ ચિન્હવાળો મનુષ છત્રપતિ રાજા થાય અથવા મોટી ફોજનો સેનાધિપતિ થઈ રાજસભામાં માન પામી દુનિયામાં સંપૂર્ણ સુખ ભોગવતાં ૫૫ કે ૬૦ વર્ષ જીવે છે.

વેઢા દસ આંગુલી તણા ગણી ત્રણ કરો ભાગ.
અગીયાર બાર ભાગાંકથી ધન ગુણ સુખનો લાગ. ૧
એ રીતે ગણતાં કદી ભાગ રકમ જો તેર
રોગી દુઃખી ધનહીણ તો અન્ન દાંતને વેર ૨
પંદર જો ભાગાંકતો વડો ચોર ચિત્ત ધાર
જો આવે કદી સોળતો ઠગ વળી ધુર્ત જુગાર ૩
જો આવે સત્તર કદી મહા પાપી અપમાન
અષ્ટાદશ ભાગાંક તો ધન ધાન્ય સુખ માન. ૪
ઓગણીશ ભાગાંકતો બુદ્ધિવાન ગુણવાન
જો આવે કદી વીશ તો યોગી તપસ્વી જાણ ૫
એકવિશ ભાગાંક તો જ્ઞાની મહાત્મા શિષ્ટ
ગણે તલક તેજસ્વી તે ગણતા લોક વિશિષ્ટ ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—બંને હાથના બે અંગુઠા ને આઠ આંગળીયોના વચ્ચેના કાપા (વેઢા) ને ગણી ત્રણે ભાગતાં ભાગાકાર ૧૧ કે ૧૨ આવે તો ઘણો ધનવાન, ગુણવાન ને સુખી થાય છે. ૧૩ આવે તો દુઃખી, રોગી કે ધનહીન થાય છે. ૧૫ આવે તો તે માણસ ચોરના જેવો ચોરી કરનાર થાય છે. ૧૬ આવે તો નઠારાં, ખોટાં કામ કરનારો થાય છે. ૧૭ આવે તો ઘણો પાપી થઇ ઘણા પ્રકારના અપયશને મેળવનારો થાય છે. ૧૮ આવે તો ધન ધાન્યના સુખને ભોગવનારો ભાગ્યવાન થાય છે. ૧૯ આવે તો આબરૂદાર ગુણવાન થઈ મોટું સન્માન મેળવનાર થાય છે. ૨૦ આવે તો મોટો તપસ્વી થાય છે. ને ભાગાકાર ૨૧ આવે તો તલકચંદ કહે છે કે મહા જ્ઞાની મહાત્મા માનવાન ને મોટો તેજસ્વી થઈ સંસારમાં ઘણો પ્રખ્યાત થાય છે. એવું સામુદ્રીકનું વચન છે.

એક શંખ સુખીયો કરે બે દરીદ્રિનું ધામ.
ત્રણ શંખ નિર્ગુણ બને, ચારે હોય ગુણવાન ૧

પાંચ શંખ નિર્ધન કરે ખટ શંખે હોય સરદાર
જગ જન જાણ્યો જાય તે વ્યાપે યશ તરવાર ૨

સાત આદિ ને અંતદશ શંખ હોય એ રીત
દાસ ગ્રહે જન્મ્યો કદી રાજા થાય ખચીત ૩

એક શીપ ગુણવંત તે બે શીપે વક્તા ને ન્યાલ
જગત મોહ પામે સદા એવી વાણી રસાળ ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ શીપ ધનવાન નર, જગમાં યશ ફેલાય
ગુણ માને જન તેહના, સજ્જનમાં શોભાય ૫
ચાર શીપથી અધીકને દશે સમાડો જાણ
રિદ્ધિ સિદ્ધિ સુખ ઘણું, મહા પુરુષ તે માન ૬
એક ચક્ર જો હોય તો સુખમાં રહે સદાય
બે ચક્રે આ જગતમાં ગુણવંતો જ ગણાય ૭
ત્રણ ચક્ર હોય જ કદી તો તો ધનનો લાભ
ચાર ચક્રે દારિદ્ર તો ધરતી હેઠ શીર આભ ૮
પાંચ ચક્ર કદી હોય તો, અંગો અંગ વિલાસ
ખટ ચક્રે બડભાગી નર, રસ કામાદી ઉલાસ ૯
સાત ચક્રથી સુખ મળે આઠે તનમાં રોગ
નવ ચક્રે રાજા બને દસે સિદ્ધિ મહા જોગ ૧૦

## ૨૩૬. પુરુષ હૃદય (છાતી) લક્ષણ

જે પુરૂષની છાતી ઉપર વાળ ઊગેલા હોય તે માણસ ઘણો વિદ્વાન તેમ ઉદાર મનનો ભોળો હોય છે અને જેની છાતી ઉપર વાળ હોય નહિ તે માણસ વિદ્યાહીન કે કંજુસ ને કપટી હોય છે. જેનું હૃદય (છાતી) નગરના દરવાજા જેવું વિશાળ ને દૃઢ હોય તે શત્રુઓનો નાશ કરનાર થાય છે.

જેના સ્તનો જરા ઊંચાં તેજવાળાં શ્યામ મુખવાળાં ને થોડા રોમ (વાળ) વાળાં હોય તે ધનવાન, ભોગી અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૂરવીર થાય છે. જેના સ્તનો સૂકાં, નીચાં અને તેજ વિનાનાં હોય તે દરિદ્ર તથા મૂર્ખ થાય છે.

જેની નાભી (ડુંટી) બહુ જ ઊંડી અથવા બહુ જ ઊંચી હોય તે ખરાબ જાણવી, ઘણી ઊંડી નહી તેમ ઘણી ઊંચી નહી તેવી નાભી હોય તે નર ઉત્તમ સ્વભાવનો જાણવો.

## ૨૩૭. પુરુષ લિંગ લક્ષણ

પુરુષના પુરુષ ચિન્હ (લિંગ)નું પ્રમાણ સાત આંગળથી દસ આંગળ સુધીનું શાસ્ત્રકારોએ કહેલું છે તેમાં જેનું લિંગ ૬ આંગળથી નાનું હોય તો ધનવાન થાય છે પણ પ્રજા થતી નથી. જેનું લિંગ વાંકુ ૬ આંગળથી પણ નાનું તથા ડાબી બાજુ નમેલું હોય તો તે પુત્રોથી તથા અન્ન દાનથી રહીત થાય છે. જો જમણી બાજુએ નમેલું હોય તો પુત્રવાન થાય છે અને બન્ને બાજુમાંથી એકે બાજુ નહી ને ખાલી નીચે નમેલું હોય તો તે પુરુષ દરિદ્રી થાય છે. જે પુરુષનું ચિન્હ વાંકુ, નાનું અને ઉપરની ગાંઠ સુંદર લાલ અને જાડી હોય તો તે સુખ ભોગવનાર તથા પુત્રોવાળો થાય છે. લાંબા ૧૦ આંગળના ચિન્હથી દરિદ્રી, જાડા ચિન્હથી નિર્ધન, પાતળા ચિન્હથી સૌભાગ્યતા અને ૪ થી ૬ આંગળ સુધી નાનાં ચિન્હથી રાજા કે રાજા સમાન સુખ ભોગવનાર ધનવાન થાય છે. પુરુષનું ચિન્હ કઠણ ને કડક હોય તો તે પારકી સ્ત્રીઓ જોડે કે દાસીયો જોડે વ્યભિચાર કરનારો થાય છે. પાતળું તથા લાલ ચિન્હ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તો તેને ઉત્તમ સ્ત્રી, દિવ્ય રાજ સુખ મળે છે અને તે નાની ઉંમરવાળી સ્ત્રીનો પતિ થાય છે જે પુરુષનું ચિન્હ શ્યામ રંગવાળું, લાલ ફૂલવાળું નાનું હોય તો તે ઘણા સુખનો ભોગી થાય છે, પણ પરદારાથી પ્રીતિ કરે છે. જેનું લિંગ સિંહના લિંગ જેવું હોય તે માણસ રાજા જેવો ભોગી, ધનવાન ને ઘણાને વહાલો થાય છે. જેનું લિંગ વિષમ આસને બેસવાથી ભૂમિ પર સ્પર્શ કરે તેને દરિદ્રી તથા લોભી જાણવો.

જે પુરુષના પેશાબની ધાર જમણી બાજુએ જતી હોય તે માણસને પુત્રો થાય છે અને જેની ડાબી બાજુએ જતી હોય તે માણસને પુત્રીયો થાય છે, એમ અમારો અનુભવ છે.

જેની જંઘા (જાંગ–સાથળ) લાંબી હોય ને ઉતાવળી ગતિયે ચાલતો હોય તે રાજા સરખો જાણવો. જેની જંઘા ઉપર વાળ ન હોય અને જાડી હોય તે માણસ દુઃખી અને દીન જાણવો. જેની જંઘા ઉપર સાધારણ વાળ હોય તે ઉત્તમ માણસ જાણવો. જેની જંઘા ઊપર ઘણા વાળ હોય તે ઘણો દુઃખી હોય છે.

જે પુરૂષના પગની આંગળીયો અનુક્રમે ટચલી આંગળીથી ચઢતી હોય, તે સઘળા પ્રકારનું સુખ મેળવી શકે છે ને તેને રાજાઓ તથા શ્રીમાનો આદરમાન આપે છે.

જેની પહેલી તર્જની ત્રીજી અનામીકા ને ચોથી કનિષ્ટા એ ત્રણ આંગળીઓ સરખી હોય તેને વિધવા સ્ત્રીથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખ મળે છે જો મધ્યમા પહેલી આંગળીથી મોટી હોય તો તે વિદ્વાન સર્વે ગુણોને જાણનાર ઇશ્વર ભજની થાય છે. જો ટચલી આંગળીથી અનામીકા નાની હોય તો તે લંપટ અને લોભી થાય છે જેથી જગતમાં તેનું માન બીલકુલ હોતું નથી.

જો પહેલી અને છેલ્લી આંગળીથી પણ અંગુઠો ચડીઆતો હોય તો તે અત્યંત જય પામે છે.

જો અંગુઠાથી તર્જની આંગળી લાંબી હોય તો તે રાજા સમાન સુખ ભોગવનાર ઘણી સ્ત્રીઓનો ભોકતા અતિ ક્રોધી તેમ રોગી થાય છે. જો મધ્યમા આંગળી મોટી હોય તો તેને આખા જીવનમાં પણ સ્ત્રીનું સુખ મળતું નથી એમ સામુદ્રિક શાસ્ત્રનું વચન છે.

## ૨૩૮. સ્ત્રી મસ્તક લક્ષણ

જે સ્ત્રીનું મસ્તક ઘણું નાનુ હોય તો તે દુર્ભાગિણી ઘણું મોટું હોય તો તે મૂર્ખ જાણવી. જેના વાળ ભુરા રંગના ને કઠોર જાડા ને ટુંકા હોય તે દુરાચારી, પરિવારનો નાશ કરનારી, પતિને દુઃખ દેનારી, કાબરચિત્રા હોય તો વ્યભિચારિ, જરા રતાશપર જાડા હોય તો તે વિધવા થનારી ને જેના કેશ છુટા છુટા હોય તે ધન ધાન્યનો નાશ કરનારી જાણવી. જેના કેશ સિધા સુક્ષ્મ અને ચિકાશવાળાં હોય તે પતિવ્રતા મહા સતી, પતી પર પ્રેમ રાખનારી જાણવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણા કાળા ને લાંબા વાળ વાળી દરેકને પ્રેમને પાસ લગાડનારી અમારા અનુભવ પ્રમાણે જોઈએ છીયે.

## ૨૩૯. સ્ત્રી મુખ લક્ષણ

જે સ્ત્રીને બત્રીસ દાંત દાડમની કળી સમાન એક સરખા હોય તો તે રાજાની રાણી સમાન સુખ ભોગવે છે.

જે સ્ત્રીના મુખમાં ત્રીસ દાંત હોય તે ભાગ્યશાળી થઈ ભર્તાને અત્યંત પ્યારી થઈ પડે છે. જેના દાંત છુટા છુટા હોય તેના ઉપર પતિનો પ્રેમ અપાર હોય છે. જેના દાંતોની ઉપલી હાર નીચલી હારની ઉપર બરોબર આવતી હોય તે સૌભાગ્યવાળી જાણવી. જે સ્ત્રીનો જન્મ નીચ ઘરમાં થયો હોય પણ તેના દાંત સ્વાભાવિક ગુલાબી રંગથી ઝાંખ મારતા સંપૂર્ણ બત્રીસ દાંત હોય તો તે ઘણા ગુણવાળી, ધનને વધારનારી જાણી તુરત પરણવી, એમાં વિલંબ કરવો નહીં. જે સ્ત્રી સૂઈ ગયા પછી જો ઊંઘમાં પોતાના દાંત કચકચાવે તો અશુભ ફળ આપનાર જાણવી.

જેના દાંત હોઠની બહાર નીકળેલા દેખાતા હોય, તે સ્ત્રી નિશ્ચે વિધવા થાય છે, એ અમારો જાતી અનુભવ છે.

જે સ્ત્રીની જીભ શ્યામ રંગની હોય તે શંખણી કહેવાય છે અને શ્વેત રંગની હોય તે દાસી સમાન ગણાય છે.

જે સ્ત્રીનું તાળવું શ્યામ રંગનું હોય તે ભરથારને કષ્ટકારી જાણવી. લાલ રંગનું હોય તે ભરથારને વશ કરનારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ને ખરબચડું હોય તો તે સ્ત્રી એવી અત્યંત વિષયી હોય કે ઘણા પુરુષો સેવવાથી પણ સંતોષ પામે નહીં. એમ સામુદ્રીકનું વચન છે.

જે સ્ત્રીના હોઠ જાડા તથા જરા ખુલ્લા રહેતા હોય તે કુટુંબને દુઃખદાયક નિવડે છે.

જે સ્ત્રીની આંખો પીળા રંગની હોય, તે મહા પાપીષ્ટ થાય છે. જેની લાંબી હોય તે પરપતિ ઉપર અત્યંત પ્યાર રાખનારી થાય છે. જેની આંખ નાની હોય તે પતિને તુરત વશ કરનારી થાય છે.

જે સ્ત્રીને પુરુષની પેઠે મૂછની જગોયે વાળ ઊગેલા દેખાતા હોય તો તે વાંજણી જાણવી અને તેની સાથે સંગ કરનાર પુરુષ અંતે નપુંસક થાય છે. આવા દાખલા અમારી દ્દષ્ટિયે જોવાઇ ચૂકયા છે.

જે સ્ત્રીની દાઢીયે પુરુષની પેઠે વાળ ઉગે છે તે સ્ત્રી ઘરમાં રહેલી લક્ષ્મીને દૂર કરે છે તથા શત્રુઓને ઊભા કરનારી થાય છે અને લોકોમાં અપમાનને પામે છે.

જે સ્ત્રીને હસતી વખત ગાલમાં ખાડા પડતા હોય તે વાંઝણી થાય છે. જેના ગાલ કુવા જેવા ઉંડા હોય તે પર પુરુષ સાથે વિલાસ કરવાની બહુ અભિલાષા રાખે છે, અને બહુ જ ગુસ્સાવાળી થાય છે, તેથી પોતાના પતિને અત્યંત કષ્ટકારી થઈ પડે છે. જેના ગાલની ચામડી કર્કશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને બહુ જ જાડી હોય તે ધનનો અને કુટુંબનો નાશ કરે છે, માટે તેવી સ્ત્રીને પરણ્યા બાદ પણ ઘરમાં રાખવી નહિ. અમારા અનુભવ પ્રમાણે તે વિધવા પણ થાય છે. ઘણા જાડા ને ઉંચા ગાલવાળી સ્ત્રી પતિને દગાથી મારે કે પર પુરુષના પ્રેમમાં પડે છે, એ અમે અનુભવ્યું છે.

જે સ્ત્રીના કંઠમાં વાળનું ચક્ર હોય તે કુલટા અને પતિઘાતીની થાય છે. ત્રણ રેખા હોય તે ઉત્તમ ભાગ્યશાળી જાણવી પણ તે રેખાઓ વચ્ચેથી તૂટેલી હોય તો નુકશાનકારક જાણવી.

જે સ્ત્રીના ખભા પર શંખ અથવા ચક્રનું ચિન્હ હોય તેને પદ્મિની સમાન જાણવી, સાથીયાનું હોય તો લક્ષ્મીવાન તથા પુત્રવાન જાણવી.

જે સ્ત્રીના હાથ ઘણા લાંબા હોય તે દરિદ્ર હોય ને ટુંકા હોય તે ગુણોથી હીન હોય છે.

## ૨૪૦. સ્ત્રી હૃદય (છાતી) લક્ષણ

જે સ્ત્રીની છાતીમાં સ્તનો કાચી કેરી (આંબા ફળ) સમાન કઠીન ને ઊંચા શ્યામ રંગની દિંટડીવાળા હોય તો તેના પર પતિનો અત્યંત પ્યાર હોય છે. જો સ્તનો સદા શીતળ રહેતા હોય તો તેને દુર્ભાગિણી જાણવી ને ઉષ્ણ રહેતા હોય તો તે કામવિલાસમાં ચતુર ને ગુણવંતી જાણવી, જેના બંને સ્તનોની વચ્ચે બિલકુલ માર્ગ રહેતો ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તેને દુર્ભાગિણી કુટુંબનો નાશ કરનારી જાણવી. અમારા અનુભવ્યા પ્રમાણે વિધવા કે વાંજણી પણ થાય છે. જો સ્તનો પર વાળ હોય તો તે ડાકણ સરખી જાણવી. માંસ વિનાના જો નરમ હોય તો શંખણી જાણવી. જેના ડાબા સ્તન પર તલ કે મશ હોય તો ઉત્તમ જાણવી. જમણા સ્તન પર હોય તો હંમેશાં કંકાસ કરનારી દુર્ભાગણી જાણવી. જો જમણા સ્તન પર સાથીયાનું ચિન્હ હોય તો તેને તેના ભરથાર તરફથી ઘણું સુખ મળે છે. જો સ્તન પર ઊખલ કે મુશલનું ચિન્હ હોય તો દુરાચારિણી, વ્યભીચારિણી તથા કુળનો નાશ કરનારી જાણવી. જેના સ્તનોની ડીંટડીયો તમામ શ્યામ રંગની હોય તો તે ધનનો નાશ કરે પણ જરા કાળી અને રતાશની ઝાંખ મારતી હોય તો તે ઉત્તમ જાણવી. જો બંને સ્તનો વચ્ચે દેવમંદિરનું જેને ચિન્હ હોય તે ચક્રવર્તિની પટરાણી સમાન જાણવી. જેની ડીંટડીયોમાંથી પ્રસવ વખતે દુધ વહેતું નથી, તેને સંતતિ ભક્ષ કરનારી જાણવી. આ અમારી દૃષ્ટિએ જોયેલું છે. અને જે સ્ત્રીના સ્તનો ચપટા છાતિમાં ચોંટી ગયેલા હોય તેને વાંઝણી ને દરેક વાતે દુઃખી જાણવી એ અમોએ સિદ્ધ કરેલું છે.

જેનો જમણો સ્તન ઊંચો હોય તેને પુત્રો ને ડાબો ઊંચો હોય તેને પુત્રીયોનો જન્મ થાય છે. બંને સરખા હોય તો પુત્ર ને પુત્રીયો બંને થાય છે, એમ કોક ઋષિનો મત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨૪૧. સ્ત્રીના પેટનાં લક્ષણ

જે સ્ત્રીના ઉદર (પેટ) ઉપર ત્રણ આડીઅવળી રેખાઓ હોય તેને ઉત્તમ જાણવો. પણ તેમાંથી એક પણ ખંડીત (તૂટેલી) હોય તો તે તુરત વિધવા થાય છે. જેનું પેટ ઘડા સરખું ઊંચુ હોય તથા સ્તનોની અને પેટની ઊંચાઈ સરખી. હોય તેને શંખિણી તથા દુર્ભાગણી જાણવી. જેના ઉદરની જમણી બાજુએ ધનુષનું ચિન્હ હોય તેને રાણી જેવું સુખ ભોગવનારી જાણવી જેના ઊદર પર ઘણાજ વાળ ઊગેલા હોય તેને રાક્ષણી સમાન જાણવી અને તે સ્ત્રી કુટુંબનો નાશ કરી પોતે એકલી કોઇ પરપુરૂષ સાથે વ્યભિચારિણી થાય છે. પણ જે સ્ત્રીના ઉદર પર ન જણાય તેવા સુક્ષ્મ વાળની રૂંવાટી હોય તેને ઊત્તમ જાણવી. જેના ઊદરનો ભાગ અત્યંત કુવાની પેઠે અંદર ઊતરી ગયેલો હોય તેને દુર્ભાગણી ને પતિનો દ્વેશ કરનારી જાણવી.

જે સ્ત્રીના બરડામાં વાળનું ચક્ર કે ઊભી વાળની દોર જેને લૌકીક વહેવારે સાપણ (નાગણ) કહેવામાં આવે છે. તે હોય તો તે કુળનો નાશ કરનારી જાણવી.

જે સ્ત્રીની નાભી (ડુંટી)માં વાળ ઉગેલા હોય તે રાક્ષણી સરખી કુળ તથા ધનનો નાશ કરનારી થાય છે.

## ૨૪૨. સ્ત્રીની કેડનાં લક્ષણ

જે સ્ત્રીની કમર (કેડ) બત્રીસ આંગળથી ચાળીસ આંગળ સુધીના ઘેરાવાની હોય તેને અત્યંત ઉત્તમ જાણવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બત્રીસથી ઓછી કમળવાળી વ્યભિચારી જાણવી ને ચાલીસથી વધારે કમળવાળી ધન વિગેરેનો નાશ કરનારી જાણવી.

જે સ્ત્રીના નિતંબસ્થલો (કેડની પાછળનો ભાગ) પર વાળ ઉગેલા હોય તેને રાક્ષસણી જાણી ઘરમાં રાખવી નહી ને જો કરચળીયો પડતી હોય તો ધનની હાની કરનાર જાણવી. જો જમણા ભાગમાં વિમાનનું ચિન્હ હોય તો પદ્મિની, ભમરાનું હોય તો શંખણી જાણવી. જો જમણો ભાગ જરા નીચો ને ડાબો ભાગ ઉંચો હોય તો કુટુંબમાં કલેશ કરાવનારી તથા અપયસ અપાવનારી જાણવી. ને ડાબી બાજુ જો મુશળનું ચિન્હ હોય તો ધનનો ક્ષય કરનારી જાણવી. અમારા અનુભવ્યા પ્રમાણે જે સ્ત્રીના કમરના પાછળના ભાગમાંથી દોરડાની મીસલે ઉભી વાળની દોર જતી હોય તો તેને સાપણ કહેવાય છે. તેવી સ્ત્રી પતિનો ને ધનનો નાશ કરનારી જાણવી.

## ૨૪૩. સ્ત્રીના પેડુનાં લક્ષણ

જે સ્ત્રીને પેડુના ભાગ પર ખીલકુલ વાળ ઉગતા ન હોય તેને વાંઝણી જાણવી. જેનું પેડું કોમળ તથા સપાટ હોય તેને રાજાની પટરાણી સમાન જાણવી જેના પેડુપરના વાળમાં ચક્રનો આકાર હોય તેને વાસુદેવ જેવાની પટરાણી થનાર જાણવી. જો ભમરાના જેવો આકાર હોય તો કુળનું ભક્ષણ કરનાર રાક્ષસી જેવી જાણવી, શંખ જેવો આકાર હોય તો તેને ચક્રવર્તિની પટરાણી સમાન જાણવી. જેનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પેડું ઘણુ કઠિન અને માંસવિનાનું હોય તેને દુર્ભાગિણી જાણવી, જેનું પેડું ઉંચુ પેટથી આગળ દેખાતું હોય તે સ્ત્રી વિધવા થઇ દુઃખી થનારી જાણવી. જેના પેડુ પર લાંબી લીટી હોય તે વ્યભિચારણી; ડાબી કુખમાં લીટી હોય તે વાંઝણી ડુંટી પર લીટી હોય તે પતિવ્રતા અને પીઠમાં લીટી હોય તે પતિને મારનારી થાય છે, એમ અમારૂં માનવું છે.

## ૨૪૪. સ્ત્રીની યોનીનાં લક્ષણ

જે સ્ત્રીની યોની (ગુહ્યાંગ) લાંબી હોય તેને દુર્ભાગણી તથા કુળનો નાશ કરનારી જાણવી. જેની યોની ઘણી કઠણ હોય તેને દુર્ભાગણી જાણવી. જેની યોની નીચેના ભાગમાં વધારે ગયેલી હોય તેને વ્યભિચારણી જાણવી. જેની યોનીનો અંદરનો ભાગ ગુલાબિ રંગનો હોય તો પદ્મિણી, શ્વેત હોય તો મુર્ખ ને કાળો હોય તો ધનનો નાશ કરનારી જાણવી.

જે સ્ત્રીનું ગુહ્યાંગ (યોની) પીપળાના પાનના સરખા આકારવાળું તથા ઢંકાએલ મણિવાળું હોય તો તે શુભ છે. ચૂલાના પેટના સરખું, હરણિની ખરીઓ સરખું, બહુ વાળોથી ઢંકાએલું તથા દેખાવમાં અદીઠ ભગ (યોની) હોય તો તે ખરાબ છે. સ્ત્રીનું ભગ કચુકા જેવું અર્થાત્ બંને બાજુ ઉંચું અને વચમાંથી દબી ગયેલું કે ખાલી હોય તો દુર્ભાગ્ય આપનારૂં છે, અને તે ગર્ભ ધારણ કરી શકતું નથી. પણ મુંબઈ જેવી અલબેલી નગરીમાં હમારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દષ્ટિથી ઘણો અનુભવ લઈ સિદ્ધ કરતાં ગર્ભને બાધ કરતાં જણાયું નથી. ભગનો આકાર વાંકો હોય તો પણ દુર્ભાગ્ય આપનારૂં છે, તે પણ ગર્ભધારણમાં નકામું છે. સ્ત્રીનું ભગ હાથીના કાંધ સરખું તથા કાચબાની પીઠ સરખું હોય તો તે સ્ત્રી રાજાની રાણી થાય છે. જેનું ભગ ઉપસેલું હોય તે સ્ત્રી છોકરીઓ જણે છે. સ્ત્રીનું ભગ કોમલ મોટું તથા ઉંચું હોય તે શુભ છે જેનું ભગ રેખાઓ, નસો કે ઘણા વાળવાળું હોય તે અશુભ છે. સ્ત્રીનું ભગ શંખના સમાન એક બાજુ મોટું અને એક બાજુ નાનું હોય તે ગર્ભધારણ કરી શકતું નથી. સ્ત્રીનું ભગ ડાબી બાજુએ ઉંચું હોય તો છોકરીઓ થાય છે. જમણી બાજુ ઉંચુ હોય તો છોકરાઓ થાય છે. સ્ત્રીનું ભગ જમણી બાજુએ વળેલું સારૂં છે; ડાબી બાજુએ વળેલું અથવા કોઈ જગ્યાએ ખંડિત ભગ હોય તો તેવી સ્ત્રી વ્યભિચારિણી થાય છે. સ્ત્રીનું ભગ માંસ વગરનું થોડું વાંકા જેવું તથા લુખું હોય તો વૈધવ્ય કરનારૂં છે. ભગ બહુ મોટું તથા બહુ લાંબું હોય તો થોડા જ વખતમાં વિધવા કરનારૂં છે. સ્ત્રીનું ભગ કોમલ રૂંવાટાંઓથી યુક્ત, ઉંચું, ચમકદાર તથા દેખાવમાં સુંદર હોય તો તે પતિને સુખ આપનારૂં તથા ઐશ્વર્ય દેનારૂં છે.

## ૨૪૫. સ્ત્રીની સાથળનાં લક્ષણ

જે સ્ત્રીની જંઘા (સાથલ) પર ઘણા વાળ હોય તેને પતિ તથા ધનનો ક્ષય કરનારી જાણવી. જેની જંઘામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાડકાના ટેકરાઓ નિકળેલા હોય તે કુળ તથા ધનનો નાશ કરનારી જાણવી. જેની જંઘાના મુળમાં શ્રી વત્સનું ચિન્હ હોય તો તે રાજાની રાણી કે શ્રીમાનની શેઠાણી થનારી જાણવી. જો જમણી બાજુએ ચક્રનું ચિન્હ હોય તો ચક્રવર્તિની પટરાણી થનારી જાણવી. જો ચામરનું ચિન્હ હોય તો તિર્થંકર જેવા કે રામચંદ્રજી જેવા કે કૃષ્ણ જેવા ઉત્તમ પુત્રને ઉત્પન્ન કરનારી જાણવી. જેને દંડનું ચિન્હ હોય તેણીને જગતનો નાશ કરનારા પુત્રને જન્મ આપનારી જાંણવી. જેની ડાબી જંઘામાં ધ્વજાનું ચિન્હ હોય તે મહા ધર્માત્મા જેવા પુત્રનો જન્મ આપનાર જાણવી. જેને મુશળ (સાંબેલુ)નું ચિન્હ હોય તે બલભદ્ર જેવા પુરૂષનો જન્મ આપનાર જાણવી. જેને ધનુષનું ચિન્હ હોય તે વાસુદેવ જેવાનો જન્મ આપનારી જાણવી. જેની જંઘા હંમેશાં બહુ ઉષ્ણ (ગરમ) રહેતી હોય તેને પુત્રીયો ઘણી થાય. જરા ઠંડી રહેતી હોય તેને મુર્ખ પુત્રો થાય. જરા ઠંડી ને જરા ગરમ રહેતી હોય તેને ઉત્તમ પુત્ર તથા પુત્રીયો થાય. જેની જંઘા ચપટ હોય તેને શંખણી જાણવી. બહુ કઠીન હોય તેને રાક્ષણી, કુલનો નાશ કરનારી જાણવી.

જેની સાથળમાં ખાડા હોય તે તુરત વિધવા થાય છે. ટુંકી જંઘાવાળી વ્યભિચારી થાય છે. જમણી જંઘામાં સર્પ જેવા આકારનું ચિન્હ હોય તે શાકિની જાણવી. બંને જંઘાઓમાં વીંછીના જેવું ચિન્હ હોય તો પુત્રોનો નાશ કરનારી થાય છે. તથા જગતમાં બહુજ અપકીર્તિને પામે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. અને જે સ્ત્રીની જમણી જંઘામાં સાથીયાનું ચિન્હ હોય તેને પદ્મિની ને ડાબી જંઘામાં કમળનું લંછન હોય તેને ચક્રવર્તિની પટરાણી જાણવી.

## ૨૪૬. સ્ત્રીના પગનાં લક્ષણ

જે સ્ત્રીના ઘુંટણ પર વાળ ઊગેલા હોય તેણીને ડાકણ સમાન જાણવી. જેથી તેનો તુરત ત્યાગ કરવો નહીતર કુટું-બનો નાશ થાય છે. જેના ઘુંટણ પર બહુ માંસ હોય તે લક્ષ્મીનો નાશ કરનારી જાણવી જેના ઘુંટણનો ભાગ બિલકુલ જણાતો ન હોય ને તે પગના ભાગો સાથે મલી ગયેલો હોય તે પોતાનો નાશ કરનારી જાણવી. જેની ઘુંટણની વચમાં ખાડો હોય તે વિધવા થાય છે. જેની ઘુંટણની જમણી બાજુએ હાડકાનો ભાગ ઘણોજ બહાર નીકળેલો હોય તે પોતાના સ્વામીથી દૂર રહીને પરપુરૂષને સેવવાની ઈચ્છા કરે છે. જેની ઘુંટણની ડાબી બાજુએ ભમરાનું ચિન્હ હોય તે દુર્ભાગિણી જાણવી. ને જે સ્ત્રીના ઘુંટણ ઉપર નોળીયાનું લંછન હોય તેને શંખણી જાણવી.

જે સ્ત્રીના પગની આંગળીયોની વચ્ચે છીદ્રો દેખાતાં હોય અને તે આંગળીયો એક બીજાથી ઘણી છેટે હોય તો તે ભર્ત્તા તથા સસરાના સમસ્ત કુટુંબનો નાશ કરનારી જાણવી.

જે સ્ત્રીના પગની તર્જની (અંગુઠા જોડની) આંગળી બીજી આંગળીયો કરતાં લાંબી હોય તે સસરા ને સાસુને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પતિને પણ પ્રિય લાગે છે. જો તર્જની આંગળી કરતાં મધ્યમા આંગળી લાંબી હોય તો તેને અત્યંત ઉત્તમ ફળ આપે છે. અને જેની કનિષ્ટા (ટચલી) આંગળી સર્વથી મોટી હોય તો તે સ્ત્રી સ્વજન સબંધિયોમાં ઘણું સારૂં માન મેળવે છે.

જે સ્ત્રીના પગની સઘળી આંગળીયો ઘણી નાની હોય તે સ્ત્રી મર્યાદામાં રહી શકતી નથી. જો પગની ટચલી આંગળીથી પણ અનામીકા આંગળી નાની હોય તો તેવી સ્ત્રી કદાચ રૂપવાન હોય તો પણ તેણીને પરણ્યા પછી પણ તજી દેવી, કેમકે તેવી સ્ત્રી અંતે પતિને દગો દઈ ત્યજીને ચાલી જાય છે. જો વચલી આંગળી સર્વથી નાની હોય તો તે સ્ત્રી કોઈપણ પુરૂષનો સંગ કરે નહી ને શીલવતી રહે અને જો તર્જની આંગળી સર્વથી નાની હોય તો તે સ્ત્રીને પણ પરણ્યા બાદ ત્યજવી. કારણ કે તેવી સ્ત્રી હંમેશાં પરપુરૂષ સાથે વિલાસ કર્યા કરે છે.

જે સ્ત્રીના પગમાં શંખ, ચક્ર, કમલ, રથ, ધ્વજ, માછલું, વિમાન તથા ચંદ્રના આકાર જેવું ચિન્હ હોય, તેનો પતિ ઐશ્વર્યવાળો થાય છે. જે સ્ત્રીના પગનાં તળીયાં કોમલ હોય, ઉચાનીચાં ન હોય તથા ગુલાબનાં ફૂલ સરખાં લાલ હોય તે સ્ત્રી કામથી પીડાએલ, રાજાની માનિતી રાણી સમાન ધર્મહીન થાય છે. જે સ્ત્રીનાં તળીયાં ખરાબ ખરબચડાં રંગ વગરનાં હોય તે સ્ત્રી ભાગ્યહીન થાય છે. જે સ્ત્રીના પગનો અંગુઠો ઉંચો ગોળ તથા સીધો હોય તે સ્ત્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખ ભોગવનારી થાય છે. અને સુપડાના સરખા આકારવાળા નખવાળી સ્ત્રી દુઃખ ભોગવનારી થાય છે. જે સ્ત્રી ચાલતાં પગે ધુળ ઊડાડે અથવા હાથથી ધૂળ ઉડાડતાં ચાલે તે સ્ત્રી માતપિતા તથા પિતાના કુળને કલંક લગાડનારી થાય છે. જેના પગની આંગળી બીજી આંગળી પર ચડી ગયેલી હોય તે પતિને મારીને વેશ્યા બની જાય છે. જેના પગની ટચલી આંગળી ચાલતી વખતે પૃથ્વીને ન અડકતી હોય તે સ્ત્રી પોતાના પતિને મારનારી તથા પર પુરુષની સાથે રમણ કરનારી થાય છે. જેના પગની વચલી તથા અનામિકા (ટચલીની બાજુની) આંગળી ચાલતાં પૃથ્વીને ન અડકતી હોય તે સ્ત્રી પણ પતિને મારનારી થાય છે. જેના પગનો ઉપરનો ભાગ સ્વચ્છ, કોમળ, કમળ, કેસર કે પ્રવાલના સરખો લાલ હોય તે સ્ત્રી સદ્‌ગુણવાળી હોય છે. જેના પગની આંગળીયોની વચમાં નીચાઈ હોય તે સ્ત્રી દરિદ્રિ થાય છે. જેના પગની આંગળીયોમાં ઘણી નસો હોય તે રસ્તામાં ચાલનારી થાય છે. અને જેની આંગળીયો પર વાળ હોય તે દાસી થાય છે. જેના પગની ઘૂંટી માંસ વગરની અથવા માંસ સહિત પુષ્ટ રંગોથી યુક્ત ગોળ હોય તે સ્ત્રી સૌભાગ્યવાળી થાય છે. સ્ત્રીના પગની તર્જની (અંગુઠા પછીની આંગળી) અંગુઠા કરતાં લાંબી હોય તે વ્યભિચારિણી, પતિહીન તથા પતિને દબાવનારી દમદાર થાય છે.

જે સ્ત્રીના ડાબા પગના તળીયામાં ઉર્ધ્વ રેખા હોય તે રાજાની રાણી સમાન સુખ ભોગવનારી જાણવી. જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પગના તળીયે ભમરા જેવો આકાર હોય તો પુત્ર તથા પતિનો નાશ કરનારી જાણવી. જેને પગના તળીયામાં મધ્ય ભાગમાં રથના આકારનું ચિન્હ હોય તે શૂરવીર રાજાની માનીતી રાણી સમાન જાણવી. જેને શંખનું ચિન્હ હોય તે વાસુદેવ જેવા પુરુષની સ્ત્રી જાણવી અને જે સ્ત્રીને પગના તળીયામાં કોઢના જેવું સફેદ ચાઠું હોય તે તુરત વિધવા તથા દુઃખી થનારી જાણવી.

## ૨૪૭. તલ યા લંછન ફળ નિમિત્ત

કેટલાંક માણસોને શરીરના જુદા જુદા ભાગો ઉપર, જુદા જુદા રંગના ડાઘા હોય છે, જેને શાસ્ત્રકારો તલ અથવા લાંછન એવા નામથી ઓળખાવે છે. આવી જાતના તલ યા લાંછન જે જુદી જુદી જગાએ હોય છે તે જગા પ્રમાણે માણસનું સારૂં, માઠું નસીબ નિર્માણ થયેલું શાસ્ત્ર-વેત્તાઓ માને છે અને તેનો કેટલોક જાણવાજોગ સાર આ ઠેકાણે આપવામાં આવે છે:—

કપાળની જમણી બાજુએ અથવા જમણા લમણા તરફ જે માણસને તલ હોય તે માણસ એકાએક ધન અને માન-પ્રતિષ્ઠા મેળવવાને ભાગ્યશાળી થશે. જો તે તલનો રંગ લાલ હોય તો જાણવું કે તે માણસ પોતાની ૩૦ વર્ષની વય પછી બહુ આબાદ અને સુખવાસી થશે. જો તલનો રંગ બ્લ્યુ અથવા કાળો હોય તો જાણવું કે ૪૦ વર્ષની ઉંમરે તેને ધન પ્રાપ્તિ થશે.

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

જો કપાળની ડાબી બાજુ ઉપર વાળની નજદીકમાં તલ હોય તો તે માણસે નક્કી માનવું કે, તેની જ પંક્તિના બીજા માણસો તરફથી તેના ઉપર ભારી સીતમ ગુજરશે, જો તલનો રંગ લાલ હોય તો માનવું કે એક વખત ભારે અફસોસ થયા પછી તેને કાંઇક આરામ મળશે, પણ જો તે કાળા રંગનો અને ઉપસેલો હોય તો માનવું કે તે જે કાંઈ પ્રયત્ન કરશે તેમાં તે નિષ્ફળ જશે.

જે માણસના નાક ઉપર તલ હોય તે આખી દુનિયામાં મુસાફરી કરવાનું સાહસ ખેડવાની હિંમત કરે છે. જે માણસના ગળા ઉપર તલ હોય તેણે ધીરજ રાખવી કે કોઇ વખત ધન મેળવવાને ભાગ્યવાન થશે.

જે માણસના કપાળના વચલા ભાગમાં વાળની કિનારી નજદીક તલ જોવામાં આવે તો જાણવું કે તે મિત્રતાને લાયક નથી. જાતે કઠણ હૈયાનો, અને વાતચીતમાં પણ અવિવેકી હોવો જોઇએ; પણ જો તે તલ લાલ રંગનો હોય તો માનવું કે તે માણસને સર્વ કોઈ ચાહશે, પણ જો તલનો રંગ કીરમજી જેવો હોય તો માનવું કે, તે બહુ તીખા અને ઝનુની સ્વભાવનો હોવો જોઇએ. જો કાળા રંગનો હોય તો માનવું કે તે માણસ તદ્દન બે બદામનો અને ઢંગ ધડા વગરનો હોવો જોઇએ. પણ જો તલ મસાની માફક ઉભો થયેલો હોય તો તે બહુ ભાગ્યશાળી જન્મેલો છે તેમ જાણવું.

જમણા ભવાં ઉપર જે માણસને ગોળાકાર લીલાશ પડતા રંગનો તલ હશે તે માણસનાં લગ્ન ભરજુવાનીમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થશે અને તેની સ્ત્રી ઘણી સકળ ગુણસંપન્ન અને ધનવાન હશે.

કોઈ પણ આંખના બહારના ખુણા ઉપર જે માણસને જાંબુઆ રંગનો તલ હશે તે માણસ જાતે શાણો, મક્કમ વિચારનો અને ગંભીર હશે, પણ નકી માનવું કે તે ઓચિંતો અને ભયંકર મોતે મરણ પામશે.

જે કોઈ માણસને કોઈ પણ ગાલ ઉપર તલ હશે તે માણસ ગમે તેટલા પ્રયત્ને પણ સાધારણ સ્થિતિમાંથી ઉંચી સ્થિતિએ પહોંચનાર નથી, પણ એટલું તો ખરૂં કે તદ્દન નિર્ધન તો બનશે જ નહિ.

જે માણસને નાક ઉપર તલ હોય તે માણસ જો કંઇ કામ માથે ઉઠાવશે તેમાં અવશ્ય ફતેહ મેળવશે.

જે માણસને હેઠલા કે ઉપલા કોઇ પણ હોઠ ઉપર તલ હશે તે માણસ નાજુક શોભાની ચીજોનો બહુ શોખીન નીકળશે, મોજ મજામાં તલ્લીન રહેનારો થશે, અને તેમાં તે ફતેહ મેળવતો રહેશે.

જે માણસને હડપચી ઉપર તલ હશે તે બહુ આબાદ રહેશે અને જાહેરની માન પ્રતિષ્ઠા પામશે.

જે માણસને ગરદન ઉપર તલ હશે, તે માણસ એક વાર ગુંગળાઈ મરવાની મહા આફતમાંથી બચવા પામશે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તે બનાવ બની ગયા પછી તેને ઓચિંતા મોટા વારસાની મિલકતમાંથી હીસ્સો (ભાગ) મળશે.

જે માણસને ગળા ઉપર તલ હશે તે લગ્ન થયા પછી ધનવાન બનવા પામશે, પણ જેને જમણી છાતી ઉપર તલ હશે, તે ન ધારેલા અકસ્માતોથી સુખ સંપત્તિમાંથી નીકળી જઈ ઓચિંતો દુર્દશા ભોગવવા પામશે અને તેને પેટે ઘણી કન્યાઓ પેદા થશે, પણ તેથી ઉલટું જ જે માણસને ડાબી છાતી ઉપર તલ હશે તે સર્વ ધારેલાં કામમાં પાર પડશે.

જે માણસને છાતીની વચ્ચોવચ્ચ તલ હશે તે માણસ ભાગ્યવાન્ તેમજ ધનવાન્ થવાને સર્જાએલો છે.

જે માણસની ડાબી છાતીયે હૃદયની ઉપર તલ હશે તે માણસને માટે નક્કી માનવું કે, તે બહુ આકરા મિજાજનો હોવો જોઈએ, પણ સાથે બહુ ઢચુપચુ મનનો, ભટકવાનો શોખ ધરાવનારો અને ઉપર ઉપરથી કામ લેનારો હોવો જોઇએ.

કોણીના કોઈ પણ ભાગ ઉપર જમણી બાજુએ જેને એક અથવા અનેક તલ હશે તે માણસ બહુજ મંદ બુદ્ધિનો અને મુશ્કેલી વખતે સારા નરસાનો વિચાર કરવાની શક્તિ વગરનો હોવો જોઈએ.

પેઢુ ઉપર જે માણસને તલ હોય તેને માટે નકકી માનવું કે તે બહુ ધીરો હશે, પણ બહુ ખાઉધરો, બહુજ આપમતલબીઓ અને ઝીંથરો પીથરો હશે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જે માણસને જમણી જાંઘ ઉપર નાનો પણ લાલાશ પડતો તલ હશે, તે માણસ લશ્કરી કુનેહ કળામાં પૂરો માલમ પડશે, તે બહુ ધન ભેગું કરશે અને રાજ રજવાડાઓના મોટા મેળાવડામાંથી કોઈ ખૂબસુરત અને બાહોશ બાઈનું અંતઃકરણ જીતી જવા પામશે.

પણ એથી ઉલટું જે માણસને ડાબી જાંગ ઉપર તલ હશે, તે બહુ જ દરિદ્રી નીકળશે, તેનો કોઈ મિત્ર થશે નહિ, અને બીજાઓની અદેખાઈ અને અન્યાયનો પણ ભોગ થઈ પડશે.

જે માણસના જમણા ઘૂંટણ ઉપર તલ હશે તે માણસ પોતાની પરણેતર મેળવવામાં બહુ ભાગ્યશાળી નિવડવો જોઇએ; અને મરણ પર્યંત કોઈપણ હાથ ધરેલા કામમાં નાઉમેદ થવા પામશે નહિ.

પણ તેથી ઉલટું જ જે માણસને ડાબા ઘૂંટણ ઉપર તલ હશે તે જાતે ઉછાંછળો, અવિચારી અને આકરા સ્વભાવનો હશે.

જે માણસને જમણા ખભા ઉપર તલ હોય તે જાતે શાણો, ડાહ્યો અને વિચારશીલ અને ભેદ ભરમ જાણનાર કે જાળવનાર હોવો જોઈએ; પણ તેથી ઉલટું જ જેના ડાબા ખભા ઉપર તલ હોય તે માણસ ટંટાખોર અને કોઈના કાબુમાં રહી નહિ શકે એવા સ્વભાવનો હોવો જોઈએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે માણસની જમણી બાજુની બગલમાં તલ હોય તે માણસ બહાદુર, હિંમતવાન્ અને કશાથી ડરે નહિ તેવો હોવો જોઈએ.

જેની ડાબી બગલમાં તલ હોય તે માણસ બહુજ મક્કમ વિચારનો અને લડાઈમાં સદા ફતેહ મેળવનારો હોવો જોઈએ.

જે માણસના હાથના ઘુંટણ નજદીક તલ હોય તે માણસ હંમેશાં બેચેન, ભમતા વિચારનો અને ડગમગતા મનનો અને સાથે અસંતોષી પણ હોવો જોઈએ.

હાથના ઘુંટણ અને પહોંચાના વચલા ભાગમાં જે માણસને તલ હોય તે માણસ જેમ જેમ ઉંમરે વધતો જાય તેમ તેમ ધન, દોલત અને માનપાન મેળવતો જાય; પણ તેમ થવા પહેલાં તેણે અનેક કષ્ટો અને વિઘ્નો ખમવાને તયાર રહેવું જોઈએ.

જે માણસના હાથના પહોંચા ઉપર અગર આંગળાંને છેડે તલ હોય તે માણસ ઉદ્યોગી હોવો જોઈએ. અને પોતાના સોબતીઓ તથા મિત્રો તરફ વહાલ ધરાવતો હોવો જોઈએ.

ખભાથી તે કમર સુધીના ભાગમાં કોઈપણ ઠેકાણે નાનો અથવા મોટો તલ હોય તે માણસે ખાત્રી રાખવી કે તેની પાસેની દોલત, તેનું માન અને તેની તંદુરસ્તી ધીમે ધીમે અને અણદીઠ રીતે લથડતી જશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે માણસને હૃદયની સામે તલ હોય તે માણસ બહુ જ તોફાની હોવો જોઈએ.

જે માણસને હોજરીવાળા ભાગ ઉપર તલ હોય તેને માટે જાણવું કે તે બહુ જ ખાઉધરો હોવો જોઈએ, તેમ હોજરીવાળા ભાગની નીચે તલ હોય તો જાણવું કે તે માણસ બહુ જ નબળો હોવો જોઈએ.

જે માણસના ઘુંટણ ઉપર તલ હોય તેણે ખુશી થવું કે તેને એક બહુ ધનવાન ધણીઆણી મળશે.

જમણી આંખના ઉપલા ભાગ ઉપર ડાબી બાજુએ તલ હોય તો તે માણસ સદા માંદગી ભોગવશે, જો તે કાળા રંગનો હોય તો તે ટૂંકું આયુષ્ય દેખાડે છે, જો મસા સરખા દેખાવનો હોય તો તેનાથી સારો લાભ થાય છે.

જે માણસને કોઈપણ હોઠ ઉપર તલ જણાય તો ખાત્રીથી માનવું કે તે માણસ બહુ ખાઉધરો હોવો જોઈએ, પણ દરેક માણસ તેને ચાહશે. જે માણસને હડપચી ઉપર તલ હોય તે બહુ ધનવાન થવાની નિશાની દેખાડે છે.

જે માણસને બેમાંના કોઈપણ કાન ઉપર તલ હોય તો તે માણસ બહુ ધનવાન અને પ્રતિષ્ઠિત નીકળવાનાં ચિન્હો બતાવે છે.

જે માણસને ગરદન ઉપર તલ હોય તે જરૂર ધનવાન્ થશે, તેને એક સદ્ગુણી સ્ત્રી મળશે, અને જેને ગળા ઉપર

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

તલ હોય તેના ભાગ્યમાં ધનભંડાર લખેલો છે, અને ધામધુમ સાથે તેનાં લગ્ન થવાની એ નિશાની છે.

જે માણસના હાથના તળીયા (હથેળી)માં કે હાથ ઉપર તલ હોય તો તે આબાદીની નિશાની સમજવી, એટલુંજ નહિ, પણ આગળ જતાં સુખવાસી અને તંદુરસ્ત બચ્ચાંઓનો બાપ થશે.

જે માણસને જમણી છાતી ઉપર તલ હોય તે ગરીબાઈની નીશાની સમજવી, પણ તેથી ઉલટું જ જો તેની ડાબી છાતી ઉપર હોય તો સારા નસીબની આગાહી કરે છે.

જે માણસને હોજરીની ડાબી બાજુએ તલ હોય તે માણસ બહુજ ઉડાઉ નીકળવો જોઇએ.

જે માણસને ડાબા ખભા ઉપર બગલની નજદીકમાં તલ હોય તે બાપડો જીંદગીભર કજીયા ટંટામાંજ અટવાઈ જશે.

જેના જમણા કાનની કિનારીની નીચેની અણી ઉપર તલ હોય તેના સંબંધમાં નકકી માનવું કે, તેનું મરણ ડુબી જવાથી નીપજશે.

જે માણસના નસકોરાના તળિયામાં તલ હોય તે માણસ લગ્ન થયા પછી સુખી થશે એમ માનવું.

જે માણસના જમણા પગ ઉપર તલ હોય તે માણસ જાતે ડાહ્યો હોવો જોઈએ, અને તળીયામાં હોય તો વાહન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાળો થાય છે. પણ તેથી ઉલટો ડાબા પગ ઉપર તલ હોય તો તે માણસ ઉછાંછળો હોઇને બહુ ઉછાંછળાં કામો કરવાથી ભયંકર પરિણામોનો ભોગ થશે. અને તળિયામાં હોય તો વાહન વગરનો થાય છે.

જે માણસનાં ભવાં ઉપર તલ હોય તે માણસ જલદીથી લગ્ન કરી સુખી થશે.

જે માણસને ડાબી બગલમાં તલ હોય તે માણસ બાપડો કમોતે મરણ પામવા સરજાયેલો સમજવો; પણ તેથી ઉલટો જેને જમણી બગલમાં તલ હશે તે સુખી જીંદગી ગુજારશે.

જે માણસને છાતીના વચલા ભાગમાં તલ હોય અને તેમાં વાળ ઊગેલો હોય તો માનવું કે તે માણસ એક કવિ થવાને સરજાયેલો છે.

જે માણસને હાથની કોણીપર કે હાથના પહોંચાની વચ્ચે અનેક તલ બાઝેલા હોય તે માણસ માટે નકકી માનવું કે, જીંદગીના વચલા ભાગમાં તે બાપડાને ઘણાક આડા અવળા પ્રસંગો નડશે, પણ અંતે તે વટાવી સુખી અને આબાદ થવા પામશે.

હડપચીની એક બાજુએ જે માણસને તલ હોય તે માણસ બહુ જ મળતાવડા સ્વભાવનો હોવો જોઈએ, ઉપરાંત જાતે ઉદ્યોગી અને હાથ ધરેલાં કામોમાં સદા ફતેહમંદ ઉતરશે, અને ઘણાક મિત્રો મેળવવા પામશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીના કપાળમાં અથવા ભમરની વચ્ચે ઝીણાં ઝીણાં કાણાં વાળો મસો હોય તો તે સ્ત્રી અનેક પ્રકારનાં સુખો ભોગવનારી અને ધનવાળી થાય છે. સ્ત્રીના ગાલની વચ્ચે લાલ રંગનો મસો હોય તો તેની મરજી માફક કાર્ય થાય છે. જો તલ અથવા મસો છાતીપર હોય તો તેને રાજ્ય સમાન સુખ મળે છે, અથવા રાજ્યસુખ મળે છે. સ્ત્રીના સ્તન મંડલ પર લાલ તલ હોય તો તેને ચાર પુત્રી અને ત્રણ પુત્ર થાય છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે. સ્ત્રીના ડાબા સ્તન પર લાલ ચિહ્ન (ચાઠું) હોય અથવા કમલના સરખા રંગવાળો કાળો તલ હોય તો તેને એક સારામાં સારો પુત્ર થાય છે પણ પછી તે વિધવા થાય છે. સ્ત્રીની જમણી ગુદા (બેસવાની જગ્યા) માં કાળો તલ હોય તો તે રાજાની સ્ત્રી થાય છે. તેના ઘરમાં લક્ષ્મી વાસ કરે છે અને સુંદર રાજપુત્રની માતા થાય છે. સ્ત્રીના નાકના આગળના ભાગમાં પરવાળાંના રંગ સરખો મસો હોય તો તે દ્રવ્ય આપનારો થાય છે, જો કાળા મેઘના સરખો કાળો હોય તો તે સ્ત્રી જરૂર પોતાના પતિનો નાશ કરનારી અને વિશેષે કરીને વ્યભિચારિણી થાય છે. સ્ત્રીની ડુંટીની નીચે તલ અથવા મસો કે ચાઠું જોવામાં આવે તો તે સૌભાગ્યવાળી થાય છે; સ્ત્રીની હથેળી, ગાલ, કંઠ અથવા કાનની નીચે તલ, મસો કે ચાઠું હોય તો પોતાના પતિને વહાલી થાય છે.

જેના પગના નીચે તળીયામાં એક અથવા બે તલ હોય તો તે વાહન સુખવાળો ગણાય છે. જેથી બાળપણમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને પારણું મળે છે ને ઉંમર લાયક થતાં બેસવા માટે ગાડી, ઘોડા કે પાલખી મળે છે. સ્ત્રીના ડાબા અને જમણા પગે એ ફળ જાણવું.

## ૨૪૮. અંગ ફરકણ ફળ નિમિત્ત.

અંગસ્ય દક્ષિણે ભાગે પ્રશસ્તં સ્ફુરણં ભવેત્
અપ્રશસ્તં તથા વામે પૃષ્ટસ્ય હૃદયસ્ય ચ ॥ ૧ ॥

**અર્થ**—પુરુષનો દક્ષિણ (જમણો) ભાગ ફરકે તો શુભ તથા વામ (ડાબો) ભાગ પીઠ અને હૃદય ફરકે તો અશુભ જાણવું. પણ સ્ત્રીયોના માટે આથી ઉલટું સમજવું.

**વિશેષ**—અંગ યા આંખ ફરકણમાં જે જે હકીકતો પુરુષો માટે જમણા અંગની કહેવામાં આવે તે સર્વે સિધવા સ્ત્રીઓ માટે ડાબા અંગની સમજવી અને ડાબા અંગની કહેવામાં આવે તે સર્વે જમણા અંગની સમજવી પણ વિધવા સ્ત્રીયો માટે પુરુષો પ્રમાણે અંગ જાણવું. મતલબ કે અંગ ફરકણમાં પુરુષોનું જમણું ને સ્ત્રીઓનું ડાબું અંગ માત્ર સિધવા સ્ત્રીયો માટે શુભદાયક સમજવું.

જે પુરુષના મસ્તકનો કે લલાટ (કપાળ) નો જમણી બાજુનો ભાગ ફરકે તો રાજ્ય અમલદારી મળે યા કાંઈપણ પ્રકારે લાભ મળે. ડાબી બાજુયે મસ્તક કે કપાળ ફરકે તો કજીઓ કંકાસ કે નુકશાન થાય. નીચેનો હોઠ ફરકે તો સ્નેહીજન મળે ને ઉપરનો ફરકે તો કલેશ પેદા થાય.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

જમણો કાન ફરકે તો પોતાનો યશ સાંભળવામાં આવે તેમ જ ડાબો કાન ફરકે તો હલકી ખરાબ વાતો સાંભળવામાં આવે. જમણી ભ્રકુટી ફરકે તો હર્ષ ઉત્પન્ન થાય ને ડાબી ભ્રકુટી ફરકે તો મિત્ર વર્ગ સાથે ક્લેશ કંકાશ થાય. પરંતુ બંને ભ્રકુટી વચ્ચે ફરકે તો સ્નેહીજનોનો મેળાપ થાય. જમણી આંખ ઉપરથી ફરકે તો ધારણા સફળ થાય યા નીચેથી ફરકે તો ધારણા ભંગ થાય. ડાબી આંખ ઉપરથી યા નીચેથી ફરકે તે લાભકારક નથી પણ નુકશાનકારક છે. ડાઢી ફરકે તો મુકર્દમો (કેસ) યા ધારેલું કામ બગડી જાય. જમણી ગરદન ફરકે તો દોલત (ધન) મળે પણ ડાબી ફરકે તો ક્લેશ પેદા થાય. જમણી બાજુની છાતી ફરકે તો સ્નેહીજનનો મેળાપ થાય ને ડાબી બાજુની ફરકે તો ફીકર કે ચિંતા ઉત્પન્ન થાય. જમણું પડખું ફરકે તો કંઇક ખુશી થવાય ને ડાબું ફરકે તો દીલગીર થવાય. પેટ ફરકે તો ધારેલી ઇચ્છા પૂર્ણ થાય. નાભી (ડુંટી) ફરકે તો અમલદારીના હોદ્દાથી ઉતરી જવાય. જમણા હાથની હથેળી ફરકે તો લાભ થાય ને ડાબી ફરકે તો નુકશાન થાય. જમણો પગ ફરકે તો દેશમાં કે પરદેશમાં મુસાફરીયે જવાનું થાય ને ડાબો પગ ફરકે તો કંઇક નુકશાન થાય.

સ્ત્રીના ડાબા હાથમાં ખજવાળ આવે તો પૈસાનો લાભ થાય ને ડાબા પગને તળીયે આવે તો રસ્તે ચાલવાનું આવે, ને છાતીમાં ખજવાળ આવે તો કોઈના માઠા સમાચાર મળવાથી કુટવાનું આવે એવી લૌકીક વાત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષને જમણા હાથમાં ખજવાળ આવે તો પૈસાનો લાભ થાય. જમણા પગના તળીયે આવે તો રસ્તે ચાલવાનું આવે ને છાતીમાં ખજવાળ આવે તો મહાન ચિન્તા આવી પડે. એ પણ લૌકીક વાત છે. પરંતુ અમોએ અનુભવ લીધેલ હોવાથી એ વાતને માન્ય રાખવાની અમો ભલામણ કરીયે છીએ.

## ૨૪૯. શુકન ફળ નિમીત

નક્ષત્રસ્ય મુહૂર્ત્તસ્ય તિથિશ્ચ કરણસ્યચ ॥
ચતુર્ણામપિ ચૈતેષાં શકુનો દંડ નાયકઃ ॥ ૧ ॥

**અર્થ**—નક્ષત્ર મુહૂર્ત તિથી અને કરણ એ ચારે કરતાં શુકન વધારે બળવાન છે. તેવું હરિભદ્રસૂરિ વ્યવહાર કલ્પમાં કહે છે.

ઉષં પ્રયાણગર્ગ શુભચિન્હો બૃહસ્પતિ ॥
અંગીરા સ્વમનો ત્સાહો વિપ્રવાકયજ્નિાર્દન ॥ ૨ ॥

**અર્થ**—શુકન સંબંધી ગર્ગાચાર્યનો મત એવો છે કે કોઇ સ્થળે પ્રયાણ કરવું હોય ત્યારે તે ઉષઃકાળમાં અર્થાત્ ચાર ઘડી રાત લેઈને ઉઠીને પ્રયાણ કરવું એ શુભ છે. બૃહસ્પતિ રૂષિનો મત એવો છે કે શુભ ચિન્હોનું દર્શન થતું હોય તો પ્રયાણ કરવું એ શુભ છે. અંગીરા મુનિનો મત એવો છે કે પોતાના મનના ઉત્સાહને વખતે તે કાર્ય કરવામાં તત્પર થવું એ શુભ છે. અને જનાર્દન (શ્રીકૃષ્ણ) નો મત એવો છે કે વિદ્વાન વિપ્ર (બ્રાહ્મણ)ની શુભ વચન

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

સીદ્ધીયે કાર્યમાં તત્પર થવું એ શુભ ફળને આપનાર છે.

## ૨૫૦. શુભાશુભ શુકન વિચાર

ગામ તણે પેસારણે નગ્ર તણા પ્રવેશ
પ્રથમ નામ તો સમરીયે ગૌતમ નામ ગણેશ ૧
વેશ્યા વહેલ બે માછલાં મદિરા માટી અન્ન
એ ખટ જો સામા મળે તો પામે બહુ ધન ૨
કન્યા ગાય અને વાછડી દધી દૂધ કે શંખ
શણગારો જો ગજ મળે શુકન ભલા એ કહંત ૩
ગુણ સહીત ગદ્ધુ મળે પોઠી પોઠ સમેત
સ્વાર થઈ ક્ષત્રિ મળે લાભ રાજ સમ લેત ૪
મળે માલણ ફુલ ફુલગુ મળે તંબોળી લેઈ પાન
મળે નાપીક કર આરસી ધનના ઢગલા જાણ ૫
કસકસતો આવે કુતરો હૈયે હોશ ઘણેરી હોય
સનમુખ થઇને સાંઢીયે સુખ અતિશે જોય ૬
ઘણીનું ભર્યું હોય ગાડલું હલપતિ હાકણહાર
ધોળા ધોરી જોતરા અલખત અપરંપાર ૭
પોથી લઈ પંડિત મળે સુખ વિપ્ર ભણે વેદ ચાર
ભાલે કુમ કુમ ચરચીયું એહ શુકન શ્રીકાર ૮
વર કન્યાં સામાં મળે ગાય સોહાગન ગીત
સનમુખ વાજાં વાગતાં શુભ શુકન એ રીત ૯
શ્રીફળ શેલડી સુખ ઘણુ આંબા ફળ શ્રીકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામ સીતા જમરૂખ મળે લાભ અતિશે ધાર ૧૦
કુર લેઈ કાંમણી મળે યા મળે કુવારી બાળ
મળે ચાર નિશાળીયા, અલખત અપરંપાર ૧૧
હનમત જમણા ગડગડે સનમુખ અશ્વ અસ્વાર
શસ્ત્ર સહીત ક્ષત્રિ મળે લાભ તણો નહી પાર ૧૨
બાંહે ગ્રહ્યો બેટડો માથે લિલીચાર
ભેંસ હાંકતી ભામની મળે નિશ્ચે પરણે નાર ૧૩
કોરે ઘડે કુંવારીકા ખાળે જવ કે જાર
એવા શુકને ચાલતાં નિશ્ચે મળશે નાર ૧૪
ડાબાં બોલે દેવલાં, જમણી ભૈરવ થાય
એવા શુકને ચાલતાં, જીવ્યાની ઘણી આય ૧૫
રૂપારેલ સારસ કાગડો, ઘુવડ મોર ગ્રધવ સાર
શિયાળ શિયાળણી, બળદનો ડાબો બોલ સુખકાર ૧૬
ભમરી બોલે ચાલતાં શુભ શુકન એ જાણ
નકી બતાવે હે પ્રિય હોંશે કાર્ય પ્રમાણ ૧૭
એકજ બકરાને વૃષભ પાંચ ભેંસ ખટ શ્વાન
ત્રણ ગાયો જબ મીલે એથી અતિસુખ માન ૧૮
સન્મુખ વત્સ ધવડાવતી વાછરડાને ગાય
શુભ ફળ એ શુકન તણું લક્ષ્મી અતિશે પાય ૧૯
બોલે કોયલ તરૂ ડાળ પર શુભ શુકન સંભાળ
પરદેશમાં તું પરવરે દુઃખનો હોય સંહાર ૨૦
બોલે તેતર ગમને સમે પ્રાતસમય જો હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુઃખ દોહંગ દુરે ટળે સંશય મનથી ખોય ૨૧
સુકા વૃક્ષ પર સૂર્યભણી વાયસ કરે વિલાપ
કઠોર બોલી વાણી તો હોય ઘણો પરિતાપ ૨૨
વામથી દક્ષિણ નહિ ભલા રીંછ રોગી સોનાર
શિયાળ બોલે ચઊં દિશે સાંજે અશુભ વિચાર ૨૩
દક્ષિણ પગથી શ્વાન જો દક્ષિણ અંગ ખુજવાળશે
રિદ્ધિ સિદ્ધિ સુખ ઘણું લાભ અતીશે આપશે ૨૪
એ અંગે જો શ્વાન ખાજ ખુજાળે વામથી
તો અશુભ ફળ તું માન ટાળો એ પળ શુભ નથી ૨૫
ગમન સમે કદી શ્વાન જો ફફડાવે નિજ કાન
હોય ધારણા ભંગ તો કાર્યની કરશે હાણ ૨૬
રાસભમહિષિ નર ચઢો લડતી મળે મંજાર
શ્વાન મહિષ માણસ લડે એ સહુ અશુભ વિચાર ૨૭
પોથી હીણ પંડિત મળે વણ તાજૂડી વણીક
શસ્ત્ર રહિત ક્ષત્રી મળે ખરા લાભમાં ક્ષીણ ૨૮
પથ્થર ઇંટ ચુનો સહી ગેરમટી ઘર જાય
કાળી હાંડી કાષ્ટ પણ દેખે દુઃખ અપાર ૨૯
વિધવા વંધ્યા વાંઝણી રજસ્વલા જો હોય
એવા શુકને ચાલતાં ઘર જાશો નહિ કોય ૩૦
માતા વિધવા શુભ કહી પર વિધવા દુઃખકાર
રૂદન કરે ઘર બાળકા એ પણ દુઃખ દરિઆવ ૩૧
આટો કુટો ઘી ઘડો છુટા કેશે નાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગર ટીલે વિપ્ર મળે તો નિશ્ચે પહોંચ્યો કાળ ૩૨
મદ મધુ કે કોયલા મળે છાણાં કે છાશ
મળે ઘાસ સુકુ વળી વેદ સમારે વાટ ૩૩
કર કાઠી કુહાડલો કર કરવત સુતાર
ફરી નવ દેખે દેશને જો કર લોહું લુહાર ૩૪
મશાણ જતુ મડદુ મળે રોતાં મળે નરનાર
યોગી જોગી રોગી મળે ત્રીદંડી દુઃખકાર ૩૫
છીક આવે પર પારકે આડી ઉતરે મંજાર
સ્થિરતા રાખી સંચરે દુઃખ ન પામે લગાર ૩૬
નાદ સાપને ઘો તણો ગગન સમે જો થાય
યા દૃષ્ટિ પડતાં દુઃખ ઘણું પિડા અતિશે પાય ૩૭
એક બે અને ત્રણમાં; જો શુભ શુકન નવી હોય
તો તે દીન જાવું નહી, દુજો મુહૂર્ત જોય ૩૮
પ્રથમ શુભ શુકન ભયો, પાછળ અશુભ જો થાય
તો તે શુભ ને સંહારશે, અશુભ થાય પ્રકાશ ૩૯
શીર ચંદ સુત શાન્તી નહી ભ્રાન્તિમાં ભટકાય
ઘણા ગ્રંથ અવલોકીને, ભવિષ્ય ભાવ લખાય ૪૦

## ૨૫૧. શુકન ફળ વિચાર

ઉપર પ્રમાણે શુકનનું ફળ નદી ઊતરવામાં, રાજ્ય તરફથી આવી પડેલા ભયમાં, ગામમાં પ્રવેશ કરવામાં, લડાઈમાં, જુગાર રમવામાં, ખોવાયેલી વસ્તુ ખોળવા જવામાં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોગીની દવા કરવા જવામાં, અને માંદા માણસની ખબર પૂછવા જવામાં, અશુભ શુકન થાય તે શુભ જાણવા અને શુભ શુકન થાય તે અશુભ જાણવા.

જાત્રાયે જવામાં પરદેશ જવામાં તેમ કોઇ પણ શુભ કામે જવામાં શુભ શુકન શુભ ફળ આપે છે ને અશુભ શુકન અશુભ ફળ આપે છે.

પ્રથમ નિકળતાં અશુભ શુકન થાય તો પાછાવળી પાણીનો એક ઘુંટડો પી આઠ શ્વાસોશ્વાસ લીધા પછી નીકળવું. જો ફરીને અશુભ શુકન થાય તો પાછાવળી પાણીના બે ઘુંટડા પી સોળ શ્વાસોશ્વાસ લીધા પછી નીકળવું ને જો ત્રીજી વખતે નીકળતાં અશુભ શુકન થાય તો તે વખતે જવાનુ બંધ રાખી બીજા મુહૂર્તે જવું પણ તે દિવસે જવું નહી.

## ૨૫૨. કાગ (વાયસ) શુકન વિચાર

ગામ જતાં કાગડો બોલે તો હાની કરે. જો બાર હાથથી છેટે બોલે તો, કોઈ સાથે કજીયો કંકાસ થાય. કાગડો ચામડું લઇ ઘર ઉપર બેસે તો અગ્નિનો ભય થાય. પથ્થર કે લાકડું લેઈ બેસે તો ગમે તે માઠું પરિણામ આવે. પાંખ ફફડાવે, આળસ મરડી બેસે તો અશુભ ફળ આપે ગામ જતાં સનમુખ યા ડાબો આવે તો અશુભ ફળ કરે. ચાંચથી ધરતી ખણે તો લાભ થાય. ધાનના ઢગલા પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેસે તો ધન લાભ થાય. વસ્ત્ર કે ચાંમડું લઈ ઉડે તો લાભ થાય.

કાગ, 'ડાબી બાજુથી જમણે' જાય તો હાની થાય. ને જમણી બાજુથી ડાબે જાય તો લાભ થાય. કાગ સ્ત્રીના માથા ઉપર બેસે તો મધ્યમ, અશુભ ફળ આપે. પુરૂષની પાગડી ઉપર બેસે તો કલેશ કરાવે. પુરૂષના ઉગાડા માથા ઉપર બેસે તો પાગડી બંધાવે.

ધાનના ઢગલા ઉપર કાગ ચાલે તો ધાન્યથી લાભ થાય. માર્ગમાં જતાં ભુમી જો ચાંચે ખણતો ભાળીયે તો કોઈ પણ રીતે લાભ થાય. સુકા વૃક્ષ પર બેસી ચાંચ ઘસતો દેખાય તો માર્ગમાં ભય થાય. ચાંચમાં લુગડુ લઈ ઘરભણી આવે કે ઘરમાં પેસે તો વસ્ત્ર લાભ થાય. રંગીન કે ધોળુ સુતર ચાંચમાં લઇ ઘરના બારણા ઉપર બેસે તો અગ્નિનો ભય થાય. ગાડા ઉપર બેસે તો કષ્ટ દેખાડે. મશાણમાં ચાંચ ઘસતો હોય તો છત્ર ભંગ થાય.

નદી કે તળાવ ઉપર કાગડો બોલતો જણાય તો ધારેલો લાભ થાય. કાગડો ઘર સામે બેસી મધુર સ્વરે બોલે તો લાભ થાય. ઘરના આંગણે ડાબો જમણો ફરે તો સગા સંબંધી ઘેર આવે. ઘરના આંગણે આવી આકાશ સામે જોઇ મધુર સ્વર કરે તો ૧૦ દિવસમાં કે ૧૦ માસમાં પુત્રનો લાભ થાય. ઘરના બારણા ઉપર ચઢી ડાબુ અંગ ચાંચવતી ખણે યા અંગ ધ્રુજાવે યા ચાંચ

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

બોલે તો તે ઘરધણી કષ્ટમાં આવી પડે. કાગડો માંહેમાંહે એકમેકને ખોરાક ચાંચવતી આપતો ઘર આગળ દેખાય તો પરોણો ઘેર આવે અને કાગ આમનસામન સ્વર કરતા હોય તો રાજ્યમાં માન મળે, કે લક્ષ્મીનો લાભ થાય છે.

## ૨૫૩. ધુવડ શુકન વિચાર

જાણીલો સહુ દિવસના શુકન ધુવડના સહેજ ।
ખબર પડે જ્યાં ખરેખરી, બોલે ઊલુક એજ ॥૧॥

પુર્વ દિશામાં દિવસે ઘુવડ પહેલા પોહોરે બોલે તો લાભ બિજે કષ્ટ. ત્રીજે લાભ. ને ચોથે મૃત્યુ ભય કરે છે.

અગ્નિખુણે પહેલા પોહોરે, અગ્નિભય બિજે સુખની વાત ત્રીજે ભય ને ચોથે લાભ કરે છે.

દક્ષિણ દીશામાં પહેલા પોહોરે કષ્ટ, બિજે ચિન્તા, ત્રીજે સુખ, ને ચોથે દુઃખ થાય છે.

નૈરૃત્ય ખુણે પહેલા પોહોરે સંતોષ, બિજે કષ્ટ, ત્રીજે ભૂમિ (જમીન)થી નુકશાન જાય ને ચોથે ઉદ્યોગની પ્રાપ્તિ થાય છે.

પશ્ચિમ દિશામાં પહેલા પોહોરે ભય, બિજે રાજભય, ત્રીજે સુખ ને ચોથે માથે કંઈ પણ આળ આવે છે.

વાયવ્ય ખુણે પહેલા પોહોરે બોલે તો રાજા તરફથી સુખ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મળે, બીજે ચિંતા ભય થાય, ત્રીજે ગઈ વસ્તુ મળે ને ચોથે સુખશાંતિ કરે છે.

ઉત્તર દિશામાં પહેલા પોહોરે બોલે તો વસ્તુ લાભ થાય, બીજે લાભ, ત્રીજે દુ:ખ ને ચોથે લાભ થાય છે.

ઈશાન ખૂણામાં પહેલા પોહોરે બોલે તો લાભ, બીજે મૃત્યુનો ભય, ત્રીજે ભય ને ચોથે લાભ થાય છે.

રાત્રિ રાજા ઘુવડ જે બોલે જેવા બોલ ॥
પ્રગટ થાય છે પારખું તુર્ત વચનના તોલ ॥ ૨ ॥

પૂર્વ દિશામાં રાત્રે ઘુવડ પહેલા પોહોરે બોલે તો દ્રવ્ય લાભ, બીજે ચિંતા, ત્રીજે અગ્નિ ભય ને ચોથે સુખ થાય છે.

અગ્નિ ખૂણામાં પહેલે પોહોરે બોલે તો અર્થ લાભ, બીજે સુખ પ્રાપ્તિ, ત્રીજે ક્લેશ ને ચોથે રોગ થાય છે.

દક્ષિણ દિશામાં પહેલે પહોરે બોલે તો દૂરથી કોઈ મેમાન આવે, બીજે સ્ત્રીનો લાભ, ત્રીજે મિત્રનો લાભ ને ચોથે રોગની વૃદ્ધિ થાય છે.

નૈઋત્ય કોણમાં પહેલા પોહોરે બોલે તો રોગની વૃદ્ધિ, બીજે રાજથી સન્માન, ત્રીજે દ્રવ્યનો લાભ ને ચોથે સ્ત્રીનો લાભ મળે છે.

પશ્ચિમ દિશામાં પહેલા પોહોરે બોલે તો ચિંતા, બાજે અગ્નિનો ભય, ત્રીજે ધનનો લાભ ને ચોથે સુખમાં વૃદ્ધિ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાયવ્ય ખૂણામાં પહેલે પોહોરે બોલે તો દ્રવ્ય લાભ, બીજે મિત્રનો મેળાપ, ત્રીજે રાજ્ય સન્માન ને ચોથે ભય થાય છે.

ઉત્તર દિશામાં પહેલા પોહોરે બોલે તો ચિંતા, બીજે મૃત્યુ ભય, ત્રીજે યશવાન ને ચોથે ભય થાય છે.

ઈશાન ખૂણામાં પહેલા પોહોરે બોલે તો ભય ઉપજે, બીજે લાભ થાય, ત્રીજે રોગ થાય ને ચોથે ભય આવી પડે છે.

આકાશ તરફ મુખ રાખી દિવસે કે રાત્રે ઘુવડ પહેલા પોહોરે બોલે તો દ્રવ્ય લાભ, બીજે છોકરાંને ભય, ત્રીજે સુખ ને ચોથે પોહોરે બોલે તો દુઃખ થાય છે.

એણી રીતે ઘુવડનું દિશા ફળ દિવસ અને રાતના પોહોરનું જેના ઘર ઉપર બોલે તે ઘરધણી માટે જાણવું. તેમ પરદેશ ગમને યા જાત્રાયે જનારના માટે પણ તે પ્રમાણે ફળ જાણવું.

## ૨૫૪. શિયાળ શુકન વિચાર

શુકનાવળી શિયાળની દિવસ તણી તો જાણ ॥
પ્રકટ જોતાં પારખું ફળ નિશ્ચે કરી માન ॥૧॥

પૂર્વ દિશામાં-શિયાળ દિવસે પહેલા પોહોરે બોલે તો રાજને ભય થાય, બીજે કટક, (લશ્કર) આવે, ત્રીજે રાજ્યથી માન મળે ને ચોથે અગ્નિનો ભય થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગ્નિ ખૂણામાં–પહેલા પોહોરે બોલે તો અગ્નિનો ભય થાય, બીજે રાજાનો ભય, ત્રીજે રાજ્યથી માન ને ચોથે પુત્ર લાભ થાય છે.

દક્ષિણ દિશામાં–પહેલે પહોરે બોલે તો મિત્રથી લાભ, બીજે દ્રવ્યનો લાભ, ત્રીજે સગા સંબંધીથી વિયોગ ને ચોથે હાનિ થાય છે.

નૈઋત્ય ખૂણામાં પહેલા પોહોરે બોલે તો સંતાનનો લાભ, બીજે બોલે તો રાજ્ય પ્રસાદથી લાભ, ત્રીજે દ્રવ્યનો લાભ ને ચોથે કોઈપણ કામની હાનિ થાય છે.

પશ્ચિમ દિશામાં–પહેલા પોહોરે બોલે તો મિત્રથી વિરોધ થાય, બીજે દ્રવ્ય લાભ થાય, ત્રીજે શુભ ફળ મળે ને ચોથે રાજાનો ભય થાય છે.

વાયવ્ય ખૂણામાં–પહેલા પોહોરે બોલે તો પુત્ર લાભ થાય, બીજે દ્રવ્યની હાની થાય. ત્રીજે પણ દ્રવ્યની હાની થાય ને ચોથે સુખ ને સંતોષ મળે છે.

ઊત્તર દીશામાં–પહેલા પહોરે બોલે તો ઘણો લાભ બીજે સ્ત્રીનો લાભ ત્રીજે શત્રુનો નાશ ને ચોથે મીત્રોથી લાભ થાય છે.

ઇશાન ખુણામાં–પહેલા પહોરે બોલે તો સ્ત્રી લાભ બીજે અર્થ લાભ ત્રીજે ચોર ભય ને ચોથે મિત્રનો મેળાપ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુણીયે શુકન શીયાળના રાત્રે બોલે બોલ ॥
પ્રગટ તેનું પારખું તુર્ત વચન ના તોલ ॥ ૨ ॥

પૂર્વ દીશામાં–રાત્રે શીયાળ પહેલે પહોરે બોલે તો લાભ બીજે રોગ ત્રીજે કલેશ ને ચોથે શત્રુ ભય થાય છે.

અગ્નિ ખુણામાં–પહેલે પહોરે બોલે તો અગ્નિ ભય બીજે દ્રવ્ય લાભ ત્રીજે રાજ્ય લાભ ને ચોથે પુત્ર લાભ થાય છે.

દક્ષિણ દીશામાં–પહેલે પહોરે શુભ ફળ બીજે સ્ત્રી સમાગમ ત્રીજે ભય ને ચોથે રોગ થાય છે.

નૈરૃત્ય ખુણામાં–પહેલે પહોરે બોલે તો કલેશ બીજે લાભ ત્રીજે દ્રવ્ય લાભ ને ચોથે રાજથી લાભ થાય છે.

પશ્ચિમ દીશામાં–પહેલે પહોરે બોલે તો સુખ બીજે ચોર ભય ત્રીજે લાભ ને ચોથે કલ્યાણકારી કામ થાય છે.

વાયવ્ય ખુણામાં–પહેલે પહોરે બોલે તો ચોર ભય બીજે દ્રવ્ય પ્રાપ્તિ ત્રીજે રોગ ને ચોથે પુત્ર મરણ થાય છે.

ઊત્તર દીશામાં–પહેલે પહોરે બોલે તો ઉલ્કાપાત બીજે સ્ત્રીહત્યા ત્રીજે અશ્વપ્રાપ્તિ ને ચોથે સગા સબંધીનાં વિયોગ થાય છે.

ઇશાન ખુણામાં–પહેલે પહોરે બોલે તો માશીનું મરણ બીજે અગ્નિનો ભય ત્રીજે રાજમાં મરણ ને ચોથે પશુનો નાશ થાય છે.

એવી રીતે શીયાળનું દીશાફળ દીવસ અને રાત્રિના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પહોરનું પરદેશ ગમને યા જાત્રાયે જનાર માટે, તેમ ગામના ગાંદરે બોલે તો ગામ ધણી માટે ને ઘરની આજુ બાજુમાં બોલે તો ઘર ધણી માટે જાણવું.

શીયાળાની ઋતુની ઠંડીમાં શીયાળ ઘણાખરા ઠેકાણે બોલે છે. પણ તે દરેક સાથે જેમ રોતાં હોય, તે પ્રમાણે બોલતાં હોય છે તેનું ફળ કંઇ પણ જાણવું નહીં. કારણ કે તે તેમનો જાતીસ્વભાવ છે પણ તે શીયાળામાં એક ફાવડી નામનું શીયાળ મુખ્ય ટોળાનું નાયક હોય છે ને તે માત્ર એકલું ફાફા કરતું બોલે છે તેનું ફળ ઉપર પ્રમાણે મળે છે. તેવો અહપોદરા તાબે મોહનપુરના રહીશ શા. હુકમ-ચંદ દેવચંદ શુકનશાસ્ત્રીનો મત છે. અને અમે પણ એ મતને માન્ય રાખીએ છીએ.

## ૨૫૫. ગરોળી (સાવકી) શુકન વિચાર

ધોળી ગરોળી માથા ઉપર પડે તો છત્ર ધરાવે. યા રાજ્ય તરફથી યા શ્રીમાનો તરફથી શુભ ફળ અપાવે. કાળી ગરોળી માથા ઉપર પડે તો કોઈ પણ પ્રકારની આપદા આવી પડે, કાળી કે ધોળી ગરોળી કપાળ ઊપર પડે તો ધનનો લાભ થાય, આંખ ઉપર પડે તો પોતાનો ધણી કે સોબતી કે પોતાનો પોષક કે વડીલનો નાશ થાય કે દુઃખી થાય. ઉપલા હોઠ ઉપર પડે તો ધનનો નાશ થાય. નીચેના હોઠ ઉપર પડે તો હાથ બંધન થાય. નાક ઉપર પડે તો રાજા તરફથી દુઃખ થાય. જમણા કાન ઉપર પડે તો ધનની હાની થાય. ડાબે કાને પડે તો ધનની પ્રાપ્તિ થાય. કેડ ઉપર પડે તો કંઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ જાતનું નુકશાન થાય, જમણા હાથ ઉપર પડે તો ક્લેશ કે વઢવાડ થાય, ડાબા હાથ ઉપર પડે તો બંધન કરાવે, ગળા ઉપર પડે તો બાળકનો નાશ થાય યા દુઃખી થાય, પેટ ઉપર પડે તો પુત્ર તરફથી દુઃખ થાય, જમણી કેડ ઉપર પડે તો શત્રુ તરફથી પીડા તથા ક્લેશ થાય; પુંઠ ઉપર પડે તો રોગ થાય, કૂખ ઉપર પડે તો વિઘ્નનો નાશ થાય, ખોળામાં પડે તો પુત્રની આશા પૂરી થાય, બરડા ઉપર પડે તો રાજ તરફથી માન મળે, જમણા પગની ઘુંટી ઉપર પડે તો પોતાના વડીલોને માથે દુઃખ આવે, ડાબા પગની ઘુંટી ઉપર પડે તો સાસુ મરે કે માંદી પડે, પગના તળીઆ ઉપર પડે તો દૂર મુસાફરી કરવાનું થાય. સાધારણ રીતે ધોળી ગરોળી સારી ઉપર બતાવ્યા પ્રમાણે પૂરેપૂરૂં ફળ આપવાવાળી છે ને કાળી ગરોળી અનિષ્ટ સમજવી.

જમતાં જમતાં ધોળી ગરોળી ભાણામાં પડે તો તે માણસ ઘણા સુખને ભોગવનારો થાય ને તેનું દારિદ્રય દૂર થાય ને ઘણા ધનધાન્યનો ભોગી બને.

### ૨૫૬. કેટલીક ઉપયોગી બાબતો

૧. ઘરના દરવાજા કે બારણા પર બહારથી જડેલી ઘોડાની નાળ ટાંગેલી હશે તો ભૂત પ્રેતની બીક રહેતી નથી.

૨. જવના દાંણા ખીસ્સામાં રાખવાથી કે લીલા ઘાસનાં તણખલાં સાથે મૂકી જવાથી ચૂડેલની બીક રહેતી નથી તેમ તે નજરે પણ પડતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૩. બીજનો ચંદ્રમા ખુલ્લી આંખે જમણી તરફથી જોવો અને તરત જ ખીસ્સામાંથી રૂપાનાણું કાઢી તેનાં દર્શન કરવાં એ નાણાંની છૂટ રખાવનાર છે.

૪. શુકલપક્ષમાં વાળ કપાવવા કે નખ કપાવવા એ અપશુકન છે. એક પક્ષમાં બે વખત હજામત કરાવવી તે અશુભ ફળ આપનાર છે.

૫. ખરતો તારો નજરે પડે તે વખતે ધારેલી ઇચ્છા પૂર્ણ કરવા મનમાં ઇચ્છિવામાં આવે તો તે પૂર્ણ થાય છે.

૬. લાલ કરોળીયો કપડાં પર થઈ જા આવ કરતો જણાય તો નાણાંનો લાભ થવાનો સંભવ છે. કરોળીઆને મારવો એ અશુભ કર્તા છે.

૭. રસ્તે ચાલતાં માથા પર થઇને ગરૂડ પસાર થાય તો ફતેહની નિશાની માનવી.

૮. ઘરની બારીના ખૂણામાં ચકલી માળો બાંધે તો તે શુભ ફળને આપે છે. ઘરમાં ચકલીની થતી આવજા લાભકારક છે. જેમ વધારે ચકલીયો આવે તેમ વધુ લાભ છે. ચકલાંનો માળો ભાગવાથી બાર માસ દુઃખ ભોગવવું પડે છે.

૯. ચકલીઓ આવતી એકદમ બંધ થાય તો તે અપશુકન જાણવા.

૧૦. માંદા માણસની બારી પર કબુતર આવીને બેસે તો તે માણસ સાજો થવાની નિશાની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૧. સ્ટીમર પર કે દરીયા પર લગ્ન કરવાં એ અશુભ છે.

૧૨. નવા વર્ષને દિવસે કામ કરવાથી આખું વર્ષ ધંધો ચાલે છે.

૧૩. પરણીને દેવળમાં પગે લાગવા જતાં દેવળમાં વરરાજા અથવા કન્યામાંથી જે પહેલાં પગે પડે તે પહેલાં મરણ પામે છે અને પછી પગે લાગે તે પછી મરણ પામે છે. બંને સાથે પગે પડે તો તેજ રાતે બેમાંથી પહેલું ઊંઘશે તે પહેલું મરશે એમ જાણવું.

૧૪. ઉંદરનું ટોળું દિવસે હરવખત ઘરમાં આવતું જતું જણાય તો કોઈના માંદા થવાની કે મરણની નિશાની જાણવી. માંદા માણસના બિછાના પર ઉંદર ચઢીને ચીંચીં કરે તો તે માણસનું મરણ નજદીક છે એમ જાણવું.

૧૫. માંદા માણસના બારણા આગળ મધરાતે કુતરૂ ભસે તો તેનું મરણ થશે એમ જાણવું.

૧૬. જો કોઈ બીલાડીને જાણતાં કે અજાણતાં મારી નાખે તો તે પછીના સાત વરસ સુધી તે માણસ દુઃખ ભોગવે છે.

૧૭. અજાણ્યો કુતરો પાછળ પાછળ ચાલ્યો આવે તો સારા શુકન જાણવા.

૧૮. કોળ નજરે પડે તો સારી નિશાની જાણવી. પણ જો કોળ પુરૂષનાં કપડાં કાતરે તો અપશુકન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯. ઘોડો શાંતપણે ચાલ્યો જતો હોય અને તે એકાદ ઘર આગળ ખોંખારે તો તે ઘરમાં કોઈ માંદુ થશે એમ માનવું.

૨૦. કોઈનો સંદેશો લઈ જતાં રસ્તામાં સસલુ ફરી વળે તો અપશુકન જાણવા.

૨૧. જો કોઈ મહેલમાં કે ધોરી રસ્તાપર સસલું બ્હેબાકળુ ઘોડાની માફક દોડતું જણાય તો ત્યાં આગ થવાની નિશાની જાણવી.

૨૨. જમણા હાથની હથેળીમાં ચેળ આવે તો કોઈ તરફથી ભેટ મળવાની વકી છે એમ સમજવું.

૨૩. ચુલામાંથી ઉડતી બળતી ચીણગારી જો ગોળ હોય તો સોનાનું નાણું મળવાનો સંભવ જાણવો પણ લંબગોળ હોય તો કોઈનું મોત કે મંદવાડ થવાનો સંભવ જાણવો.

૨૪. ન્હાના કપમાં થયેલ પરપોટો ચમચા વડે પી જવાથી લાભ થવાનો સંભવ છે.

૨૫. કાણું પડેલો કે મરડાઈ ગયેલો તાંબાનો સિક્કો હાથમાં આવે તો તે શુભ શુકન ગણાય છે.

૨૬. પથારીમાંથી ઉઠતી વખતે જમણા પાસા તરફ ઉઠવું તે શુભ શુકન છે.

૨૭. દીવાની મદદથી તકતામાં જોવું કે તેલ તલવાર પાણી કે પેશાબમાં જોવું તે આયુષનો ઘટાડો કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨૮. નવા ઘરમાં પાછલા દરવાજાથી પ્રવેશ કરવો કે પરદેશગમને કે જાત્રાયે જતાં પાછલા દરવાજાથી પ્રયાણ કરવું તે અપશુકન છે.

૨૯. જમતાં કોળીયો મ્હોંમાં ન જતાં બ્હાર નીકળી જાય તો તે કોઈ ભયંકર માંદગીમાં પડશે.

૩૦. રાત્રે પુંજે (કચરો) વાળવો એ અપશુકન છે. કદાપી વાળ્યો હોય તો રાત્રે બહાર ફેંકી દેવો નહીં. તેમજ ઘરનો કોઈ માણસ બ્હાર મુસાફરીએ નીકળ્યા પછી, તુરત ઘરમાંથી કચરો કહાડવો એ પણ અપશુકન છે.

૩૧. સ્ત્રીઓએ મ્હોંડેથી સીસોટી વગાડવી, ચાલતાં પગેથી ધુળ ઉડાડવી, આંખોનો ઇસારો મારવો, બારણામાં લાંબા પગ કરીને બેસવું એ અપશુકન ભરેલું છે.

૩૨. રસ્તે ચાલતાં ટાંકણી પડેલી જણાય તો ઉપાડી લેવી. જો ન ઉપાડી તો અપશુકન જાણવા.

૩૩. મુસાફરી કરવા માટે જતાં ઘરમાંથી નીકળતી વખતે જમણો પગ પ્રથમ બહાર કાઢવો. ડાબો કાઢવાથી મુસાફરીમાં વિઘ્ન આવે છે.

૩૪. ઘરમાંથી બ્હાર નીકળતાં જો મુડદું જેવામાં આવે તો તે અપશુકન જાણવા. આવો પ્રસંગ બને તો પાઘડી કે ટોપી ઉતારી ચાલ્યા જવાથી વાંધો નડતો નથી.

૩૫. મોજા, પાટલુન કે ઘાઘરો પહેરતાં પ્રથમ જમણો પગ ઘાલવો ને પછી ડાબો પગ ઘાલવો. જો ડાબા પગથી પ્રથમ પહેરવામાં આવે તો અપશુકનની નિશાની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

૩૬. મીઠું ભરેલું વાસણ એકાએક ઉંધુ વળી જાય અને મીઠું નીચે ઢળી જાય તો અપશુકનની નિશાની છે. તેમ થાય તો ચપટી મીઠું લઈ ખભા ઉપર મુકવું.

૩૭. લગ્નની પ્હેરામણીમાં પ્હેરાવેલી વીંટી ઓચિંતી ભાગી જાય તો તે મરણની અગમચેતી સૂચવનાર છે.

૩૮. કોઈ પક્ષી ઉઘાડી બારીમાં થઈ ઉડતું ઉડતું ઘરમાં આવે અને પછી તેજ માર્ગે બહાર ઉડી જાય તો તે ઘરમાંનું માણસ માંદુ થશે કે મરશે એમ જાણવું.

૩૯. પાળેલો કુતરો શોકાતુર થઈ રડવા જેવો અવાજ કહાડે તો અપશુકન જાણવા.

૪૦. માંદા માણસને કારણ વગર ધબકારા જેવો અવાજ સંભળાય તો તેનો કાળ નજીક આવ્યો છે એમ માનવું.

## ૨૫૭. સ્વપ્ન ફળ નિમીત

અનુભુતઃ શ્રુતઃ દૃષ્ટઃ પ્રકૃતેશ્ચવિકારજઃ ।
સ્વ ભાવતઃ સદ્ભૂત શ્ચિંતામનનિ સંભવઃ ॥૧॥

**અર્થ**—અનુભુત સ્વપ્ન એટલે અનુભવમાં આવેલી વસ્તુઓનુ શ્રુત એટલે સાંભળેલી વાતોનું દષ્ટ એટલે નજરે જોયેલી વસ્તુનું પ્રકૃતિવિકાર એટલે જેના શરીરમાં વાત પિત્ત ને કફ એ ત્રણ દોષોમાં જે દોષ વધારે જે દિવસ હોય તે દિવસનું આવેલુ, સ્વભાવથી આવેલું, અને છઠ્ઠું મનની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચિંતા કે ફીકરથી આવેલું સ્વપ્ન નિષ્ફળ જાણવું. પણ આ છ કારણો સિવાય આવેલું સ્વપ્ન શુભાશુભ ફળ આપનાર થાય છે.

વિશેષ—રાત્રિના પહેલા પ્રહરમાં આવેલ સ્વપ્ન બાર માસમાં બીજા પ્રહરમાં આવેલ છ માસમાં ત્રીજા પ્રહરમાં આવેલ ત્રણ માસમાં અને ચોથા પ્રહરમાં આવેલ એક માસમાં, બે ઘડી રાત્રી બાકી રહેતાં આવેલ દસ દિવસમાં અને સૂર્યોદય થતાં આવેલ સ્વપ્ન બહુ થોડા ટાઈમમાં શુભાશુભ ફળનો અનુભવ કરાવે છે. દિવસમાં નિદ્રાધીન થવાથી આવેલું સ્વપ્ન કંઇ પણ ફળ સારૂં યા નરસું આપતું નથી. સમસ્ત (આખી) રાત્રી પર્યંત એક પછી એક સ્વપ્ન આવે તો તેને માલાયોગ સ્વપ્ન કહેવાય છે તે માલાયોગ સ્વપ્ન તથા શારીરિક આધિ, વ્યાધિ ને ઉપાધિથી અને મળ મુત્રાદિની હાજતથી ઉત્પન્ન થયેલાં સ્વપ્ન બધાં નિરર્થક ને નિષ્ફળ સમજવાં.

શુભ સ્વપ્ન આવ્યા પછી સૂવું નહિ. પણ જાગૃત થઈ પોતપોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવું અને જો અશુભ સ્વપ્ન આવ્યું હોય તો જાગૃત ન થતાં નિંદ્રાધિન થવું ને કોઈને કહેવું નહિ. શુભ સ્વપ્ન કોઈ વિદ્વાન આગળ કહેવું કે ગાયના કાનમાં કે પોતાના ઈષ્ટદેવ આગળ કહી શુભ ફળની માગણી કરવી એમ શાસ્ત્રોનું ફરમાન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨૫૮. શુભ સ્વપ્ન ફળ

અલંકૃતાનઃ દ્રવ્યાણા વાજીવારણયોસ્તથાઃ ॥
વૃષભસ્ય ચ શુકલસ્ય દર્શને પ્રાપ્નુયાદ્યશઃ ॥ ૨ ॥

**અર્થ**—જેને સ્વપ્નમાં શણગારેલો હાથી, ઘોડા અથવા બીજી કોઇ ચીજ શણગારેલી નજરે પડે તો તે શુભ છે અને તેથી ફાયદો થાય છે. સફેદ રંગનો બળદ જોવામાં આવે તો તે ઘણું શ્રેષ્ઠ મનાય છે અને તેથી યશ–કીર્તિનો ફેલાવો થાય છે.

**વિશેષ**—સ્વપ્નમાં જેને કેશરી સિંહ, વ્યાઘ્ર, હાથી યા ઘોડા જોડેલા રથ પર આરૂઢ થઈ મુસાફરી કરતો જણાય, તો તેને થોડા દિવસમાં સલ્તનત (રાજસત્તા) પ્રાપ્ત થાય; અને બીજા લાભો પણ મળે. જો ઘોડા પર સ્વાર થઇ સફર કરતો જણાય તો તેની ધારેલી ધારણા થોડા દિવસમાં સફળ થાય. જેને સ્વપ્નમાં મોતીનો ભરેલો થાળ, છત્ર, ચામર, ધ્વજા પતાકા, અરીસો, વીણા કે પાકેલું ફળ દેખે તો હરેક વાતે લાભ મળે તેમ ઈજ્જત આબરૂ વધે. જો સ્વપ્નામાં પોતાના ઘેર જલસા, ઉત્સવ, નાચરંગ થતો દેખે તો લાભની પ્રાપ્તિ થાય પણ પોતે નાચ કરતો, ગાયન ગાતો જણાય તો સારૂં નહિ. સ્વપ્નમાં સફેદ રંગની વસ્તુ જોવી શુભ છે પણ કપાસ અને મીઠું સ્વપ્નમાં જોયેલું સારૂં નહિ. સ્વપ્નમાં માટીના બનાવેલા હાથી પર બેસી સમુદ્રમાં પ્રવેશ કરે અને ડુબે નહિ તો થોડા દિવસમાં રાજસત્તાની જહાંગીરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાપ્ત કરે. જો વહાણ ઉપર ચઢી સમુદ્રની સફર કરતો સ્વપ્નમાં દેખે તો ધનની પ્રાપ્તિ થાય ને માંદો માણસ એ સ્વપ્ન કે ચંદ્ર, સૂર્ય દેખે તો થોડા દિવસમાં તેનો મંદવાડ દૂર થાય.

સ્વપ્નમાં આકાશગમન ઊડતા હોવાનો દેખાવ દેખાય તો ધંધામાં લાભ થાય. પરણેલા માણસને ચૂલામાં દેવતાનો દેખાવ દેખાય તો તેને ફરી પરણવાની નિશાની છે. ભિખારી જેવા ચીંથરે હાલતમાં થયેલાનો દેખાવ દેખાય તો ધનવાન થવાની નિશાની છે. તેમ કમળનાં ફૂલનો દેખાવ દેખાય તો લગ્નથી સુખ અને સારૂં બાળક પેદા થવાની નિશાની છે. બીજો માણસ તમારા સાથે કપટ કરવાનો દેખાવ દેખાય તો તે માણસ તમારા લાભનો છે અને કાગડો કા કા કરવાનો દેખાવ દેખાય તો તમને મિત્રો ઘણા મળશે.

સ્વપ્નમાં કાચબો જોવો, પોતાને કંજુસ થયેલો જોવો, કેદ ભોગવતો જોવો, કુંચીઓનો ઝુમખો લઈ ચાલવું, ફાટેલા જોડા પહેરવા, ખુરશી પર બેસવું, પોતાના માથા ઉપર ગરુડ ઉડવો, ગધેડું જોવું, ગુલાબનું ફૂલ જોવું, ગરીબાઇ જોવી, ગુસ્સે થવું, ગેરહાજરી, દીલગીરી, ઘર ખાલી કરવું, લીલોતરી ઉપર ચાલવું, ચંદ્ર દર્શન થવાં, ઘોડો જોવો, ચકલી જોવી, થાકેલા જોવા, ડુક્કરનું માંસ જોવું, જંગલમાં આડ ઝાંખરાં જોવાં, ટેલીફોનનો સંદેશો, આડપાન જોવાં. દુર્દૈવ થયેલું જોવું, તારનો સંદેશો મળતો જોવો, નદી જોવી, સ્ત્રીના તાબેદાર થતા જોવું, દૂધ જોવું, દવ બળતો જોવો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિવાનાપણું થવું, બગીચો જોવો, નિશાળ જોવી, પીસ્તોલ ફુટવાનો દેખાવ, પાણીના ઝરા આગળ ઉભા રહેવું, સ્મશાનમાં જવું, પોસ્ટમેન જોવો, પુસ્તક વાંચવાનો દેખાવ જોવો, પિયાનો વગાડતો જોવો, છબીઓ જોવી, ફીરસ્તાઓ જોવા, જાડા બળદો જોવા, મજબૂત બાંધો થતો જોવો, બિલાડી જોવી, બારણું ઉઘડી જતું જોવું, ગરીબને ભિક્ષા આપતાં જોવી, વિયોગી ધણીને જોવો, ભરેલો કોથળો જોવો, બોટમાં બેસી પ્રવાસ કરવો, ભાત જોવો, મડદું જોવું, મધમાંખ જોવી, મોતી જોવાં, મોગરાનું ફૂલ ચૂંટવું, રડવાનો દેખાવ જોવો, મીણબત્તી જોવી, બજાર ભરેલું જોવું, મરઘી જોવી, મહેલ જોવા, મખમલ જોવી, સ્ત્રીએ પોતાને સીવતાં જોવું, વરસાદની કબાન જોવી, વરસાદ વરસતો જોવો, વસિયતનામું કરતાં જોવું, વટાણા જોવા, રાણીને જોવી, રેલ્વે ટીકીટ ગૂમ થવી, રંગ કે ચિત્રકામ થતો દેખાવ જોવો, દાણાની ભરેલી વખાર જોવી, હંસ જોવો, સ્લીપર પહેરવા, પોતાને દરિયામાં કે નદીમાં ન્હાતો જોવો, ઘરડી સ્ત્રી જોવી, કોઈ હરીફને જોવો, સ્ત્રીએ હિસાબના કાગળો જોવા, સ્વપ્નમાં બીજાના હીરાઓ જોવા, સોનું જોવું, સ્વપ્નમાં સોયનો ઉપયોગ કરતાં જોવું, સ્વર્ગમાં ફરતા જોવું, પ્રકાશિત સૂર્ય જોવો, સૂર્યોદય થતો જોવો, સુતર, શણ અને ઊન જોવું, સાપને મારી નાંખવો, એ સહુ શુભ ફળ આપનાર શુભ સ્વપ્નો છે.

## ૨૫૯. અશુભ સ્વપ્ન ફળ

પોતાને સુસ્ત કે ઊંઘમાં પડેલો દેખાય તો તે ભયની

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ચેતવણી આપનાર છે. સ્વપ્નમાં તકતામાં મોઢું જોવાનો દેખાવ જણાય તો યાદદાસ્ત કમી થાય. સ્વપ્નમાં દારૂખાનું ફૂટતું જોવામાં આવે તો તે ઓળખીતા સાથે ટંટો કરાવનાર નિશાની છે. સ્વપ્નમાં કોઈ ઘર બળતું જોવામાં આવે તો નજીકનું સગું મરવાની નિશાની છે. સ્વપ્નમાં ભૂખે મરતાં કુતરાં જણાય તો મ્હોટા માણસની ભલામણની જરૂર પડશે. સ્વપ્નમાં ડુંગરી ખાતો જણાય તો જેની ભલામણની જરૂર હશે તેની સાથે ઝગડો થશે. સ્વપ્નમાં કાનમાં દરદ થતું જણાય તો–પોતાના ઉપર ખોટો આરોપ આવવાની તૈયારી છે. સ્વપ્નમાં સારાં સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરેલાં જણાય તો જાણવું કે તે નિર્ધનીઆની નિશાની છે. કરોળીઓ દેખાય તો ધારેલા કામમાં નિષ્ફળતા જણાવનાર છે, કબુતર જણાય તો–ઓળખાણવાળું બાળક માંદુ પડશે પણ સાજુ થઈ કિર્તીવંત થવાની નિશાની છે. પોતે કસરત કરતો દેખાય તો ના પસંદગીના કામોમાંથી તેને પસાર થવું પડશે. કંકાસ થતો જોવામાં આવે તો તે માઠું પરિણામ સૂચવનાર છે. કોથળીમાંથી નાણાં કહાડવાં, કેદમાં જવું, હર્ષમાં આવી જવું, ખેલાડુ સ્ત્રીને જોવી, સ્વપ્નમાં જમવું, ગાયન ગાવું, ગાડીમાંથી પરડું નીકળી જવું, ગામડામાં રહેઠાણ કરવું, નાક દદડવું, ઘુવડ જોવો, ઘંટ વાગતો સાંભળવો, ઘડીઆળ જોવી, ચાંદી જોવી, ઘેટાં જોવાં, કોર્ટની જ્યુરી જોવી, છરી જોવી, ચટકો લાગવો, ડંખ વાગવો, ચેક જોવો, ચાહ પીવો, સ્વપ્નમાં ભટકવું, ચોપાનીયું લખતાં દેખાવું, ચુંબન કરવું, ઠોકર ખાઈને પડવું,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુકકર જોવું, બંધ કરેલું ટેબલ જોવું, ટપાલ ઓફીસ જોવી, તપેલીમાં પાણી ઉકળતું જોવું, નાટકશાળા જોવી, દવા પીવી, તેલ જોવું, દોરડું જોવું, નાણું જોવું, લાંબા નાકવાળુ મનુષ્ય જોવું, ધન દોલત જોવી, નાચ જોવો, દીવો બંધ થતો જોવો, દાંત પડતા જોવા, ડંખ મારતો સર્પ જોવો, બરણી જોવી, કપડાં બદલવાં, ન્યાયાધીશ જોવો, ગળામાં હાર પહેરેલો જોવો, નારંગી કે નારંગી ફુલ જોવું, પક્ષીઓને ઘરમાં દાખલ થતાં જોવાં, પવનના ઝપાટા લાગવા, પાંજરામાં પુરાયેલું પક્ષી જોવું, પતંગ ચડાવતા જોવા, બટેટા રોપવા, તરસ લાગવી, પાણીમાં ડુબવું, પોતાના પર કોઇને પથ્થર ફેંકતો જોવો, ફુવારો જોવો, ફુલનો તોરો જોવો, પુડીંગ ખાતો જોવો, બરફ ઉપર ચાલતા જોવું, બક્ષીસ આપવી, પાતળા બળદો જોવા, માથાના વાળ ખરી પડતા જોવા, બેઠાં જોવાં, બુરખો ઓઢેલા માણસને જોવો, બેંકની ચોપડી ભોંયપર પડેલી જોવી, ભૂખ્યા થવાનો દેખાવ જોવો, ભાલો જોવો, ખાલી કોથળો જોવો, બેંક નોટ ખોવાવી, બંદુકનો અવાજ સાંભળવો, રાત પડતી જોવી, રહેવાનું મકાન શોધવા નીકળવું, બીજાઓનીમાં સામેલ થવું, માથું દુઃખવું, વીજળી પડતી જોવી, વેલો જમીન ઉપર પથરાયેલો જોવો, વાંદરો જોવો, વિધવા સ્ત્રી જોવી, લગ્નના સાટાની વીંટી ભેટ મળેલી જોવી, લોકનાં ટોળાં જોવાં, લગ્ન મિજલસમાં હાજર રહેવું, સ્વપ્નમાં બીજા કોઇના હાથ ધોવા, પોતાના હીરાઓ જોવા, સોનાની ખાણ જોવી, સસલું જોવું, દરિયાનો દેખાવ જોવો, એ અશુભ સ્વપ્નો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુખમાંથી કફ પડતો જોવો, કચરો કહાડવાનો દેખાવ જોવો, કોઈ ચીજપર કાટ ચડેલો જોવો, કાનમાં વાત કરવાનો દેખાવ જોવો અને ઘણી મહેનતનું કામ કરવાનો દેખાવ જોવો, એ સહુ અશુભ ફળ આપનાર અશુભ સ્વપ્નો છે.

સ્વપ્નમાં પોતા ઉપર વિજળી પડેલી દેખે તો થોડા દિવસમાં કેદ મળે. જેના ઘોડા રથ ગાડી આસન કે વસ્ત્ર ચોર લેઈ જતો સ્વપ્નમાં દેખે તો તે થોડા દિવસમાં ઈજ્જત આબરૂથી માનભંગ થાય.

## ૨૬૦. ધ્રુવાંક પ્રશ્નફળ નિમીત્ત

ધ્રુવાંક.

| | | |
|---|---|---|
| ૧ લાભ અલાભના પ્રશ્નમાં | .... .... | ધ્રુવાંક ૪૨ |
| ૨ જીવન મરણના | ,, .... .... | ,, ૪૦ |
| ૩ સુખ દુઃખના | ,, .... .... | ,, ૩૫ |
| ૪ ગમનાગમનના | ,, .... .... | ,, ૩૪ |
| ૫ જય પરાજયના | ,, .... .... | ,, ૩૫ |
| ૬ વૃષ્ટિના | ,, .... .... | ,, ૩૨ |
| ૭ યાત્રાના | ,, .... .... | ,, ૩૫ |
| ૮ ગર્ભવતી સ્ત્રીના | | ,, ૩૨ |

જે જાતનો પ્રશ્ન હોય તે જાતના ધ્રુવાંક ગણવા. એ પ્રમાણે ધ્રુવાંક કહ્યા. પછી હવે સ્વર વ્યંજન ધ્રુવાંક નીચે પ્રમાણે જાણવા.

अ ના ધ્રુવાંક ૨૪, आ ના ૨૧, इ ના ૧૨, ई ના ૧૬,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उ २५, ऊ २२, ए १९, २९, ओ १९, औ २५, अ १०, अः २२.

क ના ૨૧, ख ના ૩૧, ग १०, घ १६, ङ २१, च २७, छ १६, ज ३४, झ २५, ञ २६, ट २१, ठ ३५, ड १३, ढ १४, ण १७, त २७, थ १३, द २६, ध १८, न १८, प २८, फ २७, ब २१, भ २६, म १६, य ४२, र ११, ल ९, व ७, श २५, ष ११, स २५, ह १२, क्ष ५,

આ પ્રમાણે અક્ષરની સામેના આંકડા તે અક્ષરનો ધ્રુવાંક જાણવો.

પ્રશ્ન જોવાની ઇચ્છા ધરાવનારે જો પ્રભાતનો વખત હોય તો બાળકની પાસે કોઇ પણ ઝાડનું નામ દેવડાવવું બપોરનો હોય તો જુવાન માણસ પાસે કોઇ પુષ્પનું નામ દેવડાવવું અને સાંજનો વખત હોય તો વૃદ્ધ માણસ પાસે કોઇ ફળનું નામ લેવડાવવું. ત્યાર પછી જે જે અક્ષર ઝાડ, પુષ્પ અને ફળમાં જે વેળાએ નામ લેવડાવ્યું હોય તેના દરેક અક્ષરના ધ્રુવાંક લઈ તેનો સરવાળો કરવો. પછી જે જાતનો પ્રશ્ન હોય ત જાતના ધ્રુવાંક પણ તેમાં ઉમેરવા ને પછી જે આવે તેને નીચે પ્રમા ભાગવા.

૧ લો. લાભાલાભનો પ્રશ્ન હોય તો આવેલી રકમને ત્રણે ભાગવી. જો શેષમાં એક વધે તો લાભ, બે વધે તો થોડો લાભ અને શુન્ય પડે તો હાનિ ધારવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨ જો. જીવન મરણનો પ્રશ્ન હોય તો આવેલી રકમને ત્રણે ભાગવી. એક વધે તો જીવે, બે વધે તો કષ્ટ પામે અને શૂન્ય આવે તો મરણ થાય.

૩ જો. સુખ દુઃખનો પ્રશ્ન હોય તો આવેલી રકમને બે વડે ભાગવી. એક વધે તો સુખ અને શૂન્યે દુઃખ જાણવું.

૪ થો. ગમનાગમનનો પ્રશ્ન હોય તો આવેલી રકમને ત્રણે ભાગવી. એક વધે તો આવે, બે વધે તો આગળ વધે અને શૂન્ય વધે તો પરદેશમાંજ રહે.

૫ મો. જય પરાજયનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો, એક વધે તો જય, બે વધે તો સંધિ અને શૂન્ય વધે તો પરાજય.

૬ ઠ્ઠો. વૃષ્ટિ પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો. એક વધે તો પૂર્ણ વૃષ્ટિ થાય બે વધે તો અલ્પ વૃષ્ટિ થાય અને શૂન્યે અનાવૃષ્ટિ જાણવી.

૭ મો. યાત્રાનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો. એક વધે તો ભલી રીતે યાત્રા થાય, બે વધે તો મધ્યમ યાત્રા થાય, અને શૂન્યે માર્ગમાંજ દેહ પડે.

૮ મો. ગર્ભવતીનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો. એક વધે તો છોકરો થાય, બે વધે તો છોકરી થાય, અને શૂન્યે ગર્ભવતીનું મરણ થાય કે ગર્ભપાત થાય.

સમજવાના માટે દાખલો આપુ છું કે—ગર્ભવતી

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

બાઇને શું આવશે ? એવો પ્રશ્ન સવારમાંજ જોવો હોય તો બાળક પાસે ઝાડનું નામ લેવડાવવું, બાળકે ઝાડનું નામ દીધું કે–આંબો.

હવે જુવો ધ્રુવાંક આ, ૨૧
ધ્રુવાંક વ. ૨૧
૪૨

ગર્ભવતી પ્રશ્ન ધ્રુવાંક..........................૩૨
ગર્ભવતી પ્રશ્ન છે માટે ત્રણે ભાગો } ૩) ૭૪ (૨૪
૭૨
૨

બે વધ્યા માટે પુત્રી–છોકરી આવશે. આ પ્રમાણે પ્રશ્ન જાતે પણ જોવાય છે.

## ૨૬૧. અંક શુકનાવળી ફળ નિમીત

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

### ખુલાસો

જ્યારે કોઇ માણસને અમુક પ્રશ્નનો ખુલાસો જાણવાની ઈચ્છા થાય ત્યારે એક સોપારી લઇ પોતાના ઇષ્ટદેવનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરાવી પ્રશ્નનું પરિણામ ચિંતવન કરાવી પ્રથમના પાંચ ખાનામાંથી ગમે તે એક ખાનામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોપારી સુકાવવી. ત્યાર બાદ તેજ પ્રમાણે નીચેના ખાના-માંના ગમે તે ખાનામાં સુકાયા બાદ તે બંને ખાનાંના આંકનો સરવાળો કરી જે આંક નક્કી થાય તેનું ભાવફળ નીચે બતાવ્યા પ્રમાણેનું જાણવું.

૧૧ નો આંક આવે તો ધારેલું કાર્ય સિદ્ધ થશે. પરદેશની ધારણાનો પ્રશ્ન હોય તો પરદેશથી આવશે એમ કહેવું. વ્યાપાર, ગર્ભિણી સ્ત્રી અને ખેતી સંબંધીનો પ્રશ્ન ધારેલો હોય તો પણ ધારેલી ધારણા પુરી પડશે. કાર્ય સિદ્ધ થશે.

૧૨ નો આંક આવે તો જાણવું કે દેવદેવીનું કાર્ય પુજન અર્ચન, પોતાના ઇષ્ટદેવની ભક્તિ ભાવના કરતાં વિલંબે કાર્ય સિદ્ધ થશે. આખર પરિણામ બુરૂં નહિ આવે.

૧૩ નો આંક આવતો હોય તો ધારેલા કામમાં ઘણાં વિઘ્નો આવશે, મુશ્કેલીમાં ઉતરવું પડશે; પરંતુ બુરા કામે પ્રશ્ન ઠીક છે.

૧૪ નો આંક આવે તો મનમાં ધારેલી ધારણા સિદ્ધ થશે તેમાં સંશય નહિ જાણવો. બેફીકર રહો, કાળજી મત કરો.

૧૫ નો આંક આવે તો કાર્ય સિદ્ધ થશે તેમાં શંકા નથી, પરન્તુ તે કાર્યની પાછળ વધારે ઉત્સાહથી લાગ્યા રહેવાથી સીદ્ધી થશે.

૨૧ નો આંક પ્રશ્ન સમયે આવી લાગે તો ધારેલા કામમાં કંઈક ચિંતા ઉત્પન્ન થશે કારણ કે ધારેલા કાર્યમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બે તરેહની બુદ્ધિ ઉત્પન્ન થયેલી પ્રશ્ન જણાવે છે. માટે તેને ત્યજી એક નિર્ણય ઉપર આવી મનને મજબુત કરી કાર્ય કરવાથી સિદ્ધ થશે.

૨૨ નો આંક આવે તો જાણવું કે જાત સામર્થ્ય (બાહુબળ) થી કામ થશે અને કોઇ પુરૂષ અથવા સ્ત્રી તેમાં અડચણ કરશે. પરન્તુ તેની હાર થશે અને તમારી જીત થતાં કામ પાર પડશે.

૨૩ નો આંક આવે તો ધારેલા કાર્યમાં વિઘ્ન છે માટે છોડી દો. પ્રશ્નકાળ સારો નથી. જો ધારેલ કાર્ય કરશો તો પસ્તાશો.

૨૪ નો આંક આવે તો ધારેલ કાર્ય મંગળકારી પરિપૂર્ણ પાર પડશે તેમજ જવામાં, આવવામાં, નોકરી-ચાકરીમાં, જીવન અને મરણમાં, વેપાર વણજમાં સીદ્ધ થશે.

૨૫ નો આંક આવે તો જાણવું કે મનનો મનોરથ મોટો છે. પરમાત્મા પૂર્ણ કરશે પરન્તુ બીજાનો વિશ્વાસ કરવો નહી પોતાના પરાક્રમથીજ કાર્યની સીદ્ધી થશે.

૩૧ નો આંક પ્રશ્નકાર નકકી કરતો હોય તો જાણવું કે જે કાર્ય ધાર્યું છે તે કાર્ય થશે. વેપારમાં લાભ થશે. ચિંતા ત્યજી પ્રશ્નકાર્ય કર્યા કરો.

૩૨ નો આંક આવતો હોય તો જાણવું કે મૂકેલા પ્રશ્નનું ધારેલ કાર્ય પ્રથમ તો બધું નાશ થશે. અર્થાત્ બગડી જશે પણ પાછળથી હિંમત રાખી ઉદ્યમ કરશો તો બગડેલી બાજી સુધરશે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

૩૩ નો આંક આવે તો જાણવું કે પ્રશ્ન પરિણામ સારૂં નથી માટે ધારેલું કામ પાર નહિ પડે, છોડી દેવામાં મઝા છે. નહિ તો લોકનિંદા પાત્ર અને અપયશ પાત્ર થવાશે તેમ નુકશાની ભોગવવી પડશે.

૩૪ નો આંક આવે તો જાણવું કે ઊંચા જીવે અદ્ધર મને કામ કરવામાં આવતું હોવાથી સફળ થતું નથી માટે તન મનથી ખંત રાખી ઉદ્યમ કરો કે પરિણામે ધારેલી ઈચ્છા પરિપૂર્ણ થશે.

૩૫ નો આંક આવે તો જાણવું કે જે કાર્ય ધારો છો તેમાં માથાકૂટ કરવા જેવું છે. ગમે તેમ કરો પણ કાર્ય નહિ થાય. બીજો વિચાર કરો.

૪૧ નો આંક આવે તો જાણવું કે ધારેલ કાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણ થશે એમાં સંદેહ નથી. મન મોળું કરશો નહિ.

૪૨ નો આંક આવે તો જાણવું કે ઉદ્યમ કર્યાથી તમારૂં કામ પોતાની મેળે સિદ્ધ થશે. ચિંતા ન કરો ઈષ્ટ-દેવનું સ્મરણ કરો.

૪૩ નો આંક આવે તો જાણવું કે પ્રશ્ન કાર્યમાં બધે સિદ્ધિ જ દેખાય છે. અર્થાત્ ધારેલું કરશો તે થશે માટે વાર ન કરો.

૪૪ નો આંક આવે તો જાણવું કે થોડી મહેનત કરવી પડશે. પણ ઉત્તર અથવા પશ્ચિમ દિશા તરફથી કાર્યની સિદ્ધિ થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪૫ નો આંક આવે તો જાણવું કે ધારેલું કામ મોટું છે અને તે હાલ બીજાના હાથમાં છે. ગજા ઉપરાંતનું કામ કરવું કઠીન છે.

૫૧ નો આંક આવે તો જાણવું કે ધારેલું કાર્ય સિદ્ધ થતાં જશ મળશે.

૫૨ નો આંક આવે તો જાણવું કે પ્રશ્ન વિચાર જરૂર સફળ થશે.

૫૩ નો આંક આવે તો જાણવું કે ધારેલું કાર્ય ગુપ્ત રાખી છાની કોશિષ કરો, જેથી સફળ થવાશે. તમારો ભાગ્યોદય હવે નજીક આવ્યો છે માટે સર્વે કાર્ય સિદ્ધ થઈ જશે. મનમાં હિંમત રાખો. હિંમતે મર્દા તો મદદે ખુદા.

૫૪ નો આંક આવે તો જાણવું કે તમારા કામમાં શત્રુ વિરોધી આડે આવે છે. થોડો વખત સબૂર કરો. સાહસમાં શુભ પરિણામ નહિ આવે.

૫૫ નો આંક પ્રશ્ન સમયે આવે તો જાણવું કે તમારૂં ધારેલું કામ પાર ઉતરશે. કાળજી કરશો નહિ. મનોબળ મજબૂત રાખી કાર્ય કરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પહેલા ભાવનું ફળ—અધિકાર ૨૦ મો

## ૨૬૨. કુટુંબ કુંડળી સબંધ

### પુત્ર-ને માતાપિતા.

૧. માતાપિતાના લગ્નથી ત્રિકોણમાં અથવા સપ્તમ રાશિમાં પુત્ર લગ્ન વા ચંદ્ર.

૨. માતાપિતાના ચંદ્રથી ત્રિકોણ અથવા સપ્તમ રાશિમાં પુત્ર લગ્ન વા ચંદ્ર.

૩. એકનો ચંદ્ર તે બીજાનું લગ્ન અથવા એકનું લગ્ન તે બીજાનો ચંદ્ર.

૪. એકજ રાશિનો ચંદ્ર અથવા લગ્ન.

૫. સપ્તમ રાશિ અથવા ત્રિકોણ રાશિ અથવા એકજ રાશિમાં રવિ.

૬. એકનો રવિ તે બીજાનું લગ્ન અથવા ચંદ્ર.

૭. માતાપિતાની રવિની રાશિના પુત્રનો ગુરૂ.

૮. એકજ રાશિ અથવા તત્વનો ગુરૂ.

૯. માતાપિતાની કુંડળીના પ્રબળ ગ્રહોની પુત્ર ગ્રહ સાથે સામ્યતા.

(૧) એકજ રાશિમાં (૨) એકજ તત્વમાં (૩) એકજ સ્થાનમાં (૪) સપ્તમ સ્થાનમાં (૫) પરસ્પર સમાનાંતર સ્થાનમાં (૬) ઉચ્ચ નીચ સ્વ. વિગેરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨૬૩. ભાંડુ–(ભાઇ કે બ્હેન)

૧. લગ્નથી વા ચંદ્રથી ત્રિકોણમાં જન્મ લગ્ન.

૨. એક બીજાથી ત્રીજું લગ્ન.

૩. મંગલ સામ્યતા અથવા એકની મંગળ રાશિ તેજ બીજામાં જન્મ લગ્ન અથવા એકના મંગળથી બીજાનું ત્રીજું લગ્ન.

૪. રાશિ અથવા લગ્ન અથવા સૂર્ય એક (૧) અથવા એકની રાશિ તે બીજાનો સૂર્ય વા લગ્ન (૨) અથવા એકનું લગ્ન તે બીજાની રાશિ વા સૂર્ય (૩) અથવા એકનો સૂર્ય તે બીજાની રાશિ વા લગ્ન.

૫. ગ્રહ સામ્યતા.*

૬. ત્રીજા સ્થાનમાં એકની રાશિ તે બીજાનું લગ્ન અથવા ચંદ્ર, કવચિત્ મંગળ.

## ૨૬૪. પતિ—પત્ની

૧. લગ્ન અથવા ચંદ્ર એકજ અથવા સપ્તમ લગ્ન અથવા સપ્તમ રાશિનું લગ્ન વા રાશિ.

૨. ત્રિકોણ લગ્ન.

૩. એકના બીજા ભાવની રાશિ તેજ બીજાનું લગ્ન, સપ્તમ, શુક્ર, વા ચંદ્ર.

* જુઓ આગળ લખેલ પુત્ર ને માતાપિતા સંબંધ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪. રવિની એકજ રાશિ કે તત્વ.

૫. એકની રાશિ તે બીજાનો રવિ વા લગ્ન.

૬. એકનો રવિ તે બીજાનો ચંદ્ર.

૭. શુક્ર એક-

૮. એકનો શુક્ર તે બીજાનું લગ્ન વા રાશિ.

૯. ચંદ્ર, રવિ, લગ્ન ને શુક્રનાં સપ્તમ સ્થાન તે બીજાનું ચંદ્રાદિ ઉપર પ્રમાણે.

૧૦. લગ્નેશ, ધનેશ, સપ્તમેશ, ચંદ્રેશ ને શુક્રેશની એકમેકની સામ્યતા.

૧૧. અન્ય પ્રબળ/ગ્રહોની સામ્યતા.*

૧૨. એક બીજા ગ્રહોની તત્વ અથવા પ્રતિ સામ્યતા.

૧૩. પુરૂષના ચંદ્ર અથવા શુક્રના દિન નક્ષત્રથી ૨-૩-૧૦-૧૩-૨૦ માં નક્ષત્રમાં જ્યારે શનિ હોય છે ત્યારે ઉત્પન્ન થયેલ કન્યા તે તે પુરૂષની સ્ત્રી થાય છે.

## ૨૬૫. પહેલા ભાવનું ફળ

વસંત તિલકા. વૃ.

रुपं तथा वर्ण विनिर्णयश्च चिन्हानिजातिर्वयसः प्रमाणः ॥
सुखानीदुःखान्यपिसाहसंच लग्नेविलोक्य खलु सर्व मेतत् ॥१॥

રૂપ તથા વર્ણ નિર્ણય ચિન્હ જાતિ અવસ્થાનું પ્રમાણ સુખ અને દુઃખ સાહસ કર્મ આ સઘળું લગ્ન

* જુઓ આગળ લખેલ પુત્ર ને માતાપિતા સંબંધ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(પહેલા ભાવમાં) જોવાય છે. ॥ ૧ ॥

ભુજંગ. વૃ.

लग्नाधिपे शोभन राशियुक्ते बलोपयाते तनुपुष्टीमेति ॥
लग्नस्थखेटेरिपुनिचभागे दुःस्थानपे देहसुखंनयाति ॥ २ ॥

જેની જન્મકુંડળીમાં લગ્નનો સ્વામી બળવાન થઈ શુભ રાશિમાં બેઠેલો હોય તો તે માણસ શરીરે પુષ્ટ થાય છે. અને લગ્નમાં રહેલો ગ્રહ નીચ કે શત્રુ રાશિમાં હોય યા લગ્ને છઠ્ઠા આઠમા કે બારમા ભાવનો સ્વામિ હોય તો તે માણસ શરીરે દુઃખી થાય છે. ॥ ૨ ॥

लग्ने जलक्षे शुभखेचरेन्द्रै युक्तेतनौः स्थौल्यमुदाररन्ति ॥
लग्नाधिपेतोयखगेबलाढये सौम्यान्वितेतत्तनुपुष्टिमाहुः ॥३॥

જળ (૪, ૮, ૧૨) રાશિનું લગ્ન હોય ને તેમાં શુભ ગ્રહો બેઠેલા હોય યા લગ્નનો સ્વામિ જળ ગ્રહ (ચંદ્ર, શુક્ર) હોય ને તે બળવાન હોય ને શુભ ગ્રહો સાથે બેઠેલા હોય તો તે માણસ શરીરે પુષ્ટ થાય છે. ॥ ૩ ॥

लग्नाधिपोऽति बलवानशुभैरदृष्टं
केन्द्रस्थितः शुभखगैरव लोक्यमानः ॥
मत्युंविधुयविकृतिसिद्धिमायुः
सार्धंगणैर्वहुभीरुर्जितराजलक्ष्मी ॥४॥

લગ્નનો સ્વામિ પાપગ્રહોની દષ્ટિ રહીત બળવાન શુભ ગ્રહોની દષ્ટિ યુક્તઃ કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) સ્થાનમાં હોય

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

તો તે માણસ લાંબા આયુષ્યવાળો—ગુણવાન રાજ્યલક્ષ્મીને ભોગવનારો થાય છે. ॥ ૪ ॥

त्रिकोणकेन्द्रेयदि लग्ननाथे शुभान्विते शोभनविक्षीतेवा ।
शुभग्रहागारगते बलाढये चतुः समुद्रान्तयशः समेति ॥५॥

લગ્નનો સ્વામિ ત્રિકોણ (૫, ૯) યા કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) મા ભાવમાં શુભ ગ્રહો યુક્ત કે શુભ ગ્રહોની દૃષ્ટિમાં યા શુભ ગ્રહની રાશિમાં બેઠેલો હોય તો તે માણસ ચાર સમુદ્ર સુધી આબરૂને મેળવે છે. ॥ ૫ ॥

होराधिनाथे रिपुरंध्ररिःफे पापान्विते पापनिरिक्षीतेवा ।
पापग्रहाणांभवनोपयाते जातोप्रकाशो भवतीहमर्त्यः ॥६॥

લગ્નનો સ્વામિ છઠ્ઠે, આઠમે, બારમે પાપગ્રહ સાથે યા પાપગ્રહની દૃષ્ટિમાં કે પાપગ્રહની રાશિમાં હોય તો તે માણસ પ્રસિદ્ધ થતો નથી. ॥ ૬ ॥

विद्याधिपे वा यदिचंद्रसूतौ लग्नेसुखेलग्नपसंयुतेवा ॥
बलान्विते पापदृष्टिविहिने विद्यायशस्वीभवतिप्रजात ॥ ७ ॥

પાંચમા ભાવનો સ્વામિ યા બુધ લગ્નના સ્વામિ સાથે પાપગ્રહની દૃષ્ટિ રહીત બળવાન થઈ લગ્નમાં કે ચોથા સ્થાનમાં હોય તો તે માણસ વિદ્યા ને યશવાળો થાય છે. ॥ ૭ ॥

लग्नेशुभेशोभनदृष्टियुक्ते बाल्यासुखं तन्नहिपापयोगात् ॥
दुःखीभत्यापग्रहुत्वयोगे लग्नेतुग्रल्यान्मरणान्तमादुः ॥८॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મલગ્નમાં શુભ ગ્રહ શુભ ગ્રહોની દૃષ્ટિવાળો હોય અને તેમાં એકપણ પાપગ્રહ ન હોય તો તે માણસ જન્મથી સુખી થાય છે. પણ લગ્નમાં ઘણા પાપગ્રહો હોય તો તે જન્મથી મરણ સુધી દુઃખ ભોગવે છે. ॥ ૮ ॥

માનસાગરી પદ્ધતિ—

लग्नं लग्नेश संयुक्त यस्य जन्मनि जायते ॥
नमुं चति ग्रह तस्य कुलस्त्री यईवा श्रियः ॥ ९ ॥

લગ્નનો સ્વામિ લગ્નમાં હોય તો તેના ઘરમાં લક્ષ્મી નિરંતર વાસ કરે છે. જેમ કુલિન સ્ત્રી પોતાના ઘરનો ત્યાગ કરતી નથી તેમ જાણવું. અમારા અનુભવ પ્રમાણે પાપગ્રહોનો સંબંધ યા દૃષ્ટિ ન હોય તો લક્ષ્મી રહે છે, નહિ તો તેનો નાશ થાય છે. ॥ ૯ ॥

કુંડલી કલ્પતરૂ.

यदा शुक्र भौमौजनुः पापदृष्टौ मदद्वादशेवातरोगीनरःस्यात् ।
परंकौर्प्यकर्काश के पापयुक्ते हिमांशौभवेद्गुह्यरोगीनरोडम् ॥ १० ॥
यदा पापयोर्मध्यगःशीतरश्मि मंदेचोष्णरश्मिः क्षयींश्वासगुल्माः ॥
गृहेवांशकेचंद्रसूर्यौ मिथश्चे युतौचेकराशौकृशत्वं नराणाम् ॥ ११ ॥
तृतीये तथा पंचमेचापिधर्मे गतःपापखेटान दृष्टाःशुभैश्चेत् ।
तदाकर्णघातंनराणांप्रकुर्यु युताः सप्तमेदन्तघातंविदध्यु ॥ १२ ॥

જેને ૭ મે કે ૧૨ મે રહેલા શુક્ર મંગળને પાપગ્રહ જોતા હોય તો વાયુનો રોગી થાય છે. અથવા વૃશ્ચિક યા કર્કના નવમાંશમાં પાપગ્રહ સાથે ચંદ્ર હોય તો ગુહ્ય રોગી થાય છે. ॥ ૧૦ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

જ્યારે પાપગ્રહના મધ્યમાં ચંદ્ર હોય ને સાતમે સૂર્ય હોય તો તેને ક્ષય, શ્વાસ અને ગુલ્મ ( ગોળા )નો રોગ થાય છે. જન્મમાં કે નવમાંસમાં સૂર્ય ચંદ્ર સામ સામે કે સાથે હોય તો શરીર ઘણું કૃશ (પાતળું) રહે છે. ॥ ૧૧ ॥

જેને ૩, ૫, ૯ મે રહેલા પાપગ્રહને શુભગ્રહ ન જોતા હોય તો દાંતનો રોગી થાય છે. ॥ ૧૨ ॥

સર્વાર્થ ચિંતામણી........

लग्नेरवि मूंमिसुतेन द्रष्टः श्वासंक्षयं विद्रधिगुल्मजानम् ॥
भौमेविलग्नेशनिसूर्यद्रष्टे खड्गादिभिःपीडितदेह भाक्स्यात् ॥१३॥
केतौ विलग्नेबहुपापद्रष्टे पिशाचचौरै र्भवति ध्रुवंभीः ॥
लग्नेचरेतद्भुवनेश्वरेवा चरस्थिते संचरति प्रजातः ॥१४॥

જેના જન્મલગ્નમાં રહેલા સૂર્યને મંગળ દેખતો હોય તો તે માણસને શ્વાસ રોગ, ક્ષય રોગ યા વિદ્રધિ (ગુલ્મ)નો રોગ થાય છે. અને લગ્નમાં મંગળ હોય ને તેને સૂર્ય શનિ દેખતા હોય તો તેને તલવાર આદિ હથિયારથી શરીરે પીડા ભોગવવી પડે છે. ॥ ૧૩ ॥

લગ્નમાં કેતુ ઘણા પાપગ્રહોની દૃષ્ટિમાં હોય તો નિશ્ચે કરીને તે માણસને પિશાચાદિ ભૂત, વ્યંતરોનો તથા ચોર લોકોથી ભય આવી પડે છે. જો લગ્નમાં ચળ રાશિ હોય અને લગ્નેશ ચળ રાશિમાં હોય તો તે માણસ ચાલવામાં ઘણો આતુર થાય છે. ॥ ૧૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लग्नाधिपोतिवलवान शुभेरदृष्टः केंद्रस्थितः शुभखगैरवलोक्यमानः।
मृत्युंविधूयविदधातिसुदीर्घमायुः साद्धँगुणैर्वहुभिरुनित्याचलक्ष्या॥१५॥

લગ્નનો સ્વામિ ઘણો બળવાન શુભ ગ્રહોની દૃષ્ટિમાં પાપગ્રહોની દૃષ્ટિ રહીત કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) ભાવમાં હોય તો તે માણસ મૃત્યુ યોગને હઠાવનારો દીર્ઘાયુ લક્ષ્મીવાન અને ઘણો ગુણવાન થાય છે. ॥ ૧૫ ॥

संचारशीलश्चरभेविलग्ने लग्नांशके चैत्रमुदाहरन्ति ॥
विदेशभाग्यं चरभेविलग्ने चरतदीशे चरखेटदृष्टे ॥ ॥
स्थिरे स्वदेशे वहुभाग्ययुक्तःस्थिरग्रहैर्भूरिधनान्वितः।।
मिश्रग्रहैः संयुतभाग्यकीर्ति र्नानाप्रदेशेप्रचरन्कुमार्गीः ॥ ॥

જેના જન્મકાળમાં લગ્ને ચળ (૧, ૪, ૭, ૧૦) રાશિ હોય તો તે માણસ ફરવામાં તેમ ચાલવામાં ઘણો તત્પર હોય છે અને ચળ રાશિનું લગ્ન હોય તેનો સ્વામિ ચળ રાશિમાં બેઠેલા ગ્રહોની દૃષ્ટિ યુક્ત હોય તો તેનો પ્રદેશમાં ભાગ્યોદય થાય છે.

જેના જન્મકાળમાં લગ્ને સ્થિર (૨, ૫, ૮, ૧૧) રાશિ હોય તેનો સ્વામિ સ્થિર રાશિમાં બેઠેલા ગ્રહોને દૃષ્ટિ યુક્ત હોય તો તેનો પોતાના દેશમાં ભાગ્યોદય થાય છે. અને ચર તથા સ્થિર એમ બંને રાશિઓમાં મિશ્રપણે દૃષ્ટિ કરતા યા લગ્નેશ યા લગ્ન હોય તો પોતાના દેશમાં તેમ ઘણા પરદેશોમાં ભ્રમનાર થાય છે. તેમ દેશમાં ને પરદેશમાં ભાગ્યનો ઉદય થવાથી ઘણો કીર્તિવાન થઈ સુખી થાય છે. પણ કુમાર્ગી થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃદ્ધ હોરા પ્રકાશ.—

यदि भवंतिहि जन्म तनौ भवेत् तनुगतारवि राहु कुजार्कजाः ।
रुधिर पांडुकरा परितापदाः शुभतराग दघात करा विदुः ॥
गुरुं शशांक बुधा स्फुजीतस्तनौ वपुषि पुष्टकराः शुभकांतिदाः ।
गद विनाश करां कथिता बुधः रविखला कृषताप कराः पराः ॥

લગ્નમાં સૂર્ય રાહુ મંગળ શનિ હોય તો રૂધિર વિકાર તથા પરિતાપ કરાવે ને જે શુભગ્રહો હોય તો રોગનો નાશ કરે છે.

ગુરૂ શુક્ર ચંદ્ર બુધ લગ્ને હોય તો શરીરની પુષ્ટિ કરનારા સારી કાન્તિને આપનારા ને સઘળા રોગોનો નાશ કરે એમ પંડિતો કહે છે. પાપગ્રહો હોય તો શરીર દુર્બળ કરી પરિતાપ કરાવે.

ભાવ કુતુહલ.—

रविक्षेत्रे गते लग्ने रविणासंयुतेसति ।
गुरुभौमयुतेवापि धनाधिक्यंदिनेदिने ।

જો લગ્નમાં સૂર્યની રાશિ (૫) માં સૂર્ય રહેલો હોય અથવા તેના સાથે ગુરૂ યા મંગળ રહેલો હોય તો પણ તે માણસને દિન પ્રતિ દિન ધનની વૃદ્ધિ થતી જાય છે.

कर्कभे जन्म लग्नेतु सचन्द्रेयदिजन्मनि ॥
संयुते जीव भौमाभ्यां ससद्योवित्तपोभवेत् ॥ ॥

જેના જન્મલગ્નમાં કર્ક રાશિમાં ચંદ્રમા હોય અથવા ગુરૂ મંગળ પણ સાથે હોય તો તે માણસ ધનવાન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

गुरुमे गुरुसंयुक्ते जन्म लग्ने गते सति ॥
चंद्रागार युक्तो यस्य तस्य लक्ष्मीरचंचला ॥ ॥

જેના જન્મલગ્નમાં ગુરૂ સ્વગૃહી (૯, ૧૨) રાશિમાં હોય અને ચંદ્ર યા મંગળ સાથે હોય તોપણ તેના ઘરમાં લક્ષ્મી સ્થિર રહે છે.

कन्यामिथुन यो लग्ने सत्रुवे यस्य जन्मनि ॥
संयुतेशुक्र मंदाभ्यां वपे वा धनिकोभवेत् ॥ ॥

જેના જન્મ સમયે કન્યા યા મિથુન લગ્ન બુધ યુક્ત હોય અથવા શુક્ર શનિથી યુક્ત હોય અથવા દૃષ્ટ હોય તો તે માણસ ધનવાન થાય છે.

शुक्रराशी गतेलग्ने ससिते यदि जन्मनि ॥
चन्द्राजादित्य जाभ्यां तु युते दृष्टे धनाधीप ॥ ॥

જેના જન્મ સમયે જન્મલગ્નમાં શુક્રની રાશિ (૨, ૭) માં શુક્ર, બુધ અને શનિ યુક્ત હોય અથવા દૃષ્ટ હોય તો તે માણસ ધનવાન થાય છે.

दुष्ट स्थानंगतोयस्य चंद्र लग्नेश्वरोयदि ॥
कार्श्यं गदभयंनित्यं वितनो तिरियुदयम् ॥ ॥
निजोच्चे निजमे वर्गो स्वकीये लग्न पेयदि ॥
दीर्घायुःसुखसन्तत्यो बलीभोगी प्रजायते ॥ ॥

ચંદ્ર ને લગ્નનો સ્વામિ (૬, ૮, ૧૨) મા ભાવે હોય તો શરીરે દુબળો, રોગી ને સદા શત્રુના ભયવાળો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ પોતાની રાશિમાં કે ઊંચમાં કે પોતાના નવમાંશમાં હોય તો તે માણસ દીર્ઘાયુષી સુખી બળવાન ને ભોગ ભોગવનારો થાય છે.

जनुषि लग्नगतो वसुधासुतो मदनगोऽपिगुरुः कवीखेवा ।
भवतितस्यशिरोत्रणलांछितं लिगदितियवनेन महात्मना ॥

લગ્ને મંગળ હોય અને સાતમા સ્થાને ગુરૂ યા શુક્ર હોય તો તે માણસના માથામાં જન્મથી યા પડી જવાથી અથવા કંઈ વાગવાથી ડાઘ પડે છે. એવો એવનાચાર્ય મહાત્માનો અભિપ્રાય છે.

भवति लग्नगते क्षितिनन्दने भृगुसुतेऽपिविद्याविहर्ज्ञात्मनाम् ।
शिरसिचिन्ह मुदाङ्कतमादीमि र्मुनिवरैर्द्विरसाब्दसमासतः ॥

જેના જન્મલગ્નમાં મંગળ, શુક્ર અને ચંદ્રમા હોય તેને બીજે યા છઠ્ઠે વર્ષે શરીરમાં ચિન્હ થાય છે. એમ પૂર્વના મુનીવરોએ કહેલું છે.

लग्नेक्षिते सुतेमन्दे शुक्र दृष्टि त्रिकोणमे ।
लिङ्गेगुद सवेवा तिलकंसदिशेव्हुधः ॥

જેના લગ્નમાં મંગળ શુક્રની દષ્ટિમાં હોય અને શની ત્રિકોણ (૯,૫)માં હોય તો લિંગ યા ગુદાની નજીક તલનું ચિન્હ હોય છે.

सुतालयेभाग्य निकेतनेवा कविर्यदाचाष्टमगौज्ञजीवौ ।
शनौचतुर्थेतनुभागेवा तदासचिन्हं जठरंनरस्य ॥

જેના પાંચમા સ્થાને યા નવમા સ્થાને શુક્ર હોય અને બુધ, ગુરૂ આઠમા સ્થાને હોય તથા શની ચોથા ભાવે યા લગ્નમાં હોય તો તે માણસના પેટ ઉપર ચિન્હ હોય છે.

पातालस्थौ राहु शुक्रौ लग्नेमंदः कुजोऽपिवा ।
पादमूलेऽथवा पादवामे चिन्हंविनिर्दिशेत् ॥

રાહુ શુક્ર ચોથા ભાવમાં હોય અને લગ્નમાં શનિ યા મંગળ હોય તો તે માણસના ડાબા પગની નીચે યા પગ પર અથવા પગની ડાબી બાજુએ ચિન્હ હોય છે.

भार्गवेजनुरङ्गस्थे चाष्टमेसिंहिकासुते ।
मस्तके वामकर्णेवा चिन्हदर्शनमादिशेत ॥

જેના જન્મ લગ્નમાં શુક્ર અને આઠમા ઘરમાં રાહુ હોય તો તેના માથામાં યા વામ (ડાબા) કાને ચિન્હ હોય છે.

मदन सदन मध्ये सिंहिकान नंदनेवा ।
सुरपतिगुरुणाचेद ङ्गराशौयुतेतुः ॥
प्रकथितमिहचिन्हं चाष्टमेपापखेहो ।
कविरपिगुरु रङ्ग वामवाहुमुनीन्द्रैः ॥

જેના જન્મકાળે સાતમા સ્થાનમાં રાહુ અથવા ગુરૂ યા લગ્નમાં શુક્ર અને પાપગ્રહ આઠમા ભાવે હોય તો (વામ) ડાબા હાથની ભુજાએ ચિન્હ હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

નરશ્ચિરાયુ નૃપપૂજિતઃસુખીલગ્નં ભવેત્ સૌમ્યગૃહં યથાતથા ।
લગ્નં યદિસ્વામિનીરીક્ષિતં ધનીકુશાગ્રબુદ્ધિઃકુલકીર્તિવર્ધનઃ ॥૧॥

**અર્થ**—લગ્નમાં શુભ ગ્રહની રાશિ ૨, ૩, ૪, ૬, ૭, ૯, ૧૨ હોય તો લાંબા આયુષ્યવાળો, રાજાથી માન પામનાર, સુખી થાય છે ને તે લગ્ન પર લગ્નના સ્વામિની દૃષ્ટિ હોય તો ધનવાન, તીવ્ર બુદ્ધિવાળો અને કુળમાં યશને વધારનારો થાય છે. ॥૧॥

કીર્તિ સ્થાનપતૌ વિલગ્ન ભવને જાતઃસ્વયંકીર્તિમાનં ।
વિત્તસ્તેતુ વિશેષ કીર્તિ સહિતઃ સ્વોચ્ચ્યાદિવર્ગાન્વિતે ॥૨॥
દુઃસ્થેયન્યલયાત્રયા હતતનુર્જાતોઽથવા દુર્જનઃ ।
કેન્દ્રેકોણગતે શુભ ગ્રહયુતે યાત્રા સુખંજાયતે ॥૩॥

**અર્થ**—લગ્નનો સ્વામિ લગ્નમાં હોય તો યશવાળો થાય છે. યા બીજા ભાવમાં ઉચ્ચ મિત્ર કે પોતાની રાશિમાં હોય તો બહુ આબરૂદાર અને ધનવાન થાય છે. છ, આઠ અને બારમા સ્થાનમાં હોય તો દુષ્ટ મતિનો ધનહીન થાય છે. અને ઘણી મુસાફરી કરવાથી તેનું શરીર નાશ પામે છે. ત્રિકોણ (૯, ૫) ને કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) માં શુભ ગ્રહ સાથે હોય તો મુસાફરીમાં શરીરે સુખ ભોગવનાર થાય છે. ॥૨-૩॥

હોરા સ્વામિનિ પંચમેયદિસુત સ્થાનેશ યુક્તેઽથવા ।
ભાગ્યેવાયદિ ભાગ્યપેન સહિતે લગ્ને યશસ્વીપિતા ॥૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભ્રાતૃસ્થાનપતૌ વિલગ્ન ગૃહગે તત્કારકે ભ્રાતૃપા ।
વેકસ્થે બલશાલિનૌચયદિ વાતત્સોદરઃ કીર્તિમાન્ ॥૫॥

**અર્થ**—લગ્નનો સ્વામિ પાંચમાના સ્વામિ સાથે પાંચમે હોય અથવા નવમાના સ્વામિ સાથે નવમે હોય, યા લગ્નમાં હોય તો તેનો પિતા કીર્તિવાન થાય છે. અને ત્રીજાનો સ્વામિ લગ્નમાં લગ્નકારક ગ્રહ સાથે હોય, ને તે બંને બળવાન હોય તો ભાઇઓ કીર્તિવાળા થાય છે. ॥ ૪–૫ ॥

લગ્નાધિપસ્ય વ્યયગે ત દુચ્ચ મિત્રે સુરતુઙ્ગખગેક્ષિ તેવા ।
તદ્રાશિગે વા યદિમિત્રખેટે તસ્યસ્થિતિર્જન્મવસુન્ધરાયામ્ ॥૬॥

**અર્થ**—ઉચ્ચનો મિત્ર ગ્રહ, લગ્નના સ્વામિથી બારમે બેઠો હોય, અથવા ઉચ્ચનો મિત્ર ગ્રહ હોય તો તે માણસ પોતાની જન્મભૂમિમાં કાયમ રહે છે પણ પરદેશમાં રહી શકતો નથી. ॥ ૬ ॥

લગ્નેશાન્વ્યયપે વિલગ્નપરિપૌ નિચેઽથવા દુર્બલે ।
જાતો યાતિ વિદેશમિષ્ટદનુજા આર્યેણ દ્રષ્ટે યદિ ॥૭॥
તતૈવ સ્થિતિ રન્ત્યપે રવિકરચ્છન્ને વિલગ્નેધિપા ।
દલ્પ ગ્રામચરો બલિન્યપિ ધન ગ્રામાધિવાશોભવેત્ ॥૮॥

**અર્થ**—લગ્નનો સ્વામિ જે ઘરમાં બેઠો હોય, તે ઘરથી બારમા ઘરનો સ્વામિ લગ્નના સ્વામિનો શત્રુ હાય, અથવા નીચનો હોય તો પરદેશ રહેનારો થાય. પણ જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુક્ર મિત્ર થઈ લગ્નના સ્વામિથી બારમાના સ્વામિને જોતો હોય તો હંમેશાં પરદેશ રહેનારો થાય છે અને લગ્નના સ્વામિથી બારમાનો સ્વામિ અસ્તનો હોય તો એક ગામડામાં રહેનારો થાય છે ને તે બારમાનો સ્વામિ બળવાન હોય તો ધનવાનોવાળા ગામમાં રહે છે. ।।૭-૮।।

હોરે શાબ્દયયપે વિલગ્ન ભવનાત્ કેન્દ્રત્રિકોણસ્થિતે ।
મિત્રસ્વોશ્ચાગૃહો પગે શુભયુતે પાર્શ્વદ્વયે માનવઃ ।।૯।।

ચિત્તોરમ્ય મહીચરો દ્વિવિચરા ચાર્યેન્દુશુક્રેક્ષિતે ।
દિગ્યક્ષેત્ર મુપૈતિ જન્મધરણી વાસસ્ત દર્થેક્રિપૌ ।।૧૦।।

**અર્થ**—લગ્નનો સ્વામિ જે ઘરમાં બેઠો હોય, તેથી બારમા ઘરનો સ્વામિ કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) યાત્રિકોણ, (૫, ૯) માં મિત્ર રાશિમાં કે પોતાની ઉચ્ચ રાશિમાં કે બે શુભ ગ્રહોની વચમાં હોય તો તે માણસ ચિત્તને આનંદ આપનારી જગ્યામાં રહેનારો થાય છે. ને તે બારમાના સ્વામિ પર ગુરૂ, ચંદ્ર કે શુક્રની દૃષ્ટિ હોય તો તે સુંદર જગ્યા પોતે મેળવે છે. તેમજ તે બારમાનો સ્વામિ લગ્નના સ્વામિથી બીજે બેઠો હોય, ને લગ્નના સ્વામિનો શત્રુ હોય તો તે પોતાની જન્મભૂમિમાં રહે છે.

ચર રાશિના લગ્નનો સ્વામિ ચર રાશિમાં બેઠો હોય, અને ચર રાશિમાં બેઠેલા ગ્રહોની તેના ઉપર દૃષ્ટિ હોય, તો તે પુરુષનો પરદેશમાં ભાગ્યોદય થાય છે. ।।૯-૧૦।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિદેશભાગ્યં ચરણે વિલગ્ને ચરેતદીશે ચરખેટ દષ્ટે ।
સ્થિરે સ્વદેશે બહુ ભાગ્યયુક્તઃ સ્થિર ગ્રહૈર્ભૂરિધનાન્વિતઃ ॥૧૧॥

**અર્થ**—સ્થિર રાશિના લગ્નનો સ્વામી, સ્થિર રાશીમાં બેઠો હોય, અને સ્થિર રાશીમાં બેઠેલા ગ્રહોની તેના પર દૃષ્ટિ હોય તો પોતાના દેશમાં ભાગ્યવાન અને બહુ ધનવાન થાય છે. ॥૧૧॥

હોરાધી શે પાપ ખેટે રિપુસ્થે
પાપક્ષેત્રે ભાનુપુત્રેણયુક્તે ।
શુદ્ર પ્રાયોરાહુણાંકેતુનાવા
જાતશ્ચાણ્ડાલાડથવાનીચ તુલ્યઃ ॥૧૨॥

**અર્થ**—લગ્નનો સ્વામી પાપગ્રહનો થઈ લગ્નથી છઠ્ઠે હોય યા પાપ રાશીમાં બેઠેલા શનિની સાથે હોય, તો શુદ્ર જેવો થાય છે પણ શનિ બદલે રાહુ કે કેતુ સાથે લગ્નેશ હોય તો ચંડાલના જેવાં કામ કરનાર નીચ વિચારવાળો થાય છે. ॥૧૨॥

લગ્નાધિપેશોભન રાશિયુક્તે બલોપયાતે તનુપુષ્ટિમેતિ ।
લગ્નસ્થખેટેરિપુનીચભાગે દુઃસ્થાનપે દેહસુખં નયાતિ ॥૧૩॥

**અર્થ**—લગ્નનો સ્વામી બળવાન થઈ શુભ રાશીમાં બેઠો હોય, તો તે માણસ શરીરે પુષ્ટ થાય છે. અને લગ્નમાં રહેલા ગ્રહ નીચ કે શત્રુ રાશીમાં હોય, યાં છઠ્ઠા આઠમા કે બારમા ભાવનો સ્વામી હોય, તો તે માણસ શરીરે દુર્બળ ને દુઃખી થાય છે. ॥૧૩॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિલગ્નદર્શી તનુપો વિલગ્નગસ્ત્રેયોઽપિષષ્ઠાષ્ટમરિઃ ફરાશિપાઃ ।
સપત્નનીચોપતાશ્ચદુર્બલા યદિસ્વપાકેનફલં પ્રકુર્યુઃ ॥૧૪॥

**અર્થ**—લગ્નનો સ્વામી લગ્નમાં હોય, અથવા લગ્નને જોતો હોય, ને છઠ્ઠા, આઠમા ને બારમાનો સ્વામી એ ત્રણે શત્રુ કે નીચ રાશીમાં નિર્બળ હોય, તો પોતાની દશામાં સારૂ ફળ આપતા નથી. ॥૧૪॥

લગ્નેજલક્ષે શુભખેચરેન્દ્રૈર્યુક્તે તનૌઃસ્થૌલ્યમુદાહરન્તિ ।
લગ્નાધિપેતોયખગેબલાઢ્યે સૌમ્યાન્વિતેતત્તનુપુષ્ટિમાહુઃ ॥૧૫॥

**અર્થ**—જળ રાશીનું લગ્ન હોય ને તેમાં શુભગ્રહો બેઠેલા હોય, યા લગ્નનો સ્વામી જળગ્રહ (ચંદ્ર, શુક્ર,) હોય ને તે બળવાન હોય ને શુભગ્રહો સાથે બેઠેલા હોય, તો તે માણસ શરીરે પુષ્ટ થાય છે. ॥૧૫॥

લગ્નાધિપેનાશગતે તુ શુષ્કરાશૌતનોઃ કષ્ટમતીવકૃચ્છ્રમ્ ।
લગ્નાધિપસ્થાશપરાશિનાથઃ શુષ્કગ્રહઃસ્યાત્તનુશુષ્કમાહુઃ ॥૧૬॥

**અર્થ**—લગ્નનો સ્વામી આઠમા ભાવમાં શુષ્કરાશી (૧-૫-૯-૨-૬-૧૦)માં હોય તો શરીરે બહુ દુઃખીને દુર્બળ થાય છે અથવા લગ્નનો સ્વામી નવમાંશ કુંડળીમાં જે રાશીમાં બેઠો હોય, તે રાશીનો સ્વામી શુષ્ક ગ્રહ, (સૂર્ય, મંગળ, શનિ,) હોય તો પણ દુર્બળ શરીરવાળો ને દુઃખી થાય છે. ॥૧૬॥

લગ્નેશે યદિ રિઃફગે દિનકરં સ્થારાત્રિનાથાન્વિતે ।

જાયાવાન્ બહુરોમવાન્ કૃશતનુઃ સંરક્ત ગૌર્દ્યુતિઃ ॥૧૭॥
લગ્નર્ક્ષા દરિનાથ પેનચયુતે જાતોઽસિતાઙ્ગાંયદા ।
સાહાલગ્નપતૌ તુ વન્યન વિષાદ્ભીતિંસમેતિ ધ્રુવમ્ ॥૧૮॥

**અર્થ**—સૂર્ય જે ભાવમાં બેઠો હોય, તે ભાવથી છઠ્ઠા ભાવના સ્વામી સાથે લગ્નનો સ્વામી બારમા ભાવમાં બેઠો હોય, તો તે પુરૂષ સ્ત્રીના સુખવાળો, બહુ રૂંવાટાંવાળો, દુર્બળ શરીરવાળો, ને લાલગૌર રંગની કાંતિવાળો થાય છે.

લગ્નનો સ્વામી લગ્નથી છઠ્ઠા ભાવના સ્વામી સાથે બારમે બેઠો હોય તો તે માણસ કાળા રંગનો થાય છે. અને લગ્નનો સ્વામી રાહુ સાથે હોય, તો કોઇ દગાબાજ દુઃશ્મનોની ઠગાઈથી વિષના ભયને પામશે. ॥૧૭–૧૮॥

લગ્ને શુભેશોભન દૃષ્ટિયુક્તે બાલ્યાત્સુખંતન્નહિ પાપયોગાત્ ।
દુઃખીભવેત્પાપબહુત્વયોગેલગ્નેતુબાલ્યાન્મરણાન્તમાહુ ॥૧૯॥

**અર્થ**—લગ્નમાં શુભગ્રહ, શુભગ્રહોની દૃષ્ટિવાળો હોય અને લગ્નમાં એક પાપગ્રહ ન હોય, તો તે માણસ જન્મથી સુખી થાય, પણ લગ્નમાં બહુ પાપગ્રહો હોય તો બાલ્યાવસ્થાથી મરણ સુધી દુઃખ ભોગવે છે. ॥૧૯॥

લગ્ને સ્વામીક્ષિતે રાજા તત્પ્રિયો વા ધનીસુખી ।
સૌમ્યેક્ષિતેઽખલં સૌમ્યં પાપ દૃષ્ટેત્વશોભનમ્ ॥૨૦॥

**અર્થ**—લગ્નને લગ્નનો સ્વામી જોતો હોય તો રાજા યા રાજાનો પ્રધાન યા રાજાની પ્રીતિથી સુખ, અને ધન-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાન થાય છે પણ લગ્નને શુભગ્રહો જોતા હોય તો શુભ ફળ અને પાપગ્રહો જોતા હોય તો અશુભ ફળ મળે છે.

સુખી લગ્નેઝ્યાદિ દષ્ટે સર્વ દષ્ટેનૃપો ભવેત્ ।
લગ્નેત્રયઃ શુભોરાજા દુઃખી પાપ ગ્રહાસ્રયઃ ॥૨૧॥

**અર્થ**—લગ્નને બે અથવા વધારે શુભગ્રહો જોતા હોય તો સુખી થાય છે અને સર્વ ગ્રહો જોતા હોય, યા લગ્ને ત્રણ શુભગ્રહ હોય તો રાજા થાય અથવા રાજ્ય સમાન સુખને ભોગવનારો થાય છે અને લગ્નમાં ત્રણ પાપગ્રહ હોય તો ઘણો દુઃખી થાય છે. ॥૨૧॥

ચોપાઈ

પ્રથમ ભાવે મંગળ શનિ જાય, માથે ઘા નિશાની થાય,
મંગળ કે શનિ એકજ હોય, તો પણ ઘા તો તેનો હોય.
પ્રથમ ભાવે મંગળ થાય, વૃદ્ધ ઉંમરે જુવાન જણાય,
બલવંતો તે નર માન, કુટુંબ કલેશી તેને માન.
પહેલા ભાવે ગુરૂ જીવશે, મીઠી વાણી તેની થશે,
મીઠી વસ્તુ તે બહુ ખાય, સહુ જનને તે પ્રિય મનાય.
શુક્ર ચંદ્ર સંગે થાય, પહેલા ભાવે તે તો જાય,
ખાટી વસ્તુ તે બહુ ખાય, મનથી પણ તે ખાટો મનાય.
શનિ કેતુનો લગ્ને વાસ, તીખી વસ્તુનો તે નર દાસ,
મરી મસાલા મરચી બહુ ખાય, તેનું જીવન તિખુ ગણાય.
મંગળ શનિ લગ્ને કરે વાસ, તે નર દંભી દુર ગુણી ખાસ,
વેશ્યા ગામી કામી થાય તે નર પુરો જુગારી ગણાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# બીજા ભાવનું ફળ

**જાતકાભરણ—**

વસંતતિલકા. વૃ.

स्वर्णादिधातुक्रयविक्रयश्च रत्नादिकोशोपिचसंग्रहश्च ।
अेतत्समस्तंपरिचिंतनीयं धनाभिधानेभवने सुधीभिः ॥

સુવર્ણ (સોના)ને આદિ લઇને ધાતુઓનો ક્રયવિક્રય (લેવડ દેવડ) રત્ન તથા ધનનો સંગ્રહ એ સઘળું ધન (બીજા) ભાવમાં પંડિતોએ જોયું.

**વૃદ્ધહોરા પ્રકાશ—**

अशुभखेटयुतंधनमंदिरं भवतिनाविधनंस्वजनोज्झितं ।
मुखविकारयुतोमुखरेःशठो नृपतिचौरजनाच्चधनक्षयं ॥
शुभखलाश्चघनेयदिमिश्रिताः बहुतरःसमसाध्यधनःपुमान् ।
स्वजनतःकलहंभयमग्नित स्तदनुवृद्धिरतिक्षयतस्ततः ॥
तनुगताश्चशुभाःव्ययगाःखला स्तदनुमिश्रखगाधनभावगाः ।
स्थिरधनंनहितस्यकरेस्थितं गतधनंपुनरेवधनागमः ॥

બીજે પાપગ્રહ હોય તો ધન વિનાનો પોતાના માણસોએ તજેલો મોઢાનો રોગી વાચળ શઠ, ને રાજા કે ચોરથી ધનનો નાશ થાય.

બીજે શુભને પાપગ્રહો હોય તો ઘણી મહેનતે ધન મળે. પોતાના માણસોથી કલેશ થાય, અગ્નિનો ભય, ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પહેલું ધન મળે પછી ધન નાશ થાય છે.

પહેલે શુભ ગ્રહ હોય ને બારમે પાપગ્રહ હોય ને ધન ભાવમાં મિશ્રિત ગ્રહ હોય તો તે માણસનું ધન રહેતું નથી. ધન મળે છે, ને નાશ થાય ને પાછુ મળે છે.

ભાવ કુતુહલ—

धनाधिपोमाननवायभावे बलीयदातिष्ठतिजन्मकाले ।
रमाविहारालयवासीनीवा निजोच्चमित्रालयगोजनानाम् ॥

બીજાનો સ્વામી ૧૦, ૯, કે ૧૧ મે બળવાન હોય કે ધનેશ સ્વગ્રહી ઉચ્ચ કે મિત્રના ઘરનો હોય તો લક્ષ્મી વાળો થાય છે.

સારાવલી—

शुक्रः कुटुंब भवने चंद्रेण निरिक्षितः ।
प्रधन दाता सौम्यग्रहेणदृष्टः सवएवधनदःसदाज्ञेयः ॥

બીજે શુક્ર હોય ને ચંદ્ર જોતો હોય તો ધનવાન થાય ને શુભ ગ્રહ જોતા હોય તો નિરંતર ધનનું સુખ રહે.

સર્વાર્થ ચિંતામણિ—

सद्योधनी धनेशेन कर्मनाथोयुतोयदि ।
कर्मेशस्थांशपतिना लाभानाथस्तदाविदुः ॥१॥

लग्नस्थेधनराशिस्थे लाभेशेकर्मसंयुते ।
धनेश स्यांशपेसौम्ये धनीकोनामतोभवेत् ॥२॥

सहस्त्रनिष्कभर्तास्या ल्लग्नेस्थ नवांशये ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

धनेशस्यांशये सौम्ये गुरुणा वा नीरीक्षिते ॥३॥
ल्लग्नेशे धनराशिस्थे लाभेशे कर्मसंयुते ।
लाभाधिपेनसंद्रष्टे गुरुणा वा निरिक्षिते ॥४॥
सहस्त्र निष्क भर्तास्या ल्लग्नेशस्थनवांशये ।
गोपुरां शगते कर्म नाथेन सतीविक्षिते ॥५॥
कर्मेश संयुक्त नवांशनाथ संयुक्त सप्तांशपतौत्रलाढये ।
शुक्रेणदेवेंद्रपुराहितेन द्रष्टेसहस्त्रद्वयनिष्कभर्ता ॥६॥
गुरौलग्नेश संयुक्ते धने वैशेषिकांशके ।
केंद्रत्रिकोणगेवापि तदूर्ध्वं वित्तमश्नुते ॥७॥
लक्षध्वय घनंयाति चतुष्केंद्रे शुभान्विते ।
सिंहासने धनेशेपि सतीद्वारा वतांशके ॥८॥
तदूर्ध्ववितपःस्यातु धनलाभयतियदा ।
वृद्धिकेंद्रगतौतौ चेद्‌बलिनौ भाग्यपस्तथा ॥९॥
लग्नांश नाथ भाग्येशाः परमोच्चाश संयुताः ।
वैशेषिकांशेलाभेश स्तदाकोटीश्वरोभवेत् ॥१०॥
ऋणग्रस्तोधने पापे लग्नेशे व्यय संयुते ।
कर्मेशेलाभ नाथेन युते दृष्टे विशेषतः ॥११॥
दिनेशहरलुप्तस्तु धनेशोनीचराशिगः ।
पापान्वितेधनेरंध्रे ऋणग्रस्तोभवेन्नरः ॥१२॥

બીજાનો ને દશમાનો સ્વામી ભેગા હોય તો તત્કાળ ધન મળે તેમજ દશમાનો સ્વામી નવમાંશમાં જે રાશિનો હોય તેનો સ્વામી ને લાભ ભાવનો સ્વામી સાથે રહ્યા હોય તો પણ તત્કાળ ધન મેળવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો માલિક ધન ભાવમાં હોય ને લાભનો માલિક દસમા ભાવમાં હોય તો ધનવાન થાય ને ધનેશ શુભ ગ્રહના નવમાંશમાં હોય તો ધનવાન થાય.

લગ્નેશ ને ધનેશ શુભગ્રહના નવમાંશમાં ને ગુરૂ જોતો હોય તો તે માણસ હજાર મ્હોરનો માલિક થાય.

લગ્નેશ બીજે હોય ને લાભેશ દસમે હોય ને લાભેશ કે ગુરૂ જોતો હોય તો તે હજાર સોના મહોરનો માલિક થાય.

લગ્નેશના નવમાંશનો પતિ ગોપુરાંશમાં હોય ને દશમેશ જોતો હોય તો હજાર સોનામોહોરનો માલિક થાય.

કર્મેશ જે નવમાંશમાં હોય તેનો પતિ જે સપ્તમાંશમાં હોય તેનો પતિ–બળવાન હોય અને શુક્ર ગુરૂ જોતા હોય તો તે બે હજાર મહોર મેળવે.

લગ્નેશ ગુરૂ સાથે ધનમાં હોય ને તે વૈશેષિકાંશમાં હોય અથવા કેંદ્ર કે ત્રિકોણમાં પડયા હોય તો દસ હજાર મોહોરોથી વધારે ધનવાળો હોય છે.

જેના ચાર કેન્દ્રમાં શુભગ્રહો હોય અને ધનેશ સિંહાસનાંશમાં અથવા પારાવતાંશમાં હોય તો તે બે લાખ મહોરનો માલીક થાય.

ધનેશ ને લાભેશ બળવાન થઈને ૩, ૬, ૧૦, ૧૧, ૧૨, ૪, ૭, મા ભાવોમાં પડયા હોય તેમજ ભાગ્યનો પતિ બળવાન હોય તો બે લાખ કરતાં વધારે મોહોરોનો માલિક થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નના નવમાંશનો સ્વામી ને ભાગ્યેશ પરમ ઉચ્ચમાં હોય અને લાભેશ વૈશેષિકાંશકમાં હોય તો કરોડપતિ થાય.

બીજે પાપગ્રહ હોય અને લગ્નેશ બારમે હોય ને અગીયારમાના સ્વામીએ જોયેલો કે દશમાના સ્વામી યુક્ત હોય તો દેવાદાર થાય.

ધનેશ અસ્તનો ને નીચ રાશિનો હોય ને બીજે આઠમે પાપગ્રહ હોય તો દેવાદાર થાય.

બૃહત્પારાશર હોરા શાસ્ત્ર—

षष्टाषष्टमे् व्ययस्थेषु धनलाभाधिपौ स्थितौ ।
लाभे कुंजे धने राहौ राज दंडा द्धन क्षयः ॥

कुटुंबनाथे परमोच्च युक्ते देवेंद्र पूज्येच समीक्षीतेवा ।
तथाविधेतद्भवनेभिजातः सहस्र रक्षो भुवन प्रतापी ॥

વિત્તાયો દ્યરાશય: પતિ યુતા રિત્તાધિકો જાય તે ।
લાભસ્થૌ ધનલાભપૌનિજ સુરતતુંગાદિગૌ ચેત્તથા ॥૧॥
તદ્વલ્લાભ ધનાધિપૌ તનુગતાવન્યોન્ય મિષ્ટ ગ્રહૌ ।
લગ્નેશે ધનલાભ રાશિપયુતે લગ્ને બહુ દ્રવ્યવાન્ ॥૨॥

**અર્થ**—ધન (૨) ભાવમાં અને લગ્ન (૧) ભાવમાં પોતાના સ્વામી બેઠા હોય અથવા ધનનો અને લાભ (૧૧) નો સ્વામી બન્ને અગીયારમે યા મિત્રના ઘરમાં કે ઉચ્ચ રાશિમાં હોય અથવા અગીયાર અને બીજાનો સ્વામી મિત્ર ગ્રહ થઈ લગ્નમાં હોય અને લગ્નનો સ્વામી બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવનાને અગીયારમા ભાવના સ્વામી સાથે લગ્નમાં હોય તો બહુ ધનવાન થાય છે. ॥ ૧-૨ ॥

ધનોપયાતઃ પ્રથમોર્થદર્શી ગ્રહોદ્વિતીયો ધનપ્રસ્તુતીયઃ ।
તત્પાક ભુક્તૌ ધન લાભ મેતી ક્રમેણ તત્કારકવર્ગ મૂલાત્ ॥૩॥

**અર્થ**—ધન ભાવમાં રહેલો ગ્રહ અને ધન ભાવને દેખાતો ગ્રહ તેમ ધન ભાવનો સ્વામિ, એ ત્રણ ગ્રહો, પોતપોતાની દશા અન્તર્દશામાં; ધનનાકારક ગ્રહના અનુસાર ધનનો લાભ આપે છે. ॥ ૩ ॥

દ્વિતીયે દુર્બલે સૌમ્યેદ્રન્દ્વયુદ્ધ હતો ભવેત્
જીવાર્થે સૌ દુર્બલૌ વા પવનવ્યાધિ માન્નરઃ ॥૪॥

**અર્થ**—બુધ બીજે ભાવે નિર્બળ હોય તો તે માણસ મહાયુદ્ધમાં માર્યો જાય છે. ગુરૂ અને બીજાનો સ્વામી નિર્બળ થઈ બીજા ભાવમાં હોય તો તેને વાયુનું દરદ થાય છે. ॥ ૪ ॥

રાહુ દ્વિતીય ગૃહપૌ સહ જેશ યુક્તૌ
જાતઃ સમેતિ ગલરોગ મતીવ કષ્ટમ્ ।
દારિદ્રય દૌ રવિ શનિ ધનરાશિયાતૌ
ભૌમાર્કજૌ સકલરોગ કરૌ ભવેતામ્ ॥૫॥

**અર્થ**—રાહુ અને બીજા ભાવનો સ્વામી ત્રીજા ભાવના સ્વામી સાથે હોય, તો ગળાનું સખત દરદ થાય છે. અને બીજા ભાવમાં સૂર્ય અને શનિ હોય તો દરિદ્રતા ઊત્પન્ન

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કરે છે. યા બાજા ભાવમાં મંગળ અને શનિ હોય તો દરેક જાતનાં દરદ ઊત્પન્ન કરે છે. ॥૫॥

વાગ્ભાવેશે ગુરૂયુતે નાશસ્થે મૂકતા ભવેત્ ।
દોષ કૃન્નતુ સર્વત્ર સ્વોચ્ચ સ્વર્ગગતો ગ્રહઃ ॥૬॥

**અર્થ**—બીજાનો સ્વામી આઠમા ભાવમાં ગુરૂ સાથે હોય તો તે માણુસ મૂંગો થાય છે. દરેક બાબતમાં જ્યારે ગ્રહ ઉચ્ચનો હોય, અથવા પોતાના સ્થાનમાં હોય, તો ઉપર જણાવવામાં આવેલું માઠું પરિણામ આવતું નથી.

ધનમાં ગુરૂસ્વગ્રહી યા ઊંચ રાશિનો થાય ।
લક્ષ્મીવંતો જાણીયે સંશય નહીં રખાય ॥૭॥

**અર્થ**—ધન સ્થાનમાં ગુરૂ સ્વગ્રહી હોય, યા ઉચ્ચ રાશીનો હોય તો તે માણુસ ધનવાળો થાય છે એમાં સંશય નથી. ॥૭॥

બીજે ચોથે શુભગ્રહ, ધન અગીયારે જાય ।
લક્ષ્મીવંત એ અતિ ઘણો, મદમાતો નર થાય ॥૮॥

ધન અગીયારે જઇ વસે, અગીયાર ધનમાં જાય ।
શુભ દષ્ટિ સંયોગથી, અનગળ લક્ષ્મી પાય ॥૯॥

**અર્થ**—બીજા અને ચોથા ભાવમાં શુભગ્રહ હોય, અને ધન ભાવનો સ્વામી અગિયારમા ભાવમાં હોય, તો એ માણુસ ઘણો લક્ષ્મીવાળો થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધન એટલે બીજા ઘર (ભાવ) નો માલીક અગીયારમા ભાવમાં અને અગીયારમા ભાવનો માલીક બીજા ભાવમાં જાય, અને શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો પુષ્કળ લક્ષ્મીવાળો થાય છે. ॥ ૮–૯ ॥

લગ્ને શુક્ર બુધ તો, ધનમાં ગુરૂ જો થાય ।
લોક પુજીત તે નર થશે, લક્ષ્મીવંત લેખાય ॥૧૦॥

**અર્થ**—લગ્નમાં શુક્ર અને બુધ હોય, બીજા ભાવમાં ગુરૂ હોય, તો તે માણસ પૈસાવાળો લોકોને પૂજવા લાયક થાય છે. ॥ ૧૦ ॥

ધનેશ એક ચાર દશમાં, યા નવમાં જઈ પટકાય ।
શુભગ્રહ દ્રષ્ટિ સંગથી, લક્ષ્મીવંત લેખાય ॥૧૧॥

**અર્થ**—બીજા ભાવનો સ્વામિ પહેલા, ચોથા કે દશમા ભાવમાં જાય અથવા નવમા ભાવમાં જાય, અને શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો તે માણસ ધનવાન થાય છે. ॥ ૧૧ ॥

ધનભાવનો સ્વામિ જે, ત્રિકોણ કેન્દ્રે જાય ।
શુભગ્રહ દ્રષ્ટિ સંગથી, બુધ્ધિવંત નર થાય ॥

કોઈપણ સ્થાને મંગળો, જો ગુરૂ સંગે જાય ।
ધની નર તે જાણીયે, શુભદ્રષ્ટિ યોગે થાય ॥૧૨॥

**અર્થ**—કોઈપણ સ્થાને મંગળ, ગુરૂ સાથે હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને શુભ ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે માણસ ધનવાન થાય છે. ॥૧૨॥

રાહુ શુક્ર મંગળ શનિ, કન્યા રાશિ થાય ।
લક્ષ્મી તે નરને વરે, પ્રેમ થકી પટકાય ॥ ૧૩॥

**અર્થ**—રાહુ, શુક્ર, મંગળ અને શનિ જો કન્યા રાશિમાં હોય તો તે માણસની પાસે લક્ષ્મી પ્રેમથી સદાના માટે ટકી રહે છે.॥ ૧૩॥

બુધ દ્રષ્ટિના યોગથી, ધનમાં જો શનિ જાય ।
ધનની તો વૃદ્ધિ કરે, નિદ્રા સુખથી થાય ॥૧૪॥

**અર્થ**—ધન ભાવમાં શનિ હોય, અને તેના ઉપર બુધની દૃષ્ટિ પડતી હોય તો ધનનો વધારો કરે છે જેથી તે માણસને સુખેથી નિંદ્રા લેવાય છે. ॥ ૧૪ ॥

ધનમાં ગ્રહ હોય બળી, ધનકાર ઉચ્ચમાં હોય ।
લક્ષ્મી તે નરને વરી, મરતાં સુધી જોય ॥૧૫॥

**અર્થ**—ધન સ્થાનમાં બળવાન ગ્રહ હોય, અને ધનનો સ્વામિ ઉચ્ચ રાશિમાં હોય તો તે માણસને મરતાં સુધી લક્ષ્મી તેના આધિન રહે છે. ॥ ૧૫ ॥

ધનેશ વસે જો લગ્નમાં, લગ્નેશ ધનમાં જાય ।
અણચિંતવી લક્ષ્મી મળે, ચિંતા શીદ રખાય ॥૧૬॥

**અર્થ**—બીજા ભાવનો સ્વામિ લગ્નમાં હોય, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો સ્વામિ બીજા ભાવમાં હોય તો તેને ઓચિંતુ ધન મળે છે. ॥ ૧૬ ॥

ચંદ્ર અથવા શુક્રની, બીજે દ્રષ્ટિ હોય ।
અથવા બુધની દ્રષ્ટિયે, અતિ ધની તો જોય ॥૧૭॥

**અર્થ**—ચંદ્ર અથવા શુક્રની અથવા બુધની જો બીજા ભાવ ઉપર દૃષ્ટિ હોય તો તે ઘણો ધનવાળો થાય છે. ॥ ૧૭ ॥

બીજે અગીયારે વસે, અગીયારો બીજે જાય ।
યા એક ચાર સપ્ત દસથી, લક્ષ્મીવંત લેખાય ॥૧૮॥

**અર્થ**—બીજા ભાવનો સ્વામી અગીયારમા ભાવમાં જાય તો લક્ષ્મીવાળો થાય છે અથવા બીજા ભાવનો સ્વામિ પહેલા, ચોથા, સાતમા, અને દશમા ભાવમાં જાય તો ણ લક્ષ્મીવંત થાય છે. ॥ ૧૮ ॥

લગ્નેશ હોય જો ધનમાં, ધન અગીયારે જાય ।
અગીયારો લગ્ને વસે, અતિ ધની નર થાય. ॥૧૯॥

**અર્થ**—લગ્નનો સ્વામી બીજા ઘરમાં હોય, બીજા ઘરનો સ્વામી અગીયારમા ઘરમાં હોય અને અગીયારમા ઘરનો સ્વામી લગ્નમાં હોય તો તે માણસ ઘણી લક્ષ્મીને ભોગવવાવાળો થાય છે. ॥ ૧૯ ॥

ધનનો સ્વામિ કેન્દ્રમાં, ચંદ્ર શુક્ર સંગે હોય ।
ચાંદી પાત્રે ભોજન કરે, બાકી પછી શું જોય ॥૨૦॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ ચંદ્ર શુક્ર સંગથી, સોનાપાત્ર જાણ ।
શનિ સંગના યોગથી, લોઢાપાત્ર માન ॥૨૧॥

**અર્થ**—ધન સ્થાનનો સ્વામી કેન્દ્રસ્થાનમાં ચંદ્ર, શુક્રની સાથે હોય તો તે માણસ પૈસાવાળો ચાંદીના વાસણમાં ભોજન કરનારો થાય છે. જો ધનસ્થાનનો સ્વામી ગુરૂ, ચંદ્ર, અને શુક્રની સાથે હોય તો સોનાના પાત્રમાં ભોજન કરવાવાળો થાય છે, અને શનિની સાથે હોય તો લોઢા જેવા પાત્રમાં ભોજન કરવાવાળો થાય છે. ॥૨૦-૨૧॥

ગુરૂ ધનમાં જો જઇ રહે, શુભગ્રહ દ્રષ્ટિ હોય ।
ધારેલું ધન મેળવે, ચિંતા કશુ નવ જોય ॥૨૨॥

**અર્થ**—બીજા ભાવમાં ગુરૂ હોય અને તેના ઊપર શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો તે માણસ ધારેલું ધન મેળવે છે અને ધન સંબંધી તેને ચિંતા રહેતી નથી. ॥૨૨॥

બીજે રહેલા શુક્રને, શુભ સંગનો હોય ।
અથવા બુધની દષ્ટિયે, લક્ષ્મીવંતો જોય ॥૨૩॥

**અર્થ**—બીજા ભાવમાં શુક્ર શુભ ગ્રહની સાથે હોય અને બુધની દૃષ્ટિ હોય તો ધનવાન થાય છે. ॥૨૩॥

લગ્નેશ જઈ રહે ધનમાં, લક્ષ્મીવંત અતી થાય ।
પાપી સંગયા નીરબળી, લક્ષ્મીનું દુઃખ પાય. ॥૨૪॥

**અર્થ**—લગ્નનો સ્વામી બીજા ભાવમાં હોય તો ઘણી લક્ષ્મીવાળો થાય છે. અને પાપી ગ્રહો અથવા નીર્બળ ગ્રહો ધનસ્થાનમાં હોય તો પૈસાનું દુઃખ થાય છે. ॥૨૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનેશ છ આઠ બારમાં, બારો બીજે જાય ।
અગીયાર ખટ આઠે વસે, નીરધન નર એ થાય ॥૨૫॥

**અર્થ**—ધન સ્થાનનો સ્વામી છ, આઠ, અને બારમા સ્થાનમાં જાય અથવા બારમા સ્થાનનો સ્વામી બીજા સ્થાનમાં જાય; અથવા અગીયાર, છ, યા આઠમા ભાવ (સ્થાન)માં જાય તો એ માણસ ધન વગરનો થાય છે. ॥૨૫॥

ધન સ્વામી હોય નીરબળી, બારે ગુરૂ જો જાય ।
લગ્ને શુભગ્રહ દૃષ્ટિ બીન, નિરધન નર એ થાય ॥૨૬॥

**અર્થ**—ધન સ્થાનનો સ્વામી નીર્બળ હોય, અને બારમા ભાવમાં ગુરૂ હોય, તેમજ લગ્ન ઊપર શુભ ગ્રહોની દૃષ્ટિ ન હોય તો એ માણસ ધન વગરનો થાય છે. ॥૨૬॥

સૂર્ય શનિ કે મંગળો, જો કરે ધનમાં વાસ ।
અથવા દૃષ્ટિ ધનપર કરે, ધનનો કરતા નાશ ॥૨૭॥

**અર્થ**—સૂર્ય શની કે મંગળ બીજા ધન ભાવમાં હોય અથવા તે ગ્રહો ધનભાવ ઊપર દૃષ્ટિ કરતા હોય તો ધનનો નાશ થાય છે. ॥૨૭॥

નારી રાશિ ધન ભાવમાં શનિ રાહુ સંગે થાય ।
નાટક ચેટક ધન નાસ્તી, શોખમાં લક્ષ્મી જાય. ॥૨૮॥
મંગળ બુધના યોગથી, વેશ્યા સંગ ધન નાશ ।
અથવા ગાયન શોખથી, યા રૂધીર વીકારે વિનાશ. ॥૨૯॥

**અર્થ**—ધનભાવમાં નારી રાશિ એટલે બેકી રાશિનો આંક હોય અને શનિ, રાહુ સાથે હોય તો નાટક, ચેટકના શોખથી લક્ષ્મીનો નાશ થાય છે. અને મંગળ, બુધ સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તો વેશ્યાના સંગથી ધનનો નાશ થાય છે, અથવા ગાયન શોખથી અથવા લોહી વિકારથી લક્ષ્મીનો નાશ થાય છે. ॥ ૨૮-૨૯ ॥

સૂર્ય શનિ ને શુક્રો, જો કરે ધનમાં વાસ ।
ભીખ માગે શિવ શંકરો, મનુષ્યની શી આશ ॥૩૦॥

**અર્થ**—સૂર્ય, શનિ અને શુક્ર જો ધન સ્થાનમાં હોય તો શંકર જેવા સમર્થ પુરુષો પણ ભીખ માગે છે, તો મનુષ્ય ભીખ માગતો થાય એમાં કંઈ નવાઈ જેવું નથી. ॥ ૩૦ ॥

સૂર્ય શનિ ને મંગળો, સંગે ધનમાં જાય ।
શુભગ્રહ દ્રષ્ટિ સંગબીન, ધનનો નાશ જ થાય ॥૩૧॥

**અર્થ**—સૂર્ય, શનિ ને મંગળ એ ત્રણે સાથે ધન સ્થાનમાં હોય તો તે ધનનો નાશ કરે છે. ॥ ૩૧ ॥

ધનમાં ચંદ્ર મંગળો, શનિ દષ્ટિયે હોય ।
ધનનો તો નાશ જ કરે, પામર સમ નર જોય ॥૩૨॥

**અર્થ**—ધન સ્થાનમાં ચંદ્ર, મંગળ હોય, અને શનિની દૃષ્ટિ હોય તો ધનનો નાશ કરે છે. ॥ ૩૨ ॥

સાત થકી બાર જ ભણી, સર્વ ગ્રહ જો જાય ।
સકલ કાર્ય સિધ્ધ કરે, મનનું ધાર્યું થાય ॥૩૩॥

**અર્થ**—સાતમા સ્થાનથી તે બારમા સ્થાન સુધીમાં જો બધા ગ્રહો હોય તો ધન સંબંધી ધારેલા સર્વ કાર્યોની સિદ્ધ થાય છે. ॥ ૩૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ અથવા ચંદ્રમા, બે યા દશમે હોય ।
લક્ષ્મીવંત એ નર થશે, શુભકારી નર જોય ॥૩૪॥

**અર્થ**—ગુરૂ અથવા ચંદ્રમા બીજા ભાવે અથવા દશમા ભાવે હોય તો તે માણસ લક્ષ્મીવાળો થાય છે. ॥ ૩૪ ॥

ધન સ્વામી ધન દેખતા, ધનમે શુભ ગ્રહ હોય ।
ધન ધની એ હોત હે, શુભ દ્રષ્ટિયે અતિ જોય ॥૩૫॥

**અર્થ**—ધન ભાવનો સ્વામિ ધન ભાવને જોતો હોય અને ધન ભાવમાં શુભ ગ્રહો હોય, તો તે માણસ ધનનો માલીક થાય છે. અને તેના ઉપર શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો વધારે ધનવાળો થાય છે. ॥ ૩૫ ॥

ધનેશ હોય શુભ સાથમાં, ધનને દૃષ્ટિ દેત ।
સોળ પછી સુખ ભોગવે, થાય ઘણો ભાગ્યેશ ॥૩૬॥

**અર્થ**—ધન સ્થાનનો સ્વામિ શુભ ગ્રહોની સાથે હોય અને ધન સ્થાનને જોતો હોય તો સોળ વરસ પછી લક્ષ્મીનું સુખ ભોગવનારો થાય છે અને ભાગ્યશાળી ગણાય છે. ॥ ૩૬ ॥

## ચોપાઈ

ચોવીસ અઠાવીસ છત્રીસ લેખ, અડતરી બેતાલીસને દેખ,
બીજે ચંદ્ર મંગળ શનિ વાસ, એ વર્ષે ધન કરતા નાશ.
શનિ મંગળ કે રાહુ સાથ, ધન સ્વામીનો હોય સંગાથ,
નવ યા પાંચે સંગ જ કરે, ધન તેનુ રાજ કોપે ટળે.
ધનેશ સૂર્યે ને પાપી સાથ, રાજ કોપનો ભય તેને ખાસ
રાજ ભયથી દેહે દુઃખ થાય, ઇજ્જત આબરૂ તેની જાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજે લગ્નેશ સંગે થાય, ખટ અષ્ટ કે બારે જાય,
દેહથી કડી ટુટે સહી, એક વાત તો મિથ્યા નહી.
ધનેશ લગ્ને કરશે વાસ, શનિ મંગળ કોઈ સ્થાને વાસ,
કાન ફાટે યા ફુટી જાય, આ જ્યોતિષ ખોટુ કેમ મનાય.
ખટ ધન પતિ લગ્ને જાય, શનિ મંગળ જો બારે થાય,
જ્યોતિષી એમ બોલે અહીં, કાન ફાટે યા ફુટે સહી.
રાહુ શનિ બીજે કરે વાસ, મલેચ્છ જાતિથી થાય વિનાશ,
બીન કારણે ટંટો કરે, ફોજદારીમાં ધનને હરે.

## દુહા

સૂર્ય બુધ સંગે મળી, બીજે કરતા વાસ,
અઠ્ઠાવીસથી બતરી લગી, ધનનો કરે વિનાશ.
બીજે મિથુન રાશીમાં કરતા બુધદેવ વાસ,
પુત્રી કબજે ધન રહે, પિતા કરે વિશ્વાસ.
બીજે વૃશ્ચિક રાશીમાં, સૂર્ય મંગળનો યોગ,
સ્ત્રી ધન સંભાળતી, કે સાળાના સંજોગ.
બીજે ધન રાશી સંગમાં, ગુરૂ સૂર્યનો યોગ,
પુત્ર કબજે ધન રહે, એ સંચીતકર્મ સંજોગ,
બીજે વૃશ્ચિક રાશીમાં, ચંદ્ર કરે નિવાસ,
છબીસ વર્ષની ઉંમરે, સનેપાત રોગની આસ.
બીજે બુધને મંગળો, આઠે ચંદ્ર જાય,
ચોવી અઠ્ઠાવીસ બતરી લગી, ધન નાસ્તિ થાય.
ખટ આઠ કે બારમાં, બીજે જઈ કરે વાસ,
ધન પિતાનું ધૂળ કરે, પુત્ર ધન કરે ખલાસ.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

# ત્રીજા ભાવનું ફળ

## જાતક ભરણ—

વસંતતિલકા વૃત્ત.

सहोदराणाभथ किंकराणां पराक्रमाणामुप जीविनांच ।
विचारणा जातक शास्त्रविद्भि स्तृतीयभावे नियमेनकार्या ॥ ॥

સહોદર (ભાઈ ભાંડુનું) ને નોકરનું સુખ પરાક્રમ આજીવિકા એ બધું જાતકશાસ્ત્રને જાણનાર પંડિતોએ નિયમ વડે વિચાર કરીને ત્રીજા ભાવમાં જોવું.

## માનસાગરી પદ્ધતિ—

અનુષ્ટુપ વૃ.

पापे स्तृतीयगैः सर्वैं बांधवै रहितो भवेत् ।
सौम्येश्वभ्रातृसंयुक्तः कीर्तियुक्तो धनप्रियः ॥ ॥

लग्नातृतीयभुवने शिखिना सहचंद्रमाः ।
लक्ष्मीवाल्लायतेबालो भ्रातृहीनेन संशयः ॥ ॥

आदौ जाताग्रविर्हंति पश्चात्भौम शनिश्वरौ ।
राहुणाचह्यु भौहंति केतुः सर्व निवारकः ॥ ॥

स्वक्षेत्रस्थोय दाराहु धंन स्थाने बृहस्पतिः ।
बुधेनच . समायुक्त स्तस्यबंधुययभवेत् ॥ ॥

लग्ने चंद्रोधन शुक्रो व्ययेच बुध भास्करौ ।
राहुश्चैतपंचमे बालः सभवेद् बंधुवधकृत् ॥ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

विलग्नस्थोयदाजीवो धने सौरीर्यदाभवेत् ।
राहुश्चसहजे स्थाने भ्राता तस्य न जीवती ॥ ॥
पुंग्रहोच्च स्थितोयस्य पत्रिकायां नरस्यच ।
तस्यंषष्टो भवेद्भ्राता चान्यथा भगिनिभवेत् ॥ ॥

ત્રીજે પાપગ્રહ હોય તો ભાઈઓનું સુખ હોતુ નથી. શુભગ્રહ હોય તો ભાઈઓનું સુખ કીર્તિ ને ધનવાળો થાય છે.

લગ્નથી ત્રીજે કેતુ સાથે ચંદ્ર હોય તો લક્ષ્મીવાળો અને ભાઈઓ વિનાનો થાય.

ત્રીજે સૂર્ય હોય તો મોટાભાઈનો નાશ કરે. મંગળ ને શનિ હોય તો નાના ભાઈનો નાશ કરે. ને રાહુ મોટા ને નાના સર્વેનો નાશ કરે ને કેતુ હોય તો હાની કરતો નથી.

ત્રીજે કન્યાનો રાહુ હોય, ગુરૂ બુધ બીજે હોય તો ત્રણ ભાઈઓનું સુખ આપે.

૧ લે ચંદ્ર બીજે શુક્ર, બારમે બુધ, સૂર્ય, ને પાંચમે રાહુ હોય તો બંધુને બંધન કરનાર થાય.

લગ્નમાં ગુરૂ, ધનમાં શનિ, ત્રીજે રાહુ હોય તો ભાઈઓનું સુખ હોય જ નહી.

ત્રીજે ઉચ્ચનો પુરૂષ ગ્રહ હોય તો છ ભાઈઓને સ્ત્રી ગ્રહ હોય તો છ બહેનોનું સુખ હોય છે.

**જાતકા ભરણુ—**

कुजेनद्रष्टे रविजे नुजस्थे नश्यंतिजाताःसहजाश्चतस्य ।

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

दृष्टेचतस्मिन्गुरुभार्गवाभ्यां राश्वन्छुभंस्यादनुजेष्कनूनम् ॥ ॥
सौम्येभूमितनयेनदृष्टः करोतिनाशं रविजोनुजानाम् ।
सशांक वर्गे सहजे कुजेन द्रष्टेसरोगाःसहजाभवेयुः ॥ ॥

ત્રીજે મંગળ ને શનિ જોતા હોય તો ભાઈઓનો નાશ થાય પણ જો ગુરૂ શુક્ર જોતો હોય તો નાના ભાઈઓનું સુખ થાય.

ત્રીજે શનિ હોય અને મંગળ બુધ જોતા હોય તો નાના ભાઇઓનો નાશ કરે. જો ચંદ્રની રાશિનો શનિ ત્રીજે હોય ને મંગળ જોતો હોય તો રોગવાળા ભાઇઓ થાય છે.

**વૃદ્ધહોરા પ્રકાશ—**

सहजभं शुभ खेटयुतेक्षीतं भवतीकिर्तियुतःस्वजनानुगः ।
सहजयुक्बहुमित्रसहोदरः सचनरःशुभसेवकयुक्भवेत् ॥ ॥
शुभनिजेश युते क्षित मग्निभं भवतिजेष्टसहोदरसौख्यभाक् ।
स्वपतिनानयुतंनचविक्षीतं नसुखमग्रसहोदरजंतदा ॥ ॥

ત્રીજે શુભગ્રહ હોય કે જોતા હોય તો કીર્તિવાન થાય, કુટુંબથી સુખી ને ભાઈઓનું સુખ, અને ઘણા મિત્રવાળો સારા ચાકરના સુખ યુક્ત હોય.

ત્રીજે પોતાના સ્વામીને શુભગ્રહ જોતા હોય, વા યુકત હોય તો મોટાભાઈનું સુખ આપે ને પોતાનો સ્વામી યુકત કે જોતો ન હોય તો સુખ આપતો નથી.

**જાતકરત્ને—**

मातृस्थाने स्थिते सूर्ये भ्रातृसौख्यं न जायते ।

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

कुटुंबे भ्रातृभिः सार्धं कलहः स्वरक्षे गे सुखम् ॥
भ्रातरश्चोत माज्ञेया श्चत्वारो यत्र यो थवा ।
भगिन्यो चोत्तमे त्वत्र विनष्टंचार्भक त्रयम् ॥
भ्रातृस्थाने स्थितेचंद्रे भ्रांतृसौख्यं समादिशेत् ।
निरोगौ भ्रातरौ ध्वौच भगिनि त्रय मेवच ॥
भ्रातृस्थानगते भौमे भ्रातृसौख्यं दुर्लभं ।
द्रष्टोच गुरुचंद्राभ्यां भ्रात्रैकः स्याच्छुभंप्रदः ॥
बुधे च सहज स्थाने द्रष्टिभिर्वा विलोकिते ।
भ्रातृणां भगिनिनां च सुखं तस्यमहद्भदेत् ॥

ત્રીજે સૂર્ય હોય તો ભાઈનું સુખ ન હોય ને કુટુંબથી કલેશ કરાવે પણ સિંહ રાશિનો હોય તો સુખ આપે. તે સિંહનો સૂર્ય ચાર કે ત્રણ ભાઈઓનું તથા બે બેનોનું સુખ આપે ને ત્રણ બાળક (સહોદર) નો નાશ કરે છે.

ત્રીજે ચંદ્ર હોય તો નીરોગી ભાઈઓ હોય ને ત્રણ ભાઈઓને-બહેનોનું સુખ હોય છે.

ત્રીજે મંગળ હોય તો નિરોગી ભાઇઓનું સુખ થવું દુર્લભ છે ને તેને ચંદ્ર ગુરૂ જોતા હોય તો એક ભાઇનું સુખ આપે.

ત્રીજે બુધ હોય કે જોતો હોય તો ભાઈ તથા બેનનું સુખ જાણવું.

જાતકરત્ને—

भ्रातृस्थाने भृगोः पुत्रैः भगिन्यो बहुलाः स्मृताः ।

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

भ्रातरश्चत्रयः प्रोक्ताः क्रूरेण निधनं गताः ॥
कुरेण विक्षिते युक्तो भ्रातर स्त्वन्य मातृजाः ।
कश्चित् नष्टोगतःकश्चि त्कश्चित्तस्य च वर्तते ॥
तृतीयस्थे सूर्य्यपुत्रे सिंहिका तनये थवा ।
भ्रातजन्यं सुखंनास्ति द्रष्टि भिर्वाविलोकिते ॥
सहज स्थोयदा राहु र्धनस्थाने बृहस्पतिः ।
बुधेन च समायुक्त तस्यबंधु त्रयभवेत् ॥

ત્રીજે શુક્ર હોય તો ઘણી બેનો થાય તથા ત્રણ ભાઇઓ થાય છે અને પાપગ્રહો જોતા હોય તો કેટલાકનો નાશ કરે છે.

ત્રીજે રહેલા શુક્રને પાપગ્રહના જોવાથી તથા ભેગા રહેવાથી ઓરમાન ભાઇઓ હોય છે તે મધ્યે કેટલાક નાશ થાય છે.

ત્રીજે શનિ કે રાહુ હોય કે જોતા હોય તો ભાઇ-ઓનું સુખ ન હોય.

ત્રીજે રાહુ ને બીજે ગુરૂ હોય ને બુધ તેની સાથે હોય તો તેને ત્રણ ભાઇઓનું સુખ હોય છે.

બૃહત્પરાશરહોરા—

भ्रातृ स्थानाधिपे केन्द्रे कारकेत त्रिकोणगे ।
जीवेनसहित श्चोच्चे संख्या द्वादश सोदराः ॥
व्ययेशेन युते भौमे गुरुणासहितोऽपिवा ।
भ्रातृस्थाने शशियुते सप्तसंख्यास्तु सोदराः ॥

ત્રીજાનો સ્વામી કેન્દ્રમાં ને તેનાથી ત્રિકોણુમાં ત્રીજાનો કારક ઉચ્ચનો ને બૃહસ્પતિ સાથે હોય તો બાર સહોદરવાળો થાય.

બારમાનો સ્વામી મંગળ કે શુક્ર સાથે હોય ને ત્રીજે ચંદ્ર હોય તો સાત ભાંડું થાય.

**સ્વાર્થ ચિંતામણી—**

धीरो भवेत् पिक्रमराशिनाथे सौम्येगृहांशेशुभखेटयुक्ते ।
तथैवतत् कारकखेचरेंद्रे सौम्यग्रहाणां भवनेतुशूरः ॥
युद्धाभिलाषी समरप्रवीणो वीर्येस्वरे सौम्ययुतेस्वतुंगे ।
वैशेषिकांशे बलपूर्णयुक्ते मृध्वंशगेवा विपरीतमन्यत् ॥
पापान्विते पापनीरीक्षितेवा वदंति कर्णोद्भवरोगमत्र ।
क्रूरादिषष्ट्यंशयुतेतदीशे कर्णस्यरोगं कथयंतितज्ज्ञाः ॥

ત્રીજાનો સ્વામી શુભ ગ્રહના નવમાંસમાં શુભ ગ્રહ યુક્ત હોય તો ધીરજવાન થાય ને ત્રીજાનો કારક ગ્રહ શુભગ્રહની રાશિમાં હોય તો શૂરો હોય છે.

ત્રીજાનો સ્વામી બુધની સાથે પોતાના ઉચ્ચમાં વૈશિષિકાંશમાં સંપૂર્ણ બળમાં કે મૃધ્વંશકમાં હોય તો તે પુરૂષ લડાઈમાં અભિલાષી ને લડવામાં ઘણો ચતુર હોય. આનાથી ત્રીજાનો સ્વામી વીપરીત હોય તો યુદ્ધની ઇચ્છા વિનાનો થાય.

ત્રીજામાં પાપગ્રહ હોય વા જોતા હોય તો કાનનો રોગી થાય. ત્રીજાનો સ્વામી ક્રૂરાદ્રિષષ્ટયાંશમાં હોય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ કાનનો રોગી થાય એમ પંડિતો કહે છે.

**ભવિષ્ય ભાવફળ—**

ત્રીજા ભાવનો સ્વામી જે મંગળ સંગે જાય।
અષ્ટ ભાવે ધર કરે ભાઇ નાસ્તિ થાય ॥૧॥

ત્રીજા ભાવનો સ્વામિ મંગળના સાથે આઠમા ભાવે હોય તો ભાઈયોનું સુખ નાશ થાય છે. ॥ ૧ ॥

પાપ ગ્રહનિ રાશિમાં, પાપિ સંગે હોય।
નાનો ભાઈ તો જન્મીને, મર્ણ પામે તે જોય॥૨॥

ત્રીજા ભાવે પાપિગ્રહની રાશી ૧,૮,૫,૧૦,૧૧ હોય અને તેમાં પાપગ્રહ સૂર્ય, મંગળ કે શનિ હોય તો નાનો ભાઈ મૃત્યુ પામે છે. ॥ ૨ ॥

ત્રીજે શુભ શુભ દ્રષ્ટિથી, લંબા આયુ પાય।
પાપી સંગ યા દષ્ટિથી મધ્યમ સુખીયો થાય ॥૩॥

ત્રીજા ભાવે શુભગ્રહ ચંદ્ર, બુધ, ગુરૂ યા શુક્ર, હોય ને તેમના ઉપર એ શુભગ્રહો પૈકાના કોઈ શુભગ્રહની દૃષ્ટિ હોય તો ભાઇયોનું લાંબુ આયુષ્ય જાણવું. પણ તે શુભ ગ્રહો ભેગા પાપગ્રહ હોય યા દષ્ટિ હોય તો ભાઇઓનું મધ્યમ સુખ હોય છે. ॥ ૩ ॥

ત્રીજે સૂર્ય ક્રુર દ્રષ્ટિયે, મોટા ભાઇનો નાશ।
ત્રીજે શનિ ક્રુર દાષ્ટયે, નાનો ભાઈ ખલાસ ॥૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજા ભાવે સૂર્ય પાપદષ્ટિમાં હોય તો મોટા ભાઇનો ને શનિ પાપ દષ્ટિમાં હોય તો નાના ભાઇનો નાશ કરે છે. ॥ ૪ ॥

ત્રીજે મંગળ ક્રુર દ્રષ્ટિયે, સર્વ ભાઈનો નાશ ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગથી, કંઈક જીવનની આશ ॥૫॥

ત્રીજા ભાવે મંગળ પાપગ્રહની દષ્ટિમાં હોય તો તમામ ભાઇયોનો નાશ કરે છે પરંતુ જો શુભગ્રહ ભેગો હોય યા તેની દષ્ટિ હોય તો કંઈક ભાઇયોનો બચાવ કરે છે.

ત્રીજાથી ત્રિકોણમાં, યા કેન્દ્રિ શુભ થાય ।
ભાઇયોનું સુખ ભોગવે, ક્રુર દ્રષ્ટિ સંગ દુખ પાય ॥૬॥

ત્રીજા ભાવથી ત્રિકોણમાં યા કેન્દ્રસ્થાનમાં જો શુભગ્રહો હોય તો ભાઈઓનું સુખ જાણવું અને તેના ભેગા જો પાપી (ક્રુર) ગ્રહ હોય યા દષ્ટિ હોય તો દુઃખ જાણવું. ॥૬॥

ત્રીજા સ્થાને સ્વગ્રહી, ચોથો સંગે હોય ।
ભાઈ વધારો નવ કરે, હોય તેટલા હોય ॥૭॥

ત્રીજે ચોથા સંગમાં, મંગળ ભેગા જાય ।
ભાઇયોની વૃદ્ધિ કરે, બીજાથી નવ થાય ॥૮॥

ત્રીજા ભાવનો સ્વામી ત્રીજા ભાવે ચોથા ભાવના સ્વામિ સાથે હોય તો ભાઈયોનો વધારો ન કરતાં જેટલા હોય તેટલાજ રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજાનો ને ચોથાનો સ્વામિ મંગળના ભેગા હોય તો ભાઇયોનો વધારો કરે છે, પણ મંગળ સિવાયના બીજા ગ્રહો ત્રીજા ચોથાના સ્વામી ભેગા હોય તો ભાઇઓનો વધારો કરતા નથી. ॥૭-૮॥

ત્રીજા ભાવે શનિ વસે, નાના ભાઇનો નાશ ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગથી, કંઇક જીવનની આશ ॥૯॥

ત્રીજા ભાવે શનિ નાના ભાઇનો નાશ કરે છે. જો શુભગ્રહની સાથે હોય યા દ્રષ્ટિવાળો હોય તો બચાવ થાય છે. ॥ ૯ ॥

પાપદષ્ટિ કે સંગથી, ત્રીજે સાતે જાય ।
ભાઈનાનો એક જ થશે, બાકી ભાઈ નવ થાય ॥૧૦॥

ત્રીજે લગ્ને જઈ વસે, યા તનુ સંગે ત્રીજે હોય ।
યા તનુ સંગે ત્રીજે સ્વગ્રહી, તો જોડલે જન્મ્યો જોય ॥૧૧॥

ત્રીજા ભાવનો સ્વામી સાતમા ભાવે પાપગ્રહના ભેગો કે દ્રષ્ટિવાળો હોય તો તેને એક નાનો ભાઇ થાય છે. તે સિવાય નાના ભાઈયોની આશા રાખી શકાય નહી.

ત્રીજાનો માલિક લગ્નમાં એટલે પહેલા ભાવે હોય, અથવા લગ્નના માલિક સાથે ત્રીજા ભાવનો સ્વામી હોય યા લગ્નનો માલિક અને ત્રીજા ભાવનો માલિક એ બંને ત્રીજા ભાવે હોય તો જોડલે બે ભાઈયો સાથે જન્મે છે. ॥ ૧૦-૧૧ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ત્રીજા ભાવનું ફળ.

### દુહા

ત્રીજે સૂર્ય મંગળો, જો જઇ કરતા વાસ; ।
ખાનીથી અઠ્ઠાવીસમાં, હાથ હાડકુ નાશ. ॥ ૧ ॥

ત્રીજે મકરયા કુંભમાં, હોય શનિ રાહુનો સાથ; ।
નખ બગડે તે નર તણા, તેના ભાઇયો હોવે નાશ. ॥ ૨ ॥

ત્રીજે શની ને મંગળો, હોય રાહુનો સંગાત; ।
બડા ભાઈને ભય કરે, અર્ધ અંગ રોગથી નાશ. ॥ ૩ ॥

ત્રીજે શુક્ર ઘર કરે, નવમે રાહુ વાસ; ।
બેન બગડે પર પ્રેમથી, ખોટા રોગે હોય વિનાશ. ॥ ૪ ॥

યાતો વિષ ભક્ષણ કરે, ભુરે બુરા વિચાર; ।
ભાઈને ભોંડો પાડતી, એ પૂર્વ સંચીત સાર. ॥ ૫ ॥

ત્રાજે રાહુ જઈ વસે, શનિ મંગળ બીજે વાસ; ।
ભાઈ રહીત આ ભાઈતો, યા ભાઇનો મૃત્યુ વાસ. ॥ ૬ ॥

લગ્ને ગુરૂના સંગમાં, તૃતીયાધિપતિ જાય; ।
ચાર પગના પશુથકી, તે નરને ભય થાય. ॥ ૭ ॥

લગ્ને જલ રાશિ વસે, ચાર આઠ કે બાર; ।
લગ્ને ગુરૂ તૃતીયે સંગથી, જલ ભય નિશ્ચય ધાર. ॥ ૮ ॥

નીચ શત્રુ કે અસ્ત રાશિમાં, કોઇ ગ્રહ ત્રીજે થાય; ।
પાપગ્રહની દ્રષ્ટિથી, વિષ ભક્ષણે દુઃખ પાય. ॥ ૯ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપ ગ્રહની રાશિમાં, પાપી સંગે હોય ।
નાનો ભાઈ તો જન્મીને, મરણ પામે સે જોય ॥૧૦॥

**અર્થ**—ત્રીજા ભાવે પાપગ્રહની રાશી ૧,૮,૫,૧૦,૧૧, હોય અને તેમાં પાપગ્રહ સૂર્ય, મંગળ કે શનિ હોય તો નાનો ભાઈ મરણ પામે છે. ॥ ૧૦ ॥

ત્રીજે શુભ શુભ દષ્ટિથી, ભાઇ લંબા આયુ પાય ।
પાપી સંગ યા દષ્ટિથી, મધ્યમ સુખીયો થાય ॥૧૧॥

**અર્થ**—ત્રીજા ભાવે શુભગ્રહ ચંદ્ર, બુધ, ગુરૂ યા શુક્ર, હોય ને તેમના ઉપર એ શુભગ્રહો પૈકીના કોઇ શુભગ્રહની દષ્ટિ હોય તો ભાઈયોનું લાંબુ આયુષ્ય જાણવું. પણ તે શુભ ગ્રહો ભેગા પાપીગ્રહ હોય યા દષ્ટિ હોય તો ભાઇયોનું મધ્યમ સુખ હોય છે. ॥ ૧૧ ॥

ત્રીજે સૂર્ય ક્રૂર દષ્ટિયે, મોટા ભાઇનો નાશ ।
ત્રીજે શનિ ક્રૂર દ્રષ્ટિયે, નાનો ભાઈ ખલાસ ॥૧૨॥

**અર્થ**—ત્રીજા ભાવે સૂર્ય પાપદષ્ટિમાં હોય તો મોટા ભાઇનો ને શનિ પાપ દષ્ટિમાં હોય તો નાનાભાઈનો નાશ કરે છે. ॥ ૧૨ ॥

ત્રીજે મંગળ ક્રૂર દ્રષ્ટિયે, સર્વ ભાઇનો નાશ ।
શુભ ગ્રહ દ્રષ્ટિ સંગથી, કંઇક હોય બચાવ ॥૧૩॥

**અર્થ**—ત્રીજા ભાવે મંગળ પાપગ્રહની દષ્ટિમાં હોય તો તમામ ભાઈયોનો નાશ કરે છે પરંતુ જો શુભ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેગો હોય યા તેની દૃષ્ટિ હોય તો કંઈક ભાઈયોનો બચાવ કરે છે. ॥ ૧૩ ॥

ત્રીજાથી ત્રિકોણમાં, યા કેન્દ્રિ શુભ થાય ।
ભાઇયોનું સુખ ભોગવે, ક્રૂર દ્રષ્ટિ સંગ દુઃખ પાય ॥૧૪॥

**અર્થ**—ત્રીજા ભાવથી ત્રિકોણમાં યા કેન્દ્રસ્થાનમાં જો શુભગ્રહો હોય તો ભાઈયોનું સુખ જાણવું અને તેના ભેગા જો પાપિ (ક્રુર) ગ્રહ હોય યા દૃષ્ટિ હોય તો દુઃખ જાણવું. ॥ ૧૪ ॥

ત્રીજા સ્થાને સ્વગ્રહી, ચોથો સંગે હોય ।
ભાઇ વધારો નવ કરે, હોય તેટલા હોય ॥૧૫॥
ત્રીજો ચોથો સંગે મલી, મંગળ ભેગા જાય ।
ભાઇયોની વૃદ્ધિ કરે, બીજાથી નવ થાય ॥૧૬॥

**અર્થ**—ત્રીજા ભાવનો સ્વામી ત્રીજા ભાવે ચોથા ભાવનો સ્વામી સાથે હોય તો ભાઇયોનો વધારો ન કરતાં જેટલા હોય તેટલાજ રહે છે અને ત્રીજાનો ને ચોથાનો સ્વામી મંગળના ભેગા હોય તો ભાઈયોનો વધારો કરે છે, પણ મંગળ સિવાયના બીજા ગ્રહો ત્રીજા ચોથાના સ્વામી ભેગા હોય તો ભાઈયોનો વધારો કરતા નથી. ॥ ૧૫-૧૬ ॥

ત્રીજા ભાવે શનિ વસે, નાના ભાઇનો નાશ ।
શુભગ્રહ દ્રષ્ટ સંગથી, કંઇક જીવનની આશ ॥૧૭॥

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

**અર્થ**—ત્રીજા ભાવે શનિ નાનાભાઇનો નાશ કરે છે. જો શુભગ્રહની સાથે હોય યા દૃષ્ટિવાળો હોય તો બચાવ થાય છે. ॥ ૧૭ ॥

પાપ દ્રષ્ટિ કે સંગથી, ત્રીજે સાતે જાય ।
ભાઇ નાનો એકજ થશે, બાકીં ભાઇ નવ થાય ॥૧૮॥

ત્રીજે લગ્ને જઇ વસે, યા તનુ સંગે ત્રીજે હોય ।
યા તનુ સંગે ત્રીજે સ્વગ્રહી, તો જોડલે જન્મ્યો જોય ॥૧૯॥

**અર્થ**—ત્રીજા ભાવનો સ્વામી સાતમા ભાવે પાપ-ગ્રહના ભેગો કે દૃષ્ટિવાળો હોય તો તેને એક નાનો ભાઈ થાય છે. તે સિવાય નાના ભાઈઓની આશા રાખી શકાય નહીં. ત્રીજાનો માલીક લગ્નમાં એટલે પહેલા ભાવે હોય, અથવા લગ્નના માલીક સાથે ત્રીજા ભાવનો સ્વામી હોય યા લગ્નનો માલીક અને ત્રીજા ભાવનો માલીક એ બંને ત્રીજા ભાવે હોય તો જોડલે બે ભાઇઓ સાથે જન્મે છે. ॥ ૧૮-૧૯ ॥

શૌર્યાધિપે રાહુસમેતરાશિ નાથાન્વિતે રાહુયુતે વિલગ્ને ।
સર્પાદ્ભયં વિક્રમરાશિનાથે બુધે ન યુક્તે ગલરોગભાક્સ્યાત્ ॥૨૦॥

**અર્થ**—ત્રીજા ભાવનો સ્વામી, અને રાહુની રાશિનો સ્વામી જે બુધ એ બંને રાહુ સાથે લગ્નમાં હોય તો સર્પનો ભય થાય છે. અથવા ત્રીજા ભાવનો સ્વામી બુધ સાથે હોય તો ગરદનનો રોગ થાય છે. ॥ ૨૦ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેગુરૌ વિક્રમનાથયુક્તે, ચતુષ્પદાનાં પ્રવદાન્તભીતિમ્ ।
ગયાં ભયં વા જલરાશિ લગ્ને જલપ્રમાદં સમુપૈતિજાતઃ ॥૨૧॥

**અર્થ**—ત્રીજા ભાવના સ્વામી સાથે લગ્નમાં ગુરૂ હોય તો ચતુષ્પદા પશુથી એટલે ગાય, ભેંસ, ઘોડા, ગધા વિગેરે ચાર પગવાળા પશુથી ભય થાય છે. અને લગ્નમાં જળચર (૪, ૮, ૧૨) રાશિ હોય તો પાણીથી ભય યા મૃત્યુ થાય છે. ॥ ૨૧ ॥

શૌર્યાધિપે ભાનુયુતેઽત્રવીરશ્ચન્દ્રાવિન્તે માનસધૈર્યં જાતઃ ।
દુષ્ટો જડો ભૌમયુતેપ્રકોપી સૌમ્યાન્તિસાત્વિકબુદ્ધિયુક્તઃ ॥૨૨॥
જીવાન્તિ ધીરગુણાભિરામઃ સમસ્તશાસ્ત્રાર્થ વિશારદસ્યાત્ ।
કામાતુરઃ શુક્ર સમન્વિતેતુ તન્મૂર્ધકોપાત્ કલહપ્રવીણઃ ॥૨૩॥

**અર્થ**—ત્રીજા ભાવનો સ્વામી સૂર્ય સાથે હોય તો શૂરવીર, ચંદ્ર સાથે હોય તો ધીરજવાળો, મંગળ સાથે હોય તો દુષ્ટ, જડ, અને ક્રોધી; બુધ સાથે હોય તો સત્વ ગુણી, ગુરૂ સાથે હોય તો ગુણવાન, પીડીત, સર્વ શાસ્ત્રોને જાણનાર, શુક્ર સાથે હોય તો કામાતુર, અને કામવિકારી, ક્રોધ કજીયા વિગેરે કરનારો થાય છે. ॥ ૨૨–૨૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ચોથા ભાવનું ફળ

**જાતક ભરણ—**

વસંતતિલકા. વૃ.

सुहृद् ग्रह ग्राम चतुष्पदावा क्षेत्रोद्यमालोकनकंचतुर्थे ।
दृष्टेशुभानां शुभयोगतो वा भवेत्प्रभूतिर्नियमेनतेषाम् ॥

મિત્ર ઘર ગામ જાનવર માતા જમીનનો ઉદ્યમ વિગેરેનું સુખ ચોથા ભાવમાં જોવું, ચોથા ભાવમાં શુભગ્રહ રહ્યા હોય અથવા તેને (ચોથા ભાવને) જોતા હોય તો તેનું ફળ વધારે સારૂં કહેવું.

**કુંડલી કલ્પતરૂ—**

रवौ तुर्यगे तस्यगेहं दृढंकिं सपूर्णे विद्यौतत्रपूर्णसभौमे ।
त्रिदग्धं विलग्नं बुधेचित्रितंस्या त्सजीवेदृढंभार्गवेसुन्दरंस्यात् ॥
चतुर्थेशनौराहुणा वासुतंचे तदा जीर्णगेहंवदेत् जन्मकाले ।
सचंद्रे च शुक्रे भवेत्साररम्यं ग्रहेतस्यरत्नं धनंधानकस्यात् ॥

ચોથે સૂર્ય હોય તો તેનું ઘર, મજબૂત હોતુ નથી. સંપૂર્ણ કળાના ચંદ્રથી નવું ઘર તે મંગળથી બનેલું ઘર હોય. ને બુધથી ચિત્ર વિચિત્ર રંગેલું, ગુરૂથી સારૂ મજબૂત, ને શુક્ર હોય તો સુંદર મનને ખુશી કરે તેવું ઘર હોય છે.

ચોથે શનિ ને રાહુ હોય તો જુનુ ઘર હોય. ચોથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુક્ર ચંદ્ર હોય તો ચાંદી રત્ન ધન ને ધાન્યનો લાભ થાય છે.

### માનસાગરી—

तुर्यस्थाने स्थिताःपापा बालत्त्वे मातृकष्टदाः ।
सौख्यं सौम्याः प्रकुर्वंति राजसन्मान दायकाः ॥
लग्नाच्चथुर्थगः पापो यदिस्या बलवन्तरः ।
तदा मातृवधंकुर्या त्केंद्रेवांन पञ्चेयदि ॥

ચોથે પાપગ્રહો હોય તો નાની ઉમ્મરમાં માને પીડા થાય. શુભગ્રહો હોય તો માનું સુખ આપે ને રાજદ્વારમાં સારૂં માન મળે.

ચોથે પાપગ્રહો હોય ને કેન્દ્રમાં શુભગ્રહ ન હોય તો માનો નાશ કરે.

### સર્વાર્થ ચિંતામણિ—

लग्नश्वरे लग्नगते सुखांग नाथेनयुक्तेन यदिगेहलाभः ।
अयत्नतःस्याच्छुभ दृष्टियोगा त्स्वोच्चे स्वमित्रेस्वगृहेबलाढये ॥
गेहाधिपेकेन्द्रगते बलाढये सौम्येक्षिते मंदिरलाभमाहुः ।
वैशेषिकांशे परमोच्चलाभे गेहेश्वरे मंदिरलाभमाहुः ॥

લગ્નનો સ્વામી ચોથા ભાવના સ્વામી સાથે લગ્નમાં હોય તો ઘરનો લાભ થાય. ચોથાનો સ્વામી ઉચ્ચનો સ્વગૃહી મિત્રના ઘરનો બળવાન હોય, ને શુભગ્રહો જોતા હોય તો વગર મહેનતે ઘરનો લાભ મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ચોથા ભાવનો સ્વામી બળવાન થઈ કેન્દ્રમાં બેઠો હોય ને-તેને શુભગ્રહો જોતા હોય, તો ઘરનો લાભ થાય છે. ને ચોથાનો સ્વામી વૈશેષિકાંશનો પરમ ઉચ્ચમાં હોય તો ઘરનો લાભ આપે છે.

भाग्येशेकेन्द्र भावस्थे गृहेशे स्वोचमित्रगे ।
गृहराशि गतेखेटे स्वोच्चेवहुविचित्रकम् ॥

विचित्रसौध प्राकार मंडितं गृहमादिशेत् ।
कर्माधिपेन सहिते नार्थं केन्द्रेर्कसूनुना ॥

गृहेशे कर्मराशिस्थे कर्मेशे गेहमागते ।
वलयुक्ते धरासुनौ बहुक्षेत्रविनिर्दिशेत् ॥

बलाढये कर्मराशिशे बंधुस्थानाधिपेतथा ।
तयोर्मैत्री यदातस्य बहुक्षेत्रं विनिर्दिशेत् ।

નવમાનો સ્વામી કેન્દ્રમાં, ચોથાનો સ્વામી ઉચ્ચ કે મિત્રની રાશિમાં, ને ચોથે ઉચ્ચનો ગ્રહ હોય તો ઘણુંજ ચિત્ર વિચિત્ર (રંગ બેરંગી) ઘર મલે છે.

ચોથા દશમાના સ્વામી શનિ સાથે કેન્દ્રમાં હોય તો ઘર મજબુત-રંગ બેરંગી શોભાયમાન અટારીઓથી ઝુકી રહેલું હોય છે.

સુખેશ (ચોથા ભાવનો સ્વામી) દશમે હોય ને દશમેશ ચોથે હોય ને મંગળ બળવાન હોય તો તેને ઘણા ક્ષેત્ર (જમીન) હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોથાને દશમાના સ્વામીઓ બળવાન હોય ને પરસ્પર મિત્ર હોય તો ઘણી જમીન (જાગીરદાર) વાળો હોય.

शुक्रेणयुक्तेयदिवाहनेशे देहान्विते वा नर वाहनादि ।
देवेंन्द्र पूज्येनयुतेत्रलग्ने वदंतिसंतश्चतुरंगयानम् ॥
भाग्येशलग्नेश चतुर्थनाथाः कर्मस्थितानिच विमूढहीनाः ।
कर्मेश्वरेणापियुतोवेलग्ने सिंहासनप्राप्ति मुदाहरंति ॥
भाग्यस्थिते वाहनराशिनाथे सशुक्रजीवे सुखराशियुक्ते ।
भाग्याधिपेकोण चतुष्टयेवा बह्वर्थ-देशाभरणार्थयानम् ॥
सुखेश्वरेकेन्द्रगते तदीशे लग्नस्थिते वा बहुवाहनाड्यः ।
कर्मेश्वरे लग्नगतेतदीशे कर्मस्थिते वा बहुवाहनाढ्य ॥
सुखेश्वरे सौम्ययुतेसुखस्थे शस्त्राश्वको शाधिर्पतिभवेत्तु ।
क्षेत्रेश्वरे लाभगते बलाढये बंधौभवेवाक्षितिसूनुयुक्ते ॥

શુક્ર સાથે ચોથાનો સ્વામી લગ્નમાં હોય તો નર વાહન (પાલખી મેના)નું સુખ મળે તેની સાથે ગુરૂ હોય તો ઘોડા હાથી રથ મનુષ્ય ચાર પ્રકારની સ્વારીઓનું સુખ હોય.

એક ચાર ને નવમાના સ્વામીઓ દશમે નીચ કે અસ્ત વિનાના હોય ને દશમાનો સ્વામી લગ્નમાં હોય તો સિંહાસનનો લાભ થાય.

ચોથાનો સ્વામી નવમે ને ગુરૂ, શુક્ર ચોથે ને ભાગ્યનો સ્વામી કેંદ્ર કે ત્રિકોણમાં હોય તો ઘણા દેશનાં આભૂષણ

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

ધન ને વાહનો મેળવે.

ચોથાનો સ્વામી જે કેંદ્રમાં હોય તે કેન્દ્રનો સ્વામી લગ્ને હોય તો ઘણા વાહનનો યોગ કરે છે. દશમાનો સ્વામી લગ્નમાં ને લગ્નનો સ્વામી દશમે હોય તો ઘણાં વાહન હોય છે.

ચોથાનો સ્વામી શુભગ્રહ સાથે ચોથે હોય તો હથીયાર ઘોડા ખજાનાનો માલિક થાય. જો બળવાન થઈ અગીયારમે હોય કે ૪ થા ૧૧ મામાં મંગળ સાથે હોય તો રાજ્ય ધન સુખ વસ્ત્ર આભૂષણાદિ વાહન મળે.

गेहेशे व्यय राशिस्थे पिताधन्यं विदेशगः ।
अष्टमस्थे गृहेशे वा स्वयं संपादये गृहम् ॥
लग्नवाहन भाग्येशा स्त्वन्योन्यंकेन्द्रमाश्रिताः ।
लग्ननाथे बलाढयेवा वाहनाधिपतिर्भवेत् ॥

સુખેશ બારમે હોય તો બાપના ઘરથી બીજું ઘર પરદેશમાં બનાવે અને ચોથાનો સ્વામી આઠમે હોય તો પોતે પોતાનું ઘર બનાવે.

લગ્નેશ વાહનેશ ભાગ્યેશ પરસ્પર કેન્દ્રમાં પડયા હોય તો અથવા લગ્નનો સ્વામી બળવાન હોય તો તે માણસ વાહનનો માલીક થાય.

બૃહત્પારાશરહોરા શાસ્ત્ર—

बंधुस्थानेश्वरेसौम्य शुभग्रह निरिक्षीते ।
शशि जे लग्नसंयुक्ते बुधः पुज्योभवेन्नर ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मातृस्थाने शुभयुते तदीशे स्वोच्चराशिगे ।
कारकेवल संयुक्ते मातृदीर्घायुराविशेत् ॥
सुखे मंदे रवियुते चंद्रोभाग्यगतोयदि ।
लाभस्थानगते भौमे गोमहीष्यादि लाभकृत् ॥
वाहने रवि संयुक्ते स्वोच्चेतद्राशिनायके ।
युतेशुक्रेण संयुक्ते ध्वात्रिंशे वाहनं भवेत् ॥
कर्मेशेनयुते वंधु नाथेतुगांश संयुते ।
द्विचत्वारीशके प्राप्त नरोवाहनभाग्भवेत् ॥

ચોથાનો સ્વામી શુભ હોય કે શુભગ્રહોએ જોયેલો હોય ને લગ્નમાં બુધ હોય તો વિદ્વાનોને પૂજવા યોગ્ય થાય.

ચોથે શુભગ્રહ હોય ને ચોથાનો સ્વામી ઉચ્ચનો હોય, ચોથાનો કારક બળવાન હોય તો મા ઘણા વર્ષ જીવે.

ચોથે શનિ, સૂર્ય નવમે, ચંદ્ર અને લાભમાં મંગળ હોય તો તે ગાયો ભેંસો વિગેરે ચતુષ્પદનો લાભ કરે છે.

ચોથે સૂર્ય સુખેશ ઉચ્ચના શુક્ર સાથે હોય તો બત્રીસ વર્ષે વાહનો મળે છે.

દસમાના સ્વામી સાથે ઉચ્ચનો ચોથાનો સ્વામી નવમાંશમાં હોય તો—૪૨ વર્ષે વાહનનો લાભ થાય.

લગ્ને ચૈવ્ યદા જીવો ધને સૌરિશ્ચ સંસ્થિતઃ ॥
રાહુશ્ચ સહજે સ્થાને તસ્ય માતા ન જીવતિ ॥૧॥

**અર્થ**—લગ્નમાં ગુરૂ, બીજા ભાવમાં શનિ અને ચોથા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવમાં રાહુ હોય તો તેની માતાનુ મરણ થાય છે. ॥૧॥

લગ્ને પાપો વ્યય પાપો ધને સૌમ્યો પિ સંસ્થિતઃ ॥
સપ્તમે ભવને પાપઃ પરિવાર ક્ષય કારક ॥૨॥

**અર્થ**—લગ્નમાં અને બારમે પાપગ્રહ બીજા ભાવમાં શુભ ગ્રહ અને સાતમા ભાથે પાપગ્રહ હોય તો તે પરીવારક્ષ યોગ થતો હોવાથી તેના પરીવારનો નાશ થાય છે. ॥ ૨ ॥

સૌમ્ય દ્રષ્ટયાધિકત્વાતુ માતુર્ધન સુખં ભવેત્ ॥
પાપ દ્રષ્ટયાધિકત્વાતુ માતૃકષ્ટ સુખ નહી ॥૩॥

**અર્થ**—ચોથા ભાવને ઘણા શુભ ગ્રહો જોતા હોય તો માતા તરફથી ધનનો સુખી અને પાપ ગ્રહો જોતા હોય તો માતા તરફથી ઘણો દુઃખી જાણવો કે સ્વપ્ને પણ માતાનુ સુઃખ તેને મળે નહી. ॥ ૩ ॥

## દુહા

ચોથે સ્વગ્રહિ શુભગ્રહ, યા ચોથે દષ્ટિ થાય ॥
પાપ દષ્ટિ યા સંગબિન, માતા સુખ તો પાય ॥૪॥
વિદ્યા વિનય સદ્‌ગુણ તો, સકલ કલા પ્રવિણ ॥
રિદ્ધિસિદ્ધિ અતિ ઘણી, દુઃખમાં નહી કો દિન ॥૫॥

**અર્થ**—ચોથા ભાવે સ્વગ્રહિ શુભ ગ્રહ હોય, યા શુભગ્રહની દૃષ્ટિ હોય, પાપગ્રહની દૃષ્ટિ યા સોબત ન હોય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માતાના સુખવાળો, વિદ્યાવાન, વિવેકી, સદગુણી, દરેક કાર્યમાં પ્રવિણ, અને રિદ્ધિ સિદ્ધિને ભોગવનારો થાય છે. ॥ ૪-૫ ॥

ચાર અને દસનો ધણી, ખટ આઠ બારમાં જાય ॥
લગ્નેશી નિરબલ બને, માબાપ વિનાનો થાય ॥૬॥

**અર્થ**—ચોથા ભાવનો સ્વામી છઠા, આઠમા, યા બારમા ભાવમાં હોય અને લગ્નનો સ્વામિ નિરબળ હોય તો માતાના સુખનો નાશ કરે છે. જો દશમાનો માલીક તે ભાવોમાં હોય તો પિતાનો નાશ કરે છે, જો ચોથા ભાવનો અને દશમા ભાવનો સ્વામી ૫, ૮, કે, ૧૨ મા ભાવે હોય તો માતા અને પિતાનો નાશ કરે છે. ॥ ૬ ॥

ખટ આઠ કે બારમાં, સાતનો સ્વામિ હોય ॥
માત પિતા દુનિયા તજે, સોલ વર્ષમાં જોય ॥૭॥

**અર્થ**—છઠા કે આઠમા ભાવે સાતમા ભાવનો સ્વામી હોય તો સોળ વર્ષમાં માતાપિતા દુનિયાને છોડી પરલોકવાસી થાય છે. ॥ ૭ ॥

ચોથો દસમો સૂર્ય સંગ, યા સૂર્ય દષ્ટિયે થાય ॥
દસે ભાનુ ચોથે શશિ, પ્રથમ પિતા મૃત્યુ પાય ॥૮॥

**અર્થ**—ચોથા ભાવનો ને દશમા ભાવનો સ્વામી સૂર્યની સાથે રહેલો હોય, યા સૂર્યની દષ્ટિમાં હોય અથવા દશમા ભાવે સૂર્ય અને ચોથા ભાવે ચંદ્ર હોય તો માતાના

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પહેલાં પિતાનું મરણ થાય છે. ॥ ૮ ॥

શનિ મંગળ કે મધ્યમાં, સૂર્ય કરે જો વાસ ॥
પિતાનો નાશ જ કરે, ચંદ્રથી માત ખલાસ ॥૯॥

લગ્ને ગુરૂ બીજે શનિ, ત્રીજે રાહુ જાય ॥
માતાનું મરણજ કરે, દુઃખ કરે શું થાય ॥૧૦॥

**અર્થ**—શનિ અને મંગળના વચમાં સૂર્ય હોય તો પિતાનો અને ચંદ્ર હોય તો માતાનો નાશ કરે છે. પહેલા ભાવે ગુરૂ, બીજે શનિ ને ત્રીજા ભાવે રાહુ હોય તો પણ માતાનું મરણ કરે છે. ॥ ૯–૧૦ ॥

ચોથો સ્વામિ સ્વગ્રહી, ત્રિકોણ કેન્દ્રી જાય ॥
અથવા ઊંચમાં જઇ વસે, વિદ્યા ને લક્ષ્મી પાય ॥૧૧॥

બીજે અથવા ચારમાં, શુભ રાશિ જો થાય ॥
શુભગ્રહ સંગે ચંદ્રથી, ગાડી ઘોડા પાય ॥૧૨॥

ચંદ્ર સંગ ચોથો ધણી, લગ્ને વાસ કરંત ॥
યા ચંદ્રસંગ લગ્નેશથી, અશ્વ સ્વારી કરંત ॥૧૩॥

**અર્થ**—ચોથા ભાવનો સ્વામી ત્રિકોણ (૫–૯) યા કેન્દ્રી ( ૧–૪–૭–૧૦ )માં સ્વગ્રહી કે ઊચ્ચનો થાય તો વિદ્યા ને લક્ષ્મિ બંને મેળવનાર થાય છે.

બીજા ભાવે અથવા ચોથા ભાવે શુભગ્રહની ૨, ૭, ૩, ૬, ૪, ૯, ૧૨, રાશિ પૈકીની રાશિ હોય ને તેમાં શુભગ્રહ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રની સાથે બેઠો હોય તો ગાડી, ઘોડા યા ગધેડાઓનું વાહન સુખ ભોગવનારો થાય છે.

ચંદ્રની સાથે ચોથાનો માલીક લગ્ને હોય અથવા લગ્નેશ સાથે ચંદ્ર હોય તો ઘોડાઓની સ્વારી કરનાર થાય છે. ॥ ૧૧-૧૨-૧૩ ॥

ચાર નવના સ્વામિ જે, જો અગિયારે જાય ॥
યા ચોથે દ્રષ્ટિ સંગથી, સુવર્ણ સ્હેજમાં પાય ॥૧૪॥

ચાર નવના સ્વામિયો, લગ્નેશ સંગમાં હોય ॥
ગુરૂ દષ્ટિના યોગથી, રાજ્ય સમુ સુખ જોય ॥૧૫॥

**અર્થ**—ચોથા ભાવનો અને નવમા ભાવનો સ્વામી અગીઆરમા ભાવે હોય અથવા ચોથા ભાવ ઊપર એ ગ્રહોની દૃષ્ટિ હોય તો તે પુરૂષ સહેજમાં સૂવર્ણ કહેતાં સોનાની સમૃદ્ધિવાળો થાય છે.

ચોથાનો ને નવમાનો સ્વામી લગ્નના સ્વામી સાથે હોય ને તેના ઉપર ગુરૂની દૃષ્ટિ હોય તો તે પુરૂષ રાજ્ય સમાન સુખ ભોગવનારો થાય છે. ॥ ૧૪-૧૫॥

ત્રણ ચાર ખટ સાતના, નવ બાર અને લગ્નેશ ॥
સંગ કરે ચોથા તણો, ઘણા દેશ તો લેશ ॥૧૬॥

**અર્થ**—ત્રીજાના, ચોથાના, છઠ્ઠાના, સાતમાના, નવમાના અને લગ્નના સ્વામિયોની સાથે ચોથા ભાવનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વામી હોય તો ઘણા દેશને ભોગવનાર રાજા સમાન તે પુરૂષ થાય છે. ॥ ૨૦ ॥

ચોથો બારે જઇ વસે, પરદેશી નર થાય ॥
યા તો પર ઘરમાં વસે, યા જુનું ઘર તો પાય ॥૧૭॥

ચોથો આઠે જઇ રહે, ઘર વિના વેરાન ॥
ખટમાં જો જઇને રહે, શત્રુ જોડી ઘર જાણ ॥૧૮॥

ચોગો ત્રિકોણે ચડે, યા તો કેન્દ્રી થાય ॥
સુંદર ઘરમાં તે રહી, પ્રેમદાનો પ્રેમ પાય ॥૧૯॥

**અર્થ**—ચોથા ભાવનો સ્વામી લગ્નથી બારમા ભાવે હોય તો પરદેશમાં રહેવાવાળો અથવા પારકા ઘરમાં ભાડે રહેવાવાળો થાય છે, યાતો જુના ઘરમાં રહેવાવાળો થાય છે.

ચોથા ભાવનો સ્વામી આઠમા ભાવે હોય તો ઘર વિનાનો ને છઠા ભાવમાં હોય તો શત્રુના પડોશમાં રહેનારો થાય છે.

ચોથાનો સ્વામી ત્રીકોણ (૫-૯) યા કેન્દ્રિ (૧-૪-૭-૧૦)માં હોય તો સારા સુંદર ઘરમાં રહી પ્રેમદાને સદા પ્રેમનો રસ પાયાં કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પાંચમા ભાવનું ફળ

વસંતતિલકા વૃત્ત.

**જાતકા ભરણ—**

बुद्धिप्रबंधात्मजमंत्रविद्याविनेयगर्भस्थितिनीतिसंस्था ।
सुताभिधाने भवने नराणां होरागणज्ञैः परिचिंतनियम् ॥

બુદ્ધિ પુત્ર મંત્ર વિદ્યા વિવેક ગર્ભ સ્થિતિ તથા નીતિ એ સર્વ મનુષ્યોનું પંડિતોએ પાંચમા ભાવના વિષે જોવું.

एकः पुत्रो रवौ पुत्रस्थाने चंद्रेसुता द्वयम् ।
भौमे पुत्रात्रयो वंश्या बुधे पुत्री चतुष्टयम् ॥१॥
गुरु गर्भे सुतापंच षट्पुत्रा भगुनंदने ।
शनौच गर्भतः स्याद्राहो गर्भोम्नेिवन्नति ॥२॥

**અર્થ**—પાંચમા ભાવમાં સૂર્ય હોય તો એક પુત્ર, ચંદ્રમા હોય તો બે પુત્રી, મંગળ હોય તો વંશ રહેવાં પુરતા માત્ર નામનાજ ત્રણ પુત્રો, બુધ હોય તો ચાર પુત્રીઓ, ગુરૂ હોય તો પાંચ પુત્ર, શુક્ર હોય તો છ પુત્રિઓ, શનિ હોય તો ગર્ભપાત અને રાહુ હોય તો ગર્ભ રહેતો નથી. એમ યવનાચાર્ય ઋષિનું કહેવું યવના જાતકમાં થાય છે.

पुत्र स्थाना द्दष्टि मस्थे सूर्ये पिडा ज्वराद्भवेत् ।
चंद्रे च जलशीताभ्यां शस्त्रेण क्षिति नंदने ॥३॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બુધેચ શીતલા દોષા ન્દુરાચ વિષ સર્પતે ॥
પશ્ચાદિભિ ર્દૈત્ય પુજ્યે શનૌ બાલગ્રહે ર્મૂતિઃ ॥૪॥
રાહૌ વૃક્ષાદિભિઃ કેતૌ વિકારૈઃ પીડનં ભવેત્ ॥
એહિ યોગાઃ કથિતં મુનિદ્રં ભાવિ જાતક એ ફલં ॥૫॥

**અર્થ**—પાંચમા ભાવથી આઠમા ભાવે સૂર્ય હોય તો તાવથી, ચંદ્ર હોય તો પાણી યા સીતથી, મંગળ હોય તો હથીઆર (શસ્ત્ર)થી, બુધ હોય તો શીતળાના દોશથી, ગુરૂ હોય તો ઝેરથી કે સાપથી, શુક્ર હોય તો જનાવરથી, શની હોય તો બાલ (વાળ)ના ખેંચાયાથી, અને રાહુ હોય તો જાડથી ને કેતુ હોય તો ઘણી જાતના વિકારોથી પુત્રને પીડાઓ થાય છે. ॥ ૩–૪–૫ ॥

પંચમે કાદશે ભૌમે શનિ નાત્ર નિરીક્ષિતે ॥
ગર્ભપાત ભવંદુઃખં મૃતા પત્ય ભયં ભવેત્ ॥ ૬ ॥
પુત્રે કલત્રેચ ભવંતિપાપા મહીસુતો મૃત્યુગતોયદીસ્યાત્
સૌમ્ય દ્રષ્ટે સંતાનસુખં પાપ દ્રષ્ટે સંતાન પીડા ભવેત્॥૭॥

**અર્થ**—પાંચમા ભાવે યા અગીઆરમા ભાવે રહેલા મંગળ ને શની જોતો હોય તો તેની સ્ત્રીને ગર્ભપાતથી દુઃખ અને સંતાનનું સુખ નષ્ટ થાય છે. અને પાંચમે સાતમે પાપ-ગ્રહ હોય ને આઠમે મંગળ હોય તો તેની સ્ત્રીને ગર્ભશ્રાવ થાય છે. પાંચમા ભાવે શુભ ગ્રહો દેખાતા હોય તો સંતાનનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખ અને પાપ ગ્રહો દેખતા હોય તો સંતાનનું દુઃખ જાણવું. ॥ ૬-૭ ॥

નવાંશસંખ્યાપ્યથવાં કસંખ્યાદ્રષ્ટયાસુભાનાંદ્વિ ગુણ સંખ્યા ॥
ક્લિષ્ટા ચ પાપગ્રહ દ્રષ્ટિયોગાન્મિશ્રંચ મિશ્રગ્રહદ્રષ્ટિ ॥૮॥

**અર્થ**—પાંચમા ભાવનો સ્વામી જે રાશીના નવમાંસમાં હોય તે રાશીના આંક પ્રમાણે અથવા પાંચમા ભાવમાં જે રાશીનો આંક હોય તે પ્રમાણે સંતાનની સંખ્યા જાણવી. અને પાંચમા ભાવ ઉપર જેટલા શુભગ્રહોની દ્રષ્ટિ હોય તેનાથી બમણી ને પાપગ્રહની દ્રષ્ટિ હોય તેટલી કમી સંખ્યા જાણવી. જો મિશ્રગ્રહ એટલે શુભને અશુભ હોય તો મિશ્ર ફલ જાણવું ॥ ૮ ॥

તુલા મીન મેષે વૃષે દૈત્ય પૂજ્યે ધનીરાજમાની કલાકૌતુકીચ ॥
ત્રયોઽસ્યાત્મજાવચિરંજીવિતાશ્ચભવેદ્દત્સરેવહ્નિભીતિદ્વિતિયે ॥૯॥

**અર્થ**—જેની જન્મકુંડળીમાં તુલા મીન યા વરખ રાશીમાં શુક્ર હોય તે માણસ ઘણો ધની રાજમાની કાળકૌતુકીવાળો થાય છે અને તેના પુત્રો ચીરંજીવી રહે છે પણ બીજે વર્ષે કંઈક અગ્નિનો ભય આવી પડે છે. ॥ ૯ ॥

(દુહા)

પંચ થિ ખટ અષ્ટ બારમાં, પાપિ કરે જો વાસ, ।
યા સપ્ત જઇ પાંચે વસે, પુત્ર હોય વિનાશ. ॥ ૧૦ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—પાંચમા ભાવથી છઠ્ઠા, આઠમા, કે બારમા ભાવમાં પાપી ગ્રહો રહ્યા હોય યા સાતમા ભાવનો માલિક પાંચમે રહ્યો હોય તો પુત્રોનો નાશ કરે છે. ॥ ૧૦ ॥

પાંચે રાહુ ઘર કરે, પંચમ ખટમાં જાય ।
યાતો અષ્ટ બારે વસે, પુત્ર સુખ નવ પાય. ॥ ૧૧ ॥

**અર્થ**—પાંચમે રાહુ બેઠો હોય, પાંચમાનો માલીક ૬, ૮, યા ૧૨ મા ભાવે બેઠો હોય તો પુત્રોનું સુખ નાશ થાય છે. ॥ ૧૧ ॥

પંચમ કેન્દ્ર ત્રિકોણમાં, શુભ રાશીમાં હોય ।
યા શુભ સંગ કે દ્રષ્ટિથી, સંતતિ સુખતો જોય. ॥ ૧૨ ॥

**અર્થ**—પાંચમા ભાવનો સ્વામી કેન્દ્ર (૧,૪,૭,૧૦,) ભાવમાં યાત્રી કોણ (૫,૯) ભાવમાં શુભ ગ્રહની રાશીમાં હોય યા તો શુભગ્રહના ભેગો કે દૃષ્ટિમાં હોય તો સંતાનનું સુખ સારૂં હોય છે. ॥ ૧૨ ॥

બીજે પાંચમો નિરબળિ, પાપ દ્રષ્ટિ પંચમેશ ।
ઘણી ભારીયા ભોગવે, સંતતિ સુખ નવ લેશ ॥ ૧૩ ॥

**અર્થ**—બીજાભાવનો અને પાંચમા ભાવનો સ્વામિ નિર્બળ હોય યા પાપ દૃષ્ટિમાં પાંચમા ભાવનો સ્વામિ હોય તો ગમે તેટલી સ્ત્રીયો ભોગવે તો પણ સંતાનનુ સુખ મળતું નથી. ॥૧૩॥

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સાતે શુક્ર દશે ચંદ્રમા, ચોથે પાપી હોય ।
સંતતિ થઇ નાસજ થશે, આપણું ચાલે ન કોય ॥૧૪॥

**અર્થ**—સાતમે શુક્ર હોય, દશમે ચંદ્રમા હોય ને ચોથા ભાવે પાપી ગ્રહ હોય તો છોકરાં થઈ નાશ પામે છે. એમાં આપણો મનુષ્યનો કંઇ ઉપાય ચાલતો નથી ॥ ૧૪ ॥

પાંચ ખટ કે બારમાં, પંચમ પાપી જાય ।
સંતતિ તો થાયે નહી, થાયે તો મર જાય ॥૧૫॥
મકર કુંભે ચંદ્રમા, પંચમ ભાવે જાણ ।
સૂર્ય શુક્રની દ્રષ્ટિયે, દુજીયે પુત્ર માન ॥ ૧૬ ॥

**અર્થ**—પાંચમાંનો માલીક પાપીગ્રહ હોય અને તે પાંચમે છઠે કે બારમે ભાવે રહ્યો હોય તો છોકરાં થતા નથી ને કદાચ થાય તો મરી જાય છે. ॥ ૧૫ ॥

પાંચમા ભાવે મકર (૧૦) કે કુંભ (૧૧) રાશીમાં ચંદ્ર હોય ને સૂર્ય શુક્રની દષ્ટિ હોય તો બીજી સ્રીથી છોકરાં થાય છે ॥ ૧૬॥

લગ્ને મંગળ આઠે શનિ, યા પંચમે સૂર્ય જાણ ।
વૃદ્ધપણે પુત્ર થશે, વંશ વૃદ્ધિ તો માન. ॥ ૧૭ ॥
લગ્ને શનિ આઠે ગુરૂ, પંચમે મંગળ થાય ।
વૃદ્ધપણે પુત્ર થશે, વંશ નાશ નહી થાય ॥ ૧૮ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—લગ્ને મંગળ, આઠે શનિ ને પાંચેમે સૂર્ય, હોય તો વૃદ્ધપણે પુત્ર થાય છે ॥ ૧૭ ॥

લગ્ને શનિ આઠે ગુરૂ, પાંચમે મંગળ હોય તો પણ વૃદ્ધપણે પુત્ર થાય છે ને વંશની વેલી ચાલુ રહે છે ॥૧૮॥

રાહુ મંગલ કે બિચમે, યા સંગે પંચમ જાય।
ગર્ગ મુનિતો એમ કહે, પુત્ર નાસ્તિ થાય ॥ ૧૯ ॥

અર્થ—રાહુ ને મંગળના મધ્યમાં અથવા તો તેમના ભેગો પાંચમાંનો સ્વામિ હોય તો ગર્ગ મુનિ કહે છે કે પુત્રોની નાસ્તિ થાય છે. ॥૧૯॥

અગીયારે યા પંચમે, મંગળ કરે જો વાસ।
શનિ દ્રષ્ટિના યોગથી, સ્રીને ગર્ભ પાત ॥૨૦॥
પુત્ર કલત્ર પાપિ વસે, મૃત્યુ મંગળ વાસ।
નારી બિચારી શું કરે, અધુરે ગર્ભપાત. ॥૨૧॥

**અર્થ**—અગિયારમે કે પાંચમે શનિની દૃષ્ટિમાં મંગળ રહેલો હોય તો સ્રીને ગર્ભપાત થાય છે. ॥૨૦॥

પાંચમે કે સાતમે પાપિ ગ્રહ હોય, આઠમે મંગળ હોય તો સ્રીને ગર્ભપાત થાય છે. ॥૨૧॥

લગ્નનો સ્વામિ લગ્નમાં, યા બિજે ત્રીજે થાય।
પ્રથમ ગર્ભે પુત્ર થશે, પિછે પુત્રિ પાય ॥૨૨॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચ સાત અગિયારમાં, લગ્નેશ નવમાં જાય ।
પ્રથમ ગર્ભે પુત્ર થશે, પિછુ પુત્રી થાય, ॥૨૩॥
ખટ અષ્ટ દસ બારમાં, તનુ ચારે વાસ કરંત ।
પ્રથમ ગર્ભે પુત્રિ થશે, પિછુ પુત્ર કહંત ॥૨૪॥

**અર્થ**—લગ્નનો સ્વામિ ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ને ૧૧મા ભાવમાં હોય તો પહેલા (પ્રથમ) ગર્ભે પુત્ર થાય ને પછી પુત્રિ થાય છે. જો લગ્નનો સ્વામિ ૪, ૬, ૮, ૧૦ ને ૧૨ મા ભાવમાં હોય તો પહેલા ગર્ભે પુત્રિ થાય ને પછી પુત્ર થાય છે એમ જાતકાભરણ પા. ૭૧ ના શ્લોક ૨, ને ૫, પુરતો ટેકો આપે છે. ॥૨૨-૨૩-૨૪ ॥

પાપ દષ્ટિયે ગુરૂ પડે, શુભ દષ્ટિ સંગ ન થાય, ।
દેવતાઓના શ્રાપથી, પુત્ર સુખ નવ પાય ॥૨૫॥

**અર્થ**—પાપગ્રહોનિ દષ્ટિમાં ગુરૂ હોય ને શુભગ્રહની દષ્ટિ ન હોય તેમ શુભ ગ્રહ ભેગો ન હોય તો દેવતાઓના શ્રાપથી પુત્રો થતા નથી અને કદાચ થાય તો નાશ પામે છે. ॥૨૫॥

ખટ સ્વામિ ગુરૂ સંગમાં, યા ખટનિ દષ્ટિ લેત ।
બ્રાહ્મણ કેરા શ્રાપથી, પુત્ર સુખ નવ દેત. ॥૨૬॥

**અર્થ**—ગુરૂના ભેગો છઠ્ઠા ભાવનો સ્વામી હોય યા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ ઉપર તેની દૃષ્ટિ હોય તો બ્રાહ્મણોના શ્રાપથી પુત્રોનું સુખ નાશ પામે છે. ॥૨૬॥

પંચમેશ નિરબળ બને, રાહુ કેતુ સંગ થાય ।
સંગ ન કરતાં દૃષ્ટિથી, સર્પ દોષે પુત્ર ન પાય. ॥૨૭॥

**અર્થઃ**—પાંચમા ભાવનો સ્વામિ નીર્બળ હોય ને તેના ભેગો રાહુ યા કેતુ હોય અથવા દૃષ્ટિ હોય તો સર્પના દોષથી પુત્રોનું સુખ નાશ પામે છે ॥૨૭॥

પાપી ચાર આઠ બારમાં, પાંચમેશ શનિ સંગ થાય ।
માતા દોષે પુત્રો મરે, પ્રાયશ્ચિતે સુખ પાય ॥૨૮॥

**અર્થ**—ચોથે, આઠમે, યા બારમે ભાવે પાપ ગ્રહ બેઠેલા હોય અને પાંચમાનો સ્વામી શનીના ભેગો હોય તો માતાના દોષથી પુત્રોનો નાશ થાય છે. માટે પ્રાયશ્ચિત કરવાથી પુત્રનું સુખ મળે છે. ॥ ૨૮ ॥

પંચમ ભાવે મંગળો, તે નર ક્રોધી થાય ॥
કડક સ્વભાવી તે બને, જીવ શાન્તિ નવ થાય ॥૨૯॥
શની રાહુને ચંદ્રમા, પંચમ ભાવે જાય ॥
વીસ વર્ષની ઉંમરે, સુખ રોગ તો થાય ॥ ૩૦ ॥
આ યોગના કારણે, સંતાન સુખ ન હોય ॥
જન્મે તેટલાં જાય છે, શીલીકમાં શૂન્ય હોય ॥ ૩૧ ॥
કર્કે પંચમ ચંદ્રમા, સંતાને પૂત્રી થાય ॥
પુત્રતો પ્રસ્વે નહી, માત પિતા મૂ જાય ॥ ૩૨ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પંચમે શનીને મંગળો, ભેગા કરતા વાસ ।।
સંતતી હીન એ યોગથી, વંશ નાશની આશ ।। ૩૩ ।।
મંગળ એકલા પંચમે, ગર્ભ ગલીત કરતા ।।
જો જન્મે કબી બાળકા, તો મંગળ ભક્ષ કરતા ।। ૩૪ ।।
સૂર્ય મંગળ પંચમે, ભેગા કરતા વાસ ।।
ગર્ભ ભંગ તે તો કરે સંતતિ આશ નિરાશ ।। ૩૫ ।।
પંચમે રાહુ જો વસે, અથવા કેતુ વાસ,
કુળ કલંકી સંતતી, એ દુઃખનો છે દરીયાવ ।। ૩૬ ।।
પંચમ સ્વામી નીચકા, હોય છ આઠ કે બાર ।।
કેતુ બુધ હોય પંચમે, સંતાન હીન એ ધાર ।। ૩૭ ।।
ખટ ભાવે પંચમ વસે, લગ્નેશ મંગળ ઘર જાય ।।
પ્રથમ ગર્ભે એક સંતતી, તે પણ નાશ જ થાય ।।૩૮।।
સૂર્ય ચંદ્ર પંચમે, ભેગા કરતા વાસ ।।
ત્રણ પુત્રી પ્રાપ્તી થશે, નહી પુત્રની આશ ।। ૩૯ ।।
મેશે અથવા સિંહમાં, પંચમે સૂર્ય જાણ ।।
એક પૂત્ર પ્રાપ્તી થશે, બાકી નીરર્થક માન ।। ૪૦ ।।
શની મંગળ કે કેતવા, કોઇ અગીયારે જાય ।।
પંચમે શુક્ર ચંદ્ર સંગથી, એક પુત્રી તો થાય ।। ૪૧ ।।
પુત્રી જન્મ પાવતાં, માતા મર્ણ જ યોગ ।।
ભાવિ મિથ્યા જો થાય તો, પૂર્વ પૂન્ય સંજોગ ।। ૪૨ ।।
સૂર્ય શની કે મંગળો, ગુરૂથી પાંચે હોય ।।
સંતાન હીન એ યોગશે, વંશ નાસ્તી જોય ।। ૪૩ ।।

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

દસ બાર કે ચારમાં, પંચમ સ્વામી દેખ ॥
સૂર્ય શુક્ર સંગે થતાં, પુત્ર અંધનો લેખ ॥ ૪૪ ॥

## સ્વાર્થ ચિંતામણી

લગ્નેશ પંચમેશ પરસ્પર મિત્ર હોય તો પીતા પુત્રમાં મિત્રતા રહે.

પંચમેશ લગ્નને દેખે યા લગ્નમાં હોય યા લગ્નેશ પંચમે હોય તો પીતાની આજ્ઞામાં રહેનારો પુત્ર થાય.

પંચમેશ દુષ્ટ (૬–૮–૧૨) ભાવમાં હોય લગ્નેશ પણ દુષ્ટ ભાવમાં હોય ને તેઓ પર મંગળ રાહુની દૃષ્ટિ હોય તો નીત્ય પિતાનો વૈરી પુત્ર થાય છે.

પંચમે ગુરૂ, શુક્ર ને સૂર્ય હોય યા એ ગ્રહોના સ્થાનમાં પંચમેશ દુષ્ટ સ્થાનમાં હોય તો પિતા પર હુકમ ચલાવનાર પુત્ર થાય છે.

પંચમેશ ચોથે શુભ ગ્રહ હોય યા ઉંચનો કોઇ ગ્રહ હોય અને ત્રીજા ભાવનો સ્વામી ત્રીજે હોય તો પિતાને ખાવા પીવાનું પુત્ર ઘણું સુખ આપે છે. અર્થાત્ પિતાનું પોષણ પૂરતી રીતે કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# છઠ્ઠા ભાવનું ફળ

## ભાવવિચાર

વૈરિવ્રાતઃ ક્રૂરકર્મામયાનાં ચિંતા શંકા માતુલાનાં વિચારઃ ।।
હોરાપારાવાર પારં પ્રયાંત્તૈ રે તત્સર્વં શત્રુભાવે વિચિંત્યમ ।।૧।।

**અર્થ**—છઠ્ઠો ભાવ જેને શત્રુ ભુવન કહેવામાં આવે છે તેમાં શત્રુ, ખરાબ કામ, રોગ, ચિંતા, શંકા અને મોસાળનું સુખ દુઃખ વિગેરે જ્યોતિષના પાર પામેલા વિદ્વાનોએ વિચાર કરીને કહેવું.

### દુહા

છઠ્ઠે શુભ ગ્રહ સંગમાં, શની કરતો વાસ ।।
વાયુ રોગ તે તો કરે, કહે તલકચંદદાસ ।।૧।।
છઠ્ઠે મંગળ ઘર કરે, છઠ્ઠો આઠે જાય ।।
રાહુ શનીના સંગથી, તે કાયમ રોગી થાય ।।૨।।
સૂર્ય ખટકે આઠમાં, તેથી બારે ચંદ્ર દેખ ।।
પંચમ નવમ વર્ષમાં, જળ ઘાતને લેખ ।।૩।।
ખટમાં સૂર્ય મંગળો, શુભ દ્દષ્ટિ બીન હોય ।।
મામાનુ મૃત્યુ કરે, સસ્ત્ર યા અગ્નિથી જોય ।।૪।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંગળ શની કે કેતવા, કરે સંગે ખટમાં વાસ ॥
દ્વાદશ ભાવે સૂર્યથી, મામાની સત્રે ઘાત ॥૫॥
શસ્ત્ર ટળે અગ્નિ જળે પણ ટળે નહિ એ ઘાત ॥
ગણા ગ્રંથ અવલોકીને, કર્યો યોગ વિખાય ॥૬॥
અવધી બાવીસ જાણજો, ભાંણેજ ઉંમર જેહ ॥
મામાનુ મૃત્યુ થશે, એમાં નહી સંદેહ ॥૭॥
મંગળ શની કે કેતવા, કોઈ એક કરે ખટ વાસ ॥
દ્વાદશભાવે સૂર્યથી, માંમા શસ્ત્ર અગ્નિથી નાશ ॥૮॥
છઠ્ઠો સૂર્ય સંગમાં, વર્ષ બાવીસે દેખાય ॥
શરીરે તો વર્ણજ કરે, એ રોગ મિથ્યા નહિ થાય॥૯॥

## ચોપાઈ

છઠ્ઠા ભાવે કર્ક જરાસ, આઠમે ચંદ્ર કરે નીવાસ ॥
શની મંગળ તે સંગે થાય, મૂખ રોગી ચોવીસે જ ગણાય॥૧૦॥
મંગળ રાશી ખટમાં જશે, શની સંગ મંગળ આઠે થશે ॥
અઠાવીસથી અતરી જાણુ, નાભી પાકથી દીલ દુઃખ માંન॥૧૧॥
બુધ રાશી ખટમાં જો વસે, શની યા મંગળ સંગ બુધ થશે॥
અષ્ટમ ભાવે કરે નીવાસ, નાભી પાકે ને સુખ વિનાશ ॥૧૨॥
ધનયામીન જો ખટમાં જાય, શની યા મંગળ સંગ ગુરૂ થાય॥
અષ્ટમ ભાવે જો જઈ વસે, નાક પાક સોળ, વીસમાં થશે॥૧૩॥
વૃષભ યા તુલા ખટમાં જાય, કેતુ મંગળ કે શની સંગ થાય॥
સૂક્ર સંગમાં આઠે જશે, વીશે આંખે રોગ જ થશે ॥૧૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકર યા કુંભ છઠ્ઠે વસે, મંગળ યા કેતુ સંગ શની થશે ।।
અષ્ટમ ભાવે તે તો જાય, બગલે પાક છવીસે થાય ।।૧૫।।
છઠ્ઠા ભાવે મંગળ થાય, ખટ સ્વામી તો આઠે જાય ।।
દ્વાદશ વર્ષ જ્વરજ જાણુ, તેની પીડા અતિશે માન ।।૧૬।।
ગુરૂ ચંદ્ર ખટમાં કરે વાસ, પાપ રાશીમાં હોય નિવાસ ।।
ઓગણીસની ઉંમરે જાંણુ, કુષ્ટ રોગી તો તેને માન ।।૧૭।।
છઠ્ઠા ભાવે રાહુ વાસ, આઠે લગ્ને શીનો વાસ ।।
કોઈ કેન્દ્રમાં શની જો જાય, છવીસે ક્ષય રોગ ગણાય ।।૧૮।।
ખટનો સ્વામી બારે થશે, બારો ખટમાં જઈને વસે ।।
ગુલ્મ યા ગોળો ત્રીસે થાય, જેથી જીવન દુઃખમાં જાય ।।૧૯।।
છઠ્ઠે કર્કમાં બુધ કરે વાસ, લગ્ને શનિનો હોય નિવાસ ।।
અષ્ટમ વર્ષની ઉમરે જાણુ, વાઘ વરૂ સીંહ પશુ ભયમાન ।।૨૦।।
ખટ યા આઠે રાહુ જાય, પહેલે ત્રીજે શની જો થાય ।।
ત્રણ વર્ષે અગ્નિભય જાણુ, જ્યોતિષનું તો એ ફરમાન ।।૨૧।।
ખટ યા આઠે સૂર્ય વસે, દ્વાદસ ભાવે ચંદ્ર થશે ।।
નવ વર્ષ જળ ભય ગણાય, સાચુ ખોટુ કેમ મનાય ।।૨૨।।
ખટ સ્વામી અગીયારે જાય, અગીઆરો તો ખટમાં થાય ।।
શત્રુથી તો ધનની હાંણુ, વર્ષ ચોતરીસનું એ પ્રમાણુ ।।૨૩।।

## દુહા

ચંદ્ર શુક્ર યા બુધજો, ખટમાં કરે જઇ વાસ ।।
મામી કન્યા બહુ જણે, એ ભાંણેજને અપવાદ ।।૨૪।।

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ગુરૂ ખટમાં જઈ વસે, પુત્ર સુખ મામીલેત।
ચંદ તલક એસો ભણે, મામા સુખમાં રહેત॥૨૫॥

**અર્થ**—છઠ્ઠા ભાવે ચંદ્ર, શુક્ર યા બુધ હોય તો મામીને ઘણી છોકરીયો ભાણેજના આ યોગાંન યોગથી થતી હોવાથી એ ભાણેજને અપવાદ રૂપ છે. ॥૨૪॥

છઠ્ઠા ભાવે ગુરૂ હોય તો મામીને પુત્રો ઘણા થાય છે ને મામા સદા સુખમાં રહે છે ॥૨૫॥

ખટમે રાહુ શનિ બસે, મામા પ્રજા નવ પાય।
ચંદ તલક એસો ભણે, પૂર્વ પુન્યે એક કન્યાય॥૨૬॥

**અર્થ**—છઠ્ઠા ભાવમાં રાહુને શની પડેલા હોય તો મામાને પુત્રનું સુખ હોય નહી પણ જો પૂર્વભવની પુન્યાઈ હોય તો એક પુત્રીનું સુખ મળે છે. ॥૨૬॥

ધનેશ સંગે શુભ ગ્રહ, ખટમાં જો કબુ જાય।
યા તો શુભગ્રહ દ્રષ્ટિથી, સંગ્રામે જય થાય॥૨૭॥

**અર્થ**—ધન (બીજા) ભાવનો સ્વામિ શુભગ્રહના સાથે જો છઠ્ઠા ભાવે હોય અથવા છઠ્ઠા ભાવે રહેલા ધનભાવનાં સ્વામિ ઉપર શુભગ્રહની દ્રષ્ટિ હોય તો શત્રુઓના સાથે સંગ્રામ (લડાઈ) માં પોતાનો વિજય મેળવે છે. ॥૨૭॥

ગુરૂ શુક્ર કે ચંદ્રમા, ખટમાં કરે જઈ વાસ।
ભાઈ મોશાળને સાસરી, સુખની રહેતી આશ॥૨૮॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—છઠ્ઠા ભાવમાં ગુરૂ, શુક્ર યા ચંદ્ર હોય તો અનુક્રમે ભાઇઓનું, મોસાળનું ને સાસરીનું સુખ સારૂ રહે છે ॥૨૮॥

શત મેશ ખટમાં જઈ ફસે, યા શુક્ર ખટે પકડાય ।
નારી નપુશક દુઃખ ઘણું, સંસાર સુખ રદ જાય. ॥૨૯॥

**અર્થ**—સાતમા ભાવનો સ્વામિ છઠ્ઠા ભાવે હોય અથવા શુક્ર છઠ્ઠા ભાવમાં હોય તો નપુંશક સ્ત્રી મળવાથી સંસારના સુખનું નિકંદન થાય છે. જેથી ઘણું દુઃખ સહન કરવું પડે છે. ॥૨૯॥

ખટમાં મંગળ ઘર કરે, શનિ દ્રષ્ટિયે જોય ।
નાર નપુસક શત્રુ ઘર, અપને પ્રેમરસ હોય. ॥૩૦॥

**અર્થ**—છઠ્ઠા ભાવમાં મંગળ, શનિની દ્રષ્ટિમાં હોય તો શત્રુની સ્ત્રી નપુંશક હોય છે ને પોતાને પોતાની સ્ત્રીનું સુખ સારૂ હોવાથી, સદા પ્રેમનો રસ ચાખ્યા કરે છે. ॥૩૦॥

સુતે સેરિપુ ભાવસ્થે ષષ્ટેશે ગુરૂ સંયુતે ॥
વ્યયેસે લગ્ન ભાવસ્થે તસ્ય પુત્રો રિપુર્ભવેત્ ॥૩૧॥

**અર્થ**—પાંચમાનો સ્વામી છઠ્ઠે હોય ને છઠ્ઠાનો સ્વામી ગુરૂ સાથે હોય ને બારમાનો સ્વામી લગ્નમાં હોય તો પોતાનો પુત્ર શત્રુ થાય છે ॥૩૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપ વ્યોમ ચરાસ્ત્ર યોરિપતિતત્પાતપેક્ષકા દુર્બલા
ગોવિત્તક્ષય મામયંરિપુભયં કુર્વન્તિ જન્માદિતઃ ॥
તે સર્વે બલસાલીનો યદીસુભાં ગોવિત્તમ શ્વાદિકં
રાજાન્નં સકલો પદં સસહિતં રોગારિનાસં વદેત્ ॥૩૨॥

**અર્થ**—છઠ્ઠા કે આઠમા ભાવમાં ત્રણ પાપીગ્રહ હોય કે દેખતા હોય તો શરીરે દુર્બળ, ગાય અને ધનનો નાશ કરનારો શરીરે રોગી અને શત્રુના ભયવાળો જન્મથી હોય છે. પણ છઠ્ઠે કે આઠમે બળવાન શુભગ્રહ હોય તો, ગાય, ધન, ઘોડા, હાથી, એને સર્વે અલંકારવાળા રાજા પાસેથી ધન ધાન્ય મેળવનારો અને રોગને શત્રુઓનો નાશ કરવાવાળો થાય છે ॥૩૨॥

ષષ્ટે કુરો નરો યાતઃ શત્રુ પક્ષ વિમર્દકઃ ॥
યષ્ટે સૌમ્ય સદા રોગી ષષ્ટે ચંદ્રેસ્તુમૃત્યુદઃ ॥૩૩॥
ષષ્ટે સૌમ્યે ગ્રહે રોગી દીર્ઘાયુર્માતુલાત્સુખમ્ ॥
પાપગ્રહે ભવેચ્ચોવ શત્રુ માતુલ નાશ કરંસયાત્ ॥૩૪॥

**અર્થ**—છઠે ક્રૂર (પાપી) ગ્રહ હોય તો શત્રુ પક્ષનો નાશ કરે છે ને સૌમ્ય (શુભ) ગ્રહ હોય તો સદા રોગી રહે છે તેમાં જો ચંદ્રમા છઠ્ઠે હોય તો મૃત્યુકારક છે. ॥૩૩॥

છઠે શુભગ્રહ રોગી રાખે છે પણ દીર્ઘાયુને મામાથી સુખ આપે છે પણ પાપગ્રહ હોય તો મામાનો ને શત્રુનો નાશ કરે છે. ॥૩૪॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સાતમા ભાવનું ફળ

## વસંતતિલકા

**જાતકાભરણ**

રણાકાંણુ ચાપિ વાંણિક્રિયાશ્ચ જાયા વિચારો ગયન પ્રમાણુમ્ ગમનપ્રમાણુમ્ ।।
શાસ્ત્રપ્રવીણૈર્હિં વિચારણીયં કલત્રભાવે કિલ સર્વમેતત્ ।।

રણ સંગ્રામ સ્ત્રી વ્યાપાર યાત્રાનું પ્રમાણુ એ સઘળુ શાસ્ત્ર જાણનારાઓએ નિશ્ચયથી સાતમા ભાવમાં જોવું ।।

સૌમ્યયુત્તં સૌમ્યભં સૌમ્યદૃષ્ટં
જાયાગેહં દેહિનાભંગનાપ્તિમ્ ।
કુર્યાન્નુનં વૈપરી ત્યાદ્દભાવો
મિશ્રત્વેન પ્રાપ્તિકાલે પ્રલાપઃ ।। .

સાતમે શુભ ગ્રહની રાશિને શુભગ્રહયુકત કે જોતા હોય તેને બૈરી મળે છે પાપગ્રહની રાશિને પાપગ્રહ જોતા કે યુક્ત હોય તો તેને સ્ત્રી (બૈરી) મળતી નથી. પાપને શુભ ગ્રહો ભેગા હોય તો સ્ત્રી મળતાં વાર થાય.

લગ્નાવ્યયે વારિપુ મંદિરેવા દિવાકરે દૂભવસ્તદાનીમ્ ।
સ્યાન્માળવસ્યાત્મજ એકએવ ભાર્યા પિચૈકેતિવદંતિસંત ।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નથી બારમે કે છઠ્ઠે સૂર્ય ને ચંદ્ર હોય તો તેને એક સ્ત્રી ને એક પુત્ર હોય એમ પંડિતો કહે છે.

વ્યાયાસયે વામદનાલયેવા ખલેષુવૃદ્ધ યાલયગેહિમાંશૌ ।
કલત્રહીનોમનુજ સ્તનુજૈ વિવર્જિતઃસ્યાદિતિવેદિતવ્યમ્ ॥

બારમે કે સાતમે પાપગ્રહો હોય ને પાંચમે ચંદ્ર હોય તો સ્ત્રી તથા સંતાન હોય નહી.

શુક્રેંદુ પુત્રૌ ચ કલત્ર સંસ્થૌ કલત્રહીનં કરૂતે નરંતૌ ।
સુભેક્ષિતૌ તૌ વયસો વિરામે કામં ચરામાં લભતે મનુષ્યઃ ॥

સાતમે બુધ શુક્ર હોય તો સ્ત્રીથી હીન થાય ને શુભ ગ્રહો તેને જોતા હોય તો અવસ્થાના અંત ભાગમાં સ્ત્રી મળે છે.

શુક્રેન્દુ જીવશશિજૈઃ સકલૈસ્ત્રિલિશ્ચ દ્વાભ્યાં કલત્ર ભવનેચતથૈકકેન એષાંગૃહેપિય ગણેથ વિલોકિતે વા સંતિસ્ત્રિયોભવન વર્ગખગ સ્વભાવાઃ

શુક્ર, ચંદ્ર, ગુરૂ કે બુધની રાશિના સાતમે તે ચારે ત્રણ, બે, કે એક ગ્રહ હોય ને નવમાંશમાં પણ તે જ રાશિયોમાં હોય કે તે નવમાંશમાં પોતાની રાશિને જોતા હોય તો તેવા જેટલા ગ્રહો હોય તેટલી બૈરીઓ થાય ને નવામાંશની રાશિના સરખા સ્વભાવ ગુણીવાળી સ્ત્રીઓ થાય.

શુક્રસ્ય વર્ગેણુયુતેકલત્ર ખન્ડંગનાપ્તિર્ભૃગુવીક્ષણેન ।
શુક્રેક્ષિતે સૌમ્ય ગણેર્ઙ્નાનાં બાહુલ્ય મેવા શુભવિક્ષણાન્ન ॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સાતમાને વર્ગ (નવમાંશ) શુક્રનો હોય ને શુક્ર જોતો હોય તો તેને ઘણી સ્ત્રીઓ હોય સાતમાનો વર્ગ બુધનો હોય ને શુક્ર જોતો હોય તો ઘણી સ્ત્રીઓ હોય છે પણ જો પાપગ્રહ જોતો ન હોય તો જ હોય.

મહીસુતે સપ્તમ ભાવયાતે કાંતાવિયુક્તઃ પુરૂષસ્તદાસ્યાત્।
મંદેનદ્રષ્ટોમ્રિયતેપિલબ્ધ્વા શુભગ્રહાલોકનવર્જીતેઽસ્મિન્॥

સાતમે મંગળ હોય તો સ્ત્રી રહિત થાય સાતમે શની જોતો હોય ને શુભ ગ્રહ ન જોતા હોય તો બૈરી મળે પણ મરી જાય છે.

પત્ની સ્થાનેયદારાહુઃ પાપયુગ્મે નવીક્ષિતઃ
પત્નીયોગસ્તદાનસ્યા દ્દભૂતાપિ પ્રિયતેઽચિરાત્

સાતમે રાહુ હોય ને બે પાપગ્રહો જોતા હોય તો સ્ત્રી મળતી નથી ને કદાચ મળે તો જલ્દી મરી જાય છે.

ષષ્ટેચ ભવને ભૌમઃ સપ્તમે રાહુ સંભવઃ
અષ્ટમે ચયદા સૌરી સ્તસ્ય ભાર્યાનજીવતિ

છઠ્ઠે મંગળ, સાતમે રાહુ આઠમે શની હોય તેની સ્ત્રી જીવતી નથી.

## જાતક રત્ને

લગ્નેશ્વરો લગ્નગતઃસ્મરેશો જાયાસ્થિતોદ્વાવથલગ્નસંસ્થૌ।
યામિત્રગૌ દ્વાવથભર્તૃવધ્વોઃ પ્રેમાતિરેકં કુરૂતોવિશેષાત્॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ લગ્નમાં ને સપ્તમેશ સાતમે હોય કે બેઉ લગ્ને કે સાતમે હોય તો તે પુરૂષ સ્ત્રી બન્નેને પરસ્પર ઘણી પ્રીતિ હોય.

લગ્નેશે સપ્તમસ્થેવા ભાર્ય્યા દેશકરઃ પતિઃ
લગ્નસ્થે સપ્તમેશેતુ ભર્તુરાદેશ કૃદ્ધ ધ્રૂઃ

લગ્નેશ સાતમે હોય તો સ્ત્રીના કહેવા પ્રમાણે ચાલનારો પતિ થાય અને સાતમાનો સ્વામી લગ્નમાં હોય તો સ્વામીના કહેવા પ્રમાણે ચાલનારી સ્ત્રી થાય.

મંદગતાયદિપાપખગાસ્તદા દયિત યા સહનૈવસુખંલભેત્
શુભખગાદયિતા સુખકારકાઃ શશિમુખી બહુ રૂપગુણાન્વિતા

સાતમે પાપગ્રહ હોય તો સ્ત્રીથી સુખ મળે નહિ ને શુભ ગ્રહ હોય તો સ્વામીને સારૂં સુખ આપે છે ને સ્ત્રી ચંદ્ર-સરખા મુખવાળી બહુ રૂપવાળી ને ઘણા ગુણવાળી હોય છે.

ગુરૂસિતાવપિ મદયુતેક્ષિતૌ મદગતૌ ચતુરાવનિતાતદા
સ્મિત મુખી બહુ રૂપવિભુષણા બહુ સુતા ધનધાન્ય સમન્વિતા

સાતમે ગુરૂ શુક્ર રહ્યા હોય ને શનિ જોતો કે યુક્ત હોય તો તેની સ્ત્રી ઘણી ચતુર અને હસમુખી બહુ રૂપવાળી ઘણા પુત્રવાળી ને ધન ધાન્યથી સુખી હોય છે.

ખલયુતેક્ષિત મસ્તગૃહંયદિ ખલગૃહં ચખલાંત રિતસ્તથા.
ચપલ મત્ર કલત્ર મથોનર શ્ચપલદારવશાત્ પરદારયુક્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતમે પાપગ્રહ હોય કે જોતા હોય અને પાપગ્રહની રાશી હોય કે પાપગ્રહના મધ્યમાં સાતમો ભાવ હોય તો સ્ત્રી ઘણી ચપળ ને પુરૂષ પણ ચપળ હોય ને સ્રીના કહેવાથી પરસ્રીનું સુખ ભોગવનાર થાય

શનિ કુજૌ મદગૌમદનાધિપો નિધનગોપિરિયુ વ્યયગોથવા ।
મરણમેતિતદાસ્વકલત્રત સ્તવથર વિર્વિષદા વનિતાભવેત્ ॥

સાતમે શનિ મંગળ હોય ને સપ્તમેશ આઠમે, છઠ્ઠે કે બારમે હોય તો પોતાની સ્ત્રીથી પુરૂષનું મરણ થાય ને તેમાં સૂર્ય હોય તો ઝેરથી ધણીને મારે છે.

મદનગા વિહગા સ્વપતિક્ષિતા સ્વમિતિ તુલ્ય વિવાહકરાયતાઃ
ઈહિરવિંદુ કુજાપ્રબલાઃ ક્રમા દ્રસદશસ્વમિત પ્રયદા પ્રદાઃ

સાતમે રહેલા ગ્રહોને સપ્તમેશ જોતો હોય તો સાતમે જેટલા ગ્રહો હોય તેટલી સ્ત્રીઓ થાય ને સાતમે સૂર્ય ચંદ્ર મંગળ બળવાન હોય તો ને તેમાં સૂર્યનું બળ વધારે હોય તો ૬ ને ચંદ્રથી ૧૦ અને મંગળ વધારે બળવાન હોય તો ૨ સ્ત્રીઓ થાય.

સપ્તમે ગુરૂ સૌમ્યૌચે ત્તદૈકાવનિતાભવેત્
યામિત્રે ચંદ્રશુક્રૌચ બહુ પત્યો ભવંતિહી

સાતમે ગુરૂ ને બુધ હોય તો એક સ્ત્રી થાય અને સાતમે ચંદ્ર અને શુક્ર હોય તો ઘણી સ્ત્રીઓ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યામિત્રે ચંદ્ર સિતયો વર્ગઃ શુક્રેણ વિક્ષિતઃ ।
બહુ પત્યોઽ થવા શુક્ર વર્ગશ્ચે દબહુ વલ્લભાઃ ॥

સાતમાના ભાવનો નવમાંશ ચંદ્ર શુક્રનો આવે ને ચંદ્ર શુક્ર તેને (૭મે)જોતા હોય તો ઘણી સ્ત્રીઓ થાય તેમાં શુક્રના વર્ગથી સ્ત્રીઓ ઉપર બહુ પ્રીતિ હોય છે.

જાયાધિપૌ સૂર્ય ભૌ મૌ તદેકાવનિતા ભવેત્
વેશ્યા પ્રિયા ભવે ત્પુંસાં બુધાંશેસપ્તમાધિપે

સાતમાનો સ્વામી સૂર્ય કે મંગળ હોય તો તેને એક સ્ત્રી ને સપ્તમેશનો નવ માંશ બુધનો આવે તો વેશ્યા સાથે પ્રીતિવાળો થાય.

શનિશ્ચરે સપ્તમગે વિલગ્ને યદાનવાંશો ધરણીસ્કતસ્ય
વૃદ્ધાંગનાસક્તરતોમનુષ્યઃ સદાભવેત્કાળનિ પિડીતાત્મા

સાતમે શની હોય ને લગ્નનો નવમાંશ મંગળનો હોય તો વૃદ્ધ (ઘરડી) સ્ત્રી સાથે આશક્ત ને સ્ત્રીઓની આશક્તિથી પીડાય છે.

સિંહાંશકે સૂર્ય સુતેવિલગ્ને વાભૌમદ્રષ્ટે રવિજેસ્થસંસ્થે
નરોભવેદ્રક ભગોત્રયોગે વિપર્યયે વક્રરતાનુ રકતઃ

શનિ સિંહના નવમાંશનો થઈને લગ્નમાં બેઠો હોય કે સાતમે રહેલા શનીને મંગળ જોતો હોય તો તે પશુ ચોની (ઢોર સાથે ભોગ) ભોગવનારો થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કન્યાંશકેસૌમ્યદશાવિહિનો   વિલગ્નસંસ્થો ભૃગુજોત્રજાતઃ ।
કન્યારતિ વાંછતિ પાપયુકતઃ સ્ત્રીલંપટ સ્યાત્ સતતં વિલજ્જ ॥

કન્યારાશિનો નવમાંશનો થઈને શુક્ર લગ્નમાં હોય ને શુભ ગ્રહની દ્રષ્ટી ન હોય તો કન્યાઓ સાથે પ્રીતીવાળો ને પાપકર્મ કરનારો સ્ત્રી લંપટ અને લાજ વિનાનો હોય છે.

## ઉદયભાસ્કરે

રવિવિધૂવ્યયવૈરીગતૌયાદિ   કનનૌરમણિપુરૂષૌમતૌ ।
યદિશનિર્મદનેહિમદીધિતેઃ કરતલેનહિવીર્યપરિચ્યુતિઃ ॥

બારમે કે છઠ્ઠે સૂર્ય ચંદ્ર હોય તો બન્ને સ્ત્રી પુરૂષને એકજ આંખ હોય છે ને ચંદ્રથી સાતમે શની હોય તો પોતાના હાથથી વીર્યનો પાત કરે છે.

## વૃદ્ધહોરાપ્રકાશે

સત્યાસુંદરતાસરોજવદના ચાતુર્યરૂપાન્વિતા
વાણીનિર્મલચંપકાકૃયિતનુરત્નાદિહેમાન્વિતા
ભર્તુઃ ભક્તિપરાયણાસુતવતીસ્વાચારનિષ્ટાસતિ
જામિત્રાગુરૂચંદ્રકર્કહગતે એવંવિધાગેહિની

સાતમે કર્કના ગુરૂ ચંદ્ર હોય તો તેની સ્ત્રી સત્ય બોલનારી કમળમુખી સુંદર ચતુર નમનતાઈથી બોલનારી સુકોમળ રત્નાદિ આભુષણને ધારણ કરવાવાળી સ્વામીની

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

સેવા કરનાર સારા પુત્રવાળી સદાચારી એવા સદગુણની ને સતી હોય છે.

## સ્વાર્થ ચિંતામણિ

શુક્રે કલત્ર ત્વતિકામુકઃસ્યા દ્બુધેઽન્યયોષાનિરતોગુરૌતુ
સ્વદારસકતો દિનનાથપુત્રે કુદાર રમ્યઃ સુપતો સુદારઃ

સાતમે શુક્ર હોય તો કામાતુર થાય બુધથી બીજાની સ્ત્રી ઉપર પ્રીતિવાળો ગુરૂથી પોતાની સ્ત્રીપર પ્રીતિવાળો શનિથી દુષ્ટ સ્ત્રી સાથે પ્રીતિવાળો અને સાતમાનો સ્વામી બળવાન હોય તો સારી સ્ત્રી વાળો થાય.

ક્ષીણેશશાં કેયદિપાપયુક્તે દારસ્થિતે ત્વન્યકલત્રગામી
લગ્નેશપાપેયદિદાર નાથે જાતઃ પરસ્ત્રી પુરતઃ કુમાર્ગી

ક્ષીણ ચંદ્ર પાપગ્રહ સાથે હોય તો પરસ્ત્રી ભોગવે લગ્નમાં પાપગ્રહ સાથે સાતમાનો સ્વામી હોય તો પરસ્ત્રીઓમાં પ્રીતિવાળો ને ખોટેરસ્તે ચાલનારો થાય.

સુતેશે દાર ભંયાતે તદ્દીશે પાપસંયુતે
શુક્રોબલ વિહીનશ્ચે દ્ભર્ભેણ સ્ત્રી મૃતિ ર્ભવત્

પંચમેશ સાતમે હોય ને સપ્તમેશ પાપયુક્ત હોય ને શુક્રનિર્બળ હોય તો ગર્ભવતી સ્ત્રી નાશ પામે છે.

કલેત્રેશે બહુગુણે તુંગ વક્રાદિ હેતુભિઃ
બહુભાર્યં નરંવિદ્યા દ્દ્દયક્ષંગતેઽપિવા

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સપ્તમેશ ઘણો બળવાળો ઉચ્ચ વક્રી કે મુલત્રી કોણનો હોય કે લગ્નમાં હોય તો તેને ઘણી સ્ત્રીઓ થાય.

ભાર્યા દ્વયંવદેત્તત્ર .લગ્નેશે નાશ રાશિગે
કલત્રે પાપ સંયુકતે કુટુંબેશે તથા વિધે

લગ્નેશ આઠમે હોય ને સાતમે પાપગ્રહ સાથે ધનેશ હોય તો બે સ્ત્રીઓનો યોગ થાય છે.

શુભગ્રહેણ સંયુક્તઃ કલેત્રેશેઽરિનીચગે
પાપે કલત્ર રાશિસ્થે વિવાહ માદ્વયમાદિશેત્

કલત્રાધિપતૌ કેન્દ્રે શુભગ્રહ નિરોક્ષતે।
સુભાંશે શુભરાશૌ વા પત્ની વ્રતપરાયણા ॥

**ભાવાર્થ**—સાતમા ભાવનો સ્વામી કેન્દ્રમાં શુભગ્રહ ની દ્રષ્ટીમાં કે શુભગ્રહની રાશીમાં અથવા શુભ રાશીના નવમાંશમાં બેઠેલો હોય તો તે જાતકની સ્ત્રી વૃતપરાયણ હોય છે.

શુભાંશે શુભ સંદ્રષ્ટે નાથે જાયા સુવંશજા ।
પાપ રૂઢે પાપવર્ગે તસ્ય જાયા કુવંશજા ।

**ભાવાર્થ**—સાતમા ભાવનો સ્વામિ શુભ નવમાંશમાં શુભગ્રહની દ્રષ્ટિમાં હોય તો તે જાતકની સ્ત્રી સારા કુટુંબની હોય છે. પણ જો સાતમા ભાવનો સ્વામિ પાપ વર્ગમાં પાપ-ગ્રહથી યુકત હોય તો તેની સ્ત્રી હલકા કુટુંબની હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કામસ્થે તનુપે શુભગ્રહયુતે સદંશજામૃચ્છતિ
ક્રૂરર્ક્ષેમદગે વિલગ્નરમણે દુર્વંશજાતાઙ્ગનામ્ ।
વર્ણં રૂપગુણકૃતિં ચ સકલાં યત્તદ્ગૃહોક્તં વદેદ્
દુર્વ્યાપારકરગ્રહાકૃતિનરપ્રીતિં પ્રયાત્યઙ્ગના ॥

**ભાવાર્થ**—લગ્નનો સ્વામિ ૭મા ભાવમાં શુભ ગ્રહથી યુકત હોય તો તે જાતકને સ્ત્રી ઊચ્ચ કુલની મળે છે પરંતુ તે પાપ ગ્રહની રાશીમાં હોય તો તેથી ઊલટુ બને છે એટલે તેને નીચ કુલની સ્ત્રી મળે છે.

ભૌમાંશે વા ભૌમરાશૌ વિલગ્નાત્ કામસ્થાને જન્મમે વા
જાય દાશી નીચમૂઢ ગ્રહાંશે વધૂનામ્ ।
દુષ્ટ વા સ્યાદ્યૌવને ભર્તૃહીના ॥

**ભાવાર્થ**:—પુરૂષની બાબતમાં લગ્નથી ૭મો ભાવ અને સ્રીની બાબતમાં ૧ લો ભાવ જો મંગળની (૧–૮) રાશીનો હોય કે મંગળના નવમાંશનો હોય અને નવમાંશ કુંડળીમાં ૭ મા ભાવમાં બેઠેલો ગ્રહ દુર્બળ નીચ કે અસ્તનો હોય તો તે સ્રી દાસી થાય છે કે યુવાનીમાં દુષ્ટ કર્મ કરવાથી પોતાના સ્વામીથી તાજ્ય થાય છે. ॥

વન્દયાપતિઃ સિતરવી યદનોદયસ્થૌ.
ચન્દ્રોદય સમગ્રહે લલનાકૃતિઃ સ્યાત્ ।
પુંરાશિગે પુરૂષભાવયુતં કલત્રં
સ્રીપુંગ્રહે ક્ષિતયુતે સતિ મિશ્રરૂપમ્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**:—શુક્ર અને સુર્ય ૭ મા અથવા ૧ લા ભાવમાં બેઠેલા હોય તો તેની સ્ત્રી વંધ્યા હોય છે (૨) ચંદ્ર બેકી રાશીમાં હોય તો તેની સ્ત્રી આકૃતિની હોય છે (૩) ચંદ્ર એકી રાશીમાં હોય તો તેની સ્ત્રી પુરૂષ આકૃતિની હોય છે (૪) ચંદ્ર પુરૂષ અને સ્ત્રીગ્રહોથી યુક્ત કે દુષ્ટ હોય તો તેની સ્ત્રી મિશ્ર આકૃતિની હોય છે

કાઠિન્યોરૂ કુચા મદે દિનકરે કામાધિપે કેન્દ્રગે
જીવેન્દુજ્ઞ સિતાન્વિતે ગુરૂ કુચાશુષ્કસ્તના ભૂમિને ।
લંમ્બા વીનપયોધરા સગુલિક છાયાસુતાહિધ્વને
ધૂમાદૌ વિષમાકૃતિ સ્તનવતિ દુઃસ્થેઽથવા કામપે ॥ ॥

**ભાવાર્થ**:—સાતમા ભાવમાં સૂર્ય હોય તો તેની સ્ત્રીના સ્તન અતિકઠણ અને મજબુત હોય છે. ૭ મા ભાવનો સ્વામી ગુરૂ, ચંદ્ર, બુધ, કે શુક્ર યુક્ત કેન્દ્રમાં હોયતો તેની છાતી વિશાળ અને ભરેલી હોય છે ૭ મા ભાવમાં મંગળ બેઠેલો હોય તો તેની સ્ત્રીના સ્તન શુષ્ક હોય છે ૭ મા ભાવમાં માંદ્રિ શનિ રાહુ કે કેતુ હોય તો તેની સ્ત્રીના સ્તન સ્થૂલ અને લટકતા હોય છે. ૭ મા ભાવમાં અપ્રકાશિત ગ્રહો બેઠેલા હોય અથવા તેનો સ્વામી દુઃસ્થાનમાં બેઠેલો હોય તો તેની સ્ત્રીના સ્તન વિષમ આકૃતિના હોય છે

કમેશ્વરો દેવગુરૂઃ સિતો વા સમ ભગં ચારૂતરં તરૂણ્યાઃ ।
હ્રસ્વં ભગંસસરાશિનાથે શનીન્દુતારા સુત મધ્યયાતે ॥

**ભાવાર્થ** :— ૭મા ભાવનો સ્વામી ગુરૂ કે શુક્ર હોય તો તેની સ્ત્રીનું ભગ (યોની) સમાન અને સુંદર હોય છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો સાતમા ભાવનો સ્વામી શનિ ચંદ્ર ને બુધના મધ્યમાં બેઠો હોય તો તેની સ્ત્રીનુ ભગ હ્રસ્વ હોય છે.

> દીર્ઘં સમેતિ ભગમસ્તયતૌ જ લક્ષ્ટે
> તત્કારકે જલગૃહોપગતે તથૈવ ।
> સાર્દ્રં ભગં મદનગે ભૃગુવીક્ષિતેઽબ્જે
> ગુહ્યં ત્વનાર્દ્રમુપયાતિ વિધુઃ સમાયે ॥

**ભાવાર્થ**:— સાતમા ભાવનો સ્વામી અથવા તેનો કારક (શુક્ર) જલ (કર્ક વૃશ્ચિક મીન) રાશી પૈકીની કોઇ રાશીમાં બેઠો હોય તો તેની સ્ત્રીનું ભગ દીર્ઘ હોય છે જો સાતમા ભાવમાં ચંદ્ર શુક્રની દૃષ્ટિમાં હોય તો તેની સ્ત્રીનો ગુહ્ય (યોની)નો ભાગ આર્દ્ર ભીનાશવાળો હોય છે પરંતુ તે ચંદ્ર પાપગ્રહથી યુક્ત હોય તો તેમ હોતુ નથી પણ તે યોનીનો ભાગ ભીનાશ રહીત સુકો હોય છે.

> જાતઃ સમેતિભગચુમ્બન મસ્ત નાથે
> શુક્રેણ વીક્ષિતયુતે ભૃગુમન્દિરે વા ।
> એવં કુટુમ્બ ભવનાધિપતૌ તથા સ્યાત્
> દારર્ક્ષગે દશમયે સસિતે તથૈવ ॥

**ભાવાર્થ**:— ૭મા ભાવનો સ્વામી શુક્રથી યુક્ત કે દૃષ્ટ હોય કે શુક્રની રાશીમાં બેઠેલો હોય તે જાતક તેની સ્ત્રીનું ભગ ચુમ્બન કરે છે. તે પ્રમાણે ઉપરનો યોગ ૭મા ભાવના સ્વામીને બદલે બીજા ભાવના સ્વામીથી બનતો હોય

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તો પણ તેમ બને છે અથવા ૧૦મા ભાવમાં શુક્ર યુક્ત હોય તો પણ તેમ સમજવું.

કલત્રનાથસ્થિતભં તદીયં રાશિં કલત્રસ્ય વિદુર્મહાન્તઃ ।
તસ્યોશ્ચનીચંયદિ વા કલત્રરાશિં તદશત્રિતયંતદીયમ્ ॥

**ભાવાર્થ**—મહાન દેવજ્ઞોએ પુરૂષની કુંડળીમાં સાતમા ભાવનો સ્વામી જે સ્થાનમાં બેઠો હોય તેની રાશી તેની સ્ત્રીની જન્મ રાશી ગણેલી છે. પુરૂષ કુંડળીમાં સાતમા ભાવના સ્વામિની ઉચ્ચ અને નીચ રાશીઓ તેમજ સાતમા ભાવમાં રહેલી રાશી એ ત્રણને સ્ત્રીની જન્મ રાશી ગણેલી છે—આ મત સ્વાર્થ ચિંતામણિનો છે.

લગ્ને વ્યયેચ પાતાલે જામિત્રે ચાષ્ટમે કુજે ।
ભર્થાર ભક્ષાંણિ ભર્યા ભાર્યા ભર્થાર ભક્ષતે ॥ ॥

**ભાવાર્થ**:—કન્યાના જન્મ કાલમાં. ૧, ૧૨, ૪, ૭, ૮, એ સ્થાનો પૈકીના કોઈ સ્થાનમાં મંગળ રહેલો હોય તો તે કન્યા તેના સ્વામીનો નાશ કરે છે અને જો વરને ઉપર પ્રમાણે મંગળ રહ્યો હોય તો તે વર તેની કન્યાનો નાશ કરે છે.

**નોંધ**:—આ મંગળ વરને હોય તો પાગડીયે અને કન્યાને હોય તો ગાટડીયે ગણાય છે. તેનો દોશ પરિહાર નીચે પ્રમાણે પૂર્વના પંડિતોએ વર્ણવેલો છેઃ–

યામિત્રે યદા સૌરિ લગ્ને વા હિંબુકે તથા ।
નવમે દ્વાદશે ચૈવ ભૌમ દોષો નવિધતે ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અજે લગ્ને વ્યયેચાપે પાતાલે વિશ્ચકે તથા ।
ધુને મીને ઘટેચાષ્ટૌ ભૌમ દોષો ન વિદ્યતે ॥

**ભાવાર્થ**:—ઉપરોક્ત શ્લોકના બે પોઇન્ટોથી પાગડી અને ગાટડી મંગળના દોશનો નાશ નીચે પ્રમાણે બતાવેલ છે.

(૧) જેના જન્મ કાળમાં જન્મ લગ્નથી ૭, ૧, ૪, ૯, ૧૨, એ સ્થાનો પૈકીના કોઈ સ્થાનમાં શની રહેલો હોય તો મંગળનો દોશ નાશ થાય છે.

(૨) જન્મકાળે જન્મ કુંડળીમાં મેશ(૧)નો મંગળ લગ્ને કે બારમે ધન(૯)માં કે ચોથે વૃશ્ચિક(૮)માં કે સાતમે મીન(૧૨)માં કે આઠમે કુંભ(૧૧) રાશીમાં મંગળ હોય તો તે જાતકને મંગળનો દોશ નડતો નથી.

નીચે ગુરૌ મદનગે સતિ નષ્ટદારો
મીને કલત્રભવને રવિજે તથૈવ ।
મન્દાર રાશિનવ માગગતે સુરેજ્યે
જારો ભવે દિન સુતાર સમન્વિતે વા ॥

**ભાવાર્થ**:— સાતમા ભાવમાં નીચનો ગુરૂ હોય તો તે જાતકની સ્ત્રી મરી જાય છે. ૭મા ભાવે મીન રાશીમાં શનિ હોય તો પણ તેની સ્ત્રીનો નાશ થાય છે ૭મા ભાવે ગુરૂની (૯, ૧૨) શનિની (૧૦, ૧૧) કે મંગળની (૧, ૮) રાશીમાં કે તે રાશીના નવમાંશમાં શની હોય તો તે પુરૂષ જાર બને છે. વળી ગુરૂ ૭મા ભાવે શની કે મંગળથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યુક્ત હોય તો પણ તે જાતક પરદારાના પ્રેમમાં પટકાઈ પડે છે.

**નોંધ**:— ઉપરોકત શ્લોકનો છેવટનો યોગ સચોટ અનુભવ સિદ્ધ થયેલો છે.

સપ્તમેશ શુભગ્રહ રાશિમાં શુક્ર ઉંચ કે સ્વગ્રહી હોય।
ભાર્યા યોગ પંચ નવમાં નિશ્ચેકર કે જોય ।।
ભાર્યા ભાવનો સ્વામિજે શુક્ર ગુરૂ ઘર જાય।
શુક્ર કેરા સંગથી વર્ષ નવમાં નારી થાય ।।

સાતમાનો સ્વામી શુભગ્રહની રાશીમાં હોય શુક્ર ઉંચ કે પોતાની રાશીમાં હોય તો તેનો વિવાહ કે લગ્ન ૫મા કે ૯મા વર્ષે થાય છે.

સાતમાનો સ્વામી વૃષભ (૨) તુલા (૭) ધન (૯) કે મીન (૧૨) રાશીમાં કોઈ પણ ભાવમાં શુક્ર સાથે હોય તો તેનો વીવાહ કે લગ્ન ૯મા વર્ષે થાય છે.

ભાર્યા ભાવે ભાનુ વસે સપ્તમેશ શુક્ર સંગ થાય।
સાતે એકાદશે મળે શંકા નહી રખાય ।।
સપ્તમેશ એકાદશે વસે ધન ભાવે શુક્ર જાય।
બારે બાળો પરણશે એકનવ મીથ્યા ન થાય ।।

સાતમે સૂર્ય હોય સાતમાનો સ્વામી શુક્ર સાથે હોય તો તેનો વિવાહ કે લગ્ન ૭મા કે ૧૧ વર્ષે થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતમાનો સ્વામી અગીયારમે હોય શુક્ર બીજા ભાવે હોય તો તેનો વિવાહ કે લગ્ન ૧૨ મા કે ૧૯ મા વર્ષે થાય છે.

શુક્ર પંચમ ભાવમાં, ચોથે રાહુ વાસ ।
તેત્રીશે ત્રિયા મળે, વાંઢાને ઘર આશ ॥
ચંદ્રથી સાતે શનિ થકી, એક આઠ અનુમાન ।
લગ્નેશ લલના દશમે વસે, પંદરે પ્રેમદા શું દિલજાન ॥

પાંચમા ભાવે શુક્ર હોય, ચોથા ભાવે રાહુ હોય તો તેનો વિવાહ કે લગ્ન ૩૩ મા વર્ષે થાય છે.

ચંદ્રથી સાતમી રાશિમાં શનિ હોય તો તેનો વિવાહ કે લગ્ન ૧૮ મા વર્ષે થાય છે અથવા પહેલા ભાવનો અને સાતમા ભાવનો સ્વામિ દશમા ભાવમાં હોય તો તેનું લગ્ન પંદરમા વર્ષે થાય છે.

કેન્દ્રે શુક્ર વસે, શુક્રથી સાતે શનિ હોય ।
બારે તો બાળા મળે, ઓગણીસે ચોવના જોય ॥
શુક્રથી સાતે ચંદ્રમા, વર્ષ દશ પ્રમાણ ।
ચંદ્રથી સાતે બુધ વસે, બાવીસનું અનુમાન ॥

લગ્નથી કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) સ્થાનમાં શુક્ર હોય, શુક્રથી સાતમે શનિ હોય તો તેનો વિવાહ કે લગ્ન ૧૨ મા કે ૧૯ મા વર્ષે થાય છે.

શુક્રથી સાતમે ચંદ્ર હોય તો ૧૦ મા વર્ષે ચંદ્રથી સાતમે બુધ હોય તો ૨૨ વર્ષે વિવાહ કે લગ્ન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અષ્ટમેશ પાંચે ઘર કરે, ત્રીશે ત્રિયા યોગ ।
સંશય મન નહિ લાવશો, આ બૃહત્ત પારાસર યોગ ॥
ધન ભાવે શુક્ર વસે, ધન સ્વામિ મંગળ સંગ ।
સત્તાવીશે ઘર શોભશે, જામે ત્રિયાશું રંગ ॥

આઠમા ભાવનો સ્વામિ પાંચમા ભાવમાં રહેલો હોય તો તેનો વિવાહ કે લગ્ન ત્રીસ વર્ષે થાય છે તેમાં સંશય લાવવા જેવું નથી. કારણ કે આ સર્વ યોગ બૃહત પારાસર હોરાશાસ્ત્રી મધેના છે.

બીજા ભાવે શુક્ર હોય, બીજા ભાવનો સ્વામિ મંગળ સાથે કોઈપણ ભાવમાં હોય તો તેનો વિવાહ કે લગ્ન ૨૭મા વર્ષે થાય છે.

લગ્નાધિ ભૃગુ ભૂસૂતઃ કરે કેન્દ્રે વાસ ।
એક પંચ બાવીશમાં, એ નરને ઘર વાસ ॥
પણ ફરમાં જો જઈ વસે, સોળ ત્રેવીશ પ્રમાણ ।
એપોકલીમે એક સાત, ચોવીશ આખર જાણ ॥
લગ્નાધિપતિ બુધ ગુરૂ, ઘર કરે કેન્દ્ર માંહી ।
શુક્ર મંગળ સમ જાણીયે, પ્રેમદા ઘર કે માંહી ॥
લગ્ને કર્ક મકર વસે, શશી શનિ કેન્દ્રે વાસ ।
એક મીંડી એક સાતમાં, પ્રિયા હોય પ્રિતમ પાસ ॥
પણ ફરે શશી શનિ વસે, એક દશ અઢાર ગણાય ।
એપોકલીમે દ્વાદશે, યા ઓગણીસે નકી થાય ॥
સિંહ કુંભ લગ્ને વસે, સૂર્ય શનિ કેન્દ્રે વાસ ।
કર્ક મકર સમ લગ્ન જ કરે, પ્રેમદા પ્રીતમ પાસ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેષ (૧) વૃશ્ચિક (૮) વૃષભ (૨) કે તુલા (૭) રાશીનું લગ્ન હોય અને મંગળ શુક્ર કેન્દ્ર (૧,૪,૭,૧૦) મધેના કોઈ પણ ભાવમાં હોય તો ૧૫ કે ૨૨મા વર્ષે વિવાહ કે લગ્ન થાય તેવી રીતે પણ ફળ (૨,૫,૮,૧૧) મધેના કોઇ ભાવમાં હોય તો ૧૬ કે ૨૩ વર્ષે આપોકિલમ (૩,૬,૯,૧૨) મધેના કોઈ ભાવે હોય તો ૧૭ કે ૨૪ વર્ષે વીવાહ કે લગ્ન થાય.

પહેલા ભાવે કર્ક (૩) કન્યા (૬) ધન (૯) કે મીન (૧૨) રાશીનું લગ્ન હોય અને બુધ ગુરૂ ને ભાવમાં ભેગા હોય તેનો યોગ પણ ઉપર પ્રમાણે થાય છે.

પહેલા ભાવે કર્ક (૪) કે મકર (૧૦) રાશીનું લગ્ન હોય અને ચન્દ્ર શની કેન્દ્રમાં ભેગા હોય તો ૧૦ કે ૧૭ વર્ષે વિવાહ કે લગ્ન થાય છે તેવી રીતે પણ ફળ (૨, ૫, ૮, ૧૧,)મધેના કોઈ ભાવમાં હોય તો ૧૧ કે ૧૮ વર્ષે આપોકિલમ (૩, ૬, ૯, ૧૨) મધેના કોઈ ભાવે હોય તો ૧૨ કે ૧૯ વર્ષે વિવાહ કે લગ્નનો યોગ થાય છે.

પહેલા ભાવે સીંહ (૫) કે કુંભ (૧૧) રાશીનું લગ્ન હોય અને સૂર્ય શનિ જે ભાવમાં ભેગા હોય તેનો યોગ પણ ઉપર પ્રમાણે થાય છે.

લગ્ને રાશી મીનમાં ચંદ્ર કેતુનો વાસ ।
સાતે સર્પો ભૂસૂતે જતરીશે નારી સાથ ।।
નારી નાથ હોય અસ્તનો કરશે નાણું નાશ ।
ભૃગુરાય ભસ્મી બને ઘણા વિંઘ્ને ચિંતા વાસ ।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભસ્મ થાય ભૃગુ ભામની ત્રિયા માટે તાંણા તાંણુ ।
અઠ્ઠાવિસથી આદરે સાતરીશે સુખ જાણુ ॥

**ભાવાર્થ** :—ઉપરોક્ત શ્લોકોમાંથી ત્રણ સિદ્ધાન્તો નીચે પ્રમાણે તરી આવે છે.

(૧) જન્મ લગ્ને મીન (૧૨) રાશીમાં ચંદ્ર તથા કેતુ હોય. અને સાતમા ભાવે રાહુ મંગળ હોય તો ૩૬ વર્ષ પૂર્ણ થતાં સ્ત્રીનો યોગ થાય છે. પરંતુ....

(૨) ઉપરોક્ત યોગમાં સપ્તમેશ સૂર્યથી અસ્ત હોય તો સ્ત્રીના માટે નાણું ઘણું ખરચ કરાવે છે. કદાચ શુક્ર અસ્તનો હોય તો નાંણું ખરચતાં પણ સ્ત્રી માટે ઘણાં વિઘ્નો ઉભાં થાય છે ત્યાર બાદ સ્ત્રીનો યોગ થાય છે. વળી

(૩) ભવિષ્યકાળે કદાચ સપ્તમેશ તથા શુક્ર બંને અસ્તના હોય તો તે જાતકને સ્ત્રી માટે ઘણી તાંણા તાંણી થાય છે પરંતુ તે જાતક માટે તેના ૨૮મા વર્ષથી પ્રયત્ન કરતાં છેવટે ૩૭મા વર્ષ સુધીમાં સ્ત્રી તો ભાગ્યના યોગે થાય છે.

**નોંધ**:—આ ત્રીપુટી યોગ લેખકે ખાસ અનુભવેલા હોવાથી શંકા રહિત છે અને આ ગ્રહયોગવાળા કેટલાક જાતકો હાલ હયાતિ પણ ભોગવે છે.

લગ્નાન્દ્રૈંપતિસ્ફૂટૈકયગ્રહગે જીવે વિવાહં વદેત્
ચન્દ્રાધિષ્ઠિતતારકાવંધુપયોરૈકયાંશકે વા તથા ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીવેત્રિનવાંશકે બલયુતે યધેકદારાન્વિતઃ
સ્વાંશેષ્વત્રિકલત્રવાન્ બહુવધુનાથઃ સ્વતુર્ઙ્ગા શકે ॥

**ભાવાર્થ**—લગ્નના સ્વામી અને ૭ માના સ્વામીના રાશિ અંશ કળાનો સરવાળો કરો તેથી જે રાશિ અંશ કળા આવે તેમાંથી જ્યારે ગુરૂનું ભ્રમણ થાય ત્યારે તે પુરૂષના લગ્નનો સમય સમજવો.

આજ પ્રમાણે ચંદ્ર અને ૭ મા ભાવનો સ્વામી જે નક્ષત્રમાં બેઠા હોય. તે નક્ષત્રના સ્વામી ગ્રહના રાશિ અંશ કળાનો સરવાળો કરવો. અને જે સ્કુટ આવે તેમાંથી ગુરૂ ભ્રમણ કરે ત્યારે લગ્નનો સમય સમજવો.

ગુરૂ નવમાંશમાં જો મિત્ર ક્ષેત્રી હોય. તે જાતકને એક જ સ્રી હોય છે. જો ગુરૂ નવમાંશનાં સ્વગૃહી હોય તો ૨ અથવા ૩ સ્રી હોય છે. જો નવમાંશમાં ગુરૂ ઉચનો હોય તો તે જાતક ને ઘણી સ્રીયો થાય છે.

કલત્રથસ્થિતભાંશકેશયોઃ સિતક્ષપાનાયકયોર્બલીયસઃ
દશાગમે ધૂનપયુકતભાંશકત્રિકોણગે દેવગુરૌ કરગ્રહ ॥

**ભાવાર્થ**—(૧) સાતમા ભાવનો સ્વામી જન્મ કુંડળીની રાશીમાં અને નવમાંશ કુંડળીમાં જે રાશિમાં બેઠો હોય તેનો સ્વામી આ બે સ્વામીઓમાંથી જે ગ્રહ બળવાન હોય, તે ગ્રહની મહાદશામાં જ્યારે જન્મકુંડળીના સાતમા ભાવનો સ્વામી જે રાશિ કે નવમાંશ રાશિમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠો હોય તેનાથી પાંચમા ભાવની રાશિમાંથી ગુરૂ ભ્રમણ કરે છે ત્યારે તે જાતકનું લગ્ન થાય છે.

(૨) શુક્ર અને ચંદ્ર એ બે ગ્રહો પૈકી જે બલવાન ગ્રહ હોય તે ગ્રહની મહાદશામાં ઉપર પ્રમાણે રાશિ અને નવમાંશમાં સાતમા ભાવનો સ્વામી જ્યાં બેઠો હોય તેનાથી ત્રિકોણ એટલે ૫ મી કે ૯ રાશિમાંથી જ્યારે ગુરૂ ભ્રમણ કરે છે ત્યારે તે જાતકનું લગ્ન થાય છે.

**નોંધઃ**—લગ્નનો સમય નક્કી કરવા માટે ઘણા યોગો આપેલા છે. પરંતુ આ શ્લોકમાં આપેલા બે યોગો દ્રઢ અને ચોક્કસ હોવાથી ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

શુક્રોપેતકલત્રરાશિપદશાજુકિતર્વિવાહપ્રદા
લગ્નાશ્રિત્તપતિસ્થરાશિપદશાભુક્તૌ ચ પાણિગ્રહઃ ।
કર્માયુર્ભવનાધિનાયકદશાભુક્તૌ વિવાહઃ ક્રમાત્
કામેશેન યુતઃ કલત્રગૃહગસ્તત્યાંક જુકત્તૌ તુ વા ॥

**ભાવાર્થ**—સાતમા ભાવનો સ્વામિ શુક્રથી યુક્ત હોય તો તેની દશા અંતરદશામાં તે જાતકનું લગ્ન થાય છે. જો તેમ ન બને તો બીજા ભાવનો સ્વામિ જે રાશિમાં બેઠો હોય તે રાશિના સ્વામિની દશા અંતરદશામાં લગ્ન થાય છે. તેનાથી ઊતરતો યોગ એ છે કે દશમા અને નવમા ભાવના સ્વામિઓની દશામાં પણ લગ્ન થાય છે. અથવા સાતમા ભાવના સ્વામિ સાથે જે ગ્રહ યુક્ત હોય કે સાતમા ભાવમાં જે ગ્રહ બેઠો હોય તે ગ્રહ પૈકી કોઈ ગ્રહની દશા અંતરદશામાં તે જાતકનું લગ્ન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નોંધઃ**—ઉપરના યોગોમાં એકના અભાવે બીજો યોગ અનુક્રમે ગ્રહણ કરવાનો છે. કારણકે કોઈ ગ્રહની નિર્બળતાને લીધે નિષ્ફળ બને તો બીજો યોગ તે કુંડળી પરથી સિદ્ધ કરવો.

ઉપરના બન્ને શ્લોકોમાં દશાવિશોતરી લેવાની છે.

સૌમ્યવ્યોમચરઃ સ્થિતઃ શુભગ્રહ ચાદૌ દદાતિશ્રિયં
પાપક્ષે શુભગોચરો યદિ દશામધ્યે વિવાહદિકમ્ ।
ક્રૂરઃ પાપગૃહોપગો યદિ ફલં પાકાવસાને તથા
સૌમ્યર્ક્ષે યદિ સર્વકાલફલદઃ સૌમ્યાન્વિતઃ શોભનઃ ॥

**ભાવાર્થ**—લગ્નનો સ્વામિ બળવાન હોય અને તે શુભ હોય અને શુભ સ્થાનમાં બેઠો હોય તો તે શુભ લગ્ન પ્રસંગ દશાની આરંભમાં બને છે. જો ગ્રહ શુભ હોય પરંતુ તે પાપ ભુવનમાં બેઠેલો હોય તો લગ્ન વિગેરે પ્રસંગો દશાના મધ્ય ભાગમાં બને છે. જો પાપગ્રહ હોય અને તે પાપભુવનમાં બેઠેલો હોય તો લગ્ન પ્રસંગનો બનાવ દશાના અંતમાં બને છે. જો લગ્નનો યોગ કરનાર ગ્રહ શુભ સ્થાનમાં અને શુભ ગ્રહથી યુક્ત હોય તો તેની શુભ અસર આખી દશાના સમયમાં ચાલુ રહે છે.

લગ્નેશ્વરસ્થિતનવાંશપતિસ્વરાશૌ
ચન્દ્રે પુરન્દરગુરૌ ચ કલત્ર લાભમ્ ।
કામેશ શુક્રગૃહગેમરમન્ત્રિણીન્દૌ
કેન્દ્રેથવા ગ્રહયુતે સતિગોચરેષુ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકમાંથી ત્રણ મુદ્દા નીચે પ્રમાણે નીકળે છે.

૧. જાતકની જન્મકુંડળીમાં લગ્નનો સ્વામિ નવમાંશમાં જે રાશિમાં બેઠો હોય તેનો સ્વામિ જ્યાં બેઠો હોય તેનાથી બીજા ભુવનમાં ચંદ્ર અને ગુરૂનું ભ્રમણ થાય છે તે વખતે સ્ત્રીની પ્રાપ્તિ થાય છે એવું જ્યોતિષના નિષ્ણાતો કહે છે.

૨. સાતમા ભાવનો સ્વામિ અથવા શુક્ર જે રાશીમાં બેઠા હોય તે રાશિમાં ગુરૂ ચંદ્ર ભ્રમણ કરે છે ત્યારે સ્ત્રીયોગ થાય છે.

૩. ગોચરમાં ચંદ્ર અને ગુરૂ કેન્દ્ર સ્થાનમાં બેસે છે ત્યારે પણ વિવાહ યોગ થાય છે.

**નોંધ**:—આ ત્રણ કલમો શ્લોક ઉપર પૂરતી રીતે વિચાર કરતાં જણાય છે કે આ યોગ સંતોષકારક નથી. સબબ કે ગુરૂ તેર વર્ષમાં તો આખા ભારતના જાતકોની આખા બારે ભાવની કુંડળીનું ભ્રમણ કરી દે છે. તો આ યોગો ઉપરથી છેવટમાં છેવટ તેર વર્ષે તો સ્ત્રીયોગ થવો જોઇએ. ત્યારે વિચાર કરતાં જણાય છે કે આખા ભારતના જાતકોમાં કેટલાક કુંવારા કૂટાઈ મરી ગયા, કેટલાક વૃદ્ધ થઇ રહ્યા છે ને કેટલાક તેર વર્ષ ઉપરના ત્રીયા વિના તાતા હાથે ટીપી ખાય છે. માટે આ ત્રિપુટીયોગ જ્યોતિષ વિજ્ઞાન અષ્ટ વર્ગ પૃષ્ઠ ૭૪ શ્લોક ૩૧ માં લખાયો છે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેખક મહાશયે શા હેતુએ દાખલ કરેલ છે કે જેની સમજુતી માટે નોંધ પણ નથી. તે કંઈ સમજાતું નથી. પરંતુ લેખકનું નામ જોતાં જણાય છે કે તે શ્રીમાન રા. રા. સદ્ગૃહસ્થનો વકીલાતના ધંધામાં એ પુસ્તક લખેલ એટલે જ્યોતિષના અજ્ઞાનપણાને લીધે નોંધ તરીકે સમાજની સમજુતી માટે કંઈ સ્પષ્ટીકરણ કરેલ નથી. પરંતુ આ યોગ ઉપરથી એટલું કદાચ નીકળે કે ઉપરના યોગો પ્રમાણે વર્ષ નક્કી થયા બાદ તે વર્ષમાં જો ઉપરના ત્રિપુટી યોગ મધેનો કોઇ યોગ આવે ત્યારે સ્ત્રીનો યોગ થાય, આ પ્રમાણપાત્ર ગણાય તેમ છે.

યત્સંખ્યાકમજાદિકામભવનં તદ્વત્સરે વા નૃણાં
સાષ્ટાબ્દે કૃતમૌઞ્જિકર્મપરતઃ કલ્યાણકાલો ભવેત્ ।
લગ્નાદસ્તવિલગ્નનાયકયુતક્ષેત્રાંશકે સંભવા
યા સા ભર્તૃમનઃ પ્રસાદકરણી ભર્તા તથૈવ સ્ત્રીયા ॥

**ભાવાર્થ**—(ઉપરોક્ત યોગો કહ્યા છે તે ઉપરાંત) ૮ આઠની સંખ્યા અને જન્મકુંડળીમાં મેષ (૧) રાશિથી ગણતાં ૭ સાતમા ભાવમાં જે રાશિ બેઠેલી હોય તેની સંખ્યા આ બે નો સરવાળો કરતાં જે વર્ષ આવે તે વર્ષમાં માણસને લગ્નનો શુભ પ્રસંગ બને છે. સામાન્ય રીતે આ વર્ષ દ્વિજ વર્ગમાં ઉપનયન સંસ્કાર થયા પછીથી આવે છે કારણકે ઉપનયન સંસ્કાર માટે ઘણા ભાગે ૮ મું વર્ષ આવે છે. (૨) સાતમા અને પહેલા ભાવના રાશિ અંશ કળાનો સરવાળો કરો અને જે સ્કુટ આવે તેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાશિ અને નવમાંશ કાઢો. જે રાશિ અને નવમાંશ આવે તે રાશિમાં જન્મેલ છોકરીને તે જાતક પરણે છે અને તે છોકરી ઉપરોકત કુંડળીવાળા પુરુષને ભર્તા તરીકે પસંદ કરે છે.

**નોંધ:**—ઉપરોક્ત શ્લોકમાં જે બીજો યોગ આપેલો છે તે ચમત્કૃતિવાળો છે. અનુભવથી જોતાં એટલું તો સિદ્ધ થાય છે કે આ યોગમાં જન્મેલી કન્યા તે જાતકની તરફ આકર્ષાય છે અને અન્યોન્ય તે રાશિવાળા માણસો એક-બીજાના પ્રેમ–ભાજન બને છે. એ બનવા જોગ છે પરંતુ તેમની વચ્ચે ખાસ લગ્ન સંબંધ બંધાય એ ચોક્કસપણે બનવું તો અસંભવીત છે.

કામસ્યકામાધિપભાર્ગવાનામૃક્ષં દિશં શંસતિતસ્ય પત્ન્યાઃ ।
શુક્રોઽસ્તપો વા તનુનાથભાંશકત્રીકોણમાયાતિતદ્વાવિવાહઃ ॥

**ભાવાર્થ**—૭ ભાવમાં રહેલા ગ્રહ ઉપરથી અથવા ૭ મા ભાવના સ્વામી ગ્રહ ઉપરથી અથવા શુક્ર ઉપરથી આ ત્રણ ગ્રહો પૈકી જે ગ્રહ વધારે બળવાન હોય તેની રાશિની જે દિશા હોય* તે દિશામાંથી તે જાતકને સ્ત્રી મળે છે. જ્યારે શુક્ર અથવા ૭ સાતમા ભાવનો સ્વામી લગ્નનો સ્વામી જે રાશિમાં અથવા નવમાંશની જે રાશિમાં હોય તેનાથી ત્રિકોણ એટલે ૫ પાંચમી કે ૯ નવમી રાશિમાંથી

*રાશિયોની દિશા ૧, ૫, ૯, પૂર્વ ૨, ૬, ૧૦, દક્ષિણ ૩, ૭, ૧૧, પશ્ચિમ ૪, ૮, ૧૨, ઉત્તર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોચરમાં પસાર થતો હોય તે સમયે તે જાતકનું લગ્ન થાય છે.

**નોંધ**—આ ઉપરથી ત્રણ યોગો ઉત્પન્ન થાય છે.

(૧) લગ્નનો સ્વામી જે રાશિમાં હોય તે રાશિથી ૫ પાંચમી અથવા ૯ નવમી રાશિ જે આવે તેમાંથી ગોચરમાં શુક્ર પસાર થાય તે સમય.—

(૨) લગ્નનો સ્વામી નવમાંશમાં જે રાશિમાં હોય તેમાંથી ગોચરમાં શુક્ર પસાર થતો હોય તે સમય.—

(૩) લગ્નનો સ્વામી જે રાશિ અથવા નવમાંશની રાશિમાં બેઠો હોય તેનાથી ૫ પાંચમી કે ૯ મી રાશિમાં થઈને ગોચરમાં ૭ સાતમા ભાવનો સ્વામી પસાર થતો હોય તે સમય લગ્નનો થાય છે.—

કલત્રસંસ્થસ્ય કલત્રેદૃષ્ટેદશાગમે વાય કલત્રપસ્ય ।
યદાવિલગ્નાધિપતિઃ પ્રયાતિ કલત્રભં તત્ર કલત્રલાભ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવમાં જે ગ્રહ રહેલા હોય, તે ગ્રહની દશામાં (૨) ૭ સાતમા ભાવ ઉપર જે ગ્રહો દૃષ્ટિ કરતા હોય તે ગ્રહની દશામાં (૩) ૭ સાતમા ભાવનો સ્વામી જે હોય તે ગ્રહની દશામાં ઉપરોકત ૩ ત્રણ દશામાં જાતકને સ્ત્રી પ્રાપ્ત થાય છે. વળી ૭ સાતમા ભાવમાં જે રાશિ હોય તે રાશિમાંથી લગ્નનો સ્વામી ગોચરમાં પસાર થતો હોય ત્યારે તે માણસને સ્ત્રી પ્રાપ્ત થાય છે અથવા લગ્ન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નોંધઃ**—ઉપરોક્ત શ્લોકમાં બે યોગો બતાવવાનું કારણ એટલું જ કે લગ્નનો સમય વધારે ચોકસાઈથી નીકળી શકે ઉપર શ્લોકમાં જણાવેલ ત્રણ પ્રકારમાં-વિંશોતરી દશા પૈકી કઈ દશામાં તેનું લગ્ન થશે તે ન કહી શકાય. પરંતુ તે આખી દશા જેટલો સમય ચાલવાની હોય તે દરમ્યાનમાં અમુક કયા વખતે લગ્ન થશે તે નકી કરવું હોય, તો ઊપરોકત દશામાં લગ્નનો સ્વામી ૭ સાતમા ભાવની જે રાશિ હોય તેમાં થઈને ગોચરમાં પસાર થાય તે સમય નિશ્ચય કરવો આ પ્રમાણે ચોક્કસ નિર્ણય કરવામાં તે સહાયભૂત થાય તેમ છે.

કલત્રનાથસ્થિતભાંશકેશયોઃ સિતક્ષપાનાયકયોર્બલીયસઃ ।
દશાગમે ધૂનપયુક્તભાંશકત્રીકોણગે દેવગુરૌ કરગ્રહઃ ॥

**ભાવાર્થ**—ઉપરોકત શ્લોકમાંથી નીકળતા બે યોગોમાં કયો યોગ વધારે બળવાન છે તે પ્રથમ નકી કરો.

(૧) ૭ સાતમા ભાવનો સ્વામી જે રાશિમાં રહ્યો હોય અથવા નવમાંશમાં જે રાશિમાં રહેલો હોય તેના અધિપતિ પકી.

(૨) શુક્ર અને ચંદ્ર પૈકી,

આ બે યોગોમાં કયો વધારે બળવાન છે તે નક્કી કરવું ત્યાર બાદ તે બલવાન ગ્રહની વિંશોતરી દશામાં ૭ સાતમા ભાવનો સ્વામી જે રાશિમાં અથવા નવમાંશની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે રાશિમાં પડયો હોય તેનાથી ત્રીકોણ એટલે ૫ પાંચમી કે નવમી રાશિમાંથી ગોચરમાં ગુરૂ પસાર થાય ત્યારે તે માણસનું લગ્ન થાય છે.

**નોંધઃ**—હમારા મત પ્રમાણે આથી વધુ ચોકકસ યોગ તો એ છે કે જ્યારે ૭ સાતમા ભાવનો સ્વામી જે રાશિમાં અથવા નવમાંશે જે રાશિમાં બેઠો હોય તેનાથી ત્રિકોણ રાશિમાં ગુરૂ જ્યારે ભ્રમણ કરે તે વખતે તે જાતકનું લગ્ન થાય.

કલત્રનાથે રિપુનીચસંસ્થે મૂઢેડ થવા પાપનિરીક્ષિતે વા ।
કલત્રભે પાપયુતેડથ દ્દષ્ટે કલત્રહાનિં પ્રવદન્તિ સન્ત ॥

**ભાવાર્થ**—૭ સાતમા ભાવનો સ્વામી શત્રુક્ષેત્રી નીચનો અસ્તનો અથવા પાપગ્રહોથી દ્દષ્ટ હોય. અને સાતમુ ભુવન પાપગ્રહોથી યુકત હોય તો તે જાતકની સ્ત્રીની હાની થાય છે એટલે તે માણસ વિધુર બને છે.

**નોંધ**—હમારા મત પ્રમાણે આ જાતકને સ્ત્રી મળતી નથી. એટલે તે અવિવાહીત રહે છે.

ભામિની યે ભાનુ વસે ભાભીપર ભટકાય ।
રન્ડે રહીત વળી વાંજણી ઘરનારીજ ગણાય ॥
મુર્તિ મંદિર પાપયુકત ભામિની ભાનુ વાસ ।
વિન્તિા ઉમર વીસપર જે પરથી થઈ હોય લાસ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવમાં સૂર્ય હોય તો તે જાતક પોતાના કુટુમ્બની એટલે જે ભાભી તરીકે ગણાતી હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના પ્રેમમાં પટકાઈ વ્યભીચાર કરે છે. અને તેની સ્ત્રી રજો દર્શન રહીત વાંઝણી હોય છે.

પહેલા ભાવે પાપગ્રહ હોય અને સાતમા ભાવે સૂર્ય હોય તો તે જાતકને પરપુરૂષથી ભોગવાયેલી વીસ વર્ષ ઉપરની મોટી ઉંમરવાળી સ્ત્રી મળે છે.

શનિ રાહુ સાતે વશે એ પણ વંધ્યા યોગ ।
ત્રીસ તણી ત્રીયા મળે રજ રહીત સંયોગ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવે શનિ રાહુ ભેગા હોય તો તેને વાંઝણી ત્રીસ વર્ષ લગભગ ઉમરે પહોંચેલી રજોધર્મ રહીત સ્ત્રી મળે છે.

ભાર્યા કેરા ભુવનમાં મંદા મંગળ રાશિ દેખ ।
સ્વામીની દૃષ્ટિ થકી, નર નારી પરઘર લેખ ॥
મૂરતિમાલિક ભૃગુ જીવા ઉચ્ચ કે સાતકા સંગ ।
પરસુ જીવન ગાળતો જે પરસુ કરતિ સંગ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવે શનિ કે મંગળના ઘરની (૧૦, ૧૧, ૧, ૮) માંની કોઈ રાશિ હોય. અને તેનો સ્વામી પહેલા ભાવે રહ્યો હોય તો તે પુરૂષ વ્યભિચારી બને છે. અને તેની સ્ત્રી પણ વ્યભિચારી થાય છે.

સાતમા ભાવનો સ્વામી ઉંચ રાશિમાં હોય તેના સાથે લગ્નનો સ્વામી તથા શુક્ર અને ગુરૂ ચારે ગ્રહો કોઈ પણ ભાવે ભેગા હોય તો તે જાતક આખી ઉંમર વ્યભિચાર યોગમાં થયેલા યોગ વાળી સ્ત્રી સાથે સબંધમાં રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાર્યા યે ભૃગું વસે મંદા મંગળ સંગ ।
મૂર્તિ મૃત્યુ સ્થાનમાં પરસુ કરતો સંગ ॥
સ્વજાતિ પરજાતિકા એક નીચસુ સંગ ।
ત્રણ ત્રીયા પર પ્રેમમાં દિન રાત કરે કુસંગ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવમાં શુક્ર શનિ મંગળ ભેગા હોય, અને પહેલા ભાવનો સ્વામિ આઠમા ભાવે હોય તો તે જાતક પરસ્ત્રીયોને ભોગવનારો વ્યભિચારી થાય છે. તેમાં એક સ્વજાતિની, બીજી પરજાતિની અને ત્રીજી નીચ કોમની એમ ત્રણ પરદારાના પ્રેમમાં ફસાઈ રાત અને દિવસ કુસંગમાં સદાના માટે ખુવાર બને છે.

શકિતહીણશશી પાપ યુકત ભાર્યા ભુવને જાય ।
મુર્તિમાં મહીલા પાપ સંગ પરને પ્રેમરસ પાય ॥

**ભાવાર્થ**—ક્ષીણ ચંદ્રમા, પાપગ્રહથી યુકત સાતમા ભાવે હોય તો અથવા-પહેલા ભાવમાં સાતમા ભાવનો સ્વામિ, પાપગ્રહથી યુકત હોય તો તે જાતક પરદારાના પ્રેમને ચહાતો હોવાથી છેવટે તેમાં પટકાય છે.

તનુ ધન શત્રુ પાપયુકત એ પરદારા યોગ ।
મહીલે મંદા મહીલા પાપયુકત એ પણ પર સંજોગ ॥
મહીલા મૃત્યુ શત્રુમાં ભૃગુદેવ ભટકાય ।
અતિકામી તે આદમી, પરનુ ચુંબન ચાય ॥

**ભાવાર્થ**—પહેલા, બીજા અને છઠ્ઠા ભાવના સ્વામી પાપગ્રહ યુકત હોય તો અથવા સાતમા ભાવે શનિ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતમાનો સ્વામી પાપગ્રહ યુકત હોય તો તે જાતક પરસ્ત્રી નુ ગમન કરનારો થાય છે.

અથવા સાતમા, આઠમા કે છઠ્ઠા ભાવમાં શુક્ર હોય તો તે જાતક ઘણો કામી થાય છે જેથી પરસ્ત્રીયો ઉપર સદા આશક રહી તેમનાં ચુંબનની ચાયના રાખતો ફરે છે.

વિનીતા વ્યય કેતુ વસે, મંદા મંગળ સંગ ।
નાતિ જાતિ કુળ તજી, પરસુ કરશે સંગ ॥
નારી નયન દસ ભુવનનો કોઈ જનતામાં જાય ।
પટકે તે પર નારને તનુ વૈરી પાપે ચાય ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકથી ત્રણ યોગોથી નીચે પ્રમાણે વ્યભિચાર યોગો સીદ્ધ થાય છે.

(૧) સાતમા કે બારમા ભાવે કેતુ તથા શનિ મંગળ બંને ભાવમાંના કોઈ ભાવમાં કે બંને ભાવમાં હોય તો તે જાતક પોતાની નાતિ જાતિ અને કુળની મર્યાદા પરસ્ત્રીનો આશક બની તેના તાબામાં સદા રહી ખુવાર બને છે.

(૨) સાતમાનો બીજાનો કે દશમાનો સ્વામી ચોથા ભાવમાં હોય તો તે પુરૂષ તેના પ્રેમમાં પર પ્રેમદાને પટકાવે છે. અથવા (૩) લગ્ને તથા છઠ્ઠા ભાવનો સ્વામી પાપગ્રહથી યુકત હોય તે જાતક પણ પરનારીને પોતાના પાશમાં પકડે છે.

દસમે સ્વગ્રહી સંગમાં નારી નેત્રનો વાસ ।
પરની પ્રેમદા ભોગવે જબ છિપે ઉન પ્યાસ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાહુ કેતુ ધન ભાવમાં પાપદૃષ્ટિ સપ્તમેશ ।
ભાર્યા પરની ભોગવે લાજ તજી હમેશ ॥

**ભાવાર્થ**—દસમા ભાવે સ્વગ્રહી ગ્રહ હોય અને તેના સાથે સાતમા તથા બીજા ભાવનો સ્વામી હોય તો તે જાતક પરસ્ત્રીને ભોગવે છે ત્યારે તેના આતમાને શાન્તી થાય છે.

અથવા બીજા ભાવમાં રાહુ કે કેતુ હોય અને સાતમાનો સ્વામી પાપગ્રહની દૃષ્ટિમાં હોય તો પણ તે જાતક પરસ્ત્રી ગમન કરનારો થાય છે તેમાં તે એક દિવસ પણ લજ્યાને પામતો નથી.

મંદા મંગળ પરઘરે કલત્ર ભાવે હોય ।
પરની પ્રેમદા પટકશે સુખ સ્વપ્ને ન હોય ॥

**ભાવાર્થ**—શનિ તથા મંગળ પોતાની (૧ । ૮ । ૧૦ । ૧૧) રાશિ સિવાય બીજી કોઈ રાશિમાં સાતમા ભાવે હોય તો તે જાતક પારકાની સ્ત્રીથી વ્યભીચાર કરતો હોવાથી તેને સ્વપ્ને પણ સુખનો સંગ થતો નથી.

નવમા ભાવે શની ચંદ્ર ભેગા હોય તો તેની સ્ત્રી વ્યભિચારી પરપુરૂષકામી થાય છે,

મહીલામાં મંદા વસે, શશી ભૂસુત કે સંગ ।
ભાર્યા પરને ભોગવે, ધર્મે શશી શનિ કુસંગ ॥
શશી સુત જીવા ભૂ સુતઃ સર્પા કે શનિ સંગ ।
ભામની પરને ભોગવે, કરે નીચ કો સંગ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**—સાતમા ભાવે શનિ, ચંદ્ર, મંગળ ભેગા હોય, તો તેની સ્ત્રી પર પુરુષને ભોગવનારી હોય છે. અથવા નવમા ભાવમાં ચંદ્ર, શનિ ભેગા હોય તો પણ તેની સ્ત્રી પર પુરુષ ભોકતા બને છે.

જેના જન્મકાળમાં કોઈપણ ભાવમાં બુધ, ગુરૂ, મંગળ અને રાહુ કે શનિ એ ચાર ગ્રહો એક જ સ્થાનમાં હોય તો તે જાતકની સ્ત્રી પરપુરુષને ભોગવનારી અને નીચની સંગતમાં રહી સદા વ્યભિચાર ભોગવે છે.

**નોંધઃ**—આવા યોગવાળા જાતકોને આ ગ્રંથકાર ભાર દેઈને ભલામણ કરે છે કે નારીના નાથ બની કુળને તથા કાયાને કલંકીત કરવા કરતાં બહેતર છે કે કુંવારા રહી કુળની અને કાયાની ઉજ્વળતા જાળવવી એ ઘણું સર્વોત્તમ છે.

વૃષભે શનિ સાતમે, લગ્ને ખટપટ યોગ
ગુરૂ દૃષ્ટિ કે સંગથી, એ ત્રિયાનો સંજોગ ॥
સૂર્ય ચંદ્ર બુધ સિંહમાં, બીજા ભાવે હોય
આઠમા ભાવે શનિ થકી, ભાગ્યવંત ભામિની યોગ ॥
જડ બુદ્ધિથી જગત જુવે, રૂપ રંગ હીણ નાર
કોડીની કિંમત સમી, પણ ભાગ્યથી ભરે ભંડાર ॥
નરને ગમે નહિ નાર એ, બીજી કરવા જાય
તેથી સુખ નવ સાંપડે, ઇજ્જત હલકી થાય ॥
ત્રીજી લાવે તન મન થકી, રૂપ રંગથી ન્હાય
ઘર ખાલી કરાવે ખંતથી, ધનની નાસ્તી થાય ॥

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

જાતક વર્ષ ત્રીશથી, પાંતરીશનું પ્રમાણ
બીજી ત્રીજી ત્રીયા થકી, બુદ્ધિ ધનની કાણ ॥
સૂર્ય ચંદ્ર દશા અંતરે, બુધ શનિ અંતરે જોય
ધન ધાન્ય ધંધો ટળે, રાજ્ય થકી ભય હોય ॥

સાતમા ભાવે વૃષભ રાશિમાં શનિ હોય તો વિવાહ થાય છતાં લગ્ન થતાં ઘણી ખટપટો ઊભી થાય છે. પરંતુ શનિ ગુરૂથી યુકત કે દૃષ્ટિ હોય અથવા સપ્તમેશ તથા લગ્નેશ કેન્દ્રમાં ભેગા હોય, તો ખટપટો થતાં પણ પરીણામે લગ્ન થાય છે. નહી તો લગ્ન ફોક થતાં નિર્ણય કરેલ કન્યાનાં બીજે ઠેકાણે લગ્ન થાય છે. આ અનુભવ સિદ્ધ વાત છે.:—

બીજા ભાવે સિંહ (૫) રાશિમાં સૂર્ય ચંદ્ર અને બુધ ભેગા હોય, આઠમા ભાવે શનિ હોય, તો તેને ભાગ્યની પ્રબળતા વાળી સ્ત્રી મળે પણ રૂપ રંગ ગુણ રહીત જડ બુદ્ધિની મળે, જેથી બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાને ખટપટો ઊભી થાય. ખરચના બોજામાં ઉતરવું પડે, આ યોગ ૩૦ થી ૩૫ વર્ષ સુધીમાં બને. જેના પરિણામે તન મન ધન અને ઇજ્જત આબરૂથી ખુવાર બનવું પડે. આ અનુભવ નિર્ણય કરેલી વાત છેઃ—આવા યોગ વાળાને શનિની મહા દશામાં તેમ બીજા ગ્રહોની મહા દશામાં ચંદ્ર બુધની અંતરદશા આવતાં ધન ધાન્યમાં ધંધા રોજગારમાં તેમ ઈજ્જત આબરૂમાં હાની પહોંચવાનો સંભવ રહે છે. એ નિર્વિવાદ વાત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂરતિ કે મહિલા તણા, નિચ કે અસ્ત ના થાય ।
શત્રુરાશિ સંગથી ભાર્યા ભક્ષી ગણાય ॥

**ભાવાર્થ**—લગ્નેશ કે સપ્તમેશ નિચ રાશિનો કે અસ્તનો કે શત્રુ રાશિનો હોય તો તે ભાર્યાભક્ષ યોગ થતો હોવાથી તેની સ્ત્રીનો નાશ થાય છે.

મંગળ ઘર મૂરતિ તણું માંહી ભૃગુરાજ ભટકાય ।
વધૂ ભાર્યા ભોગવે એકથી ઘર ભંગ થાય ॥

**ભાવાર્થ**—લગ્નમાં મેશ (૧) કે વૃશ્ચિક (૮) રાશિમાં શુક્ર હોય તો તે જાતકને એકથી વધારે સ્ત્રીયોનો યોગ થાય છે.

ભામિનિ વસે ભય સ્થાનમાં શની યા મંગળ સંગ ।
સ્ત્રી હિન યોગ જ બને સુખકા નહી કોઈ રંગ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવનો સ્વામી ૬।૮।૧૨ ભાવ મધ્યેના કોઈ ભાવમાં શની કે મંગળના સાથે હોય તો તે જાતકને તે સ્ત્રી હીન યોગ થતો હોવાથી તેને સ્ત્રીના સુખનો કોઈ સંગ કે રંગ રહેતો નથી અર્થાત સ્ત્રીનું સુખ તેને હોય નહી.

મંગળ મંદા સર્પા સંગ નારી નાથ પટકાય ।
પ્યારિ પરલોકે વસે સુખ સ્વપને નહી પાય ॥
લગ્નેશી પાપીગ્રહ બે બાર સાતમાં જાય ।
દોનારીકા યોગયે મિથ્યા કબી નહી થાય ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**—મંગળ શનિ કે રાહુ સાથે સાતમા ભાવનો સ્વામી હોય તો તેની સ્ત્રી મરણ પામે છે.

લગ્નનો સ્વામી પાપગ્રહ હોય અને તે બીજે બારમે કે સાતમે બેઠો હોય તો તેને બે સ્ત્રીયોનો યોગ થાય છે.

સપ્તમેશ શત્રુ યા નિચનો શુભ દ્રષ્ટિમાં હોય।
જાયા ધન બલ હિણુ બને પાપ દ્રષ્ટિમાં હોય ॥
કલત્ર કાળે પાપગ્રહ વ્યયમાં વસે અંગાર।
નારી નાથ દ્રષ્ટિ બિના દો નારી નાથ વિચાર ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત બાબતમાંથી ત્રણ સિદ્ધાન્ત સિદ્ધ થાય છે.

(૧) સાતમા ભાવનો સ્વામી શત્રુ યા નિચ રાશિમાં શુભગ્રહની દૃષ્ટિમાં હોય તો અથવા

(૨) સાતમા યા બીજા ભાવના સ્વામી, બલહીણુ બની પાપગ્રહની દૃષ્ટિમાં દબાણુ હોય તો અથવા

(૩) સાતમે તથા આઠમે પાપગ્રહ હોય, અને બારમા ભાવે મંગળ હોય તો બે સ્ત્રીનો યોગ થાય છે.

કન્યા બુધ શુકરો, પંચ સાતે નારી નાશ।
નારી નાશ સૂર્ય શુ કરે, મંગળ મંદા અસ્તે નાશ ॥
લગ્ને વૃષભ શુકરો, સાતે શનિનો વાસ।
એક પછી બીજી મળે, તે પણુ સ્ત્રી નાશ ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકમાંથી નીકળતા ૪ ચાર મુદ્દા લેખકે અનુભવ સિદ્ધ કરેલા નીચે પ્રમાણે છેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) જન્મકાળે કન્યા (૬) રાશિમાં કોઈપણ ભાવમાં બુધ, શુક્ર ભેગા હોય તો અથવા
(૨) સૂર્ય સાથે કોઈપણ ભાવમાં શુક્ર હોય તો અથવા
(૩) મંગળ શનિ કોઈપણ ભાવે સૂર્ય સાથે અસ્ત ન હોય તો
(૪) લગ્ને વૃષભ (૨) રાશિમાં શુક્ર અને સાતમે ભાવે શનિ હોય તો તેની સ્ત્રી મરણ પામ્યા પછી બીજી મળે તે પણ મરણ પામે છે.

**નોંધઃ**—ઉપરોક્ત યોગવાળા જાતકો તથા તેમની કુંડળીઓ હાલ હયાતી ભોગવે છે જેથી આ યોગો શંકા રહીત છે.

કુટુંબસ્થાનગોરાહુ કંલત્રે ભૌમ સંયુતે ।
પાણીગૃહેચ ત્રિદીને સર્પદષ્ટો વધુમૃતિઃ ॥
લગ્નેશે નિચરાશિસ્થે ધનેશે નિધનંગતે ।
ત્રયોદશેતુ સંપ્રાપ્તે કલત્રસ્યમૃતિર્ભવત્ ॥
રંધ્રસ્થાનગતે શુક્રે તદિશે સૌરિ રાક્ષીગે ।
દ્વાદશૈકોનવિંશાબ્દે દારનાશં વિનિર્દિશેત્ ॥

અર્થ—બીજા ભાવે રાહુ ને સાતમા ભાવે મંગળ હોય તો લગ્ન થયા પછી ત્રીજા દિવસે સાપ કરડવાથી સ્ત્રીનું મરણ થાય છે.

લગ્નનો સ્વામી નીચરાશિનો હોય ને ધનભાવનો સ્વામી આઠમે હોય તો ૧૩ મે વર્ષે સ્ત્રીનો નાશ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આઠમા ભાવે શુક્ર હોય ને આઠમાનો સ્વામી શનિની રાશિ (૧૦,૧૧) માં હોય તો ૧૨ કે ૧૯ વર્ષે સ્ત્રીનો નાશ થાય છે.

મહીસુતે સપ્તમભાવયાતે કાંતાવિયુક્તઃ પુરૂષસ્તદા સ્યાત્ ।
મંદેનદ્રષ્ટોમ્રિયતેપીલબ્ધ્વા સુભગ્રહલોકન નર્જીતેઽસ્મિન્ ॥
પત્ની સ્થાને યદારાહુઃ પાપ યુગ્મે નવી ક્ષિતઃ ।
પત્નીયોગ સ્તદાનસ્યા દ્દભ્રુતાપિ મ્રિયતેઽચિરાત્ ॥
ષષ્ટે ભવને ભૌમઃ સપ્તમે રાહુ સંભવઃ ।
અષ્ટમે ચ યદા સૌરી અસ્તસ્ય ભાર્યાન જીવતી ॥

અર્થ—સાતમા ભાવે મંગળ હોય તો સ્ત્રી રહીત થાય છે સાતમે શનિ દેખાતો હોય ને શુભગ્રહ ન દેખાતા હોય તો સ્ત્રી મળે પણ મરી જાય છે.

સાતમે રાહુ હોય ને બે પાપ ગ્રહ જોતા હોય તો સ્ત્રી મળતી નથી ને કદાચ મળે છે તો મરી જાય છે.

છઠ્ઠા ભાવે મંગળ, સાતમે રાહુ અને આઠમે શનિ હોય તો તેની સ્ત્રી જીવતી નથી અર્થાત્ મરી જાય છે.

સપ્તદશભાવ સ્યૈકયં કૃત્વા સંખ્યાઽસ્તિ યાખુલ
તત્સંખ્યા કૈર્વતૈર્વર્ષે વિવાહો ભવતિ ધ્રુવમ્ ॥
અથવા યત્ર વર્ષેતુ ગુરૂદષ્ટિ સ્તદોદ્રહઃ
કુંજદષ્ટિસ્તુ યદ્રર્ષે તત્રકષ્ટં વિનિર્દિશેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**:—સાતમા ભાવને અને દશમા ભાવને એક કરતાં જે સંખ્યા થાય એટલાં વર્ષ ગયા પછી વિવાહ યા લગ્ન થાય છે એમાં સંદેહ નથી.

અથવા જે વર્ષમાં ગુરૂની દૃષ્ટિ હોય તે વર્ષમાં યા જે વર્ષમાં મંગળની દૃષ્ટિ હોય તે વર્ષમાં પણ ઘણા ભાગે વિવાહ યા લગ્ન થવાનો યોગ યવના જાતકમાં કહેલો છે.

કલત્ર ભાવેશ નવાંશતુલ્યા નાર્યો ગ્રહાડલોકનતો ભવન્તિ ।
અર્કૈવ ભોમાર્ક નવાંશકે ચ જામિત્ર ભારે ચ બુધાર્કયોર્વા ॥

**અર્થ**:—સાતમા ભાવનો સ્વામિ નવમાંશ કુંડળીમાં જે રાશિના આંકમાં બેઠો હોય અથવા તેને જેટલા ગ્રહો દેખતા હોય એટલી સ્ત્રીયોનો યોગ થાય છે પણ મંગળનો એટલે મેષ યા વૃશ્ચિક યા સૂર્યનો એટલે સિંહ રાશિના આંકમાં સપ્તમેશ હોય અને સાતમે ભાવે બુધ યા સૂર્ય હોય તો માત્ર એક સ્ત્રીનો યોગ જાણવો.

દુહા

બીજે બહુ પાપી વસે, જાયા પાપી કે સંગ ।
છઠ્ઠે કેતુ જઈ વસે, ત્રણ ત્રિયા કો અંગ ॥
પાપી સંગે શુક્ર તો, સાતે જઈ પટકાય ।
જીતના પાપી સંગમાં, ઈતની નારી થાય ॥

**અર્થ**—બીજા ભાવે પાપી ગ્રહ હોય ને સાતમાનો માલીક કોઈપણ ભાવે પાપી ગ્રહ યુક્ત હોય ને છઠ્ઠે કેતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તો તે પુરુષ ત્રણ સ્ત્રીઓના અંગને ભોગવનારો થાય છે.

સાતમા ભાવે શુક્ર ભેગા જેટલા પાપી ગ્રહ હોય તેટલી સ્ત્રીઓ થવાનું વિદ્વાનો કહે છે.

મેષ સિંહ વૃશ્ચિક તો, સાતમા ભાવે હોય ।
એક નારી તેને મળે, ભવિષ્ય ભાવફળ જોય ॥

**અર્થ**—સાતમા ભાવે મેષ (૧) સિંહ (૫) યા વૃશ્ચિક (૮) રાશિ હોય, ને તેમાં કોઈ ગ્રહ હોય નહિ તેમ દૃષ્ટિ હોય નહિ તો તે પુરુષને એક સ્ત્રીનું સુખ મળે છે.

સાતે સ્વગૃહી ચંદ્રમા, ગુરૂ સંગમાં થાય ।
શિલવંતી સુલક્ષણી, રૂપવંતી રંભાય ॥

**અર્થ**—સાતમા ભાવે ચંદ્રમા સ્વગૃહી, કરક (૪) રાશિમાં હોય અને તેના ભેગો ગુરૂ હોય તો તે પુરુષને સારી શીલવંતી, ગુણવંતી, ખાનદાન કુટુંબના ઘરની રંભા સમાન રમણી મળે છે.

સાત યા બીજા સંગમાં, ખટ અષ્ટ બાર જો હોય ।
મૃત્યુ નારી થાય તેટલી, શુભે તો સુખ જોય ॥

**અર્થ**—સાતમા ભાવના કે બીજા ભાવના સ્વામિની સાથે છઠ્ઠા, આઠમા કે બારમા ભાવના સ્વામિઓ જેટલા ભેગા હોય તેટલી સ્ત્રીયોનો નાશ થાય છે. પરંતુ તે શુભ ગ્રહો હોય તો કંઈક બચાવ થતાં સુખ મળે છે.

સપ્ત બીજે પાપી વસે, શુભ દૃષ્ટિ સંગ ન હોય ।
નારિ વિયોગે નર ભમે, સુખ સ્વપ્ને નવ જોય ॥

**અર્થ**—સાતમા ભાવે ને બીજા ભાવે પાપગ્રહ હોય ને તેના ભેગા શુભગ્રહ ન હોય તેમ શુભગ્રહની દૃષ્ટિ ન હોય તો તેને સ્ત્રીનો વિયોગ સદા રહે છે. અર્થાત્ નારી તેને મળતી નથી. જો મળે છે તો તેનું સુખ મળતું નથી ને સદા નારીનો વિયોગ ભોગવે છે.

સપ્તમે વાઽષ્ટમે પાપે વ્યયસ્થે ધરણીસૂતે ।
અદૃશ્યે યદિ તત્રાથે કલાત્રાન્તરભાગ્ભવેત્ ॥

**ભાવાર્થ**:—સાતમા કે આઠમા ભાવમાં પાપગ્રહ હોય અને બારમા ભાવે મંગળ હોય અને ત્રણે ભાવની રાશીયોના સ્વામી અદૃશ્ય ગોળાર્ધ (સાતમા ભાવથી તે પહેલા ભાવ સુધી) માં હોય તો તે જાતકને બીજી સ્ત્રી થાય છે.

વિત્તે પાપબહુત્વે ચ કલત્રેશે સ્થિતે ।
પાપગ્રહેણ સંદ્રષ્ટે કલત્રંત્રય ભાગ્યભવેત્ ॥

**ભાવાર્થ**:—બીજા ભાવમાં ઘણા પાપગ્રહો બેઠા હોય અને સાતમાં ભાવનો સ્વામી તે જ ભાવમાં પાપગ્રહોની દ્રષ્ટિમાં હોય તો તે જાતકને ત્રણ સ્ત્રીયો થાય છે.

કેન્દ્રત્રિકોણે દારેશે સ્વોચ્ચમિત્રસ્વવર્ગગે ।
કર્માધિયેન વા દ્રષ્ટે બહુસ્ત્રીસહિતોભવેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

**ભાવાર્થઃ**—સાતમા ભાવનો સ્વામી કેન્દ્ર અથવા ત્રીકોણ ( ૫મા ૯મા ) ભાવમાં સ્વગ્રહી, ઉચ્ચનો કે મીત્ર ક્ષેત્રી અથવા દસમા ભાવના સ્વામીથી દ્દષ્ટ થઈ બેઠો હોય તો તે જાતકને બહુ પત્નિ હોય છે.

તનુ ધન જાયા ભાવમાં, પાપગ્રહ પટકાય ।
નારી નાથ નિચ અસ્તથી, ત્રણ ત્રિયાયો થાય ॥

**ભાવાર્થ**—લગ્નમાં બીજા ભાવમાં કે સાતમા ભાવમાં પાપગ્રહ હોય અને સાતમા ભાવનો સ્વામિ નીચનો કે અસ્તનો હોય તો તેને ત્રણ સ્રીયોનો યોગ થાય છે.

મૂર્તિના માલીક થકી, બળિ બુધ દશમે દેખ ।
શશી ત્રીજે ત્રિયા નાથથી, ઘણી ભાર્યા લેખ ॥
ધનેશ વ્યયેશ ત્રીજે વસે, જીવા દૃષ્ટિ યોગ ।
ભાગ્ય નાથ દૃષ્ટિ કરે, ઘણી ભાર્યા ભોગ ॥

**ભાવાર્થ**—લગ્નેશ જે ભાવમાં હોય તેનાથી ૧૦ મા ભાવમાં બુધ બળવાન થઈ બેઠેલો હોય અને સાતમા ભાવનો સ્વામિ જે ભાવમાં હોય તેનાથી ૩ જે ચંદ્રમા હોય તો તેને ઘણી સ્રીયોનો યોગ થાય છે.

બીજા અને બારમા ભાવના સ્વામિ ગુરૂ યા નવમા ભાવના સ્વામિની દૃષ્ટિમાં ત્રીજા ભાવે હોય તો તેને ઘણી સ્રીયો થાય છે.

ફેમીલી ફાધર સંગમાં, ત્રિકોણ કેન્દ્રે વાસ ।
ઉચ્ચ કે મિત્ર રાશિથી, ઘણી ઘરવાળી નાશ ॥

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

લાભેશ જાયેશ સંગમાં, ત્રિકોણુ સનમુખે દેખ ।
બળવાન હોય એ બે જણાં, ઘણી ઘરવાળી પેખ ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકમાંથી નીચે પ્રમાણે બે મુદ્દા નીકળે છે.

(૧) સાતમા ભાવનો સ્વામિ દશમા ભાવના સ્વામિ સાથે હોય તો અથવા તે બંને ત્રિકોણમાં કે કેન્દ્રમાં ઉચ્ચના કે મિત્ર રાશિના હોય તો તેને ઘણી સ્રીયો થાય છે.

(૨) અગીયારમા ભાવનો તથા સાતમા ભાવનો સ્વામિ સાથે હોય કે ત્રિકોણમાં હોય યા પરસ્પર દેખતા હોય ને બળવાન હોય તો તે જાતકને ઘણી સ્રીયોનો યોગ થાય છે.

ભૌમાકર્યસ્તે ભૃગુજરાશિનોર્દારહીનોડસુતો વા ।
સ્ત્રીબેડસ્તે વા ભવતિ ભવગૌદૌગ્રહૌસ્રીદ્વયં સ્યાત્ ॥
દ્ન્દ્રક્ષાંશે મદપતિસિતૌતસ્ય જાયાદ્વયં સ્યાત્ ।
તાભ્યાં યુસ્કૈર્ગગનલિયૌર્દારસંખ્યાં વદન્તુ ॥

**ભાવાર્થ**—મંગળ અને શનિની સામે એટલે તેનાથી સાતમે ભાવે શુક્ર અને ચંદ્ર રહેલા હોય તો તે જાતક દારા (સ્રી) અને સુત રહીત થાય છે. સાતમા ભાવમાં નપુંસક (બુધ, શનિ) ગ્રહ રહેલો હોય અને અગિયારમા ભાવમાં બે ગ્રહો બેઠેલા હોય તો તે જાતકને બે સ્રીયો

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

હોય છે. સાતમા ભાવનો સ્વામિ અને શુક્ર દ્વિસ્વભાવ (૩, ૬, ૯, ૧૨) રાશિમાં અથવા તે રાશિના નવમાંશમાં રહેલા હોય તો તે જાતકને બે સ્ત્રી હોય છે. સામાન્ય રીતે સાતમા ભાવના સ્વામિ અને શુક્રની સાથે જેટલા ગ્રહો રહેલા હોય તેટલી સંખ્યા તે જાતકને સ્ત્રીયોની થાય છે.

**નોંધઃ**—આ સ્ત્રીયોની સંખ્યા કહેવી તે સામાન્ય નીમ છે લગ્ન સમયના શ્લોક ૧ માં પણ સ્ત્રીયોની સંખ્યા ત્રીજા પેરામાં બતાવેલ છે.

> સ્ત્રીસંખ્યાં મદગૈર્ગ્રહૈર્મૃતિમસત્ખેટૈશ્ચસદ્ભિઃસ્થિતિં ।
> ધૂનેશે સબલે શુભે સતિવધૂઃ સાધ્વી સુપુત્રાન્વિતા ॥
> પાપોડપિ સ્વગૃહં ગતઃ શુભકરઃ પત્ન્યાશ્ચ કામસ્થિતો ।
> હિત્વા ષડ્વ્યયરન્ધ્રપાન્મદનગાઃ સૌમ્યાસ્તુ સૌખ્યાવહાઃ ॥

**ભાવાર્થ**—આશ્લોક ઉપરથી નીચે પ્રમાણેના યોગો તરી આવે છે.

(૧) સાતમા ભાવમાં જેટલા ગ્રહ પડેલા હોય, તે ઉપરથી જાતકની સ્ત્રી સંખ્યા જાણવી. તેમાં જેટલા પાપગ્રહ પડેલા હશે તેટલી સ્ત્રી નાની વયમાં મરી જશે. અને જેટલા શુભ ગ્રહ પડેલા હશે તેટલી સ્ત્રીયો તે જાતકના મરણ બાદ હયાત હશે.

(૨) સાતમા ભાવનો સ્વામી શુભ ગ્રહ હોય અને તે બળવાન થઇ બેઠો હોય, તો તે જાતકની સ્ત્રી સારા સ્વભાવ વાળી અને સારી સંતતિ વાળી હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) સાતમા ભાવમાં પાપગ્રહ પોતાની રાશિમાં સ્વગ્રહી થઈને રહેલો હોય તો તે પણ સ્ત્રી પતિ માટે શુભ ફળ આપનાર થાય છે. સાતમા ભાવમાં રહેલા શુભ ગ્રહો શુભ ફળ દાતા છે. પરંતુ તે ૬ ઠ્ઠા ૮મા કે ૧૨ મા ભુવનના સ્વામી હોવા જોઈએ નહિ.

કામસ્થાને સખેટે સિતયુતખચરૈ દરિસંખ્યાં વદન્તિ ।
સ્વોચ્ચસ્થવ્યોમવાસો ન ભવતિગણને શુક્રયુક્તગ્રહૈર્વા ॥
જાયાધીશે સિતર્ક્ષે સતિ ધનભવને શુક્રસંયુક્તસંખ્યા ।
શુક્રાનઙ્ગેશયુક્તદ્યુચરનવવધુવલ્લભો જાયતે વા ॥

**ભાવાર્થ**—સદરહુ શ્લોકમાંથી સ્ત્રી સંખ્યા જાણવા માટે ત્રણ મુદ્દા નીચે પ્રમાણે નીકળે છે.

(૧) સાતમો ભાવ ગ્રહયુક્ત હોય તો તે જ્યોતિષકારે તે કુંડળીમાં શુક્ર જેટલા ગ્રહોથી યુક્ત હોય તેટલી સંખ્યા તે જાતકને સ્ત્રીયો માટે કહેવી. ઉપરોક્ત સંખ્યામાંથી કદાચ કોઇ ગ્રહ સ્વગૃહી કે ઉચ્ચનો હોય તો તે સંખ્યામાં તેને ગણવો નહી.

(૨) સાતમા ભાવનો સ્વામી ૨ જા ભાવમાં શુક્રની રાશી ( ૨ / ૭ ) માં હોય તો તેની સાથે જેટલા ગ્રહ હોય તેટલી સંખ્યા તે જાતકને સ્ત્રીયોની જાણવી અથવા

(૩) શુક્ર અને ૭ મા ભાવના સ્વામી સાથે જેટલા ગ્રહ યુતિ કરતા હોય તેટલી નવી સ્ત્રીયોનો સ્વામી તે જાતક થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દારેશેન કુટુમ્બયેન સહિતા યાવદ્ગ્રહા દુર્બલા ।
તત્સંખ્યાક કલત્રનાશકરા દુઃસ્થાનનાથા યદિ ॥
યાવન્તો બલશાલિનઃ શુભકરાસ્તત્તુલ્યજાયાસુખં ।
કુર્વન્ત્યેકવિયચ્ચરો બલયુતો યદ્વેહદારો ભવેત્ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવ અને બીજા ભાવના સ્વામી સાથે જેટલા દુર્બલ (નીચના શત્રુ ક્ષેત્રી કે અસ્તના) ગ્રહો યુક્ત હોય અને તે વળી ૬ ઠ્ઠા ૮ મા કે ૧૨ મા ભાવના સ્વામિ બનતા હોય તો તે જાતકને તેટલી સ્ત્રીઓ નાશ પામે છે જો ઉપરના બે ભાવો એટલે ૨ જા અને સાતમા ભાવના સ્વામીયોની સાથે બલવાન ( ઉચ્ચના મીત્રક્ષેત્રી ) શુભ ગ્રહ યુક્ત હોય તો તેટલી સંખ્યાની સ્ત્રીયો સાથે તે પુરૂષ સુખમાં ગાળે છે જો ઉપરના બન્ને ભાવના સ્વામી સાથે એક જ બળવાન ગ્રહ યુતિ કરતો હોય તો તેને માત્ર એક સ્ત્રી હોય છે.

ભાયોનાશસ્ત્વશુભસહિતૌ વીક્ષિતૌ યાર્થકામૌ ।
તત્રપ્રાહુસ્ત્વશુભફલદાં ક્રૂરદૃષ્ટિં વિશેષાત્ ॥
એરૂં પત્ન્યા અપિ સતિ મદે ચાષ્ટમે વાસ્તિ દોષઃ ।
સૌમ્યૈર્દૃષ્ટિ સતિ શુભયતે દંપતિ ભાગ્યવન્તૌ ॥

**ભાવાર્થ**—૨જુ અને ૭મું ભુવન પાપગ્રહોથી યુકત અથવા દ્રષ્ટ હોય તો તે જાતકની ભાર્યા નાશ પામે છે. અને નિશ્ચયપૂર્વક જ્યારે ૭ મું ભુવન ક્રૂર ગ્રહથી દ્રષ્ટ હોય છે તો અશુભ ફળ પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ પ્રમાણે ઉપરના નિયમોને અનુસરીને સ્ત્રી જાતકની કુંડળીમાં ૭ મા અને ૮ મા ભુવનમાં શુભ અથવા પાપગ્રહો રહેલા હોવાથી અથવા દ્રષ્ટ હોવાથી ફલ કથ કરવું એટલે સ્ત્રી જાતકની કુંડળીમાં ૭ મા અને ૮ મા ભાવમાં શુભગ્રહ રહેલા હોય તો તે દંપતિ ભાગ્યવાન બને છે.

ચન્દ્રે સમન્દે મદગે પુનર્ભૂઃ પતિર્ભવેદ્વાપ્યસુતો વિદારઃ ।
નીચારિભસ્થૈરશુભૈર્મદે સ્ત્રીપુંસોર્મૃતિઃ સ્યાન્નિધને ધને વા ॥

**ભાવાર્થ**—ચંદ્ર અને શનિ ૭ મા ભાવમાં રહેલા હોય તો તે સ્ત્રી પુનર્લગ્ન કરે છે. અથવા તે દાર અને સંતતિ રહિત બને છે. જો પાપગ્રહ નીચનો અથવા શત્રુ ક્ષેત્રી થઇને ૭ મા ૮ મા કે ૨ જા ભાવમાં રહેલો હોય છે તો તે સ્ત્રી અથવા પતિનું મૃત્યુ અથવા ધન નાશ થવા પામે છે.

નોંધઃ—ઉપરોકત યોગો સ્ત્રી કુંડળીમાં હોય તો તેના વિષે જાણવું અને પુરૂષ કુંડળીમાં હોય તો તેની સ્ત્રી વિશે જાણવું.

## પતિ ઘાતક પત્નિ યોગ.

દારાધિપે સોમસુતે સપાપે નીચારિવર્ગે રિપુનાશભાવે ।
પાપાન્તરે પાપદશા સમેતે જાયા પતિઘ્નો કુલનાશિની સ્યાત્ ॥

**ભાવાર્થ**—સાતમા ભાવનો સ્વામી નીચનો શત્રુ વર્ગનો બુધ પાપગ્રહથી યુકત હોય, ૬ ઠા કે ૮ મા ભાવમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠેલો હોય અને બે પાપગ્રહોની વચ્ચે પાપગ્રહોથી દૃષ્ટ હોય તો તે પુરૂષની ઘાત તેની સ્ત્રીથી થાય છે અને વંશનો નાશ કરે છે.

## પત્નિ મરણ યોગ.

લગ્નેશસ્થનનવાંશનાથગૃહગે જીવે સમેતિ સ્રીયં ।
નીચારાશિનવાંશકે સતિમૃતસ્રીકો વિદારો થવા ॥
લગ્ને કામપતિસ્ફુટાદહૃતે રાશિત્રિકોણે ગુરૌ ।
લગ્ને સપ્તમરાશિપસ્ફુટહતે જીવે મૃતિં દોષિતઃ ॥

**ભાવાર્થ**—જન્મકુંડળીમાં લગ્નનો સ્વામી નવમાંશમાં જે રાશીમાં બેઠા હોય તેનો સ્વામી જે રાશીમાં બેઠો હોય તે રાશીમાંથી જ્યારે ગુરૂ ભ્રમણ કરે છે ત્યારે તે પુરૂષનું લગ્ન થાય છે પરંતુ ઉપરોકત નવમાંશ લગ્નના સ્વામીની નીચ રાશી કે શત્રુ રાશીનો હોય તો તે માણસ જે સ્રી પરણે છે તે મરી જાય છે અથવા તો બીલકુલ સ્રી તેને હોતી નથી ૭ સાતમા ભાવના સ્વામીની રાશિ અંશ કળા માંથી લગ્નના રાશિ અંશ કળા બાદ કરો તેમ કરતાં જે રાશિ અંશ કળા આવે તેમાંથી અથવા તેની ત્રિકોણ રાશિમાંથી જયારે ગુરૂ ભ્રમણ કરે ત્યારે જોષિઓ કહે છે કે તે પુરૂષની સ્રીનું મરણ થશે. આજ પ્રમાણે ૭ સાતમા ભાવના સ્વામીની રાશિ અંશ કળા કરતાં લગ્નના રાશિ અંશ કળા જેટલી રાશી અંશ કળા વધારે હોય તે રાશિમાંથી ગુરૂ ભ્રમણ કરે ત્યારે સ્રીનું મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નોંધઃ**—સ્ત્રી મરણના ઉપર બે યોગો ગુરૂ ભ્રમણથી બતાવ્યા છે એટલે ગુરૂ ભ્રમણ ૧૩ તેર વર્ષમાં બારેરાશીમાં પુરૂ થતું હોવાથી આ બે યોગ વાળાને તેર વર્ષમાંના ગમે તે વર્ષમાં તેની સ્ત્રીનું મરણ થાય એમ અનુમાન થાય છે પરંતુ અમુક વર્ષનો નિર્ણય તો ઉપર બતાવ્યા પ્રમાણે ગણીત કરવાથી નિર્ણય થઈ શકે તેમ છે.

લગ્નાત્કામપકારકૌ શુભકરૌ વીર્યાધિકે સત્યમે ।
પત્યા સાકમુપૈતિ મૃત્યુમબલા પાપૈરયુકતેક્ષિતે ॥
કામાચ્છિદ્રદશાપ્રકારસમયે શુક્રાષ્ટવર્ગાદિતે ।
રાશૌ ભાનુસુતે કલત્રમરણં જીવે તદંશાન્વિતે ॥

**ભાવાર્થ**—લગ્નથી ૭ સાતમા ભાવનો સ્વામિ તેમજ તેનો કારક શુભ હોય અને લગ્નથી સાતમા ભાવમાં બેઠા હોય, અને આ સાતમો ભાવ અતિ બળવાન હોય તો તે પુરૂષ અને તેની સ્રી સંગાતે મરે છે. સાતમા ભાવની છિદ્ર *ગ્રહની દશા અથવા અંતર દશા તેની સ્ત્રીનું મરણ થાય છે. જો તે વખતે શુક્રના અષ્ટ વર્ગ *ઉપરથી સ્ત્રીની ઘાતકારક જે રાશિ નક્કી કરી હોય તેમાંથી શનિ ભ્રમણ કરે અને તે ઘાત રાશિના નવમાંશ*માંથી ગુરૂ પસાર થતો હોય તે સમયે તેની સ્ત્રીનું મરણ થાય છે.

---

*છિદ્રગ્રહ કોને ગણવા તે બાબત આગળ ગોચરફળ અધ્યાયમાં મહાદશા ફળ અધિકારમાં અને અષ્ટ વર્ગ અધિકારે અષ્ટ વર્ગ કાઢવા રીત અને ષડ્વર્ગ ચક્રમાંથી નવમાંશ નવમાંશ કાઢવાની રીત જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભાધિપયુતેક્ષિતે સુતકલત્રજે લગ્નતો ।
વિધોરપિતયોઃ શુભં ત્વિતરથા ન સિદ્ધિસ્તયોઃ ॥
સિતાદ્વ્યસુખાષ્ટગૈઃ ખરખગે રસન્મમધ્યેગે ।
સિતેઽપ્યથ શુભેતરેક્ષિતયુતે ચ જાયાવધઃ ॥

**ભાવાર્થ**—લગ્ન અથવા ચંદ્રથી ગણતાં પાંચમા અથવા સાત ભાવમાં નવમા ભાવનો સ્વામી બેઠો હોય અથવા તે ભાવો નવમા ભાવના સ્વામીથી દ્રષ્ટ હોય તો તે બન્ને ભાવને માટે શુભ છે. નહીં તો નકી જો ઉપરોકત બે ભાવો શુક્રથી ગણતાં બારમા ચોથા અને આઠમા ભાવમાં રહેલ ગ્રહોથી યુક્ત કે દૃષ્ટ હોય અને જો શુક્ર બે પાપ ગ્રહો વચ્ચે રહેલો હોય તો તે જાતકની સ્ત્રીનું મરણ થાય છે. શ્લોકના ઉત્તરાર્ધમાં નય મરણનો યોગ આવેલો છે. તેના નિયમ નીચે પ્રમાણે છે.

(૧) પાંચમા અને સાતમા ભાવમાં શુક્રથી ગણતાં ૧૨ મા ૪ થા અને ૮ મા ભાવના સ્વામિ બેઠેલા હોય અથવા.

(૨) શુક્રથી ૧૨ મા ૪ થા અને ૮ મા ભાવમાં રહેલા ગ્રહોથી ૫ મો અથવા સાતમો ભાવ યુત કે દ્રષ્ટ હોય અથવા.

(૩) ૨૨ મા દ્રેષ્કાણમાં રહેલા ગ્રહોથી યુત કે દ્રષ્ટ હોય અને શુક્ર બે પાપ ગ્રહોની વચમાં રહેલો હોય તો તે જાતકની સ્ત્રીનું મરણ થાય છે. આ યોગનું મુખ્ય એ છે કે પાંચમા અને સાતમા ભાવમાં શુક્ર જે સ્ત્રીકારક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે તે જ્યાં બેઠો હોય તેનાથી ૪ થુ ૮ મુ અને ૧૨ મુ સ્થાન એ અનિષ્ટ હોવાથી તેના સ્વામીના સહયોગ અથવા દ્રષ્ટિથી સ્ત્રી મરણનો ભય ઉત્પન્ન થાય છે. બીજુ ઉપરોકત ભાવો ૨૨ મુ દ્રેષ્કાણ એટલે ૮ મા ભાવનું ૧ લું દ્રેષ્કાણ હોય અને તેમાં રહેલા ગ્રહોથી યુકત કે દ્રષ્ટ હોય અને શુક્ર જો બે પાપગ્રહની વચમાં આવ્યા હોય તો વિશોત્તરી દશા પ્રમાણે તેની મહા દશામાં તે જાતકની સ્ત્રીનું મરણ થાય છે.

દારેશે સુતગે પ્રણષ્ટવનિતોડપુત્રોડથવા ધીશ્વરો ।
દ્યુને વાનિધનેશ્વરોડપિ કુરૂતે પત્નિવિનાશં ધ્રુવમ્ ॥
ક્ષીણેન્દૌ સુતગેવ્યયાસ્તતનુગૈઃ પાપૈરદારાત્મજઃ ।
સ્ત્રીસંગાદ્ધનનાશનં મદગયોઃ સ્વર્ભાનુભાન્વોર્વદેત્ ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકમાંથી સ્ત્રી નાશ સંબંધમાંથી ૪ ચાર નિયમો લાગુ થાય છે.

(૧) સાતમા ભાવનો સ્વામિ પાંચમા ભાવમાં બેઠેલો હોય તો તે જાતકની સ્ત્રી મરી જાય છે અથવા તે જાતક અપુત્રવાન બને છે.

**નોંધ:**—આ ફળ સાધારણ છે ખાસ ચોક્કસ કહેવાય નહિ.

(૨) પાંચમા કે આઠમા ભાવનો સ્વામિ સાતમા ભાવમાં બેઠેલો હોય તો તે પુરુષ વિધુર બને છે.

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

**નોંધ:**—આ દૃઢ અને નિશ્ચય યોગ છે એમ અનુભવથી ખાત્રી થાય છે.

(૩) પાંચમા ભાવમાં ક્ષીણ ચંદ્રમા ગ્રહો અને પાપગ્રહો ૧૨ મા ૭ મા અને ૧ લા ભાવમાં હોય તો તે પુરુષ સ્ત્રી અને સંતતિ વિનાનો બને છે.

(૪) સૂર્ય અને રાહુ સાતમા ભાવમાં રહેલા હોય તો તે પુરુષ સ્ત્રી સંગને લીધે ધનનો નાશ કરે છે.

**નોંધ:**—આ છેલ્લો નિયમ અનુભવથી સામાન્ય રીતે ખરો હોય એમ લાગે છે.

શુક્રે વૃશ્ચિકગે મદે મૃતવધુઃ કામેવૃષસ્થે બુધે ।
સ્ત્રીનાશસ્ત્વથ નીચગે સુરગુરૌ દ્યૂનાધિરૂઢે તથા ॥
જામિત્રેઝષગે શનૌ સતિ તથા ભૌમેડથવાસ્ત્રીમૃતિ ।
શ્ચન્દ્રક્ષેત્રગયોમદેડર્કિકુજયોઃ પત્નિ સતી શોભના ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોકના નીચે પ્રમાણે યોગો બને છે.

(૧) સાતમા ભાવે વૃશ્ચિક (૮) રાશિ હોય અને તેમાં શુક્ર બેઠેલો હોય તો તેની સ્ત્રી મરણ પામે છે.

(૨) સાતમા ભાવમાં વૃષભ (૨) રાશિ હોય અને તેમાં બુધ બેઠેલો હોય તો તેની સ્ત્રી મરણ પામે છે.

(૩) સાતમા ભાવમાં ગુરૂ નીચ રાશિ મકર (૧૦) માં બેઠેલો હોય તો તેની સ્ત્રી મરણ પામે છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

(૪) સાતમા ભાવમાં મીન (૧૨) રાશિ હોય અને તેમાં શનિ કે મંગળ બેઠેલો હોય તો તે જાતકની સ્ત્રી મરણ પામે છે.

(૫) સાતમા ભાવમાં કર્ક (૪) રાશિ હોય અને તેમાં શનિ તથા મંગળ બેઠેલો હોય તો તે જાતકની સ્ત્રી સતી અને શુભ ભાગ્યવાળી હોય છે.

**નોંધ:**—ઉપરના પાંચમા યોગમાં કર્ક રાશિમાં મંગળ નીચનો અને શનિ પાપગ્રહ હોવા છતાં શુભયોગ શા હેતુથી ગણેલો હશે તે સ્વાભાવિક પ્રશ્ન ઉભો થાય તેમ છે. પરંતુ ઊંડો ઝીણવટથી બુદ્ધિનો ઉપયોગ કરી પ્રશ્નકાર વિચાર કરે તો સ્હેજમાં સમજાય તેવી સરળ વાત એ છે કે સાતમે કર્ક રાશિ હોવાથી લગ્ને મકર રાશિ આવે એટલે સાતમે રહેલો મંગળ પોતાની ઉચ્ચ રાશિને અને શનિ પોતાની રાશિને સંપૂર્ણ રીતે તે જોતો હોવાથી આ યોગ શુભ ગણેલો છે.

અસ્તે વાસ્તપતાવસદ્ગ્રહયુતે દૃષ્ટેઽધસન્ મધ્યગે
નીચારાશિગૃહેડર્કકાન્ત્યભિહતે બ્રુયાત્ કલત્રચ્યુતિમ્ ।
કામે વા સુતભાગ્યયોર્વિકલદારોડસૌ સ પાપે ભૃગૌ
શુક્રે વા કુજમન્દવર્ગસહિતે દૃષ્ટે પરસ્ત્રી રતઃ ॥

**ભાવાર્થ**—ઉપરોક્ત શ્લોક ૧ થી ૪ સીદ્ધાંત નીચે પ્રમાણે જણાવે છે સાતમો ભાવ અથવા તેનો સ્વામી પાપ ગ્રહાથી યુકત યા દ્રષ્ટ કે (૧) પાપ ગ્રહની વચમાં પડયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય અથવા નીચનો શત્રુ રાશીનો કે અસ્તનો એટલે સૂર્યથી ગ્રસ્ત હોય તો તેની સ્ત્રીનું નિશ્ચયપૂર્વક મરણ થાય છે. (૨) સિવાય સાતમા પાંચમા કે નવમા ભાવમાં પાપ ગ્રહોની સાથે શુક્ર બેઠો હોય તો તે જાતક સ્ત્રીનું મરણ થાય છે. (૩) કદાચ શુક્ર મંગળ કે શનિના વર્ગમાં કે યુક્ત હોય તો તે જાતક પર સ્ત્રી પ્રિય બને છે અથવા (૪) શુક્ર મંગળ કે શનિથી દ્રષ્ટ હોય તો પણ તે જાતક પર સ્ત્રીનો આશક બને છે.

**નોંધ**—ઉપરોક્ત યોગ મધેનો ૩/૪ યોગ લેખકે નીચે અનુભવેલો છે. એટલે શંકા પાત્ર નથી.

સૂર્ય શનિ ભૃગુ ભૂસૂતઃ ચાર આઠમાં જાય ।
અગ્નિથી સ્ત્રી જળે ઘર ભંગ નર એ થાય ।।
મંગળ મંદા સર્પા બીચમે શુક્ર કદિ સપડાય ।
ગર્ભવંતિ ઘર નારી તો પટકાઇ પરલોક જાય ।।

**ભાવાર્થ**—સૂર્ય, શનિ, શુક્ર, મંગળ એ ચાર ગ્રહો ચોથા અથવા આઠમા ભાવમાં રહેલા હોય તો તેની સ્ત્રીનું મૃત્યુ અગ્નિ (દેવતા)માં બળવાથી થાય છે. અથવા મંગળ જે રાશિમાં હોય તેનાથી બીજી રાશિમાં શુક્ર હોય અને ત્રીજી રાશિમાં શનિ કે રાહુ હોય એટલે મંગળ અને શનિ કે રાહુની વચ્ચે શુક્ર હોય તો તે જાતકની સ્ત્રીનું મૃત્યુ ગર્ભ સમયે અદ્ધરથી પડવાના કારણોથી થાય છે.

આ બાબતમાં બીજો મત એવો છે કે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંદા મંગળ બીચમે ભૃગુરાય ભટકાય.
મહિલા મૃત્યુ ફાંસથી નીરાધાર નર થાય.

**ભાવાર્થ**—શનિ મંગળના વચમાં શુક્ર હોય તો તેની સ્ત્રીનુ મૃત્યુ ફાંસે (ગળાફાંસો) ખાવાથી અથવા ફાંસીથી થાય છે.

પંચમ પ્રીયા સ્થામાં પાપયુક્ત સપ્તમેશ ।
ગર્ભ દોષે ઘરથી ટળે એ લેખ ટળે નકી લેશ ॥
શુક્ર કે સસી નીચના જળથી મૃત્યુ જાણુ ।
વિધી લેખ લખતી ગઈ મીથ્યા કણુ નહીં માન ॥

**ભાવાર્થ**—પાંચમા ભાવનો સ્વામી સાતમે સાતમાનો સ્વામી પાપગ્રહથી યુક્ત અને શુક્ર બળ હીણુ હોય તો તેની સ્ત્રી ગર્ભ દોષથી મૃત્યુ પામે છે એ લેખ કોઇનો ટાળ્યો ટળે તેમ નથી. ઉપરોક્ત યોગમાં શુક્ર કે ચંદ્રમા નીચેનો હોય તો તેની સ્ત્રીનું મૃત્યુ પાણી (જળ) થી થાય છે આપણુ વીધીનો લખાયેલો લેખ મીથ્યા માનવા જેવો નથી.

પાસ સર્પ દ્રેષ્કાંણમાં નારી નાથ સપડાય ।
ફેમીલી ફાંસીથી મરે એ યોગ મીથ્યા ન થાય ॥
સર્પા કેતુ સપ્ત સંગ ભુજંગ દ્રેષ્કાંણે હોય ।
વીષ ખાઇ વિનીતા મરે અપના ચલે ન કોય ॥

**ભાવાર્થ**—પાસ કે સર્પ દ્રેષ્કાણમાં સાતમા ભાવનો સ્વામી હોય તો તેની સ્ત્રી ફાંસો ખાઇ મરણ પામે છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે યોગ મીથ્યા થનારો નથી. રાહુ કે કેતુ સાતમા ભાવના સ્વામીથી યુક્ત ભુજંગ દેષ્કાણમાં હોય તો તેની સ્ત્રી ઝેર (વીષ) ખાઇને મરણ પામે છે તેમાં આપણો કંઈ ઉપાય ચાલી શકતો નથી.

મૃત્યુનાથ મંદા ઘરે મૃત્યુ માં ભૃગુરાય ।
બાર વર્ષે બાળા મરે ઘર ભંગ નર એ થાય ॥
સુરતીમાલીક નીચમાં નિર્ધળે નેત્ર નાથ ।
તેર વર્ષે ત્રીયા મરે વધુજીવન ભાવી હાથ ॥

**ભાવાર્થ**—આઠમા ભાવનો સ્વામી શનિની (૧૦/૧૧) રાશિમાં હોય, અને આઠમા ભાવે શુક્ર હોય તો તે જાતકની સ્ત્રી બાર વર્ષે મરણ પામે છે. જેથી તે ઘર ભંગ થાય છે. અથવા લગ્નનો સ્વામી નીચ રાશિમાં હોય આઠમા ભાવમાં બીજા ધન ભાવનો સ્વામી હોય તો તેની સ્ત્રી તેરમા વર્ષે મરણ પામે છે તેનાથી વધુ જીવે તો તેના ભાગ્યના આધીન છે.

મંગળ મંદા સર્પો દૃષ્ટિથી શુક્ર કળી સપડાય ।
ભાર્યા સુખ ભસ્મીભને જેમ લાવે તેમ જાય ॥
મીન રાશિ મંદા વશે કન્યાયે રજની કંથ ।
પરણી પ્રેમદા પરવરે લેતી સ્વર્ગનો પંથ ॥

**ભાવાર્થ**—મંગળ શની કે રાહુની દષ્ટિમાં તેમનાથી સાતમા ભાવે શુક્ર હોય તો તે જાતકને સ્ત્રીના સુખનો નાશ થાય છે. અથવા મીન રાશીમાં શની તથા કન્યા રાશીમાં સૂર્ય હોય તો તેને સ્ત્રીના સુખનો નાશ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# આઠમા ભાવનું ફળ

**જાતકાભરણ** વસંતતીલકા

નદ્યુત્તારા ત્યત વૈષમ્ય દુર્ગ શસ્ત્ર ચાયુઃ સંકટં ચેતિ સર્વમ્ ।
રંધ્રસ્થાને સર્વદા કલ્પનીયં પ્રાચીનાના માજ્ઞય જાતકજ્ઞૈઃ ॥

નદીમાં તરવું ભયંકર સ્થાન કિલ્લો શસ્ત્ર આવરદા અને દુઃખ સઘળુ પંડિતો એ પૂર્વાચાર્યોની આજ્ઞાથી આઠમા ભાવને વિષે જોવું.

### દુહા

મંગળ શની યા કેતવા, આઠે કરે નિવાસ ।
હરસ ભગંદર રોગથી, એ નરને દુઃખ ખાસ ॥
આઠે સ્વગ્રહી કોઇ ગ્રહ, રાહુ સંગે હોય ।
લડાઈમાં મૃત્યુ કરે, ભાવીબળે બચતા હોય ॥
આઠે સૂર્ય મંગળો, સંગે કરતા વાસ ।
અગ્નિથી સ્મરણ જ કરે, એ ભાવી થાય નહી નાશ ॥
ચંદ્ર મંગળ આઠે વસે, અમાસ જન્મ જ યોગ ।
જળઘાતે જીવન જશે, વીસ ચોવીસ વર્ષનો જોગ ॥
આઠે કર્કે મંગળ વસે, એ રાશી નીચ ગણાય ।
વર્ષ આઠાવીસ ઉંમરે, મૃત્યુ તલવારે થાય ॥
બુધ રાહુ અષ્ટંમ ભાવમાં, તાવથી મરણ જ હોય ।
રાહુ ગુરૂના સંગથી, ત્રીદોસે મૃત્યુ થાય ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાહુ શની અષ્ટમ થકી, તરશે મૃત્યુ જાણુ ।
જોતિષ સાખે સાખ આ, ખરૂ જાણે ભગવાન ॥

ચોપાઈ

અષ્ટમ સ્વામી આઠે વસે, તેના આયુષ્ય લંબા થશે ।
નિર્બળ યા શનિ સંગે જાણુ, આયુષ્ય ટુકા તેના માંન ॥
એક આઠના સંગે થાય, ખટ યા બારે તે તો જાય ।
લંબા આયુષ્ય તે નર પાય, જોતિષ્ય જોતાં એમ જણાય ॥
દશ આઠ એક એકજ થાય, કોઈ કન્દ્રે તેતો જાય ।
લંબા આયુષ્ય તેના જાણુ, ત્રીકોણે પણ એ ફળ માન ॥
એકા દશમે એ કરે વાસ, દેહે જીવન સૂખ નીવાસ ।
પૂર્વ ભવ શુભ કરણી યે જાણુ, આ યોગથી શુભ પરીણામ ॥

દુહા

દસ આઠ લગ્ન પતિ, શનિ સંગ બિન હોય ।
બળવાની જો તે બને, આયુષ્ય લંબા જો ॥
બે બળવાને મધ્યમા, એકે થોડા દેખ ।
ત્રણે નિર્બળ હોય તો, ટુંકા આયુષ્ય લેખ ॥
અષ્ટમ ખટ અષ્ટકે બારમાં, પાપી સંગે થાય ।
યા તો પાપ રાશિ માં વસે, એ ટુંકા આયુષ્ય પાય ॥
અષ્ટમ શુભ ગ્રહ સંગમાં, યા શુભ રાશી થાય ।
યા શુભ ગ્રહ દ્રષ્ટિ થકી, લંબા આયુષ્ય પાય ॥
લગ્નેશ યા અષ્ટેમ પતી, પાપ યુક્ત આઠમે હોય ।
યા તો ખટ ભાવે પડે, ત્યાં ટુંકા આયુષ્ય જોય ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉચ્ચ કેન્દ્ર કે ત્રીકોણમાં, અષ્ટમ પતિ કરે વાસ ।
લંબા આયુષ્ય તે તેણા, રાખો મન વિશ્વાસ ।।

રન્ધ્રશે રિપુન્ધ્રરિઃફ ગૃહગેતત્પાક ભુક્તૌ મૃતિં ।
મન્દાક્રાન્ત ગૃહેશપાક સમયેરન્ધ્રેશ ભુક્તૌ તથા ।।
પાકે રન્ધ્ર ગૃહાધિપરય તદનુ ક્રાન્તસ્ય ભુક્તૌ તુવા ।
ખેટાનાં બલ દુર્બલેન સકલં સંચિન્ત્ય યત્ત દ્દદેત્ ।।

અર્થ—આઠમા ભાવનો સ્વામી, ૬ ઠ્ઠા ૮ મા કે ૧૨ મા સ્થાનમાં હોય તો તેની દશા અન્તરદશામાં યા જે રાશિમાં શનિ હોય, તેના સ્વામીની દશામાં યા આઠમા ભાવના સ્વામીની દશામાં, યા આઠમા ભાવમાં રહેલા ગ્રહની દશામાં આઠમા ભાવનો સ્વામી જે ભાવમાં બેઠો હોય તે ભાવના સ્વામીની દશામાં જે ગ્રહ બળવાન તથા નિર્બલી હોય, તેનો વિચાર કરી તેની દશા અંતરદશામાં મરણ કહેવું.

લગ્નેશે નિધનારિરિઃફ ગૃહગે સાહૌ સકેતૌ તુવા ।
હોરારન્ધ્રપ સંયુત ગ્રહદશા જાતસ્યા મૃત્યુ પ્રદા ।।
તત્ખેટાન્વિત રાશિનાયકદશા નાશપ્રદા દેહિનાં ।
ખેટાનાં પ્રથમાગતસ્ય ફણિનઃ પાકાપહારે ક્રમાત્ ।।

અર્થ—લગ્નનો સ્વામી ૬ઠ્ઠા ૮મા કે ૧૨ મા સ્થાનમાં રાહુ કેતુ સાથે હોય તો, તેની દશામાં યા લગ્નના સ્વામીને આઠમાના સ્વામી સાથે જે ગ્રહો રહ્યા હોય તેની દશામાં, યા જે રાશીમાં લગ્નનો સ્વામી ને આઠમાનો સ્વામી

બંને ભેગા બેઠેલા હોય તેના સ્વામીની દશામાં યા જે રાશીમાં લગ્નનો સ્વામી ને આઠમાનો સ્વામી હોય, તેમાં પહેલો રાહુ જેમાં આવતો હોય તેની દશામાં અનુક્રમે મરણ કહેવું.

વ્યાપાર રન્ધ્રતનુનાથ શનૈશ્ચરાણાં મધ્યે વિધુન્તુ
દયુતોવિબલ ગ્રહોયઃ ।
તત્પાક ભુક્તિ સમયે મરણં નરાણં તદ્યુક્ત
વીક્ષકનભોગ દશાન્તરેવા ॥

અર્થ—દસમાનો સ્વામી, આઠમાનો સ્વામી, લગ્નનો સ્વામી, ને શની એ કોઈ પણ ગ્રહોના મધ્યમાં જે ગ્રહ નિર્બળ થઈ રાહુ સાથે રહ્યો હોય, તેની દશા અન્તરદશામાં યા તેની સાથે રહેનાર કે દેખનાર ગ્રહની દશા અન્તર-દશામાં મરણ થાય છે.

નાશે નાશપતૌ તુતદ્ગ્રહં દશા ભુક્તૌ સમેત્યામયં ।
લગ્ને લગ્નપતૌ તુલગ્નપદશા ભુક્તૌ શરિરાર્તિ ભાક્ ॥
પશ્ચાદામયનાશનંતનુસુખં મોદશ્ચ સંજાયતે ।
રન્ધ્રેશે બલસંયુતે તનુપતે દાંયેમૃતિર્દેહિનામ્ ॥

અર્થ—આઠમાનો સ્વામી આઠમા સ્થાનમાં હોય, તો તેની દશા અન્તરદશામાં રોગ થાય યા લગ્નનો સ્વામી લગ્નમાં હોય, તો તેની દશા અન્તરદશામાં રોગી થાય છે. ને પછીથી રોગ નાશ પામે છે. ને શરીરે સુખને આનંદ થાય છે. યા આઠમનો સ્વામી બળવાન હોય, તો લગ્નના સ્વામી ની દશામાં મરણ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાતસ્ય જન્મસમયે વિબલે વિલગ્ને
લગ્નેશ રન્ધ્રપતિ પાકમતીવ કષ્ટમ્ ।
પશ્ચાદતીવ સુખમેતિ વિલગ્નનાથે
વીર્યાન્વિતે નિધનપસ્ય મૃતિર્દશાયામ્ ॥

અર્થ—લગ્નનો સ્વામી નિર્બળ હોય, તો લગ્નના સ્વામીની ને આઠમાના સ્વામીની દશામાં બહુ દુઃખ ને પછીથી સુખ થાય છે. લગ્નનો સ્વામી બળવાન હોય તો આઠમાના સ્વામીની દશામાં મરણ થાય છે.

દેહેશે ચ વિનાશપે બલયુક્તે કેન્દ્રત્રિકોણ સ્થિતે ।
તદ્યુક્ત ગ્રહપાક ભુકિત સમયે રોગાપવાદાફલમ્ ॥
રન્ધ્રશ સ્તનુપશ્ચ ખેચરયુતૌ કેન્દ્રત્રિકોણ સ્થિતૌ ।
રન્ધ્રસ્થાનગતસ્યપાક સમયે મૃત્યુ સમેતિ ધ્રુવમ્ ॥

અર્થ—લગ્નો સ્વામીને આઠમનો સ્વામી બળવાન થઈ કેન્દ્ર (૧-૪-૭-૧૦) કે ત્રિકોણ (૫-૯)માં જે રાશિમાં હોય, તેના સ્વામીની દશામાં રોગનો નાશ થાય છે ને આઠમાના સ્વામી કે લગ્નના સ્વામી સાથે જે ગ્રહો કેન્દ્રમાં કે ત્રિકોણમાં હોય યા આઠમા સ્થાનમાં જે ગ્રહ હોય, તેની દશામાં અવશ્ય મરણ થાય છે.

નોચે દૃષ્ટમખેચરો યદિ તનુ પ્રાપ્તેન સંચિન્તયેત્ ।
મન્દે લગ્નગતેઽથવાઽષ્ટમગતે તત્પાક ભુક્તૌમૃતિઃ ॥
રન્ધ્રેશોદય નાયકૌ સુખચરૌ યુક્તગ્રહો દુર્બલો ।
યસ્તસ્ય દ્યુચરસ્ય પાકસમયે ભક્તૌ ચમૃત્યુંવદેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—આઠમા સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય, તો લગ્નમાં રહેલા ગ્રહવડે વિચાર કરવો. શનિ લગ્નમાં યા આઠમા સ્થાનમાં હોય, તો તેની દશા અન્તરદશામાં મરણ કહેવું. યા આઠમાનો સ્વામીને લગ્નનો સ્વામી બે શુભ ગ્રહ હોય, ને તેની સાથે જે નિર્બળ ગ્રહ હોય તેની દશા અન્તરદશામાં મરણ કહેવું.

ચન્દ્રે વિત્તગતેઽથવા નિધનગે જાતો બહુસ્વેદવાન્ ।
કર્મ સ્થાન ગતે કુજે બુધ યુતે દુર્ગન્ધ દેહો ભવેત્ ॥
પાપે રન્ધ્ર ગતે તુ પાપ સહિતે રોગ પ્રમાદા કરઃ ।
સૌમ્ય વ્યોમ ગૃહેઽતિ શોભનયુતે જાતઃ સમોદઃ સુખી ॥

અર્થ—ચંદ્ર બીજા સ્થાનમાં કે આઠમા સ્થાનમાં હોય, તો તેના શરીરમાં પરશેવો બહુ થાય છે. દસમાં સ્થાનમાં મંગળ બુધ સાથે હોય, તો તેના શરીરથી દુર્ગંધ આવે છે. યા આઠમા સ્થાનમાં બે પાપ ગ્રહ હોય, તો રોગવાળો, પ્રમાદી થાય છે. શુભ ગ્રહ દસમા સ્થાનમાં શુભ ગ્રહ સાથે હોય, તો આનંદીને સુખી થાય છે.

શીર્ષો દયેષુ ચરભાદિષુ વિત્તપસ્ય ।
લગ્નાધિપસ્ય ભુજગસ્ય દશાપહારે ॥
પૃષ્ઠોદયે સતિતદીય દગાણપસ્ય ।
તદ્વીક્ષિતાદિ સહિતસ્ય મૃતિં વદેદ્વા ॥

અર્થ—શીર્ષોદયરાશિ (૫-૬-૭-૮-૧૧)માં યા ચરરાશિ. (૧-૪-૭-૧૦)માં બીજા સ્થાનનો સ્વામી હોય, યા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનો સ્વામી હોય, યા રાહુ હોય તો તેની દશા અન્તર-દશામાં મરણ થાય છે, યા ધન ભાવ (૨)નો સ્વામી, લગ્નનો સ્વામી ને રાહુ પૃષ્ટોદય (૨–૧–૯–૪–૩–૧૦) રાશિયોમાં હોય ને તેના દ્રેષ્કાણ નો સ્વામી, તેમની દ્રષ્ટિ કરતો હોય તો તેની દશામાં મરણ થાય છે.

કેંદ્રાન્વિતે વિલગ્નેશે ગુરૂ શુક્ર સમન્વિતે ।
તાભ્યાં નિરીક્ષિતેવાપી દીર્ઘમાયુ ર્વિનિર્દિશેત્ ॥
ચતુરસ્રે શુભૈર્યુક્તે લગ્નેશે શુભ સયું તે ।
ગુરૂણા દૃષ્ટિ સંયોગે પૂર્ણમાયુર્વિનિર્દિશેત્ ॥

અર્થ—લગ્નનો સ્વામી કેન્દ્રમાં ગુરૂ શુક્ર સાથે હોય યા તેને ગુરૂ શુક્ર જોતા હોય તો દિર્ઘાયુષી જાણવો.

ચોથે આઠમે શુભ ગ્રહ હોય અને લગ્નેશ શુભ ગ્રહ સાથે હોય ને ગુરૂ જોતો હોય તો દીર્ઘાયુષી જાણવો.

ષટસપ્તરંધ્ર ભાવેષુ સુભેષુ સકીતેષુ ।
ત્રિષડાયેષુ પાપે પૂર્ણર્વિનિર્દિશેત્ ॥
રંન્ધ્રાધિપે વિલગ્નસ્થે ગુરૂ શુક્ર યુતે ક્ષિતે ।
લગ્નેશે કેન્દ્ર ભાવેવા દીર્ઘમયુર્વિનિર્દિશેત્ ॥

અર્થ—છઠ્ઠે સાતમે ને આઠમે શુભ ગ્રહ હોય ને ત્રણ છ ને અગીયારમાં પાપ ગ્રહ હોય તો દિર્ઘાયુષી જાણવો.

આઠમાનો સ્વામી લગ્નમાં હોય ને ગુરૂ શુક્ર જોતો હોય યા યુક્ત હોય ને લગ્નેશ કેન્દ્રમાં હોય તો દિર્ઘાયુષી જાણવો.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## નવમા ભાવનું ફળ.

**જાતકાભરણ** વસંતતિલકા

ધર્મ ક્રિયાયાં હિ ભવેત્પ્રવૃત્તિ ર્ભાગ્યોપ પત્તિર્વિમલંચ શીલમ્ ।
તિર્થં પ્રમાણં પ્રણયઃ પુરાણૈઃ પુન્યાલયે સર્વમિદં પ્રતિષ્ઠમ્ ॥

ધર્મ કાર્યમાં મનની પ્રવૃત્તિ વિષે ભાગ્યોદય વિષે સારા આચરણ વિષે તિર્થ યાત્રા નીતિ પુરાણ અર્થાત્ ધર્મ શાસ્ત્ર વગેરેનું આ નવમા ભાવમાં જોવું.

વિહાયસર્વંગણાકૈર્વિચિંત્ય ભાગ્યાલયંકેવલમત્રયત્નાત્
આયુશ્ચમાતાચપિતાચવંશો ભાગ્યાન્વિતેનૈવભવંતિધન્યાઃ

જ્યોતિર્વિદોએ બીજા સર્વ ભાવો એક બાજુ પર રાખી કેવળ ભાગ્ય ભાવનો સંપૂર્ણ યત્ન થી વિચાર કરવો કેમકે જીંદગી ભાગ્યવાનની જ સફળ છે. માત, પિતા, પુત્ર, પૌત્રાદિક સર્વે ભાગ્યવાનને ધન્યવાદ આપે છે.

મૂર્તેશ્ચાપિનિશાપતેશ્ચનવમં ભાગ્યાલયંકિર્તિતિ
તત્તત્સવામિયુતેક્ષિતંપ્રકુરૂતે ભાગ્યંસ્વદેશોદ્ભવમ્
ચેદન્યે વિખિયાંતરે ત્રશુભદાઃ સ્વચ્ચાદિગાસર્વદા
કુર્યુર્ભાગ્યમસાધવોતિવિબલા દુઃખોપલબ્ધિંપરામ્

લગ્ન વા ચંદ્રથી નવમું ભાગ્ય ભુવન છે તેના સ્વામીઓ યુકત કે જેતા હોય તો પોતાના દેશમાં ને બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગ્રહો યુકત કે જોતા હોય તો પરદેશમાં ભાગ્યોદય કરે છે. જો નવમે શુભ ગ્રહો ઉચ્ચ મૂળ ત્રિકોણ કે પોતાની ના થઈ ને બેઠા હોય તો જોતા હોય તો સર્વ પ્રકારથી ભાગ્યોદય કરે ને પાપ ગ્રહો ઘણા નિર્બળ થઈને બેઠા હોય તો દુઃખી કરે.

ચેત્ભાગ્ય ગામી ખચરઃસ્વગેહે સૌમ્યે ક્ષિતેયસ્યનરસ્યમૂર્તૌ
ભાગ્યાધિશાલીસ્વકુલાવતંસો હંસોયથામાનસરાજમાનઃ

ભાગ્યેશ નવ મે જ હોય તેને શુભ ગ્રહ જોતા હોય તો ભાગ્યોદયવાનને જેમ માન સરોવરમાં હંસ શોભે છે તેમ પોતાના કુળમાં શ્રેષ્ટ થાય.

સ્વોચ્ચોપગો ભાગ્ય ગૃહેનભોગો નરસ્યયોગં કુરૂતેસુલક્ષ્મ્યાઃ
સૌમ્યેક્ષિતોસૌયદિ ભૂમિપાલં દંતાવલોત્કૃષ્ટ વિલાસશીલઃ

નવમે ગ્રહ ઉચ્ચનો હોય તો ઘણા ધનવાળો થાય ને તેને શુભ ગ્રહો જોતા હોય તો તે ઘણા હાથની સમૃદ્ધિવાળો ને ઘણા વિલાસયુક્ત રાજા થાય.

**જાતકાસંગ્રહે**

નવમ ભાવપતિર્યદિકેંદ્રગા નવમ પંચમગશ્ચયદાભવેત્
પ્રસવલગ્નપતિર્યદિ તુંગગઃ સુખસમૃધ્ધીયુ તો મરણાંતકઃ

નવમાનો સ્વામી કેંન્દ્ર ત્રિકોણમાં હોય ને લગ્નેશ ઉચ્ચનો હોય તો મરણ પર્યંત સુખ સમૃદ્ધિવાળો હોય.

નવમ ભાગવતઃ સ્વગૃહેશનિર્ભવતિચેત્સમહે શ્વરયજ્ઞકૃત્
અતિશયંકુરૂતેજમસંયુતં નૃપતિવાહનચિન્હ સમન્વિતમ્

નવમે શની સ્વગૃહી હોય તો મોટો યજ્ઞ કરનાર ધર્મ-વેત્તા ઘણો જય મેળવે ને રાજ્ય તુલ્ય વાહન વાળો થાય.

ગુરૂર્ભાગ્યેભવેન્મંત્રી મહાભાગ્યો ખિલેશ્વરઃ
અબલે પિશુભેખેટે ભાગ્યસ્થે ધાર્મિકોનરઃ

નવમે ગુરૂ હોય તો રાજ્યમંત્રીને ભાગ્યવાન થાય ને નવમે નિર્બળ શુભ ગ્રહ હોય તો પણ ધર્મવાન સારા આચરણ વાળો થાય.

સમૃદ્ધોધાર્મિકો જાત સ્તેજો રૂપગુણાન્વતઃ ।
સ્યાત્સમસ્ત ગ્રહૈ દ્રષ્ટે ભાગ્યસ્થે સુર મંત્રિણિ ।।

ભાગ્યમાં ગુરૂ હોય તો ને તેને બધા ગ્રહો જોતા હોય તો સમૃદ્ધિવાળો ધાર્મિક તેજવાળો પરાક્રમી રૂપવાન ને સારા ગુણવાળો થાય.

સર્વ રાજ્યપ્રદાજ્ઞેયા ભાગ્યર્ક્ષસ્થાઃ શુભ ગ્રહા ।
ધન સ્થાંબર ધાન્યાયુ ર્ધર્મ સૌભાગ્ય વૃદ્ધિદાઃ ।।

નવમે રહેલા સર્વે શુભ ગ્રહો રાજ્યને આપનારા જાણવા. ધન ભાવમાં રહેલા સર્વે શુભ ગ્રહો ધન, વસ્ત્ર, આભૂષણ, ધાન્ય આયુષ્ય, ધર્મ, સૌભાગ્યને વૃદ્ધી કરનારા જાણવા.

ભાગ્યાધ પશ્ચેદ્વદ્ધિ કેંદ્રસંસ્થશ્ચાદ્યે વયસ્યેવ સુખોદયસ્યાત્ ।
ત્રિકોણ ગસ્વોચ્ચગતોથવાચે જમધ્યેવયસ્ય સ્વફલંપ્રદઃ સ્યાત્ ।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યનો સ્વામી કેન્દ્રમાં હોય તો પહેલી અવસ્થામાં સુખનો ઉદય કરે ને ઉચ્ચનો કે નવમે પાંચમે હોય તો મધ્યાવસ્થામાં સુખોદય કરે.

ભાગ્યાધિનાથ સ્વગૃહેથમિત્ર ગૃહેથવાસ્યા દ્ધયં સૌંત્ય ભાગે ।
ભાગ્યોદયં તસ્ય વંદતિ તજ્જ્ઞાઃ શુભગ્રહૈં દ્રૈશ્રયુતે ક્ષિતેચ ॥

ભાગ્યેશ સ્વગૃહી કે મિત્રના ઘરનો હોય તો અંત્ય (છેલ્લી) અવસ્થામાં ભાગ્યનો ઉદય કરે છે પણ શુભ ગ્રહ યુક્ત કે જોતા હોય તો સબળતાથી ઉદય કરે.

સ્વ સ્વરાશૌ સ્થિતાપાપ ગ્રહા ભાગ્યર્ક્ષસંયુતાઃ
શુભૈર્દષ્ટા નરં કુર્યુઃ પ્રભુત ગુણમુત્તમમ્

પાપગ્રહ પોતાની રાશિના નવમે હોય ને શુભ ગ્રહ જોતો હોય તો તે માણસ સમર્થ ને સારા ગુણવાળો થાય.

સકલ શુભ અસૌમ્યા સ્વોચ્ચગા ભાગ્યરાશૌ
કનક ધન સમૃદ્ધિ શ્રેય ઉત્પાદયંતિ
અથ શુભ વિહગેંદ્રૈ સ્તત્ર દૃષ્ટા નરેંદ્ર
વિહતરી પુસમુહં દિવ્ય કાથં સુકાંતિમ્

કોઈપણ ગ્રહ ઉચ્ચનો નવમે હોય તો તે સુવર્ણ-ધન સમૃદ્ધિ ને શ્રેય મેળવે છે ને તેને શુભ ગ્રહ જોતા હોય તો તે સારી કાંતિવાળો ને ઘણા શત્રુઓને નાશ કરનારો રાજા થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંડલી કલ્પતરૂ—

યદા ચાષ્ટયે ભૂમિજઃ કોણ સૂર્યઃ
શશી ખેતદા ભિક્ષયિત્ત વાસ જીવેત્
યદા ચંદ્રમા નીચ ગોમા નવાનાં
તદા ભાગ્ય યોગા વિનેષ્ટાય સર્વે

આઠમે મંગળ નવમે કે પાંચમે સૂર્ય ને દશમે ચંદ્ર હોય તો ભીખ માગી નિર્વાહ કરે જો નીચનો ચંદ્ર નવમે હોય તો સર્વ પ્રકારે ભાગ્યયોગનો નાશ કરે.

યદાદેવ પૂજ્યો મૃગેસ્યાનેરાણાં તદાતસ્યગેહે દરિદ્રશ્યવાસઃ ।
તથા ભાર્ગવો નીચ્ચ ગોવાયદાસ્યા તદા ભાગ્યહીનંન્નરંવૈવદંતિ ॥

નવમે નીચનો ગુરૂ કે શુક્ર હોય તો તે સદા ભાગ્ય-હીન થાય.

યદા કેન્દ્ર ગોદેવપૂજ્યો નરાણાં સચંદ્રસ્તથાભાર્ગવેણારચદષ્ટઃ ।
તદા ભાગ્યશાલી નરા દીર્ઘજીવી વદંતિ ધ્રુવંયોગયુસ્તર્વિચારાત્ ॥

જ્યારે કેન્દ્રમાં ચંદ્ર સાથે ગુરૂ હોય ને શુક્ર જોતો હોય તો તે ભાગ્યશાલી ને લાંબા વખત સુધી જીવનારો થાય.

**તત્ત્વપ્રદીપે**

ધર્મશો ધર્મ ભાવે જનક તનૌ કોશપુત્રેસુખસ્થો
ના નીચ સ્યોનસંઘૌહિતનિલયગત સ્તુંગરાશૌ ગતોવા ।
યેષાં પુન્ય કૃતીનાં વિહારતિકમલા મંદિરેચ્યાષિતખાં
દાસે વંસેપિજાતાઈહ મુનિગદિતા સ્તેનરેંદ્રા ભવન્તિ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યેશ ૯, ૧૦, ૧૧, ૧, ૨, ૪થે કે ૫ મે મિત્ર કે ઉચ્ચનો હોય ને નીચનો કે સંધિગત ન હોય તો ધર્મિષ્ટ થાય ને તેના ઘરમાં લક્ષ્મી નિવાસ કરે છે જો નીચ કુળમાં જન્મ્યો હોય તો પણ તે સુખ ભોગવનારો ને કુળમાં શ્રેષ્ટ થાય.

**બૃહત્પારાશરહોરા**

ગુરૂણા સંયુતે ભાગ્યે તદીશે કેંદ્રરાશિગે ।
વિંશદ્વર્ષાત્પરંચૈવ બહુ ભાગ્યં વિનિર્દિશેત્ ॥

ભાગ્યમાં ગુરૂ ને ભાગ્યેશ કેન્દ્રમાં હોય તો ભાગ્યનો ઉદય ૨૦ વર્ષ પછી ઘણો થાય.

લગ્નેશે ભાગ્ય રાશિસ્થે ભાગ્યેશે લગ્ન સંયુતે ।
ગુરૂણા સંયુતે ઘૂને ધન વાહન લાભ કૃત્ ॥

લગ્નનો સ્વામી નવમે ને નવમાનો સ્વામી લગ્ને હોય ગુરૂ સાતમે ભાવે હોય તો ધન અને વાહનનો લાભ થાય.

ભાગ્ય સ્થાન ગતે મંદે શશિના ચ સમન્વિતે ।
લગ્નેશે નીચ રાશિસ્થે ભિક્ષાશી ચ નરો ભવેત્ ॥

નવમે ચંદ્ર સાથે શની હોય ને લગ્નેશ નીચનો હોય તો ભીખ માગી ખાનારો થાય.

**માનસાગરી**

દ્વાંવિંશેર વિણા ચ વર્ષ કથિતં ચંદ્રે ચતુર્વિંશતિ
દ્વર્ષ્ટા વિશતિ ભૂમિ નંદનમતં દાતુર્બુધે ચ સ્મૃતમ્ ।

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

જીવે ષોડશ વર્ષ પંચવિંશતિ ભૃગોઃ ષટત્રિંશસૌરીવદેત્
કર્મેશા ત્ખલુ કર્મ ચૈવ કથિતં લગ્નાધિપૌચેત્સમૃતમ્ ॥

નવમા ભાવે સૂર્ય હોય તો ૨૨ વર્ષે ચંદ્ર ૨૪ મંગળ ૨૮ બુધ ૩૨ ગુરૂ ૧૬ શુક્ર ૨૫ ને શનિ નવમે ભાવે હોય તો ૩૬ મે વર્ષે ભાગ્યનો ઉદય થાય નવમે રહેલો ગ્રહ બળવાન હોય તો તેના વર્ષથી પણ જલ્દી ભાગ્યનો ઉદય કરે ને નિર્ણય હોય તો તેથી પણ મોટો ઉદય કરે છે તેમજ દશમાના સ્વામીને લગ્નના સ્વામીનો વર્ષોથી વેપાર ને આજીવીકાનો વધારો થાય છે.

## વૃદ્ધહોરાપ્રકાશે

નવમભાવપતિરિપુમધ્યગઃ નવમભંરિપુદ્રષ્ટિયુતંતથા ।
યદિતદાપરધર્મયુતાનરઃ સ્વગ્રહસ્વોચ્ચગતેર્નિજધર્મકૃત્ ॥

નવમાંનો સ્વામિ શત્રુના મધ્મા હોય ને નવમે શત્રુ ગ્રહ જોતો હોય કે યુકત હોય તો બીજા ધર્મ ને માનનાર થાય અને તે ગ્રહ ઉચ્ચનો કે પોતાની રાશિનો હોય તો સ્વધર્મ પામનાર થાય.

## સ્વાર્થચિંતામણિ

ગુરૌવાભૃગુપુત્રેવા સ્વોચ્ચમિત્રાંશકેશુભે ।
ધર્માધિપે બલવુતે ધર્માધ્યક્ષો નરોભવત્ ॥

ગુરૂ અથવા શુક્ર ઉચ્ચમાં કે મિત્રના નવમાંશમાં નવમે હોય ને નવમાનો સ્વામી બળવાન હોય તો તે ધર્મનો આગેવાન થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ શુક્ર બુધાં સંસ્થે ધર્મનાથે સુભિક્ષીતે ।
શુભગ્રહાણાં મધ્યસ્થે ધર્મભાકસ નરોભવેત્ ॥

ગુરૂને શુક્ર બુધના નવમાંશમાં હોય ને નવમાના સ્વામીને શુભગ્રહ જોતા હોય વા શુભગ્રહના મધ્યમાં હોય તો ધર્મવાન થાય.

સૌમ્યાન્વિતે ધર્મ ગૃહે તસ્મિન પાપાંશ સંયુતે ।
ક્રૂરષષ્ટ યંશકેવાપિ દંભાદ્ધર્મ પરિગ્રહં ॥

નવમે રહેલો શુભ ગ્રહ પાપગ્રહના નવમાંશમાં વા ક્રૂરષષ્ટંશમાં હોય તો તે દંભથી ધર્મ જણાવે છે.

ભાગ્યાધિપેવિ લગ્નેશે દુશ્ચિકયે ધર્મગેપિવા ।
બલવાન્ સ્વોચ્ચ ભેવાપિ યેષાંતિ શ્રેષ્ટમાનવાઃ ॥

ભાગ્યેશ ને લગ્નેશ ત્રીજે કે નવમે બળવાન હોય વા ઉચ્ચના હોય તો શ્રેષ્ટ સર્વગુણ યુકત હોય છે.

ધનાધિપે લાભગતે તદિશે ભાગ્યસ્થિતે તદ્દ ભવના દ્રિપેયે ।
કર્માધિપેના પિયુતેય દ્રષ્ટે જાતો મહાભાગ્યયુતો નરઃ સ્યાત્ ॥

બીજાનો સ્વામી અગીયારમે અગીયારમાનો નવમે ને નવમાનો સ્વામી ધન ભાવે હોય અને દશમાનો સ્વામી જોતો કે યુકત હોય તો તે માણસ મહાભાગ્યશાળી થાય.

તૃતિયે રાશેરાંધપેન યુકતે ભાગ્યાધિપે સૌમ્ય દ્રશાસમેતે ।
શુભાન્વિતેશો ભ્રનખેચરાંશે ભ્રાતુર્ધનાદ્ભાગ્ય સુપૈતિ જાતઃ ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ભાગ્યેશ ત્રીજાના સ્વામી સાથે હોય ને શુભ ગ્રહ યુકત કે જોતા હોય કે શુભ ગ્રહના નવમાંશમાં હોય તો ભાઈના ધનથી ભાગ્યવાન થાય.

પુત્રેશ્વરે વા યદિ ભાગ્યરાશૌ ભાગ્યાધિપેના ત્ર્યુતેપિ દૃષ્ટે ।
તત્કાર કે વા યદિ પુત્ર ભાવે જાતઃ સુતા દ્ભાગ્યમુપૈતિવિતમ્ ॥

પાંચમાનો સ્વામી નવમે હોય ને નવમાનો સ્વામી યુક્ત કે જોતો હોય ને નવમાનો કારક પુત્ર ભાવમાં હોય તો પુત્રથકી ભાગ્યોદય થાય.

જ્ઞાતિ સ્થાનાધિપે ભાગ્યે ભાગ્યેશેજ્ઞાતિ સંગતે ।
જ્ઞાતિકારક સંયુક્તે જ્ઞાતિભાગ્ય મુપૈતિસઃ ॥

ચોથાનો સ્વામી ભાગ્યમાં ને ભાગ્યનો સ્વામી ચોથે હોય ને જ્ઞાતિકારક ગ્રહ ભેગો હોય તો તેનો જ્ઞાતિથી ભાગ્યોદય થાય છે.

ભાગ્યા ધિપે વિનાશસ્થે શત્રુનીચ નિરીક્ષિતે ।
ક્રૂરાંશે નીચરાશ્યાદૌ ભાગ્ય હીનો ભવેન્નરઃ ॥

ભાગ્યેશને શત્રુ કે નીચ ગ્રહ જોતા હોય કે પાપગ્રહના નવમાંશમાં કે નીચ નવમાંશમાં આઠમે હોય તો–ભાગ્યહીન થાય છે.

લગ્નેશે ભાગ્યરાશિસ્થે ભાગ્યેશે લગ્નમાશ્રિતે ।
લાભેશ ભાગ્યેશ સંયુક્તે પૂનર્ભાગ્યં લભેત્ખલુ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્નેશ નવમે હોય ને ભાગ્યેશ લગ્ને કે અગીયારમે હોય તો નાશ પામેલી સમૃધ્ધિનો લાભ ફરીથી મળે.

દાન સ્થાનાધિપે સ્વોચ્ચે શુભગ્રહનીરિક્ષીતે ।
તત્સ્થાને શુભ સંયુક્તે દાનકૃત્સ્નરોભવેત્ ॥

ભાગ્યેશ ઉચ્ચનો હોય ને તેને શુભ ગ્રહ જોતા હોય ને નવમે શુભ ગ્રહ હોય તો તે ઘણું દાન આપનાર થાય.

દાનાધિપે ન સંદ્રષ્ટે લગ્ને તન્નાયકે પિવા ।
તસ્મિન કેન્દ્ર ત્રિકોણાસ્થે મહાદાન કરો ભવેત્ ॥

લગ્ન કે લગ્નેશ ને ભાગ્યેશ જોતો હોય ને લગ્નેશ કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો તે માણસ મહાદાન કરનાર થાય.

ચતુર્થે દાન ભાવેશે કર્મેશે કેન્દ્ર માશ્રિતે ।
વ્યયેશે ગુરૂ સંદ્રષ્ટે મહાદાન કરો ભવેત્ ॥

નવમાનો સ્વામી ચોથે દશમાનો સ્વામી કેન્દ્રમાં ને બારમાના સ્વામીને ગુરૂ જોતો હોય તો તે મહા દાન કરનાર થાય.

## ચોપાઈ

પાપ શત્રુ નીચ રાશ દેખ, નવમે ભાવે ગ્રહ દુઃખ દેત ।
અસ્ત રાશીમાં બળહીણ માન, સુખસંપતમાં કરતો હાણુ ॥
યશ ધર્મને ધનમા હાણ, એ ભાગ્ય ભાવને બળહીણ માન ।
પાપી ઉચ્ચ કે સ્વગ્રહી થાય, સુખ સંપતી તે નર પાય ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભ ગ્રહે સહુ સુખ નિધાન, બળવાન પણે તો લક્ષ્મીવાન ।
શુભ કદી જો બળહીણ હોય, ભાગ્યમાં કમજોરી જોય ॥
લગ્ન યા તો ચંદ્રથી દેખ, નવમાને તો ભાગ્ય લેખ ।
સ્વ સ્વામી યુક્ત કે દ્રષ્ટ જ હોય, સ્વદેશે તો ભાગ્ય હોય ॥
અન્ય ગ્રહ યુક્ત કે દ્રષ્ટે જાણ, પરદેશે તો ભાગ્ય જ માન ।
ઊચ્ચ સ્વ કે ત્રીકોણી હોય, ભાગ્ય ભાવમાં તે કોઈ હોય ॥
અથવા ભાગ્યે દૃષ્ટિ દેત, સુખ સંપતો સહે જે લેત ।
પાપ ગ્રહ જો બળહીણ થાય, તેનુ ભાગ્ય ભસ્મ જ થાય ॥
નવમપતિ કેન્દ્રે કરે વાસ, અથવા ત્રીકોણ કરે નીવાસ ।
ધન ધાન્યને સંપતિ દેત, એ ભાગ્ય ભાવથી સુખ ગણું લેત ॥
ભાગ્ય ભાવ બળવાની થાય, લગ્ને શીતો ઉચ્ચમાં જાય ।
એ યોગથી નવનિધાન, જીવન સુધી સુખની ખાણ ॥
ભાગ્યે શીતો ભાગ્યમાં વસે, શુભ ગ્રહોની દૃષ્ટિ થશે ।
ભાગ્યવંત ભૂપતી સમ જાંણ, જેમ માનસરોવરે હંસ જ માન ॥
શની ચંદ્ર નવમે કરે વાસ, લગ્નેશી હોય નીચ નીવાસ ।
ભીખ માગે ને ભમતો ભમે, એ ભાગ્ય હીન કોઈ નહી ગમે ॥
નીચ ચંદ્ર નવમે કરે વાસ, સર્વ પ્રકારે ભાગ્યનો નાશ ।
નવ યા પાંચે સૂર્ય દેખ, આઠે મંગળને તુ લેખ ॥
દસમે ચંદ્ર કરે નિવાસ, આ ત્રિપુટી કરે વિનાશ ।
ભીખાવૃત્તિ ભાગ્યે જાણ, એ દરિદ્રી નર તું માન ॥
લગ્નેશી તો નવમે થાય, નવમ પતિ તો લગ્ને જાય ।
યા નવંમ એકાદશે વાસ, ઘણી સમૃધ્ધી તેની પાસ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્ય સ્થાનમાં ગુરૂ ઘર કરે, ભાગ્યેશી કેન્દ્રને વરે।
ભાગ્ય ઊદય વીસ વર્ષે થાય, ક્રમે ક્રમે ધન બહુ પાય ।।
લગ્નેશી નવમે કરે વાસ, નવ મેશ કરે લગ્ન નિવાસ।
ગુરૂ સાતમે ઘર જો કરે, ધન વાહન સૂખ સંપત વરે ।।

## દશમા ભાવનું ફળ

**જાતકાભરણ** વસંતતીલકા

વ્યાપારમુદ્રાનૃપમાન રાજ્યં પ્રયોજનં ચાપિ પિતુસ્તથૈવ ।
મહત્પદાપ્તિઃખલુ સર્વમેત દ્રાજ્યાભિધાને ભવને વિચાર્યમ્ ।।

**અર્થ**—દશમો ભાવ જેને કર્મ ભુવન કહેવાય છે તેમાં વ્યાપાર, સોના રૂપાના સિક્કા, રાજ્યમાન, રાજ્ય, પ્રયોજન, પિતાનું સુખ, દુઃખ ને મોટી પદવી, વિગેરે જોવામાં આવે છે.

**જાતક સંગ્રહ**

ભવેન્નૃંદ પુરગ્રામ પતિર્વાદડ નાયકઃ ।
કર્મસ્થિતે તમે પ્રાજ્ઞઃ શૂરોમંત્રી ધનાન્વિતઃ ।।

દશમે રાહુ હોય તો નગર કે ગામનો ધણી સેનાપતિ શુરવીર પ્રધાન ને ધનવાળો થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંડળી કલ્પતરૂ

યદાભૌમ સૂર્યૌ સ્થિતૌચેત્સ્વમધ્યે ।
પિતુ વા શરીરેડથવા મા તુરંગે ॥
વ્રણં વાગ્નિનદાહં તથા શસ્ત્ર ઘાતં ।
વદેત્ વંશ દેશેડથવા જાનુ મૂલે ॥

મંગળ સૂર્ય દશમે હોય તો પિતાના કે માના શરીરે વ્રણ અગ્નિદાહ તથા શસ્ત્રનો ઘાત વૃક્ષસ્થળ કે જાનુના મૂળમાં થાય છે.

પરંવાયદા રાહુમંદૌ ભવેતાં ।
ખમધ્યેતદા વૃક્ષપાતૈ જ જલૈર્વા ॥
પશુભિસ્તથા મ્રિયતે માતૃકાદૌ ।
ધ્રુવંવૈ કુલે કામિનિ પાશકાદ્યૈઃ ॥

રાહુ શની દશમે હોય તો ઝાડથી પડવું વા જળ ઘાત વા પશુઓથી ઘાત થઈ માનો કે પિતાનો નાશ થાય ને પોતાના કુળમાં સ્ત્રી વીગેરે પણ અકાળ મૃત્યુથી નાશ થાય છે.

યદા જીવનમાભવેત્સ્વસ્યમધ્યે
તદા સુષ્ટુપુત્રાશ્ચચંદ્રે ચ રાજ્યમ્
બુધે બુદ્ધિયોગ સ્તથા સર્વ સૌખ્યં
યદા દુષ્ટ ખેટૈ ર્યુતંનાપિદૃષ્ટમ્

ગુરૂ દશમે હોય ને પાપગ્રહ ન જોતા હોય કે ન યુકત હોય તો સારા પુત્રોનું સુખ ચંદ્ર દશમે હોય તો

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

રાજ્યથી સુખ મળે છે બુધ દશમે હોય તો પોતાની બુદ્ધિથી અનેક રીતે લાભ મેળવે ને સુખી હોય છે.

**ભાવકુતુહલ**

કર્મ ભાવાધિપોનીચે ષડાદિત્રય ગોડપિચેત્
કરોતિકર્મ વૈકલ્યં સ્વોચ્ચ સ્વર્ક્ષપદંવિના

દશમા ભાવનો સ્વામી પોતાની રાશિ ને ા કે ઉચ્ચ રાશિનો ન હોય અને નીચ રાશિનો છઠ્ઠે સાતમે કે આઠમા ભાવે હોય તો ભાગ્યહીન કરે છે.

દુહા

દસમાધિ પતી ઉચ્ચમાં, યા કેન્દ્ર ત્રીકોણ હોય ।
ગુરૂ દ્રષ્ટિના યોગથી, સૂખ સંપત સહે જે જોય ।।
દસમેસ સર્વ ગ્રહી જો બને, સૂભ સંગમાં હોય ।
યા તો શુભ દ્રષ્ટિ થકી, સૂખ સંપતતો જોય ।।
દસમેશ રાહુ સંગમાં, આઠે કરતો વાસ ।
દ્વેશી મૂરખ તે બને, દુર્ગતીમાં કરે નિવાસ ।।
દસમો ચંદ્ર જઇ વશે, દસમો ત્રીકોણે જાય ।
લગ્નેશી કેન્દ્ર બને, એ કિર્તીવંત નર થાય ।।
આગીઆરો દસમાં વસે, દસમો બળમાં હોય ।
ગુરૂ દ્રષ્ટિના યોગથી, તે કીર્તિવંત નર જોય ।।
સવ્ય ઊચ્ચ કે મીત્ર ઘર, દસમે ચંદ્ર હોય ।
સાહસ સંપત સુખ કર, જીવન સુખભર જોય ।।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્ર અથવા લગ્નથી, દસમે સૂર્ય જાય ।
સકળ કાર્ય સિદ્ધી કરે, મન વંછીત ફળ પાય ॥
લગ્ન યા તો ચંદ્રથી, દસમે મંગળ થાય ।
સાહસ ક્રોધી તે બને, નીચ જાતીથી ધન પાય ॥
લગ્ન અથવા ચંદ્રથી, દસમે બુધ વસંત ।
શિલ્પી હુન્નરી તે નરો, ચતુરાઈથી ધનવંત ॥
લગ્ન અથવા ચંદ્રથી, દસમે ગુનો જાય ।
સહજે સંપત સાંપડે, તે નર હુન્નરી થાય ॥
લગ્ન યા તો ચંદ્રથી, કરે શુક્ર દસમે વાસ ।
શાસ્ત્ર વિશારદ સુખ કરૂ, ધન યશ સૂખ વાસ ॥
ચંદ્ર અથવા લગ્નથી, દસમે શની જો જાય ।
નીરબળ શનીના યોગથી, દુઃખદારીદ્રતા પાય ॥
ઉચ્ચ સવ્યથી સુખ કર, મનથી ખેદ કરનાર ।
વાદ વિવાદી તે નરો, પાતળ દેહી ધાર ॥

# અગીયારમા ભાવનું ફળ

**જાતકાભરણ**　　**વસંતતિલકા.**

ગજાશ્વહેમાં બરરત્ન જાત માન્દોલિકામઙ્ગલમન્ડનાનિ ।
લાભઃ કિલૈષામખિલં વિચાર્ય મેત લાભસ્યગૃહેગ્રહૈઃ ॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

હાથી ઘોડા સોનું વસ્ત્ર રત્ન પાલખી મંગળ કામો મકાન લાભ એ સઘળું અગિયારમે ભાવે જોવું.

સૂર્યેણ યુકેતચ વિલોકિતેવા લાભાલયે તસ્યગણો ત્રચેત્સ્યાત્ ।
ભૂપાલતશ્ચૌર કુલાત્કલેવો ચતુષ્યદાદેવ હુધા ધનાપ્તિઃ ॥

અગિયારમે સૂર્ય બેઠો હોય કે જોતો હોય વા સૂર્યની રાશી હોય રાજ્યદ્વાર ચોર કુળ ઝઘડો ને ઢોરોથી ઘણું ધન મળે.

ચંદ્રેણ યુક્તં ચ વિલોકિતં વા લાભાલયં ચંદ્રગણાશ્રિતં ચેત્ ।
જલાશયસ્ત્રી ગજવાજી વૃદ્ધિઃ પૂર્વે ભવેત્ ક્ષીણતરે વિલોમમ્ ॥

અગિયારમે ચંદ્ર હોય ચંદ્ર જોતો હોય કે ચંદ્રની રાશી હોય તો જલાશય સ્ત્રી હાથી ને ઘોડાઓથી ધનની વૃદ્ધિ થાય પૂર્ણ ચંદ્ર હોય તો તે પ્રમાણે થાય અને ક્ષીણ હોય તો વિપરીત ફળ આપે.

લાભાલયં મંગલ યુક્તદ્રષ્ટં પ્રકૃષ્ટ ભૂખામણિ હેમલવિધઃ ।
વિચિત્ર યાત્રા બહુ સાહસંસ્યા સ્નાના કલાકૌશળ વૃદ્ધિ યોગૈઃ ॥

લાભમાં મંગળ યુક્ત કે જોતો હોય વા મંગળની રાશી હોય તો સારા આભૂષણ-મણી ને સોનાની પ્રાપ્તિ થાય—નાના પ્રકારની યાત્રા થાય ને ઘણા સાહસ કામ કરનારો થાય નાના પ્રકારની કળા જાણનાર સર્વ પ્રકારના હૂન્નરોમાં પ્રવીણ થાય.

લાભેસૌમ્યગણાશ્રિતેઽતિયુગે સૌમ્યેનસંવિક્ષિતે ।
નાનાનાનાકાવ્યકલાકલાપવિધિના શિલ્પેનલિપ્યાસુખમ્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચુકિતર્દ્રવ્યમયિભવેધ્ધનચયઃ સત્સાહસૈરૂદ્યમૈઃ ।
સખ્યંચાપિવણિગ્જનૈર્બ્હુત્તરં કલીબૈનૃણાંકીર્તીતમ્ ॥

લાભ ભાવમાં બુધની રાશી બુધનું જોવું કે બુધ બેઠો હોય તો નાના પ્રકારની કાવ્યની રચના શિલ્પક્રીયા વા લખવાથી ઘણું સુખને ધન મેળવે. સાહસ કર્મને ઉદ્યમથી તથા મિશ્રિત ધાતુઓની ક્રિયાથી ધન મેળવે ને વ્યાપારી વર્ગના લોકની સાથે મિત્રતાવાળો વા નપુંસક માણસોની સાથે મિત્રતાવાળો થાય.

યજ્ઞક્રિયાસાધુજનાનુયુતો રાજાશ્રિતોત્કૃષ્ટનૃપોનરઃસ્યાત્ ।
દ્રવ્યેણહેમદ્રચુરેણયુક્તો લાભેગુરોર્વર્ગયુગીક્ષણંચેત્ ॥

અગયારમે ગુરૂયુક્ત કે જોતો હોય કે તેની રાશી હોય તો ઘણા યજ્ઞ કરવાવાળો સારા સમાગમવાળો રાજદ્વારથી માન મેળવનાર ને ઘણા ધનવાળો થાય.

લાભાલયંભાર્ગવવર્ગયાતં યુતેક્ષિતંવાયદિભાર્ગવેણ ।
વેશ્યાજનૈવાપિગમાગમૈર્વા સદ્રૌપ્યમુક્તાપ્રચુરાસ્વલબ્ધિઃ ॥

અગીયારમે શુક્ર બેઠો હોય કે જોતો હોય કે અગીયારમે શુક્રની રાશી હોય તો વેશ્યાના સંગથી વા પરદેશ જવા આવવાથી–ચાંદી–મોતી વીગેરે ધનની પ્રાપ્તિ મેળવે.

લાભવેસ્મની શનિક્ષિત યુક્તે તદ્ગૃણે ન સહિતે સતિ પુસામ્ ।
નીલલોહ મહિષિ ગજ લાભો ગ્રામ વૃંદપૂર ગૌરવ મિશ્રઃ ॥

અગીયારમે શનિ બેઠો હોય કે જોતો હોય વા શનીની રાશી હોય તો નીલમણિ લોઢું ભેંસો હાથી તેનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાભ મેળવે તેમજ ઘણા ગામોનો અધિપતિ ને નગરમાં શ્રેષ્ઠ થાય.

**જાતક સંગ્રહ**

ઉદયાત્પંચમ ભંયાવ જ્જન્મ પત્રયાં શુભ ગ્રહાઃ ।
વયસિપ્રથમેસૌખ્યંપષ્ટુ વરિયં નવંનવમ્ ॥

લગ્નથી પાંચમાં ભાવ સુધીમાં શુભ ગ્રહો હોય તો પ્રથમ અવસ્થામાં સારૂ સુખ મળે.

પંચમાન્નવમંયાવ ત્તત્રસંસ્થૈઃ શુભ ગ્રહૈઃ ।
મધ્યે વયસિ સંપ્રાપ્તે સર્વં સૌખ્યં પ્રવર્ત્તતે ॥

પાંચમાંથી નવમા સુધીમાં શુભ ગ્રહો હોય તો મધ્યાવસ્થામાં સુખ મળે.

નવમાત્ વ્યય ભંયાવત્ સ્થિતૈઃસર્વં શુભ ગ્રહૈઃ ।
વૃદ્ધત્વેઽપિહિ સંપ્રાપ્તે સર્વં સૌખ્યં પ્રવર્તતે ॥

નવમાથી બારમા સુધીમાં શુભગ્રહો હોય તો વૃધ્ધાવસ્થામાં સુખ મળે.

યસ્મિન્વયસિતુંગાશ્ચ મુદિતાઃ સ્વગૃહે સ્થિતાઃ ।
તત્રરાજ્ય સુખં લક્ષ્મી સ્તેજો ભવતિ નિશ્ચિતમ્ ॥

ઉચ્ચ સ્વગૃહીને હર્ષિત ગ્રહોનો જ્યારે વખત હોય ત્યારે રાજ્યનું સુખલક્ષ્મી ને પરાક્રમનો વધારો થાય છે.

યસ્મિન્ વયસિમંદાશ્ચે ત્ક્રૂર દૃષ્ટ વિરશ્મિકાઃ ।
તત્રહાનિરૂજં વિદ્યા ત્પદભ્રંશ ખલાગમઃ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે અવસ્થામાં નિર્બળગ્રહ પાપ સાથે હોય કે પાપ-ગ્રહ જોતા હોય કે અસ્તના હોય તો તે અવસ્થામાં રહેલા ગ્રહના વખતમાં હાની રોગ સ્થાન ભ્રષ્ટ ને બુરી સોબત કરે છે.

યાદ્રગ્વર્ણો ભવેલ્લાભે તદ્વર્ણ સમવસ્તુનઃ ।
લાભોભવતિ તદ્વર્ણૈ ર્નર્મૈત્રૈર્ધનં સુખમ્ ॥

અગીયારમે ગ્રહ કે રાશિનો જે વર્ણ (રંગ) હોય તે વર્ણ વાળી વસ્તુથી લાભ ને તે વર્ણ વાળા માણસોથી કે મિત્રથી ધનનું સુખ મળે.

## સ્વાર્થચિંતામણિ

લાભેશ્વરેકેન્દ્રગતે ત્રિકોણેવાસમન્વિતે ।
લાભેપાપસંયુક્તે ધનલાભમુદીરયેત્ ॥

લાભ ભાવનો સ્વામી કેન્દ્ર ત્રિકોણમાં હોય ને લાભમાં પાપ ગ્રહ હોય તો ધનનો લાભ આપે.

ધનાધિપે લાભગતે લાભેશેધનમાગતે ।
તાવુભૌકેદ્રગૌવાપિ ધનલાભમુદીરયેત્ ॥

ધનનો સ્વામી ૧૧મે ને લાભનો સ્વામી ૨જે હોય કે તે બે કેન્દ્રમાં હોય તો ધનનો લાભ કરે.

લાભેશયુક્તરાશિશે શુભગ્રહનીરીક્ષિતે ।
શુભગ્રહાણાંમધ્યસ્થે ધનલાભમુદીરયેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગીયામાનો સ્વામી જે રાશિમાં હોય તેના સ્વામી ને શુભ ગ્રહો જોતા હોય કે શુભના મધ્યમાં હોય તો ધનનો લાભ કરે.

લાભનાથસમાયુક્ત નવાંશાધિપતૌશુભે ।
વિત્તાધિનસંદ્રષ્ટે ધનલાભમુદીરયેત્ ॥

લાભનો સ્વામી જે નવમાંશમાં હોય તે રાશિનો સ્વામી શુભ ગ્રહ હોય ને તેને ધનેશ જોતો હોય તો ધનનો લાભ કરે

લાભાધિપસમાયુક્ત ત્ર્યંશભાગપતૌશુભે ।
કર્મેશ્વરેણસંદ્રષ્ટે ધનલાભમુદીરયેત્ ॥

લાભના સ્વામીનો દ્રેષ્કાણ શુભ ગ્રહનો હોય ને દશમાનો સ્વામી તેને જોતો હોય તો ધનનો લાભ કરે.

પાપગ્રહાણાં સંબંધે ધનહાની વિનિર્દિશેત્ ।
લાભેશ્વરોક્ત દિગ્ભાગા દ્ધન પ્રાપ્તિં વિનિર્દિશેત્ ॥

અગીયારમાનો સ્વામી પાપ ગ્રહ સાથે સંબંધ કરતો હોય તો ધનનો નાશ અગીયારમાનો સ્વામી જે દિશાનો સ્વામી હોય તે દિશાથી ધનનો લાભ થાય.

## કુંડલી કલ્પતરૂ

યદાસૂર્યં ભૌમૌ ભવેતાંચ લાભે ભવેદ્ધર્મે જાનુસ્તથા ભગ્નપાદઃ ।
તથાજ્જૈં કાયાં વદેદ્ ઘાત પાપં વિષૈર્વન્હિભિ શસ્ત્રપાતા દિપાદે ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગીયારમે સૂર્ય મંગળ હોય તો જાણવું કે પગમાં વાગવાથી ખોડ થાય કે ઝેરથી અગ્નિથી શસ્ત્રથી જંઘાને પગમાં ખોડ થાય.

યદા મંદ પાતૌ ભવેતાંચ લાભ તદા કાષ્ટ પાષાણ વૃક્ષાદિ તોવા ।
ભવેત્પાદ પાર્શ્વાથિકે ઘાતયુક્ત સ્તથા સર્પસુનાંચ દષ્ટ્રાદિ દુઃખમ્ ॥

અગીયારમે રાહુ શની હોય તો લાકડું પથ્થર ઝાડ વાગવાથી પગને પડખામાં ઘાત થાય તથા સાપ કે કુતરૂ કરડવાથી દુઃખ થાય.

યદાસૌમ્યખેટોઽથવાપૂર્ણચંદ્રો ધ્રુવંલાભભાવેતદાસર્વભાવાઃ ।
શુભાઃ સંપ્રદિષ્ટાઃ કિમન્યૈશ્ચખેટૈ ર્ધનંરત્નવસ્ત્રાદિકંતસ્યગેહે ॥

અગીયારમે શુભ ગ્રહ કે પૂર્ણચંદ્ર હોય તો સર્વે ભાવો સારા ફળ આપનારા થાય ને પાપ ગ્રહો હોય તો ધન વસ્ત્રનો લાભ આપે.

બૃહત્પારાશરહોરાયાં

લાભાધિપોયદોલાભે તિષ્ટેત્કેંદ્ર ત્રિકોણયોઃ ।
બહુલાભંતદાકુર્યા દુચ્ચ સૂર્યાંશગોઽપિવા ॥

લાભનો સ્વામી જો લાભ કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો ઘણો લાભ આપે કે, દ્વાદશાંશમાં લાભેશ ઉચ્ચનો હોય તો ઘણો લાભ આપે.

લાભેશે ધન રાશિસ્થે ધનેશે કેન્દ્ર સંસ્થિતે ।
ગુરૂણાસહિતે ભાવે ગુરૂ લાભંવિનિર્દિશેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાભેશ બીજે ને બીજાનો સ્વામી કેન્દ્રમાં હોય ગુરૂ લાભમાં આવે તો ઘણો લાભ થાય.

ધનેશેલાભ રાશિસ્થે તદીશે ધન રાશિગે ।
વિવાહાત્પરતશ્ચૈવ બહુ ભાગ્યં સમાદિશેત્ ॥

બીજાનો સ્વામી અગીયારમે ને અગીયારમાનો સ્વામી બીજે હોય તો તે પુરૂષનો વિવાહ થયા પછી ભાગ્યનો ઘણો ઉદય થાય.

## ચોપાઈ

સૂર્ય અથવા ચંદ્ર દેખ, એકાદસ ભાવે તે લેખ ।
શ્રીમંતની સંગત લેખ, સૂખ સંપત તે સહેજે દેખ ॥
એકાદસ સ્વામી મંગળ થાય, પ્રધાનોથીં ધન સૂખ પાય ।
અથવા ભાઈઓથી સુખ જાણ, યાતો ખેતીથી ધન માન ॥
બુધ એકાદસ સ્વામી થાય, વિદ્યાર્થી તે નર ધન પાય ।
યા તો પુત્ર ભાઈથી સુખ પાય, એમાં સંશય નહિ રખાય ॥
ગુરૂ એકાદસ સ્વામી હોય, આચારેથી ધન નર પાય ।
જેમ જેમ આચારે વધતો જાય, ગુરૂ રાશીથી ધન તો થાય ॥
શુક્ર રાશી એકાદસ વાસ, રત્ન વેપારે ધન નિવાસ ।
પશુ વેપારે ધન તો જાણુ, સ્ત્રી વસ્ત્ર વેપારે ધનમાન ॥
એકાદસે શની રાશી યોગ, ખોટી વૃતીએ ધન સંયોગ ।
પાપ વૃતિયે કછુ ધન પાય, આખર ધનની ધુળ જ થાય ॥
અગીયારમે શુભ ગ્રહ વસે, ધર્મ થકી તો ધન થશે ।
પાપ ગ્રહ એક દસે જાય, પાપ ધંધા યે ધન તો થાય ॥

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પાપી પૈસો દુઃખની ખાણ, આખર દાવાનળ સમ માન ।
શૂન્ય પાપ મિશ્રિત જો હોય, ઘણા કામ વડે ધન જોય ॥

બળવાન શુભ ગ્રહ એકાદસ જાણ ભાગ્યવંત તે નરને માન ।
વાહેન ભૂષણ વસ્ત્રે સૂખ જાણ વિદ્યમાં તો કુશળ કલ્યાણ ॥

અગીઆરો કેન્દ્રે વસે, તે મનુષ્ય બહુ ધની થશે ।
અથવા ત્રીકોણે કરે વાસ તે નરને સદા સુખ નિવાસ ॥

પાપગ્રહકા સંગે જાંણુ, એકાદસથી ધનની હાણુ ।
એકાદસ જો નિરબળ હોય, લાભમણી તો ખોટ જ હોય ॥

સૂર્ય મંગળ એકાદસ વસે, જાનુમાં તો દુઃખ જ થશે ।
ઝેર અગ્ની કે શસ્ત્રથી જાણુ, જંઘા કે પગમાં ખોડ માન ॥

શનિ રાહુ એકાદસ જાય, પડખે ગ્રા પગે ખોડ થાય ।
શ્વાન સર્પથી ભય તો જાણુ, આ યોગ મિથ્યા નહી માન ॥

# બારમા ભાવનું ફળ

**જાતકા ભરણ** વસંતતિલકા વૃ.

હાનિઃ દાંનં વ્યયશ્ચાપિ દણ્ડો નિર્બંધ એ વચ ।
સર્વ મેત દ્વયસ્થાને ચિંતનીયં પ્રયત્ન તઃ ॥

**અર્થ**—બારમો ભાવ જેને વ્યય ભુવન કહેવાય છે. તેમાં, હાનિ, દાન, ખર્ચ, દંડ, બંધન, વિગેરે જોવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યયાલયે ક્ષીણકરઃ કલાવા ન્સૂર્યોથવા દ્વાવપિતત્ર સંસ્થૌ ।
દ્રવ્યહરે દ્રૂમિ પતિ રતુતસ્ય વ્યયા લયેવા કુજ દ્રષ્ટિ યુક્તે ॥

બારમે ક્ષીણ કળાનો ચંદ્ર હોય વા સૂર્ય હોય કે તે બે ભેગા હોય ને મંગળ જોતો હોય તો તેનું ધન રાજાથી જાય.

પુર્ણેંદુ સૌમ્યે જ્યસિતા વ્યયસ્થાઃ કુર્વંતિ સંસ્થાં ધન સંચયસ્ય ।
પ્રાંત્ય સ્થિતે સૂર્ય સુતે કુજેન યુક્તે ક્ષિતે વિત્ત વિનાશનં સ્યાત્ ॥

બારમે પૂર્ણકળાનો ચંદ્ર બુધ ગુરૂ કે શુક્ર હોય તો ધનનો સંગ્રહ કરે શની હોજ ને મંગળ જોતો હોય કે યુક્ત હોય તો ધનનો નાશ કરે.

## સ્વાર્થ ચિંતામણિ

વ્યયે પાપ સમા યુક્તે તદ્દીશે પાપખેચરે ।
પાપ ગ્રહેણુ સંદ્રષ્ટે પાપ મૂલા દ્ધન વ્યયઃ ॥

બારમે પાપ ગ્રહ હોય ને તેનો સ્વામી પાપ ગ્રહ હોય ને પાપ ગ્રહ જોતા હોય તો ખોટા માર્ગમાં ધન ખર્ચાય છે.

મંદમાંદ્યગુ સંયુક્તે વ્યયેવાતદ્દહાધિપે ।
ક્રૂરાંશક સમાયુક્તે પાપ મૂલાધ્ધનવ્યયઃ ॥

બારમે શનિ રાહુ કે કેતુ હોય ને બારમાંનો સ્વામી પાપગ્રહના નવમાંશમાં હાય તો ખોટા માર્ગમાં ધન ખર્ચાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યયાધિપ સમાયુક્ત નવભાગ પતૌશુભે ।
શુભાંશે શુભ મધ્યસ્થે દ્ધર્મ મૂલાદ્ધનવ્યયઃ ॥

બારમાનો સ્વામી શુભગ્રહના નવમાંશમાં શુભગ્રહ સાથે શુભગ્રહના મધ્યમાં હોય તો ધર્મના કારણથી ધન ખર્ચાય છે.

ગુરૂ શુક્રોવ્યયેવાપિ બુધચંદ્રૌ શુભેક્ષિતા ।
પારાવતાદિ ભાગસ્થૌ ધર્મમૂલાદ્ધન વ્યયઃ ॥

બારમે ગુરૂ શુક્ર હોય વા બુધ ચંદ્ર હોય ને શુભગ્રહો જોતા હોય ને પારાવતાદિ અંશમાં હોય તો સારા માર્ગમાં ધન ખર્ચાય છે.

પાપેનકર્મનાથેન વ્યયેશે દૃષ્ટિ સંયુતે ।
શત્રુનીચાદિભાગસ્થે દષ્ટેયુક્તેવ્યયેશ્વરે ॥

દશમાનો સ્વામી પાપગ્રહ થઈ બારમાના સ્વામીને જોતો હોય ને બારમાનો સ્વામી શત્રુ કે નીચના નવમાંશમાં હોય તો પાપ માર્ગથી ધન ખરચાય છે.

શુભેન કર્મનાથેન દ્રષ્ટે યુક્તે વ્યયેશ્વરે ।
સ્વોચ્ચ મિત્ર સ્વવર્ગસ્થે ધર્મમૂલાદ્ધનવ્યયઃ ॥

દશમાનો સ્વામી શુભ ગ્રહ બારમાના સ્વામીને જોતા હોય વા યુક્ત હોય ને તે બારમાનો સ્વામી ઉચ્ચ મિત્ર ને પોતાના વર્ગમાં રહ્યો હોય તો ધર્મ માર્ગથી ધન ખર્ચાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યયેશેદારનાથેન બલહીનેનતેનતુ ।
દ્રષ્ટેયુતેવાક્રુરાંશે સ્ત્રીહેતોદ્ધનનાશનમ્ ॥

સાતમાનો સ્વામી નિર્બળ થઈ બારમાના સ્વામીને કે યુકત હોય વા પાપગ્રહના નવમાંશમાં હોય તો સ્ત્રીના કારણથી ધન નાશ થાય.

પુત્ર ભાવેશ્વરેણાપિ બલહીનેનસંયુતે ।
દ્રષ્ટેવ્યયેશેક્રૂરાંશે પુત્રમૂલાદ્ધનવ્યયઃ ॥

પુત્ર ભાવનો સ્વામી નિર્બળ થઈને બારમાના સ્વામીને જોતો યુક્ત હોય ને પાપગ્રહના નવમાંશમાં હોય તો પુત્રથી ધનનો લાભ થાય.

પિતૃસ્થાનેશ્વરેણાપિ કારકેણાપિવાયુતે ।
વ્યયેશે દૃષ્ટિ સંબંધે પિતૃમૂલાદ્ધનવ્યયઃ ॥

દશમાનો સ્વામી બારમાના સ્વામીને જોતો કે યુકત હોય કે કારણથી યુક્ત હોય તો બાપના કારણથી ધનનો નાશ થાય.

એવંમાતૃપયોગેન યુતેદ્રષ્ટેવ્યયાધિપે ।
ક્રૂરાન્વિતેક્રૂરભાવે માતૃમૂલાધ્ધનવ્યયઃ ॥

ચોથાનો સ્વામી બારમાના સ્વામીને જોતો કે યુકત હોય ને પાપ ગ્રહના ઘરમાં પાપ ગ્રહના ભેગો હોય તો મા–થી ધનનો નાશ થાય.

બહુ પાપસમાયોગે વ્યયેતદ્ભાવનાયેક ।
મંદમાંદ્યયુસંયુકતે દેહવૈકલ્યમાદિશેત્ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બારમે ઘણા પાપ ગ્રહો હોય ને બારમાનો સ્વામી શની કેતુ કે રાહુ સાથે હોય તો દેહને વિકલતા કરે છે.

શુભેસ્વોચ્ચવ્યયેવાપિ સૌમ્યખેચરવીક્ષિતે।
દેવલોકાદિભાગસ્થે સ્વર્ગપ્રાપ્તિર્ભવિષ્યતિ॥

શુભ ગ્રહ ઉચ્ચનો બારમે હોય ને શુભ ગ્રહ તેને જોતો હોય ને દેવ લોકાંશમાં હોય તો સ્વર્ગની પ્રાપ્તિ થશે.

દેવેજ્યેકર્મરાશિશે વ્યયરાશિગતેપિવા।
શુભગ્રહેણસંદષ્ટે સ્વર્ગપ્રાપ્તિર્ભવિષ્યતિ॥

દશમેશ ગુરૂ બારમે હોય ને શુભ ગ્રહો જોતા હોય તો સ્વર્ગની પ્રાપ્તિ થશે.

નેત્રેશે શુભ સંયુક્તે શોભનાંશ સમન્વિતે।
શુભ ખેચર સંબંધે તન્ને ત્રસ્ય શુભં વદેત્॥

બારમાનો સ્વામી શુભ ગ્રહ ભેગો કે શુભ ગ્રહના નવમાંશનો હોય શુભ ગ્રહની સાથે સંબંધ કરતો હોય તો તેને આંખોનું સુખ કહેવું. તેમ બીજા ભાવથી પણ જાણવું.

શુભ ગ્રહાણાં સંબંધે વ્યયેત દ્વાવનાયકે।
દોલાતુ મંચં પ્રવદે ચ્છયનાદિ સુખંતથા॥

બારમે કે બારમાના સ્વામી સાથે શુભ ગ્રહોનો સંબંધ હોય તો પાલખી પલંગ સુવાનાં બીછાનાં વિગેરેનું સુખ કહેવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપ ગ્રહાણાં સંબંધે વ્યયે તદ્ભાવનાયકે ।
ક્રૂરાંશે ક્રૂર દ્રષ્ટે શયનાદિ સુખંનહિ ॥

બારમાનો સ્વામી પાપ ગ્રહના સંબધમાં હોય વા ક્રૂર અંશમાં હોય કે ક્રૂર ગ્રહ જોતા હોય તો તેને પલંગનું સુખ હોય જ નહી.

વ્યયેશ પાપ ખેટેપિ સ્વોચ્ચ મિત્રસ્વરાશિગઃ ।
તસ્યોનાથપિતત્સ્થાને શયનાદિ સુખં વદેત્ ॥

બારમાનો સ્વામી પાપ હ હોય પણ તે પોતાના ઉચ્ચની મિત્રની કે પોતાની રાશિમાં હોય તો વા બારમાના સ્વામીની રાશિનો સ્વામી પોતાના ઉચ્ચાદિકમાં હોય તો પણ પલંગ બિછાનાં વિગેરેનું સુખ સારૂં કહેવું.

**બૃહત્પારાશરહોરાયાં**

વ્યયસ્થાનગતોરાહુ ભૌમાર્કરવિસંયુતઃ ।
તદ્દીશેનાર્ક સંયુક્તે નરકે પતનં ભવેત્ ॥

બારમે રાહુ મંગળ શનિ કે સૂર્યની સાથે હોય ને બારમાના સ્વામી સાથે સૂર્ય હોય તો તે પુરૂષ નરકમાં જાય.

વ્યય સ્થાનગતે સૌમ્યે તદ્દીશેસ્વોચ્ચરાશિગે ।
શુભયુક્તે શુભૈ દ્દષ્ટે પરોક્ષઃસ્યાન્નસંશય ॥

બારમે બુધ હોય ને બારમાનો સ્વામી ઉચ્ચ રાશિમાં હોય કે શુભગ્રહો સાથે કે શુભગ્રહો જોતા હોય તો ખરે-

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ખર પરોક્ષ ઓચિંતો સટ્ટો કે સોરટી કે જુગારમાંથી ન ધારેલો લાભ થાય.

વ્યયેશે પાપ સંયુક્તે વ્યયે પાપ સમન્વિતે ।
પાપગ્રહેણ સંદૃષ્ટે દેશા દેશાં તરંગતઃ ॥

બારમાનો સ્વામી પાપગ્રહ સાથે હોય બારમે પાપગ્રહ જોતો હોય તો પરદેશમાં જવું પડે.

વ્યયેશેશુભરાશિસ્થે વ્યયર્ક્ષેશુભસંયુતે ।
શુભગ્રહેણસંદૃષ્ટે સ્વદેશાત્સંચરોભવેત્ ॥

બારમાનો સ્વામી શુભ ગ્રહની રાશિનો હોય ને બારમે શુભ ગ્રહ હોય કે શુભ ગ્રહ જોતો હોય તો તે પુરૂષ પોતાના દેશમાં જ રહે છે.

વ્યયેમંદાદિસંયુક્તે ભૂમિજેનસમન્વિતે ।
શુભદ્રષ્ટૈશ્વસંપ્રાપ્તિ પાપમૂલાદ્ધનાર્જનમ્ ॥

બારમે શની રાહુ કે કેતુ મંગળની સાથે હોય ને શુભ ગ્રહો જોતા હોય તો પાપથી ધન મેળવે.

લગ્નેશેવ્યયરાશિસ્થે વ્યયેશેલગ્નસંયુતે ।
ભૃગુપૂત્રેણસંયુક્તે ધર્મમૂલાદ્ધનવ્યયમ્ ॥

બારમાનો સ્વામી લગ્નમાં હોય ને લગ્નનો સ્વામી બારમે હોય તેમાં શુક્રયુક્ત હોય તો ધર્મના કારણે ધનનો વ્યય થાય.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

દુહા

દ્વાદશસ્વામાં ઉચ્ચમાં, સુખસંપત દેતો ।
અથવા નવમાંશ દૃષ્ટિથી, સફળ સિદ્ધી કરતો ।।

શુભ ગ્રહોના વર્ગમાં, દ્વાદશ પતિ જો હોય ।
શુભગ્રહ દૃષ્ટિ યોગથી, સુખ સંપત તો જોય ।।

સૂર્ય યા ક્ષીણ ચંદ્રમા; કરે બારમાં વાસ ।
રાજા તો ધનને કરે, મન થાય નિરાશ ।।

બારે મંગળ બુધ દૃષ્ટિમાં, ધન નાશ કરતો ।
યાધી વ્યાધી ઊપાધીમાં, રહે સદા ફરતો ।।

ગુરૂ બુધ વસે બારમે, ધન રક્ષણ કરતા ।
અથા બુધ શુક્રના સંગથી, સુખ શાન્તી વરતા ।।

સ્ત્રી જાતીના ગ્રહ જે, શુક્ર ચંદ્ર ગણો ।
દ્વાદશ ભાવે ઘર કરે, એ જાતિથી ધન ।।

બ્રાહ્મણ જાતી ગુરૂ ગણ્યો, તે દ્વાદશસ્થાને જાય ।
બ્રાહ્મણ જાતી સંગથી, ધનની હાની થાય ।।

પુરૂષ જાતિના ગ્રહ જે, સૂર્ય યા મંગળ જાણ ।
દ્વાદસ ભાવે આવતો, શત્રુથી ધન હાણ ।।

મીન રાશિમાં કોઈ ગ્રહ, દ્વાદશ ભાવે થાય ।
મીત્રો તો ધનને કરે, સુખ સંપત તો જાય ।।

બુધ ગુરૂ કે શુક્રો, બારે વાસ કરંત ।
વાહન સુખ એ ભોગવે, પાયે નહી ચલંત ।।

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

બારો જો નીરબળ બને, ખટના ભેગો જાય ।
શત્રુ તેને લુંટશે, મન દુઃખ તો થાય ॥
ખટ અષ્ટ સંગ દ્દષ્ટિયે, રાહુ બારે જાય ।
અથવા ખટ અષ્ટ દ્રષ્ટિથી, મરી નર્કમાં જાય ॥
ગુરૂ બાર કે દસમાં, શુભ દ્રષ્ટિમાં હોય ।
મરી જીવ સ્વર્ગે જશે, ત્યાં સુખ અનંતા જોય ॥
બુધ શુક્ર સંગમાં, બારે કરતા વાસ ।
પર સ્ત્રીના સંગમાં, ધનનો હોય વિનાશ ॥
બારે મંગળ ઘર કરે, કરે ક્ષત્રીથી તકરાર ।
તેથી ધન હાની થશે, મન શાન્તીથી સુખકાર ॥
વર્ષ અઠાવીસ ઉમરે, કમરે શસ્ત્રનો માર ।
અથવા હથેળી મહી, લાગે કંઇક હથીયાર ॥
ચંદ્ર શની દ્વાદશ વસે, જળથી ધનની હાણ ।
સૂર્ય મંગળ સંગથી, અગ્નિથી ભય માન ॥
શુક્ર શની દ્વાદશ વસે, પર દારા ધન જાય ।
ઝગડા ચાલે જગત જુવે, ધન હાની તો થાય ॥
સૂર્ય ચંદ્ર દ્વાદશ વસે, રાજા કોપે ભરાય ।
ધન હરે ધોકા પડે, જગમાં હાંસી થાય ॥
દ્વાદસ ભાવે ચંદ્રમા શુકલ પક્ષનો હોય ।
મકાન બનાવે મલપતું ધન વ્યય તેમાં હોય ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાવફળ અધિકાર ૨૧ મો

## વર્ષ ભાવફળ નીમિત.

અનેક જ્યોતિષવેત્તાઓએ વરસ કેવું નીવડશે અને તેજી મંદી શું થશે તેના વર્તારાઓ કહાડવાની રીતો અનેક પ્રકારે સમજાવેલી છે, અને તેને અનુસરીને કહાડવામાં આવેલા વર્તારાઓ ઘણું કરીને તેમાં જણાવ્યા પ્રમાણેનાં ફળો આપે જાય છે. એમાંની કેટલીક સુલભ અને સહેલી રીતો અત્રે આપવામાં આવે છેઃ—

### આવતા વરસનો વરતારો.

૧–વિક્રમ સંવતનો જે આંકડો હોય તેને ત્રણે ગુણતાં જે ગુણાકાર આવે તેમાં ત્રણ ઉમેરવા અને જે સરવાળો થાય તેને ૭ ના આંકડાએ ભાગ આપતાં શેષમા ૪ કે ૦ શૂન્ય વધે તો જાણવું કે વરસ સુકાળીયું નિવડશે. ૧–૨–૬ વધે તો માનવું કે વરસ સાધારણ ઉતરશે અને ૩–૫ વધે તો માનવું કે વરસ બહુ ખરાબ પરિણામો નિપજાવશે. એજ પ્રમાણે શકની સાલને ત્રણ ગણી કરી તેમાં બે ઉમેરવા અને જે રકમ આવે તેને ચારે ભાગતાં શેષમાં બે વધે તો માનવું કે વરસાદ અલ્પ થાય; પણ જો ૧–૩ વધે તો માનવું કે વરસાદ ઘણો થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂર્ય–મંગળ. શની અને રાહુ એકજ રાશીમાં આવે તો પૂર્વ દિશામાં ઉત્પાત થાય. સૂર્ય–ચંદ્ર શનિ ને રાહુ એક રાશીમાં આવે તો ગમે તે ચક્રવર્તી રાજાનું મરણ થાય. ચંદ્ર, મંગળ શનિ અને રાહૂ એક રાશીમાં આવે તો લોકોમાં રોગચાળો ચાલે. સૂર્ય મંગળ અને શુક્ર એક રાશીમાં આવે તો અનાજ રસ કસ મોંઘો થાય અને રાજાને ભય ઉત્પન્ન થાય.

બુધ ગુરૂ ને ચંદ્ર સિંહ રાશીમાં એકઠા હોય તો કોઈ રાજા મરે અને પ્રજાને કષ્ટ થાય. એમ વેદ વ્યાસનો મત છે. સૂર્ય–શુક્ર–શનિ અને રાહુ એક રાશીમાં હોય તો બધા લોક સુખી થાય. મંગળ ગુરૂ શુક્ર અને શની એક રાશીમાં હોય તો વરસાદ થોડો અને અનાજ મોંઘુ તથા પ્રજાનો નાશ થાય સૂર્ય–ગુરૂ–કેતુ કે રાહુ એક રાશીમાં હોય તો બધા લોક સુખી થાય.

રાહુ કેતુ ને શુક્ર વિનાના છ ગ્રહ એકરાશીમાં આવે તો તેને ગોલક યોગ કહે છે. અને તે ગોલક યોગ થવાથી છત્રભંગ થાય છે. મંગળ–શની ને રાહુ એકરાશીમાં આવે તો તેને કર્તરીયોગ કહે છે. તે કર્તરીયોગથી રાજાઓમાં લડાઈ થાય વરસાદ વરસે નહિ. કાતર જેમ કાતરે તેમ જગતને કર્તરી યોગ કાતરે છે.

## વિક્રમના બેસતા વરસનું વારફળ.

**સોમવારૂ** વિક્રમનું (કારતકી) વરસ બેસે તો દરેક માણસની ફરજ છે કે અનાજનો સંગ્રહ કરી રાખવો અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો વેચાણ કરવું હોય તો ભાદરવા સુદ બીજથી તે આસો સુદ સાતમ સુધીમાં વેચી નાખવું તો તે લાભકર્તા થઈ પડશે.

**મંગળવારૂં** બેસે તો અનાજનો સંગ્રહ કરી તે આસો માસમાં વેચવું ઉપરાંત મરી, ખારેક, ગોળ, કપાસિયા અને પિત્તળ એટલી જણસો ભાદરવા માસમાં વેચવાથી લાભ થશે.

**બુધવારૂં** બેસે તો, તેલ, ઘી, માંખણ, મઠ, કપાસિયા, ગોળ કસુંબો, મરી એરંડી સુવા, ખાંડ, રાળ, મજીઠ, સોપારી ને કાળાં મરી, એ જણુસોનો વેચાણ ધંધો ફાગણ માસમાં કરવાથી સારો લાભ પ્રાપ્ત થાય.

**ગુરૂવારૂં** બેસે તો, અષાડ કે ભાદરવા માસમાં અનાજનો સંગ્રહ કરવો જે લાભકારી થશે. ગોધમ, ગોળ, કપાશીયા, ખાંડ, શાકર, તેલ અને હળદરના ભાવ વધે ને વેચનારને લાભ થાય.

**શુક્રવારૂં** બેસે તો, ધાન્યનો સંગ્રહ કોઈપણ વેળાએ કરીને આસો કે કાર્તક માસમાં વેચે તો સારો લાભ થાય.

**શનિવારૂં** બેસે તો, અષાડ સુદ ૧૫ થી ધાન્ય મોંઘું થાય, અને સંઘર્યું હોય તો માગશર માસમાં વેચવાથી લાભ થાય.

**રવિવારૂં** બેસે તો, ગોળ, ઘી, તલ, ઘઉં, બાજરો, અષાડ સુદ ૨ થી તે શ્રાવણ સુદ ૨ સુધીમાં વેચે તો લાભ

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

થાય. વરસાદ ઘણો સારો થાય તેથી સુકાળ થાય, છતાં ઘી, તેલ કાર્તક માસ સુધી મોંઘું રહે.

## *બેસતી સંક્રાંતિનું ફળ.

**રવીવારી** સંક્રાંતિ બેસે તો તે આકરી કહેવાય, તે જ મહિનામાં અનાજની મોંઘવારી થાય, અને ભયના નાદ સંભળાયા કરે; ઘી, તેલ, ખાંડ, ગોળ, નાળિયેર એ સર્વ મોંઘા થાય.

**સોમવારી** સંક્રાંતિ બેસે તો મધ્યમ આકરી કહેવાય, પણ ઘી, તેલ, કપાસ, સુતર સસ્તાં થાય.

**મંગળવારી** બેસે તો અનાજમાં આકરી દેખાય અને રસકસ મોંઘા થાય, ઉપરાંત રોગ કરે. ઘી, તેલ, ખાંડ, દુધ મોંઘાં કરે, અગ્નિનો ભય ઉપજાવે, લોહી વિકારી રોગ ઉત્પન્ન થાય અને રાતી વસ્તુ મોંઘી થાય.

**બુધવારી** સંક્રાંતિ બેસે તો આબાદી ફેલાવે. પ્રજાને સુખી–સંતોષી રાખે, ધાન્ય સોંઘા થાય, વેપાર રોજગાર સારો ચાલે અને વેપારીઓને સારો લાભ કરાવે.

**ગુરૂવારી** સંક્રાંતિ બેસે તો તેને શ્રીકાર માનવામાં આવે છે. દરેક પ્રકારની સુખ શાન્તીને આબાદી ફેલાવી સર્વેનાં મન શાન્ત રાખે છે.

* એક રાશીમાંથી બીજી રાશીમાં સૂર્ય જાય તેને સંક્રાંતિ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શુક્રવારી** સંક્રાંતિ બેસે તો સુકાળ જેવી શાન્તી રખાવી સર્વ ઠેકાણે જગતની આબાદી તે માસમાં રખાવે છે.

**શનિવારી** સંક્રાંતિ બેસે તો તે આકરી ગણાય છે, એટલે સુધી કે જો તે ચોમાસાની ઋતુમાં હોય તો તે માસમાં વરસાદનું ટીપું પણ પડે નહિ.

આર્દ્રા, સ્વાતિ કે મૂળ નક્ષત્રમાંના કોઇપણ નક્ષત્રમાં કોઈપણ સંક્રાંતિ બદલાય તો તેનું ફળ એ થાય કે અનાજ મોંઘું થાય.

કર્ક સંક્રાંતિ બેસતાં ભરણી; માઘા કે ચિત્ર નક્ષત્રમાંનું કોઈપણ એક નક્ષત્ર હોય તો ધાન્યનો સંગ્રહ કરી રાખવો લાભકારી થાય છે એમ જાણવું.

કુંભ અને મીન સંક્રાંતિ વચ્ચે રોહિણી નક્ષત્ર આવે છે, તે જો આઠમને દિવસે આવે તો તેનું ફળ એવું આપવામાં આવે છે કે વરસાદ થોડો થાય, નોમને દિવસે આવે તો મધ્યમ થાય અને દશમને દિવસે આવે તો વરસાદ પુષ્કળ થાય.

ચૈત્ર માસની મેષ સંક્રાંતિ, રવિ, શનિ કે મંગળવારી હોય તો ઘઉં, ચણા મોંઘા કરે, કષ્ટકારી થાય, ઢોરોમાં મરણ ઘણાં થાય, રોગચાળો વિશેષ રહે. સોમવારી થાય તો સુખાકારી સારી રહે પણ પશુ પક્ષીને રોગ–પીડાકારી થાય. ધોળી વસ્તુ અને ઘી, તેલ, કપાસ, મોંઘાં થાય. ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂમાં ટકા ૩૨ ની તેજી થાય. બુધ–ગુરુ કે શુક્રવારી હોય તો પ્રજાને સુખાકારી કરે અને અનાજ પણ સોંઘાં થાય.

વૈશાખ માસની **વરખસંક્રાન્તિ**–રવિ શનિ કે મંગળવારી હોય તો પ્રજા દુઃખી થાય ઘઉં, ચણા, જુવાર મોંઘી, કરીયાણાની વસ્તુ, રસાદિ સોપારી, મજીઠ ને કપાસ મોંઘાં, થાય રૂમાં ૨૫ ટકાની તેજી થાય સોમવારી હોય તો ધાન્ય સસ્તાં થાય. ગુરૂવારી રોગ કરે. બુધ કે શુક્રવારી હોય તો રસાદિ પદાર્થ સામાન્ય નિપજે.

જેઠ માસની **મિથુન સંક્રાન્તિ**–રવિ શનિ કે મંગળવારી હોય તો નગરજનોને પીડાકારી, રોગ ઘણા, ધાન્ય મોંઘાં, અગ્નિનો ભય, બુધવારી આનંદકારી, વસ્તુ સમભાવે હોય, સોમ શુક્ર કે ગુરૂવારી–હોય તો સુકાળ હોય પણ સિંધુ દેશમાં દુર્ભિક્ષ ને રૂમાં ટકા ૩૦ ની તેજી થાય.

અશાડ માસની કર્ક સંક્રાન્તિ–રવિ–શનિ કે મંગળવારી હોય તો વરસાદ ઘણો, અન્નની નીપજ થોડી થાય, ક્ષત્રિયોમાં વિગ્રહ થાય, ધાન્ય મોંઘાં થાય ને રૂમાં ટકા ૩૦ની તેજી થાય. સોમવારી હોય તો રસકસ મોંઘા થાય ને રૂમાં ટકા ૩૦ તેજી થાય. ગુરૂવારી હોય તો ઘણો વાયરો ને વરસાદ થાય. ગોળ મોંઘો થાય. બુધ કે શુકરવારી હોય તો સુકાળ હોય, કરા પડે, વરસાદ ઘણો વરસે. રવિવારી હોય તો સર્વ વસ્તુનો સંગ્રહ કરવો. ધાન્યના ભાવ વધે, કર્ક ને મકરસંક્રાંતિ રવિ શનિ કે મંગળવારી બંને ત્રણ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંના એક વારી આવે તો મોંઘવારી. અતિવૃષ્ટિ કે દુકાળ પડે યુદ્ધ થાય. જો કર્ક સંક્રાન્તિ મંગળવારી અને મકરસંક્રાંતિ શનિવારી હોય, અને તે બંને સંક્રાંતિની મૂર્તિ ૧૫ હોય તો ઘણા દેશ ઊજડ થાય.

શ્રાવણ માસની સિંહ સંક્રાન્તિ–રવિવારી હોય તો વરસાદ થોડો વરસે, અન્ન ઘણાં થાય, મંગળવારી હોય તો વરસાદ ઘણો થાય. સોમ, બુધ, ગુરૂ કે શુકરવારી હોય તો કઠોળ ઠીક નીપજે. કલેશ સળગે ને પીડાકારી થાય. શનિવારી હોય તો મેઘવૃષ્ટિ થાય, પણ કણ થોડો નીપજે, સર્વે વસ્તુ મોંઘી કરે, ઘઉં અને રસકસ મોંઘા થાય. રૂમાં ટકા ૩૫ ની તેજી થાય.

ભાદરવા માસની કન્યા સંક્રાન્તિ–રવીવારી બેસે તો વરસાદ ઘણો થાય, સોમવારી બેસે તો સુખકારી, મંગળવારી હોય તો વરસાદ થોડો થાય. બુધ ગુરૂ કે શુકરવારી હોય તો ધાન્ય ઘણું નીપજે, લોકો સુખી થાય પણ પશ્ચિમે સિન્ધદેશે વિગ્રહ થાય. શનિવારી બેસે તો અનાજ મોંઘું થાય.

આસો માસની તુળા સંક્રાન્તિમાં વરસાદ થાય તો ધાન્ય આદિમાં શુભકારી નથી. રવિવારી હોય તો બ્રાહ્મણોને પીડા. મંગળવારી હોય તો શાળ (ડાંગર) ઘણી નીપજે, ગુરૂવારી હોય તો ધાન્ય સોંઘાં, શુક્રવારી અન્ન સોંઘું કરે, કપાસ મોંઘા થાય ને રૂમાં ટકા ૪૦ ની તેજી થાય શાળ ઘણી નીપજે અને શનિવારી અન્ન મોંઘું કરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારતક માસની વૃશ્ચિક સંક્રાન્તિમાં વરસાદ થાય તો મધ્યમ પ્રકારનું ધાન્ય થાય. રવિવારી હોય તો ઘણો કણ નિપજે. સોમવારી હોય તો લોક સુખી, મંગળવારી હોય તો ધાન્યનો સંગ્રહ કરવો તેમાં સારો લાભ થાય. બુધવારી હોય તો ઘી ને ધાન્ય સોંઘાં. ગુરૂવારી હોય તો ધાન્ય મોંઘાં અને રસકસ સોંઘાં કરે. શુક્રવારી બેસે તો ઘી, મગ, ચોખા સોંઘા થાય. શનિવારી હોય તો કણ બગાડે, રોગ ને પીડા થાય. મંગળ બુધ કે શુક્રવારી હોય તે તલ, તેલ, કપાસ મોંઘા થાય. રવી, ગુરૂ, શુક્ર, કે મંગળવારી હોય તો રૂમાં ટકા ૫૦ ની તેજી થાય.

માગશર માસની ધન સંક્રાન્તિમાં–વરસાદ થાય તો મધ્યમ પ્રકારનું ધાન્ય થાય, રવિ મંગળ કે શનિવારી હોય તો સઘળે રાજદેશે પીડા, કપાસ, ઘી, તેલ, સુવર્ણ મોંઘા થાય ને રૂમાં ટકા ૬૦ ની તેજી થાય ઠંડી ને હીમ પડે. સોમવારી હોય તો અષાડ સુદ ૧૫ પહેલાં રૂનો દોઢો ભાવ થાય, બુધ કે ગુરૂવારી હોય તો ધાન્ય મોંઘાં, શુક્રવારી હોય તો સુખાકારી નીવડે પણ હિંદમાં વિગ્રહ થાય. ને રૂમાં ટકા ૫૦ની મંદી થાય.

પોષ માસની મકર સંક્રાન્તિ–રવિવારી હોય તો ધાન્ય અને ઘી મોંઘાં કરે, ઘણો લાભ થાય, સર્વ વસ્તુ સોંઘી, રાજમાં વિગ્રહ થાય. સોમવારી સારી મંગળવારી અનાજ મોઘું કરે, બુધવારી જણશ માત્ર સોંઘી થાય. ગુરૂ કે શુક્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વારી અનાજ ઘણું નીપજે ને રૂમાં ટકા ૫૦ની મંદી થાય અને શનિવારી હોય તો ભય ઘણો, ધાન્યમાં ઘણો લાભ થાય.

માહા માસની કુંભસંક્રાન્તિ–રવિવારી હોય તો ક્ષત્રિયોને યુદ્ધકારી થાય. સોમવારી મગ, જુવાર, ચણા, વાલ, મસુર ઘી, કપાસમાં તેજી થાય ને રૂમાં ટકા ૧૫ ની તેજી થાય તેલ ગોળ ખાંડ સાકર મધ સંગ્રહવા. માસ બે પછી સારો લાભ થાય. સોમ બુધ કે ગુરૂવારી હોય તો ધાન્ય મોઘું થાય. જુવાર બાજરો મધ મોંઘા વેચાય, તે માસમાં મધ, સાકર વિગેરે રસનો સંગ્રહ કરવો. બમણો લાભ કરે. શુક્રવારી હોય તો ધોળી અથવા રાતી વસ્તુના ભાવ તેજ રહે ને રૂમાં ટકા ૨૦ ની તેજી થાય. શનીવારી હોય તો સમભાવ રહે અને અન્ન મોંઘાં. લવણ અને ધાન્યનો સંગ્રહ કરવો અને ઘી વેચવું.

**ફાગણ માસની મીન સંક્રાંતિ**–રવિવારી હોય તો રસ મોંઘા, સોમવારી લોક સુખી, પશુ પક્ષીને પીડાકારી, મંગળવારી–રૈયત સુખકારી, સુવર્ણ મોંઘું. બુધવારી હોય તો અનાજ સોંઘું, ગુરૂવારી–રસકસ સોંઘા, પણ પીડાકારી, શુક્રવારી–ધોળી વસ્તુ સોંઘી, શનિવારી ઉલ્કાપાત કરાવે, રવિ, શની કે મંગળવારી હોય તો ઘી, રૂ તથા રસકસ મોંઘા થાય. રૂમાં ટકા ૪૦ ની તેજી થાય.

## ગ્રહણના માસનું ફળ.

ગ્રહણ જે દેશમાં થાય એટલે દેખાય તે દેશમાં તેનું ફળ મળે. ચોથા ભાગનું ગ્રહણ થાય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાર માસમાં ફળ આપે. ત્રીજા ભાગનું ગ્રહણ થાય તો ત્રણ માસમાં ફળ આપે. બે ભાગનું ગ્રહણ થાય તો બે માસમાં ફળ આપે અને પોણા ભાગનું ગ્રહણ થયું હોય તો એક માસમાં ફળ આપે અને આખું ગ્રહણ થાય તો વીસ દિવસમાં ફળ આપે.

૧ અધિક માસમાં ગ્રહણ થાય તો દેશ ભંગ થાય.

૨ કારતક સુદ ૧૫ ને માગશર સુદ ૧૫ ના એ બે ગ્રહણ થાય તો વરસ શ્રીકાર લાભ ઘણો આપે.

૩ પોસ સુદ ૧૫ ને પોસ વદ ૦)) ના એ બે ગ્રહણ થાય તો દુકાળ પડે.

૪ માહ સુદ ૧૫ ને માહ વદ ૦)) ના એ બે ગ્રહણ થાય તો નીપજ થોડી થાય.

૫ ચૈત્ર સુદ ૧૫ ને ચૈત્ર વદ ૦)) ના એ બે ગ્રહણ થાય તો દુકાળ પડે.

૬ જેઠ માસમાં ગ્રહણ થાય તો ઘણી વસ્તુનો વિનાશ કરે, સર્વે ધાન્ય લેવાથી લાભ થાય. ઘી ઘઉં તથા તેલની તેજી થાય.

૭ અષાડ સુદ ૧૫ ને અષાડ વદ ૦)) નું ગ્રહણ થાય તો વરસ સુકાળ થાય.

કારત સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો સુકાળ થાય; પણ દરીયામાં વિગ્રહો થાય. ઊલ્કાપાત થાય અને પૃથ્વી કંપે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માગશર સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ થાય તો ધાન્યનો સંગ્રહ કરવો તો તે આઠ માસમાં લાભ આપે.

પોષ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો રસકસ તથા રૂ, કપાસ સુતર મોતી પરવાળાં સંખ કોડી કસુંબો કેસર એક માસ પછી મોંઘાં થાય. ને રૂમાં ૪૦ ની તેજી થાય.

મહા સુદ ૧૫નું ચંદ્રગ્રહણ થાય તો રસકસનો સંગ્રહ કરવો તે તરતજ લાભ આપે. પણ વરસાદ માગ્યા પ્રમાણે વરસે ને સુકાળ થાય.

ફાગણ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો સર્વ ધાન્ય સોંઘું થાય; પણ રસકસ મોંઘા થાય.

ચૈત્ર સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો ધાન્ય સર્વે સોંઘું થાય. ઊપજ આવે નહી. નાંણાભીડ થાય અને આવતું વરસ કાળ રહે જેથી રાજા અને પ્રજા પીડાય.

વૈશાખ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો ઘઉં તેલ ગોળ મરચાં તાંબુ વગેરે રાતી વસ્તુ તથા રૂ કપાસ સુતરમાં ત્રીજે માસે તેજી આવે રૂ માં ટકા ૩૦ ની તેજી થાય.

જેઠ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો સર્વ ધાન્યનો સંગ્રહ કરવો છ માસની અંદર એક વાર જરૂર તેજી આવે ને લાભ થાય વરસ કરવરું થાય. ને રૂમાં ટકા ૪૦ ની તેજી થાય.

અસાડ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો ધાન્ય કપાશી-આમાં તેજી થાય ને રૂમાં ટકા ૩૦ ની તેજી થાય. ખડ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ઘાસ) ને વરસાદ સારો ધાન્ય સોંઘું પણ રવીવારી હોય તો મોણુ કહેવરાવે.

શ્રાવણ સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો ઘી તેલનો સંગ્રહ કરવો બે માસમાં લાભ થશે. બાકી સર્વે અનાજની મંદી થાય પણ રૂ, સુતર, કાપડ અને રસકસના ભાવ વધે. ને રૂમાં ટકા ૩૦ ની તેજી થાય.

ભાદરવા સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો સોનું વેચી ઘી તેલ ને દાણા લેવા. બે માસમાં લાભ થાય. કપાસના ભાવ વધે. ને રૂમાં ટકા ૬૦ ની તેજી થાય.

આસો સુદ ૧૫ નું ચંદ્રગ્રહણ થાય તો રૂમાં ટકા ૫૦ની તેજી થાય ને સુતરનો ભાવ વધે ને વેપાર ચાલે.

કારતક વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો સુકાળ થાય. પણ ઘી મોંઘું થાય ને રૂમાં ટકા ૫૦ ની મંદી થાય.

માગશર વદ ૦))નું સૂર્યગ્રહણ થાય તો રૂ, તથા કપાસ મોંઘા થાય અને તેમાં લાભ મળે. ને રૂમાં ટકા ૪૦ ની તેજી થાય.

પોસ વદ ૦)) નું સૂર્ય ગ્રહણ થાય તો ધાન્યનો મોલ ઘણો આવે, વરસાદ ઘણો થાય પણ અનાજ ઘણું મોંઘું રહે.

મહા વદ ૦)) નું સૂર્ય ગ્રહણ થાય તો વરસ શ્રીકાર, વરસાદ ઘણો થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફાગણ વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો અનાજ ઘણું મોંઘું થાય ને ખડ (ઘાસ)નો કાળ થાય.

ચૈતર વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો ગોધમ (ઘઊં) મોંઘા થાય પણ પાછો ભાવ ઘટી જાય.

વૈશાખ વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો રસકસ મોંઘા થાય ને દાણા સોંઘા થાય.

જેઠ વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો સોનું વેચવું ને દાણા સંઘરવા, બાકી સર્વે વસ્તુ સોંઘી થાય ને વરસ શ્રીકાર નીવડે પણ આગળ જતાં અનાજ મોંઘું થાય ને લાભ થાય.

અસાડ વદ ૦)) નું સૂર્ય ગ્રહણ થાય તો વરસાદ તો થાય પણ કોઇ દેશમાં રાજ વિગ્રહ થાય.

શ્રાવણ વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો અનાજ ને રસકસ મોંઘા થાય કારતક માસમાં મરકી ચાલે.

ભાદરવા વદ ૦))નું સૂર્ય ગ્રહણ થાય તો સર્વે જણસોનો સુકાળ થાય.

આસો વદ ૦)) નું-ગ્રહણ થાય નો સુગાળ થાય પણ ઘી, તેલ મોંઘાં થાય.

## ગ્રહણના વારનું ફળ

રવિવારું ચંદ્ર ગ્રહણ થાય તો ધાન્યનો સંગ્રહ કરવાથી પાંચમે માસે લાભ મળે. આખું ગ્રહણ થાય તો રાજવિગ્રહ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોમવારું ચંદ્ર ગ્રહણ થાય તો તેલ, ઘીના ભાવો વધે, રૂમાં ટકા ૪૦ વધે.

મંગળવારું ચંદ્ર ગ્રહણ થાય તો કપાસ, સોપારી ઘઉં ગોળ તેલ મરચાં તાંબુ વિગેરે રાતી વસ્તુઓમાં સારો લાભ થાય.

બુધવારું ચંદ્ર ગ્રહણ થાય તો રૂના ભાવ વધે, કપાસ સોપારી અને રાતી વસ્તુઓ ઘઉં ગોળ તેલ મરચાં અને તાંબુ વિગેરેના ભાવ વધે.

ગુરૂવારૂ ચંદ્ર ગ્રહણ થાય તો કસુંબો, ઘી, તેલના ભાવ વધે, બેમાસમાં રૂમાં ટકા ૨૦ થી ૨૫ વધે.

શુક્રવારું ચંદ્ર ગ્રહણ થાય તો રાજા પ્રજા સુખી થાય, જણસમાત્ર સોંઘી થાય, રૂના ભાવ ત્રણમાસ સુધી તેજી થાય, અને ત્યાર પછી જેટલા ભાવ વધ્યા હોય તેટલા ઘટે. ત્રણ માસની અંદર રૂમાં ટકા ૫૦ વધે.

શનિવારૂં ચંદ્ર ગ્રહણ થાય તો જુવાર, બાજરો, અફીણ, લોઢું કાળાં કપડાં અને કાળી વસ્તુઓના ભાવો વધે.

રવીવારૂં સૂર્ય ગ્રહણ થાય તો ઘી તેલ ખાંડનો ભાવ અઢી માસથી ચાર માસ સુધીમાં દોઢો થાય ને લાભ મળે.

સોમવારૂ સૂર્ય ગ્રહણ થાય તો અનાજનો સંગ્રહ કરવો, આગળ મોંઘું થાય; રાજ્યને ઉપદ્રવ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંગળવારું સૂર્યગ્રહણ થાય તો સર્વ ચીજોના ભાવ સાડાચાર માસ સુધી વધે, અને કપાસ વિગેરે વસ્તુઓ સંગ્રહ કરવાથી અઢી માસમાં લાભ આપે.

બુધવારું સૂર્યગ્રહણ થાય તો રાતી જણસોનો સંગ્રહ કરવાથી આગળ જતાં લાભ આપે.

ગુરૂવારુ સૂર્ય ગ્રહણ થાય તો તલ, તેલ અને રાતી જણસોના ભાવ વધે.

શુક્રવારું સૂર્ય ગ્રહણ થાય તો સર્વ વસ્તુનો સંગ્રહ કરવો. સુતર, કપાસ, અને રૂના ભાવો વધે અને લાભ થાય, વરસાદ ઘણો થાય.

શનિવારું સૂર્યગ્રહણ થાય તો રાતી અને પીળી વસ્તુઓના ભાવ વધે.

## ગ્રહણના નક્ષત્રનું ફળ.

અશ્વની નક્ષત્રમાં ગ્રહણ હોય તો મગ મોંઘા થાય ભરણીમાં હોય તો ધોળા કાપડમાં ત્રણ માસ પછી લાભ થાય ક્રત્તિકામાં હોય તો સોનું ચાંદી પ્રવાળાં મણી માંણેક મોંઘાં થાય. રોહણીમાં હોય તો સુતર કપાસ ખાંડ અનાજ તથા રસાદિ પદાર્થોનો સંગ્રહ કરવો જેથી દસ માસ પછી લાભ થાય. મૃગશીરમાં હોય તો મજીઠ-લાખ ક્ષાર કુસુમ ઘઊં ડાંગર તથા સોનામાં દસમે મહીને લાભ થાય આદ્રામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તો ઘીમાં પાંચમે મહીને લાભ થાય પુનર્વસુમાં હોય તો પાંચમે મહીને તેલમાં લાભ થાય પુષ્યમાં હોય તો ત્રણ મહીને ગોધમ (ઘઊં)માં લાભ થાય અશ્લેષામાં હોય તો પાંચમા મહીને મગમા લાભ થાય મઘાદિચાર નક્ષત્રમાં હોય તો ચણાદિ ચાર વસ્તુઓમાં લાભ થાય ચીત્રામાં હોય તો બે માસમાં જુવારમાં જયેષ્ટામાં હોય તો પાંચમા માસે ગોળ ખાંડમાં મુળમાં હોય તો કપાસીયા જુવાર બાજરી અજમો સાકર એલચી ચોખા (ચાવલ)માં પુર્વાષઢામાં હોય તો ધોળા કાપડમાં ઊત્તરાષાઢામાં હોય તો ચાર માસ પછી નાળીયેરમાં શ્રાવણમા હોય તો સતાવરીમાં ધનીષ્ઢામાં હોય તો અડદમાં અને સતભીષામાં હોય તો ચણામાં લાભ થાય. પુર્વા ફાલ્ગુનીમાં હોય તો માણસોને પીડા થાય ઊત્તરાફાલ્ગુનીમાં હોય તો ત્રણ માસમાં મીઠામાં લાભ અને રેવતી નક્ષત્રમાં ગ્રહણ થાય તો મગ અડદમાં છઠે મહીને લાભ થાય.

## માસના વારનું ફળ

પાંચ રવિવારો મહીનો હોય તો–ધાન્યાદિ તથા અફીણની તેજી થાય.

પાંચ સોમવારો મહીનો હોય તો–રૂમા તેજી, અને ચાંદી, અફીણમાં વધાઘટી થાય.

પાંચ મંગળવારો મહીનો હોય તો–અફીણમાં તેજી. રૂ, ચાંદીમાં વધાઘટી થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચ બુધવારો મહીનો હોય તો–ચાંદીમાં ટકા, ૨–૩ ની વધાઘટી હોય; તેજીમંદી લગાડનારને લાભ હોય. દિવસ ૧૫ પહેલાં અને દિવસ ૧૫ પછી એ પ્રમાણેના એક માસમાં અફીણમાં વધાઘટી હોય. રસ, કસ, ગોળ. ખાંડ, ઘી, તેલ, આદિમાં તેજી હોય.

પાંચ ગુરુવારો મહીનો હોય તો–મીલોના સુતર, કાપડ અને શેરોના ભાવો વધે અફીણ તથા ચાંદીમાં મંદી થાય.

પાંચ શુક્રવારો મહીનો હોય તો–રૂ ચાંદીની વધાઘટી થઈ રૂમાં મંદી આવે ચાંદીમાં સમભાવ રહે. આ માસમાં ઘીના ભાવ વધે તો વેચવું.

પાંચ શનિવારો મહીનો હોય તો–દોઢ માસમાં અફીણમાં તોટી તેજી થાય, ધાન્ય તજ, ચાંદીના ભાવમાં ફેરફાર થાય.

પાંચ રવિ અને સોમવારો મહીનો હોય તો–આ માસમાં વેપારીની ઘણી વસ્તુઓના ભાવોમાં ફેરકાર થયા કરશે. ચાંદીના ભાવમાં ફેરફાર થતા રહેશે. જેઓ બજાર પ્રમાણે ચાલી વેપાર કરશે તે લાભ પામશે.

પાંચ સોમ અને મંગળવારો મહિનો હોય –મીલોના શેરોમાં બહુ જ વધાઘટી થાય.

પાંચ મંગળ અને બુધવારો મહિનો હોય તો–આ માસમાં ચાંદીમાં બહુ જ ફેરફાર હોય, તેજીમંદી લગાડનારને લાભ હોય, ગોળના ભાવ તેજ થાય.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પાંચ બુધ અને ગુરુવારો મહિનો હોય તો–આ માસમાં ચાંદીમાં ટકા ૨ થી ૩ ની તેજી યા મંદી થાય. માટે તેજી મંદી લગાડવી, રૂમાં મંદી અને ચાંદીમાં તેજી હોય. મીલોના શેરોના ભાવ વધે.

પાંચ ગુરુ અને શુક્રવારો મહિનો હોય તો–રૂ, ચાંદીમાં વધાઘટી હોય.

પાંચ શુક્ર અને શનિવારો મહિનો હોય તો રૂમાં તેજી થાય ચાંદીમાં ટકા ૨–૩ ની તેજી આવે તથા અળસી અને શેરોના ભાવોમાં વધાઘટી થાય. અફીણમાં ટકા ૧૦૦ પહેલા તેજ અને પછી મંદી થાય. જે વસ્તુના ભાવ પહેલા તેજી થાય, તેના ભાવ પછી મંદી થાય અને જે વસ્તુના ભાવ પહેલા મંદી થાય તેના ભાવ પછી તેજી થાય.

પાંચ શનિ અને રવીવારો મહિનો હોય તો–રૂની નીપજને હાનિ થાય.

માહા માસમાં પાંચ રવિવાર આવે તો–ઘી, તેલ, મોંઘા થાય.

શ્રાવણ માસમાં પાંચ રવિવાર આવે તો દિવસ ૧૦ જતાં અનાજના ભાવ વધે.

## સુદ બીજના ચંદ્રનું ફળ.

ચંદ્રમાનું પાંખડું ઉત્તર તરફનું ઉંચું હોય તો રૂમાં તેજી કરે અને દક્ષિણ દિશા તરફનું હોય તો રૂમાં મંદી કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

રવિવારે ચંદ્ર દર્શન થાય તો–દિવસ ૧૫ માં સર્વે વસ્તુની મંદી થાય, અફીણમાં ટકા ૫૦ ની મંદી થાય. રૂમાં વધઘટ થાય.

સોમવારે ચંદ્રદર્શન થાય તો–દિવસ ૧૫ માં અફીણમાં ટકા ૧૦૦ની તથા રૂમાં ટકા ૧૦ની અને ચાંદીમાં ટકા ૧—૨ ની તેજી થાય. ધાન્યાદિ પણ તેજ હોય. મગ, મઠ, ચણા વિગેરે કઠોળમાં પણ તેજી થાય.

મંગળવારે ચંદ્રદર્શન થાય તો—અફીણમાં ટકા ૨૫ ની મંદી હોય. દિવસ ૨૫ માં રૂમાં તેજી થાય, અને ચાંદીમાં વધઘટરૂપે મંદી થાય.

બુધવારે ચંદ્રદર્શન થાય તો–અફીણ આદિ સબરસ મંદા હોય. ચાંદીમાં તેજી રૂપે વધાઘટી થાય. તેજી મંદી લગાડનારને લાભ હોય. રૂમાં મંદી થાય.

ગુરૂવારે ચંદ્રદર્શન થાય તો–રૂ અને અફીણમાં તેજી થાય. ચાંદીમાં વધાઘટી થાય, ઘીમાં તેજી થાય.

શુક્રવારે ચંદ્રદર્શન થાય તો–એક માસમાં અફીણમાં ટકા ૧૦૦ ની તેજી થાય. રૂમાં ટકા ૧૦ ની વધઘટ થઈને તેજી થાય. સ્વાદિષ્ટ વસ્તુની ખપતી થાય. ચાંદીમાં ટકા ૧–૨ ની વધઘટ થાય. ઉનમાં ટકા ૧૫–૨૦ની મંદી થાય. ચણા, અડદ, તલના ભાવ વધે.

શનિવારે ચંદ્રદર્શન થાય તો—એક માસમાં ધાન્યમાં તેજી, રૂમાં થોડી તેજી થાય, ચાંદીમાં તેજી થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેષ રાશિના ચંદ્રમાં ચંદ્રદર્શન થાય તો—ધાન્યના ભાવ તેજ થાય. વૃષભમાં થાય તો—અડદ, તલ, અગર, હલકાં ધાન્ય મોંઘા થાય. મિથુનમાં થાય તો–કપાસ. સૂતર, ધાન્યાદિ તેજ હોય, કર્કમાં થાય તો–અનાવૃષ્ટિ થાય. સિંહમાં થાય તો–ધાન્યના ભાવ તેજ થાય. કન્યામાં થાય તો–પશુઓનો નાશ થાય, રાજાઓમાં પરસ્પર વિરોધ થાય. તુલામાં થાય તો–વેપારની વસ્તુઓના ભાવ આકરા થાય. વૃશ્ચિકમાં થાય તો–ધાન્યની ઉત્પત્તિ થાય. ધન કે મકરમાં થાય તો–શુભકારી હોય. કુંભમાં થાય તો–ચણા, અડદ, તલનો નાશ હોય. મીનમાં થાય તો–સુભિક્ષકર્તા હોય.

## તિથિ વારના યોગાયોગનું ફળ.

સુદ ૧ બુધવારી હોય તો–દિવસ ૨૦ માં ચાંદીમાં ટકા ૧ યા ૨ ની મંદી થાય. અફીણમાં દિવસ ૧૫ પહેલાના અને દિ. ૧૫ પછીના એ પ્રમાણેના એક માસમાં ટકા ૧૦૦ ની ઘટા વધી થાય, ઘીના ભાવ વધે.

સુદ ૧ ગુરૂવારીની હોય તો–તે પક્ષમાં ચાંદીમાં કાંઈક મંદી થાય.

સુદ ૧ શુક્રવારી હોય તો–રૂના ભાવ તેજ થાય.

સુદ ૧ શનિવારી ને સુદ ૧૦ રવિવારી હોય તો રૂ અને ધાન્યના ભાવ તેજી થાય.

સુદ ૧, ૮, ૧૫ બુધવારી હોય તો–ધાન્યાદિ સર્વ વસ્તુની તેજી થાય. રૂમાં વધાઘટી થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુદ ૨ સોમવારી ઉગે, તો–રૂના ભાવ દિવસ ૧૫ સુધીમાં તેજી થાય. શુક્રવારી કે શનિવારી ઊગે તો પણ રૂના ભાવ તેજ થાય.

સુદ ૨ બુધવારી–સુદ ૬ રવિવારી, સુદ ૧૦ કે ૧૫ ગુરૂવારી હોય તો ઘીના ભાવ વધે.

ગુરૂવારી તિથિનો ક્ષય હોય અને સુદ ૨ તથા ૧૦ શુક્રવારી હોય તો–રૂમાં ટકા ૨૦ થી ૨૫ વધે.

સુદ ૩ યા ૪ ની વૃદ્ધિ હોય તો–મગ અને ઘી મોંઘાં થાય.

સુદ ૩ યા ૪ ની ભાદરવા અને પોષ માસમાં વૃદ્ધિ થાય તો–અનાજ આદિની તેજી થાય.

સુદ ૧-૫-૧૪ વધે તો સુભિક્ષ કરે અને ઘટે તો દુર્ભિક્ષ કરે.

સુદ ૫ સોમવારી હોય તો–તેજ દિવસે અફીણમાં તથા રૂમાં તેજી થાય.

સુદ ૫ ને મંગળવાર હોય તો–ચાંદીમાં દિવસ ૮ માં થોડી તેજી થાય. શુક્ર કે શનીવારી હોય તો રૂના ભાવ વધે.

સુદ ૬ સોમ કે મંગળવારી હોય તો–ગોળ, ઘઉં વગેરે રાતી વસ્તુઓ મોંઘી થાય.

બુધ ગુરૂ શુક્ર કે શનિવારી હોય તો ધાન્ય એક માસ મોંઘું રહે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુદ ૬ ગુરૂવારી અને સુદ ૧૦ રવિવારી આખી હોય તો રૂના ભાવ તેજ થાય, તે માસ મધ્યે રૂના ભાવ એકદમ વધે.

સુદ ૬ કે સુદ ૧૦ રવિવારી હોય તો–રૂના ભાવ તેજ થાય.

સુદ ૬ ઓછી ઘડીની હોય તો–રૂના ભાવ તેજ થાય. ને ઘડી બેની અંદર હોય તો ટકા ૪૦ વધે.

સુદ ૭ સોમવારી અને સુદ ૧૩ શનિવારી આવે તો તે માસ આકરો વર્તાય.

સુદ ૮ બુધવારી હોય તો–એ એક પક્ષમાં ધાન્ય તથા અફીણમાં વધાઘટી થાય.

સુદ ૧૦ રવિવારી હોય તો તે પક્ષમાં રૂના ભાવ તેજી થાય.

સુદ ૧૧ વધે તો–ઘીના ભાવ ઘટે.

સુદ ૧૧ ઘટે તો–ઘીના ભાવ વધે.

સુદ ૧૫ વધે તો–ઘીના ભાવ ઘટે.

સુદ ૧૫ ઘટે તો–ઘીના ભાવ વધે.

સુદ ૧૫ બે હોય તો–ચાંદીમાં તથા અનાજમાં મંદી થાય.

સુદ ૧૫ ઘડી પાંચ સુધીની હોય તો રૂના ભાવ વધે.

સુદ ૧૫ પાંચ ઘડી ઉપરાંત વધારે હોય તો–રૂની મંદી થાય.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

સુદ ૧૫ રવિવારી હોય તો–દિવસ ૧૦ માં રૂમાં વધાઘટી અળશીમાં થોડી મંદી અને સરસવમાં થોડી તેજી થાય.

સુદ ૧૫ શુક્રવારી હોય તો મીલોના શેર તેજ હોય. ધાન્યાદિ તેજ અને રૂમાં મંદી થાય.

સુદ ૧૫ શનિવારી હોય તો રૂમાં એક મહીના સુધી મંદી રહે.

સુદ ૧૫ ના નક્ષત્રથી પુનમ ઓછી ઘડીની હોય તો અનાજના ભાવ ઘટે અને સરખી હોય તો સરખા રહે, અને વધારે હોય તો ભાવ વધે.

સુદ ૧૫ નો ચંદ્રમા રતાસ ઉપર ઉગે તો રૂના ભાવ વધે અને કાળાશ ઉપર ઉગે તો રૂનું બજાર ઘટે.

સુદમાં ૧૬ દિવસનું અને વદમાં ૧૪ દિવસનું પખવાડીયું હોય તો ચાંદીમાં તેજી થાય.

એક પક્ષમાં ત્રણ બુધવાર આવે તો ઘીના ભાવ તેજી થાય.

વદ ૧ બુધવારી હોય તો–અફીણ અને ચાંદીમાં વધાઘટી થાય.

વદી ૫ બે હોય તો રૂમાં ટકા ૩૦ ની તેજી થાય.

વદી ૬ નો ક્ષય હોય તો રૂમાં ટકા ૩૦ ની તેજી થાય,

વાદી ૬ બે ઘડીની અંદર હોય તો રૂમાં ટકા ૫૦ ની મંદી થાય,

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

રવીવારે રેવતી નક્ષત્ર હોય તો રૂમાં ટકા ૩૦ ની તેજી થાય.

શુક્રવારે વ્યતિપાત થતો હોય તો તેજ દિવસે રૂમાં તેજી થાય.

પંચક સોમવારે અગર બુધવારે બેસે તો રૂમાં ટકા ૨૦ ની મંદી થાય ને શનિવારે બેસે તો વધઘટ રૂપે ટકા ૧૦ ની મંદી થાય.

રવીવારી તીથીનો ક્ષય હોય અને સોમવારી અમોસ હોય તો રૂના ભાવમાં ટકા ૩૦ સુધીની મંદી થાય.

કારતક સુદી ૫ના રોજ મુળ નક્ષત્ર જેટલી ઘડી હોય. તે તથા અષાડ સુદી ૧૫ ના રોજ મુળ નક્ષત્ર જેટલી ઘડી હોય. તે બંનેનો સરવાળો લેવાથી જેટલી ઘડી થાય તેટલા શેરનું અનાજ તે સાલમાં થાય.

અજવાળી સુદની ૧૦ ઘડી ૫૦ અથવા તે ઉપરાન્ત હોય તો જે સાલમાં એવી એક દસમ હોય તો ૧૫ શેરનું અને એવી બે દસમ હોય તો ૩૦ શેરનું અનાજ વેચાય. એ રીતે બાર માસની અજવાળી દસમો જોઇ નક્કી કરવું.

કારતક સુદી ૫ અને પોસ વદી અમાસ એ બે શની રવી કે મંગળવારાં હોય તો અનાજ દોઢું મોંઘું થાય.

ચૈત્ર સુદી ૧ થી તે વૈશાખ સુદી પુનમ સુધીમાં જે જણસનો ભાવ તેજી થાય તે જણસનો ભાવ ભાદરવે તેજી થાય એમ જાણવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારતક સુદી ૫ તથા ફાગણ સુદી ૨ જે વારી આવે તે વારના ભાવની વિગત—

મંગળવારી હોય તો દાંણા તથા નસકસ મોંઘા થાય.

રવીવારી હોય તો મોંઘવારીના યોગે હૈયે ધારણ રહે નહી.

શનીવારી હોય તો વરસ સારૂ નહી. અનાજમાં તેજી કરે.

સોમ, બુધ, ગુરૂ કે શુક્રવારી હોય તો અનાજની મંદી કરે અને વરસ સારૂ ગણાય. સર્વના જીવને શાંન્તી આપે. પુછડીયો અગર છોગાળો તારો (ધૂમકેતુ) ઊગે તો રૂ ના ભાવ હોય તેથી બમણા થાય.

## પૂર્ણાહુતિ

સર્વ મંગલમાંગલ્યં સર્વ કલ્યાણ કારણં ।
પ્રધાનં સર્વ ધર્માણાં જૈનંજ્યતીશાસનમ્ ॥
શીવમસ્તુ સર્વજગત પરહીત નીરતાભવંતુભુતગણા ।
દોષા–પર્યાંતુ નાશં સર્વત્ર સુખી ભવંતુ લોકા ॥

॥ ॐ श्री शान्तिः शान्तिः भवंतु ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શુદ્ધીકરણ.

| અશુદ્ધ | શુદ્ધ | પાનું |
|---|---|---|
| રપકતા | પરિપકતા | ૭ |
| કરફળીત | કરી ફ્લીત | ૯ |
| વિદ્વાંયશને | વિદ્વાંન યશને | ૯ |
| એને | અને | ૨૫ |
| સુશ | સુખ | ૩૦ |
| મેનેજ | મેનેજર | ૫૬ |
| થયા | થાય | ૧૦૭ |
| દષ્કાણુ | દ્રેષ્કાણુ | ૧૨૦ |
| માટા | મોટા | ૧૨૬ |
| બામે | બારમે | ૧૩૮ |
| કોવે | હોવે | ૧૪૮ |
| ઊપાય | ઉપાય | ૧૫૦ |
| થગે | થશે | ૨૦૨ |
| અર્ધ | અર્થ | ૨૪૭ |
| બાજે | બીજે | ૨૮૪ |
| જળ | ચળ | ૩૨૫ |
| જળગ્રહ | ચળગ્રહ | ૩૨૫ |
| શંતિ | શની | ૩૨૭ |
| સૂક | શુક | ૩૭૯ |
| બસે | વશે | ૩૮૧ |
| ભર્તા | ભર્તાર | ૪૦૮ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| અશુદ્ધ | શુદ્ધ | પાનું |
|---|---|---|
| હાય | હોય | ૪૩૩ |
| યહો | હોય | ૪૩૫ |
| લગ્નનના | લગ્નના | ૪૪૪ |
| ચિત્ર | ચિત્રા | ૪૮૨ |
| નો | તો | ૪૯૦ |
| ખુધવારી | બુધવારી | ૫૦૦ |
| વાદી | વદી | ૫૦૦ |
| ભુવવારે | બુધવારે | ૫૦૧ |
| નસકસ | રસકસ | ૫૦૨ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust